ત્રીજી શ્રેણી)
પુસ્તક : ૧૧૧

મંગળવાર, તા.૧લી માર્ચ, ૨૦૦૫
ફાલ્ગુન ૧૦, ૧૯૨૬ શાકે

થી

બુધવાર, તા.૨જી માર્ચ, ૨૦૦૫
ફાલ્ગુન ૧૧, ૧૯૨૬ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ
અગિયારમી ગુજરાત વિધાનસભા
સાતમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **મંગળવાર, તા.૧લી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૧૦, ૧૯૨૬ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૧ - ૩૩ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૪ - ૪૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૭ - ૧૦૦ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૦૧ - ૧૦૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૦૨ - ૧૨૬ |
| **બુધવાર, તા.૨જી માર્ચ, ૨૦૦૫ / ફાલ્ગુન ૧૧, ૧૯૨૬ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૨૭ - ૧૩૬ |
| સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૧૩૭ - ૧૩૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૯ - ૩૪૨ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૩૪૩ - ૩૪૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૪૫ - ૩૪૫ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૩૪૬ - ૩૪૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૪૭ - ૩૫૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૩૫૯ - ૩૫૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૬૦ - ૩૭૯ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૫ | ૩૮૦ - ૩૮૩ |


***

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧લી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૧૦, ૧૯૨૬ શાકે**
**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**અધ્યક્ષશ્રી** : મારે એક સૂચના આપવાની છે, મારે એક બાબત તરફ ગૃહના સૌ સભ્યોનું ધ્યાન દોરવાનું કે ગઈકાલે "શ્રી રામચરિત માનસ સુંદરકાંડ" મૂલ નામનું પુસ્તક ગૃહમાં બધા સભ્યોના ટેબલ પર મૂકવામાં આવ્યું હતું, આ સભાગૃહના નિયમો અને પ્રણાલી સાથે સુસંગત નથી, સૌ સભ્યોને ગૃહની કાર્યવાહી સાથે સંબંધિત સાહિત્ય જ આપવામાં આવે છે. ગૃહની કાર્યવાહી સાથે સંબંધ ના હોય તેવું કોઈપણ પ્રકારનું સાહિત્ય મારી પરવાનગી વિના સભ્યોને વહેંચી શકાતું નથી. ભવિષ્યમાં આ બાબતમાં કાળજી રાખવામાં આવે. તે માટે સૌ સભ્યોને હું સૂચના આપું છું.

**અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

**અધ્યક્ષશ્રી:** તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે.માનનીય સભ્યશ્રી ડો.દિનેશભાઈ પરમાર.

**ડૉ.દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે, એની સામાન્ય ચર્ચાઓમાં હું ચર્ચા કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટને હું ગરીબ વિરોધી બજેટ જાહેર કરું છું. આ બજેટ દિશા વિનાનું બજેટ (અંતરાય) વિધાનસભામાં વિધાનસભાની ચર્ચા થાય. માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહના નેતા છે, આપ તો ગૃહના નેતા છો. વિધાનસભામાં વિધાનસભાની જ ચર્ચા થાય છે. આ બજેટ એ પીછેહઠ કરવાવાળું બજેટ તરીકે કહી શકાય અથવા તો ઘટાડા બજેટ તરીકે જાહેર કરી શકાય એવી બાબત છે. ગત વર્ષની સરખામણીમાં આ બજેટ જે કરવામાં આવ્યું છે એને દેવાદાર બજેટ કહીએ તો પણ ખોટું નથી તેવું મને પોતાને લાગે છે. મોટી મોટી યોજનાઓ મૂકી દીધી, પરંતુ જે પોતાના લોકલ સોર્સથી નાણાં ઊભા કરવા જોઈએ એમાં બહુ મોટો ઘટાડો થયો છે. દેણું કરીને આ આખી યોજનાઓ પૂરી કરવા માટેનું જે આયોજન છે, એ ગુજરાતની પ્રજાને દેવાદાર બનાવવા માટે વધારાનો કીમિયો છે, એવું હું માનું છું. રાજ્યની કુલ આવક અગાઉના વર્ષની સરખામણીમાં ૨૦૦૧-૦૨ માં રાજ્યની કુલ આવકો ૪૩૬૬૪ કરોડ ૮૧ લાખ ૩૮ હજાર હતી એ ૨૦૦૫-૦૬ માં જે અંદાજવામાં આવી છે એમાં ૩૫૬૬૦ કરોડ ૪૮ લાખ ૬૭ હજાર રૂપિયા થશે એવી ધારણા છે, ત્યારે આશરે ૮ હજાર કરોડ રૂપિયાનું ચોખ્ખું નુકસાન લોકલ આવકની અંદર ઊભું થાય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. યોજનામાં લગભગ દેવું કરીને કરવા માટેના કામો હોય એવું મને લાગે છે. જાહેર દેવા પેટે લેવાનાર રકમો અને આંતરિક દેવામાં થયેલ વધારો ૧૨૧૪૫ કરોડ ૨૪ લાખ ૪૩ હજાર છે ત્યારે ૩૪.૬ ટકા છે. ભૂતકાળની અંદર ૨૦૦૧-૦૨-૦૫ ની અંદર હતું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ નાણામંત્રીના કુનેહ, વહીવટ અને કુશળતા અને પરિપકવતા ત્યારે જ સાબિત થાય. માનનીય નાણામંત્રીશ્રી ૧૧મી વખત ૧૧મું બજેટ રજૂ કરે છે ત્યારે મને એ કહેવાની ઈચ્છા થાય છે કે આપણે કર્ણાવતીનો દરજ્જો આપી, કર્ણાવતીને મેગાસીટી બનાવવા માટેનું જે આયોજન કરવાનું હતું એ અત્યાર સુધી આ સરકાર કરી શકી નથી અને ભારત સરકારે આ બજેટની અંદર ૨૫૦ કરોડ રૂપિયા મેગાસીટી બનાવવા માટે ફાળવ્યા છે. ઉપરાંત બીજા થઈને એકાદ હજાર કરોડ રૂપિયા જે ડેવલપમેન્ટ અને વિકાસ માટે થશે, એમાં એક રૂપિયો પણ ગુજરાતને મેગાસીટી બનાવવા માટે આ સરકાર તરફથી ફાળવવામાં આવ્યો નથી, એનું ભારોભાર દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની આવકમાં ૮૦૦૦ કરોડનો ઘટાડો છે. આ બજેટને મેં એટલે ઘટાડા બજેટ કહ્યું છે. રાજ્યના રસ્તા અને પુલો માટેના કામના ખર્ચમાં ૧૩૨.૪૪ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે એટલે આ બજૅટને હું ઘટાડા બજૅટ તરીકે જાહેર કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જ્યારે "સુજલામ સુફલામ યોજના" લઈ આવ્યા ત્યારે ગુજરાતની પ્રજા હરખાઈ હતી, અમે પણ ગૌરવ લેતા હતા કે બહુ સારી યોજના લાવ્યા અને ઘણા બધા સારા કામો અને ગુજરાતનું કલ્યાણ થઈ જશે એવું અમને પોતાને લાગતું હતું, જ્યારે બજૅટ જોયું ત્યારે અમને નિરાશા જન્મી કે સુજલામ્ સુફલામ્ જેવી આટલી શ્રેષ્ઠ યોજનામાં પણ ૩૪,૫૮,૩૦૦૦/- રૂપિયાનો અગાઉ કરતાં, કાપ મૂક્યો છે, એ ઘણી દુ:ખદ બાબત છે. આ કઈ દિશામાં આપણે લઈ જવા માગીએ છીએ? લોકોની જે મહત્વકાંક્ષા, લોકોની અપેક્ષા હોય કે આટલા આટલા સારા કામો થઈ રહ્યા છે, મુખ્ય મંત્રીશ્રી

આગળ વધવા માગે છે, નાણા મંત્રીશ્રી પીછેહઠ કરવા માગે છે, કાંઈ સંકલન થાય તો વધું સારું એવું મને પોતાને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેવું ભરવામાં ઘટાડો થયો છે,વધારો ચોક્કસ થયો છે દેવા કરવામાં, ખોટા ખર્ચા કરવામાં વધારો થયો છે. રાજય સરકારે વર્ષ ૨૦૦૪-૦૫માં બધા માર્ગો અને પુલો માટે ૧૪૪૪ કરોડ ૭૪ લાખ અને ૫૮ હજારનો ખર્ચ કરવાનો હતો જે ઘટાડીને ૨૦૦૫-૦૬માં ૧૩૧૨ કરોડ ૩૦ લાખ ૨૮ હજારનો અંદાજવામાં આવ્યો છે આમ ૧૩૨.૪૪ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, "ઈન્દિરા આવાસ યોજના", ગરીબો માટેનું Shelter for All before ૨૦૦૦ A.D. એ જાતની ઘોષણા U.N.O. દ્વારા કરવામાં આવેલી અને આ રીતે મદદ પણ ભારત સરકારની મળતી હોય છે. આ સરકારે "ઈન્દિરા આવાસ યોજના"ને પણ છોડી નથી અને એમાં બિન આદિવાસી વિસ્તારમાં ૨૦૦૩-૦૪ની સરખામણીમાં ૨૦૦૫-૦૬માં ૬ કરોડ,૧૨ લાખ ૪૨ હજાર રૂપિયાનો ઘટાડો કર્યો છે, ગરીબોની યોજનામાં જો કાપ મૂકવાની હિંમત જો કોઈ કરી શકતું હોય તો માત્ર ને માત્ર ભા.જ.પ.ની સરકારના નાણા મંત્રીશ્રી કરી શકે. બીજા કોઈની હિંમત નથી કે ગરીબો ઉપર આટલો મોટો કાપ મૂકી શકે. ગરીબો ઉપર કાપ મૂકવાની વાત તો બાજુમાં રહી પણ ગરીબોને બેઘર કરવાનું કામ અને બુલડોઝર ફેરવી ગરીબોને રસ્તા ઉપર રઝળતા કરવાનું કામ જો કોઈ સરકાર કરતી હોય તો વર્તમાન સરકાર કરી રહી છે. હું સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, જેમ શ્રી પરસોત્તમ સોલંકીએ કહ્યું કે, ગરીબોની હાય લાગશે એટલે હું એને દોહરાવું છું અને કહું છું કે, ગરીબો પ્રત્યે થોડી દયા રાખો, રહેમ રાખો, ગરીબોને નજરમાં રાખો. અમીરોની સરકાર છે, એમાં જરાય ના નહીં .અમીરો માટે તમે ૮,૦૦૦ કરોડ રૂપિયા ઓછા ઉઘરાવશો ટેક્સ પેટે એની સાથે વાંધો નહીં, વાંધો તો ચોક્કસ હોવો જોઈએ કારણ કે, અમીરો અને ગરીબો એમાં જે નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ માટે ભલું કરવા માટેની જવાબદારી સરકારની હોય છે. એટલે સરકારે એ દિશામાં કામ કરવું જોઈએ. "ઈન્દિરા આવાસ યોજના" માં ૬ કરોડ ૧૨ લાખ ૪૨ હજારનો ઘટાડો,

માનની અધ્યક્ષશ્રી, સરસ મઝાની યોજના લાવ્યા " તીર્થ ગ્રામ યોજના " એમાં ૨૫૨ ગામો જ આ વર્ષના આયોજનમાં લીધાં છે ૧૮,૦૭૨ ગામોમાંથી ૨૫૨ ગામોને તિર્થ સ્થાન જેવા બનાવી દેવામાં આવશે. બાકીના ગામોની દશા એવીને એવી રહેવાની છે( અંતરાય) આ "તીર્થ ગ્રામ યોજનાં"મા કેટલા રૂપિયા ફાળવ્યા છે એ હું આપને કહું દસ કરોડ રૂપિયા. પાંચ કરોડ પચીસ લાખ લોકોની સરખામણીમાં દસ કરોડ રૂપિયા એટલે વ્યકિત દીઠ એક રૂપિયો નેવું પૈસા, આ નાણા મંત્રીશ્રીએ ફાળવવાની ઉદારતા બતાવી છે એ બતાવે છે કે, "તીર્થ ગ્રામ યોજના" એ માત્ર નામની યોજના છે અને યોજનામાં કોઈ ઝાઝો ભલીવાર થઈ શકે એવું લાગતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, "પંચવટી યોજના"માં પણ દસ કરોડ રૂપિયા ફાળવ્યા એટલે ગુજરાતની વ્યકિત દીઠ એક રૂપિયો નેવું પૈસા ફાળવ્યા છે. મને તો એમ હતું કે, રામ ભક્તોની સરકાર, ભગવાન શ્રીરામ, માતા સીતાજી અને લક્ષ્મણજી પંચવટીમાં રહેતા હતા અને ત્યાં જે ફળફળાદિ વિનામૂલ્યે એમને મળતાં હતાં પણ અહીંયા એક રૂપિયો નેવું પૈસામાં એક બોર પણ મળે નહીં એવી પરિસ્થિતિ આ સરકારે કરી છે, ત્યારે આ "પંચવટી યોજના" જે દ્વારા ૩૨૪ ગામોનું ભલું કરવાની વાત કરી આમાં આવરી લેવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે "ઈ-ગ્રામ" યોજનામાં ૫૬૭ ગામોનો સમાવેશ કરવાનું નક્કી કર્યુ છે. અહીં ગામને બે બેડા પાણી મળતું નથી, અહીંના લોકોને ઈ-ગ્રામ ઉપર બેઠા બેઠા અમેરિકાના સ્વીમિંગ પુલમાં નાહતા લોકોને નિહાળીને આનંદ માણશે કે ઓહો પાણીના ઢગલા થઈ ગયા છે, ઓહો ન્યાલ થઈ ગઈ ગુજરાતની પ્રજા, આ રીતની પરિસ્થિતિ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧-૨૦૦૨ના વર્ષમાં જાહેર દેવું ચૂકવવા માટે ૧૮૫૧૦ કરોડ ૪૩ લાખ ૫૬ હજારનું એટલે કે ૪૨.૩૪ ટકા દેવું ચૂકવવામાં આવેલું, ૨૦૦૫-૨૦૦૬ના અંદાજ પ્રમાણે ૪૮૫૨ કરોડ ૬૦ લાખ ૦૨ હજાર એટલે માત્ર ૧૩.૩૧ટકા દેવું ચૂકવવાનો અંદાજ છે.કયાં ૪૨.૩૪ટકા અને કયાં અત્યારના ૧૩.૩૧ટકા.એના ઉપરથી સાબિત થાય છે કે દેવું કરવાની વૃત્તિવાળી સરકાર હોય એવું લાગે છે. દેવું ભરપાઈ કરવાની વૃત્તિ હોય એવું દેખાતું નથી. દેવું કરવામાં સરકારે દોટ મૂકી છે, દેવું ભરપાઈ કરવામાં પીછેહઠ કરી દે છે. ગુજરાતની કમર ભાંગી નાખી, આ રીતે દેવાદાર બનાવીને ઉત્સવો ઉજવવા નીકળ્યા છે. સરકારને લાલબત્તી ધરવા માગું છું કે બસ કરો, હવે ગુજરાતની બુદ્ધિશાળી, શાણી અને વેપારી પ્રજાને દેવાદાર બનાવવાનું બંધ કરો. કોંગ્રેસના શાસનમાં ગુજરાત પ્રગતિશીલ રાજય હતું, કલ્યાણકારી રાજય હતું, મોખરાનું રાજય હતું, પ્રેરણાદાયી રાજય હતું, એની કેવી અવદશા અત્યારે કરી નાખી છે અત્યારે ગુજરાત અસલામત, તોફાની, ભયભીત બની ગયું છે. ગુજરાતની પ્રગતિ ઠપ થઈ ગઈ છે.

ગરીબ માણસ માટે જે અનાજ યોજના લઈને રાજય સરકાર આવી છે ત્યારે મારે કહેવું છે કે વ્યાજબી ભાવની દુકાનો રાજયમાં ૧૪૬૬૩ છે. ૨૦૨૩ આદિવાસી વિસ્તારમાં દુકાન, ૧૨૧૯ અછતગ્રસ્ત વિસ્તારમાં દુકાન, ૨૫૦ રણ વિસ્તારમાં અને ૧૩ ફરતી દુકાનો છે. આ દુકાનોનો વહીવટ બિલકુલ મનસ્વી રીતે ચાલે છે. ગરીબ વિરોધી વહીવટ છે. ગરીબીની રેખા નીચે જીવતા પરિવાર ૩૬લાખ બી.પી.એલ. કુટુંબમાંથી અત્યંત ગરીબ અંત્યોદય જેવા ૬૪૩૭૦૦ કુટુંબોને ૫.૬૩લાખનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લોકોને પૂરતા ઘઉં મળતા નથી. આમાં મારો ઈરાદો એવો નથી કે અહીંથી એવું ચાલે છે પણ તંત્ર ઉપરથી સરકારની પકડ ઢીલી પડી ગઈ છે. અધિકારીઓ મનસ્વી થઈ ગયા છે. બેફામ રીતે વર્તી રહ્યા છે. જ્યારે જ્યારે પુરવઠા સલાહકાર સમિતિમાં ભા.જ.પા.ના ધારાસભ્યો

આક્રોશ ઠાલવી રહ્યા હોય ત્યારે મને લાગે છે કે આ લોકો કેમ આટલા વિવશ થઈ ગયા છે? કેમ કન્ટ્રોલ નથી તંત્ર ઉપર? કેમ ભ્રષ્ટાચાર કરે છે? હપ્તા ઉઘરાવી દુકાને દુકાને જઈ કેરોસીન સો ટકા હોય એના હપ્તા ઉઘરાવવા, દિવાળીના જુદા હપ્તા, હપ્તા રાજ થઈ ગયું હોય તેમ લાગે છે. જેના લીધે ગરીબની પોતાની દોણી ખાલી છે. આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ગરીબોને મળતા ઘઉં ,ચોખા રાહત ભાવને બદલે ઓછા ભાવે, પૈસા સબસીડી સરકાર ચૂકવતી હોવા છતાં બારોબાર પગ કરી જાય છે. જિલ્લાકક્ષાએ તંત્ર ગોઠવાયેલું છે. એની ગેરરીતિ દૂર કરવા સરકાર પ્રયત્ન કરે તો ગરીબ પર આશીર્વાદ થશે, એવું મને લાગે છે. છેલ્લા ૨-૩ વર્ષથી ગરીબ, પછાત વર્ગના, નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા પાત્ર યોજનાઓનો અમલ યોગ્ય રીતે થતો નથી. વાજબી ભાવની દુકાનોમાં અનેક પ્રકારની ગેરરીતિ ચાલે છે. મોટાભાગનું બારોબાર જતું રહે છે.બી.પી.એલ.કુટુંબોને અનાજ મળતું નથી અને જાય તો કહે કે અનાજ ખલાસ થઈ ગયું છે. મામલતદાર, નાયબ મામલતદાર, ફુડ ઈન્સ્પેકટર આ બધાનું રાજય ચાલતું હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ઉપરી અધિકારી કે કલેકટર એટલા નબળા પેરીફેરી એકટમાં મૂકયા છે કે આ લોકો નાયબ મામલતદાર, મામલતદાર કે ફુડ ઈન્સ્પેકટરના દબાણમાં હોય અથવા સૂચના ન આપી શકતા હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થાય. આવા વહીવટમાં પ્રજા કયાં જાય? ફરિયાદ કરવા માટે ગાંધીનગર પહોંચી શકતી નથી. ફરિયાદ કરવાની ઈચ્છા થાય છે પણ લોખંડી જાપ્તો મૂકયો છે. નિયમિત દુકાને હપ્તા ઉઘરાવવાનું કામ કરતા હોય છે. ગરીબીની રેખા નીચે જીવતા લોકોના આર્થિક ઉત્થાન માટે આયોજન પંચના અભિપ્રાય મુજબ ગુજરાતમાં ગરીબીનું પ્રમાણ ૧૪.૦૭ટકા છે જયારે દેશમાં ૨૬.૧૦ટકા પ્રમાણ છે. આમ આંકડા ઉપરથી જોઈએ તો ગુજરાતમાં ગરીબી લગભગ અરધોઅરધ નાબૂદ થઈ ગઈ હોય એવું લાગે છે. ૧૯૯૨-૯૩માં ૬૨.૧૦લાખ લોકો બી.પી.એલ. યાદીમાં હતા. ૧૯૯૯-૨૦૦૦માં ૩૮.૮૦લાખ લોકો થયા એટલે ૨૨.૩૦લાખ કુટુંબનો ઘટાડો થયો. આ ઘટાડો બી.પી.એલ. યાદી રદ કરવા સિવાય બીજી કોઈ રીતે થયો નથી. ગરીબી દૂર કરીને ઘટાડો કર્યો હોત તો મને ગૌરવ થાત, આનંદ થાત. હું સરકારને બિરદાવત. પણ માત્ર બી.પી.એલ. યાદી રદ કરીને નવા બી.પી.એલ.કાર્ડ નહીં કાઢવા સૂચના આપીને જો કામ કરવામાં આવે તો ગરીબી દૂર થવાની નથી, પણ આંકડા સો ટકા સુધરી શકે. નાણામંત્રીશ્રીના કહેવા મુજબ ૨૨.૩૦લાખ લોકો ગરીબીની રેખાથી ઉપર ઊઠ્યા છે.એમ માનો છો, બિલકુલ નથી. ૨૫ લાખ લોકો ગરીબી નીચે હોવા છતાં યાદીમાંથી નામ રદ કર્યા છે. દુ:ખની વાત એ છે કે અધિકારીઓએ ઠંડે કલેજે કત્લ કરી હોય તેવી પરિસ્થિતિ પેદા થઈ છે. હલકું અને માનવતાવિહોણું કૃત્ય આ અધિકારીઓએ કરેલ છે, એને સરકારે મૂક સાક્ષી થઈ જોયે ન રાખવું જોઈએ. બી.પી.એલ. કુટુંબમાંથી કોઈ બીમાર થાય, હોસ્પિટલમાં જાય, એમ.આર.આઈ. કે સિટીસ્કેન કરવું હોય તો બી.પી.એલ. યાદીના કાર્ડ હોય તો થઈ શકે, બી.પી.એલ. ની અંદર રદ થયેલા લોકો કયાં જાય અને બી.પી.એલ. કાર્ડ લઈને જામનગરમાં જાય છે, તો પણ તેને સિટી સ્કેન કે એમ.આર.આઈ. કરવામાં આવતું નથી, હવે તો એક્સ-રેના ૨૫ રૂપિયા કરી નાંખ્યા છે. ડૉક્ટર પાસે જાય તો ડૉક્ટર એમ કહે છે કે એક્સ-રે લઈ આવો. હું ૪ દિવસ પહેલાંનો દાખલો આપું છું. જી.જી. હોસ્પિટલમાં ડૉક્ટર પાસે એક દર્દી ગયો અને એને ડૉક્ટરે કહ્યું કે એક્સ-રે લઈ આવો. એણે કહ્યું કે એક્સ-રેના પૈસા નથી, રિપૉર્ટ આ રહ્યો, તો કહે છે કે રિપૉર્ટ લખ્યો છે એના પાસે દવા લખાવવા જાવ. હું એક્સ-રે વગર દવા આપવાનો નથી, આ પરિસ્થિતિ છે. માનનીય મંત્રીશ્રી ટ્રેઝરી બૅન્ચમાંથી ખલેલ કરવાનો પ્રયત્ન ન કરે તો સારું એવી મારી લાગણી છે. ગરીબો અત્યારે મોતના મુખમાં ધકેલાઈ ગયા છે. એમની વેદનાની ચીસો સાંભળવાવાળું ગુજરાતમાં કોઈ ન હોય તેવું લાગે છે. ગરીબીની રેખાથી નીચે જીવતા લોકોને ગુજરાતની વર્તમાન સરકાર અમેરિકાને પણ પાછળ રાખી દે તેવું મોખરાનું સ્થાન શોભાવવા માટે પ્રયત્ન કરતી હોય, પણ કાગળ ઉપર હોય તેવું મને લાગે છે, તો સરકાર માત્ર પછાત વિરોધી, દિશાહીન સરકાર, ખોટો પ્રચાર કરતી સરકાર હોય તેવું લાગે છે.

ઈ-ગ્રામ દ્વારા ગુજરાતનાં ગામડાઓને વિશ્વ ગ્રામ બનાવવા નીકળેલ સરકારને એટલું કહેવું છે કે લોકોને ધોળે દિવસે તારા દેખાઈ ગયા છે, લોકસભા જેટલી જ પ્રતિષ્ઠા ગ્રામસભાને મળે, તેવી આ સરકારની નેમ છે અને આ મુખ્યમંત્રીશ્રી એને માટે ખૂબ ભાર મૂકે છે, ત્યારે એટલું કહેવું છે કે આપનો અભિગમ બહુ સારો છે, પરંતુ સફળતાની દ્રષ્ટિએ જોવા પ્રયત્ન કરીએ તો સાતમી ગ્રામસભાની અંદર લેવાયેલ ઠરાવ આઠમી ગ્રામસભાની અંદર એના એ જ ઠરાવો આવે છે. કોઈ કામ થતાં નથી. હવે તો લોકો ઉપેક્ષાવૃત્તિ કરવા મંડ્યા છે. અધિકારી સરકારી રાહે આ ગ્રામસભા ચલાવી રહ્યા છે. એનું વિશ્લેષણ થવું જોઈએ, એનાં કામ થયાં કે નહિ, તે જોવું જોઈએ. રેન્ડમ સેમ્પલ ચેક કરવા માટે કોઈ ગ્રામ સભાના ઠરાવો જોવા પ્રયત્ન કરવો જોઈએ. બજેટ રજૂ કરનાર નાણા મંત્રીશ્રી એટલા બધા ચાલાક અને હોંશિયાર છે, એમનું હું ધ્યાન દોરવા માગું છું.

**શ્રી અમિત અ. શાહ** : 'ચાલાક' શબ્દ રેકૉર્ડ ઉપર ન રખાય સાહેબ.

**અધ્યક્ષશ્રી .** : ઠીક છે, એમાં કશું નહિ.

**ડૉ. દિનેશ પરમાર** : મેં તો તમારા મંત્રીશ્રીના વખાણ કર્યા છે. મૂકત બજારનું ફ્રી સેલ કેરોસીનનું વેચાણ બંધ કરેલ છે, જે જગ્યાએ કેરોસીનની મોટી મોટી લાઈનો ચાલે છે. કેરોસીનનો કકળાટ ચાલે છે. દુકાનદારને કેરોસીન મળવાપાત્ર નોંધાયેલ કાર્ડ પ્રમાણે મળવું જોઈએ. વિતરણ પ્રમાણે મળવાપાત્ર જથ્થો મળવો જોઈએ, જે જરૂરિયાત સામે તાલુકાને મળેલ ફાળવણીની ટકાવારી મુજબ આપવા પાત્ર જથ્થો ટેન્કરમેળ, બેરલમેળ આ બધું કરી પછી સપ્રમાણ આપવા માટેના કાર્યક્રમો કરવામાં આવે તો તકલીફ ઊભી ન થાય. જામનગર જિલ્લામાં ૧,૨૯,૭૫૯ રાંધણ ગેસના ગ્રાહકો નોંધાયેલ છે, તેઓ હાડમારી ભોગવી રહ્યા છે. મહાનગરપાલિકાને આ લોકોએ કંપનીએ ઑક્ટ્રૉય આપી નથી, એટલે એ લોકો અંદર આવવા દેતા નથી અને એક એક હજાર જેટલા વેઈટિંગ લિસ્ટ

ગૃહિણીઓને દુખી કરી રહ્યાં છે અને બેરોકટોક આ પુરવઠા તંત્રનો કોઈ અવાજ સાંભળતું નથી. પુરવઠા તંત્રની કોઈ સૂચનાનું પાલન કરવામાં આવતું નથી. એસેન્શિયલ કોમોડિટિઝ એકટ નીચે આ રૅશનકાર્ડની રામાયણ ગુજરાતમાં ક્યારે પૂર્ણાહુતિ લેશે એ મોટો સવાલ ઊભો થયો છે. એક ગરીબ પરિવારના લોકોને રૅશનકાર્ડ નથી અને રૅશનકાર્ડ હોય તો તેમાં નામનો ઉમેરો કરવો હોય તો થઈ શકતો નથી. નામ કમી કરવું હોય તો થઈ શકતું નથી. નામ ટ્રાન્સફર કરવું હોય તો તકલીફ પડે છે. બી.પી.એલ. કાર્ડ કાઢી આપવામાં આવતા નથી. હવે લોન સબસિડી સહાય, હોસ્પિટલ સહાય આ બધુ બી.પી.એલ. ઉપર થઈ ગયું છે, ત્યારે ફરજ બની છે કે કોઈ માણસ બી.પી.એલ. ને લાયક માણસ રહી ન જવો જોઈએ. સરકારે રોમિંગ રૅશનકાર્ડ કાઢ્યું છે, ત્યારે મને દાખલો દેવાની ઈચ્છા થાય છે કે મહારાજા સયાજીરાવ એક વખત મોર્નિંગ વોકમાં ધાબળો નાખીને નીકળ્યા. એક ૮૦ વર્ષની ગરીબ વૃદ્ધા ગોદડા ભરી છાણા લઈ અને સુંડલો ઊચકી નહોતી શકતી, એટલે એને થયું કે આ ભાઈને બોલાવુ અને બોલાવીને કહ્યું કે જરા મને ટેકો આપજો. રાજાએ લઈને આ સુંડલો એના માથા ઉપર મૂક્યો, એટલે અરવિંદ ઘોષ ત્યાંથી નીકળ્યા અને હસી પડ્યા. અરવિંદ ઘોષને કહ્યું કે આટલું સારું કામ રાજા તરીકે છાણાનો સુંડલો ઉપાડું અને એમાં તમે હસો છો. તો કહે કે મને એનું દુઃખ નથી, હસવું એનું નથી આવતું પણ જો રાજા જેવો રાજા ધારે તો એનો સૂંડલો ઉતારી શકે તેમ છે, કાયમ માટે, જિંદગી આખી ઉતારી શકે તેમ છે, ત્યારે એને કચેરીમાં બોલાવી અને એનું પેન્શન માંડી દીધું. આ આદિવાસીઓ કાયમ બહાર રખડતા, ભટકતા હોય, રોજીરોટી માટે ભટકતા હોય તો તેઓને રોજીરોટી આપી સ્થાયી કરવાનું કામ કરતા નથી અને ભટકતા રાહે, એટલે રેશનકાર્ડ પણ ભટકતાં રેશનકાર્ડ આપવા માટેનું કામ કર્યુ છે. આ દાખલા ઉપરથી માનનીય નરેન્દ્રભાઈ મોદી જેવા લાગણીશીલ માણસ ખરેખર ગરીબો પ્રત્યે વિચાર કરી આદિવાસી લોકો જે ૪૫ ટકા માઈગ્રેશનવાળા છે. તેના બાળકો જે અભ્યાસ કરી શકતા નથી, તેઓને ભણવાની તકલીફ પડે છે અને તેઓને રોટલાનો વાંધો છે, તેઓનું શોષણ થાય છે તેને રોકવા માટે કાયમી સ્થાયી કરી અને રોજીરોટી માટેની કોઈક યોજના બજેટમાં લાવે તો સારુ કહી શકાય. આ સરકાર માત્ર કાળા બજારીયાઓને બચાવવાવાળી સરકાર હોય તેવું મને લાગે છે. ૨૦૦૦ની સાલમાં ૧૮૩ લોકોની પ્રિવેન્શન ઓફ બ્લૅક માર્કેટીંગ એકટ નીચે ધરપકડ કરવામાં આવી હતી જ્યારે ૨૦૦૪ની સાલમાં માત્ર ૬૩ લોકોની કાળાબજાર ધારા નીચે ધરપકડ કરવામાં આવી છે. આ બતાવે છે કે તંત્રની શિથિલતા કેટલી થઈ ગઈ છે. કાળાબજારીયા ઉપરની ધાક કેટલી ઓછી થઈ છે અને જે રીતે આ તંત્ર ચાલી રહ્યું છે તેના ઉપરથી આપણે જોઈ શકીએ છીએ. જીવન જરૂરી ચીજવસ્તુઓના જે કાળાબજાર થતા હોય તે કાળાબજારીયાઓ બેફામ થઈ ગયા છે. તેના ઉપર લગામ લગાવવાની જરૂર છે.

જામનગર મહાનગરપાલિકા બહારનો જે વિસ્તાર છે તે નગર સીમ વિસ્તાર તરીકે ઓળખાય છે. આપ પણ તે સારી રીતે જાણો છો કે અને આપે પણ લાગણી વ્યકત કરેલી કે હા આ સાચી વાત છે તે પ્રશ્ન હલ થવો જોઈએ. તે વિસ્તારની અંદર ૬૫ હજાર લોકો રહે છે. લોકલ સ્વરાજયની એકપણ સંસ્થા ત્યાં નથી. ગ્રામ પંચાયત નથી. જેથી અગિયારમા નાણાપંચના પૈસા ત્યાં વાપરી શકાતા નથી. બરો મ્યુનિસિપાલિટી નથી, કે મહાનગરપાલિકા નથી. લોકશાહીના આટલાં વર્ષો પછી આ લોકોને મતાધિકાર, એ લોકોની લોકલ સ્વરાજયની સંસ્થા ન હોય તો તે દુઃખદ બાબત કહી શકાય. તેના ઉપર રેવન્યુ રકબો નક્કી કરી અને કોની આની જવાબદારી છે, કોણ એનો ધણી છે તે નક્કી કરવા માટેનું કામ છે તે નક્કી કરી મહાનગરપાલિકા સાથે જોડી તે વિસ્તારનો વિકાસ કરવાની જરૂર છે. આજે ૬૨ હજાર લોકો આ વિસ્તારમાં પાણી વગર તરસે ટળવળે છે. રોડ, લાઈટ, પાણી, ગટર આ બધી સુવિધાઓ નથી. આરોગ્ય માટેની કોઈ જવાબદારી નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે આ અતિમહત્વનો પ્રશ્ન છે અને ૬૨ હજાર લોકોને લોકશાહીનો સ્વાદ ચાખવા માટેનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી કરે. છ કરોડની પાણીની યોજના છે તેને કોઈ સંભાળવા તૈયાર નથી. કારણ કે કોઈ હાઉસ ટેક્સ ઉઘરાવતું નથી, કોઈ પાણીનો વેરો ઉઘરાવતું નથી, કોઈ સફાઈ કર ઉઘરાવતું નથી, કોઈ રોડ ટેક્સ ઉઘરાવતું નથી. એટલે પૈસા આવતા નથી અને સુવિધાઓ આપી શકાતી નથી. એટલે કોઈક આ યોજનાઓનું સંચાલન કરે, જાડા આ યોજનાનું સંચાલન કરે કે મહાનગરપાલિકા કરે તેવો તાત્કાલિક હુકમ કરી ત્યાંના લોકોને પાણી વગર તરફડતા લોકોને મદદરૂપ થવાની જરૂર છે. તેમાં સ્ટ્રીટ લાઈટમાં અમે ધારાસભ્યશ્રીઓ પૈસા ફાળવીએ તો જી.ઈ.બી.વાળા એમ કહે છે કે ખર્ચના પૈસા કોણ ફાળવશે એટલે અમે સ્ટ્રીટ લાઈટ નહીં નાંખવા દઈએ. મારું સૂચન છે કે અત્યારે સોલર સ્ટ્રીટ લાઈટ જે નીકળી છે તો આવી જગ્યાએ ત્યાં પૈસાનો પ્રોબ્લેમ હોય તો તે જગ્યાએ સોલર સ્ટ્રીટ લાઈટ નાંખવી જોઈએ, ત્યાંના લોકોને અંધકારમય જીવનમાંથી ઉજાગર કરવા જોઈએ તેવી મારી લાગણી છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા વર્ષોથી કોન્ટ્રાકટ આપવામાં આવ્યા છે. હવે કોઈ કોન્ટ્રાકટર આગળ આવતા નથી. તેઓના નવ નવ વર્ષથી પૈસા સલવાઈ રાખવામાં આવ્યા છે. પૈસા આપવામાં નથી આવ્યા, ટ્રીબ્યુનલના હુકમો થયા છતાં પૈસા ચૂકવવામાં નથી આવતા અને અમે કહીએ કે તમે ટેન્ડર લીધાં છે કામ કરો તો તેઓ કહે છે કે કામ કયાંથી કરીએ, આગળના પૈસા આપે તો કરીએ. તેના લીધે ભાવી યોજનાઓ પણ રોકાઈ ગઈ છે. સાહેબ, વાઈબ્રન્ટ ગુજરાતની અંદર ઘણી બધી ડિફોલ્ટ કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા છે. સાહેબ એ.બી.જી. કંપનીએ શીપયાર્ડમાં ૪૦૦ કરોડ રૂપિયાનો સેલ્સ ટેક્સ ભર્યો નથી અને ટ્રેઝરના પરચેઝમાં પણ સેલ્સ ટેક્સ ભર્યો નથી, આવી ડિફોલ્ટ કંપનીઓએ પણ એમ.ઓ.યુ. કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારનું ધ્યાન દોરવા માગું છું કે ફરી પછી સરકારનું દેવાળું ફૂંકવાનું કામ આવી કંપનીઓ ન કરે તે જોજો.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. આ બજેટ વિરોધપક્ષના મિત્રો ગમે તે કહેતા હોય પરંતુ વિકાસલક્ષી બજેટ છે. વિકાસલક્ષી બજેટ છે એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને હું હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું. એટલા માટે વિકાસલક્ષી બજેટ નથી કહેતો કે હું ટ્રેઝરી બેંચ પરથી બોલું છું. વિકાસલક્ષી બજેટ એટલા માટે કહું છું કે બજેટના આંકડા જ બતાવે છે કે આ વિકાસલક્ષી બજેટ છે. બજૅટની અંદર ૩૫૭૮૯ કરોડ રૂપિયામાંથી વિકાસ લક્ષી ખર્ચ માટે ૧૯૩૮૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે, જે બજૅટના કુલ હિસ્સાનો લગભગ ૫૪.૨ ટકા હિસ્સો થાય છે, સમગ્ર દેશમાં બધા બજેટોની અંદર એવરેજ ત્રીસ ટકા નાણાં વિકાસ માટે ખર્ચાય છે, જ્યારે ગુજરાતમાં ૫૪ ટકા નાણાં બજૅટમાં વિકાસ માટે ખર્ચાવાનાં છે. એટલા માટે વિકાસ લક્ષી બજૅટ છે અને વિકાસ લક્ષી બજૅટ એ આ એક બજૅટ નથી, દર વર્ષે અમે વિકાસ માટેના નાણાંની ટકાવારીમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે, હમણાં જ માનનીય દિનેશભાઈ અને જ્યારે વિપક્ષના નેતાશ્રી બોલતા હતા ત્યારે એ આવકની ચિંતા કરતા હતા, હું આંકડા આ ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે ૨૦૦૧ થી ૫-૬ સુધી મહેસૂલી આવકમાં જે સિદ્ધિ છે, ૨૦૦૧-૨૦૦૨માં ૧૫૯૮૬ કરોડ રૂપિયા, ૨૦૦૨-૨૦૦૩માં ૧૭૮૭૫ કરોડ રૂપિયા, ૨૦૦૩-૦૪માં ૧૮૨૪૭ કરોડ રૂપિયા, ૨૦૦૪-૦૫માં ૨૩૨૧૭ કરોડ રૂપિયાની મહેસૂલી આવકનો આંકડાનો અંદાજ છે, આ વિક્રમજનક છે.ટેક્સની અંદર એક હજાર કરોડની રાહતો આપ્યા પછી આ ૨૩૦૦૦ કરોડ રૂપિયાની આવકનો અંદાજ છે.ગઈ વખતે ૨૦૨૦૫ કરોડનો લક્ષ્યાંક એચિવ કર્યો છે, ટેક્સ રાહત એક હજાર કરોડની આપી છે અને એક રૂપિયાનો પણ ટેક્સ વધાર્યો નથી, છેલ્લા ત્રણ બજૅટમાં સતત અમે એક રૂપિયાનો ટેક્સ વધાર્યા વગર ૭૨૩૧ કરોડ રૂપિયાની આવકો વધારી છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને માનનીય સભ્યશ્રી પણ દેવાની ચિંતા કરતા હતા, બજૅટમાં દેવું, સરકારી દેવું એક મૂડી આવકના હેડ નીચે આવતું હોય છે. હું એવું ચોક્કસ જવાબદારીપૂર્વક આ બજૅટનો અભ્યાસ કરીને કહેવા માગું છું કે, રાજય સરકાર છેલ્લા પાંચ વર્ષમાં સતત દેવું લેવાનું ઓછું કરતા ગઈ છે. આંકડા ઉપર નજર નાખીએ તો ૨૦૦૧-૨૦૦૨માં ૨૭૬૪૦ કરોડ રૂપિયા કેપીટલ રીસીપ્ટમાં હતા, ૨૦૦૨-૨૦૦૩ એ ઘટીને ૨૪૬૨૪ કરોડ રૂપિયા થયા, ૨૦૦૩-૨૦૦૪માં એ ઘટીને ૨૨૩૬૮ કરોડ રૂપિયા થયા, ૨૦૦૪-૨૦૦૫માં ઘટીને ૭૨૭૯ કરોડ રૂપિયા થયા, ૨૦૦૫-૨૦૦૬માં કેપીટલ રિસ્પિટનો આંકડો કેવળ ૧૨૩૩૮ કરોડ રૂપિયા થવાનો છે એટલે માનનીય વિપક્ષના નેતાને મારે જણાવવું છે કે, અમે દેવું વધારતા નથી પણ દેવું ઘટાડીએ છીએ. જ્યારે ધરતીકંપ આવ્યો ત્યારે આ ૨૭૬૪૦ કરોડ રૂપિયાનો જે આંકડો થયો હતો એને સતત ઘટાડતા, ઘટાડતા પાંચ વર્ષમાં ૧૨૩૩૮ કરોડ રૂપિયા ઉપર લઈ આવ્યા છીએ. એ અર્ધા કરતાં અમે ઓછું કર્યુ છે. આ ૧૨૩૩૮ કરોડમાંથી લગભગ ૭૦૦૦ કરોડ રૂપિયા તો નાની બચતના જે ફરજિયાત રાજય સરકારને દેવું કરવું પડે છે. નાની બચતમાં જે રોકાણો આવે છે એ સો ટકા રાજય સરકારે સ્વીકારવા પડે છે. એટલે ૧૨૦૦૦ કરોડ રૂપિયાના દેવામાંથી ૬ હજાર કરોડનું દેવું ફરજિયાત નાની બચતોના લીધે થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આયોજન પંચે ૨૦૦૫-૨૦૦૬ની વાર્ષિક યોજના ૧૧ હજાર કરોડની મંજૂર કરી છે. ૧૧ હજાર કરોડની વાર્ષિક યોજના એ વિક્રમ છે. મારે કેટલાક આંકડા આપવા છે. ૧૯૯૪-૯૫માં આ રાજયમાં કોંગ્રેસનું શાસન હતું, એ વખતે આ રાજયની વાર્ષિક યોજનાનું કદ ફક્ત ૨૨૩૯ કરોડ રૂપિયા થયું, એમાંથી ૨૦૦૪-૨૦૦૫માં ૮૫૧૮ કરોડ રૂપિયા થયું, ૨૦૦૫-૨૦૦૬માં ૧૧ હજાર કરોડ રૂપિયા કરતાં વધારે વાર્ષિક યોજનાનું કદ થયું છે. એક વર્ષમાં ૨૯ ટકાથી વધારાનો વધારો, આ દરેક રાજય માટે વિક્રમ છે. સમગ્ર ભારતના કોઈપણ રાજયની વાર્ષિક યોજનાના કદની અંદર એક વર્ષમાં ૨૯ ટકાથી વધારે થયો નથી, જ્યાં સુધી કૃષિ સેવા અને સામાજિક, (અંતરાય) માનનીય દિનેશભાઈ, સાંભળો, સામાજિક ન્યાયની વાત કરતા હતા ત્યારે મારે કહેવું છે કે, આયોજનની અંદર સૌથી વધારે પ્રાયોરિટી રાજય સરકારે ૩૭ ટકા જેટલી રકમ કૃષિ અને સંલગ્ન સેવાઓ માટે આપી છે. સામાજિક સેવા માટે ૩૬.૬ ટકા રકમ આપી છે. બીજા નંબરે છે. એટલે હું કહું છું કે, આ બજૅટ છે એ ગરીબ લક્ષી બજૅટ છે, બજૅટના આઉટલે પ્લાનનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી ૧૯૬૦-૬૧માં કોંગ્રેસનું શાસન હતું એ વખતે ખાલી ૧૧૫ કરોડ રૂપિયાનું બજૅટ હતું, એ વખતે એવું મનાય કે બજેટો નાના આવતા હતા, ૧૯૯૪-૯૫માં બજૅટ જ્યારે આવ્યું, ત્યારે કોંગ્રેસનું શાસન હતું, એ વખતે આ બજૅટ ૭૦૨૪ કરોડ રૂપિયા ટોટલ, એનું આઉટલે હતું, ભાજપના શાસનમાં, ૨૦૦૧માં આ આંકડો ૨૪૩૭૯ કરોડ સુધી પહોંચ્યો છે, ૨૦૦૫-૨૦૦૬ના બજૅટમાં ૩૫,૫૫૫ કરોડનો બજૅટ આઉટલે થયો, ૫૦૬ ટકાનો વધારો છે. કોંગ્રેસના શાસનથી આજ સુધીમાં ૫૦૬ ટકા થયો છે, (અંતરાય) મોંઘવારીની વાત ઉપર પણ આવું છું. ૫૦૬ ટકા આઉટ લેમાં વધારો થયો છે રાજયનું ઘરેલું ઉત્પાદન એ રાજયની નીતિઓ પર પ્રકાર પાડનારું છે. રાજય કઈ દિશામાં જઈ રહ્યું છે એનું બેરોમીટર છે. ઘરેલું ઉત્પાદન ૧૯૭૦-૭૧માં ૨૨૧૭ કરોડ રૂપિયાનું હતું, ૧૯૯૩-૯૪માં જયારે એમનું છેલ્લું વર્ષ કોંગ્રેસ પાર્ટીની સત્તાનું હતું એ વખતે આ ઘરેલું ઉત્પાદન ૧૯૧૯૪ કરોડ રૂપિયા થયું હતું. ભાજપના શાસનમાં ૨૦૦૩-૨૦૦૪માં ઘરેલું ઉત્પાદન વધીને ૧,૬૭,૩૫૬ કરોડ રૂપિયા થયું એ એક વિક્રમ છે. આ ઘરેલું ઉત્પાદન ૧૦ વર્ષમાં અમે ચાર ગણું વધાર્યું છે આ દેશમાં આ પ્રકારનો બીજા કોઈ રાજયનો ઈતિહાસ નથી અને પર કેપિટલ ઈન્કમ ૮૩૪ રૂપિયા હતી ૧૯૭૦-૭૧માં, ૧૯૯૩-૯૪માં એમના છેલ્લા વર્ષમાં ૧૧૩૨૩ રૂપિયા પર કેપિટલ ઈન્કમ થઈ હતી અને આ ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં ઈન્કમ વધીને ૩૧૬૭૨ રૂપિયા થઈ. ભાજપના શાસનમાં ૧૦ વર્ષમાં ત્રણ ગણો કેપિટલ

ઈન્કમમાં વધારો થયો છે. ગુજરાતનો નાગરિક કેટલો સમૃધ્ધ થયો છે એનો આ દાખલો છે. રાજયનો વિકાસદર ગયા વર્ષે ૨૦૦૩-૨૦૦૪માં સ્થિર ભાવથી ગણીએ તો ૧૫.૪ ટકા અને ચાલુ ભાવથી ગણીએ તો ૧૮.૬ ટકા એચીવ થયો છે. ૧૮.૬ ટકા રાજયનો વિકાસદર સમગ્ર દેશમાં આપણા રાજયને મોખરાનું સ્થાન અપાવે છે. હું ચોકકસ એવું કહેવા માગું છું કે, રાજયનો વિકાસદર એ રાજયની સરકારની નીતિના પરિણામ સ્વરુપ થયો છે. રાજય સરકારે જે નીતિઓ લાગુ કરી, ટૂંકાગાળાની અને લાંબાગાળાની નીતિઓ લાગુ કરી એના લીધે રાજયનો વિકાસદર ૧૮.૬ ટકા થયો, કોંગ્રેસના ૩૫ વર્ષના શાસનમાં એક પણ વર્ષમાં એનાથી અર્ધો પણ વિકાસદર થયો નથી. કોંગ્રેસના સમયમાં સૌથી વધુ વિકાસદર ૮ ટકા થયો છે. એટલે મારું એમને કહેવું છે કે, જયારે અમારી ટીકા કરો છો ત્યારે કરો, વિપક્ષમાં બેઠા છો ટીકા કરવી પડે પણ સાચી વાત પણ ગૃહના રેકર્ડ ઉપર મૂકવી પડે. આ ગૃહનું રેકર્ડ લોકો સુધી પહોંચતું હોય છે. લોકોને આંકડાના ઉંધા ચશ્મા પહેરાવવાથી સત્ય છૂપાતું નથી પણ આ હકીકત છે કે વિકાસદર ભાજપના રાજયમાં સૌથી વધારે થયો છે.

રાજયની પંચવર્ષીય યોજનાનો સવાલ છે ત્યાં સુધી ૮મી પંચવર્ષીય યોજના એમના કોંગ્રેસના શાસનકાળની છેલ્લી પંચવર્ષીય યોજના હતી. આ યોજનાનું કદ ૧૧૫૦૦ કરોડ રૂપિયાનું હતું, અમારા શાસનમાં આ છેલ્લી ૧૦મી પંચવર્ષીય યોજના જે આવી એ ૨૦૦૨-૨૦૦૭ ની એનું કદ વધીને ૪૭૦૦૦ કરોડ રૂપિયા થયું છે. એટલે લગભગ ૪ ગણી યોજના અમે વધારી શકયા છીએ. સૌથી પહેલાં મેં વાત કરી આ તો વિકાસના આંકડા અને ઉત્પાદનના કહ્યા. સૌથી વધારે અભિનંદન માનનીય મુખ્યમંત્રીશ્રીને અને નાણામંત્રીશ્રીને આપવાના હોય તો એ બાબતમાં આપવા છે કે લાલબહાદુર શાસ્ત્રીએ બજેટ મૂકયા પછી આ દેશમાં એક પણ બજેટ પુરાંતવાળું નથી આવ્યું. આ રાજય સરકારે આ વખતે પુરાંતવાળું બજેટ રજૂ કરીને દેશના નાણા જગતમાં ઈતિહાસ સર્જયો છે. ખાલી બજેટ પુરાંતવાળું નહીં, ૨૦૦૪ના બજેટમાં પણ ૨૨૬ કરોડની ખાદ્ય અંદાજી હતી અને હિસાબ સરભર થયા ત્યારે ૨૯ કરોડની પુરાંત થઈ અને આ વખતના અંદાજમાં અમે ૮૭ કરોડ રૂપિયાની પુરાંતવાળું બજેટ મૂકયું છે. ઘણાં અર્થશાસ્ત્રી કહેવાતા નાણામંત્રીઓ આ રાજયમાં આવી ગયા છે. સનતભાઈ મહેતા હોય, અરવિંદ સંઘવી હોય કે છબીલદાસ મહેતા હોય પરંતુ પુરાંતવાળું બજેટ મૂકવાની કોઈએ હિંમત કરી નથી. આ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ પુરાંતવાળું બજેટ મૂકયું છે. હું આશા રાખું છું કે, વિપક્ષના મિત્રો પણ રાજકીય પક્ષાપક્ષીથી પર થઈ આ જે નવો અભિગમ ગુજરાત સરકારે અપનાવ્યો છે, એનું સ્વાગત કરશે અને એને એપ્રિસિએટ કરશે. જયાં સુધી પ્રજાલક્ષી કામોનો સવાલ છે ત્યાં સુધી જયારથી આ રાજયમાં ભાજપનું શાસન આવ્યું છે, ત્યારથી જળવ્ય વસ્થાપનમાં આ રાજય સરકારે એક દૂરંદેશીપૂર્વક લાંબાગાળાની યોજના બનાવી લગભગ એક લાખ જેટલા ચેકડેમો ભાજપના શાસનમાં થયા, આ વખતે એની ગતિને ઓર વધારવા માટે આ બજેટમાં માનનીય નાણામંત્રીશ્રી પ્રોવિઝન લઈને આવ્યા છે કે ચેકડેમમાં સરકારી ફાળો ૬૦ ટકા હતો એ ૨૦ ટકા વધારી ૮૦ ટકા કરવામાં આવશે. આનાથી સૌરાષ્ટ્રમાં ગામે ગામે ચેકડેમ બનાવવાનું જે અભિયાન ચાલ્યું છે એ અભિયાનને જબરજસ્ત વેગ મળવાનો છે. સુજલામ્- સુફલામ્ યોજના, આ વાતને હું વધારે વિગતથી એટલા માટે કહેવા માગું છું કે, હું એવા વિસ્તારમાં જન્મ્યો છું અને એવા વિસ્તારમાંથી આવું છું કે જે વિસ્તારમાં પીવાના પાણી અને ઈરિગેશન એક મોટી સમસ્યા છે. મારા ગામમાં જયારે મારો જન્મ થયો ૧૯૬૪માં એ વખતે ૩૫ ફૂટે પાણી હતા આજે ૧૨૩૦ ફૂટે પાણી છે. ૪૦ વર્ષમાં ૧૨૦૦ ફૂટ નીચા પાણી જતા રહ્યાં છે. બીજા ૪૦ વર્ષ આ સ્થિતિ રહે તો સમગ્ર ઉત્તર ગુજરાત, કચ્છની જેમ રણ વિસ્તારમાં તબદિલ થાય અને ત્યાંથી લોકોને ઉચાળા ભરવા પડે ઢોર-ઢાંખર ન રહી શકે, માનવ ન રહી શકે, માનવ જીવનનો અસ્ત થાય આ વસ્તુને કોઈ સરકારો ફોકસ નથી કરતી.

ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, માનનીય નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી બન્યા, એમણે બે વર્ષની અંદર છ હજાર કરોડ રૂપિયા ખર્ચીને સુજલામ્-સુફલામ્ની યોજનાનું આયોજન કરીને કડાણાનું અને નર્મદાનું પુર ઉત્તર ગુજરાત, મધ્યગુજરાત અને સૌરાષ્ટ્રના દશ જિલ્લાઓમાં વારવાનું કામ કર્યુ છે. હું ચોક્કસ કહીશ કે માનનીય નરેન્દ્રભાઈ ઉત્તર ગુજરાત અને મધ્યગુજરાત અને સૌરાષ્ટ્રના જે દશ જિલ્લાઓ છે, એના માટે ભગીરથ બનીને આવ્યા છે.જો આ પાણીને વારવામાં આવ્યું ન હોત તો ઉત્તર ગુજરાતની જુવાની ફલોરાઈડવાળું પાણી પીને ખલાસ થઈ જવાની હતી, ઉત્તર ગુજરાતનો પશુપાલનનો વ્યવસાય ખતમ થઈ જવાનો હતો, ઉત્તર ગુજરાતની ખેતી ખતમ થઈ જવાની હતી. ઉત્તમમાં ઉત્તમ જમીન એ રણની અંદર તબદીલ થઈ જવાની હતી. આ બધું બંધ થાય અને વિકાસ થાય અને ઉત્તર ગુજરાત માટે રાજ્યના દરેક હિસ્સાની જેમ સારી રીતે પોતાનું સ્થાન મેળવી શકે એટલા માટે સુજલામ્-સુફલામ્ ની યોજના અમલમાં મૂકી છે. એનાથી ૪.૫ લાખ હેક્ટર જમીનમાં ઈરિગેશન વધવાનું છે, અંદાજે બે હજાર જેટલા ગામોને પીવાનું પાણી મળવાનું છે, બે હજાર જેટલા તળાવોમાં પાણી નાંખવામાં આવનાર છે. આ યોજનાને કારણે ૭૦૦ એમ.સી. એમ. વધારાનું પાણી કડાણામાંથી અને ૧૨૦૦ એમ.સી.એમ. વધારાનું પાણી નર્મદામાંથી મળશે જેનો સીધો લાભ આ ૧૦ જિલ્લાઓને મળવાનો છે. સૌરાષ્ટ્ર માટે વધારાનું ૧૨૦૦ એમ.સી. એમ. પાણી મળશે એના કારણે પચાસ જેટલી નદીઓ પર ચેકડેમ થશે, સત્તર જેટલી નદીઓ પુન:જિવિત થવાની છે. સમગ્ર દેશની અંદર રિવરગ્રીડ એ હજી એક કલ્પનાનો વિષય છે, પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અને માનનીય નરેન્દ્રભાઈએ રિવરગ્રીડને ગુજરાતની અંદર નક્કર હકીકતોમાં તબદીલ કરેલ છે. અમદાવાદની અંદર સાબરમતી નદીની અંદર નર્મદાનું પાણી આજે બેય કાંઠે વહી રહ્યું છે. બનાસની અંદર નર્મદાનું પાણી અમે નાંખવાના છે અને અમે એટલાથી જ અટકવાના નથી. સુજલામ્-સુફલામ્ યોજના અને નર્મદા યોજનાની અંદર લગભગ ૨૧ અને ૨૫ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની એમ ૪૬ નદીઓને જોડી આ નદીઓને પુન:જિવિત

કરી ત્યાં જીવનનો પુનઃસંચાર અમે કરવાના છીએ. હું એવું ચોક્કસ માનું છું કે સમગ્ર દેશની અંદર રિવરગ્રીડની યોજનાને સફળતાપૂર્વક લાગુ કરી અને હકીકતમાં બદલવાનું શ્રેય જો કોઈ એક રાજ્યને જતું હોય તો એ ગુજરાતને જાય છે, એનું શ્રેય જો મુખ્યમંત્રી તરીકે કોઈને જતું હોય તો એ માનનીય નરેન્દ્રભાઈને જાય છે.

નર્મદા યોજનાનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી વરસોથી આ નર્મદા યોજના ખોરંભે પડી હતી, એના વિવાદમાં આપણે નથી પડવું પરંતુ આ વર્ષની અંદર નર્મદા યોજનાની અંદર જે પ્રગતિ થઈ છે એ બધા વર્ષોનો રેકોર્ડ તોડી નાંખે એવી થઈ છે. ૧૦.૬૪ મીટરની ઉંચાઈ એક વર્ષની અંદર વધી જે સૌથી વધારે વધી છે. ૯૫૮ કરોડ રૂપિયાનો ખર્ચ થયો, ચાલુ વર્ષે મુખ્ય નહેર ૧૦૧ કિલોમીટરની લાંબી કરવાના નવા કામો ચાલુ થયાં, શાખા નહેરની અંદર ૬૪૧ કિલોમીટરના કામો થયાં, ૨૦૧ કિલોમીટરની લાઈનીંગના કામો પૂરાં કરવામાં આવ્યાં છે, ૨૫૭૬ કિલોમીટરની વિતરણના લંબાઈના કામો પૂરાં કરવામાં આવ્યાં છે. નર્મદા યોજનાનું પાણી તળાવોમાં, ખેતરમાં અને લોકોના ઘરમાં નળ સુધી પહોંચાડવાનું કામ આ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. નર્મદા અને કડાણાથી પાણી તો આવવાનું છે પણ વસતિ વધતી જાય એની સાથે ગમે તેટલું પાણી આવવાનું છે એ ઓછું પડવાનું છે અને એની જો યોગ્ય વ્યવસ્થા ન થાય તો પાણી એક એવો વિષય છે કે જેની અંદર રાજ્યનો વિકાસ દર પણ એના પર અવલંબે છે. રાજ્યની અધોગતિ થાય તો એ પણ અવલંબે છે. ઈઝરાયલ દેશની અંદર છ ઈંચ વરસાદની અંદર આજે ઈઝરાયેલ સુંદર રીતે ખેતી કરી શકે છે. વિશ્વના બજારમાં ફુલોની નિકાસ કરી શકે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતને વીસ ઈંચ વરસાદ પડ્યા પછી પણ દુકાળની સ્થિતિમાંથી બહાર કાઢવા માટે ગુજરાતની ખેતી અને ખેડૂતોને એક નવી દિશા આપવાનો નિર્ધાર કર્યો છે. કોઈપણ નવી વાત લાગુ કરવી હોય તો સરકાર તેમાં સહયોગ કરે તો જ આ યોજના એના મૂળ સુધી પહોંચતી હોય છે તોજ આ યોજના લોકભોગ્ય બનતી હોય, લોકપ્રિય બનતી હોય છે માનનીય નરેન્દ્રભાઈએ ડ્રિપ ઈરિગેશન સિસ્ટમ માટે ૧૫૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. પાણીની અછતવાળા વિસ્તારના ખેડૂતો માટે રાજ્ય સરકારની જે ત્રણ કંપનીઓ એ રાજ્ય સરકારે નફો કરતી કરી છે અને એ કંપનીમાં ૩૦૦ કરોડ રૂપિયાની શેરમૂડી રોકવાની છે અને ૬૦૦ કરોડ રૂપિયાની લોન લેવાની છે અને ૬૦૦ કરોડ રૂપિયા સબસીડી આપી ગુજરાતના ખેડૂતોને ડ્રિપ ઈરિગેશનથી ખેતી કરી યીલ્ડ પણ વધારવાની છે. આપણી જોડેજે પાણી ઉપલબ્ધ છે એ પાણીને વધુ હેક્ટર જમીનની અંદર પહોંચાડવાનું કામ આપણે આનાથી કરીએ છીએ. કૃષિને અવગણીને કોઈ પણ રાજ્ય વિકાસ ના કરી શકે. આ સરકારની પ્રાયોરિટિમાં કૃષિ રહ્યું છે અગાઉ જે મેં કહ્યું તેમ જળ વ્યવસ્થા પણ કૃષિને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. કૃષિમાં જે વિકાસ જોવા મળે છે એ જળ વ્યવસ્થાની જે વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે એના લીધે છે. ફક્ત પાણી ઉપલબ્ધ કરાવવું એટલું જ નહીં Soil to satellite and land to lab. જેવા નવા concept આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમલમાં મૂક્યા છે. આ પ્રોજેકટથી આધુનિક વિજ્ઞાનના ઉપયોગ દ્વારા કિસાનોની ખેતી આધુનિક બને તે માટેનું આયોજન કર્યુ છે. ચાર નવી કૃષિ યુનિવર્સિટીઓની સ્થાપના કરી છે. Soil Health Card દ્વારા દરેકે દરેક ખેડૂતને soil health card આપી તેની જમીનમાં શું ઉણપો છે, શું નાંખવાથી વધુ ઉત્પાદન થઈ શકે તેનું જ્ઞાન આપવાનું છે. ૨૦૦૫ના બજેટની અંદર જે ૨૮૩ કરોડ રુપિયાની જોગવાઈ હતી તે આ વખતે વધારીને ૩૨૬ કરોડ રુપિયાની આયોજન સદરે કરી છે, બિન આયોજન સદરે બીજા ૩૦૫ કરોડની જોગવાઈ કરી છે. હમણાં માનનીય વિપક્ષના સભ્યશ્રી ચિંતા કરતા હતા ત્યારે મારે કેટલાક આંકડા આપવા છે. ૧૯૯૩-૯૪મા ખેતી તથા સંલગ્ન ક્ષેત્રનું ઉત્પાદન ૧૨૫૨૫ કરોડ રુપિયા હતું અને ભાજપના શાસનમાં ૨૦૦૩-૦૪માં ૩૭૭૫૨ કરોડ રુપિયા થયું છે, એટલે ૩૦૦ ટકાનો વધારો ખેતી અને સંલગ્ન ઉત્પાદનની અંદર થયો છે. આ ૧૦ વર્ષની અંદર જ થયો છે અને ગયું વર્ષ તો ખેતી ઉત્પાદન માટે વિક્રમજનક વર્ષ રહ્યું છે. વિપક્ષના નેતાએ પણ સ્વીકાર્યુ કે તેની અંદર ૬૦ ટકાનો વધારો થયો છે, તે વાત સાચી છે કે વરસાદ થયો છે. વરસાદ પણ સરકારની નીતિ અને સરકારની લોકોની સેવા કરવાની તત્પરતા જોઈને આવે છે. કલાપીની કવિતા તમે નહી સાંભળી હોય. રાજાના મનમાં અનુકંપા હોય, મુખ્યમંત્રીના મનમાં ગરીબોની સેવા કરવાની લગની હોય, મુખ્યમંત્રીના મનમાં ગરીબ ખેડૂતને સમૃદ્ધ બનાવવાનું સ્વપ્ન હોય, મુખ્યમંત્રીના મનમાં આ દેશના, આ રાજયના કિસાનોને દેશનો સર્વશ્રેષ્ઠ કિસાન બનાવવાની લગની હોય તો કુદરત પણ મદદ કરતી હોય છે, એટલા માટે વધુ વરસાદ આવ્યો છે. પાણીને અમે સાચવીને ખેતરની અંદર વાપર્યુ છે. કોઈ પણ રાજયનો વિકાસ ઊર્જા વગર સંભવિત નથી. મારે કેટલાક આંકડા આપવા છે. આ રાજયમાં ૩૫ વર્ષ સુધી રાજયની સ્થાપના પછી કોંગ્રેસનું શાસન રહ્યું અને કોંગ્રેસના શાસન સુધી installed capacity ૪૮૨૩ હતી જે ભારતીય જનતા પાર્ટીના શાસને વધારીને ૮૭૧૩ કરી, માથાદીઠ વાર્ષિક વીજ યુનિટનો વપરાશ ૪૨૯ હતો તે વધારીને લગભગ ૧ હજાર કર્યો. વીજ વપરાશ તે સમગ્ર દુનિયાની અંદર વિકાસનો barometer તરીકે જોવાય છે. ભાજપના શાસનની અંદર રાજયના નાગરિકનો વીજ વપરાશ હજાર યુનિટ સુધી પહોંચ્યો છે, જે કેન્દ્રની સરકારે ૨૦૧૨નું લક્ષ્ય રાખ્યું છે. જે કેન્દ્રની સરકારે ૨૦૧૨નું લક્ષ્ય રાખ્યું છે તે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ રાજયની સરકારે આ વર્ષે સિધ્ધ કર્યુ છે. ૨૦૧૨માં આપણે એક હજાર યુનિટના લક્ષ્યની સામે ૧૫૦૦ યુનિટે પહોંચવાની કલ્પના છે.

વીજ વિતરણમાં હિસ્સો, હમણાં બધા સભ્યશ્રીઓ ભાષણ કરતા હતા, ખેડૂતોની વાત કરતા હતા. મારે કેટલાક આંકડા આપવા છે. હું આપીશ એટલે તે લોકોને આઘાત લાગશે. હું ૧૯૮૩-૮૪ની વાત કરું છું, અમારા શાસનની વાત નથી કરતો. ૧૯૮૩-૮૪માં ઘર વપરાશની અંદર ૯ ટકાથી વીજળી વપરાતી હતી, વેપારની અંદર ૩

ટકા વપરાતી હતી, ઉદ્યોગની અંદર ૬૫ ટકા વીજળી વપરાતી હતી અને ખેતીની અંદર કેવળ ૧૫ ટકા વીજળી વપરાતી હતી. ૨૦૦૩-૦૪ની અંદર ઘર વપરાશની અંદર ૧૩.૫ ટકા વીજળી લોકોના ઘરે સુખ અમે પહોંચાડ્યું છે, વીજળી પહોંચાડી છે. ઘર વપરાશની અંદર વીજળી ૧૩.૫ ટકા થઈ, વેપારની અંદર ૪.૫ ટકા થઈ. યોગ્ય નીતિઓના કારણે ઉદ્યોગપતિઓ જાતે વીજળી ઉત્પાદન કરતા થયા અને વીજળીનો વપરાશ ઉદ્યોગની અંદર ૩૪ ટકા થયો,, ખેતીની અંદર વીજળીનો વપરાશ ૧૫ ટકા થી વધારીને અમે ૩૪ ટકા કર્યો છે, જે બમણાં કરતાં વધારે છે. ખેડૂતોને વીજળી આપવાનું કામ જો કોઈ સરકારે કર્યુ હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યુ છે એટલે ખેડૂતોની વાતો કરો ત્યારે તમારા પોતાના સમયના આંકડા કાઢીને જોજો તો તમારી બોલવાની હિંમત નહીં રહે. આ આંકડા બોલે છે,હું બોલતો નથી. જે ૧૫ ટકાથી વધારીને ૩૪ ટકા સુધી અમે ખેતીની અંદર વીજ વપરાશ કર્યો છે, વીજ વપરાશની અંદર વધારો થયો છે એટલું જ નહીં તેના ઉત્પાદન અને તેની કિંમતને નીચે લાવવા માટે આ રાજય સરકારે પૂરતું ધ્યાન આપ્યું છે. આપણું મોટાભાગનું ઉત્પાદન thermal power station ઉપર આધારિત છે. કોલસાથી જે વીજળી ઉત્પાદન થતી હતી તેની અંદર cost નું break-up કોલસાની કિંમત ૭૦ પૈસા, transportation cost ૧ રુપિયો અને ઉત્પાદન ખર્ચ ૧ રુપિયો આમ ૨ રુપિયા અને ૭૦ પૈસા cost નું break-up હતું. હમણાં જ માનનીય નરેન્દ્રભાઈની દૂરંદેશીના પ્રમાણે જ્યાં કોલસો હતો ત્યાં આપણે વીજ મથક સ્થાપવાનું નક્કી કર્યુ. ૮ હજાર કરોડ રુપિયાના મૂડી રોકાણથી ૨૦૦૦ મેગાવોટનો પ્રોજેકટ મધ્યપ્રદેશમાં સ્થપાય પછી આ કોલસાથી ઉત્પાદિત થતી વીજળીનું cost નું break-up કેવું થશે તે હું કહેવા માંગું છું. ૭૦ પૈસા કોલસાની કિંમત એમ ને એમ રહેશે, ટ્રાન્સપોર્ટેશન એક રૂપિયાથી ઘટીને ૨૦ પૈસા થઈ જશે. ઉત્પાદન ખર્ચ એમનો એમ રહેશે. એટલે બે રૂપિયા અને સીત્તેર પૈસે જે વીજળી મળતી હતી તે વીજળી ગુજરાતના નાગરિકોને, ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડને એક રૂપિયો અને ૯૦ પૈસામાં મળશે, આ મોટો ઘટાડો આ રાજયના મુખ્ય મંત્રીશ્રીની દૂરંદેશીને લીધે થયો છે. તે વાત સ્વીકાર્યા વગર ચાલે એમ છે નહીં. સરદાર સરોવર પ્રોજેકટ હાઈડ્રો વીજ પ્રોડકશન ચાલુ થઈ ગયું છે. વાયબ્રન્ટ ગુજરાતમાં ૨૦૦૩માં ૨૧૪૦૦ કરોડ.

**અધ્યક્ષશ્રી .** : પાંચ મિનિટમાં પૂરું કરો.

**શ્રી અમિત અ. શાહ** : સાહેબ, આપે દિનેશભાઈને બરાબર ૩૦ મિનિટ આપી છે. વાયબ્રન્ટ ગુજરાતમાં ૩૮ હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ થયા, ૨૦૦૫માં ૩૮૦૦૦ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા, ૧૦ હજાર મેગાવોટ વધારાની વીજળી ઉત્પન્ન થવાની છે. સાહેબ, જયોતિગ્રામ યોજના છે. સાહેબ જયારે સમગ્ર દેશનો ગ્રામિણ ઈતિહાસ લખવો પડશે ત્યારે આ જયોતિગ્રામ યોજના માટે સુવર્ણ અક્ષરે લખવા માટેનું પાનું રિઝર્વ રાખવું પડશે. ભલે કોંગ્રેસના મિત્રો ગ્રામિણ વિકાસની વાતો કરતા હશે, પણ એમણે આ જયોતિ ગ્રામ યોજના માટે એક પાનું અમારા માટે રિઝર્વ રાખવું પડશે. તેનો સંપૂર્ણ યશ આ રાજયના મુખ્ય મંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીને જાય છે. એમના મનમાં એક વેદના હતી, ગામડામાં જન્મેલા માણસ, ગામડાંની વેદના સમજતા હતા, કે શહેરના માણસને ૨૪ કલાક વીજળી મળે છે, તો ગામડાંના માણસને ન મળે? કોઈની મા બિમાર હોય અને સારવાર કરવી હોય અને વીજળી ન હોય, કોઈ વિદ્યાર્થીને વાંચવું હોય અને વીજળી ન હોય, કોઈ વિદ્યાર્થીને કોમ્પ્યુટર શીખવું હોય અને વીજળી ન હોય, આરોગ્યની સેવાઓ વીજળીના લીધે ન મળે, કોઈને આઈસ્ક્રીમની દુકાન કરી હોય અને આઠ કલાક વીજળી જતી રહે તો એમનો આઈસ્ક્રીમ ઓગળી જાય, કોઈને ફેબ્રીકેશનનું કામ કરવું હોય તો ન કરી શકે કારણ કે વીજળી નથી મળતી, એટલે ગામડાં ભાંગતા જતા હતા, શહેરોમાં વસતિ વધતી જતી હતી, જયોતિ ગ્રામ યોજના અમલમાં મૂકી, અમલમાં મૂકી એટલું જ નહીં કાગળ ઉપર નથી રહી ભૂતકાળની જેમ. ૧૮ હજાર ગામડાંમાંથી ૭ હજાર ગામોને તો અમે ૨૪ કલાક વીજળી પહોંચાડી દીધી છે. બાકીના ગામોમાં આ એક વર્ષમાં પહોંચાડવામાં આવશે. વીજ ચોરી માટે પણ અમે કડક પગલાં લીધાં છે. એક જ વર્ષમાં ૭૮૬ કરોડ રૂપિયા ગયા વર્ષે જી.ઈ.બી.ની આવક વધી છે. અને આ વર્ષે ૧૧ મહિનામાં ૮૫૦ કરોડ રૂપિયાની આવક વધી છે. આ વીજ ચોરી અટકાવવાને લીધે થયું છે.

ઔદ્યોગિક વિકાસનો સવાલ છે ત્યાંસુધી ઘણાં બધા આક્ષેપો જુદી જુદી રીતે, જાત જાતના આંકડાઓ મૂકીને કરવામાં આવ્યા. પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઉતરાયણ અને નવરાત્રિ જેવા લોક ઉત્સવો કરીને રાજયના વિકાસનો એક ધોરી માર્ગ બનાવીને નવો ચીલો ચાતર્યો છે. ૨૦૦૩ના ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં ૭૬ એમ.ઓ.યુ. માં ૬૬ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા. ૨૦૦૫માં ૧ લાખ ૬ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા. અને એસ.ઈ.ઝેડ એકટ બનાવીને, રાજયમાં સાત એસ.ઈ.ઝેડ કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે. આઈ.આઈ.એમ. ના આંકડા મુજબ દેશમાં ઈન્વેસ્ટમેન્ટમાં ગુજરાત બીજા નંબરે છે. માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે આંકડા આપ્યા હતા તેમણે આ સ્વીકારવું જોઈએ. બંદરો એ ઔદ્યોગિક વિકાસનનું એક પ્રકારનું બેરોમીટર છે. હું બંદરોના આંકડા આપવા માગું છું ૧૯૬૦-૬૧થી ૧૪ લાખ ટન માલ કંડલા બંદર પરથી ગયો હતો. ૧૯૯૩-૯૪માં ૨૨૪ લાખ ટન અને ૨૦૦૩-૨૦૦૪માં ૪૧૫ લાખ ટન અને ૮૯૩ લાખ ટન માલ ખાનગી બંદરો ઉપરથી ગયો છે. આજે નિકાસ અને આયાત વધી છે એ બતાવે છે કે રાજય સરકારની નીતિના લીધે વેપાર વધ્યો છે.

સમાજ કલ્યાણનો સવાલ છે ત્યાંસુધી માનનીય દિનેશભાઈએ ઘણી વાતો કરી છે. એમણે એક વાત કરી તીર્થ ગ્રામ યોજનાની. સાહેબ, તેઓ આ તીર્થગ્રામ યોજનાનો કન્સેપ્ટ જ સમજયા નથી, તીર્થ ગ્રામ યોજના એટલે જે ગામમાં ટંટોફસાદ ન હોય, એક પણ કેસ ન થયો હોય એ ગામને સરકાર તીર્થ ગ્રામ યોજના તરીકે જાહેર કરે છે,

તેને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ પ્રોત્સાહન ટોકન આપવાનું છે. અમે એવા ગામો બનાવવા માગીએ છીએ કે જયાં ઝગડો ન હોય, જયાં કજીયો ન હોય જયાં કોઈ કેસ ન હોય, સમજયા વગર બજેટની જોગવાઈની હાંસી ઉડાવવાનો હાસ્યાસ્પદ પ્રયાસ દિનેશભાઈએ કર્યો છે. આ કદાચ કોઈ સરકાર ન કરી શકી હોત, ગુજરાતમાં ગરીબોનું પ્રમાણ કેવળ ૧૪.૭ ટકા જ છે. દેશમાં ૨૬ ટકા છે. ગુજરાતમાં ગરીબોની વસતિ ૬૨.૧૦ લાખથી ઘટીને ૩૯.૮૦ લાખ થઈ છે. અનુસૂચિત જાતિના કલ્યાણ માટે ૨૦૮ કરોડની સામે આ વખતે ૪૧૪ કરોડની જોગવાઈ કરી છે. ખાસ અંગભૂત યોજના હેઠળ ૩૧૫ કરોડની સામે ૪૦૩ કરોડની જોગવાઈ કરી છે. પછાત વર્ગોના વિકાસ માટે ૧૧૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી શિક્ષણની વાત હું નહીં કરું તો મારી વાત ખરેખર અધૂરી રહી જશે.

**અધ્યક્ષશ્રી** : હવે પૂરું કરો, એક બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૫ વર્ષથી આ શિક્ષણમાં ઉંધા પિરામીડ જેવું થયું હતું. કોઈપણ રાજયના વિકાસ માટે પ્રાથમિક શિક્ષણ ઉપર સૌથી વધુ ભાર મૂકવામાં આવે. તેના પછી માધ્યમિક શિક્ષણ ઉપર, પછી ઉચ્ચતર માધયમિક શિક્ષણ ઉપર અને પછી ઉચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ ઉપર. પરંતુ રાજય સરકારોની જે શિક્ષણ નીતિઓ બનાવાતી હતી તેમાં તો ઉંધો પિરામીડ બનાવ્યો હતો. પ્રાથમિક શિક્ષણ માટે ઓછામાં ઓછું બજેટ ફાળવવામાં આવતું હતું. અને ધીરે ધીરે ઉપર જઈએ એમ બજેટ વધતું જતું હતું. ભારતીય જનતા પાર્ટીની આ સરકારે આ રાજયમાં દરેક વર્ગને એક શિક્ષક દરેક શિક્ષકને એક વર્ગ ખંડ આપવાનું અભિયાન હાથ ઉપર લીધું. પ્રાથમિક શિક્ષણને મોટું બળ આપ્યું છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ પોતે વ્યકિતગત રીતે કન્યા કેળવણીને આંદોલનનો મુદ્દો બનાવ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ કન્યા કેળવણીનો વધારે વિકાસ થાય એટલા માટે પોતાને મળતી ભેટ સોગાદોના નાણાં એમાં વાપરીને બળ આપ્યું છે. આના પરિણામે ગુજરાતમાં કોંગ્રેસના વખતમાં જે ડ્રોપ આઉટ રેશિયો ૩૫ ટકા હતો તે આજે ઘટીને ૧૭ ટકા થઈ ગયો છે. કેટલાક ટેકનિકલ કોર્સ આ સરકારે ચાલુ કર્યા છે, આ સિવાય પણ ઘણું બધું કહેવું છે, પરંતુ સમય નથી એટલે ફક્ત ટૂંકમાં કહેવા માગું છું.

શહેરી વિકાસ વર્ષ જાહેર કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાતની ૫૦ ટકા વસતિને શહેરી વિકાસ વર્ષ દ્વારા પ્રાથમિક સુવિધાઓ આપવાની જાહેરાત કરી છે એને પણ આવકારીએ છીએ.

માર્ગ વિકાસ માટે આ વખતના બજેટમાં લેન્ડમાર્ક થવાનું છે. મારી પાસે વધારે સમય નથી પરંતુ માર્ગ વિકાસ માટે જે યોજનાઓ કરી છે એનું સ્વાગત કરુ છું.

અંતમાં ઈ-ગ્રામ, વન અને પર્યાવરણ, સર્વાંગી ગ્રામીણ વિકાસ, પીવાનું પાણી આ દરેક ક્ષેત્રની અંદર સંતુલિત બજૅટ આપવાના પ્રયાસો કર્યા છે. એટલે આ બજૅટ કોઈ એક પાર્ટીનું બજૅટ નથી, કોઈ એક પક્ષની સરકારનું બજૅટ નથી. આ બજૅટ એ તો ગુજરાતના વિકાસનો દસ્તાવેજ છે એટલા માટે વિરોધપક્ષના સર્વે સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે ગુજરાતના વિકાસની અંદર સાથ પૂરાવે અને આ બજૅટને સમર્થન આપીને રાજકીય પક્ષાપક્ષીથી ઉપર જઈને ગુજરાત એક અલગ ચીલો ચીતરે તેવી વિનંતી કરી વિરમું છું.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તે બજૅટ ઉપર મારા કેટલાક વિચારો રજૂ કરવા ઊભો થયો છું ગુજરાતના ગરીબ ખેડૂતોની કમર તોડી નાખી છે, આદિવાસીઓને ભીખ માગતા કર્યા છે, એવું બજૅટ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા હોય ત્યારે હું એને આવકારી શકું નહિ. અહીંયાં બેસીને નહિ શેરીઓમાં જઈને જૂઓ તો સાચો ખ્યાલ આવશે. માનનીય નાણામંત્રીશ્રી ૧૧મી વખત બજૅટ રજૂ કરી રહ્યા છે, તે બદલ હું એમને આવકારુ છું. મને ચિંતા હતી અને આ વખતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી કહેતા હતા કે માધુભાઈ, આ વરસે આદિવાસીભાઈઓનું કલ્યાણ થઈ જવાનું છે. માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી કહેતા હતા કે આદિવાસીભાઈઓ માટે ૪૧૪ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. હું આ તકે પૂછવા માગું છું કે આપણે ગયા વરસે બજૅટની અંદર ૨૦૮ કરોડ રૂપિયા ફાળવ્યા હતા એમાંથી વપરાયા કેટલા? આ સરકાર યોજનાઓના નવા નવા નામો આપે છે. સુજલામ સુફલામ, કર્મયોગી વગેરે વગેરે. આ તકે મને એક વાત યાદ આવે છે. " કરમની કરણી અજબ ગજબની કોઈથી ન પરખાય, નરેન્દ્રભાઈ મોદીની સરકાર જે કરશે એ કોઈને ન સમજાય." આ પરિસ્થિતિ આ સરકારમાં ઊભી થઈ છે. આ સરકાર આદિવાસીઓનું અને ગુજરાતની પાંચ કરોડની પ્રજાનું હિત લઈને આવી છે. ગુજરાતનો વિકાસ ઝડપથી વધે એના માટેની વાત લઈને આવી છે એવું આ સરકાર કહી રહી છે. પરંતુ અમારા પ્રભારી મંત્રી અમિતભાઈ શાહ સાહેબ જાણે છે. મારા જિલ્લામાં તેઓ આવે છે,

જયોતિગ્રામ યોજના બનાવી છે એને અમે આવકારીએ છીએ. અમે દર વખતે એની ચર્ચા કરીએ છીએ. આપણે ગુજરાતમાં સાત હજાર ગામોને આ યોજના નીચે સાંકળી લીધા છે એમાં અમારા મત વિસ્તારના ગામો પણ આવે છે. એમાં અમારા આદિવાસી મજૂરોને આ જયોતિગ્રામ નીચે કનેકશનો આપવામાં આવ્યા છે તેઓ એના બિલના પૈસા પણ ભરી શકતા નથી. ચાર ગણું બિલ આવે છે. પહેલાં જે ૫૦ રૂપિયા બિલ આવતું હતું એ આજે ૧૫૦ રૂપિયા આવે છે. તો એનો પણ સરકારે વિચાર કરવો જોઈએ. ત્યારબાદ તત્કાલ વીજ જોડાણની વાત કરવામાં આવી છે. એમાં તમે ૫૦૦ રૂપિયા ભરો અને કનૅક્શન લઈ જાવ. હું આ અંગે મારો પોતાનો દાખલો આપવા માગું છું. મને કહેવામાં આવ્યું કે તમે ૫૦૦ રૂપિયા ભરો તાત્કાલિક કૂવા ઉપર લાઈટ આવી જશે. મેં ૫૦૦ રૂપિયા પણ ભર્યા ત્યારબાદ મને ૧ લાખ ૮૦ હજારનું એસ્ટીમેટ આપવામાં આવેલ છે. ડાંગના અનેક

આદિવાસી ખેડૂતો હરખાઈ ગયેલા કે હવે તાત્કાલિક વીજળી મળવાની છે. પણ તેનો અંદાજ કેટલો? ૧,૮૦,૦૦૦ રૂપિયા જ્યારે મીટર લેવાનું હોય, વીજળીનો થાંભલો નાખવાનો હોય, મોટર નાખવાની હોય તેના આવતા હોય તો લોકો કયાંથી લેવાના છે? એટલું જ નહીં, આ હાઉસમાં આપણે ગરીબ લોકોની વાતો કરીએ છીએ ત્યારે મને કહેતા દુ:ખ થાય છે કે આદિવાસી બિચારા ગરીબ નથી, ગરીબ આપણે બનાવ્યા છે. આજે મજૂરી કરતા ગરીબ આપણે કર્યા છે. મારે કહેવું જોઈએ કે આજે કર્મયોગીની યોજના થઈ. બીજી બાજુ એન.જી.ઓ. મારફતે જ્યારે ડાંગમાં કામ થતું હોય, ગમે તે જિલ્લામાં થતું હોય તે એન.જી.ઓ. કયાંના હોય? અમારે ત્યાં લોકો એવું કહેતા થઈ ગયા છે કે આ લોકો સરકારના એજન્ટ છે, અહીં જંગલમાં કામ કરવા આવતા હશે. આજે આ સરકારને અભિનંદન આપવાં જોઈએ એ સાથે સંમત છું. જ્યારે આદિવાસીને જરૂર છે, મુશ્કેલી છે એવી બાબતોમાં માનનીય અમિતભાઈ સાહેબને કહીશ કે એમણે જાહેરાત કરી કે ડાંગમાં ૬૦૦ હેકટરમાં વાડી પ્રોજેકટમાં કલમો કયાંથી લાવે? જુનાગઢથી. અમારા દક્ષિણ ગુજરાતના વલસાડ, સુરત બાજુની કલમો બહાર જાય છે. આજે ખાતરી આપીને કહું કે આ કલમોમાં ૮૦ ટકા કલમો મરી ગઈ છે. માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કહેતા હતા કે હવે અમે ડાંગને હરિયાળું કરીશું. ગુજરાતને હરિયાળું કરીશું. વાત સાચી, હરિયાળું કરી દીધું. અમારે ત્યાં લોકો કહે છે, બોરીબંધો લાવ્યા, ત્યાં નદી-નાળા ઉપર બોરીબંધો બનાવ્યા. એક વખત વરસાદ પડ્યો એટલે બધી બોરીઓ તણાઈ ગઈ. ખેત તલાવડીઓ લાવ્યા. ખેત તલાવડીમાં અમારા આદિવાસીઓ એમ કહે છે કે આ પેલા બે પાડા લડે તે આટલી જગ્યા હોય તેમાં પડે એ ખેત તલાવડી. આપના દ્વારા માનનીય નાણામંત્રીશ્રીને અને આ સરકારને કહેવા માગું છું કે ગુજરાતનો વિકાસ કરવો હોય તો તમે મહારાષ્ટ્રમાં જૂઓ. હું ડાંગના ખેડૂતોને જાતે લઈને ગયો છું. ચેઈન ઈરીગેશન છે અને ચેઈન ઈરીગેશનમાં ડુંગરો છે. ડુંગર ઉપર ટપક પદ્ધતિ છે. એક-એક ખેડૂતને પાંચ-પાંચ એકરમાં લેવલીંગ કરી આપ્યું છે. મહારાષ્ટ્ર સરકારે ટપક પદ્ધતિ કરી આપી છે. દરેક ખેડૂતને આજે મફત ક્યારીઓ બનાવી આપવામાં આવી છે. ટપક પદ્ધતિ આપવામાં આવી છે. બાગાયત બનાવી આપવામાં આવી છે. બાગાયત બનાવવું હોય તો આ બાબતે આપના દ્વારા સરકારનું ધ્યાન દોરવું છે કે મહારાષ્ટ્રમાં અભ્યાસ કરાવો. માનનીય નાણાંમંત્રીશ્રીને ખ્યાલ છે કે ગયા વખતે ગુજરાત પેટર્ન એમ કહે કે અમે લાવ્યા છીએ. મારે કહેવું છે કે ગુજરાત પેટર્ન ગુજરાતમાં હતી નહીં, મહારાષ્ટ્ર પેટર્નનો અભ્યાસ કરવા માટે ગુજરાતના ચાર અધિકારીઓ ગયા. સ્વ. ચીમનભાઈ પટેલ હતા તે વખતે રજૂઆત કરી હતી, ત્યાંથી અભ્યાસ કરીને આવ્યા પછી ગુજરાત પેટર્ન, આદિજાતિ પેટર્ન અલગ થયું છે. અમને આનંદ છે, અમે બિરદાવીએ, પણ આદિવાસીઓના નામે જે બજેટ ફાળવાય છે, એ બજેટનું જે આયોજન થાય છે તેમાં કદાચ પ્રભારી મંત્રીઓનો વાંક નથી કાઢતો, કદાચ એવું હોય કે મારે ત્યાં અમિતસાહેબ સાથે બેસીને વિચારીએ એ રીતે લોકોના કામ કરીએ છીએ પણ નવસારી, વલસાડ, સુરતના જ્યારે અમે આંકડા સાંભળીએ છીએ ત્યારે માનનીય પ્રભારી મંત્રીશ્રી હોય તે કહે તે જ થવું જોઈએ. આ જે પ્રથા છે તે દૂર ન થાય ત્યાં સુધી ડાંગના ગામડાંનો વિકાસ થવાનો નથી.ત્યાં સુધી ઝૂંપડાનો વિકાસ થવાનો નથી. મારે એની સાથે એ પણ કહેવું છે કે, ગઈ કાલે માનનીય મુખ્યમંત્રી સાહેબ કહેતા હતા કે, ગેસ પાઈપ લાઈન દ્વારા ગામડાઓને આપવાનો છે, અમને આનંદ થયો કે મુખ્યમંત્રીશ્રીએ આ જાહેરાત કરી. પણ આજેપણ મેં એનો હિસાબ કર્યો. મારા ડાંગમાં દરરોજ ૧.૪૦ લાખ કિલો લાકડું ચૂલામાં બળાય છે બહેનો બાળે છે અને શહેરોમાં વસતા લોકો માટે પાઈપ લાઈનથી ગેસ આપવાનો છે. આજે જે મજૂરો ગામડામાં જાય છે, મજૂરી કરવા જાય છે એમને ગેસના ચૂલાઓ કયાંથી આપવાના છો? એટલે આ વાત મુખ્યમંત્રીશ્રી લાવ્યા ત્યારે હું ઊભો થયો. પણ આપ સાહેબે ૨ મિનિટ નહીં આપી. હું મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરવાનો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાજુ વન વિભાગની વાત કરીએ. વન વિભાગની ચિંતા કરીએ છીએ. ગુજરાતની અંદર માત્ર આપણા રેકર્ડ ઉપર ૯ ટકા બતાવ્યા છે. આવો મારી સાથે હું દક્ષિણ ગુજરાતમાં વન વિભાગમાં રહું છું અને ત્યાં અમે જન્મ્યા છીએ. (સમયસૂચક ઘંટડી) સાહેબ, બે મિનિટ આપો. દરરોજનું દસ લાખ રૂપિયાનું લાકડું કપાતું હોય અને એને અટકાવવું હોય તો માનનીય વન મંત્રીશ્રીને અને સરકારને વિનંતી કરવી છે કે, ગામડાઓની ગ્રામ સમિતિઓ બનાવીએ અને એ ગામડાઓને જ જવાબદારી સોંપો, એનો અખતરો કરેલો છે.આ અખતરા પ્રમાણે આપણે જોવું હોય તો આવો અમારી સાથે, હું એનો પ્રયોગ બતાવું. આ જવાબદારી અમને ૧૦૦ ટકા માલિકી હક્ક મળ્યા ત્યારે તો અમારું એક પણ ઝાડવું કપાયું નહીં. માનનીય નરેન્દ્રભાઈ અને મંગુભાઈ આવતા હોય તો પણ એ એક પણ ઝાડવું કાપવા દેશે નહીં. અમે માગણી કરી, અમને સ્ટાફ આપો, એમણે હા પાડી. પરંતુ એકપણ ફોરેસ્ટર નથી આપ્યો, બીટ ગાર્ડ નથી આપ્યો. અમને મહેકમ નથી આપ્યું. મોટી મોટી જાહેરાતો જ કરી છે. મારી આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને બે હાથ જોડીને વિનંતી છે કે, ખોટી જાહેરાતો ન કરો. શ્રી કાનજીભાઈએ એક વખત ખોટી જાહેરાત કરી હતી, ડાંગમાં ડાંગ દરબારમાં આવીને કહી ગયા, આદિવાસીઓને અમે જંગલની જમીન આપીશું, આદિવાસીઓને રોજી આપીશું. એ બીજી વખત ડાંગમાં ગયા પણ એકપણ કામ થયું નહોતું અને અમારી ડાંગની આદિવાસી બહેનોએ એનો જવાબ માગ્યો. એટલા માટે મારે આ સરકારને વિનંતી કરવી છે કે, જે બોલો એનું આયોજન કરો, અમે તમારી સાથે છીએ. પણ કેટલીક બાબતોમાં હવામાં બાણ ઠોક્યા છે. સાહેબ, બે મિનિટ.

**અધ્યક્ષશ્રી .** : ઘણું થયું. નો, પ્લીઝ. કેટલા બધા સભ્યો બોલવાના છે? તમારું લિસ્ટ કેટલું લાંબું છે? નો..નો..

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે બજૅટ લઈને આવ્યા છે. ગુજરાતનું આ બજૅટ એ એકવીસમી સદીના વિકાસનું વિઝન બતાવતું બજૅટ છે. જન કલ્યાણની સંવેદનાની સાથે સાથે સમાજના દરેક વર્ગને મદદરૂપ થવાનો પ્રયાસ કરતું આ બજૅટ છે. નાણાકીય સૂઝ-બૂઝની ઝાંખી સાથે આ આગવું બજૅટ કે જે ગુજરાતનું પહેલું પુરાંતવાળું અને એક મોડેલ તરીકે ગુજરાતના ઇતિહાસમાં કાયમ માટે યાદગાર રહે તેવું બજૅટ છે. બજૅટ ખર્ચમાં વિકાસલક્ષી ખર્ચ એટલે કે ૫૪ ટકા ખર્ચ છે. ગઈ કાલે જ કેન્દ્રનું બજૅટ આવ્યું, ગયા કેન્દ્રના બજૅટનો વિકાસ લક્ષ્યાંક ખર્ચ ૩૦ ટકા છે,જ્યારે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે વિકાસલક્ષી ૫૪ ટકાના બજૅટ ખર્ચ સાથે એક નવો ઈતિહાસ સર્જ્યો છે. આ ગુજરાત મહાત્મા ગાંધીજીનું ગુજરાત, સરદાર વલ્લભભાઈ પટેલનું ગુજરાત છે, આ ગુજરાતે કાયમ માટે સમગ્ર દેશને દિશા ચીંધી છે. આજે આઝાદી પછી ૪૫ વર્ષ સુધી રાજય કરીને ભારત નિર્માણની વાતો કરવાવાળા ૩૦ ટકાના વિકાસ ખર્ચ સાથે કેવી રીતે ભારત નિર્માણની વાત કરી શકશે? કોઈપણ જાતના કરવેરા વધાર્યા સિવાય ૨૦૦૧-૦૨ની સરખામણીમાં ૨૦૦૫-૦૬માં ૬૧ ટકાનો કુલ ટેકસની આવકનો વધારો એ રાજય સરકારની નેમ છે પણ પાણીમાંથી પોરા કાઢવાની આદત ધરાવતા મિત્રો બેસ્ટ એકઝામ્પલ ફૉર સ્ટેટ મેનેજમેંટના રાજય સરકારના પગલાંને જોઈ શકતા નથી. ગુજરાતની અંદર ટેકસ વધારો ગુજરાતની પ્રજા હવે ભૂલી ગઈ છે. છેલ્લા ૪ વર્ષમાં જોઈએ તો વીજ કરમાં ૬૫ લાખ ગ્રાહકોને રાહતો, ૧૮ વર્ષથી ચાલતો વીજ વેચાણવેરો નાબૂદ કરવામાં આવ્યો. સિંચાઈ ઉપર વીજ ડયૂટી રદ કરીને સાડા છ લાખ ખેડૂતોને રાહત આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ગુજરાતના વેપાર ઉદ્યોગની વર્ષોની માગને હકારાત્મક પ્રતિસાદ આપીને શિક્ષણ સંસ્થા, છાત્રાલયો, દવાખાના, સર્વિસ સેકટરના એકમોને, નાના દુકાનદારોથી માંડીને એસ.ટી.ની ઝેરોક્ષથી માંડીને પાનના ગલ્લા સુધીની ૧૨ લાખ થી વધુ કોમર્શિયલ સંસ્થાઓને રૂ. ૨૨૯ કરોડની રાહતોની જાહેરાત આ બજૅટની અંદર કરવામાં આવી છે. સાથે સાથે સ્વવીજ ઉત્પાદન કેપ્ટીવ પાવર પ્લાન્ટ વીજ યુનિટ દીઠ ૭૦ પૈસાની જગ્યાએ ૪૦ પૈસા કરીને ૩૦ પૈસા નો ઘટાડો કરીને આ ઉદ્યોગોને મદદરૂપ થવાનો પ્રયત્ન કર્યો છે. આમ અત્યાર સુધી ૬૩૦ કરોડની ટેકસની રાહત આપ્યા પછી પણ ૬૧ ટકાનો વધારો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર માટે ગૌરવપૂર્ણ છે. કેન્દ્ર સરકારના અંદાજપત્રમાં સામાન્ય પગારદાર પોતાના પગારમાંથી ૧૦ હજાર રૂપિયા ઉપાડે તો ૧૦ રૂપિયા કેન્દ્ર સરકારે ટેકસ નાખીને સામાન્ય માનવીના વિરોધનું વલણ વ્યકત કર્યુ છે. જો કેન્દ્રના નાણામંત્રીશ્રીએ ગુજરાતના નાણામંત્રીશ્રી સાથે કે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરી હોત તો એમને ખબર પડેત કે ટેક્સમાં વધારો કર્યા સિવાય પણ રાજયનો વિકાસ કેવી રીતે કરી શકાય છે. ખોટમાંથી પુરાંત તરફ અને ૨૦૦૫-૦૬ની અંદર ૮૭કરોડની પુરાંત સાથે ગુજરાત સરકારની વહેવારીક નિપૂણતાને કારણે આજે ગુજરાત એકમાત્ર પુરાંતવાળું રાજય બન્યું છે. મહેસૂલી આવક ૨૦૦૧-૦૨ કરતા ૨૦૦૫-૦૬માં ૪૫ ટકાના વધારા સાથે આ રાજય સરકારની પ્રબળ ઈચ્છાશકિતનું દર્શન થાય છે અમે કહીએ છીએ કે ગ્લાસ ભરેલો છે તો મિત્રો કહે છે કે ના ગ્લાસ અડધો ખાલી છે. હંમેશા નકારાત્મકતાની માનસિકતા ધરાવતા કોંગ્રેસના મિત્રો આ ભારતીય જનતા પાર્ટીની હકારાત્મક દૃષ્ટિ જોવામાં પણ આંખો બંધ કરે છે. ટેકસની આવક વધારી, મહેસૂલી આવક વધારી અને મૂડી આવક ૨૦૦૧-૦૨માં ૨૭૬૪૦ કરોડ હતી એ ૨૦૦૫-૦૬માં ૧૨૩૩૮ કરી વિકાસના કામો માટે દેવું ઘટાડવા માટેનો પ્રયત્ન કર્યો છે. આયોજન પંચે ૨૦૦૪-૦૫મા ૮૫ કરોડની સામે ૧૧હજાર કરોડની નવી યોજના અને જેની અંદર ૩૭ ટકા કૃષિ અને ૩૬ટકા સામાજીક સેવા સાથે ગુજરાતે એક ચેલેન્જીંગ રોલ પસંદ કર્યો છે પણ પેટ બળ્યો જીવ હોય છે એ આ બધું સહન નથી કરી શકતો.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસને વિરોધની પિપૂડી વગાડવાની આદત પડી ગઈ છે પણ આ પિપૂડી વગાડવાની આદત હવે લોકો સાંભળવાના નથી. રાજય સરકાર દ્વારા મહેસૂલી ખર્ચ નિવારવા માટે (અંતરાય) પિપૂડી બરાબરને? માનનીય અધ્યક્ષશ્રી, એ લોકો સ્વીકારે છે.

**અધ્યક્ષશ્રી .** : આપ ગૃહમાં બોલી રહ્યા છો, એ ધ્યાનમાં રાખીને બોલવું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકારની ડેબ્ટ સ્વેપ યોજના હેઠળ રૂપિયા ૯૨૫૬ કરોડ જેટલી રકમની ઊંચા વ્યાજદરની પરત ચૂકવણી કરીને રાજયના વધતા જતા દેવા તથા વ્યાજ ચૂકવણીને નિયંત્રિત કરવામાં રાજય સરકાર સફળ રહી છે. બજૅટ ખર્ચ જે વર્ષ ૨૦૦૧-૦૨માં શિક્ષણમાં ૩૨૬૩ કરોડ હતો તે વર્ષ ૨૦૦૫-૦૬માં ૪૧૧૬ કરોડ સાથે ૨૬ ટકાનો વધારો કર્યો છે. આરોગ્ય સેવાઓમાં ૨૦૦૧-૦૨માં ૭૨૮ કરોડ હતા એ ૨૦૦૫-૦૬માં ૧૦૩૭ કરોડ સાથે ૪૨ ટકાનો વધારો કર્યો છે. પાણી પુરવઠો ૨૦૦૧-૦૨માં ૭૯૫ કરોડ હતા જે સામે ૨૦૦૫-૦૬માં ૧૮૩૦ કરોડ કરી ૧૩૦ ટકાનો વધારો કર્યો છે. આ રીતે રાજયના શિક્ષણ, પાણી પુરવઠા, પછાત વર્ગોના વિકાસ માટેની પોતાની દ્રઢ ઈચ્છાશકિત વ્યક્ત કરી છે. ૧૯૯૩-૯૪માં સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટમાં રૂા. ૪૯૧૯૪ કરોડ હતા જે ભારતીય જનતા પાર્ટીના રાજમાં ૧૦ વર્ષમાં ચાર ગણું વધીને ૨૦૦૩-૦૪માં ૧ લાખ ૬૭૦૦૦ કરોડથી વટાવી ચૂક્યા છે. ૧૯૯૩-૯૪માં ગુજરાતની માથાદીઠ આવક ૯૭૯૩ હતી જેની સામે ૨૦૦૩-૦૪માં ૨૬૯૬૯ એટલે કે રાજયમાં ત્રણ ગણી માથાદીઠ આવકમાં વધારા સાથે ગુજરાત એ દેશનું શ્રેષ્ઠ રાજય બન્યું છે.

કારખાનામાં વેલ્યુ એડિશન ૧૯૯૩-૯૪માં ૯૪૨૫ કરોડ હતા જે ૨૦૦૨-૦૩ના આંકડા પ્રમાણે ૨૨૮૩૬ કરોડે પહોંચ્યું છે. જ્યારે ઉત્પાદન ૧૯૯૩-૯૪માં ૪૬૯૦૦ કરોડ હતું જે ૨૦૦૨-૦૩માં ૧.૮૪ લાખે પહોંચ્યું છે, જે ચાર ગણું છે.

સાથી પક્ષના નેતા મત્સ્ય ઉદ્યોગની ચિંતા કરતા હતા. તેમના શાસનમાં ૧૯૯૩-૯૪માં મત્સ્યોદ્યોગમાં ૮૨૧ કરોડ હતા જે ૨૦૦૩-૦૪માં ૧૬૮૮ કરોડ થયા છે. માછીમારોની આવક બમણી થઈ છે. રાજયમાં ખનિજ ઉત્પાદન ૧૯૯૩-૯૪માં ૨૫૦૦ કરોડ હતું જે ૨૦૦૩-૦૪માં ૫૪૦૦ કરોડે પહોંચ્યું છે. વીજળીની ક્ષમતા કેન્દ્રીય હિસ્સા સહિત ૧૯૯૪માં ૬૧૪૦ મેગાવોટ હતી જે ૨૦૦૪માં ૮૭૧૨ મેગાવોટ થઈ છે, દોઢી થઈ છે. નાના પાયાના ઉદ્યોગો ૧૯૯૪-૯૫માં ૧.૭૮ લાખ હતું જે ૨૦૦૩-૦૪માં ૨.૯૩ લાખ સુધી પહોંચ્યા છે.(સમયસૂચક ઘંટડી) નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનામાં ૨૦૦૪-૦૫માં ૨૩૪૪ કરોડની સામે ૨૦૦૫-૦૬માં ૨૯૮૩ કરોડની જોગવાઈ કરી છે.

વીજળી માટે ૬૦૦ મેગાવોટની વીજ ક્ષમતા વધારી ૧૮૦૦૦ ગામોને જયોતિગ્રામ કરવાના દ્રઢ નિર્ધાર સાથે ગુજરાતની અંદર કનેકટિવિટી નેટવર્ક એ વિકાસનો મંત્ર ગણીને રોડ કનેકટિવિટી એ એનો પાયો છે અને ૨૧મી સદીને અનુરૂપ રસ્તાઓની સાથે ગુજરાતના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ શહેરો અને ગામડાંઓને જોડી લાંબા અંતરના ૯ હાઈસ્પીડ કોરીડોર તૈયાર કરવામાં આવ્યા છે. બીજી હરિયાળી ક્રાંતિના શ્રીગણેશ સાથે ગ્રીન રિવોલ્યુશન કંપની દ્વારા સસ્તી સિંચાઈ અને ગામડાંના ગરીબોને એક લાખ આવાસો પૂરા પાડવાનું કામ આ અંદાજપત્રમાં દેખાય છે. ગુજરાતની ૪૦ ટકા વસતિ શહેરોમાં વસે છે. શહેરોમાં વસતા શહેરીજનો માટે અર્બન મિશન દ્વારા શહેરી વિકાસ વર્ષ ગણીને પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, સફાઈ, સોલીડ વેસ્ટ , બાગ-બગીચા, પાઈપ લાઈન દ્વારા ગેસ આ બધું કરીને સાંસ્કૃતિક વારસો જાળવવાનું કામ આ સરકાર દ્વારા થયું છે. ભારત એ ઋષિ અને કૃષિને વરેલો દેશ છે. કૃષિ ક્ષેત્ર એ આર્થિક ચેતનાનું કેન્દ્ર છે. આ કૃષિક્ષેત્રે Soil to Satellite and Land to Lab ના માધ્યમથી પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સી.એન.જી. કીટ પર ટેકસ જે ૮ ટકા સંપૂર્ણ વધાર્યા છે.માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો (અંતરાય) એકજ મિનિટમાં પૂરું કરીશ.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા (કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણમંત્રીશ્રી બહુ જૂના, જાણીતાં અને અનુભવી માણસ અને વર્ષોથી હાઉસમાં બેસનાર માણસ કેમ છે એ સમજાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે પેલા કવિએ કહ્યું હતું કે -

ધેગાની હાલે ધાન, રામથી રૂઠ્યો ફરે
ત્યારે આપણાં નથી પ્રધાન, તને કોણ સમજાવે શામળિયા...

સાહેબ, આવું મને લાગે છે. એકપણ ગરીબલક્ષી કોઈ યોજના નથી. સાહેબ, આ વારંવાર વાતો કરે છે કે આટલા લાખ ખેતતલાવડી ખોદાવી હમણાંજ વાત થઈ એ હું તમને જણાવું આંકડાંમાં તો મને બજેટમાં ખબર ઓછી પડે, પણ લોકોની શું હાલત છે એ અમને ખબર પડે છે, એ અમે જાણીએ છીએ અમારાં અનુભવે અમે ચોક્કસ ખબર પડે છે કે આ ખેત તલાવડી ખાદાઈ એક જૂની કહેવત છે. આ પાણી પીવાના કૂવા નહોતા, કૂવા ખોદાવ્યાં લાખો રૂપિયાના ખર્ચના એના કાગળો બનાવીને પછી સાહેબ એ કૂવા ખોદાણા..(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : વાર્તા ના કહેવાય, નો, નો એ નહિ, (અંતરાય) દાખલો પણ નહિ..

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા** : અમને એ લાગે છે કે આ ખાડો પુરાવ માટે નવું બજેટ કરવું પડશે અત્યારે ખોદાણા પાછળથી પૂરવા માટે બજેટ કરવું પડે એમ મારું કહેવું છે. આ ડૂબી મરવા જેવી વાત નથી? એ કૂવો ખોદયો..(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : હું બંધ કરીશ, આપને.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા** : અમારી એ વાત છે કે ગરીબલક્ષી બજેટ નથી, ગરીબો માટે સમાવેશ કર્યો નથી. સાહેબ હું વીજળનીની વાત કરું તો અત્યારે ખેડૂતની એવી બુરી દશા આપણે અહીં બેઠા બેઠા કદાચ એમ લાગતું હશે કે અમે આવો વિકાસ કરી નાંખ્યો. સારા કામો જરૂર સારા કહેવા પડે. સુજલામ્ સુફલામ્ યોજના સારી છે અને એકધારો વિકાસ કરી રહી છે. રસ્તાના કામો સારા છે એટલે સારા કામો જરૂર સારા કહેવા પડે પણ એના માટે કોનું ભલું થાય છે? એ તો માલેતુજારનું થાય છે. જે ગરીબ લોકો રોજનું રળીને ખાનાર માણસો છે એ તો ત્રાસી ગયા છે. મારી આપને વિનંતી કરવાની છે કે સુજલામં સુફલામ્‌ના ક્યા દહાડે પાણી પોગશે ત્યારે લોકો ખાસે.? ભવિષ્ય માટે સારી છે પણ અત્યારે તો જે રોટલા રળીને ખાનારાં છે એમને રોટલાનો પ્રશ્ન છે. ખેડૂતની દશા બુરી છે. આજે ખેડૂતને લાઈટ વધારે આપવામાં આવે તો લોકો એમની રોજીરોટી મળી શકે. મજૂર વર્ગ પણ કામ કરી શકે એટલી મારી આપના મારફત નાણામંત્રીશ્રીને વિનંતી છે કે આ મારો મુદ્દો એક ધ્યાને લઈ ગરીબલક્ષી અને જે લોકોને રોજીરોટીના રોજના કામો છે એ ધ્યાન ઉપર લે એવી મારી આપને વિનંતી છે. રોજેરોજનું રળી ખાનારા છે, ખેતમજૂરો છે એમને રોજી જોઈએ એટલી મારી આપ સૌને વિનંતી છે.

બીજી મારી વિનંતી છે કે સાહેબ સૂજલામ સુફલામ્ યોજના છે એ (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : કોઈ મુદ્દો છૂટી ગયો હોય તો જોઈ લો.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા** : લાઈન તૂટી જાય એટલે એવું થઈ જાય. સાહેબ મારો મુદ્દો એવો છે કે, અત્યારે સામાવાળા એવું બોલતા હોય છે કે, અમે તો આવો વિકાસ કર્યો અને સામાવાળા એવું કહે છે કે, આ લોકોના ચશ્મા ઊંધા પહેરાઈ ગયા છે. અમે ઊંધા ચશ્મા પહેર્યા નથી. એક એસટીના ડ્રાયવર અને કન્ડકટર બસ ચલાવતા હતા, ડ્રાયવરે ઝડપથી બ્રેક મારી એટલે કન્ડકટરે પૂછયું કે શુ થયું? તો ડ્રાયવર કહે કે રસ્તો બ્લોક છે

એટલે કન્ડકટર કહે કે, રસ્તો બ્લોક નથી પણ તમારા ચશ્મા ઉપર કચરો ચોંટયો છે, આપની પણ એવી જ વાત છે આપના ચશ્મા ઉપર કચરો ચોંટી ગયો છે, એટલે રસ્તો બ્લોક છે એટલે મારી વિનંતી છે કે, આપના ચશ્મા સાફ રાખો અને ગરીબોનું ધ્યાન રાખો અને ગરીબલક્ષી યોજનાઓ કરો એવી મારી વિનંતી છે, એજ મારો પ્રશ્ન છે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું અને મારા વિચારો આ ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી આ વર્ષનું જે બજૅટ લઈને આવ્યા છે તે બજૅટને હું રાજયના વિકાસ લક્ષી અને ખેડૂત લક્ષી બજૅટ તરીકે આવકારું છું. જ્યારથી ભા.જ.પ.ની સરકાર આ રાજયની અંદર શાસન ઉપર આવી છે ત્યારથી ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે અને ખેડૂતોના વિકાસ માટે એમણે જે કાંઈ પગલાં ભર્યા છે તેને કારણે આ રાજયનો જે વિકાસ થઈ રહ્યો છે તે સામાન્ય વસ્તુ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ. રાજયના વિકાસમાં ઘરગથ્થું ઉત્પાદનમાં વધારો, રાજયની મહેસૂલી આવકમાં વધારો, માથાદીઠ આવકમાં વધારો અને રાજયના કરકસરભર્યા વહીવટને કારણે મહેસૂલી ખાદ્યઘટી રહી છે, ખર્ચ ઘટી રહ્યો છે જે રાજયના અને નાણામંત્રીશ્રીના દૂરંદેશી બજૅટને કારણે આ શકય બન્યું છે. મેં ખેડૂત લક્ષી બજૅટ એટલા માટે કહ્યું છે કે, છેલ્લા દસ વર્ષની અંદર નર્મદા યોજનાનો વિકાસ, આપણે ઘણું બધું કરી શક્યા છીએ અને કરી શકીએ છીએ, આ વર્ષે આ બજૅટમાં નર્મદા યોજનાની મંજૂરી જ્યારે ૧૨૧ મીટર ઉપર મળવાની શક્યતા છે ત્યારે આ બજૅટમાં નર્મદા યોજનાનું બાંધકામ ૧૨૧ મીટર ઉપર લઈ જવા માટે માતબર રકમની બજૅટમાં જોગવાઈ કરવામાં આવેલ છે. ૧૨૧ મીટરની ઊંચાઈ ઉપર જતાં, સાત લાખ હેકટરની રાજયની સિંચાઈ થવા થવાની પૂરતી શક્યતા છે ત્યારે આ બજૅટની અંદર ખેડૂત લક્ષી જે જોગવાઈ કરવામાં આવી છે એમાં ખાસ કરીને ૬૦:૪૦ના ચેક ડૅમોનું જે આયોજન હતું તે ૮૦:૨૦ કરી અને ખેડૂતોને આ ચેક ડૅમો પ્રત્યે આકર્ષવા માટે અને વધુમાં વધુ ચેક ડૅમો થાય તે માટે આ બજૅટમાં જોગવાઈ છે તેના કારણે રાજયમાં વરસાદના પાણીનો સંગ્રહ થઈ શકશે. માનનીય ચંદ્રિકાબેન ગઈ કાલના તેમના પ્રવચનમાં કહી રહ્યા હતા કે ખેત તલાવડીઓ અને ચેક ડૅમોનું જે આયોજન છે તેને કારણે આટલો બધો વરસાદ પડવા છતાં પાણી કયાંય દેખાતું નથી. તો સન્માનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર એ મૂકવા માગું છું કે, પાણીને હંમેશા જમીનના તળમાં ઉતારવા માટેનું આયોજન છે, પાણી ભરાયેલું પણ રહે નહીં. આપણા ગોળામાં પણ ત્રીજા દિવસે પાણી સૂકાઈ જતું હોય તો આતો જમીન છે.એ તળની અંદર આ પાણી ઉતરી જાય એના સુંદર પરિણામ જો આવ્યા હોય ચેકડેમના તો આજે સૌરાષ્ટ્ર અને ગુજરાતના બાકીના સૂકા વિસ્તાર પંચમહાલ, બનાસકાંઠા છે. એમાં ચેકડેમના પરિણામે ખેત ઉત્પાદનમાં ખૂબ વધારો કરી શક્યા છીએ. ગઈકાલે મુકેશભાઈ ગઢવીએ તેમના પ્રવચનમાં નર્મદા યોજના વિશે વાત કરેલી અને એમણે એવુ કહ્યું હતું કે ભા.જ.પા.ના સભ્યો નર્મદાના ખૂબ ગુણગાન ગાઈ રહ્યા છે અને એવું કહેવામાં આવે છે જ્યારથી કેશુભાઈ મુખ્યમંત્રી હતા ત્યારે એમ કહેવામાં આવતુ હતુ કે નર્મદાના પાણી કેશુભાઈ લાવ્યા તાણી, અત્યારે હવે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ છે તો એમ કહેશે કે નર્મદાના પાણી નરેન્દ્રભાઈ લાવ્યા તાણી. આ કયાં સુધી વખાણ કરવાના છે? હું ગૃહના સભ્યોનું ધ્યાન દોરવા માગું છું કે સારું કાર્ય જનતા કયારેય ભૂલતી નથી. શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે ભગીરથ રાજાએ ગંગાનું અવતરણ કર્યું હતું એટલે આપણે ગંગાને ભાગીરથી તરીકે ઓળખીએ છીએ. ભગીરથે ગંગાનું સ્વર્ગમાંથી ઉતરાણ કરાવ્યું એ લોકો ભૂલતા નથી. ચાલુ વર્ષમાં કલ્પસર યોજનામાં ૨૫ લાખનો ખર્ચ કરીને સરકારે રિપોર્ટ લેવાનું જે આયોજન કર્યુ છે તે પણ એક વિકાસલક્ષી આગવું દ્રશ્ય પૂરું પાડે છે.કલ્પસર યોજના વિશે હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે જે રીતે નર્મદાને કાનૂની ગૂંચ, આંટીઘૂંટીમાં નાખીને ગુજરાતના વિકાસને બ્રેક મારવાનું જે આયોજન હતું પર્યાવરણવાદીઓના નામે એ જ રીતે કલ્પસર યોજનામાં એકાદ મહિના પહેલાં છાપામાં વાંચેલું એ તરફ ગૃહના સભ્યશ્રીઓનું ધ્યાન દોરું છું કલ્પસર યોજનામાં તજજ્ઞોના વિચારના નામે કોઈ પથ્થર ન ફેંકે એ માટે સભાગૃહના સભ્યશ્રીઓને વિનંતી કરું છું. પ્રજાને સજાગ રહેવા માટે વિનંતી કરું છું. આ વર્ષ શહેરી વિકાસ પથ તરીકે રાજય સરકારે ઉજવવાનું નકકી કર્યું છે. શહેરમાં અગાઉના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારમાં દુષ્કાળને કારણે લોકો રોજીરોટી રળવા માટે શહેર તરફ વળ્યા અને શહેરી વિસ્તારમાં ૪૦ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવતા, ઝૂંપડપટ્ટીમાં જીવન વિતાવી રહ્યા છે, ત્યારે શહેરી વિકાસ પર્વ ઉજવવાનું, આવા લોકોને રસ્તા, મકાન, ગટર અને લાઈટની સુવિધા મળી રહે એ માટે રાજય સરકારે જે આયોજન કર્યુ છે તેને ખૂબ આવકારું છું અને નાણામંત્રી જે બજેટ લાવ્યા છે તેને મારું અનુમોદન આપું છું. વંદે માતરમ.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટા પોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૦૫-૨૦૦૬નું બજેટ લઈને આવ્યા છે તેમાં મારા સૂચનો કરવા ઉભો થયો છું. ભારત ખેતીપ્રધાન દેશ છે તેમાં પણ ગુજરાત ખેતીમાં અગ્રેસર છે ત્યારે દક્ષિણ ગુજરાત શેરડી અને ડાંગરમાં અગ્રેસર છે.

**અધ્યક્ષશ્રી .** : વાંચીએ નહીં તો સારું પોઈન્ટ જોઈ લો.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : શેરડીમાંથી નીકળતો મોલાસીસ ઉપર ગુજરાત સરકારે પ્રતિબંધ નાખ્યો છે એ હટાવી લેવામાં આવે તો ખેડૂતોને સારો ફાયદો થશે. પ્રતિબંધ હોવાને કારણે ૩૦૦૦થી ૩૧૦૦ નો ભાવ મળે છે. માર્કેટમાં ૫૦૦૦થી ૫૫૦૦ જેવો ભાવ મળે છે, એનાથી દક્ષિણ ગુજરાતના ખેડૂતોને ખૂબ મોટું નુકસાન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું ધ્યાન દોરવા માગું છું કે, શેરડી ઉપર ખરીદવેરો જે ટનદીઠ ૨૫ રૂપિયા લેવામાં આવે છે તે અન્ય રાજયોમાં લેવામાં આવતો નથી. આજે ૨૫ રૂપિયા ટનદીઠ ખરીદવેરો લેવામા આવે છે તે બંધ થાય તેવી મારી લાગણી છે. લોકલ ઈન્ડસ્ટ્રિઝમાં મોલાસીસના પ્રતિબંધને કારણે અન્ય રાજયોમાંથી મોલાસીસ ઊંચા ભાવે લાવીને વાપરે છે. ગુજરાત રાજયમાં જે મોલાસીસ ઉત્પન્ન થાય છે તેના ઓછા ભાવને કારણે ઈન્ડસ્ટ્રિઝને ફાયદો થાય છે, ખેડૂતોને ઘણું નુકસાન થાય છે. માનનીય નાણામંત્રીશ્રી ને કહેવા માગું છું કે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન સુગર મિલો છે, તેમાં ખેડૂતોને ફાયદો થાય તેના માટે આ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે તેવી મારી લાગણી છે. બીજી, સાહેબ આરોગ્યની વાત કરું તો મારા મત વિસ્તારની તેમાં વાત કરીશ. મારા મત વિસ્તાર કપરાડા તાલુકામાં ૨ લાખ જેટલી વસ્તી છે. તેમાં ફકત બે સી.એચ.સી. સૅન્ટર આવેલાં છે. તેમાં એક વર્ષથી સુપ્રિન્ટેન્ડન્ટ ડૉકટર નથી અને આજુબાજુના વિસ્તારમાં ૨૫ થી ૩૦ કિલોમિટર દવાખાનું નથી ,સી.એચ.સી.સૅન્ટરમાં ડૉકટર નહીં હોવાના કારણે ગરીબ આદિવાસીઓને જિલ્લા મથકે જવું પડે છે. તેના માટે પણ હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. બીજી સાહેબ વાત કરું ખેત તલાવડીની. આ ખેત તલાવડીઓ અત્યારે જેસીબી મશીનથી બનાવવામાં આવે છે. તેના લીધે ખરેખર ખેત મજૂરોને રોજી મળતી નથી. જેસીબી મશીનથી ખેત તલાવડી ખોદી સીધી કૂપનો લઈ અનાજ લેવામાં આવે છે. ખેડૂતોને કૂપનો આપ્યે એક વર્ષ થયું તેમ છતાં આજદિન સુધી તેઓને કૂપનના ઘઉં મળ્યા નથી, તે બાબતે પણ હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. અમારા વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષથી આ કૂપનના અનાજની તકરાર ચાલી રહી છે. કૂપનો આપી દીધી છે, પણ તેનું અનાજ આપવામાં નથી આવતું. તેના કારણે ગરીબ આદિવાસી મિત્રોને કે જેઓએ ખેત તલાવડી બનાવી છે તેઓને અનાજ મળતું નથી.

શિક્ષણની વાત કરીએ તો મારા કપરાડા તાલુકામાં એક નિવાસી શાળા દોઢ બે વર્ષથી મંજૂર થઈ છે. તેના મકાનની કાર્યવાહી, પ્રોસેસ આજદિન સુધી ચાલુ થઈ નથી. બીજું કે વલસાડ જિલ્લાની અંદર નિવાસી શાળાઓ ચાલે છે તેમાં ૪૦ ટકા શિક્ષકોની ઘટ છે. જ્યારે આપણે ઉંચુ શિક્ષણ આપવાની વાત કરીએ છીએ, આ નિવાસી શાળાઓ સરકાર હસ્તક ચાલે છે, ત્યારે તેમાં શિક્ષકોની ઘટ બે વર્ષથી ૪૦ ટકા જેટલી છે તેના લીધે સારું શિક્ષણ આપવાની વાત કરીએ છીએ તે ફળીભૂત થતી નથી. માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે સારામાં સારુ શિક્ષણ મળે તેના માટે જે આ ૪૦ ટકા શિક્ષકોની ઘટ છે પૂરી કરવી જોઈએ. વર્ગવાર શિક્ષકો ન હોય તો સારું શિક્ષણ આપી શકાય નહીં. તો આ નિવાસી શાળાઓમાં શિક્ષકોની ભરતી સત્વરે કરે તેવી મારી માગણી છે.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમી વખત બજેટ રજૂ કરવા માટે માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું અને બજેટને આવકારું છું. અર્થતંત્રના તમામ પાસાંઓને કાર્યાન્વિત રાખવા અને સમાજને વિકાસની કેડી પર મૂકવાનું લક્ષ્ય આ બજેટમાં સિદ્ધ થતું હોય તેમ મને દેખાય છે. શિક્ષણ, વીજળી, પાણી, આવાસ, આરોગ્ય અને ખેતી આ તમામ ક્ષેત્રોના વિકાસનો અહેસાસ પ્રજાને થાય છે. ત્યારે મને એમ થાય છે કે અહીયાં બેઠેલા લોકોને આ અહેસાસ કેમ થતો નથી? બોલે બોલે ઈતના બોલે કી કયા બોલે વો પતા હી નહીં ચલે એવું મને લાગે છે. મને એમ થાય છે કે ક્યાંક ચશ્માનો રંગ બદલાઈ ગયો છે અથવા કંપની બદલાઈ ગઈ છે. ભૃણહત્યા, માતૃવંદના, જેન્ડર રિસોર્સીસ સૅન્ટર, સ્વશકિત વગેરે પ્રોજેકટો પાછળ આ અંદાજપત્રમાં ૭૨ કરોડ જેટલી જોગવાઈ કરી છે. ભારતની ભવિષ્યની પેઢીના નિર્માણ માટે ૧૭૦ કરોડમાંથી ૨૨૮.૨૪ કરોડની જોગવાઈ સૂચવી છે, છતાં પણ એવું થાય કે અંદાજપત્ર બરાબર નથી, તો મને આશ્ચર્ય થાય છે. હું સાંભળતી હતી. હું આખા ગૃહને એક વાત કહેવા માગું છું. ધ્યાનથી સાંભળજો. મને એક દિવસે આપણા શિક્ષણમંત્રી આનંદીબેનનો ફોન આવ્યો. મને કહ્યું કે વસુબેન, મંજૂલાબેન દવેને ઓળખો છો? મંજૂલાબેન દવે એ કોંગ્રેસના ભૂતપૂર્વ ધારાસભ્ય હતા. મારી જામનગરની સીટ ઉપરથી એ જીતેલા હતા. મને કહ્યું કે તમે એમના ઘરે જાવ અને એક વાત કરવાની છે. કોંગ્રેસની સરકારે જાહેર કરેલ એવોર્ડ એ અભરાઈ ઉપરથી ઉતારી એમને આપવાનો હતો. હું એમના ઘરે ગઈ. એ મરણ પથારીએ હતા. મને કહ્યું વસુબેન મેં તો આશા છોડી દીધી હતી, પરંતુ એક મા જ્યારે મહિલા અને બાળવિકાસ વિભાગ સંભાળે છે, આ એવોર્ડ મને આપ્યો છે. મારા અંતરની શુભેચ્છા પાઠવું છું. મારે પોતે આવવું જોઈએ, પણ હું આવી શકું તેમ નથી. કોંગ્રેસ અને વિપક્ષના મારા સાથી સભ્યો જે વાત કરે છે, મહિલા અને બાળકલ્યાણની, એ એમના ધારાસભ્યનો જાહેર કરેલ એવોર્ડ અભરાઈ ઉપરથી ઉતારી આપણે આપેલ હોય, આનાથી વિશેષ દુ:ખદ ઘટના કઈ હોઈ શકે? બહેનોના માર્ગદર્શક એવા મંજૂલાબેન થોડાક દિવસમાં મૃત્યુ પામ્યા, ત્યારે બે શબ્દ લખેલ હતા કે વસુબેને મારા અંતિમ ક્ષણોમાં તમે મને સુખદ સમાચાર આપ્યા છે. પ્રભુ તમારું કલ્યાણ કરે. હું કહેવા માગું છું જે એમણે કર્યુ એ અમે નથી કર્યુ. સૌભાગ્યવતિ સ્ત્રીને વિધવા બનાવી અને સહાય આપવાનાં કામો થયાં છે એ અમે નથી કર્યાં. અમારી પાસે એની યાદી પણ છે. વિદ્યાદીપ યોજના કરી છે. બોર્ડમાં પ્રથમ આવેલી બહેનોને અને વિદ્યાર્થીઓને પુરસ્કાર આપ્યો છે. વીર શહિદોના મોત અને એમની પત્નીઓને પુરસ્કાર આપવાનું કામ કર્યુ છે. કન્યા કેળવણીની ભીખ આ રાજય સરકારે માગી છે, જે કર્યુ છે એના લેખિત નાના નાના દસ્તાવેજો આપણી પાસે છે અને સમાજને આપીશું અને કહ્યું છે તે કર્યુ છે. ઓવર સેટઅપના કારણે સરપ્લસ થયેલ સ્ટાફને નોકરીમાંથી કાઢી મૂકવાની પરિસ્થિતિ નિર્માણ થયેલી, ત્યારે જ્યાં જગ્યા હતી એવી મેનેજમેન્ટોને એન.ઓ.સી. આપીને મારા પ્રાધ્યાપક સાથીઓનું સેટઅપ કરવાનું કામ સરકારે કર્યુ છે. હું કૉલેજમાં પ્રાધ્યાપક છું. ૧૮-૧૮, ૨૦-૨૦ વર્ષથી કૉલેજોને જોડાણ આપ્યું નહોતું, પરિસ્થિતિ અમારા જેવા સૌની એવી થતી હતી કે કાલે અમારે ઘરે બેસી જવું પડત અને અમને છૂટા કરવામાં આવે. આ જોડાણ ૧૮-૧૮, ૨૦-૨૦ વર્ષથી નથી આપેલું એ કામ

યુનિવર્સિટીના અધિકારી, સરકારના અધિકારી અને મેનેજમેન્ટના સભ્ય, પ્રિન્સિપાલ અને સ્ટાફને અહિંયાં બેસાડી અને જોડાણ પૂરું કરવાનું કામ કર્યુ છે, ત્યારે આપના માધ્યમ દ્વારા અર્જુનભાઈને કહેવું છે મેં ઘણાં વર્ષ એમની સાથે યુનિવર્સિટીમાં કામ કર્યું છે, ત્યારે કદાચ એમનું કૉલેજનું જોડાણ ન થયું હોય તો એ કામ પણ આ સમયગાળામાં થયું હશે તેવું મને લાગે છે.

મારી પાસે પૂરાવો છે. આ પુસ્તક ઉપર ભારતના નકશામાં જમ્મુ કાશ્મીર પાકિસ્તાનમાં દર્શાવવાનો આક્ષેપ કર્યો. મને લાગે છે કે આ રાજદ્રોહી કાર્ય છે. સેટેલાઈટનો નકશો છે. શ્યામાપ્રસાદ મુખરજીએ બલિદાન કર્યુ, એ કાશ્મીર અમારું છે. અમારો નારો છે. અમારું ગળું ઘસાઈ ગયું છે. જહાં હુઆ બલિદાન મુખરજીકા, વોહ કાશ્મીર હમારા હે, પરંતુ દ્રષ્ટિ એવી સૃષ્ટિ. અખંડ ભારતની કલ્પના છે. કાશ્મીર પાકિસ્તાનમાં નહિ, અમને તો પાકિસ્તાન ભારતમાં દેખાય છે. અખંડ ભારતની અમારી કલ્પના છે. સ્વાતંત્ર વીર શ્યામજીકૃષ્ણ વર્માના અસ્થિ જીનીવામાં હતા. આજના મુખ્યમંત્રીશ્રી જીનીવા જઈ ભારતમાં લઈ આવ્યા. એમની અંતિમ ઈચ્છા પૂર્ણ કરી. દેશભક્તિ અને બલિદનની ભાવના બાળકોમાં અને અમારા જેવા સૌમાં પ્રગટ કરી અને સ્વાતંત્ર વીરને શ્રદ્ધા સૂમન અર્પણ કરવાનું દૂર રહ્યું, એનો પણ વિરોધ કર્યો. જો નહેરૂ પરિવારના હોત તો શું થાત એ સમગ્ર સમાજ જાણે છે સાહેબ. જામનગર મારા વિસ્તારમાં મુખ્યમંત્રીએ પાણીનું ઉદ્‌ઘાટન કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ એમ કહેતા હતા કે,માત્ર ઉદ્‌ઘાટન થયું છે, માનનીય અધ્યક્ષશ્રી, સારું થયું, જામનગરની ચિંતા કરી અને એ મારો મત વિસ્તાર છે, મારી સાથે આવવા માટે હું માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમથી આમંત્રણ આપું છું કે પાણીની પરિસ્થિતિ જામનગરમાં શું છે, એકાતરા પાણી આપવાનું કહ્યું હતું પણ પાણી આજે પણ આપીએ છીએ. એના ફોટા અને સીડી મારી પાસે છે. ખોટી માહિતી ગૃહને તેઓ ન આપે, પહેલી એપ્રિલે રાજય સરકારે પાણી આપવાનું કહ્યું હતું, લોકો પહેલી એપ્રિલને એપ્રિલ ફૂલ સમજે છે, અમે એપ્રિલ ગુડ કરી લોકોને પાણી આપ્યું છે. માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમ ભાઈ પટેલે પંદર દિવસના ગાળામાં, ઓછા સમયમાં આઠથી દશ કિલોમીટરની પાઈપ લાઈન કરી સૌરાષ્ટ્રમાં જામનગર, કચ્છ અને રાજકોટને પાણી આપવાનો એક સારો પ્રયત્ન કર્યો છે અને કારમા દુષ્કાળમાં પાણીને કારણે કોઈ જામનગર કે સૌરાષ્ટ્રને છોડીને ગયું હોય એવું બન્યું નથી. જ્યારે પાણીની પરિસ્થિતિ આ બની હોય, ત્યારે માનનીય ખંભારિયાના ધારાસભ્યશ્રી અહીંયાં હાજર નથી, પણ હું કહેવા માગું છું કે, હાપાના રેલવે સ્ટેશન ઉપર માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ટ્રેનનો આવકાર કરી અને રેલવે દ્વારા પાણી ખંભારિયા અને દ્વારકાને પૂરું પાડવાનું કામ કર્યુ છે. વંદે માતરમ્‌.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રીએ આ સન્માનનીય ગૃહ સમક્ષ ૧૧મી વખત અંદાજપત્ર લાવીને વિક્રમ સ્થાપ્યો છે એવી વાતો માનનીય સાથી મિત્રોએ કરી, માનનીય અધ્યક્ષશ્રી, અંદાજ અપના-અપના, હંમેશાં આ સરકાર છેલ્લા ઘણા વર્ષથી ગરીબ અને પછાત વર્ગો ઉપર જે દૂર્લક્ષ સેવી રહી છે, એના તરફ હું આપનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પુરાંતવાળુ બજૅટ રજૂ કરીને જે ગૌરવ લઈ રહ્યા છે, આંકડાઓની માયાજાળ રચીને જે સમગ્ર ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરવાનો જે પ્રયાસ થઈ રહ્યો છે કે આટલા વર્ષોના અનુભવ પછી પુરાંતવાળુ બજૅટ લાવીને સરકાર શું સાબિત કરવા માગે છે તે મને સમજાતું નથી. માનનીય નાણાં મંત્રીશ્રી જો આવતા દિવસોમાં પૂરક માગણીઓ લઈને નહીં આવે તો હું એમને ખરેખર અભિનંદન આપીશ. બજૅટ લાવીને પાછળથી જે ખર્ચા લાવવામાં આવે છે એ ખરેખર તો ગુજરાતની પાંચ કરોડ જનતાને ગુમરાહ કરવાનો એક પ્રયાસ થઈ રહ્યો છે. ગરીબ અને પછાતવર્ગોના લોકોની ચિંતા કરવાને બદલે આજે જાહેરમાં દેખાય એવા, ફૂવારાઓ કે જે જાહેરમાં લોકો જોઈ શકે છે એવા ખાલી દેખાવના, એવી માત્ર જે સમાજને ગેરમાર્ગે દોરવાની વાત કરી રહ્યા છે, સરકાર ખરેખર જો ગરીબ લક્ષી હોય તો, છેવાડાના ગામડાં સુધી કામ કરવા માગતી હોય તો આ જે કોંગ્રેસના શાસનમાં બીપીએલની યાદી માટે કોઈ ટાર્ગેટ આપવામાં આવતો ન હતો, ગરીબ એટલે ગરીબ, તમામનો સમાવેશ કરવામાં આવતો હતો. કોંગ્રેસના શાસનમાં ગરીબી નિવારણના કાર્યક્રમો આપ્યા હતા જ્યારે આ સરકારના વખતમાં તો ગરીબોને હઠાવવાના પ્રયાસ જે થઈ રહ્યા છે, એના તરફ સરકારનું ધ્યાન દોરવા માગું છું. વિધવા ત્યક્તા બહેનો માટે જે સહાય આપવામાં આવતી હતી, એ સહાય માટે બહેનો આજે રાહ જોઈ રહી છે, એ સહાય માટે આજે વિધવા ત્યક્તા બહેનો માટે એકાઉન્ટ ખોલવા માટે તારીખ નક્કી કરીને આપવામાં આવે છે. એટલે એ તારીખ સુધીમાં જ એકાઉન્ટ ખોલાવવું પડતું હોય છે, બાકીની બહેનોને જે છે એમને સહાય મળતી નથી, ગુજરાતમાં પછાત વર્ગો માટે, ગરીબ લોકો માટે જે યોજનાઓ હોય એનો લાભ તમામને મળે તો જ સરકારની સારી કામગીરીનાં આપણે વખાણ કરી શકીએ, સરકાર એ ધ્યાન દોરવા માગે છે કે, ગરીબી ઘટી છે પણ આજે અમે ગામડાંમાં જઈએ છીએ ત્યારે ખબર પડે છે કે, બીપીએલની યાદીમાં એવા લોકોના નામ છે કે જે પોતે બંગલો દ ારાવે છે.પોતાની પાસે ગાડી છે એવા લોકોના નામ છે અને બી.પી.એલ.ની યાદી તૈયાર કરવામાં આવે છે એ પંચાયતની ઑફિસમાં બેસીને કરવામાં આવે છે. આ સરકારે ખરેખર કામગીરી કરવાની છે એ ગરીબોલક્ષી થવી જોઈએ. આજે જે મકાનો બનાવવાની વાત છે એ પણ પ્લાસ્ટીકના મોલ્ડીંગ મકાનો બનાવવામાં આવે છે એમાં માત્ર મલ્ટીનેશનલ કંપનીઓને લાભ થાય એવી સરકારની યોજના છે. આ ગરીબ માણસોને જાતે મકાન બનાવવા દેવા જોઈએ અને જે તે વ્યકિતને સીધી આર્થિક સહાય આપવામાં આવે તો ઘણાં લોકોને રોજી-રોટી મળી શકે એમ છે. આ રીતે સહાય આપી સીધા મકાન બનાવવા દેવામાં આવે તો સિમેન્ટવાળા, મજૂરો,ઈંટોના ભઠ્ઠાવાળા કમાય આ

બધું બંધ કરીને અને ગરીબ માણસોને મકાન માટે ૩૦ થી ૪૦ હજાર રૂપિયા આપવામાં આવતા હતા એને બદલે એક જ કંપનીને ધ્યાનમાં રાખીને પ્લાસ્ટીક મોલ્ડીંગના મકાનો માટે ૧ લાખ રૂપિયા આપવામાં આવે છે. સરકાર જો ગરીબલક્ષી કામ કરતી હોય તો હંમેશા સમાજમાં સારી વાત થશે .આ સરકારમાં છેલ્લા વર્ષોમાં ગરીબોને કેમ વધુમાં વધુ હેરાન કરવામાં આવે છે? આજે શરતભંગના નામે હજારો ગરીબ ખેડૂતો જમીન વિહોણા થઈ રહ્યા છે, લાખો પ્લોટ ધારકો હતા એના પ્લોટો રદ કરીને સરકારે ગરીબલક્ષી કામ કરવાને બદલે ગરીબોને વધુ કેમ ગરીબ બનાવવા અને ગરીબ લોકોને કેમ વધુ હેરાન કરવા એવી પ્રવૃતિઓ ચાલે છે. સ્વર્ગસ્થ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીએ એક વખત કેન્દ્રમાંથી એમ કહ્યું હતું કે હું એક રૂપિયો મોકલાવું છું પણ ગરીબોના હાથમાં માત્ર ૧૫ પૈસા આવે છે. એ વસ્તુ એમણે સ્વીકારી હતી કે ભ્રષ્ટાચારનું આટલું પ્રમાણ વધી ગયું છે. એ એમણે સ્વીકાર્યું હતું. જયારે આજે આ સરકાર એમ કહે છે કે, અમે એક રૂપિયો આપીએ છીએ અને ગરીબોના હાથમાં સવા રૂપિયો જાય છે આવી વાત સાબિત કરવા માગે છે. મારે ધ્યાન દોરવું છે કે, અહીંયાથી જે યોજના આવે છે એમાંથી ભ્રષ્ટાચારમાં ૯૦ ટકા પૈસા જતા રહે છે.

મારા મતવિસ્તારમાં વીજળીનો પ્રશ્ન છે ત્યાં આજે ૨૪ કલાકમાંથી માત્ર બે કલાક જ વીજળી મળે છે. ગઈ કાલે જ મને ફોન હતો ગામડામાંથી કે આખી રાત વીજળી નથી આવતી.

માનનીય અધ્યક્ષશ્રી, ચેકડેમોના જે કામો થયાં છે, એમાં સપાટ જમીન ઉપર ચેકડેમો બન્યા છે. ઘણા બધા અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, પછી પાછલા બારણેથી લઈ લેવામાં આવે છે. આજે જો તેઓ ગરીબોની વાત કરતા હોય તો મારા વિસ્તારમાં આવીને જુએ જે પાણી પુરવઠાની યોજના છે એમાં જે યોજનાઓ બનાવવામાં આવી છે એમાં ડુંગર ઉપરથી લાઈન લેવાની વાત કરી છે. ગામડાના લોકો કહેતા હતા કે, ઢાળ હોય ત્યાં પાઈપલાઈન નાંખો પરંતુ એન્જીનીયરો એમ કહે કે ગામડાના લોકોને ખબર ન પડે. ગામડાના કોઠાસૂઝવાળા લોકોની વાત તરફ દુર્લક્ષ્ય સેવવાના પરિણામે આજે ૧૭-૧૭ ગામોને પાણી મળતું નથી. ૫૦ ટકા ઉપરાંત જે પાઈપલાઈન ફીટીંગ કરવામાં આવી છે એ પાઈપલાઈનના જોઈન્ટ છે એમાં એક એક કિલોમિટરનું અંતર છે એટલે આ સરકારની જે યોજના છે એ ફેઈલ ગઈ છે. એજ રીતે ખેત તલાવડીની વાત હોય તો એમાં પણ અમે સરકારનું ધ્યાન દોરીએ છીએ કે ખેત તલાવડી થઈ નથી એટલે રાતોરાત જેસીબી ફેરવીને બનાવી દેવામાં આવે છે.

**શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે,એને આવકારવા માટે હું ઉભો થયો છું. ગુજરાત રાજયની અગિયારમી વિધાસભાનું અગિયારમી વખત બજેટ રજૂ કરવાનું સૌભાગ્ય માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાને અને આ સરકારનું વહન કરતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રાપ્ત થયું છે એ ખરેખર આવકારદાયક છે, અભિનંદનને પાત્ર છે. ભારત સરકારના વિકાસમાં ગુજરાતના વિકાસના હેતુઓને વરેલી આ સરકારે વિકાસદરમાં સતત વધારો કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું છે. ગુજરાત સરકારે વિકાસદર ૧૫.૪ ટકા નોધાવ્યો છે એ માત્ર ભારતભરમાં જ નહીં પરંતુ એશિયા ખંડમાં મોખરાનું સ્થાન ધરાવે છે. એના માટે ગુજરાત સરકારને અભિનંદન આપવાં જોઈએ. વિકાસ યોજનાઓમાં સતત વધારો કરવાનું સૌભાગ્ય પણ આ ગુજરાત સરકારને પ્રાપ્ત થયું છે. મને કહેતા આનંદ થાય છે કે, ૨૦૦૪-૦૫ની વિકાસ યોજનાનું કદ ૮૫૧૮ કરોડ હતું એમાં વધારો કરીને ૧૧૦૦ કરોડ કરવામાં આવ્યું છે અને એ રીતે લગભગ બે હજાર પાંચસો કરોડનો વધારો કરીને ૨૯ ટકા જેટલો વિક્રમજનક વધારો કરવાનું સૌભાગ્ય આ ગુજરાતની સરકારને પ્રાપ્ત થયું છે, એ રીતે ગુજરાત સરકારની વિકાસગાથામાં કલગીમાં.. મોરનું પીંછું ઉમેર્યુ છે એમ હું કહું તો ખોટું નથી. ભારત સરકારના આયોજન પંચ સમક્ષ જ્યારે ગુજરાત સરકાર એનું આયોજન લઈને ગઈ હતી ત્યારે તેમાં, એમના વાર્ષિક આયોજનમાં ગરીબી નિવારણ અને રોજગારલક્ષી બજેટ આપવા માટેનું આયોજન કરવા માટે આ ગુજરાત સરકારની સરાહના કરી છે, એટલા માટે ગુજરાત સરકારને હું અભિનંદન પાઠવું છું.

કૃષિક્ષેત્રે, કૃષિ, સહકાર અને પશુપાલન ક્ષેત્રે પણ આ સરકારની કાર્યવાહી નોંધપાત્ર રહી છે, એમાંય ખાસ કરીને સોઈલ હેલ્થ કાર્ડ યોજના, એમાં ખાસ કરીને આદિવાસી વિસ્તારના જે સારા પ્રગતિશીલ ખેડૂતો છે એ ખેડૂતોની જમીન છે એનું ટેસ્ટીંગ કરાવીને એમાં કેવા પ્રકારનું ખાતર જોઈએ, કેવા પ્રકારનું પાણી મળશે અને કઈ રીતે પાણીનું આયોજન થવાનું છે, કેવા પ્રકારનો પાક લેવો જોઈએ એ અંગેની જાણકારી આ યોજના દ્વારા પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત ગુજરાતનો ખેડૂત વધારે પ્રગતિશીલ બને, સારી રીતે ધિરાણ પ્રાપ્ત કરી શકે એના માટે થઈને કિસાન ક્રેડિટ કાર્ડનું આયોજન પણ આ સરકારે કર્યુ છે. સૌથી અગત્યની વાત વધુ ધ્યાન ખેંચે એવી વાત એ છે કે ગુજરાત સરકારે પશુપાલન ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે એ માટે થઈને સૌરાષ્ટ્ર અને કચ્છની બંધ પડેલી જે દૂધની ડેરીઓ છે એ ડેરીઓને પુનઃજિવિત કરવા માટેનું ખાસ પેકેજ આ સરકારે આપ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે ડેરી ઉદ્યોગમાં યુવાનો, શિક્ષિત બેરોજગારો વ્યવસ્થિત રીતે જોડાઈ શકે એ માટે થઈને એમાં પચાસ ટકા સબસીડી આપીને રૂપિયા એક કરોડ જેટલી જોગવાઈ કરીને યુવાનોને આ રસ્તે વાળવા માટેનો પ્રયત્ન પણ આ સરકારે કર્યો છે. મને કહેતા અતિ આનંદ થાય છે કે, ૧૯૬૨ની અંદર સરદાર સરોવર યોજનાનો જન્મ થયો અને એ પછી લગભગ ૪૩ વર્ષ પછી ગુજરાતની સરકારો વચ્ચે જે શિથિલતા હતી એને દૂર કરવાનું કામ આ સરકારના સૌભાગ્યમાં આવ્યું છે. હું એમ ચોક્કસપણે કહી શકું કે નર્મદા યોજના જળસંપત્તિ, જળવિવાદ પંચનો ચૂકાદો સૌના સહકારથી પ્રાપ્ત થયો અને એને પરિણામે ૧૩૮ મિટરની ઉંચાઈનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે પરંતુ એમાં પણ

૧૦૦ મિટરથી ૧૧૦ મિટરની જે ઉંચાઈ છે એ વધારવા માટેનું આ સરકારને જે સૌભાગ્ય પ્રાપ્ત થયું છે એ માટે હું અભિનંદન પાઠવું છું મને જણાવતાં આનંદ થાય છે કે નર્મદા યોજનાનું ૯૯ ટકા જે બાંધકામ જે ખોદકામ છે એ પૂર્ણ થયું છે અને સમગ્ર ૯૦ ટકા જેટલું કોંક્રિટ કામ કરવાનું સૌભાગ્ય આ સરકારને પ્રાપ્ત થયું છે આ માટે માત્ર ચાર માસના ટૂંકાગાળામાં  આ ગુજરાત સરકારે વિક્રમજનક કામ કરીને આ ગુજરાતની લગભગ ૩.૫ લાખ હેક્ટર જમીનને પાણી પૂરું પાડવાનું કામ કર્યુ છે, એ માટે આ સરકાર ધન્યવાદને પાત્ર છે. આદિવાસી કલ્યાણ વિભાગની અંદર નોંધપાત્ર .. હું એમ કહું છું કે આ ગુજરાત સરકારમાં સૌથી મોટામાં મોટું અને સૌથી અસરકારક બજેટ આદિવાસીઓ માટે આપવા માટેનું કામ આ સરકારે કર્યુ છે. મને જણાવતાં આનંદ થાય છે કે ૨૦૦૪-૦૫  ના અરસામાં ૮૨૧ કરોડની જોગવાઈ સામે ૧૩૮૭ કરોડની જોગવાઈ આપી છે, એ ઉપરાંત ગુજરાત પેટર્નમાં ૨૦૮ કરોડની જોગવાઈ સામે ૪૧૪ કરોડની જોગવાઈ , એમાં જંગી વધારો કરીને જે બજેટ આપવામાં આવ્યું છે એ માટે ગુજરાતના જે અવિકસીત ગામો છે, ખાસ કરીને જે ગામો રસ્તાથી વંચિત છે, પાણીથી વંચિત છે, શિક્ષણથી વંચિત છે અને આરોગ્યની સુવિધાઓથી વંચિત છે એ ગામોને આ યોજના દ્વારા જરૂરથી લાભ થવાનો છે એમાં કોઈ શંકાને સ્થાન નથી એટલું કહીને મારી વાત હું પૂરી કરુ છું.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ વાળા સાહેબ જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેમાં હું મારાં સૂચનો રજૂ કરું છું. આ આપણો ભારત દેશ, ખેતી પ્રધાન દેશ છે અને ગુજરાત પણ ખેતી પ્રધાન રાજય છે. આ દેશના ૭૦ ટકા લોકો ખેતી કરે છે. ગુજરાતનો દરિયાકાંઠો અને ગુજરાતમાં વન વિભાગ પણ ઘણો છે પણ તેનો આપણે ઉપયોગ કરી શકતા નથી. તેનો ઉપયોગ કરીએ, આ અધિકારીઓ, પદાધિકારીઓ જો તેનો ઉપયોગ કરે તો કોઈ દુઃખી ના રહે, બેકાર ના રહે. તેનો ઉપયોગ કરવાની ટૅક્નૉલૉજી નથી. ટૅક્નૉલૉજી જો લાવવામાં આવે તો કોઈ યુવાન બેકાર ના રહે. પણ તે સમજ નથી. સમજણના અભાવને લીધે આ ગુજરાતના ઘણાં યુવાનો બેકાર છે. નોકરી પણ મળતી નથી તો તેનો ઉપયોગ કરવામાં આવે તો આ ગુજરાતનો કોઈ પણ યુવાન બેકાર ના રહે પણ તે આપણે કરી શકતા નથી. આ સરકારને બધું આવડે છે પણ સરકાર કરતી નથી. કોંગ્રેસની સરકાર આ કરતી હતી પણ આ સરકાર ભૂલી ગઈ છે, આ કરવું જોઈએ. આ દેશમાં ટૅક્નૉલૉજી રાજીવ ગાંધી લાવ્યા અને સામ પિત્રોડા લાવ્યા અને અમૂલ ડેરી ઉદ્યોગ આખા વિશ્વમાં ફર્સ્ટ નંબર છે. તેમાં કેટલાય લોકોને રોજી રોટી મળે છે એવું આ ખેતીનું અને બીજું દરિયાનું જો તેનો સદ્ ઉપયોગ કરવામાં આવે તો સારું. પણ તેનો સદ્ ઉપયોગ આપણે કરી શકતા નથી. જે રીતે ગુજરાતમાં શ્વેત ક્રાંતિ ડોકટર કુરિયન સાહેબ લાવ્યા તે રીતે આખા દેશમાં અને હજુ ઘણાં જિલ્લાઓ બાકી છે તે બધા જિલ્લાઓમાં એવી ટૅક્નૉલૉજી લાવવામાં આવે તો આપણો કોઈ યુવાન બેકાર ના રહે. ઘણા બુધ્ધિશાળી સામી પાટલીએ બેઠાં છે પણ તેનો સદ્ ઉપયોગ કરતા નથી. અમે આ બધુ કર્યુ છે આ તો અમારું તૈયાર કરેલું છે અને તમે બેસી ગયા છો. જો આ કર્યુ ના હોત તો તમે બેસી ના શકત. ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રે પ્રગતિ જે થવી જોઈએ તે થઈ નથી ઘણાં યુવાનો બેકાર છે. શિક્ષણ પણ આપણે એવું આપવું જોઈએ કે જેનાથી રોજી રોટી મળે એવું શિક્ષણ આપવું જોઈએ. પરદેશમાં પણ નોકરી માટે તેનો ઉપયોગ થાય એવું શિક્ષણ આપવું જોઈએ. ઘણાં યુવાનો પરદેશ જાય. પરદેશમાં ઘણી માગ છે એવા શિક્ષણની કે જે આપણે આપી શકતા નથી તો એવું શિક્ષણ આપવું જોઈએ. યુવાનો પરદેશમાં જાય અને પરદેશનો રુપિયો આપણા દેશમાં આવે એવું શિક્ષણ આપવું જોઈએ. ગુજરાતમાં નર્મદા યોજના જે થઈ તે માધવસિંહ, ચીમનભાઈ અને અમરસિંહભાઈ વખતે તેનું ખાતમુહૂર્ત થયું. આ તો ખોટા જશ ખાટી જાય છે. આ તો અમારા રાજયનું હતું અને અમે બધું કર્યુ.

ગુજરાતમાં જ્યોતિ ગ્રામની યોજના બનાવી તેની અંદર ૨૪ કલાક બધા ખેડૂતોને વીજળી આપે તો કેટલા ખેડૂતો તે અત્યારે ગરીબ થઈ ગયા છે તેને પાકના પોષણક્ષમ ભાવો મળતા નથી. તે કરવું નથી અને આ જ્યોતિ ગ્રામ કર્યુ. ૨૪ કલાક લાઈટને શું કરવાનું? ખેતીમાં લાઈટ આપવામાં આવે ૨૪ કલાક તો પણ ઘણું થઈ ગયું. અરે, ૨૪ કલાક નહીં તો ૨૦ કલાક આપે અને ૨૦ કલાક નહીં તો ૧૬ કલાક આપે તો પણ બહુ થઈ ગયું તે પણ આ કરી શકતા નથી અને આ જ્યોતિ ગ્રામનું કરી દીધું તે કંઈ કામનું નથી. ગુજરાતમાં નાના અને સીમાંત ખેડૂતો છે તેને ૨-૩-૪ એચ.પી.ની મોટર જો ખેડૂતોને ખેતી કરવા માટે આપવામાં આવે તો પણ ઘણું થઈ ગયું. ખેતી તો એક ઉદ્યોગ છે, ખેતી તો એક ફૅકટરી છે પણ તેનો સદ્ ઉપયોગ કરતા નથી. જો ખેતીનો સદ્ ઉપયોગ કરે ૨-૩-૪ની મોટર જો ખેડૂતોને આપે તો નાના અને સીમાંત ખેડૂતોને ઘણો લાભ થાય. તે બેકાર રહે છે તે બેકાર ના રહે પણ તે પણ સરકાર કરી શકતી નથી. કરવા જેવું છે. અલ્યા, કરશો તો તમને જશ મળશે. તો કરો. તમે શાકભાજીમાં જુઓ તેમાં મફત પડાવી લે છે. લોકો પાસેથી મફત પડાવી લે છે. તેને પોષણક્ષમ ભાવો મળતા નથી. બીજા દેશોમાં તે નિકાસ કરે તો પણ બહુ થયું.

**અધ્યક્ષશ્રી :** વિરામનો સમય થાય છે આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સન ૨૦૦૫-૨૦૦૬નું સામાન્ય અંદાજપત્ર લઈને ૧૧મી વખત આ ગૃહ સમક્ષ આવ્યા છે, ત્યારે હું આ બજેટના સંદર્ભમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના પ્રણેતા સ્વામી વિવેકાનંદનો મંત્ર હતો, "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તી સુધી મંડયા રહો" અમારી આ સરકાર સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના પ્રણેતા સ્વામી વિવેકાનંદજીના માર્ગે બરાબર ચાલી રહી છે. એક પણ દિવસ કે એક કલાકના સમયનો વ્યય કર્યા સિવાય આ ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં આ સરકાર કામ કરી રહી છે, આ સરકાર રાત દિવસ કામ કરી રહી છે, આ સરકારના મંત્રી મંડળના સભ્યો, આ સરકારના સાથી સભ્યો કામ કરી રહ્યા છે. એટલું જ નહીં પણ આ સરકારના એકે એક કર્મચારીઓ એકે એક અધિકારીઓ, આઈ.એ.એસ, આઈ.પી.એસ.થી માંડીને આખું તંત્ર ગુજરાતના સર્વાંગી વિકાસ માટેની દિશામાં મકકમ નિર્ધાર સાથે આગળ વધી રહ્યું છે. એટલે જ અમે જે જે સ્વપ્નો સેવ્યાં છે, અમે સ્વપ્નાનું વાવેતર કરવા વાળા લોકો નથી, અમે પંડિત દિનદયાળ ઉપાધ્યાયના ચેલાઓ છીએ. અમે આ રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થાય, આ રાષ્ટ્રના સામાન્યમાં સામાન્ય, નીચામાં નીચો માણસ જે છેલ્લે પગથીયે બેઠો છે તે માણસ પણ આ વિકાસમાં સમ ભાગીદાર બને સમરસ સમાજનું નિર્માણ થાય તે દિશામાં અમારી આ સરકારના પ્રયાસો છે. અમે પંચામૃત આયોગના માધ્યમથી આ રાજયનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં મકકમપણે આગળ વધી રહ્યા છીએ. એટલે જ રાજયનો વિકાસ દર ૨૦૦૨-૨૦૦૪માં ૧૦.૫ ટકા હતો તે વધીને ૨૦૦૩-૨૦૦૪માં ૧૫.૪ ટકા સુધી લઈ ગયા છીએ. આ ગૃહના સન્માનનીય વિપક્ષના નેતા જયારે પોતાની વાત કરતી વખતે કહ્યું કે આ ૧૫.૪ ટકાનો વિકાસ દર સાધ્યો છે, એમાં આ સરકારનું પ્રદાન શું છે? આ તો વરસાદ આવ્યો અને આ વિકાસ દર સાધ્યો છે. મારે આપણા વિપક્ષના નેતાશ્રીને પૂછવું છે કે આ વરસાદ ફકત ગુજરાતમાં જ આવ્યો હતો? આ વરસાદ ભારતના બીજા કોઈ રાજયમાં નહોતો આવ્યો? બીજા કોઈ રાજયો આટલી પ્રગતિ કેમ કરી શકયા નથી? ગુજરાત એટલા માટે પ્રગતિ કરી શકયુ છે કે ગુજરાત પાસે આગવી નેતાગીરી અને આગવું દૃષ્ટિબિંદુ છે, અને ગુજરાતની સાંસ્કૃતિક ઘરોહર ઉંચી છે, આ ગુજરાત એ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના વારસદારોનું ગુજરાત છે, માટે આટલો વિકાસ દર બતાવી શકયું છે. મારે એક વાત યાદ કરવી છે કે ૭મી માર્ચ ૨૦૦૩માં સામાન્ય અંદાજપત્રની ચર્ચા વખતે આ ગૃહના વિપક્ષી નેતા માનનીય શ્રી અમરસિંહભાઈએ કેટલીક ટિપ્પણીઓ કરી હતી કે આ સરકાર બજેટમાં જુદી જુદી યોજનાઓ, જુદા જુદા રૂપકડા નામો સાથે લાવી છે..

**સભાપતિશ્રી .** : માનનીય માધાભાઈ, આ સભાગૃહના કોઈ દિવંગત સભ્યશ્રી હોય એમના વિષે આપણે કંઈ વાત નથી કરી શકતા, આપ જનરલ વાત કરો.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફક્ત ઉલ્લેખ જ કરવા માગું છું. ફક્ત વાત દોહરાવવા માગું છું તે વખતની ચર્ચામાં એવી વાત હતી કે આ સમરસ ગ્રામ, તીર્થગ્રામ અને જયોતિગ્રામ આવા બધાં નવાં નામો કરીને સરકાર શું કરવા માગે છે? મને કહેતાં આનંદ થાય છે કે અમે સ્વપ્નાના વાવેતર કરવા વાળા લોકો નથી પરંતુ સ્વપ્ના સિદ્ધ કરવાવાળા લોકો છીએ. અમે તે વખતે જે વાત કરી હતી એમાં ગુજરાતના ૧૮ હજાર ગામોને જયોતિગ્રામ બનાવીશું, અમે એ લોકોને ૨૪ કલાક પાવર આપીશું, અમે શહેરો અને ગામો વચ્ચે જે ભેદભાવ છે એ ભૂંસીશું. અમે એ કરી બતાવ્યું છે એનો અમને આજે આનંદ છે. ગુજરાતના સાત હજાર ગામોને જયોતિગ્રામ નીચે લઈ જઈ શક્યા છીએ અને ૨૦૦૫ના અંત સુધીમાં ગુજરાતના તમામ ગામોને જયોતિગ્રામ યોજના નીચે લઈ જઈશું. આટલેથી વાત અટકતી નથી, પરંતુ અમે જે તે વખતે પણ એનો ઉલ્લેખ કર્યો હતો, આ બજૅટની અંદર એવા ખેડૂતોનો પણ વિચાર કર્યો છે. જયોતિગ્રામ બનશે ત્યારે ખેતીવાડી કરવા માટે ખેતરમાં જે લોકો રહે છે, બગીચામાં રહેનાર લોકો છે એની પણ આ સરકારે ચિંતા કરી છે. આ સરકારે આહ્‌વાન કર્યુ છે કે ખેતરમાં ખેડૂત રહેતો હોય, બગીચામાં રહેતો હશે એને સીંગલ ફેઈઝ પાવર ૨૪ કલાક મળશે.

ત્યારબાદ એવી પણ એક ચિંતા કરવામાં આવી હતી કે સ્કૂલોના મકાનો, હાઈસ્કૂલોના મકાનો, વિદ્યામંદિરો ઉપરથી વીજળીની લાઈનો પસાર થતી હશે તો એને ખસેડવા માટેનું પ્રાવધાન કોણ કરે, એ ખસેડવા માટેના પૈસા કોણ આપે? તો આવા મકાનો ઉપરથી વીજળીની લાઈન પસાર થતી હશે એવી ઈલેકિટ્રક લાઈન સરકાર ખસેડી લેશે.

આપણે ૨૦૦૫ના વર્ષની વાર્ષિક યોજના જોઈએ એ પહેલાં ૨૦૦૩-૨૦૦૪માં ૧૧૨ ટકા સિદ્ધિ હાંસલ કરી શક્યા છીએ એનું શ્રેય આ સરકારને જાય છે. ૨૦૦૪-૨૦૦૫માં ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ થશે. જ્યારે ૨૦૦૫ની વાર્ષિક યોજનાનું કદ ૧૧હજાર કરોડ નિર્ધારિત કરવામાં આવ્યું છે. એટલે કે ૨૦૦૪-૨૦૦૫ના વર્ષની સરખામણીમાં ૨૦૦૫-૨૦૦૬ના અંદાજપત્રમાં ૨૫૦૦ કરોડ એટલે કે ૨૯ ટકા વધારો આપણે કરી શક્યા છીએ. આ બજૅટ એ ખાદ્યની અંદર ઘટાડો લાવનારું બજૅટ છે. રાજયે આર્થિક શિસ્ત અને બિન યોજનાકીય ખર્ચ ઉપર નિયંત્રણ રાખીને મહેસૂલી ખાદ્યમાં મોટા ઘટાડા સાથે નાણાકીય સુવ્યવસ્થાને કારણે મહેસૂલી ખાદ્યમાં ઘટાડો થયો છે. સમગ્ર દેશમાં મહેસૂલી ખાદ્યમાં જો કોઈએ ઘટાડો કર્યો હોય તો એ ગુજરાતે કર્યો છે. આ બજૅટ એ વેરા વિહીન છે. આ બજૅટમાં ૨૨૯ કરોડની કર રાહતો આપવામાં આવી છે. આવક ખર્ચના અંદાજો બાદ કરતાં ૮૭.૮૭ કરોડની પુરાંત પણ આ બજૅટમાં દર્શાવવામાં આવી છે. બજૅટમાં રસ્તાઓ સુધારવા માટે પ્રગતિપથ તથા કિશાનપથના નામે નવી યોજનાઓ પણ શરૂ કરવામાં આવી છે. આપ રાજા ભગીરથને કયારેય પણ નહિ ભૂલી શકો. ગંગાનું અવતરણ એ રાજા ભગીરથે કર્યુ હતું. આ બજૅટને વખોડવાની અંદર વિપક્ષના લોકો જરા પણ ઉણા

ઊતર્યા નથી. તેથી મારી એમને શીખ છે કે આ ગૃહની અંદર કોઈ શાસક નથી કે કોઈ વિપક્ષ નથી. આ ગૃહમાં લોકોને વિશ્વાસ અને શ્રદ્ધા છે તેવા જન પ્રતિનિધિઓને ચૂંટીને મૂક્યા છે, ત્યારે ગુજરાતની ચિંતા આપણે સૌ સાથે મળીને કરીએ, ગુજરાતનો સર્વાંગી વિકાસ સાથે મળીને કરીએ એની અંદર કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. કોઈ શાસક પક્ષ ન હોવો જોઈએ કે વિપક્ષ ન હોવો જોઈએ. આ વાત કરીશું તો આપણને ભાવિ પેઢી યાદ કરશે. જે રીતે ભગીરથને યાદ કરીએ છીએ એ રીતે આપણને પણ યાદ કરશે.

**સભાપતિશ્રી . :** માનનીય માધાભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મનહરભાઈ.

**શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં ૧૧મી વખત નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. આ બજૅટમાં જે મહેસૂલી ખર્ચ બતાવવામાં આવ્યું છે તે મહેસૂલી આવક કરતાં વધારે બતાવવામાં આવ્યું છે.૧૦૦૦ કરોડની ખાધ બતાવવામાં આવી છે, છતાં પણ સરકાર પુરાંતવાળું બજૅટ છે એવું સાબિત કરવા માગે છે. માનનીય અધ્યક્ષશ્રી, આનો અર્થ એ થાય છે કે વિકાસના કામો ઉપર આ સરકાર કાપ મૂકવા માગે છે. ગયા વખતે ગુજરાત ઉપર કેટલું દેવું હતું એ માનનીય નાણામંત્રીશ્રી જાણે છે અને તેમણે જવાબ આપેલો કે દેવું કરવા માટે છત્રીસની છાતી જોઈએ. અત્યારે ૬૬,૦૦૦ કરોડનું દેવું થઈ ગયું છે. ગુજરાતની પ્રજાની છાતી ફાટી ગઈ છે. આ દેવું ગુજરાતને વિકાસના કયા પંથે લઈ જશે?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર હું જે જિલ્લામાં રહું છું ત્યાં ગુજરાતનું ૭૦ ટકા ખાદીનું ઉત્પાદન થાય છે. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૩૫ કરોડનું બજૅટ ખાદીને પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવતું હતું. તે ઘટાડીને આ સરકાર પાંચ-સાત કરોડે લઈ ગઈ છે. જ્યારે એ મંડળીને અને સંસ્થાને જ્યારે રિબેટ આપવામાં આવે છે ત્યારે બે-બે પાંચ-પાંચ વર્ષ જૂના ઑડિટ કરીને એ પણ ચૂકવવામાં આવતું નથી. ગૃહમંત્રીશ્રીએ હમણાં અહીં વાત કરી. વીજળીના બહુ વખાણ કર્યા. જયોતિગ્રામ યોજનાની વાત કરી. ઉર્જા મંત્રી અહીં બેઠા છે ત્યારે કહું કે લીમડી તાલુકાનું એક ગામ છે સાહેબ, લાઈટ બિલ આવ્યું, આખા ગામે મીટર ઉતારીને તળાવમાં નાંખી દીધાં. જયોતિગ્રામ યોજનાની આ સિદ્ધિ છે. આ છાપામાં આવેલું છે, જઈને તપાસ કરી આવો.

પતંગ ઉત્સવ પાછળ એક કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો. વિદેશ જવામાં મંત્રીએ ૩૨,૭૩,૦૦૦નો ખર્ચ કર્યો. હું ઈતિહાસ ભણતો હતો ત્યારે મને ચાણકયનું એક વાક્ય યાદ આવે છે કે જે રાજયનો રાજા પોતાની પ્રસિદ્ધિ પાછળ ખર્ચ કરે એ રાજયનો કોઈ દિવસ વિકાસ થતો નથી. જ્યાં જૂઓ ત્યાં હોર્ડીંગ માર્યા છે, તેના કરતાં મોડેલીંગનું કામ આ સરકારે કર્યું હોત તો કદાચ ઐશ્વર્યા રાયની જગ્યાએ આમને ત્યાં એવોર્ડ આપવા મોકલવા પડત.

બીજી વાત કરું તો દલિતોની હિમાયતની આ સરકાર વાત કરે છે. ત્યારે ૧૯૯૫-૯૬ની સાલથી અત્યાર સુધી કેટલાને પ્રમોશન આપવામાં આવ્યાં? ઉર્જા મંત્રીશ્રી અહીં બેઠા છે ત્યારે ગુજરાત વિદ્યુત બોર્ડમાં ડેટાબેંકની પદ્ધતિ કોણ લાવ્યું? કોની સૂઝ-બૂઝથી આ લાવવામાં આવ્યું? ફાસ્ટટ્રેકથી પ્રમોશન આપવાનું કોની સૂઝ-બૂઝથી લાવવામાં આવ્યું અને કેટલા દલિતોને પ્રમોશન આપવામાં આવ્યાં? અત્યાર સુધી કોઈને પ્રમોશન આપવામાં આવ્યા નથી. ગુજરાત વિદ્યુત બોર્ડમાં ઉત્કર્ષ મંડળ, દલિતનું કામ કરતું કર્મચારી મંડળ છે, તેને પણ આજ સુધી માન્યતા આપવામાં આવી નથી.

કાયદો અને વ્યવસ્થાની વાત કરવામાં આવે છે. કાયદો અને વ્યવસ્થા પાછળ ખર્ચ કરવામાં આવે છે. પણ બંદોબસ્ત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવે છે? તેનું બાયફરગેશન કોઈ દિવસ આ સરકારે કર્યું નથી. ગમે ત્યારે રથ કાઢે, ગમે ત્યારે ગમે તે યાત્રા કાઢે. તેની પાછળ બંદોબસ્તમાં પ્રજાના પૈસાનો કેટલો ખર્ચ થાય છે તે કોઈ દિવસ આ સરકારે પારદર્શકતા બતાવી નથી.

ચેકડેમો અને તળાવની વાતો કરી. એક લાખ ચેકડેમોની વાત કરી, ડી.આર.ડી.એ.માં જે કામો ચાલે છે, માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં અહીં મંત્રીશ્રી બેઠા છે, ત્યારે કહું છું કે લખતર તાલુકાના ઢાંકી-અણિયાળી ગામની અંદર એક એન.જી.ઓ.એ જે કામ કર્યું છે જે ચેકડેમ બનાવ્યો છે, ચેકડેમની લંબાઈ-પહોળાઈ ઘટી જાય છે. રાતોરાત કૂવા ચોરાઈ ગયા છે. આજે કૂવા નથી મળતા. આજે ચેકડેમની લંબાઈ છે તે ઘટી ગઈ છે. ૭૦ મીટરમાંથી ૫૦ મીટર થઈ ગઈ છે. ૨૦ મીટરની લંબાઈ કયાં ગઈ? જે એન.જી.ઓ.એ કૂવો કર્યો છે એ કૂવો આજે ચોરાઈ ગયો છે. આવી ખેત તલાવડીઓ અને તળાવોની જોગવાઈઓ છે.(અંતરાય) ખોટું નહીં, ઢાંકી-અણિયાળી ગામના નામ આપું છું. લખતર તાલુકાના એ ગામની અંદર આજે મંત્રી પાસે રજૂઆત કરવામાં આવે છે ત્યારે તેનું ફરીવાર ચૅકીંગ કરવામાં આવે છે. ફરિયાદી જે હતા એ જ અત્યારે બચાવવા માટે અહીં મંત્રી પાસે લઈને આવે છે. ડી.આર.ડી.એ.ના ૧૩ લાખ રૂપિયા વસૂલ કર્યા છે અને ૪૧ લાખ રૂપિયા ભરવા માટે કસૂરવાર સાબિત કરેલ છે. આ વાત ગૃહમાં પ્રૂફ સાથે કહેવા માગું છું.

કર્મયોગીની વાત કરી. ગુજરાતના ૨૫ ચુનંદા ઑફિસરોને અહીં સચિવાલયમાંથી પસંદ કર્યા અને સચિવાલયના મકાનમાં સચિવાલયની જ મશીનરીથી, એ જ ઑફિસરથી તેમને કર્મયોગીની ટ્રેનિંગ આપવામાં આવી. પણ સી.એમ. સાહેબની ઑફિસમાં નોકરી કરતા કોઈ અધિકારીને સાચવવા માટે ૧૨ કરોડ રૂપિયાનું પેમેન્ટ એના ભાઈને ટ્રેનિંગ દેવા માટે આપવામાં આવ્યા છે, બરોડાની કંપની છે એને આપવામાં આવ્યા છે. આ સરકાર શું કરે છે? સરકારે શું કરવું જોઈએ? એના માટેના કાગળો મંગાવીને એના રીવ્યૂ ઑફિસરો પાસેથી મંગાવે છે. આ કાગળો ખાતાવાઈઝ નોખા કરવાનું ૨.૫ કરોડ રૂપિયાનું પેમેન્ટ એક મદ્રાસની કંપનીને સરકારે આપ્યા છે. આ પૈસાનો

બગાડ નથી તો શું છે? શું સરકાર વિકાસલક્ષી બજૅટ લઈને આવે છે. એને ૪૯.૫૧ ટકાનો non-plan ખર્ચ સરકારે કર્યો છે. આ સરકાર કેવી રીતે બજૅટ લાવી અને કેવી રીતે ગુજરાતના વિકાસની વાતો કરે છે?

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર વેટની વાત કરતી નથી. વેટનો કાળો કાયદો ૨૦૦૩ની અંદર ગુજરાત વિધાનસભામાં લાવી ત્યારે એની અંદર કલમો નાંખવામાં આવી. આ જ ગૃહની અંદર સન્માનનીય ધારાસભ્યશ્રીઓ અને બુદ્ધિશાળી ધારાસભ્યશ્રીઓને વોક આઉટ કરાવીને મનમાની કરી અને આ વેટનો કાયદો પાસ કરવામાં આવ્યો. આ વેટનો કાયદો પાસ કરવા માટે ગુજરાતના વેપારીઓ સામે કાયદાની કલમો એટલી બધી ઘૂસાડી છે કે, આ કાયદો વેપારીઓને hard core criminal અને અસામાજિક તત્ત્વો જેવા ગણવાનું કામ આ સરકારે કર્યું છે. આ વેટના કાયદાનો અમલ કેમ નથી કર્યો? વેટના કાયદામાં ગુજરાત સરકારે પોતાની એકસ્ટ્રા શું કલમો ઉમેરી છે? અને વેપારીઓને આની અંદર ગેરમાર્ગે દોર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ માણસોને ૧૦૦ ચોરસવારના મકાન નથી મળતા અત્યારે એના ફોર્મ નથી ભરતા ત્યારે મને એક વાત યાદ આવે છે.

*મેલું ઘેલું મકાન તો આપો, ધૂળ જેવું ધાન તો આપો,*
*સાવ જુઠ્ઠ શું કામ બોલો છો? કોક સાચી જબાન તો આપો.*

બીજી એક વાત કહું.

*થોડો ઝાઝો હિસાબ તો આપો, સાચા-ખોટા જવાબ તો આપો.*
*બાગમાં ભાગ અમારો પણ છે, એક હાથે ગુલાબ તો આપો.*

**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં સતત ૧૧મી વખત નાણામંત્રીશ્રી બજૅટ લઈને આવ્યા છે ત્યારે બજૅટમાં નજર નાખીએ તો જોવા મળે છે કે, ઘણી વખત બિમાર પડ્યા હોય અને ડૉક્ટરો પાસે જઈએ તો એ કહે છે કે, ખૂબ જમવું મહત્ત્વનું નથી પણ એ પચાવી કેટલું શકો છો? એ મહત્ત્વનું છે. આ ગુજરાતમાં કેટલાય વર્ષ રાજ્ય કર્યું એ મહત્ત્વનું નથી પણ કેટલો વિકાસ કર્યો એ મહત્ત્વનું છે. નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ ૧૧ વખત બજૅટ રજૂ કર્યું છે. દરેક વર્ષનું બજૅટ આગળના વર્ષના બજૅટ કરતાં ચડિયાતું હોય છે. ૨૦૦૩-૨૦૦૪, ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ના આંકડા લો તો ખ્યાલ આવશે કે વિકાસ દર ઊંચો આવે છે. સમગ્ર ભારત દેશમાં ગુજરાત રાજય વિકાસમાં આગળ છે અને એશિયા ખંડમાં દેશની આબરૂ વધારી છે. ૧૧વર્ષમાં ગુજરાત સરકારે જે કામગીરી કરી છે એ એમને નહીં દેખાય. સામે બેઠેલા લોકો ખૂબ જ જોરશોરથી બોલતા હોય છે. ગુજરાતની પ્રજા, ખૂબ જ હોંશિયાર પ્રજા છે, જ્ઞાની પ્રજા છે. ૧૧ વર્ષ પછી સામે બેસવાવાળાની સંખ્યા ઉત્તરોત્તર ઘટી છે. આ કામગીરી જોતાં કદાચ આવતા વર્ષોમાં ગુજરાત વિધાનસભા સમરસ થઈ જાય એવું લાગે છે. વિરોધપક્ષમાં કોઈ ચૂંટાશે નહીં અને એક જ પક્ષની સરકાર હશે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ અને પાણી પુરવઠાની વાત કરું છું. ગયા બજૅટના આંકડા અને આ વખતના બજૅટના આંકડા જોઈએ. ૨૦૦૪-૨૦૦૫માં ૨૬૨૨ કરોડ રૂપિયાની જોગવાઈ હતી. ખૂબ મોટી જોગવાઈ હતી. છતાં આ વર્ષે નાણામંત્રીશ્રીએ ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં ૨૯૮૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરી. એમાં ૩૬૧ કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. સિંચાઇ અને પાણી પુરવઠાની વસ્તુ ખૂબ અગત્યની છે. સિંચાઇના કામો વધશે તો આ રાજયની ઉન્નતિ થશે, દેશની ઉન્નતિ થશે, ખેડૂતો ખૂબ મોટા પાયા પર ઉત્પાદન લેશે અને પીવાના પાણી માટેની વાત કરું તો આવી મોટી લાઈન કયારેય કોઈ સરકારે નાખી શકી નથી આની સાથે સાથે શહેરો અને ગામડામાં પીવાનું પાણી તો પૂરું પાડયું પણ તાલુકા મથકે બે બે ત્રણ ત્રણ કરોડના ખર્ચે પાણી મળે એ માટે શુદ્ધિકરણ માટે પ્લાન્ટ ગોઠવી આ સરકારે આ રાજયના લોકોના હિત માટે આરોગ્ય માટે શુદ્ધ પાણી પીવા માટેના ફિલ્ટર પ્લાન્ટ પણ ગોઠવ્યા છે.

આદિવાસીઓની વાત મારે કરવી છે. મને ખ્યાલ છે કે ૧૧વર્ષ પહેલાં સામી પાર્ટીમાં આદિવાસીઓના મત લઈને લોકો ચૂંટાતા હતા. ગરીબીની વાતો કરીને મત લઈને ચૂંટાતા હતા અત્યારે સંખ્યા ઘટી ગઈ છે. ગયા વર્ષે જે ૨૦૦૪-૦૫માં ૮૨૧કરોડની જોગવાઈ આદિવાસી કલ્યાણમાં કરવામાં આવી હતી. આ વર્ષે વધારીને ૧૩૮૭ કરોડની જોગવાઈ કરી ૫૬૬કરોડનો વધારો કર્યો છે. કદાચ સ્વરાજ આવ્યા પછી પહેલી વખત આદિવાસી લોકો માટે આવડી મોટી કોઈએ જોગવાઈ કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આજના નાણામંત્રીશ્રીએ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. ભારતીય જનતા પાર્ટીના એક એક મુખ્યમંત્રીશ્રીની તમે વાત કરો તો કહેવા માગુ છું કે કેશુભાઈની સરકારમાં ગોકુળિયા ગામ યોજના લાવ્યા અને ગામડામાં પાકા રસ્તા, શિક્ષણના ઓરડા, અને અનેકવિધ યોજનાઓ કરી હતી. આ વર્ષે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યોતિ ગ્રામ યોજના લાવીને સમગ્ર રાજયમાં સમગ્ર દેશમાં એક રાહ બતાવ્યો છે. કારણ કે આજે આરોગ્ય માટે સારાં દવાખાનાં થયાં છે.

આજે લોકોની જીવન જરૂરિયાત વીજળીના કારણે જી.ઈ.બી. થઈ ગઈ છે. ૨૪ કલાક લાઈટ મળતા ગામડા ગોકુળીયા બન્યા પણ હવે ઘર સાથે બનશે. તો આ રાજય સરકારને એક એક મુખ્યમંત્રી એવા મળ્યા છે કે જેના કારણે આજે ગુજરાત સમગ્ર દેશમાં એક નંબરનું રાજય બની રહ્યું છે. આરોગ્યની વાત કરું તો આ વખતે શહેરી

વિકાસ યોજના શહેરી વિકાસ વર્ષ જ્યારે ઉજવવાનું સરકારે નક્કી કર્યુ છે તો નાના નાના શહેરોમાં પણ ખૂબ સારી કામગીરી થવાની છે. નર્મદા કેનાલની વાત કરું તો હજારો કિલોમિટરની લંબાઈવાળું નર્મદા કેનાલનું કામ કરવામાં આવ્યું છે. ટૂંકા ગાળામાં ૧૦ કે ૧૧ મિટરનું જો બાંધકામ થયું હોય તો એ માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં ટૂંકા ગાળામાં થયું છે. આવા અનેકવિધ વિકાસના કામોની જોગવાઈ આ બજૅટમાં કરવામાં આવી છે અને ઉત્તરોત્તર ઘણી સારી પ્રગતિ કરી રહી છે. મારે એટલું કહેવું છે સામી પાટલીવાળા માણસોને કે જયારે ગુજરાતમાં દુષ્કાળ પડ્યો હતો ત્યારે મને એક દાખલો યાદ આવે છે. દુષ્કાળો પડવા મંડયા એમાં એક નાના શહેરમાં ઘોડાગાડી વાળો કામ કરતો, ભાડે ઘોડો રાખીને કરતો હતો. એ ઘોડો રોજ રજકો ખાવાથી ટેવાઈ ગયેલો. દુષ્કાળ પડયો એટલે રજકો ન મળે તો પછી શું થયું એણે એક સંતને બોલાવ્યા કે સંતશ્રી, આ દુષ્કાળ પડયો છે, કયાંય લીલું મળતું નથી. રજકો મળતો નથી તો આના માટે શું કરવું? હવે થોડા દિવસમાં ઘોડો મરી જશે ત્યારે સંતે બહુ વિચારીને કહ્યું કે આ ઘોડાને લીલા સિવાય કંઈ ફાવશે નહી, ગમે તેવું નીર નાંખો. ત્યારે એણે કહ્યું કે આને લીલા કલરના ચશ્માં પહેરાવી દો પછી તમે સૂકું નીર નાંખશો તો પણ ખાશે. સંતના કહેવા મુજબ લીલાં ચશ્માં ઘોડાને પહેરાવ્યાં અને પછી ઘાસ નાખ્યું તો ઘોડો મંડયો ખાવા, કોંગ્રેસ પક્ષના લોકોને અમારે ચશ્માં લીલાં પહેરાવવાં પડશે ત્યારે એમને આ લીલું દેખાશે નહીં તો એને ટેવ પડી ગઈ છે. ૩૫ વર્ષથી એને કંઈ દેખાતું નથી.

**શ્રી અમિત ચાવડા (બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી, વર્ષ ૨૦૦૫-૦૬નું જે બજેટ લઈને આવ્યા છે,એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. આ ગુજરાત રાજયની પર ટકા વસ્તી ઓ.બી.સી. સમાજની વસ્તી છે. માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં ઓ. બી.સી. સમાજના વિકાસ અને એના વિદ્યાર્થીઓના વિકાસ માટે, ભણતર માટે ગયા વર્ષની સરખામણીમાં ફક્ત ૩૦કરોડનો જે વધારો કરવામાં આવ્યો છે. ગુજરાતની આટલા બહોળા પ્રમાણમાં વસવાટ કરતી વસ્તીના શિક્ષણમાં વધારો કરવા માટે કોઈ ગ્રાન્ટેડ શાળાઓ શરૂ કરવાની જોગવાઈ કરવામાં નથી આવી.બાળકોની શિષ્યવૃત્તિમાં કોઈ વધારો કરવાની જોગવાઈ કરવામાં આવી નથી. એ બાબતે સરકાર દ્વારા આ બજૅટમાં દુર્લક્ષ સેવવામાં આવ્યું છે. તેનાથી ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા અને એમાં પણ ખાસ કરીને બક્ષીપંચના પછાત તાલુકાઓના વિકાસની કોઈપણ યોજનાને આ બજૅટમાં પ્રાધાન્ય નહિ આપવાથી નિરાશાનું વાતાવરણ ઊભું થયું છે. બેરોજગારોની વાત કરીએ તો આજે ગુજરાતમાં દસ લાખ જેટલા બેરોજગાર યુવાનોના નામ નોંધાયેલા છે. માનનીય પ્રદિપસિંહજીભાઈએ એમના વકતવ્યમાં ચિંતા વ્યક્ત કરી હતી કે, આજે ગુજરાતનો યુવાન પણ જમ્મુ-કાશ્મિરના રસ્તે જઈ અને બેકારીના કારણે ગુનાખોરી તરફ વળ્યો છે. આ વાતની પ્રતીતિ આજે આપણે રોજબરોજ અખબારોમાં જોઈએ તો જે પણ લૂંટ કે ગુનાના કિસ્સાઓ આવે છે, એમાં ખૂબ જ નાની વયના યુવાનોની સંડોવણી બહાર આવે છે. ત્યારે શિક્ષકો કે પોલીસ ખાતાની ભરતી દ્વારા સરકાર પોતાની વાહ-વાહ કરવા માગે છે પણ આની આડમાં ગુજરાતના યુવાનોને •*(XXX) એવું ફળીભૂત થાય છે. ગુજરાતના બેરોજગાર યુવાનો માટે જેમ એમના ભારતીય જનતા પક્ષના ચૂંટણી ઢંઢેરામાં જાહેર કરવામાં આવ્યું હતું તેમ બેકારી ભથ્થા માટે કે રોજગારી માટે કોઈ ચોક્કસ યોજના માટે બજૅટમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી, એ દુ:ખદ બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજૅટમાં કર્મચારીઓને તાલીમ માટે કર્મયોગી અભિયાન માટે પાંચ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. ભૂતકાળમાં ગુજરાત રાજય ૧૯૬૦માં અસ્તિત્વમાં આવ્યું ત્યારથી કોઈપણ પક્ષનું શાસન હોય, તેના કુશળ અને વિદ્વાન મુખ્યમંત્રીશ્રીઓના નેતૃત્વમાં આ ગુજરાતના સંનિષ્ઠ કર્મચારીઓ દ્વારા વિનાશક પૂર હોય, દુષ્કાળ હોય કે ભૂકંપ જેવી વિષમ કુદરતી આફતોના સમયમાં ખૂબ જ નિષ્ઠા અને સુદ્રઢતાથી વહીવટ કરીને રાજયની પ્રગતિમાં સહયોગી બન્યા છે. આ સરકાર દ્વારા લાખો કર્મચારીઓ પર બિન કાર્યક્ષમનું લેબલ લગાવી તેઓને ટ્રેનિંગ આપવાના બહાને સસ્તી પ્રસિદ્ધિ મેળવી અને ખાનગી એજન્સીને લાભ કરાવી આપવાનું એક સુનિશ્ચિત કાવતરું ઘડી રહી છે. આ રાજયના લાખો હેકટર જમીન, ખેડ વિનાની ક્ષારના કારણે બગડી રહી છે તેને સુધારવા માટે કોઈ જોગવાઈ કરવામાં આવી ન હોવાથી સમગ્ર ગુજરાતના લોકોમાં નિરાશા વ્યાપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની વાત કરીએ તો ઓરડાઓ બનાવવામાં આવે કે શિક્ષકોની ભરતી કરવામાં આવે એ આવકારદાયક બાબત છે. એકલા શિક્ષકો ભરવાથી કે ઓરડા બનાવવાથી કે રથયાત્રા કાઢવાથી શિક્ષણનું પ્રમાણ વધતું નથી. ભૂતકાળમાં જ્યારે કોંગ્રેસના શાસકો માનનીય માધવસિંહ સોલંકીના સમયથી શિક્ષણનું સ્તર સુધારવા અને ડ્રોપ આઉટ રેશિયો નીચે લાવવા માટે એક સંનિષ્ઠ આયોજન કરવામાં આવેલું. એના ભાગ સ્વરૂપે મફત કન્યા કેળવણી કે મધ્યાહ્ન ભોજન યોજના જેવી લાંબાગાળાની યોજનાઓ દાખલ કરવામાં આવી હતી. એના ફળ સ્વરૂપે આજે ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે, શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. આજે શિક્ષણની વિશ્વસનીયતા પર સમગ્ર રાજયમાં લોકોને અવિશ્વાસ ઊભો થયો છે. ભૂતકાળમાં અહીંયા બેઠેલા ઘણા સભ્યોએ રાજય સરકાર દ્વારા ચાલતી શાળાઓમાં મફત શિક્ષણ મેળવીને વિદ્વતા પ્રાપ્ત કરેલી છે. આજે હું અહીં બેઠેલા સન્માનનીય સભ્યોને પૂછવા માગું છું કે આજે કેટલા કુટુંબના બાળકોને સરકારી શાળામાં મોકલી શકીએ છીએ? સરકારી શિક્ષણ પ્રત્યે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી કરવામાં આવ્યાં છે.

લોકોમાં અવિશ્વસનીયતાનું વાતાવરણ ઊભું થયું છે. વાયબ્રન્ટ ગુજરાત, ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ દ્વારા મોટા ઉદ્યોગો આવતા હોય તો આવકારદાયક છે. એની આડમાં સ્થાનિક લોકો દ્વારા ચલાવાતા લઘુ ઉદ્યોગો માટે આ બજેટમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી, એ ખૂબ જ દુ:ખદ બાબત છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, **(XXX) એવું સભ્ય બોલ્યા છે એ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવે.

**શ્રી અશોક ભટ્ટ ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ત્રણ થી ચાર વખત અસંસદીય જાહેર થયેલ આ શબ્દ છે. નવા સભ્ય છે એટલે વચ્ચે ન બોલ્યા પણ એમણે જે શબ્દ **(XXX) વાપર્યો એ રદ કરવાનો મારો પ્રસ્તાવ છે.

**સભાપતિશ્રી .** : એ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૧૧મી વખત બજેટ લઈને આવ્યા છે ત્યારે ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર પુરાંતવાળું બજેટ, ડૅફિસિટ બજેટ વર્ષો જૂની પરંપરા તોડી સરપ્લસ બજેટથી નવી કેડી કંડારી છે એને સમર્થન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી,માત્ર ગુજરાતનો સર્વાંગી વિકાસ અર્થશકિત નહિ પણ ભારતના અર્થતંત્રને ગતિ આપનારું દિશાસૂચક બજેટ લઈને આવ્યા છે. વિરોધપક્ષના નેતાને અને વિરોધપક્ષના સામે પાટલીવાળાઓને એ સ્વાભાવિક ના દેખાય કેમકે એમણે વિકાસનો કોઈ દિવસ વિચાર કર્યો નથી. લોકોને માત્ર દિશાહીન કરી આજસુધી લોકોને આર્થિક રીતે પછાત રાખવાનું કામ કર્યુ છે, ત્યારે આવું સારું વિકાસવાળું બજેટ એમને ક્યાંથી લક્ષમાં આવે? ગુજરાતના સર્વાંગી વિકાસ માટેની ક્ષમતામાં અને વિકાસ માટેનો સામૂહિક પુરુષાર્થ પહેલી ફેરી બજેટ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એ સ્વાભાવિક છે. હમણાં જ માનનીય સભ્યશ્રીએ કહ્યું કે આર્થિક અને પછાત વિભાગના માટે અપૂરતી જોગવાઈ કરવામાં આવી છે, જ્યારે આટલો બમ્પર જે ૩૦ કરોડ વધારો કર્યો છે તે સામાન્ય વાત નથી. આટલી બધી વધારે જોગવાઈ કરવી એ નાણામંત્રીશ્રીને ધન્યવાદ આપવા જેવી વાત છે એમ કહું તો એમાં કાંઈ ઓછું નથી. સામાન્ય વિકાસની નવતર રાહ બતાવી છે.

ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ સાથે ગ્રામીણ અર્થતંત્રને કૃષિક્ષેત્રે ધબકતું મૂકવાની વ્યૂહરચના સાથે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એ સ્વાભાવિક બજેટ લાવ્યા છે. પંચામૃત યોજના, આધુનિક વિકાસ હોય એનાથી વંચિત નથી રાખ્યા. વંચિતોના વિકાસની ખાસ ચિંતા કરી છે. ગુડ ગવનર્સ હોય કે લોકોભિમૂખ શાસન હોય સ્વાભાવિક રીતે ટેકનોલોજી દ્વારા પબ્લિકને સાચો રાહ ચીંધ્યો છે, એમ કહીએ તો કાંઈ ઓછું નથી. સામાન્ય માનવીના વિકાસની પ્રકિયા સાથે જોડાનાર અને ઉદ્યોગ અને કૃષિ અર્થતંત્રને બંને ચાવીરૂપ ક્ષેત્રમાં તેજ ગતિએ વિકાસ સાધી ગરીબી અને સુખાકારી માટે સમસ્યાઓને હલ કરવાની સાચી દિશા આપનાર બજેટ છે. એટલે સ્વાભાવિક છે કે સામે પાટીલ પર બેઠેલા લોકોને આ બજેટનો ખ્યાલ ઓછો આવે કેમકે આજ સુધી એમને કોઈ દિવસ વિકાસની વાત કરી નથી. સ્વાભાવિક રીતે લોકો પર ટેકસ નાંખવાની વાત કરી હતી ત્યારે આવું સારું બજેટ આવ્યું હોય એ સ્વાભાવિક જોઈ ના શકે.

સર્વાંગી નર્મદા યોજના, ખેતતલાવડી એ ઉત્તર ગુજરાત માટે ચેકડેમોની વાત હોય તો દરેક નદી પર ચેકડેમ કે જે કલ્પના પણ ના કરી શકાય. વર્ષોથી ઉત્તર ગુજરાત દુષ્કાળનો ભોગ બનતું આવેલું એટલે સ્વાભાવિક ત્યાંનો ખેડૂત પાયમાલીની ગતિએ જતો હતો. આ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ જે તેમની ચિંતા કરી આ બજેટમાં મોટી મોટી જોગવાઈ કરી ઉત્તર ગુજરાતને માટે જે ચેકડેમોનો રાહ ચીંધ્યો છે એ કલ્પના પણ ના કરી શકાય એવો છે. સ્વાભાવિક રીતે જોતા તેનાથી ખેડૂતોનું ઉત્થાન થવાનું છે અને જેના કારણે સરકારમાં પણ એનો ટેકસ વધારે આવે એ સ્વભાવિક વાત છે.

ભૂતકાળમાં મિત્રોને આવું જો સ્વાભાવિક સૂજ્યું હોત તો આજે જે પાયમાલી તરફ ખેડૂતો જઈ રહ્યા હતા એ આજે ઘણો બધો વિકાસ કરી શક્યા હોત, ઘણા બધા આગળ નીકળી શક્યા હોત પણ એ એમને પાછળ જોવાની જરૂર છે. માનનીય નાણામંત્રીશ્રીએ વિકાસપ્રદ, સુવિધાપ્રદ, ગૌરવપ્રદ અને કિસાનપ્રદ આવા વિકાસવાળું જ્યારે બજેટ લઈને આવ્યા હોય ત્યારે સ્વાભાવિક એમને અનુમોદન આપવાનું મન થાય. આ બજેટ આટલું સારું, સુંદર એમણે રજૂ કર્યુ છે. ભૌતિક માળખાકીય વિકાસ સાથે સામાજિક, આંતર માળખાકીય સુવિધા પર પૂરતું ધ્યાન આપી માનવ સંપન્ન વિકાસ, વંચિતોનો વિકાસ માટે ૩૭ ટકા જેવો સામાજિક સેવા માટેનો દર હાંસલ કર્યો હોય ત્યારે રાજ્યની વાર્ષિક યોજનામાં ૧૧૦૦૦ કરોડની જોગવાઈ કરી અભૂતપૂર્વ વધારો કર્યો છે તે જ બતાવે છે કે નાણામંત્રીએ ખરેખર એમની કુનેહ અને હોંશિયારી છે એજ એમાં દેખાઈ આવે છે. ગ્રામ્ય વિકાસ અને શહેરી વિકાસમાં પણ કંઈ બાકી નથી રાખ્યું. ( અંતરાય) હા તમને નહીં દેખાય એ, સ્વાભાવિક વાત છે કે, આપ વિકાસ કયાંથી જોઈ શકો? આપ સૌએ આજસુધી લોકોને અંધારામાં રાખવાનું કામ કર્યુ હતું. આપે કયારેય વિચાર નહતો કર્યો કે, સામાન્ય માનવી કે ગામડાનું શું થશે. જો એની ચિંતા કરી હોત તો તમારી આ દશા કદાચ ન આવી હોત, એજ બતાવે છે કે, તમારે ચિંતા કરવી જોઈએ અને ટીકાઓ કરવાને બદલે અમારા બજૅટમાં સારો સાથ પુરાવી અને સારી વાત કરો. ગામડામાં જઈએ છીએ ત્યારે લોકો કહેતા હોય છે કે, આ વિરોધપક્ષવાળા કેમ તમારો વિરોધ જ કરતા હશે? તમને પણ ખ્યાલ આવતો હશે કે ગામડાની પ્રજાને ખબર નથી હોતી કે આટલું બધું સારું બજેટ છે તો

પણ આ લોકો વિરોધ કરે છે, તો હવે સાનમાં સમજવાની જરૂર છે કે, ખરેખર આવા સારા બજૅટને ઉત્થાન આપી એમાં સૂર પૂરાવવો જોઈએ.

ગ્રામ્ય વિકાસ અને શહેરી વિકાસના ક્ષેત્રે પણ આપણ સૌ જોઈ શક્યા છીએ કે, "ઈ ગ્રામ" હોય કે "વિશ્વ ગ્રામ નૅટવર્ક" હોય કે "ગરવી ગુજરાત"ની વાત હોય તો સ્વાભાવિક છે કે, એમાં આપણે આગળ વધી રહ્યા છીએ. શિક્ષણના ક્ષેત્રે પણ આપણે આગળ વધી રહ્યા છીએ. "જ્યોતિ ગ્રામ યોજના" તો આપણને કદાચ નહીં દેખાય, એ આટલા બધા વર્ષો સુધી આપ સૌને વિચાર કેમ ન આવ્યો? જ્યારે ગામડાનો સામાન્ય કારીગર, બેકાર માણસ પણ પોતાની રોજીરોટી આ જ્યોતિ ગ્રામથી કમાઈ શકશે. શહેરો તરફનો જે ધસારો હતો એ પણ અટકી જશે અને ગામના લોકો જ્યારે સમાચાર પણ નહતા જોઈ શકતા આપ સૌને ખબર છે કે, ગામડામાં પ્રચાર કરવા જઈએ ત્યારે શું દશા થતી હતી? જ્યારે આ સરકારે એમાં આગળ વધી અને જયોતિ ગ્રામ દાખલ કરી અભૂતપૂર્વ વિકાસ હાંસલ કર્યો છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી અગિયારમી વખત આ બજૅટ લઈને આવ્યા છે, તેમાં મારાં મંતવ્યો અને સૂચનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ અગિયાર હજાર કરોડનું બજૅટ ગુજરાતની પ્રજા માટે લઈને આવ્યા છે તેમાં માયનોરિટીને શૂન્ય જેવું પણ બજૅટ મંજૂર થયું નથી. ખાલી ૬ ટકા, ૫૭ પૉઈન્ટ અને એમાં પણ લઘુમતિમાં મુસ્લિમો, ખ્રિસ્તીઓ, પારસીઓ, સિંધીઓ અને સરદારજી ભાઈઓ આવે છે, એટલે માયનોરિટીને જે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી જે દર મહિને બાંગો પોકારીને કહે છે કે, મારી પાંચ કરોડની પ્રજા, મારી પાંચ કરોડની પ્રજા એમાં માયનોરિટીની પ્રજા તો આવતી જ નથી તો આ શરમજનક વાત છે. માયનોરિટીના વિકાસની વાત કરવામાં જ નથી આવી.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : આ ગૃહના મુખ્ય મંત્રી કદી બાંગો પોકારે જ નહીં.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : બાંગો કરીને પોકારે છે આ અગિયારમી વખત બજેટ છે, હું છેલ્લા છ વર્ષથી કહું છું પણ એક પણ વખત માયનોરિટીની વાત કરી નથી, આ જગ જાહેર છે કે આ કોમ્યુનલ સરકાર છે, એમાં કોઈ બેમત નથી. ( અંતરાય) આજે ગુજરાતની અંદર નવ યુવાનો જે શિક્ષિત નવયુવાનો છે એ બેકારી ભોગવી રહ્યા છે. આપે એમના માટે કોઈ મોંઘવારી ભથ્થાની જાહેરાત કરી નથી, બીજા રાજયની અંદર મોંઘવારી માટે નાણામંત્રીશ્રીને એક વાતનો હું અહેસાસ અપાવવા માગું છું કે, હું તાજેતરમાં જ મહારાષ્ટ્રમાં ગયો હતો ત્યાં મરાઠી ભાઈઓ માટે ૫૦ થી ૬૦ ટકા નોકરીઓમાં અનામત છે, ત્યારે આપણા ગુજરાતમાં ઝીરો છે આપણા ગુજરાતીઓને પણ હક્ક હોવો જોઈએ, બીજા રાજયોના યુવાનો અહીંયા આવીને ધંધો રોજગારી કરે છે એમાં ના નથી, આપણો ભારત વિશાળ છે એમાં ગુજરાતી ભાઈઓનો પણ મોટો ફાળો છે અને એમને ધંધામાં, નોકરીમાં ટકાવારીની જાહેરાત કરવી જ પડશે નહીંતો આ નવ યુવાનો અને બેરોજગારોને આતંકવાદ તરફ કે ત્રાસવાદ તરફ જતા રોકવા હોય તો આપણે આ પગલું ભરવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું, આપે ગયા વર્ષે ગુજરાતીઓ માટે ત્રણ લાખના બજૅટની ફાળવણી કરી હતી એમાંથી એક પૈસાનો આજસુધી ખર્ચ થયો નથી. પણ જે એમનું બજાર તૂટી ગયું છે. શાહીબાગની અંદર એને પણ તમે રિપેરીંગ કરાવો તો બહુ છે, લોકોની આસ્થા વધે.

ત્રીજી, ઉર્દૂના વિકાસની વાત કરું, ઉર્દૂમાં આ ખાલી મુસ્લિમ ભાઈઓની ભાષા નથી આ બધા જ ભારત દેશના લોકો ઉર્દૂ ઝબાન બોલે છે. હમણાં થોડા સમય પહેલાં અમદાવાદ શહેરમાં ૯૬ સ્કૂલો છે ઉર્દૂની એમાં ૮૦ ટકા પરિણામ આવે છે. ઉર્દુ ભાષા માટે ઉર્દુ એકેડેમી ચાલે છે. એમાં વિકાસના નામે બિલકુલ ઝીરો છે. આ શરમની વાત છે. જાણે અમે અહીં વસતા જ નથી. બીજા રાજયમાં વસીએ છીએ. હું એક વિનંતી કરુ આવતા વર્ષે હું આવું કે ન આવું ભગવાન જાણે પણ બજેટમાં ફાળવણી કરજો. પશુપાલન કે મરઘાં ઉછેર માટે ફાળવણી કરી છે પણ સો સો વર્ષોથી ગુજરાતમાં મટન માર્કેટ ચાલે છે એની એટલી બધી ખરાબ દશા છે, એના વિકાસની કોઈ વાત કરવામાં આવી નથી. આખા ગુજરાતમાં દરેક શહેરમાં મટન માર્કેટ, ફીશ માર્કેટ મુસ્લિમ લોકો જ ખાય છે એવું નથી. દરેક કોમના ૬૦ થી ૭૦ ટકા લોકો ખાય છે.પશુપાલનનો ધંધો હિન્દુ લોકો કરે છે, વેચવાનું કામ પણ એ કરે છે.એટલે એક તરફી વલણ છે. વિધવા સહાય ૯૨૦૦૦ બહેનોને આપીએ છીએ પણ એમાં તમે સમય મર્યાદા મૂકી છે એક વર્ષની અંદર વિધવા બહેનોએ ફોર્મ ભરી દેવું જોઈએ. એ નાઈન્સાફી છે. એ મુદતમાં વધારો કરવો જોઈએ. સમય મર્યાદા વધારવી જોઈએ. અત્યારે તા.૧-૭થી એવો ઠરાવ મંજૂર થયો છે કે જે બહેનો ૧૮ થી ૪૦ વર્ષની છે એ તાલીમ લેશે અને તાલીમ પૂરી કરી નાખશે તો એમને ૫૦૦ રૂપિયા મહિને પેન્શન આપવામાં આવે છે એ બંધ કરવામાં આવશે. તાલીમ લેશે પણ રોજીરોટી ચાલશે તો ને? ૬૦ વર્ષ સુધી બહેનોને પેન્શન આપવામાં આવે છે એ તાલીમ લે કે ન લે આપવું જોઈએ.

ગોધરા કાંડ વખતે જે ધાર્મિક સ્થળને નુકસાન થયેલું છે જે પણ હોય એ તાત્કાલિક અમલમાં આવે. ત્રણ વર્ષ થયા ગુજરાતમાં અતિ શાંતિ છે. કોઈ જાતનો બનાવ બન્યો નથી. ત્રણ વર્ષથી શાંતિ છે, ધંધા રોજગાર વધી ગયા છે. આખા હિંદુસ્તાનમાં પાંચમો નંબર આવતો હતો એના બદલે ૮ મો, ૯મો નંબર ગયો છે. આપણી નાકામયાબી છે. છેલ્લા ૯ વર્ષથી રાજ કરો છો પણ ગુજરાતનો નંબર આગળ આવતો નથી. ૫૨ સ્ટેટના ધંધો કરતા લોકો અકળાય છે કે અમારા પૈસા પાછા આવશે કે કેમ? ઉત્સવો મનાવી રહયા છો. પતંગ ઉત્સવ, નવરાત્રી ઉત્સવ,

કચ્છ ઉત્સવ એનો કોઈ અર્થ નથી. નાણામંત્રીશ્રીને વિનંતી કરું વકફ બોર્ડમાં બજેટ કાંઈ નથી. લઘુમતિ બોર્ડ છે એની અંદર બજેટની ફાળવણી કરો. એકબાજુ મુસ્લિમ શિક્ષણની વાત કરો છો પણ તમારા તરફથી કોઈ સપોર્ટ નથી, ટેકો નથી.મને એક શેર યાદ આવે છે. *"અબ જરા તાલાબ કા પાની બદલ દો, કે કમલ કે ફૂલ મુરઝાને લગે હૈ"* નાણામંત્રીશ્રીને વિનંતી કે મેં સૂચનો કર્યા છે એમાં ધ્યાન આપે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા રાજયની પ્રજાને રાહત મળે, શિક્ષણને પ્રોત્સાહન મળે અને વેપારનો વિકાસ થાય એ બાબતોને ધ્યાનમાં લઈને શકય તેટલી વેરામાં રાહત મળે એ રીતનું બજેટ લઈને આવ્યા છે, તેને હું આવકારું છું. આ બજેટ શિક્ષણલક્ષી, ખેડૂતલક્ષી અને ગરીબલક્ષી છે. જયારે રાજયમાં માજી મુખ્યમંત્રીશ્રી માધવસિંહની સરકાર હતી ત્યારે આ રાજયમાં ૪૫ ટકા ગરીબ લોકો વસતા હતા.એટલે એ વખતે મધ્યાહન ભોજન યોજના દાખલ કરવી પડી હતી. આજે આ દર ઘટીને ૧૪ ટકા ગરીબીની રેખામાં લોકો જીવી રહ્યા છે, છતાં પણ નાણા મંત્રીશ્રીએ ગરીબીને ધ્યાનમાં લઈને ગરીબો માટેની ચિંતા વ્યક્ત કરી છે, તે આવકારદાયક છે. રાજ્યમાં એર પોલ્યુશન એનાથી બચવા માટે મોટર, રીક્ષા તેમજ ટૅક્સીઓ માટે જે સી.એન.જી. વપરાય છે, તેના ઉપર ૮ ટકા જે વેચાણ વેરો હતો, એમાં મૂકિત આપી છે, એ ખરેખર આવકારદાયક છે.

વીજળી વેરામાં રહેણાંકના ગ્રાહકો તેમજ સિંચાઇના ખેડૂતો માટે ૪૦૦ કરોડની રાહતો આપી છે તેમજ સિનેમાગૃહો, હોટલો, રેસ્ટોરન્ટ તેમજ અન્યમાં ૪૫ ટકા જે દર હતો, તે ઘટાડીને ૩૫ ટકા કર્યો છે, છતાં પણ આ બજેટ ૮૭.૧૪ કરોડની પુરાંતવાળું બજેટ લઈને વજુભાઈ આવ્યા છે. ખરેખર તેમની જેટલી હાઈટ છે, તેટલું ઊંચું બજેટ લઈને આવ્યા છે, તેને આપણે આવકારીએ. છેલ્લા ૧૦ દિવસથી અમારા સાથી વિરોધ પક્ષના ધારાસભ્યો ક્યાંક ઓછું પડે તેમ માગી રહ્યા છે. ભગવાન શિવજીને પ્રાર્થના કે હજુ પણ ૧૫ વર્ષ સત્તા મળશે તો અમારા મુખ્યમંત્રીશ્રી સામેથી પૂછશે કે માગો માગો અમે આપીશું.

આ રાજયમાં છેલ્લા ૧૦ વર્ષમાં રસ્તા થયા. હું દાખલો આપું છું કે વડોદરાથી આજથી ૫ વર્ષ પહેલાં હું આવ્યો તો સાડા ત્રણ કલાક લાગ્યા હતા. આજે બે કલાક લાગે છે અને ફૉર ટ્રેક રોડ, એક્સપ્રેસ હાઈવે જેનાથી અક્સિડન્ટમાં ઘટાડો થયો છે, માનવ કલાક વધ્યા છે, ઈંધણ બચ્યું છે. આ બધી કામગીરી સરકારે છેલ્લા ૫ વર્ષમાં કરી છે, ભારતીય જનતા પાર્ટી સરકાની અદ્દ્ભુત કામગીરી છે. અમારા વડોદરા શહેરની બાજુમાં પાદરા ગામ છે ત્યાંથી શાકભાજી બૉમ્બે જાય. આજથી ૧૦-૧૨ વર્ષ પહેલાં બૉમ્બેમાં તેને ટાઈમસર પહોંચાડવા માટે કાછિયાઓ ૨૫૦/- રૂપિયા આપતા હતા. અત્યારે રોડ સારા થઈ ગયા છે. શાકભાજી સમયસર પહોંચી જાય છે, ત્યારે એ ટેમ્પાની, ટ્રકની લાઈનમાં ઊભા રહીને ૨૫૦ રૂપિયા આપવા પડતા નથી, એટલા સારા રોડ મળ્યા છે એને આવકારવા જોઈએ.

નર્મદાના પાણીની વાત કરીએ તો નર્મદાનું પાણી જે જે વિસ્તારમાં મળ્યું છે, ત્યાં ખેડૂતોના મોં ઉપર લાલી આવી ગઈ છે. અમારા સાવલી તાલુકામાં નર્મદાનું પાણી મળ્યું, એટલે અમારા ખેડૂત પુત્રોએ ૭,૦૦૦ મોટરસાઇકલો ખરીદી અને સાવલી જેવા નાનાં ગામમાં અત્યારે મોટરસાઈકલનાં શો-રૂમો ખુલ્યા છે. નર્મદા અને મહીસાગરના પાણી દરિયામાં વહી જતા હતા, એ પાઈપલાઈન મારફતે કચ્છ સુધી લઈ ગયા અને આપણે ઉનાળામાં પેપરમાં પહેલાં પાને જોતા હતા કે લાઈનો લાગી હોય, માટલા ગોઠવેલા હોય, ટૅન્કરોથી પાણી અપાતું હતું એ દિવસો આ સરકારે દૂર કર્યા છે.

ટપક પદ્ધતિની વાત કરું કે આ બજેટમાં ૧૫૦ કરોડ રૂપિયાની ટપક પદ્ધતિની વાત આવી છે. એક વીઘામાં સાત હજાર રૂપિયાનો ખર્ચ આ ટપક પદ્ધતિમાં થયેલ છે, એમાં ૩૫૦૦ રૂપિયા સબસિડી આપી આનાથી વીજળીમાં, પાણીમાં તેમજ મજૂરીમાં ખેડૂતોને ઘણો જ ફાયદો થવાનો છે અને એનાથી ખેતીનું ઉત્પાદન ડબલ થવાનું છે. આ બધો લાભ મળ્યો છે.

શહેરી વિકાસ વર્ષની વાત થઈ છે, એમાં થોડું કહેવું છે કે જ્યારે નાણા મંત્રીશ્રી એવી વાત કરે છે કે ટાઉન પ્લાનિંગના કાયદામાં સુધારો કરવાની જરૂર છે, તો આ સુધારો આવશે. કારણકે આ ટાઉન પ્લાનરો પોતાની પેન્સિલ જેવી રીતે ફેરવે તેવી રીતે તેનો વિકાસ થાય છે, તે ન થવો જોઈએ. તેનાથી લોકોને નુકસાન થાય છે. તેના લીધે રસ્તા વાંકાચૂકા થાય છે. આ ટાઉન પ્લાનરો પોતાની રીતે કામગીરી કરી રહ્યા છે ત્યારે આ બધા પર રોક લાવવાની જરૂર છે.

બીજું મધ્યાહન ભોજન યોજના ઓ આંગણવાડીની વાત થઈ છે. તેને આવકારું છું. તેમાં માનનીય નાણામંત્રીશ્રીએ ૬૦ કરોડ રૂપિયાનો વધારો મૂકયો છે. પરંતુ આ જે ભોજન અપાય છે તેને તપાસવાની જરૂર છે. બાર રૂપિયે કિલો ખમણ અને બાર રૂપિયે કિલો ઘીનો શિરો વેચાય છે. સાહેબ, અમારા વડોદરા શહેરમાં પાંચ મહિલા મંડળો ચાલે છે. તે પાંચ વર્ષથી બરોડા કોર્પોરેશન નાસ્તો પૂરો પાડે છે. કોર્પોરેશન તેઓને પૈસા આપતું નથી. સરકારે પૈસા તેઓને મોકલેલા છે અને તે તેઓની તિજોરીમાં જમા છે. પરંતુ આ પૈસા નહીં ચૂકવવાના કારણે છેલ્લા ચાર મહિનાથી બાળકોને નાસ્તો મળતો નથી. આ બધાનું આપણે ધ્યાન રાખીએ તેવી મારી વિનંતી છે. માનનીય વજુભાઈએ તેમાં ૬૦ કરોડ રૂપિયાનો વધારો આપ્યો છે. આમ મધ્યાહન ભોજન યોજના અને આંગણવાડી કેંદ્રોમાં બાળકોને ખાવાનું મળે તેનું ધ્યાન રાખીએ અને તેમાં અધિકારીઓ ધ્યાન ન રાખે તો તેઓને કડકમાં કડક સજા થવી જોઈએ. અસ્તુ આભાર.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર લઈને આવ્યા છે તેની અંદર મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર વ્યકિત વિશેષ ચર્ચા થાય તેનો ભલે વાંધો ન હોઈ શકે,પરંતુ જગ્યાએ ગરીબ, આદિવાસીઓ, બક્ષીપંચની ચર્ચા ન થાય તો મને લાગે છે કે તે ઉચિત નથી. સમાજ કલ્યાણ અને વિકાસની વાતો થતી હોય ત્યારે આંકડાની માયાજાળમાં પડવા માગતો નથી. પરંતુ જે વાસ્તવિકતા છે તે તરફ જવા માગું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી અમારા ગામડાની પરિસ્થિતિ અને તેમાં પણ ખાસ કરીને ધરમપુરની પરિસ્થિતિ સારી રીતે જાણે છે. કારણકે પોતે ત્યાં રહ્યા છે. એસ.ટી. બસની જ્યારે વાત કરી છે ત્યારે રાજય વાહન વ્યવહારમાં રીપેરીંગ અને પાર્ટસના અભાવે અમારા આદિવાસી વિસ્તારોના ગામડાઓમાં જે પરિસ્થિતિ ઉભી થઈ છે તે ખરેખર ખૂબ દયનીય છે. સારા સૂત્રો લખ્યા છે તે આવકાર્ય છે. સલામત સવારી એસ.ટી. અમારી. તે બરાબર ન લાગ્યું એટલે હાથ ઊંચા કરો અને બસમાં બેસો. ત્યારે મને કહેતાં દુ:ખ થાય છે કે અમારા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થી ભાઈ-બહેનો, ઉદ્યોગ ધંધા પર જતા કારીગર ભાઈ બહેનો જ્યારે હાથ ઊંચા કરીને બસમાં બેસે છે અને વળી પાછા નીચે ઉતરે છે અને ધકકા મારે છતાં પણ એસ.ટી. ચાલુ ન થાય ત્યારે વિદ્યાર્થીઓ અને આ કારીગર વર્ગ ધંધા રોજગાર પર જઈ શકતો નથી. એટલા માટે કહેવાનું મન થાય કે અમારા આદિવાસી વિસ્તારના ગામડાનો વિદ્યાર્થી શિક્ષણથી વંચિત રહેવા પામ્યો છે. આ બધી બસો ચાલી રહી છે તે સાત લાખ કિલોમીટર ચાલેલી બસો છે. ટાટા કંપનીનું પણ કહેવું છે કે આ રિજેકટ થયેલી બસો છે. ફેંકી દેવામાં આવે તેવી બસો અમારા આદિવાસી વિસ્તારમાં ચલાવવામાં આવે છે. તેના લીધે ખાનગી વાહનોની અંદર મુસાફરો મરવાના વાંકે મુસાફરી કરી રહ્યા છે. તેના લીધે અકસ્માત થાય છે અને લોકો મૃત્યુ પામે છે. તેની નોંધ સરકાર લેતી નથી. મને એવું લાગે છે કે આંખ આડા કાન કરીને આ જીપો અને ટેમ્પાઓ ચાલી રહ્યા હોય ત્યારે અમારા આદિવાસી ભાઈઓ જે મરી રહ્યા છે એ તો સરકારના ધ્યાન ઉપર હશે. આ બજેટમાં પાટનગરની અંદર સીએનજી બસો ચાલે એમાં અમારો કોઈ વાંધો નહીં પણ અમારા ગામડાંની અંદર, જંગલોની અંદર સારી બસો ચાલે એવું ઘટતું કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામસભાની વાત કરું તો આ સરકાર ગ્રામસભાઓની સિદ્ધિઓ વર્ણવતાં થાકતી નથી બિચારો સરપંચ ગામડાંની ગાળો ખાતાં થાકતો નથી, ગ્રામસભામાં કેટલા અધિકારીઓ આવે છે એ તો અહીં બેઠેલા માનનીય સભ્યશ્રીઓ જાણે છે, કેટલા ધારાસભ્યશ્રીઓ આવે છે કે બધા પ્રશ્નો એકસાથે હલ થઈ શકે, ઓન પેપર સબ સલામત છે, એના આંકડા આપણે વાંચતા હોઈએ છીએ પણ ગામડાંની અંદર જે પરિસ્થિતિ છે કદાચ એકાદ અધિકારી આવે, એ સિવાય કોઈ ગ્રામસભામાં જતું નથી. ૮ કિલોમીટરનો જે કાયદો હતો એ તો આ સરકારે કાઢી નાખ્યો છે અને જે આદિવાસીઓની પરિસ્થિતિ આજે થઈ છે એમાં વલસાડ જિલ્લાની વાત કરું તો, આ આઠ કિલોમીટરનો કાયદો કાઢી નાખવાથી વલસાડના આદિવાસીઓની જમીન છીનવાઈ ગઈ છે. હું મુદ્દા આધારિત કહેવા માગું છું કે આદિવાસીઓની જગ્યાએ, મને ખબર નથી પડતી કે ૭૩(એએ)ની કલમ કેવી રીતે નીકળી જાય છે? એની અંદર દશમાળી બિલ્ડીંગ બની ગયા છે. ત્યારે હું એમ માનું છું કે, આ સરકાર એક જ ઇચ્છે છે કે આદિવાસી કયાં પૂરો થઈ જાય? ખેડૂતો મટી રહ્યા છે. આ હું ખાતરીપૂર્વક કહેવા માગું છું કે જ્યારે ૭(૧૨)ની નકલ કોંગ્રેસના રાજયમાં પચીસ પૈસામાં મળતી હતી અને કેટલાક સંજોગોમાં તો અમારા તલાટી કમ મંત્રીઓ માત્ર આમ જ આપી દેતા, અત્યારે ૭(૧૨)ની નકલ મેળવવા માટે આદિવાસીઓની કેવી સ્થિતિ ઊભી થઈ છે કે પચાસ સાઈઠ કિલોમીટર દૂર મામલતદારની ઑફિસે આ સાત બારની કોપી લેવા માટે આદિવાસી જાય છે અને મામલતદાર ઑફિસે લાઈનમાં ઊભો રહે અને બિચારો ત્રણ ચાર કલાક ઊભો રહે પછી એ ૭(૧૨)ની નકલ મેળવે ત્યારે આ ૭(૧૨)ની નકલની અંદર અનેક જાતની અસંખ્ય ભૂલો હોય છે, ભૂલોની ભરમાર એમાં જોવા મળે છે. ત્યારે હું આ તબક્કે એવી વિનંતી કરું છું કે, કમસેકમ અમારા ગામડાંઓની અંદર આદિવાસી જે મામલતદાર ઑફિસ સુધી જાય છે ત્યારે એને ૭(૧૨)ની નકલ મળતી હોય છે તો એની અંદર કંઈક સુગમતા લાવે.

માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધીની વાત કરું તો હમણાં જે નશાબંધી અંગે જે વિધેયક આ ગૃહમાં આવી ગયું પણ એનો ખૂબ અભ્યાસ કર્યા પછી એવું લાગે છે કે, ખરેખર આદિવાસીનો એમાં વિચાર નથી કર્યો, આદિવાસીઓનો ખ્યાલ રાખ્યો હોત તો આ છૂટછાટ આપવાની જે વાત આવી છે એ છૂટછાટ મૂકવાની વાત ન આવી હોત.

શિક્ષણની વાત કરું તો ખાનગી શાળા આપવાનો કોઈ નિયમ છે ખરો? ખાનગી શાળા આપવામાં આવે એ પણ ૫૦૦ મિટરની બાજુમાં આપવામાં આવે ત્યારે એન.ઓ.સી. લેવામાં આવતી નથી. જોગવાઈ છે, શિક્ષણના કાયદામાં જોગવાઈ છે કે જ્યારે ૫૦૦ મીટરની બાજુમાં જ્યારે બીજી શાળા આવતી હોય ત્યારે એને બાજુની અન્ય શાળાઓની એન.ઓ.સી. લેવી,પરંતુ માત્રને માત્ર આ શિક્ષણ પાછળ સરકારનો એક જ આશય વેપારીકરણનો છે. એ ખાતરીપૂર્વક કહેવા માગું છું, આ જો આમ ન થાય તો ચોક્કસ એનઓસી લેવામાં આવે.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૫-૨૦૦૬નું બજેટ આદરણીય નાણામંત્રીશ્રી લઈને આવ્યા છે ત્યારે હું એને મારું અનુમોદન આપું છું. એટલા માટે સમર્થન આપું છું કે, ગુજરાતના પ્રણેતા અને સ્વપ્નદષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના વિકાસની કેડી કંડારવા માટે પ્રયત્ન કર્યો છે. આ બજેટમાં હું એના માટે મારી વાત, મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય ડો.દિનેશભાઈ પરમાર બોલતા હતા કે ગરીબો જલદી દવા ન મળવાના કારણે મરી જાય છે. ત્યારે મારે કહેવું છે કે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ એક નવો ચીલો ચાતર્યો છે અને એમના રાહત ફંડમાંથી હોસ્પિટલમાં એકસીડન્ટના કેસો આવે છે ત્યારે ૨૫ થી ૩૦ હજારની મળવાપાત્ર રકમ માત્ર ૧૨ થી ૧૩ દિવસમાં મળી જાય છે આ કામ ભાજપની આ ગુજરાત સરકારે કર્યું છે પહેલાં ૬-૬ મહિના સુધી રાહત ફંડના પૈસા મળતા ન હતા. ડો.દિનેશભાઈ, બોલ્યા દર્દી મરી જાય છે, આ બહુ દુ:ખની વાત છે કે તેઓ સાચી વાત સ્વીકારવા માટે તૈયાર નથી.

સરકાર સિંચાઈના ક્ષેત્ર માટે જળસિંચાઈ યોજના અંગે ૨૯૮૩ કરોડ જેવી રકમ લાવી છે અને જળસિંચાઈ યોજના એટલા માટે વિકસિત થવાની છે કે, આખા ગુજરાતમાં એ બેકારી દૂર કરવાની છે. આ ગુજરાત સરકાર જળસિંચાઈ બાબતે કોઈ પણ કામમાં એક ટકો પણ પાછળ નથી રહી. જ્યારથી ભાજપની સરકાર ગુજરાતમાં બની છે, ત્યારથી પાણીનું એક એક ટીપું જે કુદરતે વરસાદરૂપે આપ્યું છે એનું એક એક ટીપું કઈ રીતે રોકવું અને લોકો સુધી પહોંચાડવું એના માટે સતત ચિંતા કરતી આ સરકારનો સિંચાઈ બાબતમાં ગુજરાતનો આગવો રેકર્ડ થયો હશે, આ રેકર્ડ ભારતના ઈતિહાસમાં લખાયો હશે. ચાલુ સાલે નર્મદાની મુખ્ય નહેરો માટે ૯૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફળવાયું છે. હું માનું છું કે, જે વિસ્તારો વર્ષોથી નર્મદાના પાણી માટે રાહ જોઈ રહેલા અમારા ખેડૂત મિત્રોને એક મોટો લાભ થવાનો છે, એ એટલા માટે થવાનો છે કે, આ યોજના જુન મહિના સુધીમાં મોટા ભાગની નહેરોનું કામ પૂરં થવાનું છે. આટલું મોટું બજેટ નહેરો માટે આપ્યું હોય, સિંચાઈ માટે આપ્યું હોય, રોડ માટે આપ્યું હોય, ગ્રામીણ વિકાસ માટે આપ્યું હોય, ખેડૂતો માટે આપ્યું હોય ત્યારે કહે છે કે બજેટમાં ગ્રામીણ વિકાસ માટે કંઈ જ નથી.

કૃષિમંત્રીશ્રી ખેતી માટે બજેટ લઈને આવ્યા છે એમાં હું કહેવા માગુ છું કે, હમણાં જ થોડા સમય પહેલાં કલોલ જતા અસોડિયા કરીને એક ગામ છે ત્યાં હું ડ્રિપ ઈરિગેશન પધ્ધતિ જોવા ગયો હતો, ૩૦ વિઘાનું એમનું ફાર્મ છે એ ફાર્મમાં ૩૦ વિઘામાં એમને ૨૦ લાખની ચોખ્ખી આવક આવી છે. ૫ લાખનો ખર્ચ કાઢતા ૧૫ લાખનો ચોખ્ખો નફો થયો છે. મારા કોઈ મિત્રોને કદાચ એ જોવું હોય તો હું એમને સાત વાગ્યા પછી જોવા લઈ જઈશ. ત્યાં તેમણે એક સરસ મજાનું મકાન પણ બનાવ્યું છે. આ ડ્રિપ ઈરિગેશન પધ્ધતિથી આટલો મોટો ખેડૂતોને લાભ થયો છે. એક એક ખેડૂત જયારે ગુજરાતનો નવસર્જન તરફ જઈ રહ્યો હોય ત્યારે મારા મિત્રો વાત કરે છે બેકારી છે.

મારા જિલ્લાના ધારાસભ્યશ્રી ચાવડા બોલ્યા હતા કે, ભણવાની દૃષ્ટિએ આપણે ખૂબ જ પાછળ છીએ. હું એમને જ પૂછું છું કે, એમની છાવણીમાં કેટલી સ્કૂલો છે? સરકારની ગ્રાન્ટથી ચાલતી સ્કૂલોમાં હજારો વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે અને એ ખૂબ સારી રીતે ચાલે છે. હું એની ટીકા નથી કરતો એને સમર્થન આપું છું. કયા આધારે વાત કરે છે કે, શિક્ષણ ક્ષેત્રે સરકાર પાછળ રહી છે. મારે એટલું પણ કહેવું છે કે, શિક્ષણ જગતમાં ૮૦ હજારથી વધારે શિક્ષકોની ભરતી અમારા શિક્ષણ મંત્રીશ્રીએ કરી છે. એમાં અનામતની ટકાવારીની દૃષ્ટિએ જોવા જઈએ તો ૬ હજાર શિક્ષકો દલિત સમાજના આવે પણ સરકારે એક નવો રાહ ચિંધ્યો છે એ મુજબ મેરિટ લિસ્ટના આધારે શિક્ષકોની નિમણૂક કરી એના કારણે ૧૦ હજારથી વધારે શિક્ષકો દલિત સમાજના વિદ્યાસહાયકોમાં નિમણૂક પામ્યા છે અને કેટલાક તો કાયમી થઈ ગયા છે અને પૂરો પગાર મળતો થયો છે. જો કદાચ અનામતના આધારે ટકાવારી આપી હોત તો સાત ટકાથી વધારેની ભરતી ન કરી શકયા હોત. સરકારે ખુલ્લું દિલ રાખી મેરિટ પ્રમાણે લીધા અને એને કારણે આજે ૧૦ હજારથી વધારે શિક્ષકો ભરતી થઈ શકયા છે. મારે વિરોધ પક્ષને કહેવું છે કે, દલિત સમાજ માટે આ સરકાર કંઈ નથી કરતી એમ કહો છો તો તમે આંકડા જુઓ અને આંકડા માગો કે કઈ શાળામાં કેટલા શિક્ષક દલિત સમાજના નોકરી કરે છે? આ આંકડા બતાવે છે કે, સરકાર એક પછી એક દલિતોની જગ્યાઓ હોય કે આદિવાસીઓની જગ્યાઓ હોય કે એ ક્ષેત્રનું બીજું કામ હોય એ આગળ વધારી રહી છે.

માનનીય મંત્રીશ્રી આઈ. કે. જાડેજા જે રોડ ખાતાનું બજેટ લઈને આવ્યા છે, એમાં બોલવા માગું છું. પ્રગતિપથ, હમણાં જ એમણે નોન પ્લાનના રસ્તાની વાત કરી. નોન પ્લાનના રસ્તાઓ છેલ્લા ૨૫ વર્ષથી એવી હાલતમાં પડયા હતા કે રોડનું અસ્તિત્વ જ ન હતું. ત્યાં આગળ એમણે ૧૫ લાખની જાહેરાત કરી છે અને એ પ્રમાણે જોગવાઈ કરીને જુન મહિના પહેલાં રસ્તાઓ પૂરા કરવાની વાત કરી છે. અગાઉ આ રસ્તાઓ મંજૂર થયા પછી પાંચ-પાંચ, સાત-સાત વર્ષ સુધી આ રોડનું કામ ચાલુ નહોતું થતું, ત્યારે આજે રોડ નંબર મળ્યા નથી કે ૧૫ દિવસમાં કામ ચાલુ થઈ જાય છે. આટલી સરસ મજાની રોડ ખાતાની યોજના છે, ત્યારે એકે એક રોડનું કામ નવસાધ્ય થઈ રહ્યું છે. તમે અંબાજી જાવ, દ્વારકા જાવ, રાજકોટ જાવ, છેક ડિસાથી મુંબઈ સુધી પહોંચો તો બધે જ ફોરલેન્ડ રોડ બની ગયા છે. એકસપ્રેસ હાઈવેનું તમે ઉદ્દઘાટન કર્યું હતું, મારા મિત્રોએ, મારા વડિલોએ કર્યું હતું પણ પછી વર્ષો સુધી એ રોડ પડી રહ્યો. ઉદ્દઘાટન થઈ ગયું, ખાતમુહૂર્ત થઈ ગયું પણ રોડ કોણે ચાલુ કર્યો? આ રોડ અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે વર્ષો સુધી પડી રહ્યો. એકસપ્રેસ હાઈવે એક્સપ્રેસ હાઈવે... એક્સપ્રેસ હાઈવે દર વિધાનસભા વખતે ગૃહમાં બજેટ વખતે ઉંચો થાય, પાછો બેસી જાય, ઉંચો થાય અને બેસી જાય, આ સરકારે કામ પૂરું કર્યુ છે. એમણે એ સ્વીકારવું પણ પડ્યું છે. ગુજરાતની સરકારે રોડનું હોય, સિંચાઈનું હોય, કૃષિનું ક્ષેત્ર હોય, શિક્ષણનું ક્ષેત્ર હોય (અંતરાય) છેતરાવાની વાત તો તમે કરો છો અમારા દિનેશભાઈ વાત કરતા હતા રાંધણગેસની, આ સરકાર આવ્યા પછી સાત મહિનામાં રાંધણગેસના બાટલા દૂર થઈ ગયા, પહેલાં રસ્તા પર મળતા હતા લારીઓવાળા રસ્તા પર ઉભા રહેતા હતા, તમારા ઘરમાં રાંધણગેસ થઈ રહે તો રસ્તા પર મળતો હતો

પણ આ તમારી યોજના છે તમારું કરેલું તમારી સામે આવીને ઉભું છે. માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એ સર્વાંગી વિકાસ માટે, દલિતો માટે, ગરીબો માટે, આદિવાસીઓ માટે છે અને કોઈપણ ગામડાના માણસને રોજી ન મળે એવું નથી, દરેકને રોજી મળે એ માટેની યોજનાઓ લઈને આવ્યા છે, એને મારું પૂરેપૂરું સમર્થન આપું છું. બજેટ ગરીબલક્ષી, વિકાસલક્ષી, ગુજરાતને નવી કેડી ચીંધીને ગુજરાત ધમધમતું બને એના માટેનું આ બજેટ છે એ બજેટને હું મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રીશીવજીભાઈ ક. આહીર (ભૂજ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય ગૃહમાં જે બજેટ લઈને આવ્યા છે ત્યારે એ અંગે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ બજેટ નથી તો ખેડૂતલક્ષી, નથી તો ગરીબલક્ષી, આજે ખેડૂતો માટેની, ગરીબો માટેની આ ગૃહમાં ખૂબ વાતો કરવામાં આવી.

**(માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

સરકારની સિદ્ધિઓની પ્રસંશા કરવામાં આવી. આજે ખેડૂતોને માત્રને માત્ર છ કલાક જ્યારે વીજળી મળતી હોય ત્યારે ખેડૂતો પોતાની ખેતી કઈ રીતે કરી શકે, એમાં કેટલોય એવો વિસ્તાર છે કે જ્યાં છ કલાક પણ પૂરા વોલ્ટેજ મળતા નથી. આના કારણે ખેડૂતને પોતાનું ગામ છોડીને વાડી ઉપર પોતાનું રેસિડેન્સ કરીને રહેવું પડે છે. આજે જ્યોતિગ્રામ યોજનાની વાત કરી, આ ખેડૂત જ્યારે વાડી પર રહેતો હોય ત્યારે સિંગલ ફેઝની અંદર લાઈટ આપવામાં આવતી ન હોય તો આ ખેડૂતે કયો ગુનો કર્યો છે. આજે દશ વર્ષમાં ઉત્પાદન ખર્ચમાં બસો થી અઢીસો ટકાનો વધારો થયો છે. રાસાયણિક ખાતર હોય, જંતુનાશક દવા હોય એના ભાવો અને ડિઝલના ભાવો તો આસમાને પહોંચી ગયા હોય તો ખેડૂત કઈ રીતે ખેતી કરે અને બસોથી થી અઢીસો ટકાનો ઉત્પાદન ખર્ચમાં જ્યારે વધારો થતો હોય એની સાથે જ્યારે ઉત્પાદન થયેલા એના પાકમાં માત્રને માત્ર પંદરથી વીસ ટકાનો ભાવ વધારો આજે છેલ્લા દશ વર્ષમાં થયો હોય ત્યારે ખેડૂત પોતાની ખેતી કઈ રીતે કરી શકે. આ સન્માનનીય ગૃહના સૌસભ્યશ્રીઓ જાણે જ છે. હવે ખેડૂતોને અત્યારે પડ્યા પર પાટું મારવા જેવું છે, આજે લાઈટ બંધ થતી હોય ત્યારે ખેડૂત પોતાનું ગુજરાન કઈ રીતે ચલાવે છે એ પણ અત્યારે આ ગૃહમાં ઘણા ખેડૂતો બેઠેલા છે એ જાણે જ છે. પાણીની વાત કરું તો આ પાણી એ સમાજનો એક પ્રાણપ્રશ્ન છે. ૩૯૪ કરોડના ખર્ચે કચ્છમાં નર્મદાના પાણીની લાઈનનું કામ શરૂ કરવામાં આવ્યું, આજે કચ્છમાં કેટલાય ગામડાઓ એવા છે ત્યાં ટેન્કરોથી પણ પાણી મળતું નથી આઠ દિવસમાં માત્ર એકવાર પાણી મળે છે. આ પાણીની પરિસ્થિતિમાં મારા સાથીમિત્રોએ વાત કરી, વિદ્વાનમિત્રોએ વાત કરી કોંગ્રેસના સમયમાં આયોજન નહોતું, આગોતરું આયોજન કરવામાં આવતું નહોતું પરંતુ જો આગોતરું આયોજન કરવામાં આવતું હોય તો ઉનાળો આવવાનો હજી બાકી છે અને શિયાળામાં પાણીની જો આ પરિસ્થિતિ હોય તો આપના મારફતે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની કે કચ્છમાં પાણીના પ્રશ્ન માટે આગોતરું આયોજન કરે અને ઉનાળા સુધી પાણીની વ્યવસ્થા કરે.

આરોગ્યની વાત કરું તો ભુજમાં વડાપ્રધાનના ફંડમાંથી ૧૩૦ કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન હોસ્પિટલ બનાવવામાં આવી બે વર્ષ અગાઉ વડાપ્રધાન અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે એનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું, મેડિકલ કોલેજની પણ જાહેરાત કરવામાં આવી પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આ હોસ્પિટલમાં પંદર એમ.બી.બી.સી. ડોકટરો, પાંચ સ્પેશ્યાલિસ્ટ ડોકટરો, પચાસ નર્સો અને ચાલીસ અન્ય સ્ટાફ, આ સ્ટાફની ભરતી ન થવાના કારણે આ હોસ્પિટલના કરોડો રૂપિયાના સાધનો કાટ ખાતાં હોય ત્યારે આ વ્યવસ્થા જો સરકાર ન કરે તો કચ્છની હોસ્પિટલ જે બનાવવામાં આવી છે એનો કોઈ મતલબ રહેતો નથી. આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જેમબનેતેમ જલ્દી કચ્છની હોસ્પિટલમાં વહેલામાં વહેલી તકે આ વ્યવસ્થા થાય અને હોસ્પિટલ શરૂ થાય તે જરૂરી છે. હજુ ડોકટરો આવ્યા નથી તેની વાત છે.

શિક્ષણની વાત કરું તો કચ્છમાં કચ્છ યુનિવર્સિટી શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટી આપી પણ જ્યાં યુનિવર્સિટી પછી કુલપતિની નિમણૂંક આજ દિન સુધી કરવામાં આવી ના હોય આજે જ્યારે પ્લેન ઉપાડવાની વાત થાય અને તેમાં પાયલોટ ના હોય અને આપણે ગમે તે ડ્રાયવરને બેસાડી દઈએ તો તેમાં મુસાફરી કરનાર મુસાફરોની હાલત શું થાય? એ હાલત આજે કચ્છની યુનિવર્સિટીની છે. આ હાલતમાંથી કુલપતિની વહેલામાં વહેલી તકે નિમણૂંક થાય એવી કચ્છના તમામ શિક્ષણ જગતની માંગ છે. અમારી સૌની માગણી અને લાગણી છે.

સહકાર ક્ષેત્રે કહું તો રાજયની સંપત્તિના લાભો સમાજના નબળા અને કચડાયેલાં વર્ગ સુધી પહોંચાડી તેમનાં આર્થિક વિકાસમાં સહભાગી બનવા માટેનું એક માત્ર માધ્યમ હોય તો આ સહકારી પ્રવૃત્તિ છે અને સહકારી પ્રવૃત્તિ દિન-પ્રતિદિન નબળી પડતી જાય છે. આજે કચ્છની વાત કરું તો, ડેરીઓ શરુ કરવાની વાત થઈ. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં શરુ કરવાની સરકારે વાત કરી પણ કચ્છમાં પણ એક દૂધ ડેરી બંધ છે તે જેમ બને તેમ વહેલામાં વહેલી તકે શરુ થાય એવી આપના મારફતે હું વિનંતી કરું છું. જેના કારણે આજે કચ્છના પશુપાલકોને રોજી રોટી મળી રહે તે માટે ડેરી વહેલામાં વહેલી તકે શરુ થાય એવી આપ સાહેબને વિનંતી કરું છું.

અમારો કચ્છનો ભૂકંપગ્રસ્ત વિસ્તાર જ્યારે ભુજમાં પરિસ્થિતિ એ છે એપાર્ટમૅન્ટમાં હજારથી પંદરસો દુકાનદારો આજે ૪-૪ વર્ષથી તેમને કોઈ પેકેજ જાહેર કરવામાં આવેલ નથી. આ દુકાનદારો ભૂખમરા તરફ દ ્રસડાઈ રહ્યા હોય ત્યારે ખરેખર તેને પૅકેજ જાહેર કરવું જોઈએ. તેને દુકાન માટે બીજી વ્યવસ્થા કરી દેવી જાઈએ. ૧૨૦૦ થી ૧૫૦૦ કુટુંબો એવાં છે જે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા હતા તેમને સરકારે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં તેમનાં છાપરાં બનાવી આપેલાં પણ આજે ચાર ચાર વર્ષથી તેમને કોઈ પલોટ ફાળવવામાં આવ્યા નથી કે સરકારે તેને કોઈ

પેકેજ આપવામાં આવ્યું નથી. ચાર વર્ષ પછી તેમનાં છાપરાં પાડી અને રસ્તા બનાવવાના બહાને તેમને ખાલી કરાવવાની જ્યારે વાત આવી હોય તો એ પણ ભારતના, ગુજરાતના નાગરિક છે. આપણા મતદારો છે તે રીતે પણ તેમને સ્થાન આપી તેમને મકાનો બનાવી આપવાની વાત જ્યારે આવતી હોય ત્યારે સરકારનો એક ફરજના ભાગરૂપ આવે છે તેમાં પણ સરકાર તેમની વ્યવસ્થા કરે એવી મારી માગણી અને લાગણી છે. જ્યારે ચોમાસામાં પાણી ભરાતું હોય તે વિસ્તારમાં ત્યારે ગટરનો પ્રશ્ન હોય છે ત્યારે એ નીચાણવાળા વિસ્તારને ઉપર ખસેડી અને ઉપર મકાનો બનાવીને તેમને વ્યવસ્થા કરાવી દેવામાં આવે તો તે સરકારે એક સારું કામ કર્યુ ગણાશે. રોજી રોટીની જ્યારે વાત કરીએ ત્યારે કચ્છમાં કેટલોય વિસ્તાર એવો છે દુષ્કાળગ્રસ્ત જેમાં ચોમાસામાં વરસાદ બિલકુલ પડેલો નથી તે વિસ્તારમાં અછત જાહેર કરવી જોઈએ અને તાત્કાલિક ધોરણે અછતનાં કામ શરુ કરાવવા માટે આપના મારફતે માનનીય મંત્રીશ્રીઓને હું વિનંતી કરું છું. આજે પાણીનો પ્રશ્ન હોય, અછતનો પ્રશ્ન હોય તમામ પ્રશ્ને તાકીદનાં પગલાં લઈને દુષ્કાળ જાહેર કરી અને ઘાસની, પાણીની વ્યવસ્થા કરાવે અને રોજી રોટીની વ્યવસ્થા કરાવે એવી આપના મારફતે વિનંતી કરું છું. મારા મત વિસ્તારમાં બન્ની એવો વિસ્તાર છે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેરકોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં અગિયારમી વખત સતત બજેટ લઈને સફળ નાણામંત્રીશ્રી તે જે વિકાસ લક્ષી અને પુરાંતવાળુ બજેટ લઈને આવ્યા છે, તેને હું આવકારું છું તેમાં મારા વિચારો વ્યક્ત કરી રહ્યો છું. જે રાજયનું શિક્ષણનું સ્તર ઉંચુ હોય તેનો વિકાસનો દર પણ ઉંચો રહે છે. તેને ધ્યાનમાં લઈ માનનીય મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણને પ્રાધાન્ય આપી અને નીચલા વર્ગ સુધી શિક્ષણનો વ્યાપ વધે તે માટેના પ્રયત્નો ચાલુ કર્યા છે. તમામ વર્ગમાં અને સમાજમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધે તે માટેના શાળાના નવા ઓરડા બનાવવા, શિક્ષકોની ભરતી કરવી, બાળ મંદિરો ઉભાં કરવાં, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચ ટૅક્નીકલ શાળાઓ, કૉલેજો, છાત્રાલયોનું નિર્માણ કરી અને આગામી આવતી ભાવિ પેઢીનું નવું નિર્માણ થાય તે માટેનાં શિક્ષણ વિભાગ દ્વારા જે પગલાં લીધાં તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ અભિનંદન આપું છું. હું એક શહેરમાંથી આવતા ધારાસભ્ય તરીકે જયારે શહેરી વિકાસની વાત હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ આગામી વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે જે ઉજવવાનું નક્કી કર્યુ છે. તેના લીધે ૪૫ વર્ષથી આ ઉપેક્ષિત થયેલ ક્ષેત્રમાં જે વિકાસ માટેના ભગીરથ પ્રયત્નો શરુ થઈ રહયા છે, ગુજરાતની ૫૦ ટકા વસતિ આગામી વર્ષોમાં શહેરોમાં રહેવાની હોય તેવા સમયે શહેરી વિકાસ માટે આ ગુજરાતની ૫૦ ટકા પ્રજા માટે નવા જીવનનો સંદેશો લઈને આવ્યા છે, શહેરી વિકાસ અંતરંગ ૪૦ થી વધુ જુદા જુદા મુદ્દાઓ આવરી લઈને રોડ, લાઈટ, પાણી, ગટરની સુવિધા, પર્યાવરણને લગતી સુવિધા, સાંસ્કૃત્તિક ઓળખ અને પારદર્શક વહીવટ વગેરે સુધારા કરવા માટે રાજય સરકારે નિર્ણય કર્યો છે તેને આવકારું છું.

ગુજરાતે છેલ્લા દસ વર્ષથી વેપાર, ઉદ્યોગે જે હરણફાળ ભરી છે તેણે ઈતિહાસ સર્જયો છે. પહેલાંના વખતમાં વેપાર ઉદ્યોગના એમ.ઓ.યુ. કરવા માટે બીજા રાજયોમાં કે બીજા દેશોમાં જવું પડતું હતું. પહેલાંના વખતના માનનીય મુખ્ય મંત્રીશ્રીઓ માત્ર ફોટા પડાવી ટી.વી. ચેનલોમાં આવી અને એમ.ઓ.યુ. કરતા હતા. આ માનનીય મુખ્ય મંત્રીશ્રીને ખૂબ અભિનંદન આપું છું કે તેમણે આ ગુજરાતના ગૌરવને, ગુજરાતની સંસ્કૃત્તિને અંદર સાંકળીને બીજા રાજયો અને બીજા દેશોમાંથી વેપારી આલમનાં લોકોને, ઉદ્યોગના લોકોને ગુજરાતમાં નોતરી અને ગુજરાતની સંસ્કૃત્તિ સાથે જોડી અનેવેપાર ઉદ્યોગના એમ.ઓ.યુ. કર્યા છે. અને એ રીતે ૧ લાખ ૬૬ હજાર કરોડના એમ.ઓ.યુ. કર્યા એ એક ઐતિહાસિક કહી શકાય તેવું કામ કર્યુ છે. અમદાવાદ એ કાપડ ઉદ્યોગ માટે માન્ચેસ્ટર કહેવાતું હતું. પણ કોંગ્રેસીના શાસન વખતે વહીવટકર્તાઓએ આ કાપડ ઉદ્યોગ પ્રત્યે ઓરમાયું વર્તન રાખવાથી ૬૦ થી પણ વધુ મિલો બંધ થઈ ગઈ. તેના કારણે આ ૬૦ મિલોના કામદારો, ગરીબ જનતા બેરોજગાર બની ગઈ છે. આને કારણે સમગ્ર અમદાવાદ શહેર મરણપથારીએ પડયું છે ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અને માનનીય નાણા મંત્રીશ્રીએ પોતાની દીર્ઘદૃષ્ટિ રાખી અને અમદાવાદ શહેરને ફરીથી જીવંત કરવા માટે પ્રયત્નો કરેલા છે. એપેરલ પાર્ક અને જેમ્સ એન્ડ જવેલરી જેવા ઉદ્યોગો અમદાવાદમાં લાવી અને હજારો-લાખો લોકોને રોજગારી આપવાની વાત પણ કરી છે તેને આવકારું છું.

મારા ઘણા મિત્રોએ અનુસૂચિત જાતિના લોકો માટેની વાત કરી છે. છેલ્લા ૩૫ કરતાં પણ વધુ વર્ષોથી પછાત રહેલા એવા અનુસૂચિત જાતિના કલ્યાણ અર્થે રૂા. ૧૦૨.૭૮ કરોડની જે જોગવાઈ કરવામાં આવી છે, તે બહુ મોટી વાત છે. અનુસૂચિત જાતિના કલ્યાણ માટે આટલી રકમ કયારેય બજેટમાં ફળવાઈ નથી. આજે વિરોધપક્ષના મારા સભ્યશ્રીઓ, દલિત સમાજના સભ્યશ્રીઓ આનો વિરોધ કરે છે તેનું મને દુ:ખ થાય છે. આ સમાજ માટે આટલી મોટી રકમ ફળવાતી હોય અને કલ્યાણ માટે, વિકાસ માટેની વાત થતી હોય ત્યારે દલિત સમાજના મારા સાથી મિત્રો તેની હાંસી ઉડાડે તે બહુ દુ:ખની વાત છે. આ અનુસૂચિત જાતિના વિકાસ માટે અને શિષ્ય વૃત્તિ માટેની જોગવાઈઓ થઈ છે.

બીજી હું કાયદો અને વ્યવસ્થાની વાત કરવા માગું છું. આ ગુજરાતની પ્રજાને સમગ્ર દેશમાં બદનામ કરવાની પ્રવૃત્તિ કરનારા કેટલાંક પરિબળો છે, આજે માનનીય ફારૂકભાઈએ નિવેદનમાં કહયું કે લઘુમતિના લોકો ગુજરાતમાં સલામત છે, તેનો અર્થ એ થયો કે અહીં એ લોકો સહીસલામત છે. ગુજરાત માટે જે લોકો એવી વાતો કરે છે તેમને હું વિનંતી કરું છું કે અમદાવાદના આશ્રમ રોડ કે સી.જી.રોડ ઉપર રાત્રે એક કે દોઢ વાગ્યે બહેન દીકરીઓ કોઈ પણ જાતના ડર વગર ફરી શકે છે. તેનો અર્થ એ થાય કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગુજરાતમાં

ઘણી સારી છે, આજે ગુજરાતને બદનામ કરનાર લાલુ જેવા પરિબળોને બિહારમાં લોકોએ જવાબ આપી દીધો છે. ગુજરાતની પરિસ્થિતિ બિહાર જેવી નથી, કાયદો અને વ્યવસ્થાની સારામાં સારી પરિસ્થિતિ સમગ્ર ગુજરાતમાં છે. અને સમગ્ર હિન્દુસ્તાનમાં સૌથી સારી સ્થિતિ આજે ગુજરાતમાં છે. હું માનનીય સભ્યશ્રીને વિનંતી કરું કે જ્યારે ગુજરાતના વિકાસની વાત હોય ત્યારે આપણે સૌ આ ગૃહના તમામ સભ્યશ્રીઓ સાથે મળી અને તેને વધાવી લેવી જોઈએ. વિરોધ ન કરવો જોઈએ. સૂચન કરો, સૂચન કરવાનો હકક છે. આ બજેટમાં સૌથી મોટી બે વાત છે, એક સફાઈ કામદાર માટે જોઈએ તો આજે સફાઈ કામદાર માટે અલગ બજેટની જોગવાઈ કરવામાં આવી છે. આવા સફાઈ કામદાર એ એવા લોકો હોય છે કે ધમાલ થઈ હોય કે કોઈપણ આફત આવી હોય કે કુદરતી કે માનવ સર્જીત આફત હોય ત્યારે દિવસ રાત જોયા વગર શહેરમાં સફાઈ થાય તે માટે પોતાના ઘરની પણ ચિંતા કર્યા વગર સફાઈ કામમાં જોતરાય છે, આપણા શહેરને સ્વચ્છ રાખે છે. ત્યારે તેના માટે પણ જોગવાઈ કરી છે તે બદલ નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ૧૧મી વખત અંદાજપત્ર રજૂ કર્યુ છે, ત્યારે એ અંદાજપત્ર ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

હું જે આદિવાસી વિસ્તારમાંથી વિસ્તારમાંથી ખાસ કરીને આવું છું. આ સરકારે ૨૦૦૫-૨૦૦૬માં આદિવાસીઓની ૧૫ ટકા વસતિ માટે ફક્ત ૪.૪૫ ટકાની જ જોગવાઈ કરી છે એ ઘણી જ ચિંતાજનક છે. અગાઉના વરસો કરતાં ચાલુ વર્ષના અંદાજપત્રમાં ટ્રાયબલ એરિયા સબ પ્લાન અને ગુજરાત પૅટર્નમાં જોગવાઈ વધારે થયેલ છે. પરંતુ વર્ષને અંતે આ રકમ પૂરેપૂરી વપરાય અને આદિવાસીઓના વિકાસના કામમાં વપરાય એના ઉપર કાપ ન આવે તેવી મંત્રીશ્રીને વિનંતી કરુ છું.

અહીંયા સન્માનનીય ગૃહમાં કન્યા કેળવણી અને શિક્ષણ વિષે ઘણી વાત થઈ જે મેં શાંતિથી સાંભળી છે. હું મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે કન્યા કેળવણી રથ દ્વારા જે પ્રચાર થયો છે એ ખૂબ સારી વાત છે પણ અમારા આદિવાસી વિસ્તાર ખાસ કરીને વલસાડ, નવસારી અને ડાંગમાં આજે પણ શિક્ષકોની ઘટ છે. એકલા અમારા નવસારી જિલ્લામાં ૨૦૦ જેટલા શિક્ષકોની ઘટ છે. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં આજે પણ અમુક વિસ્તારમાં ૧ થી ૭ ધોરણ સુધી શાળા છે પરંતુ એમાં શિક્ષક એકજ છે. શાળાઓના ઓરડાની વાત કરું તો આ સરકારને શાળાના ઓરડાઓ લાર્સન એન્ડ ટુબ્રો કંપનીને સોંપેલ હતા. દરેક ગામની અંદર શાળાના ઓરડાઓ થયેલ છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ ઓરડાઓ નહિ વાપરવા માટે જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિએ આદેશ આપેલ છે કારણ કે આ ઓરડાઓ એકદમ જર્જરિત હાલતમાં છે. અત્યારે શાળાના ઓરડાઓ સિન્ટેક્ષ કંપની બનાવે છે. અમારા વિસ્તારમાં ખરેખર રેતી, સિમેન્ટના ઓરડા જ બનાવવા જોઈએ. અમારે ત્યાં વરસાદ વધારે પડે છે. આ સિન્ટેક્ષના ઓરડા તો જ્યાં ભૂકંપગ્રસ્ત વિસ્તાર છે ત્યાં બનાવવામાં આવે તો એ યોગ્ય છે. પરંતુ અમારા વિસ્તારમાં સિમેન્ટ, રેતીના અને ઉપર નળિયાવાળા અથવા તો આર.સી.સી.ના ઓરડા થાય તે ખાસ જરૂરી છે.

પાણી માટે જળ સંચય યોજનાઓ થાય છે. અમારો ડુંગરાળ વિસ્તાર છે. ત્યાંના આદિવાસીભાઈઓ ડુંગર ઉપર ૨૦ થી ૫૦ મીટર ઉપર વસે છે. જ્યારે નીચે નદી ઉપર ચેકડેમ, આડબંધ કે બોરીબંધ થાય છે એમાં પાણી ભેગું થાય છે. પરંતુ અમારી ભૂપુષ્ઠ એવી છે કે ૧૦-૧૫ ફૂટ ઊંડે પથ્થરો આવેલા છે એમાં પાણી નીકળી જાય છે. પાણી શોષાઈ જાય છે, ત્યારે આ વિસ્તારના લોકોના પીવાના પાણીની યોજના માટે વિચારવું જોઈએ. ડુંગરો આવેલા છે એના ઉપર મોટા તળાવો બનાવવાં જોઈએ અને મહારાષ્ટ્રની પૅટર્નની જેમ એક ગામ એક તળાવ એમ બે ડુંગરોને જોડીને પાણીનો સંચય થાય તો એ ખૂબ હિતાવહ છે.

અત્યારે મારા વિસ્તારની અંદર પીવાના પાણી માટે કેલીયા સિંચાઇ યોજના અને બીજી ઝુંઝ સિંચાઇ યોજના છે. આ યોજનામાં પાણી ચાલુ કરીએ ત્યારે કેનાલોમાં ફુંવારા થાય છે, કેનાલની કામગીરી બહુ જ નબળી કરવામાં આવેલ છે. તેથી એને સુધારવા માટે પૂરતું ધ્યાન આપવું જોઈએ અને એના માટે તાત્કાલિક બજૅટ ફાળવવું જોઈએ એવી નાણામંત્રીશ્રીને વિનંતી કરુ છું.

ગ્રામસભા માટે ઘણી વખત કહેવામાં આવ્યું કે એને સંસદનો દરજ્જો આપવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે જ્યારે અમે ગ્રામસભાઓમાં હાજરી આપવા જઈએ છીએ ત્યારે ત્યાંના ખેડૂતોની એક જ માગણી છે કે અત્યારે સરકારશ્રી ૭/૧૨ અને ૮-અ તાલુકા કક્ષાએ આપે છે, ગામડાંના ગરીબ ખેડૂતને તાલુકા કક્ષાએ જવા માટે ૪૦-૫૦ કિલોમીટર સુધી જવું પડે છે. ૭/૧૨ લેવા માટે જાય તે દિવસે લાઈટની કે બીજી કોઈ તકલીફ હોય તો તેને બીજા દિવસે પાછા જવું પડે છે. એક નકલના ૧૫ રૂપિયા ચૂકવે છે અને તેને બીજા મળીને ૧૫૦-૨૦૦ રૂપિયા ખર્ચ થાય છે. આ વ્યવસ્થા ગામ પર થાય તેવું જાણ્યું છે પણ એ બન્ને વ્યવસ્થા ચાલુ રાખે એવું હું આપના દ્વારા પહોંચાડવા માગું છું. ખાસ કરીને એસ.ટી. બસની વાત કરું તો અમારા ગામડાંના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લેવા માટે તાલુકા કક્ષાએ કે કૉલેજોમાં જાય છે, અત્યારે બસની સેવા એટલી બધી કથળી ગઈ છે કે એ જે બસમાં જાય એ બસ એને પહોંચાડશે કે અડધે ઉતારશે તેનું કંઈ નક્કી નથી. ખાનગી વાહનોમાં જાય છે તો તેને ભાડાની તકલીફ પડે છે. આવવા-જવામાં તકલીફ પડે છે. તેનાથી તેના શિક્ષણ ઉપર ખૂબ જ માઠી અસર થાય છે.

વન વિભાગની વાત કરું તો વન વિભાગમાં વનીકરણ થાય છે પણ તેની જાળવણી થવી જોઈએ. એ જાળવણી બરાબર થતી નથી. બીજું વન વિભાગ માટે ખાસ સૂચન છે કે અત્યારે વન પાંખાં થયાં છે. અમારા આદિવાસી વિસ્તારમાં બળતણ માટે લાકડું વપરાય છે. તેના કારણે પણ વન પાંખા થયા છે. તો તેના વિકલ્પે વન વિભાગ દ્વારા ગોબર ગેસ પ્લાન્ટ કરવામાં આવે તો એ ખૂબ હિતાવહ છે. તેનાથી પર્યાવરણ પણ જળવાશે અને લોકોને સારી સુવિધા પણ મળશે. અમારા દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને ડાંગર, શેરડી અને બીજાં જે ફળફળાદિનો પાક થાય છે, શેરડીના પાક્ની વાત કરું તો છેલ્લા એક વર્ષ પહેલાં એટલા બધા ભાવો નીચા હતા કે ખેડૂત પોતે જે નાણાં ખર્ચે તે પણ તેમાંથી ઉભા ન થાય. અગાઉના વર્ષોમાં ડાંગરની ખરીદી ગુજકોમાસોલ કે ગ્રાફેડ જેવી સંસ્થાઓ દ્વારા દરેક તાલુકે કે ગામડે ગામડે વ્યવસ્થા થતી અને ડાંગરના ભાવો સારા મળતા. અત્યારે સારું છે કે શેરડીના ભાવ પણ સારા મળે છે, પણ જે વલસાડની હાફુસ કેરી કહેવાય તેના માટે કંઈક વ્યવસ્થા થાય, કારણ કે અત્યારે તો દલાલો દ્વારા કેરીઓ ખરીદાય છે. ખેડૂતો લૂંટાય છે તો તેના માટે કંઈક વ્યવસ્થા થાય. અહીં કપાસની વાતો થઈ, ખૂબ સારું છે. પણ આની પણ વ્યવસ્થા થાય એવું હું આપના દ્વારા કહેવા માગું છું.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં ૧૧મી વખત આ બજૅટ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે તેમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું, એમાં પણ ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત પુરાંતવાળું બજૅટ લઈને આવ્યા છે, તેના માટે વધારે અભિનંદન આ સરકારને, મુખ્યમંત્રીશ્રીને અને નાણામંત્રીશ્રીને આપી રહ્યો છું. દરેક બજૅટમાં વિકાસની વાતો થાય છે. અમારા સાથી પક્ષો પણ બજૅટમાં વિકાસની વાતો કરે, એક ઉકિત હતી, પહેલાંના જમાનામાં કહેવાતું કે-દીવા તળે અંધારું. આ વિકાસની વાત કરવાવાળા હવામાં વિકાસની વાતો કરતા હતા. અત્યારે ઉકિત બની છે-દીવાની ઉપર અંધારું. આ દીવાની ઉપરના અંધારાની વાત કે અમે ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જે બજૅટ તૈયાર કરીને વિકાસની વાતો કરીએ છીએ એ હવાની અંદર વાતો નથી. જમીન પરની વાતો છે. જમીન પર રહેનારા લોકોના વિકાસની વાતો છે. એટલા માટે આ વિકાસલક્ષી બજૅટ લઈને જ્યારે અમારા મંત્રીશ્રી આવ્યા છે ત્યારે એમને ચોક્કસ અભિનંદન પાઠવવાં જોઈએ. બજૅટને એકેએક મુદ્દા ઉપર વખોડવાની વાત અમારા સાથી મિત્રોએ કરી. કોઈ સારી વાત તેમની દૃષ્ટિમાં ન આવી. એક પણ મુદ્દો સારો છે એવું ન કહેવાયું. સૌથી પહેલાં પુરાંત લાવ્યા છે જે છેલ્લા ૫૦ વર્ષોમાં કોઈ દિવસ લાવી શક્યા નથી. એટલું તો સ્વીકારો, એટલું પણ સ્વીકારવાની માનસિકતા નથી. આજે બજૅટમાં સમાજના પ્રત્યેક વર્ગને જોડવાની વાત, પ્રત્યેક વર્ગના વિકાસની વાત કરવામાં આવી છે. છતાંય અમારા સાથી પક્ષને એ દેખાય નહીં. એમાં કોઈ જાતિનો વિકાસ નથી. સૌથી પહેલાં શરૂઆત કરીએ કે, બજૅટની અંદર રાજયના યુવાનોની વાત કરી. યુવાનો બેકાર છે, બેરોજગાર છે. આવી વાત કરી. શકિતશાળી જો કોઈ હોય તો એ યુવાનો છે. એટલા માટે જ યુવાનોના વિકાસની વાતો આ બજૅટમાં કરવામાં આવી છે. બજૅટની અંદર યુવાનો માટે શ્રમજીવીઓ માટે અને શ્રમિકો માટે લગભગ ૧૧૭ કરોડ જેવી જોગવાઈ કરવામાં આવી છે. જેના માધ્યમથી રોજગારી આપવામાં આવી છે અને એનાથી યુવાનોને સાચા પથ પર લઈ જવામાં આવશે. હમણાં જ માનનીય સભ્યશ્રી બોલતા હતા કે, અમારા લઘુમતી કોમના લોકોને રોજગારી મળતી નથી એના કારણે અમારે ત્યાં આતંકવાદી પેદા થઈ રહ્યા છે. જન સંખ્યા ઘટાડવાની વાત નથી કરતા, વસ્તી વધારો કરવાની વાત કરે છે ત્યારે એમણે સમજવું જોઈએ. એમના બાળકોને શિક્ષણ આપવામાં આવે તો એ ગેરમાર્ગે દોરાશે નહીં. શિક્ષણનો રેશિયો જ એટલો ઓછો છે કે, તેઓ આવી પ્રવૃત્તિ તરફ દોરાઈ રહ્યા છે. એક ઘરની અંદર આઠ-આઠ, દસ-દસ બાળકો હોય છે. એટલે એમને શિક્ષણ આપવામાં આવશે નહીં. એમને શિક્ષણ આપવામાં નહિ આવે તો એ આવી પ્રવૃત્તિ તરફ દોરાઈ જશે. પરંતુ એને માર્ગદર્શન આપવા માટે સરકારે જોગવાઈ કરી છે અને તેઓ યોગ્ય શિક્ષણ લેશે તો સાચા રસ્તે જશે. એટલે એમને આતંકવાદી પ્રવૃત્તિ કરવાની જરૂર નહીં પડે. એટલા માટે શ્રમિકો ભણેલા-ગણેલા હશે તો ચોક્કસ રોજગારી મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિકો, યુવાનોની સાથે સાથે જ્યારે ગરીબોની વાત આવે. આ સરકારે ગરીબોની પણ ચિંતા કરી છે. ગરીબો માટે, છેવાડાના વ્યકિત સુધી એના લાભો પહોંચે એવા પણ પ્રયત્નો કર્યા છે. એટલા માટે ૨ રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખાની યોજના આ સરકારે ચલાવી છે. એના માટે આ સરકારે ૧૩૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. છેવાડાના વ્યકિતની ચિંતા કરી છે. અમારા પંચમહાલ અને ગોધરાની અંદર એટલા બધા શ્રમિકો છે કે ત્યાંથી રોજગારી મેળવવા માટે આખા ગુજરાતની અંદર જાય છે. કારણ કે, ત્યાં એમને રોજગારી નથી મળતી એટલે તેઓ છેક ક્યાંયને કયાંય સુધી જાય છે. સામા પક્ષના સભ્યશ્રી દિનેશભાઈ કહી રહ્યા હતા કે, લોકોને રખડતા કરી નાખ્યા છે. આ સરકારે રખડતા લોકો માટે રખડતું રૅશન કાર્ડ આપવાની વાત કરી છે. બાળક પેદા થાય પછી એને મોટો થતાં વાર લાગતી હોય છે. એ રીતના આ દેશની અંદર આટલા ટકા ગરીબો હતા. એમને સુધારવા માટે ૧ દિવસ કે ૫ વર્ષમાં ગરીબી દૂર ન થાય. તમે તો ગરીબી દૂર કરવાની વાતો કરી અને ગરીબોને જ દૂર કરી નાખવાનો પ્રયત્ન કર્યો. અમે તો સાચા અર્થમાં ગરીબી દૂર કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, એટલા માટે પંચમહાલમાંથી શરૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા પછાત વસ્તીવાળા વિસ્તારોને રોમીંગ રૅશન કાર્ડ આપવામાં આવ્યાં છે. અમારે ત્યાંથી રોજગારી મેળવવા જાય છે તો એને જ્યાં જાય ત્યાં ૨ રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા ખરીદી શકશે. આવી યોજના આ સરકારે કરી છે. આવી યોજના એમની દૃષ્ટિમાં કયારેય આવી નહોતી. કોંગ્રેસે કયારેય

આવી કોઈ યોજનાની વિચારણા પણ નથી કરી. આવું રોમીંગ રૅશન કાર્ડ આપી શકાય એવી કલ્પનાને સાકાર કરવાનું કામ આ સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિઓની પણ આ સરકારે ચિંતા કરી છે.આદિજાતિ જૂથના કુટુંબોને આજે જનશ્રી યોજનામાં આવરી લેવા માટે યોજના કરી છે. એમાં ૫૦૦૦ કુટુંબોને સામેલ કરવાનો પ્રયત્ન કર્યો છે. અને એટલા માટે આ સરકાર પછાતો માટે ચિંતા કરી રહી છે અને આદિજાતિઓ માટે મોટા પાયા પર ૪૧૪ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ આજે આદિજાતિઓ અને પછાત વસ્તી માટે વધારો છે. એટલા માટે આજે આ સરકાર પછાતોની ચિંતા, પીછડી જાતિઓની ચિંતા, ગરીબોની પણ ચિંતા કરી રહી છે. એ વસ્તુ એમાં દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની વાતો કરી. આ આખું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાના છીએ. શહેરી વિકાસ માટેની વાત થતી હોય તો એના માટે લગભગ ૫૯૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે ત્યારે માત્ર શહેરોનો જ વિકાસ નહીં, પરંતુ ગ્રામ વિસ્તારોને પણ જોડવાના પ્રયત્નો થાય છે. કિસાન પથ જેવી રોડની યોજના, આરોગ્ય, શિક્ષણની યોજનાઓ સાથે સામાજિક જરૂરિયાત પૂરી કરવા માટે આ સરકાર દ્વારા ૫૦ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. અમારા સાથી મિત્રો સમજે. પ્રગતિ પથના નામે અને છેવાડાના માનવીને જોડવા માટેનો પ્રયત્ન કરતા નવ-નવ રોડ કરવાની વાત કરી છે.

**ડૉ.નીમાબેન બ. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, અગિયારમી વખત રજૂ થયેલ આ બજૅટ ઉપર હું મારા સૂચનો રજૂ કરું છું. શહેરી વિકાસ વર્ષ તરીકે ૨૦૦૫-૦૬ ઉજવવાનું નક્કી કર્યુ છે ત્યારે એમાં ૫૯૦કરોડની જોગવાઈ કરી છે અને જેમાં ૧૯૮ કરોડ રૂપિયા એ ડિઝાસ્ટર મેનેજમેંટના પણ લેવામાં આવ્યા છે. મારું ખાસ સૂચન છે કે ગાંધીધામ એક ઔદ્યોગિક શહેર બની રહયું છે, ત્યારે આ વિસ્તારને ડિઝાસ્ટર મેનેજમેંટના પુર્નવર્સનમાં એક કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા ત્યારે અમારા પ્રાથમિકતા માગતા ગટર અને પાણીની લાઈનોનું નવીનીકરણ કરવા માટે જે ૨૫ કરોડ રૂપિયાનો પ્લાન નગરપાલિકા તરફથી રજૂ કરવામાં આવ્યો છે એને મંજૂરી આપવામાં આવે. હાલના તબક્કે ગાંધીધામની તૂટેલી પાણીની લાઈનો, ઉભરાતી ગટરોને લીધે ખૂબ જ પ્રશ્નો ઉપસ્થિત રહ્યા છે ત્યારે મારો આ અનુરોધ છે. આ ઉપરાંત ભૂકંપ બાદ જે માર્ગ અને મકાનમાં રસ્તાઓ બનાવવામાં આવ્યા તેની અંદર નવી વસાહતોને લગભગ એ રસ્તાઓથી જોડી દેવામાં આવી છે પરંતુ મારા વિસ્તારમાં ૩-૪ ગામો એ એપ્રોચ રોડથી વંચિત રહી ગયા છે. સંસ્થાઓએ ગુણાતીતપુર અને લુણવા ગામને બનાવી આપેલ છે ત્યારે આ રસ્તા બનાવી આપવામાં આવે અને આવા રસ્તાઓ જે રહી જતા હોય એને પ્રાથમિકતા આપવા વિનંતી છે.

આરોગ્યની વાત કરું તો જે ડાંકટરની અછતને લીધે આરોગ્યનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે મારું એક સૂચન છે કે દરેક વિસ્તારની અંદર ઈન્ડિયન મેડિકલ એસોસીએશન આવેલું છે એ ઈન્ડિયન મેડિકલ એસોસીએશન સાથે ગાંધીનગરના ઉચ્ચ અધિકારીઓ મીટિંગ કરી અને ખાનગી પ્રેકટિશનરોને પાર્ટ ટાઈમ તરીકે જો આવી હોસ્પિટલોમાં રાખવામાં આવે અને પોલિસી નક્કી કરી અને એમાં જો આકર્ષક પેમેન્ટ આપવામાં આવે તો મને લાગે છે કે સ્પેશિયાલીસ્ટોની સુવિધા આપણે દરેક વિસ્તારમાં સરકારી હોસ્પિટલોમાં આવી સેવાઓ આપી શકીએ એવી અમારે આઈ. એમ.એ. ના ડાંકટરો સાથે પણ વારંવાર ચર્ચાઓ થયેલી છે તો આ એક મારું સૂચન છે. ખાસ કરીને ભૂજની હોસ્પિટલની ચર્ચા જે વારંવાર થઈ રહી છે એના માટે મારું નમ્ર સૂચન છે કે આ હોસ્પિટલને જે અદ્યતન બનાવવામાં આવી છે એનો લાભ જો લોકોને આપવો હોય તો તાત્કાલિક આ મેડિકલ કોલેજ ચાલુ કરવી જોઈએ અને જે સંસ્થાઓ આવી સુંદર મેડિકલ કોલેજો બીજા વિસ્તારમાં ચલાવી રહ્યા છે એવી અનુભવી સંસ્થાઓને આ મૅડિકલ કોલેજ આપવામાં આવે તો જ મને લાગે છે કે આ હોસ્પિટલની પૂરેપૂરી સુવિધાનો લાભ આપણે લઈ શકીએ.

રમતગમત વિભાગની અંદર મારા પ્રશ્નના જવાબમાં ૧૯૦ લાખ રૂપિયા ગાંધીધામને સ્પોટ્ર્સ સંકુલ માટે ફાળવવાની વાત કરી છે, એના માટે ખૂબ ખૂબ આભાર અને દરેક જિલ્લાની અંદર સ્પોર્ટસ સંકુલ ઊભું કરવામાં આવે. મારું ગાંધીધામ શહેર લેવામાં આવ્યું છે તો મારી વિનંતી છે કે ૨૫ એકર જમીન છેલ્લા ૧૫ વર્ષથી એસ.આર.સી.એ સરકારને મફત આપેલી છે, આ સ્પોર્ટસ સંકુલ તાત્કાલિક ડેવલપ થાય અને આ ૧૯૦ લાખ રૂપિયાનો પૂરેપૂરો ઉપયોગ આ વર્ષની અંદર કરવામાં આવે એવી મારી વિનંતી છે. આઈ.ટી.આઈ.ના કોર્સનું જે આધુનિકરણ કરવાની વાત છે એમાં પણ મારું સૂચન છે કે મારા વિસ્તારમાં ખાસ કરીને કચ્છની અંદર જે તમામ ઉદ્યોગો આવી રહ્યા છે ત્યારે આ ઉદ્યોગપતિઓ સાથે ચર્ચાઓ કરી અને મીટિંગો કરી એમને અનુરૂપ જે અભ્યાસક્રમોની જરૂર છે જેમાં ટૅક્નીકલ માણસોની જરૂર છે એવા કોર્સીસ કચ્છની અંદર તાત્કાલિક કરવામાં આવે અને સ્થાનિક લોકોને એની અંદર ભરતી કરવામાં આવે કે જેથી આ ટૅક્નીકલ લોકોને ઉદ્યોગપતિ રાખી શકે અને બેરોજગારીનો પ્રશ્ન પણ હલ થઈ શકે.

ભૂકંપ બાબતમાં મારાં એક-બે સૂચન છે. ગાંધીધામની અંદર ગ્રાઉન્ડ ફલોરવાળાનો પ્રશ્ન હજી સુધી લટકી રહ્યા છે તો આ ગ્રાઉન્ડ ફલોરવાળા લોકોને પ્લોટ આપવામાં આવે અને જરૂરી સહાય આપવામાં આવે તે ઉપરાંત શહેરી વિસ્તારની અંદર જે પુનઃવસનના કામો થઈ રહ્યા છે એ ઘણા ઝડપથી અને સારા થઈ રહ્યા છે પણ જે બાકી રહેતા કામો છે એ અનેક કારણોને લીધે નથી થઈ શકતા તો તાત્કાલિક આની મીટિંગો કરી અધિકારીઓને સાથે રાખી લોકલ પ્રતિનિધિઓને સાથે રાખીને આ પ્રશ્ન હલ કરવા આપને મારી વિનંતી છે. અંતમાં જી.ઈ.બી.ની અંદર ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવામાં આવે એવી ખેડૂત લોકોની જે સતત માગણી છે, એ સંતોષવામાં

આવે અને મારી પણ ખાસ રજૂઆત છે અને ખેડૂતોને ૧૦કલાક વીજળી આપવામાં આવે તો એ અછતગ્રસ્ત વિસ્તારની અંદર આપણે ખેડૂતોને જીવિત રાખી શકીએ. આભાર. ધન્યવાદ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મને પહેલાં રક્ષણ આપો. આ કોંગ્રેસના મિત્રો....

**અધ્યક્ષશ્રી .** : તમે ગૃહમાં છો એ યાદ રાખીને બોલજો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : ગૃહની મર્યાદામાં રહીને જ બોલીશ. હજી ઊભો થયો નથી ત્યાં આ લોકો રાડો પાડે છે. આથી મારે રક્ષણ માગવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી અતિ આનંદ થાય છે કે ગુજરાતના નાણામંત્રીશ્રી ૧૧મી વખત ગુજરાતનું બજેટ આ હાઉસમાં રજૂ કરી રહ્યા છે, એને અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું. આ બજેટમાં જ્ઞાનશકિત, જળશકિત, ઉર્જાશકિત, જનશકિત અને રક્ષાશકિત આ તમામને પ્રાધાન્ય આપવાનું કામ માનનીય નાણામંત્રીશ્રીએ કર્યું છે. જય જય ગરવી ગુજરાતની સાથે જય જય ગ્લોબલ ગુજરાત અને વાયબ્રન્ટ ગુજરાત આ શબ્દો ગુજરાતના ઘેરઘેર ગુંજતો કર્યો હોય તો ગુજરાતના નરેન્દ્ર મોદીની સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. આ શબ્દો સાંભળતાની સાથે જ કોંગ્રેસના મારા મિત્રોના કાનમાં ધાક પડતી હોય ઉકળાટ થતો હોય એમ લાગે છે. વાયબ્રન્ટ ગુજરાત એટલે ગુજરાતનો વિકાસ છે. દેશની અંદર અત્યારે ગુજરાત પ્રગતિના પંથે જઈ રહ્યું છે એવું મારું માનવું છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીની સરકારે વિશ્વ કક્ષાના ત્રણ ત્રણ એવોર્ડ મેળવ્યા. કોંગ્રેસની સરકારે ૫૦ વર્ષ આ દેશમાં રાજ કર્યું ત્યાં સુધી એક પણ એવોર્ડ મેળવ્યો છે? એવો એક પણ દાખલો નથી. મારી વિનંતી છે કે નરેન્દ્ર મોદીની સરકારે ટૂંકા સમયમાં ત્રણ ત્રણ એવોર્ડો જો મેળવ્યા હોય તો કોંગ્રેસના મિત્રોએ સમજી લેવું જોઈએ કે ગુજરાત સરકારનો વહીવટ કેટલો સારો ચાલે છે. કેવી રીતનો વહીવટ થાય છે કે વિશ્વ લેવલના એવોર્ડ એમની સરકાર દિલ્હીમાં બેઠી છે એમણે આપ્યા છે. આથી કોંગ્રેસના મિત્રોએ એમને અભિનંદન આપવા જોઈએ. દર વખતે વજુભાઈએ આમ નથી કર્યું, ફલાણું નથી કર્યું એ વાત વાજબી નથી. સારી વસ્તુ સ્વીકારવી જોઈએ. અહીંયા આવ્યા છો ત્યારે દરેક વસ્તુમાં સાથ સહકાર આપવો જોઈએ. વિકાસનો દર વધારવા માટે પંચામૃત યોજના હોય કે જે કોઈ વિકાસ માટેની યોજના હોય, ૧૧ હજાર કરોડનું બજેટ આ ગુજરાતમાં પ્રથમ વખત રજૂ થયું હોય તો એ ગુજરાતની પાંચ કરોડની જનતાના વિકાસ માટે થતું હોય તો એમાં કોંગ્રેસના મિત્રોએ સાથ આપવો જોઈએ. ઉકળાટ કરવો, રાડો પાડવી કે બૂમો પાડવાથી કોઈ ફાયદો થવાનો નથી. આ વિક્રમજનક વધારો છે.

ભારતના ઈતિહાસમાં આ ગુજરાતની ભા.જ.પ.ની સરકારે જે કાંઈ કામગીરી કરી છે એ સુવર્ણ અક્ષરે લખાશે. ન ભૂતો ન ભવિષ્યતિ, કયારેય થયું નથી કે કયારેય થવાનું નથી એ વાત ચોક્કસ છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને બોલવા દે તો સારું. હું ભૂલી જાઉ છું, મને ડિસ્ટર્બ કરે છે. મારા મિત્ર બાબુભાઈ જેવા સિનિયર માણસો ડિસ્ટર્બ કરે છે. મને પ્રોટેકશન આપો. ગુજરાતની સરકારે હેલ્થ કાર્ડ, કિસાન ક્રેડિટ કાર્ડ, વીમા રક્ષણ, ઈ-ગ્રામ, ગુડ ગવર્નન્સ જોઈએ તો આ બધી યોજનાઓ દાખલ કરીને ગુજરાતની પ્રજાને સાચો રસ્તો બતાવવાનો પ્રયત્ન કર્યો હોય તો ભા.જ.પ.ની સરકારે, માનનીય નરેન્દ્ર મોદીની સરકારે. આ કોંગ્રેસના મિત્રોએ ૫૦ વર્ષ સુધી ગુજરાતમાં રાજ કર્યું, ૨૫ વર્ષ સુધી કોંગ્રેસે મહારાષ્ટ્ર અને ગુજરાત જુદા પડ્યા છતાં કંઈ સૂઝયું નહિ અને અત્યારે ભા.જ.પ.ની સરકાર અને માનનીય વજુભાઈ જે કાંઈ ગરીબલક્ષી બજેટ લઈને આવ્યા છે એમાં શું તકલીફ થાય છે? શાંતિથી સહકાર આપવો જોઈએ, અભિનંદન આપવા જોઈએ. બક્ષીપંચ હોય, એસ.સી., એસ.ટી. હોય દરેક પ્રકારના લોકોનો આમાં સમાવેશ કરીને તમામ યોજનાઓનો લાભ આપવા માટેનું આ બજેટ છે. આ બજેટમાં હું એવું કહેવા માગું છું કે ગરીબોના હિતનું બજેટ છે. ખેડૂતોના હિતનું બજેટ છે અને ઉદ્યોગને લગતું બજેટ છે. તમામ વિકાસના પંથે લઈ જનાર બજેટ છે. એમાં મારા મિત્રો સહકાર આપે.

ગુજરાત પડોશી દેશોના સરહદ ઉપર આવેલું રાજય છે. એની અંદર આંતકવાદી પ્રવૃત્તિ હોય, આંતકવાદીઓ દારૂગોળો લઈને આવતા હોય, R.D.X. લઈને આવતા હોય તમામ જાતની પ્રવૃત્તિ ગુજરાતને અસ્તવ્યસ્ત કરવાનું કામ કરતા હોય અને એને રોકવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર, નરેન્દ્ર મોદીની સરકાર જો પગલાં લેતી હોય તો એમાં કોંગ્રેસના મિત્રોએ સહકાર આપવો જોઈએ કે સારું કામ થાય છે, સરસ કામ થઈ રહ્યું છે. નારકોટિકસ હોય, જે પણ ગુના બનતા હોય એ તમામ ગુના ઝડપથી પકડીને જે આંતકવાદીઓ હોય એને જેર કરવાનું જો કોઈએ કામ કર્યુ હોય તો એ નરેન્દ્ર મોદીની સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

ગૌ હત્યાનો પ્રતિબંધ આજ સુધી કોંગ્રેસના મિત્રોને ખ્યાલ નહોતો કે ગૌ હત્યા શું છે? ગાયને તમામ હિંદુ ધર્મ માની જો એની પૂજા કરતા હોય અને અમારો ભરવાડ સમાજ, અમારા ગોપાલકો ભારતીય જનતા પાર્ટી સરકાર છે અમે તો કહીએ છીએ અમારા ગોપાલકોને કે ભારતીય જનતા પાર્ટીની સરકારના ઘર ઘરમાં ફોટા રાખો, એની પૂજા કરો. આ માલધારીઓની ગાય બચાવવાનું કામ કોઈપણ સરકારે કર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે, નરેન્દ્ર મોદીની સરકારે કર્યુ છે. આજ સુધી અમદાવાદ શહેરની અંદર ગાયોની ખુલ્લેઆમ કત્લ થતી હતી, ખુલ્લેઆમ કપાતી હતી, એમાં કોંગ્રેસ સરકાર વખતે એને ફૂલ્લી સપોર્ટ કરવામાં આવતો હતો, એના હપ્તા આવતા હતા. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું તો ત્યાં સુધી વાત કરું છું કે ખુલ્લેઆમ મટનની દુકાનના લાઈસન્સ અપાતાં હતાં. (અંતરાય) ત્યારે આ કોંગ્રેસની સરકારે એમને સપોર્ટ કર્યો છે, એમને લાઈસન્સ ઈસ્યુ કર્યા

છે માનનીય નેતાઓએ હપ્તા લીધા છે. મારે એ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે ગૌ હત્યા ઉપર પ્રતિબંધ મૂકી, કડકમાં કડક કાયદો કરી પાસાની અંદર ધકેલવાનું કામ કર્યુ હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આજસુધી કોઈએ નથી કર્યુ. (અંતરાય) ફારૂકભાઈને ખબર નથી કે એમને ત્યાં લતીફ પેદા થયો, એમને ત્યાં રસૂલ પાર્ટી પેદા થઈ, એમને ત્યાં દાઉદ પેદા થયો, એમને ત્યાં લિયાકત પઠાણ પેદા થયો, ક્યારે પેદા થયા? કોના રાજ્યમાં પેદા થયા? આ બધાં ગુંડા કોના રાજ્યમાં પેદા થયા એ બતાવો તો ખરા? (અંતરાય) બે મિનિટ સાહેબ...

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસી જાઓ, નો, નો, બેસી જાઓ. કોઈને પોતાના વિચારો વ્યકત કરવા છે? સભાગૃહની પહેલી બેઠકનું કામ પૂરું થાય છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૪૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧લી માર્ચ,૨૦૦૫**
**ફાલ્ગુન ૧૦, ૧૯૨૬ શાકે**
**(બીજી બેઠક)**
**સભાગૃહ બપોરના ૨.૩૦ કલાકે ફરી મળ્યું**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**ભૂકંપથી નુકસાન પામેલા આરોગ્ય કેન્દ્રને યુરોપિયન પ્રોજેકટની સહાય**

***૮૪૬૨ શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ભૂકંપથી નુકસાન પામેલા આરોગ્ય વિભાગના સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મરામત કરવા માટે કેટલા કેન્દ્રોના પુન:નિર્માણની કામગીરી યુરોપિયન સહાયિત પ્રોજૅકટ હેઠળ હાથ ધરવામાં આવી છે,
(૨) જો હા, તો આ પાછળ તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને
(૩) કેટલો ખર્ચ કરવાનો બાકી છે?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧) ૫૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ૧૨૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળીને ૧૮૦ કેન્દ્રોની મરામત અને મજબૂતીકરણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
(૨) આ પાછળ તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં કુલ રૂા. ૬૬.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો,
(૩) રૂા. ૧૫૫૩.૪૦ લાખનો ખર્ચ કરવાનો બાકી છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં યુરોપિયન કમિશન દ્વારા હળવદ અને મુળી તાલુકામાં કેટલા સી.એચ.સી. અને પી.એચ.સી. સેન્ટરોના રિપેરીંગ માટે કેટલો ખર્ચ થવા જાય છે, બીજો પ્રશ્ન એ છે કે, હળવદ તાલુકામાં હળવદ શહેરમાં બે સી.એચ.સી. સેન્ટરો છે. એક નવું અને એક જૂનું, જેમાં નવા પાછળ જે ખર્ચ કરવામાં આવે છે ખરેખર એ વર્ષો થયા બંધ છે તેની પાછળ ખર્ચવામાં આવતા નાણાંથી જૂના સી.એચ.સી. સૅન્ટરમાં સુવિધા વધારવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, યુરોપિયન કમિશન દ્વારા રાજયના જુદા જુદા ૧૧૩૪ જેટલા મકાનોનું રિનોવેશન અને રિટ્રોફિટિંગનું કામ હાથ લીધેલ છે. કુલ યુરોપિયન કમિશનનું બસો કરોડ રૂપિયાનો વિવિધ તબક્કાનો પ્રોજૅકટ રહેલો છે. બીજા તબક્કામાં ૮૫૨ કામો નવા બાંધકામના હાથ ધરવાના છે અને એ પણ કાર્યવાહી હાથ ધરાયેલી છે. દસ જિલ્લાઓ આ કાર્ય તળે આવરી લેવાયેલ છે અને દસ જિલ્લાઓમાં હળવદનો પણ સમાવેશ થયેલ છે. હળવદમાં બે સી.એચ.સી., સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત રહેલા છે. માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યક્ત કરી છે એ મુજબ ગામની અંદરનું જે સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે એને ૨૩.૮૩ લાખના ખર્ચે રિનોવેશન કરીને સંપૂર્ણ મજબૂતીકરણનું કામ હાથ ધરવાનું છે, બીજું સી.એચ.સી. સૅન્ટર જે ગામની બહાર રહેલ છે, યુરોપિયન કમિશનરના કામમાં ૩૨.૧૬ લાખના ખર્ચે એનું પણ રિનોવેશન અને મજબૂતીકરણનું કામ હાથ પર ધરાયેલું છે પરંતુ સભ્યશ્રીએ જે લાગણી વ્યક્ત કરી છે, થોડા મહિના પહેલાં હું પણ સ્થળ ઉપર ગયેલો ત્યારે ગામના લોકોએ પણ રજૂઆત કરેલી છે, માનનીય ધારાસભ્યશ્રીએ પણ રજૂઆત કરેલ છે કે, ગામની બહાર જે સી.એચ.સી. રહેલ છે ત્યાં જવા-આવવામાં રિક્ષામાં ૨૫ થી ૩૦ રૂપિયા થાય છે અને જૂનું સી.એચ.સી. છે ત્યાં પૂરતા પ્રમાણમાં જગ્યા રહેલી છે એટલે બંને સી.એચ.સી.નો ખર્ચો જૂનામાં કરીને એ જૂના સી.એચ.સી.ને ખૂબ સારા પ્રમાણમાં સ્ટ્રેન્ધનીંગ કરી શકાય એ પ્રકારનું આયોજન ચોકકસ પૂર્ણ કરીશું અને એ મુજબ હળવદ તાલુકાની આ પ્રકારની કાર્યવાહી યુરોપિયન કમિશન દ્વારા પૂર્ણ થશે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, યુરોપિયન કમિશનના કુલ કેટલા સ્ટ્રકચરોના રિપેરીંગના કામો કયા કયા જિલ્લાના હાથ ધરેલ છે. આ બાકી રહેતા ૧૫૫૩.૪૦ લાખનો ખર્ચ જે બાકી છે એ કયાં સુધી કરવાનો છે, કયા કયા જિલ્લામાં વાપરવાના છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જણાવ્યું એ મુજબ પ્રથમ તબક્કામાં અત્યારે જે મજબૂતીકરણના કામો હાથ ધરેલ છે એમાં દસ જિલ્લાઓ જૂનાગઢ, પોરબંદર, જામનગર, કચ્છ, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, અમદાવાદ અને ભાવનગરના ૫૩ સી.એચ.સી. અને ૧૨૭ પી.એચ.સી. સહિત કુલ ૧૮૦ પી.એચ.સી.-સી.એચ.સી. અને બાકીના વિવિધ સ્ટ્રકચરો એટલે કુલ ૧૧૩૪ સ્ટ્રકચરોના કામો હાથ ધરાયેલ છે એ સ્વરૂપમાં ૨૦૦૫ સુધીમાં આ કામો પૂર્ણ કરવાનો અંદાજ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૧૦૩૪ સ્ટ્રકચરની કામગીરી હાથ ધરેલ છે. એમાં તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં ૬૬.૫૦લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ભૂકંપને ચાર વર્ષ થઈ ગયા. સ્વૈચ્છિક સંસ્થાઓનો આપણે ખૂબ આભાર માનીએ પણ એમની આપણે કમ્પેરીઝન કરી શકતા નથી. આ સંજોગોમાં રાજય સરકાર પોતાના વિભાગમાંથી ખર્ચ કરીને આ તમામ કામ નિર્ધારિત સમયમાં પૂરું કરવાની કોઈ બાંહેધરી આપવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : મેં જણાવ્યું એ મુજબ ૨૦૦ કરોડ યુરોપિયન કમિશન દ્વારા આપણને ગ્રાન્ટ સ્વરૂપે પ્રાપ્ત થયા છે. આ સ્થિતિમાં કામના વિવિધ તબકકામાં સરકાર આની ચિંતા કરીને તમામ કામ વહેલામાં વહેલી તકે હાથ ધરાય એ પ્રકારના પ્રયત્નો કરે છે. જે ચોપડીમાં જવાબ આપ્યો છે એ પછી અત્યાર સુધીમાં ફેબ્રુઆરી-૨૦૦૫ સુધીમાં ૯.૫૧કરોડનો ખર્ચ થયેલ છે અને ૧૧૩૪ જે મકાનોના મજબૂતીકરણનું કામ છે એ ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું ચોકકસપણે નિર્ધારિત છે. ૮૨૫ નવા બાંધવાનું કામ છે એ હાલમાં યુરોપિયન કમિશન પાસે ટેન્ડર મંજૂરી માટે પડયું છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** : યુરોપિયન કમિશન સહાય કરે છે એના અમલીકરણની શું વ્યવસ્થા કરવા માગો છો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આના વિવિધ તબકકા રહેલા છે. યુરોપિયન કમિશન ૨૦૦કરોડની સહાય કરે છે ત્યારે એમાં એમણે જે નિર્ધાર કર્યો છે એ મુજબ અમલીકરણ યુનિટની રચના કરવામાં આવી છે. તાંત્રિક તથા વહીવટી કમિટી પણ બનાવવામાં આવી છે. પ્રોજેકટના અમલીકરણ અંગે ઉચ્ચકક્ષાએ સમયાંતરે સમીક્ષા થાય એના પગલા ભરવા માટે વિવિધ સમિતિ રહેલી છે. રાષ્ટ્રીય કક્ષાએ, રાજયકક્ષાએ, વિભાગ કક્ષાએ, ખાતા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ પણ આ પ્રકારની વિવિધ કમિટી મોનીટરીંગ કરે છે.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા મધ્યસ્થ ઔષધ ભંડારનો વિભાગીય ડેપો બનાવવા બાબત

***૧૦૪૧૧ શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવાની કૃપા કરશે કે:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૦માં મધ્યસ્થ ઔષધ ભંડાર નીચે કોઈ વિભાગીય ડેપો બનાવવાનું ઠરાવેલ છે,
(૨) તે અંગે શી કાર્યવાહી થયેલ છે, અને
(૩) જો કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તે કયા કારણોસર થયેલ નથી?

**માનનીય આરોગ્ય મંત્રીશ્રી :-**

(૧) હાજી.
(૨) વિભાગીય ડેપો બનાવવા માટેના નકશા/અંદાજો તૈયાર થઈ ગયેલ છે અને કાર્યવાહી ગતિમાં છે.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વિભાગીય ડેપો બનાવવા માટે નકશા/અંદાજની કાર્યવાહી માટે ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી રાજય સરકારે કરી છે? આ વિભાગીય ડેપો બનાવવાનો અંદાજીત ખર્ચ કેટલો? આ અંગે નાણાકીય સ્ત્રોત કયાંથી ઊભા કરાશે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, યુરોપિયન કમિશન દ્વારા ૨૦૦કરોડનો પ્રોજેકટ હાથ ધરેલ છે. એ ૨૦૦કરોડના પ્રોજેકટમાં વિવિધ ૬ જગ્યાએ વિભાગીય સી.એમ.એસ.ઓ.ના કેન્દ્રો શરૂ કરવા માટે આયોજન હાથ ધરેલ છે. એ સ્વરૂપમાં આ વિવિધ કેન્દ્રો પાટણ, સુરત, વડોદરા, જામનગર અને અમરેલીમાં જમીન પ્રાપ્ત થઈ છે. ટેન્ડરની કાર્યવાહી યુરોપિયન કમિશન સાથે ચાલી રહી છે. ૬ જગ્યાએ આવા કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. રાજકોટમાં જમીન પ્રાપ્ત થવાની કાર્યવાહી ચાલે છે પછી એ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન-૧માં હા પાડી છે, બીજા પ્રશ્નમાં જણાવ્યું છે કે તૈયાર થઈ રહેલ છે અને કાર્યવાહી ગતિમાં છે. ત્રીજા પ્રશ્નમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તો મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કાર્યવાહી થઈ ગઈ છે અને પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તો મંત્રીશ્રીએ જણાવ્યું કે ૨૦૦કરોડ ફાળવણી કરી છે તો એ ક્યારે અને કેટલા સમયમાં, દરેક જિલ્લાને લાભ આપવા માગો છો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન બહુ સ્પષ્ટ છે. બહેને પૂછયો છે આ પ્રકારના વિભાગીય ડેપો હાથ ધરવાની કાર્યવાહી સરકારે વિચારેલ છે કે કેમ? જવાબ હા,જી.માં આપ્યો છે. શું કાર્યવાહી થઈ તો એના નકશા/અંદાજ માટે જુદીજુદી સમિતિ રહેલી છે એ મુજબ યુરોપિયન કમિશન સાથે નકશાના અંદાજો પૂર્ણ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, એટલા માટે કહ્યું છે કે તે નકારાત્મક ત્રીજો પ્રશ્ન પૂછ્યો છે કે જો ન થઈ હોય તો? અહીયાં કાર્યવાહી થયેલ છે. ૬-૬ વિભાગીય ડેપો હાથ ધરવાના છીએ. પાંચ જગ્યાએ જમીન પ્રાપ્ત થઈ છે. એક જગ્યાએ જમીન પ્રાપ્ત કરવાની બાકી છે પછી એની કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય મંત્રીશ્રીએ બતાવ્યું છે કે ૨૦૦૦ની સાલમાં મધ્યસ્થ ઔષધ ભંડારના વિભાગીય ડેપો બનાવવાનું ઠરાવેલ છે. ૨૦૦ કરોડ રૂપિયા યુરોપિયન સહાય પ્રોજેકટ મારફત ભૂકંપ પછી ફાળવ્યા છે, તો ભૂકંપ પહેલા આ ૨૦૦૦ની સાલમાં મધ્યસ્થ ઔષધ ભંડાર બનાવવાનું નક્કી કરેલ છે. નાણાકીય સહાયની બજેટમાં જોગવાઈ કરી છે કે કેમ? ૨૦૦૦થી આજે ૪ વર્ષ થયાં છે તો ચાલુ નાણાકીય વર્ષમાં જોગવાઈ કરવામાં આવી છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા:** મેં કહ્યું તે મુજબ ૧૦૦ ટકા ગ્રાન્ટનો પ્રોજેક્ટ છે. વિભાગીય ડેપો જુદી જુદી જગ્યાએ ઊભો થાય તો જુદા જુદા લાભો પ્રાપ્ત થાય તેમ છે એ ધ્યાનમાં રાખીને યુરોપિયન કમિશને હેલ્થ રિસ્ટ્રકચરિંગ અને રિફોર્મ્સ્ માટેની પ્રક્રિયામાં જોડાયેલ સંસ્થા છે, આની સહાય સાથેના જુદા જુદા વિવિધ પ્રોજેક્ટો છે. આ ૬ ડેપો માટે ૨૦૦ કરોડ નથી પણ ૧૧૩૪ સ્ટ્રક્ચર મજબૂતીકરણનાં પૈસા છે. ૮૫૨ નવાં સ્ટ્રક્ચરનાં અને બાકીનાં રિફોર્મ્સની પ્રક્રિયામાંના પૈસા છે. જિલ્લા કક્ષાએ કોમ્પ્યૂટરાઈઝેશન અને બાકીની સિસ્ટમ ડેવલપમેન્ટ કરવાનાં પણ પૈસા રહેલ છે. મૂળતયા આ બધુ સ્પષ્ટ છે. દરખાસ્ત ત્યાંથી મંજૂર થઈને આવે એટલે બાકીની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

**ડૉ. અનિલ જોષીયારા** : આ વિભાગીય ડેપો બનાવવાનો હેતુ શું હતો? ૨૦૦૦ની સાલમાં મંજૂર કરવામાં આવ્યા છે, ત્યારે એના વિલંબ થવાનાં કારણો શાં છે? આ વિભાગીય ડેપો ક્યારે ચાલુ કરવા માગો છો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : રાજ્ય સરકારે ૨૦૦૧માં આ પ્રકારની કાર્યવાહી શરૂ કરી. દેશના એક-બે રાજ્યો એવાં છે કે જે રાજ્યોમાં મૂળતયા વિભાગીય ડેપો રહેલા છે. એના માટેની કાર્યવાહીમાં કેટલા અંશે સક્ષમ છીએ, એના ટેકનિકલ રિપૉર્ટની કાર્યવાહી કરી અને એ કાર્યવાહી કર્યા પછી યુરોપિયન કમિશને આપણી વાતને સ્વીકારી. રાજ્યમાં ૬ પ્રકારના વિભાગીય ડેપો કરવામાં આવે તો અનેક પ્રકારે ફાયદો થાય તેમ છે અને તે મુજબ કાર્યવાહી હાથ ધરીને કરવામાં આવેલ છે. ભૂતકાળમાં સભ્યશ્રી પણ આરોગ્ય મંત્રીશ્રી રહી ચૂક્યા છે. વિભાગીય ડેપો કરવાના કારણે અનેક પ્રકારના ફાયદા થાય તેમ છે, જેમ કે રિજિયોનલ કક્ષાએ મટીરિયલ્સ પ્રાપ્ત થવાથી ઝડપથી વિતરણ અને બાકીની કાર્યવાહી કરી શકીએ. એ પ્રમાણે ટેસ્ટિંગ માટેની કાર્યવાહી થવાના કારણે ગુણવત્તામાં ફરક પડવાનો છે. ભૂકંપ, વાવાઝોડાં જેવી કુદરતી હોનારતો, આફતો આવી હોય તો ૬ ડેપોમાંથી મટીરિયલ એકબીજાને આપી શકાય તેમ છે. દવા કે બાકીની પધ્ધતિમાં કોઈ રિફોર્મ્સ્ માટેના સુધારા કરવાના હોય તો ઝડપથી કાર્યવાહી કરી શકાય તેમ છે. રાજ્ય સરકારે ગત વર્ષે એક ફેરફાર કર્યો કે અત્યાર સુધી સી.એચ.સી. અને પી.એચ.સી.કેન્દ્ર ઉપર દવા આપવામાં આવતી હતી, એના બદલે જિલ્લા કક્ષા સુધી લઈ ગયા તો ૩ થી ૪ ટકાનો ભાવ ફેર પ્રાપ્ત થયો છે, એ સ્થિતિ વિભાગીય ડેપો આવવાના કારણે વિવિધ પ્રકારના આર્થિક અને બીજા પ્રકારે ફાયદા પ્રાપ્ત થવાના છે.

### ભરૂચ જિલ્લામાં પ્રધાન મંત્રી સડક યોજના હેઠળ બનેલ રસ્તા

***૯૧૫૫ શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫માં તા.૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કેટલા રસ્તાનાં કામો મંજૂર થયાં અને

(૨) તે અન્વયે કેટલા રસ્તાઓનાં કામો પૂર્ણ થયાં ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) મંજૂર થયેલ રસ્તાનાં કામો નીચે મુજબ છે:

| વર્ષ | તાલુકો | રસ્તાનાં કામોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | વાલીયા | ૧ |
| | ઝગડીયા | ૧ |
| ૨૦૦૪-૦૫ | વાલીયા | ૩ |
| | કુલ | ૫ |

(૨) આ પૈકી કોઈ કામ પૂર્ણ થયાં નથી.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં અત્યાર સુધી કેટલી લંબાઈનાં કેટલાં કામ મંજૂર થયાં અને કેટલી કિંમતના કયા કયા કામ પૂર્ણ કરેલ છે? બાકીનાં કામની શી પરિસ્થિતિ છે? આ કામ પૂર્ણ કરવા માટે સરકારનું શું આયોજન છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કેટલાક લોકોએ સારાં કામ કર્યાં છે, એમાનું ગુજરાત છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૦૬૪ કામો પ્રાપ્ત થયાં, એમાંથી ૭૬૮ કામો પૂરાં કર્યાં છે. ૭૨ ટકાં કાર્યો આપણે પૂરાં કર્યાં છે અને ૨૯૬ કાર્યો પ્રગતિમાં છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી પ્લીઝ, પ્લીઝ. માનનીય સભ્યશ્રીએ જિલ્લાની માહિતી માગી છે. જિલ્લા પૂરતો જવાબ આપો.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ભરૂચ જિલ્લામાં ૧૪ કામો મંજૂર થયેલાં છે પહેલા, બીજા અને ત્રીજા તબક્કામાં. આ ૧૪ કામો કુલ ૨૭.૧૮ કિલોમીટર લંબાઈના છે. ૧૪ પરા અને ગામોને જોડતા છે. આમાંથી ૯ કામો પૂર્ણ થયાં છે. ૧૨૯.૮૭ લાખની કિંમતના છે અને તેમાં ૯ પરા અને ગામોને જોડતા કામ પૂર્ણ થયા છે. શરૂ ન થયેલા પાંચ કામો છે અને જે પાંચ કામો છે તેમાં જુદા જુદા તબકકે કાર્યવાહી હાથ ધરાયેલ છે. આ બધા જ કામો આ વર્ષમાં પૂર્ણ કરવાનો નિર્ધાર છે.

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રાજયમાં કુલ કેટલા કિલોમીટરના કામ થયાં છે?

**અધ્યક્ષશ્રી** : આમાં રાજયનો સવાલ નથી. આ ન આવે પ્લીઝ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો છે. મંત્રીશ્રીએ ૧૪ કામોનો જવાબ આપ્યો છે. ૨૦૦૩-૦૪ માં બે રસ્તા ચાર પાર્ટમાં કુલ ૩ રસ્તા મંજૂર થયા છે અને પાંચ કામ બાકી છે. હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૧૪ રસ્તાઓ મંજૂર થયા છે અને બીજા પૂરા થયા છે અને જવાબમાં જણાવ્યું છે તે પાંચ છે અને પાંચે પાંચ બાકી બોલે છે. એટલે માનનીય મંત્રીશ્રીએ જે ૧૪ રસ્તા બતાવ્યા નથી.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગોવાભાઈ પ્રશ્ન સમજી શક્યા નથી. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે ભરૂચ જિલ્લામાં કુલ પી.એમ.જી.વાય રસ્તા થયા છે તેમાં કેટલા પૂર્ણ થયા અને કેટલા બાકી છે તે પ્રશ્નનો જવાબ આપ્યો છે. આપ પ્રશ્ન ફરીથી જોઈ શકો છો. મેં તે જ પ્રશ્નનો જવાબ આપ્યો છે.

### બનાસકાંઠા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોઅને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ

***૮૩૫૯ શ્રી ભેમાભાઈ રા. પટેલ (દીઓદર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં કેટલા ડોકટરોની જગ્યાઓ ખાલી છે,

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર મૅડિકલ ઑફિસરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માગે છે?

**આરોગ્ય મંત્રીશ્રી :-**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ભાભર અને થરાદ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ ત્રણ(૩) ડોકટરોની જગ્યા ખાલી છે.

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્ર દિયોદરમાં વર્ગ-૧ની ૨ જગ્યા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રૂણી ખાતે વર્ગ-૨ની એક જગ્યા ખાલી છે.

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી આ જગ્યા ભરવામાં આવશે.

**શ્રી ભેમાભાઈ રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પ્રશ્ન ક્રમાંક:૪ માં હાલની સ્થિતિમાં બનાસકાંઠા જિલ્લામાં દિયોદર, ભાભર અને થરાદ તાલુકામાં મૅડિકલ ઓફિસરની કેટલી જગ્યાઓ ખાલી છે? બાકીની જગ્યાઓ ભરવા માટે શું શું કાર્યવાહી કરવામાં આવી?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તે મુજબ થરાદ, દિયોદર અને ભાભર આ ત્રણે જગ્યાઓએ જે વર્ગ-૧ ની કુલ ૪ જગ્યાઓ રહેલી છે, તેમાં ૨ જગ્યાઓ ભરાયેલ છે અને ૨ જગ્યાઓ ખાલી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મૅડિકલ ઓફિસરની કુલ ૯ જગ્યાઓ રહેલી છે તે ૯ જગ્યાઓ ભરાયેલી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૧૨ જગ્યાઓ રહેલી છે તેમાંથી અગિયાર જગ્યાઓ ભરાયેલ છે. આ જગ્યાઓ ભરવા માટે પ્રયત્ન કર્યા તો તેમાં ૨૦૦૪ માં જુદા જુદા ૨૧ ડૉકટરોને ઑર્ડર આપવામાં આવ્યા છે. તેમાંથી આ જગ્યા ઉપર ફકત એક જ ડોકટર હાજર થયા છે.

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, કોઈપણ ડોકટર એમ.બી.બી.એસ. થયા પછી બે વર્ષની ઈન્ટરશીપ કરતા હોય છે તો આ ઈન્ટરશીપ કરવા માટે ફરજ પાડીએ છીએ. આ જે ખાલી જગ્યાઓ છે તે જગ્યાઓમાં ઈન્ટરશીપ થયેલા ડૉકટરોને બે-ત્રણ વર્ષ નોકરી કરવા માટે ફરજ પાડો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમમાં જોગવાઈ રહેલી છે કે બોન્ડેડ ડોકટરોએ નોકરી કરવી જોઈએ. આ બે વર્ષના સમયગાળા દરમ્યાન તેઓના બોન્ડ પણ લેવામાં આવે છે. અત્યારે જે જોગવાઈ છે તે મુજબ તેઓ બોન્ડ એનકેશ કરાવી બાકીની કાર્યવાહી કરતા હોય છે અને નોકરી કરવા આવતા નથી. મેં ગત મંગળવારે પણ આ ગૃહમાં જવાબ આપ્યો હતો કે રાજય સરકાર વિવિધ પ્રકારની વિચારણા હાથ ધરી રહેલ છે કે

આ ડોકટરો જે અંતરિયાળ બનાસકાંઠા જેવા વિસ્તારમાં કયા પ્રકારે કાર્યવાહી કરવાની ફરજ પાડી શકીએ તે બાબત સઘન વિચારણામાં છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, જે સરહદી વિસ્તારમાં ડોકટરો ન રહેતા હોય તો ફરજ પાડવાની વાત કરી એક એ, બીજું મને એવું લાગે છે કે, ફરજ પાડવાની જગ્યાએ જો એમને વધારે સુવિધાઓ આપીને, એમના બાળકો માટે અભ્યાસ માટેની સુવિધા બાકીની સુવિધાઓ આપીને ત્યાં ડોકટરો સ્થાયી થાય અને છેવાડાના વિસ્તારની અંદર એમની સેવાઓ મળી રહે એ માટે રાજય સરકાર કંઈક વિચારવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબત ચોક્કસપણે વિચારણા હેઠળ છે, કારણકે જે પ્રકારની સુવિધાઓની વાત કરી એ પ્રકારની સુવિધાઓ સી.એચ.સી.માં સામાન્ય રીતે ઉપલબ્ધ હોય છે, આમ છતાં બાકીની પ્રક્રિયામાં જે ડોકટર સરકારી હોસ્પિટલમાં કાર્ય કરે છે, એના કરતાં અનેક ઘણા વધારે પૈસા બહારથી મળતા હોય છે એના કારણે એ સરકારી સર્વિસ માટે ઝડપથી તૈયારી દાખવતા નથી, એ સ્થિતિમાં જુદી જુદી બાબતો કે પ્રાઇવેટ પ્રૅક્ટિસની અમુક કલાકો આઠ કલાક સર્વિસ કે દશ કલાક સર્વિસ કર્યા પછી છૂટ આપવી કે કેમ, વધારાનું કોઈ પ્રોત્સાહન આપવું કે કેમ, પોસ્ટ ગ્રેજયુએશનમાં (અંતરાય) જે મૅડિકલ ઑફિસર હોય, એમાં વિવિધ જોગવાઈઓ કરવા માટે ચોક્કસપણે સઘન વિચારણા કરવામાં આવશે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા સી.એચ.સી, સૅન્ટર અને પી.એચ.સી. સૅન્ટર અને સબસેન્ટર છે, એમાં કેટલા ડોકટરોની જગ્યાઓ ખાલી છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી આ પેટાકેન્દ્રો અને એ બધી માહિતી મારી પાસે ન હોય પણ જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ ૩૬ જગ્યાઓ મંજૂર થયેલી છે અને એમાંથી ૩૨ જગ્યાઓ ભરાયેલી છે અને ચાર જગ્યાઓ ખાલી છે.

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે, થરાદ તાલુકો, એ મારો મત વિસ્તાર છે અને એમાં ત્રણ ડોકટરોની જગ્યાઓ ખાલી છે, વાવ તાલુકામાં સી.એચ.સી. છે, આ બનાસકાંઠાનો પ્રશ્ન છે તો વાવ તાલુકામાં એક નંબરની જગ્યા રદ કરી છે તો એ રદ કરવાના કારણો શું છે? આ જગ્યાઓ ક્યારે પૂરશો? આમાં લખ્યું છે કે, યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી આ જગ્યાઓ ભરવામાં આવશે, તો એ ક્યારે ડોકટરો મળશે અને તમે એ ક્યારે જગ્યાઓ પૂરશો એ હું જાણવા માગું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે પણ મેં કહ્યું એ મુજબ ૨૦૦૪માં ૨૧ ડોકટરોનો ઈન્ટરવ્યુ કરીને આપ્યા, ફક્ત એક ડોકટર હાજર થયા અને જ્યાં સુધી પહેલો પ્રશ્ન પૂછયો એમાં જણાવવાનું કે, કોઈ પી.એચ.સી કે સી.એચ.સી રાજયમાં બંધ કરવામાં આવ્યાં નથી.

## રાજયમાં આયુર્વેદ વનૌષધી વૃદ્ધિ માટેની યોજના

***૯૮૯૪ શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં લુપ્ત થતી આયુર્વેદ વનૌષધી તથા ફાર્મસી દ્વારા વધુ વપરાતી વનૌષધીઓના ઉત્પાદન વૃદ્ધિ માટે કોઈ યોજના કાર્યરત છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) રાજયમાં સ્ટેટ મેડીસીનલ પ્લાન્ટ બોર્ડની રચના કરવામાં આવી છે. જેના મારફત ૫૭ પ્રકારની આયુર્વેદ વનૌષધીના વાવેતર માટે સહાય આપવાની યોજના અમલમાં મૂકી છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સ્ટેટ મેડીસીનલ પ્લાન્ટ બોર્ડ બનાવ્યું છે એ ક્યારે બન્યું, એની રચના કેવી છે, એમાં કેટલા સભ્યો છે, એની છેલ્લી મીટિંગ ક્યારે થઈ અને સ્ટેટ મેડીસીનલ.

**અધ્યક્ષશ્રી** : આખો ઇતિહાસ પૂછવો છે?

**શ્રી ભરત બારોટ** : એક જ છે કે એની રચના ક્યારે થઈ અને..

**અધ્યક્ષશ્રી** : એટલે આખો ઇતિહાસ..

**શ્રી ભરત બારોટ** : ના, એટલે હજી સુધી આ આખું બોર્ડ ક્યારે બન્યું એ ખબર નથી...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન હોય એ આપ પૂછો.

**શ્રી ભરત બારોટ** : પ્રશ્ન ટૂંકો છે કે એની રચના ક્યારે થઈ અને...

**અધ્યક્ષશ્રી** : આપ શું જાણવા માગો છો એ પૂછો.

**શ્રી ભરત બારોટ** : આ બોર્ડની રચના ક્યારે થઈ અને એમાં કેટલા સભ્યો છે અને એની મીટિંગ ક્યારે થઈ?

**અધ્યક્ષશ્રી** : આ બધુ સાહિત્ય ત્યાંથી મળી રહેશે, નેક્સ્ટ, હા, બીજો પ્રશ્ન પૂછો.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, આ બોર્ડ દ્વારા કયાં કેટલી મૅડિસિનની યાદી તૈયાર કરવામાં આવી છે અને એમાંથી ગુજરાતમાં કેટલી ઉત્પન્ન થાય છે?

**અધ્યક્ષશ્રી** : બરાબર છે, કઈ મૅડિસિન બનાવો છો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ મેડીસીનલ પ્લાન્ટ દ્વારા ૫૭ બાબતોની યાદી કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી છે, માનનીય અધ્યક્ષશ્રી, આ ૫૭ બાબતોમાંથી ગુજરાતમાં ૩૪ બાબતો એટલે કે આ જે પ્લાન્ટ છે એ પ્લાન્ટ ૩૪ પ્લાન્ટ આપણને ઉપલબ્ધ છે એટલે કે જે નક્કી કરેલી આયુર્વેદિક દૃષ્ટિએ છે એમાંથી ૬૦ ટકા ગુજરાતમાં આ પ્રકારની ઉપલબ્ધ છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એમાં ૧૧ કાયમી સભ્યો રહેલા છે.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** :માનનીય અધ્યક્ષશ્રી, આ આયુર્વેદિક ઔષધિ અંગે જે પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછયો છે એ ખૂબ સારો પ્રશ્ન છે. આજે આયુર્વેદિક દવાઓનો વપરાશ જયારે વધતો જાય છે,ત્યારે આપના થકી મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં વન વિભાગ દ્વારા ઘણી જાતની વન ઔષધિઓનો ઉછેર થઈ રહ્યો છે એ ખૂબ સારું કાર્ય થઈ રહ્યું છે, ત્યારે આ વિસ્તારમાં આયુર્વેદિક હોસ્પિટલ આપવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ હોસ્પિટલ માટેનો પ્રશ્ન નથી વન ઔષધિ માટેની વાત છે, પરંતુ વિજયનગર જેવા વિસ્તારમાં વન ઔષધિઓ જયારે પ્રાપ્ત થાય છે ત્યારે સમગ્ર ગુજરાતમાં આ પ્રકારની લોક ભાગીદારી દ્વારા ખેડૂતોને પ્રોત્સાહિત કરીને આ પ્રકારની વન ઔષધિઓ પ્રાપ્ત થાય અને એમના દ્વારા એનો ઉછેર કરવામાં આવે એ પ્રકારના પ્રયત્નો કરવામાં આવે છે. એક માહિતી આપું તો ૨૦૦૪-૨૦૦૫માં લગભગ આવી ૩૪ દરખાસ્તો નૈશનલ મેડિસિનલ બોર્ડ દ્વારા પ્રાપ્ત થઈ છે અને ૧૯૩ લાખ રૂપિયાની એમાં આપણને રકમ પ્રાપ્ત થઈ છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે એલોપથી મેડિસિનમાં જુદીજુદી ફાર્માકોપિયા હોય છે, ઈન્ડિયન ફાર્માકોપિયા, બ્રિટિશ ફાર્માકોપિયા, યુનાઈટેડ ફાર્માકોપિયા એવી રીતે આયુર્વેદનું standardisation કરી અને મેટલિક મેટર એમાં આવતી હોય ને એ માણસ માટે હેઝાર્ડસ છે,પ્રચાર એવો થાય છે કે આયુર્વેદિક દવાઓ નુકસાન કરતી નથી. એની એલર્જી પણ થાય છે, નુકસાન પણ થાય છે તો એનું સ્ટાન્ડર્ડાઈઝેશન કરવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને ખ્યાલ હશે કે હમણાં જ આયુર્વેદિક માટેનું એક સપ્તાહ ઉજવવામાં આવ્યું હતું. સપ્તાહનો મૂળ આશય એ હતો કે આ પ્રકારના વિવિધ કાર્યો ગુજરાતના લોકોનો સાથ લઈને હાથ ધરવામાં આવે. માનનીય સભ્યશ્રીએ સૂચન કર્યું છે એ અંગે જણાવું કે આયુર્વેદિકનું સ્ટ્રેંન્ધનીંગ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે, ત્યારે એમણે રજૂ કરેલ સૂચન વિચારણામાં લેવામાં આવશે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આખું વિશ્વ આયુર્વેદિકને અપનાવી રહ્યું છે ત્યારે આયુર્વેદિક વનસ્પતિ ડેવલપ કરવા માટે રાજય સરકારે વિચાર મૂકયો છે એ બદલ અભિનંદન આપું છું. પરંતુ આ આયુર્વેદિક વનસ્પતિઓ ડેવલપ કરવા માટે આપણે વિચારી રહ્યા છીએ ત્યારે આ દવાઓ જે બનાવવામાં આવે છે એ દવાઓ જયાં વપરાવાની છે એ આયુર્વેદિક દવાખાનાઓ બંધ કરવાનો નિર્ણય કર્યો છે એ સાચું છે?

**અધ્યક્ષશ્રી**: માનનીય સભ્યશ્રી, આ ઔષધિઓની વાત છે, એમાં દવાખાનાની વાત નહીં આવે. નેકસ્ટ.

### પીપરીથી ભેંસકાતરીથી વ્યારાને જોડતો રસ્તો પહોળો કરવા બાબત

***૯૧૪૬ શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

ડાંગ જિલ્લાના પીપરીથી ભેંસકાતરી થઈ વ્યારાને જોડતો રાજય ધોરી માર્ગ પહોળો કરવા તારીખ ૩૧-૧૨-૦૪ સુધીમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:-**

ડાંગ જિલ્લાના પીપરીથી ભેંસકાતરી રસ્તાના કામના ટેન્ડરની મંજૂરીની પ્રક્રિયા હાથ ધરાયેલ છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, આ રસ્તો મંજૂર થઈ ગયો છે, ટેન્ડર બહાર પડયા છે પણ છેલ્લા બે વર્ષથી આ રસ્તો થતો નથી તો જયારે ટેન્ડર બહાર પડી ગયા છે તો વહેલામાં વહેલીતકે એ ટેન્ડર મંજૂર કરીને કયારે એ રસ્તો ચાલુ કરવા માગો છો? આ વર્ષે ચાલુ કરવામાં આવશે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો ચોકકસપણે પૂર્ણ કરવામાં આવશે. આ વર્ષમાં જ પૂર્ણ કરવામાં આવશે. મેં ગૃહને પહેલા પણ માહિતી આપી હતી એ મુજબ પ્રથમ તબકકે નાબાર્ડના ૨૪ કામો હાથ ધરેલ એ પછી બીજા તબકકામાં ૨૦ કામો હાથ ઉપર હતા. નાબાર્ડની જોગવાઈ અનુસાર એ કામો પ્રગતિ હેઠળ નહોતા આવ્યા. આજે ૨૦ કામો હાથ ધર્યા છે એમાંથી ૧૨ કામો પ્રગતિ હેઠળ છે અને એમાં ૬ કામો ટેન્ડની

સ્થિતિમાં છે એટલે કે આ કામ ટેન્ડરની સ્થિતિમાં છે અને ટેન્ડર આવ્યા પછી એની કાર્યવાહી પૂર્ણ કરી તુરત જ વહેલામાં વહેલીતકે આ કામ પૂર્ણ કરવામાં આવશે.

**દાંતા, અમીરગઢ અને પાલનપુર તાલુકામાં રાજ્ય તથા પંચાયત હસ્તકના રસ્તા**

***૧૦૪૨૮ શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય માર્ગ અને મકાનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને પાલનપુર તાલુકામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪માં રાજ્ય તથા પંચાયત હસ્તકના કયા કયા નવીન રસ્તાઓ બનાવવાની મંજૂરી આપવામાં આવી, અને

(૨) જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ મંજૂરી હેઠળના પ્રત્યેક રસ્તાના કામની પરિસ્થિતિ શું છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી**

(૧) અને (૨) માર્ગ અને મકાન વિભાગની યોજનામાં નવા મંજૂર થયેલ ચાર કામો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | રસ્તાનું કામ | પરિસ્થિતિ |
|---|---|---|---|
| ૧ | દાંતા | મોર ડુંગરા ઘોઘરમાળ રોડ | કામ પૂર્ણ |
| ૨ | દાંતા | ઓડીઆર ટુ ધોળી કાંકરી રોડ | ટેન્ડર જિલ્લા પંચાયત પાસે મંજૂરીની પ્રકિયા હેઠળ |
| ૩ | પાલનપુર | જસલેણી ઉતમપુરા રોડ | |
| ૪. | પાલનપુર | અમરાપુરા એપ્રોચ રોડ | |

**શ્રી મુકેશ ભૈ. ગઢવી :** માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પાલનપુર અને અમીરગઢ તાલુકાઓને જોડતા જે રસ્તાઓ છે એમાં મારવાડા-સુરજરા-જુઓળ અને ધનિયાળા-નળાસરા-આંબલીયા-કુંપર અને આથોદરા-વિરમપુર આ ત્રણ રસ્તાઓ અંગે સચિવશ્રી કક્ષાની સત્યશોધક સમિતિની રચના કરી અને આની તપાસ કરી એના મજબૂતીકરણ અને નવીનીકરણનું કામ કરવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી :** નવીનીકરણમાં ક્યાં સમિતિ આવશે?

**શ્રી મુકેશ ભૈ. ગઢવી :** સ્ટ્રેન્ધનીંગ ઈઝ મસ્ટ.

**અધ્યક્ષશ્રી :** આમાં ક્યાં સમિતિ આવશે?

**શ્રી મુકેશ ભૈ. ગઢવી :** સાહેબ, દશ વર્ષથી આ રસ્તો બંધ છે કોઈ જતું નથી એટલા માટે આ સત્યશોધક સમિતિની વાત કરું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** એમનો પ્રશ્ન છે એ આખો જુદો છે અને અત્યારે જે પ્રશ્ન પૂછે છે એ આખો જુદો છે. આમ છતાં આ વર્ષે જે નાણાકીય જોગવાઈ બજેટમાં વિવિધ રસ્તાઓ માટેની હાથ ધરેલ છે તેમાં ૧૦ વર્ષ પહેલાંના જે કોઈ રસ્તાઓ છે એ તમામ રસ્તાઓ અંગે ચોક્કસપણે હકારાત્મક રીતે વિચારણા કરવામાં આવશે.

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, બે વર્ષમાં નવીન રસ્તાઓ સિવાયના રિસરફેસીંગ અને એને લગતા કેટલા કામો હાથ ધરાયા અને કેટલા પૂરાં થયાં અને જે રસ્તાઓને જોબ નંબર મળ્યા છે એ કામો કેટલા સમયમાં ચાલુ કરવામાં આવશે?

**અધ્યક્ષશ્રી :** જિલ્લાના છે?

**શ્રી હરજીવન હી. પટેલ** : ના, ના વિસ્તાર છે પાલનપુર દાંતાના છે..

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમના વિસ્તારનો પ્રશ્ન પૂછયો છે એમાં બે વર્ષમાં ૩૧ કામો હાથ ધરેલ છે અને ૧૮ કામો પૂર્ણ કરેલ છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા :** માનનીય અધ્યક્ષશ્રી, પાલનપુર અમીરગઢને જોડતા રસ્તાની વાત છે. દાંતીવાડા ડેમમાં ડૂબમાં ગયેલા જે ગામો છે અને જે અમીરગઢ તાલુકાના અને પાલનપુર તાલુકાના પણ આવે છે ત્યાં એવો રસ્તો છે જે ત્રીસ વર્ષથી એમને એમ પડ્યો છે. સિંચાઈના કારણે જે દાંતીવાડા ડેમમાં પાણી આવે છે એના કારણે એના કોઝવે વિગેરે તૂટી ગયા છે તો આ એક રસ્તો છે આમ તો માનનીય મંત્રીશ્રીની કામગીરીથી સંતોષ જ છે પણ આ એક રસ્તાને જોબ નંબર આપવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** આ પ્રશ્ન જુદો છે એની માહિતી મારી પાસે ન હોય પણ સભ્યશ્રી વિગતો આપશે તો હુંચોક્કસ જોઈ લઈશ.

**શ્રીમતી રમીલાબેન બે. બારા :** મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, બનાસકાંઠાના દાંતા વિસ્તારના મોટાભાગના ગામોનો સામાજિક વ્યવહાર સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકા સાથે રહેલો છે ત્યારે બે ગામોને જોડતા સાબરમતી નદી ઉપર અંબાઈઘડાના પુલની મંજૂરી માનનીય મંત્રીશ્રી આપવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી :** આ આમાં નહિ આવે,

**શ્રીમતી રમીલાબેન બે. બારા :** સાહેબ કનેક્ટેડ છે આવે, આની સાથે દાંતા સાથે કનેક્ટેડ છે.
**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** બહેનશ્રી મારી પાસે વિગતો મૂકશે તો હું ચોક્કસ જોઈ લઈશ.

## મહુધા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરોની ખાલી જગ્યા

***૮૪૩૭ શ્રી નટવરસિંહજી ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-
(૧) તારીખ ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ખેડા જિલ્લાના મહુધા તાલુકામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરની જગ્યા ખાલી છે અને
(૨) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**આરોગ્ય મંત્રીશ્રી**
(૧) એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એક ડોકટરની જગ્યા ખાલી છે
(૨) તા.૨૮-૧-૦૫થી આ જગ્યા ભરાયેલ છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય આરોગ્ય મંત્રીશ્રીને હું આપના દ્વારા પૂછવા માગું છું કે, ખેડા જિલ્લામાં તો નહિ પણ આખા ગુજરાતમાં ડોકટરોની જગ્યા ભરવાની બહુ બાકી છે તો ડોકટરો મૂકવાનું તો કંઈ વિચારો, કંઈક કરો,

**અધ્યક્ષશ્રી . :** પ્રશ્ન પૂછો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : અમારા મહુધામાં ડોકટરોની જગ્યા ખાલી છે. મહુધા અને ખેડા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરોની જગ્યા ખાલી છે.

**અધ્યક્ષશ્રી :** સવાલ પૂછો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : આરોગ્ય એ જનહિતનું કામ છે, એ લોકોએ ધ્યાન આપવું પડે.

**અધ્યક્ષશ્રી :** એ બરાબર છે, પણ આપ પ્રશ્ન પૂછો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : ખેડા જિલ્લામાં અને મહુધામાં ડોકટરોની જગ્યા કેટલી ખાલી છે, ગુજરાતમાં કેટલી ખાલી છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** મહુધામાં પાંચ આરોગ્ય કેન્દ્રો આવેલા છે સિંધાલી, ચુડેલ, અલીણા, ક્લાણી, નાની ખડોલ એમાં પાંચમાંથી ચાર જગ્યાઓ ભરાયેલી હતી અને એક જગ્યા ખાલી હતી એ પણ ૨૮-૧-૨૦૦૫માં ભરાઈ ગઈ છે, એટલે અત્યારે તમામ જગ્યાઓ ભરાયેલી છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ડોકટરોની જગ્યા ભરાઈ છે અને એક ખાલી છે પણ બાકીનો કોઈ સ્ટાફ બાકી છે ખરો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ડોકટરોને લગતો પ્રશ્ન છે એટલે ડોકટરોને લગતી માહિતી મેં આપી છે.

## મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્રને દવાઓ ખરીદવા મળેલ ગ્રાન્ટ

***૮૦૫૫ શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,
(૧) તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્રને દવાઓ, સાધનોની ખરીદી માટે વર્ષવાર કેટલી ગ્રાન્ટ મળેલ હતી.
(૨) તે પૈકી કેટલી ગ્રાન્ટ વણ વપરાયેલી રહી છે.
(૩) આ ગ્રાન્ટ ન વાપરવાનાં કયાં કારણો છે.
(૪) ઉકત રકમ જેટલી દવાઓની સાધનોની જરૂરિયાત કઈ રીતે પૂરી કરવામાં આવેલ છે, અને
(૫) તે અંગે સરકાર દ્વારા કોઈની જવાબદારી નક્કી કરવામાં આવેલ છે કે કેમ?

**આરોગ્ય મંત્રીશ્રી**
(૧)

| વર્ષ | દવાની મળેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૦૧-૨૦૦૨ | રુપિયા ૩૧,૪૨,૬૪,૦૪૭-૦૦ |
| ૨૦૦૨-૨૦૦૩ | રુપિયા ૪૧,૫૮,૦૯,૯૧૧-૦૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | રુપિયા ૩૫,૫૯,૦૧,૫૮૪-૦૦ |

તબીબી સાધનોની ખરીદીની ગ્રાન્ટ મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્રને હવાલે મૂકવામાં આવતી નથી.
(૨)

| વર્ષ | વણ વપરાયેલ ગ્રાન્ટ |
|---|---|

| | |
|---|---|
| ૨૦૦૧-૨૦૦૨ | રુ. ૨,૪૦,૯૧,૪૭૨-૦૦ |
| ૨૦૦૨-૨૦૦૩ | રુ. ૪૧,૪૧,૮૭૦-૦૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | રુ.૩,૮૪,૪૬,૧૧૭-૦૦ |

(૩) વહીવટી કારણોસર.
(૪) હોસ્પિટલો દ્વારા તેમને ફાળવેલ ગ્રાન્ટમાંથી સ્થાનિક ખરીદી કરીને.
(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી છબીલદાસ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હૉસ્પિટલો આ દવા ખરીદી કરે છે તેમાં કોઈ ધારા-ધોરણો નક્કી કરેલ છે કે કેમ અને આ ગ્રાન્ટ કયા કયા વહીવટી કારણોસર વણ વપરાયેલી રહી હતી?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સી.એમ.એસ.ઓ. દ્વારા દવા ખરીદવાની બાબતે રોટેશન છે. ગ્રાન્ટ મળે અને તેની દવાઓ વપરાય, દવાઓ ખરીદાય તે આ પ્રકારે જુદી જુદી દવાઓ માટેનું રોટેશન પણ ચાલ્યા કરતું હોય છે. સી.એમ.એસ.ઓ.માં દવાઓ તે નિશ્ચિત સ્વરૂપમાં પડેલી હોય છે અને તે સ્વરૂપમાં કયારેય ગ્રાન્ટ માટેની અન્ય કોઈ મુશ્કેલીઓ રહેતી નથી. ખરીદી માટે થઈને વિવિધ પ્રક્રિયાઓ રહેલી છે જુદી જુદી કમિટીઓ કમિશ્નરશ્રી કક્ષાએ, સચિવશ્રીએ, ઉદ્યોગ, નાણાં અને આરોગ્ય સચિવ ત્રણેની કમિટી રહેલી છે અને તે જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. સભ્યશ્રીએ પૂછ્યું છે કે ગ્રાન્ટ વણ વપરાયેલી કેમ પડી રહી? આ એક રોટેશન સિસ્ટમ હોય છે તેની સાથો સાથ બે વર્ષથી જે પ્રકારની કાર્યવાહી કડક રીતે હાથ ધરેલી છે અને જે દવાઓમાં સબ સ્ટાન્ડર્ડ કે બાકીની દવાઓની કપાત કરવાની થતી હોય છે તે કપાતની રકમ પણ દર વર્ષે મોટી થતી હોય છે અને તે કારણે પણ જમા રકમ વધારે રહેતી હોય છે. બીજી કોઈ જગ્યાએ કોર્ટ મેટર થતી હોય છે અને તેને કારણે બિલ ચૂકવવા માટે મહિનો, બે મહિના, ચાર મહિના, છ મહિના વહેલાં મોડું થાય અથવા તો સ્ટે કે બાકીની પ્રક્રિયા રહેતી હોય છે પરંતુ દવાઓની રકમ બાકી રહેવાના કારણે કોઈ પણ પ્રકારની દવાની ખરીદી ઉપર કયારેય કોઈ મુશ્કેલીઓ ઊભી થયેલી નથી.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે અમુક વખતે સબ સ્ટાન્ડર્ડ દવાઓ પણ મળતી હોય છે. આવી સબ સ્ટાન્ડર્ડ દવાઓ આપતી કંપનીઓ સામે માનનીય મંત્રીશ્રીએ શું શું પગલાં લીધાં અને છેલ્લા બે વર્ષમાં આવી કેટલી કંપનીઓ હતી જેમણે સબ સ્ટાન્ડર્ડ દવાઓ સપ્લાય કરી?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષથી આ દવાઓની ખરીદી માટે કોઈ પણ વ્યકિત કે કોઈ પણ કંપની હોય કયાંય તેના સ્ટાન્ડર્ડ માટેની આપણે છૂટછાટ મૂકેલી નથી અને કડકમાં કડક કાર્યવાહી કરેલી છે. આ ગૃહને જણાવતાં મને આનંદ થશે કે જે પ્રકારની સ્થિતિ છે તેમાં ગયા વર્ષે ૪૬ જેટલી કંપનીઓને ત્રણ વર્ષ માટે પ્રથમ વખત સરકારની યાદીમાંથી ડિબાર્ડ કરેલી છે જેની સબ સ્ટાન્ડર્ડ દવાઓ રહેતી હતી અને ચાર જેટલી કંપનીઓ કે જેમને ટેન્ડર ભરતી વખતે ખોટી માહિતી આપી હોય તો તે ખોટી માહિતીને કારણે તેમને ડિબાર્ડ કરાયેલા છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨-૦૩માં ૪૧ કરોડ રુપિયા જેટલી રકમ ફાળવવામાં આવેલી. ૨૦૦૩-૦૪માં ૩૫ કરોડ આમાં ૬ કરોડ રુપિયાનો ઘટાડો કરવામાં આવ્યો તેનાં કારણ શું? અને ત્યાર પછી ચારેક કરોડ રુપિયાની દવાઓ વપરાયા વિના એટલે ખરીદી કરવામાં ના આવી તો દશેક કરોડ રુપિયાની જે ઓછી દવાઓ આવી તો આ હૉસ્પિટલો દ્વારા જે ગ્રાન્ટ ફાળવવામાં આવી તે દશેક કરોડ રુપિયા થાય છે. વધારે થાય છે કે ઓછી થાય છે તે જાણવા માંગુ છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : દવાઓનો કયાંય પણ ઘટાડો થયો નથી, ઉલટાનું ગયા વર્ષથી આપણે આદિવાસી વિસ્તારમાં દવાઓનું પ્રમાણ પી.એચ.સી. અને સી.એચ.સી.માં પણ વધારેલ છે. માનનીય સભ્યશ્રીએ જે જાણવા માગ્યુ છે તે મુજબ છેલ્લાં ત્રણ વર્ષના આંકડા તેમને આપું તો ૨૦૦૧-૦૨માં ૩૧ કરોડ ૬૨ લાખ ૩૬ હજારનું અનુદાન પ્રાપ્ત થયેલું, તેમાંથી ૩૨ કરોડ ૯૮ લાખ ૭૫ હજાર ૬૦૫ રુપિયાની દવાઓનું વિતરણ થયેલું. ૨૦૦૨-૦૩માં ૩૩ કરોડ ૧૮ લાખ ૭૧ હજાર ૮૨૨ રુપિયાનું અનુદાન પ્રાપ્ત થયેલું તેમાંથી ૩૨ કરોડ ૮૨લાખ ૬૫ હજાર ૨૭૨ દવાઓની કાર્યવાહી કરવામાં આવેલી છે.૨૦૦૩ અને ૨૦૦૪માં ૩૦,૪૨,૩૬,૧૯૦ રૂપિયાના અનુદાનો પ્રાપ્ત થયેલાં અને ૨૯,૭૫,૪૧,૦૨૬ રૂપિયાની દવાઓના વિતરણની કાર્યવાહી કરવામાં આવી છે. આમ આ એક રોટેશન સિસ્ટમ મુજબની સરકારની પદ્ધતિ છે અને તે મુજબ એમાં ગ્રાન્ટની રકમમાં ઘટ હોય તો દવા ઉપર ઘટ પડે અથવા દવા ઓછી અપાય એવી કોઈ પણ વ્યવસ્થા રહેલી નથી.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે દર વર્ષે કેટલી રકમની દવાઓ આ તંત્ર દ્વારા ખરીદવામાં આવે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સી.એમ.એસ.ઓ. દ્વારા લગભગ એવરેજ દર વર્ષે ૩૨ કરોડ રૂપિયાની દવાઓની ખરીદી થતી હોય છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે હલકા પ્રકારની ગુણવત્તાવાળી જે દવાઓ આવે છે તે પાછી આપવી જોઈએ અને બદલાવવી જોઈએ, પરંતુ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલની

ટિપ્પણી પ્રમાણે ૬૮ લાખ રૂપિયાની દવાઓ પાછી નથી આપી અને બદલાવવામાં નથી આવી તો આ બાબતમાં સરકાર શું કરવા માગે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ સરકાર કોઈપણ પ્રકાની હલકી દવાઓ ચલાવી લેવા માગતી નથી. હું સ્પષ્ટ રીતે આ ગૃહને વાકેફ કરવા માગું છું. સભ્યશ્રીએ સવાલ કર્યો તે મુજબ મેં પહેલાં જ કહ્યું કે મધ્યસ્થ ઔષધ ભંડાર દ્વારા દવાઓનાં બિલમાંથી કરેલ કાપ છે તે હું આપું તો ખ્યાલ આવશે, જયારે સબ સ્ટાન્ડર્ડ દવાઓ પ્રાપ્ત થાય છે ત્યારે વિવિધ પગલાં રૂપે ૭૨,૪૦,૩૮૨ની..

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ મારા સવાલનો જવાબ નથી, મે પૂછયું છે કે સી.એ.જી.નો રિપોર્ટ છે તે પ્રમાણે તેમાં ટિપ્પણી કરવામાં આવી છે કે ૬૮ લાખ રૂપિયાની દવાઓ ખરીદી હતી જે પાછી આપવામાં આવેલ નથી. તો એ અંગે શું કરવા માગે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : પર્ટિકયુલર કોઈ પ્રશ્નનો જવાબ મારી પાસે ન હોય, જનરલ જવાબ હું આપું છું, વિવિધ કંપનીઓ મુજબ પગલાં ભરવામાં આવ્યાં છે, એમાં ૭૨૪૦૩૮૨ની કપાત કરવામાં આવી છે, ૨૦૦૨-૨૦૦૩માં ૧,૫૩,૨૩,૯૫૮ રૂપિયાની કપાત કરવામાં આવી છે. ૨૦૦૪-૨૦૦૫માં ૧,૪૪,૩૦,૩૮૭ રૂપિયાની કપાત કરવામાં આવી છે. સભ્યશ્રીની વાત હશે એ વાતમાં કયાંક કપાત કરવાની બાકી હશે તો રાજય સરકાર કોઈને પણ છોડવા માગતી નથી. અને ચોકકસપણે કાર્યવાહી કરીશું.

### નર્મદા નદી પુલ પાસે ઝાડેશ્ર્વર ચોકડીએ ટોલટેક્ષ ઉઘરાવવા બાબત

***૧૦૩૧૩ શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ હાઈવે નં. ૮ નર્મદા નદીના પુલ પાસે ઝાડેશ્વર ચોકડીએ ટોલ ટેક્ષ ઉઘરાવવામાં આવે છે તેની મુદત કેટલા વર્ષની છે,

(૨) કયા વર્ષમાં મુદત પૂરી થાય છે, અને

(૩) જાન્યુઆરી-૨૦૦૫ સુધીમાં કેટલા રૂપિયા ટોલટેક્ષ પેટે જમા થયા છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ૧૫ વર્ષ (કન્સ્ટ્રકશન પીરીયડ સાથે)

(૨) સને ૨૦૧૨ માં.

(૩) આ પુલ ખાનગીકરણ પદ્ધતિથી બનાવેલ હોઈ, વિભાગ દ્વારા નહીં પરંતુ બી.ઓ.ટી. ઓપરેટર દ્વારા ટોલ ઉઘરાવાતો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મેં જે પ્રશ્ન કર્યો છે એમાં વડોદરા-ભરૂચ-સુરત-બોમ્બે નેશનલ હાઈવે નંબર ૮ છે. તેના ઉપર વર્ષોથી એક બ્રીજ બનેલો હતો અને પાછળથી ભારણ વધ્યું તેના કારણે બી.ઓ.ટી. ના ધોરણ મુજબ બીજો બ્રીજ બનાવવામાં આવેલ છે. તો મારો પ્રશ્ન એ છે કે નેશનલ હાઈવે નંબર ૮ ઉપર જે પહેલા બ્રીજ બન્યો છે તેના ઉપર ટોલ ટેક્સ લેવામાં આવતો હતો તે કયારથી શરૂ કરવામાં આવ્યો હતો અને તેની મુદત કયારે પૂરી થાય છે અને એમાં કેટલી આવક થઈ છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ઝાડેશ્વર પાસે નર્મદા નદી ઉપર પુલ માટેનું કામ માનનીય સભ્યશ્રીએ કહ્યું તે મુજબ પહેલું કામ એગ્રિમેન્ટ શરૂ કર્યુ ત્યારથી એટલે કે ૨૧-૧૨-૯૭ થી ગણાય. અને તેની રકમ (અંતરાય)

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય મંત્રીશ્રી, મારો પ્રશ્ન સમજી લો પહેલા, આમાં બે બ્રીજ બન્યા છે, સૌથી પહેલા વડોદરા ભરૂચ સુરત બોમ્બે રોડ બન્યો છે, તેના ઉપર સૌથી પહેલા ટોલ ટેક્સ ઉઘરાવવાનું શરૂ કરવામાં આવેલું, હવે નેશનલ હાઈવે વિભાગ દ્વારા જે બી.ઓ.ટી. ના ધોરણે શરૂ કર્યુ છે તેનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે છે તે ૯૭ થી શરુ થયો તે અંગે મારો પ્રશ્ન નથી. નેશનલ હાઈવે દ્વારા બ્રીજ પહેલાથી બન્યો હતો તેના ઉપર ટોલ ટેક્સ લેવામાં આવે છે તે ક્યારથી શરૂ કરવામાં આવેલ છે અને તેની મુદત કેટલી છે અને તેની આવક શું થઈ છે તે હું જાણવા માગું છું.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : જૂના પુલની કાર્યવાહી ૧૯૭૭માં હાથ ધરવામાં આવી. ટોલ ઉઘરાવવાની શરૂઆત ૧-૧૨-૧૯૯૧ થી ૨૦૦૦ સુધીમાં, અત્યાર સુધીમાં ટોલ ઉઘરાવવાની પ્રક્રિયા પૂર્ણ થઈ એમાં ૬૫.૮૪ કરોડ રૂપિયા ઉઘરાવવાના થતા હતા એ કાર્યવાહી પૂર્ણ થતાં, બીજો પુલ નેશનલ ઓથોરિટી દ્વારા બનાવવામાં આવ્યો છે. એ પુલની કાર્યવાહી ૧૧-૧૧-૨૦૦૦ થી શરુ કરવામાં આવી છે. ટોલ એગ્રીમેંન્ટ કરેલ છે એની મુદત ૨૦૧૨માં પૂર્ણ થશે.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : હું આપના દ્વારા મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, હાલ કયા વાહનો પાસે કેટલો ટોલ ટેક્સ લેવામાં આવે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ જે ટોલ ટેક્સ લેવામાં આવે છે, એનું દર વરસે મૂલ્યાંકન થતું હોય છે, એ મુજબ કાર્યવાહી થતી હોય છે. ૨૦૦૪-૨૦૦૫માં મોટર સાઈકલ-સ્કૂટર ટુવ્હીલર માટે કોઈ ટેક્સ લેવામાં આવતો નથી. મોટરકાર ઓટોરીક્ષા ત્રણ વ્હીલવાળા વાહનો પાસેથી ૧૨ રૂપિયા લેવામાં આવે છે. લાઈટ કોમર્શીયલ

વ્હીકલ પાસેથી ૩૧ રૂપિયા લેવામાં આવે છે. બીજા જે ટ્રકો છે, ભારે વાહનથી જોડાયેલા ટ્રકો, માલ સામાન લઈ જાય છે, મુસાફરોથી જે ભરેલા છે એની પાસેથી ૩૬ રૂપિયા લેવામાં આવે છે.

**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ** : હાલનો પુલ બન્યો છે એ પહેલા કયો ટેક્સ લેવામાં આવતો હતો. આ ટેક્સ ભરવામાંથી કોને મૂકિત મળેલ છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આની પહેલા ટેક્સ લેવાતો જ હતો. ત્યારે જે પુલ હતો એના ઉપર છેક ૨૦૦૦ સુધી ટેક્સ લેવાતો હતો. જેમાં ૬૫.૮૪ કરોડનો ટેક્સ લેવાયો છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નવો પુલ નેશનલ હાઈવે ઓથોરિટીએ બનાવ્યો એના ઉપર ટેક્સ લેવામાં આવે એમાં કોઈ વાંધો નથી. પરંતુ જૂના પુલ ઉપર ટોલ ટેક્સ લે છે એ બંધ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ પુલ છે એ બીજો પાર્ટ જ્યારે બનાવ્યો ત્યારે ટેક્સ એકબાજુ લેવામાં આવે છે. આપણે ટ્રાફિકની સરળતાના કારણે આમ કરેલ છે. ટેક્સ તો એકજ બાજુ લેવામાં આવે છે. વાહન વ્યવસ્થામાં ટ્રાફિક એક પુલ ઉપરથી ચલાવે એના કરતાં એક પુલનો ટેક્સ લઈને બંને પુલ ઉપર વાહન ચલાવે એટલે એ રીતે ટેક્સ લેવામાં આવે છે.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : બે પુલ બનાવેલ છે. એમાં નવો બી.ઓ.ટી. ઉપર ટેક્સ લે એમાં અમને કોઈ વાંધો નથી. પરંતુ જેની મુદત પૂરી થઈ ગઈ છે એની ઉપર આજે ટેક્સ લેવામાં આવે છે. તો એ ટેક્સ બંધ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય સભ્યશ્રીની લાગણી પણ સાચી છે અને મેં ગૃહમાં વિગતો આપી એ પણ સાચી છે. અત્યારે જે નવો પુલ બન્યો છે, એની ઉપર ટેક્સ લેવાનો થાય છે, આવતાં જતાં બંને રીતે થાય એ સ્થિતિમાં બાજુના પુલનો ટ્રાફિકની દૃષ્ટિએ ઉપયોગ કરીએ છીએ. ૧૫ વર્ષના એગ્રીમૅન્ટમાં આ પ્રકારનું સાઈનીંગ થયું છે. એ ટેક્સ ન લે તો ડબલ વેઈટ થઈ જાય એટલે ૧૫ વર્ષના એગ્રીમૅન્ટ મુજબ વસૂલાત વસૂલી રહી હોય એના માટે વ્યવસ્થાના ભાગ માટે કરવામાં આવેલ છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : આ જે નવો પુલ છે એ પુલની કોસ્ટ કેટલી થઈ હતી?

**અધ્યક્ષશ્રી :** આ ફક્ત ટોલ ટેક્સની વાત છે.

## જુનાગઢ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનાં કામ

***૯૮૮૦ શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા.૩૦-૧૧-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં "પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના" અન્વયે રસ્તાઓ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,
(૨) ફાળવેલ રકમમાંથી તાલુકાવાર કયા કયા રસ્તાઓનાં કામો મંજૂર થયેલ છે અને પૂર્ણ થયેલ છે, અને
(૩) આ કામો પૈકી કેટલા કામો બાકી છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં રૂા. ૧૪૨.૦૦ લાખ અને વર્ષ ૨૦૦૪-૦૫ (૩૦-૧૧-૦૪ સુધી) માં રૂા. ૩૪.૦૦ લાખ ગ્રાન્ટ મળેલ છે.
(૨) છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી મંજૂર થયેલ નીચેના કામો હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે.
 (૧) કીષ્નાપરા હડમતીયા રોડ
 (૨) થલ્લી વીરોલ રોડ
 (૩) પ્રેમપરા ધાધીયાપરા રોડ
 (૪) જાંબુડા રામપરા રોડ
 (૫) તલીયા ધર એપ્રોચ રોડ
 (૬) રૂપાવટી શિરવાણીયા રોડ
 (૭) દાત્રાણા ગોધમપુર રોડ
 (૮) સરસઈ ગોરમમઢી રોડ
(૩) આ કામો પૈકી તમામ કામો પૂર્ણ થયેલ છે.

**શ્રી ગોવિંદભાઈ વ. પરમાર** : હું આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં અત્યાર સુધીમાં કેટલા કામો મંજૂર થયા, કેટલી લંબાઈના અને કેટલી કિંમતના અને કયા કયા કામો પૂર્ણ કરેલ છે અને કયા બાકી છે. મારા મત વિસ્તારમાં આ યોજના હેઠળ ભવિષ્યમાં કોઈ રસ્તાઓ બનાવવાનું સરકારશ્રીનું આયોજન છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : જૂનાગઢ જિલ્લામાં પી.એમ.જી.એસ.વાય.માં કુલ ૨૪ કામો રહેલા છે. ૬૧.૧૮ કિલોમીટરની લંબાઈના રહેલા છે. ૬૩૮.૨૫ લાખ રૂપિયાનો ખર્ચ છે. ૧૯ કામો પૂર્ણ કર્યા છે. ૫ કામો બાકી છે. જેના ટેન્ડરો જિલ્લા પંચાયતને મંજૂરી માટે મોકલી આપેલાં છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યા તે કયા કયા ૫ કામો બાકી છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : જે પાંચ કામો બાકી છે તેમાં એસ એચ ટુ ડુંગરપુર રોડ, સેમરાલા-જામવાળા રોડ, ત્રીજું લાઠોદરા-ડાંગેચા રોડ, ચોથું સાંતિપરા-જાનુડા રોડ અને પાંચમું એસ એચ ટુ મટપરા રોડ.

**દેવગઢ બારીયા તાલુકાના વાંદર ગામે પાનમ નદી પર પુલ બાંધવા બાબત**

***૧૦૪૦૫ શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના વાંદર ગામે પાનમ નદી પર પુલ બાંધવાનું સરકારે આયોજન કરેલ છે કે કેમ અને

(૨) તે કયાં સુધીમાં બાંધવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) અને (૨) હાલ આયોજન નથી.

**શ્રી બચુભાઈ ખાબડ**:માનનીય અધ્યક્ષશ્રી, દેવગઢ બારિયા તાલુકાના વાંદર ગામે પાનમ નદી પર પુલ બનાવવાથી દક્ષિણ વિસ્તારના ૨૯ ગામોને ફાયદો થાય તેમ છે. આ પુલ બનાવવા માટે રાજ્ય સરકાર ચોક્કસ સમય મર્યાદામાં તેનું આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે માગણી કરી છે તે પુલની અંદાજિત કિંમત લગભગ ૩૦૦ લાખ રૂપિયા જેટલી છે. હાલમાં બજેટની કોઈ જોગવાઈ કે આયોજન ઉપર પુલ રહેલો નથી. ભવિષ્યમાં એ જિલ્લામાં અને વિસ્તારમાં જ્યારે પણ પુલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, ત્યારે માનનીય સભ્યશ્રીનું સૂચન અને લાગણી રહેલી છે તેને ધ્યાને રાખવામાં આવશે.

**ગુજરાત ભવનની સેવાઓ સુધારવા બાબત**

***૧૦૪૨૫ શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

દિલ્હીમાં આવેલ ગુજરાત ભવનની સેવાઓ સુધારવા રાજય સરકાર શું પગલાં લેવા માગે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

રાજય સરકાર દ્વારા દિલ્હીમાં આવેલ ગુજરાત ભવનની સેવાઓ સુધારવા હયાત મકાનનું એન્ટ્રી તથા રૂમો, ડાઈનીંગ હૉલ, રસોડું તથા બાહ્ય વિસ્તારમાં સુધારો કરવામાં આવેલ છે. જ્યારે એનેક્ષીના સ્ટેરકેસ તથા રૂમોમાં સુધારણાના પગલાં લેવાનું વિચારેલ છે. એ.સી. અને ટેલિવિઝનની સગવડ અમુક રૂમોમાં આપેલ છે. જેમાં વધારો કરવા આયોજન કરેલ છે. સંચાર સિસ્ટમના આધુનિકીકરણ માટે આયોજન કરેલ છે તથા એનેક્ષી વિસ્તરણની કાર્યવાહીનું આયોજન કરેલ છે.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે દિલ્હીમાં આવેલ ગુજરાત ભવનમાં સ્વચ્છતા અને રૂમોની સ્થિતિ છે એ સંતોષજનક નથી. તેને સુધારવા શું કાર્યવાહી કરવા માગો છો? અહીંથી ફોન કરીને રિઝર્વેશન કરાવવા છતાં રૂમોની તંગી હોવાને કારણે રૂમો ઉપલબ્ધ થતી નથી. આ તંગી દૂર કરવા માટે વિભાગ શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : અત્યારે દિલ્હી ગુજરાત ભવનમાં ૫૫ જેટલા રૂમો રહેલા છે, ૧૯ મેઈન બિલ્ડીંગમાં છે અને ૩૬ એનેક્ષી વિભાગમાં છે. સભ્યશ્રીએ જે લાગણી વ્યક્ત કરી છે એ મુજબ વધારાના ૨૪ રૂમો માટેનું એટલે કે નવા એનેક્ષી ભવનનું આયોજન હાથ ઉપર લીધેલું છે અને તેની બાકીની કાર્યવાહી હાથ ઉપર લીધી છે. એટલે વધારાના ૨૪ રૂમો હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : ગુજરાતમાં જેટલા ભવનો છે, સરકીટ હાઉસ છે તેનું ખૂબ સારી રીતે નવીનીકરણ અને સુધારીકરણ થઈ રહ્યું છે, તેના અભિનંદન. ગુજરાતની બહાર દિલ્હી અને મુંબઇ આ બન્ને જગ્યાએ જે ગુજરાત ભવન આવેલાં છે તેમાં મારી માહિતી મુજબ બે ઘરનો પરોણો ભૂખ્યો મરે એવી સ્થિતિ છે. બે વિભાગો આનું સંચાલન કરે છે તેના બદલે એક જ વિભાગ આનું સંચાલન કરે એવું કરવા માગો છો કે નહીં? કાયમી નિરાકરણ માટે શું કરવા માગો છો?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે વિભાગ નહીં પણ ત્યાં રેસિડેન્શીયલ કમિશ્નરની નીચે લગભગ ચાર-પાંચ જુદા જુદા વિભાગો કામ હાથ ધરી રહ્યા છે અને એ સ્થિતિમાં માનનીય

સભ્યશ્રીએ જે સૂચન કર્યા છે એ મુજબની સૂચનની જ્યારે પણ ઘટતી કાર્યવાહી થતી હશે ત્યારે વિચારણા કરવામાં આવશે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : આમાં પ્રશ્ન સ્પષ્ટ છે કે સેવાઓ અને જવાબ આપે છે તે બાંધકામની બાબત લખી છે. રાકેશભાઈનો પ્રશ્ન પૂછવાનો મતલબ છે કે જે સ્ટાફ હોય છે, ધારાસભ્યો ત્યાં જાય છે ત્યારે ત્યાંના સ્ટાફનો એમની સાથેનો વ્યવહાર અને ત્યાં ભોજન મળે છે એ ભોજનની કવોલિટી એ દરેક બાબતમાં માનનીય મંત્રીશ્રી સ્પષ્ટ જવાબ આપે. આ ખાતા જુદા જુદા છે એટલે માર્ગ અને મકાન વિભાગ સંપૂર્ણ કામગીરી સંભાળી લેવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મને સંબોધીને પ્રશ્ન પૂછ્યો હતો. એટલે મારી પાસે માર્ગ અને મકાન વિભાગની માહિતી હોય. પરંતુ મેં એની સાથે સાથે શું સુધારણા થઈ શકે એના માટેની વિગતો આપી છે. બીજી વાત, ગૃહના સભ્યશ્રીઓના ધ્યાને મૂકવા માગું છું કે, ગૃહના સભ્યશ્રી નારણભાઈ પટેલે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે લેખિત રજૂઆત કરેલી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સઘળી બાબતને ઉચ્ચ કક્ષાએ તપાસી જવા સૂચનાઓ આપેલ છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત ભવનની અંદર પરિસ્થિતિ એવી છે કે, વર્ષો સુધી એકના એક કર્મચારીઓ નોકરી કરે છે, એમની બદલી કરવામાં આવતી નથી, એમની ખુલ્લી દાદાગીરી છે. એમની બદલી કરવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલોક સ્ટાફ ત્યાં ટ્રાન્સફરેબલ છે અને એમાં ચાર, પાંચ વિભાગની માહિતી છે. માર્ગ અને મકાનને જ્યાં જ્યાં લાગુ પડતું હશે ત્યાં સભ્યશ્રીના સૂચન ચોક્કસ ધ્યાન ઉપર લેવામાં આવશે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં વન્યપ્રાણીઓ દ્વારા પાકને નુકસાન

***૮૪૧૦ શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં વન્યપ્રાણીઓ દ્વારા ખેતીના પાકોને થતા નુકસાન સામે રક્ષણ બાબતે સરકારે શાં પગલાં લીધાં?

**માનનીય વન મંત્રીશ્રી :-**

વન્ય પ્રાણીઓ દ્વારા માનવ સંપત્તિ તથા માનવજાતને થતા નુકસાન અટકાવવાની યોજના હેઠળ આ વિસ્તારમાં ખેડૂતોને લોખંડની કાંટાળા તારની વાડ બનાવી આપવાની યોજના અમલમાં છે. જેમાં ૫૦ ટકા સુધી વાડનો ખર્ચ સરકારશ્રી ભોગવે છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં દર વખતે એક જ જવાબ આપવામાં આવે છે. આ પ્રશ્ન ખૂબ જ ગંભીર છે. આ પ્રશ્ને અનેકવાર રજૂઆતો કરી હતી. પરંતુ એક જ પ્રકારનો જવાબ આપવામાં આવે છે. ૫૦ ટકામાં કાંટાળી વાડ કરવાની સરકારની યોજના છે. અત્યાર સુધીમાં આ કાંટાળી તાર નાખવા માટે કેટલી સબસીડી આપી? આના સિવાય સરકારશ્રી કોઈ પાસે કે મંત્રીશ્રી પાસે રજૂઆત આવી છે કે, કાંટાળી વાડ વન ખાતું કરી આપે એમાં ખૂબ ખર્ચ બતાવે છે. એના બદલે ખેડૂત પોતે સરકારશ્રીની યોજના મુજબ કાંટાળી વાડ કરે તો એને સરકાર સબસીડી ચૂકવવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીની લાગણી સાથે હું પણ સંમત છું. યોજના જે બનાવી છે એમાં ૫૦ ટકા રાહત આપવાની વાત છે એ પ્રમાણે કાંટાળા તારની વાડ બને છે. અત્યાર સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાંથી ૧૬૮ જેટલી અરજીઓ આવી હતી. એમાં ૫૦ટકા પૈસા ભરવાની ૧૨૦ જણાએ ના પાડી. અને ૩૮ જણાના પૈસા આવ્યા છે. એમને ૧૩ લાખ રૂપિયા જેટલી રકમ ચૂકવાઈ છે. આ પ્રશ્ન ખૂબ ગંભીર છે. સરકાર એના ઉપર ચોક્કસ વિચારણા કરશે. એના માટે કૃષિ મંત્રીશ્રી સાથે ૨ બેઠકો પણ કરી છે. એમાં કૃષિ વિભાગ, મારો વન વિભાગ, ગ્રામ વિકાસ એજન્સી વિભાગ, પશુ પાલન વિભાગ બધા સાથે થઈને એક યોજના બનાવી છે કે આ બધી નીલ ગાયો છે એમને એક જગ્યાએ ભેગી કરીને દૂર જંગલમાં ખસેડવાની વાત છે. બીજું એની વસ્તી વધે નહીં એના માટે ખસીકરણની યોજના બનાવી છે.

**અધ્યક્ષશ્રી** : આખા ગૃહને આ શું છે એનો ખ્યાલ આવી ગયો છે. અહીંયાં જે સ્કીમ છે એમાં ૫૦ ટકા મદદ કરવાની વાત છે. પણ જે બાંધકામ જંગલ ખાતું કરી આપે છે એ વાજબી લાગતું નથી. આ ખેડૂતોને ૫૦ ટકા સહાય ચૂકવી આપે તો તેઓ પોતે આ વાડ કરી શકે કે કેમ? એવું એમણે પૂછ્યું છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની વિચારણા હેઠળ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું કે, કૃષિ વિભાગ, પશુપાલન વિભાગ અને ગ્રામ વિકાસ વિભાગ ભેગા થઈને એક યોજના બનાવી છે. એમાં આ નીલ ગાયોને એક જગ્યાએ ભેગી કરવાનું કહ્યું છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ નીલ ગાયો છે એને તમે કેવી રીતે ભેગી કરવાના છો? કેવા પ્રકારનો જાદુ આપ કરવાના છો કે આ નીલ ગાયો ભેગી થશે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ફરીથી પ્રશ્ન પૂછો.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ ગંભીર પ્રશ્ન છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે એ બાબતમાં ઉચ્ચ કક્ષાએ રાજયની કોઈ કમીટી બનાવીને ખેડૂતોને થતું નુકસાન અટકાવવા માટે સરકાર શું કરવા માગે છે?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને ત્યાં આપની ચેમ્બરમાં મળી ગયો હતો.

**અધ્યક્ષશ્રી** : ના પાડી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** માનનીય મંત્રીશ્રીને હું રૂબરૂ મળ્યો છું.

**અધ્યક્ષશ્રી :** એ ના પાડે છે મને. એ મને હા પાડે તો કહે. નો. નો. નેકસ્ટ.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ચોટીલા અને સાયલા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૮૮૨૮ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ચોટીલા અને સાયલા તાલુકાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કયા-કયા સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જગ્યાઓ.

| તાલુકાનું નામ | સંવર્ગ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|---|
| ચોટીલા | વર્ગ-૧ | ૧ | ૦ |
| | વર્ગ-૨ | ૧ | ૦ |
| | વર્ગ-૩ | ૯ | ૦ |
| | વર્ગ-૪ | ૮ | ૫ |
| સાયલા | વર્ગ-૧ | ૦ | ૦ |
| | વર્ગ-૨ | ૧ | ૧ |
| | | વર્ગ-૩ | ૪ |
| | ૧ | | વર્ગ-૪ |
| | ૪ | ૪ | |

(૨) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણને ધ્યાને લઈ લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

------

### અમરેલી સિવિલ હોસ્પિટલમાં સાધનોની ખરીદી

૧૦૩૦૪ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલીની સિવિલ હોસ્પિટલમાં કયા કયા અદ્યતન મશીનો ખરીદવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચેના સાધનો ખરીદવામાં આવેલ છે.

| | | સંખ્યા |
|---|---|---|
| (૧) ઇ.સી.જી. મશીન | ... | ૪ |
| (૨) વર્ટીકલ હાઇપ્રેશર સ્ટરીલાઇઝર | ... | ૧ |

(૨) આ સાધનોનો ઉપયોગ કરી શકે તેવા ટેકનીશનો અને ડૉક્ટરોની નિમણૂંક કઇ કઇ તારીખે કરવામાં આવી,

(૨) આ સાધનોને ઉપયોગમાં લેવા સ્ટાફને જરૂરી તાલીમ આપી કામગીરી લેવામાં આવે છે.

| | |
|---|---|
| (૩) જો ના, તો નિમણૂંક નહીં કરવાના કારણો શું છે, અને મશીનો બિન ઉપયોગી પડ્યા રહ્યા તેના માટે જવાબદાર કોણ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જે સાધનો વપરાયા વગરના પડ્યા રહ્યા છે તેનો ગેરન્ટી/વોરન્ટી પીરીયડ પૂરો થયો છે કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**જામજોધપુર અને લાલપુર તાલુકામાં પુલ અને રસ્તાના બાકી કામો**

૧૦૪૩૩ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામજોધપુર અને લાલપુર તાલુકામાં જુદી જુદી યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ મંજૂર થયેલ રસ્તાઓના અને પુલના કામ કેટલા બાકી છે, | (૧) કુલ ૩૦ (ત્રીસ) કામો. |
| (૨) આવા કામો એજન્સી દ્વારા સમયસર કરવામાં આવતા નથી, તે વાત સાચી છે, | (૨) અને (૩) નવ કામોમાં ઇજારદારના દ્વારા વિલંબ કરેલ છે ઇજારદારોના નામ સામેલ પત્રક મુજબ<br><br>**પત્રક**<br><br>**કામ પૂર્ણ કરવામાં વિલંબ કરેલ ઇજારદારશ્રીના નામ**<br><br>(૧) શ્રી મેઘજીભાઇ બી. પટેલ<br>(૨) મે. માતંગ એન્ડ કં.<br>(૩) શ્રી જીતેન્દ્ર જી. પટેલ<br>(૪) અંબર બિલ્ડર્સ |
| (૩) જો હા, તો આવા કેટલા કામો છે અને કઇ કઇ એજન્સીઓના છે, અને | |
| (૪) આવા કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, સમયસર કામ ન કરનાર એજન્સી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માગો છો કે કેમ ? | (૪) વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે ઇજારદાર સામે ટેન્ડરની જોગવાઇ અનુસાર જીલ્લા પંચાયત બાંધકામ સમિતિ અને કારોબારી સમિતિ દ્વારા કાર્યવાહી કરેલ છે/હાથ પર છે. |

------

**સુરત જિલ્લામાં મકાન સહાય માટેની આદિજાતિઓની અરજીઓ**

૧૦૦૭૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આદિજાતિઓની મકાન સહાય માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૨૨૬. |
| (૨) આવેલ અરજીઓ પૈકીની બારડોલી અને માંડવી તાલુકામાં કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો, અને | (૨) કુલ ૧૦ લાભાર્થીઓની અરજી પૈકી કોઈ લાભાર્થીને લાભ આપવામાં આવેલ નથી. |
| (૩) બાકીમાં રહેતી અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવશે? | (૩) ગ્રાન્ટની ઉપલબ્ધિ થયેથી. |

------

**ખાનગી પ્રાથમિક શાળાના બાળકોની આરોગ્યની તપાસ**

૮૦૫૮ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પ્રતિવર્ષ થતી શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ખાનગી પ્રાથમિક શાળાઓનાં બાળકોની પણ આરોગ્ય તપાસણી સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં થાય છે કે કેમ?

(૨) જો હા, તો આવી તપાસણી દરમ્યાન હૃદય, કિડની જેવા રોગોના ઓપરેશનો માટે જેમ સરકાર-સરકારી કે પંચાયતની શાળાનાં બાળકોનો ૧૦૦ ટકા વિના મુલ્યે સારવાર કરવાનો ખર્ચ ભોગવે છે તેમ ખાનગી શાળાના બાળકોને પણ તેનો લાભ આપવામાં આવે છે,

(૩) જો ના, તો આવી ખાનગી પ્રાથમિક શાળાનાં બાળકોની આરોગ્ય તપાસણી માટે શું આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે, અને

(૪) પ્રાથમિક શાળાનું એકપણ બાળક આ ચકાસણીથી વંચિત ના રહે અને તેઓને ગંભીર રોગોની સારવાર મળી રહે તે માટે સરકારે શું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) શાળાના આરોગ્ય કાર્યક્રમ દ્વારા પ્રાથમિક શાળાના તમામ બાળકોને પ્રાથમિક સારવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફતે, સંદર્ભ સેવાઓ સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા જિલ્લા હોસ્પિટલો દ્વારા અને હૃદય, કિડની, કેન્સર જેવા ગંભીર રોગોની સારવાર રાજ્યની ઉચ્ચ હોસ્પિટલોમાં વિનામુલ્યે આપવામાં આવે છે.

------

**મેલેરિયા, ફાલ્સીપેરમ, ડેન્ગ્યુ અને કમળાના રોગમાં થયેલ મુત્યુ**

૮૩૦૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ૧લી જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મેલેરીયા, ફાલ્સીપેરમ, ડેન્ગ્યુ, કમળો જેવા રોગોને કારણે જિલ્લાવાર કુલ કેટલા લોકોના મુત્યુ થયા છે.

(૨) આ રોગોને અટકાવવા રાજ્ય સરકારે શું શું પગલાં હાથ ધર્યા છે, અને

(૩) ૧લી જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારે આ રોગોના નિયંત્રણ માટે કુલ કેટલું ખર્ચ કર્યું?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) આ રોગોને અટકાવવા જંતુનાશક દવાનો છંટકાવ, જંતુનાશક દવાયુકત મચ્છરદાનીનું વિતરવા, પોરાનાશક કામગીરી, આરોગ્ય શિક્ષણની તાલીમ તેમજ ઈન્ટીગ્રેટેડ ડીસીઝ સર્વેલન્સ જેવા જુદા જુદા પગલાં હાથ ધર્યા છે.

(૩) કુલ રૂા. ૧૪૩૭.૭૯ લાખ.

**પત્રક**

**વર્ષ ૨૦૦૪ દરમ્યાન મેલેરીયા, ડેન્ગ્યુ અને કમળાના કારણે થયેલ મરણની જિલ્લાવાર માહિતી.**

| ક્રમ | જિલ્લો | મેલેરિયાથી/ ફાલ્સીપેરમથી થયેલ મરણ | ડેન્ગ્યુથી થયેલ મરણ | કમળાથી થયેલ મરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮ | ૧ | ૧ | |
| ૨ | આણંદ | ૧૦ | ૦ | ૦ | |
| ૩ | નડીયાદ | ૬ | ૦ | ૦ | |

| ક્રમ | જિલ્લો | મેલેરિયાથી/ ફાલ્સીપેરમથી થયેલ મરણ | ડેન્ગ્યુથી થયેલ મરણ | કમળાથી થયેલ મરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૪ | સુરેન્દ્રનગર | ૩ | ૦ | ૦ | |
| ૫ | ગાંધીનગર | ૧ | ૦ | ૧ | |
| ૬ | બનાસકાંઠા | ૧ | ૦ | ૦ | |
| ૭ | વડોદરા | ૫ | ૦ | ૦ | |
| ૮ | નર્મદા | ૨ | ૦ | ૧ | |
| ૯ | દાહોદ | ૩ | ૦ | ૦ | |
| ૧૦ | ગોધરા -પંચમહાલ | ૪ | ૦ | ૩ | |
| ૧૧ | ભરૂચ | ૨ | ૦ | ૦ | |
| ૧૨ | રાજકોટ | ૫ | ૦ | ૧૪ | |
| ૧૩ | કચ્છ | ૨ | ૦ | ૦ | |
| ૧૪ | અમરેલી | ૨ | ૦ | ૦ | |
| ૧૫ | ભાવનગર | ૨ | ૦ | ૦ | |
| ૧૬ | જુનાગઢ | ૧ | ૦ | ૦ | |
| ૧૭ | મહેસાણા | ૦ | ૦ | ૦ | |
| ૧૮ | સુરત | ૦ | ૦ | ૦ | |
| ૧૯ | જામનગર | ૦ | ૦ | ૧ | |
| ૨૦ | ડાંગ-આહવા | ૦ | ૦ | ૦ | |
| ૨૧ | નવસારી | ૦ | ૦ | ૦ | |
| ૨૨ | પાટણ | ૦ | ૦ | ૦ | |
| ૨૩ | પોરબંદર | ૦ | ૦ | ૦ | |
| ૨૪ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | |
| ૨૫ | વલસાડ | ૦ | ૦ | ૦ | |
| | કુલ : - | ૫૭ | ૧ | ૨૧ | |
| ૧ | ભાવનગર મહાનગરપાલિકા | ૦ | ૦ | ૦ | |
| ૨ | જામનગર મહાનગરપાલિકા | ૦ | ૦ | ૦ | |
| ૩ | રાજકોટ મહાનગરપાલિકા | ૦ | ૦ | ૩ | |
| ૪ | સુરત મહાનગરપાલિકા | ૦ | ૦ | ૦ | |
| ૫ | અમદાવાદ મહાનગરપાલિકા | ૨૬ | ૩ | ૪ | |
| ૬ | વડોદરા મહાનગરપાલિકા | ૫ | ૦ | ૦ | |
| | કુલ : - | ૩૧ | ૩ | ૭ | |
| | રાજ્યમાં કુલ થયેલ મરણ :- | ૮૮ | ૪ | ૨૮ | |

------

## ફીઝીયોથેરાપીના અભ્યાસક્રમ માટેનાં પગલાં

૯૯૦૬ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્યમાં ફીઝીયોથેરાપીના અભ્યાસક્રમના વિકાસ અને વિસ્તરણ માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવેલ છે ?

**જવાબ**

રાજ્યમાં ફીઝીયોથેરાપીના અભ્યાસક્રમના વિકાસ માટે કોલેજોમાં વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા વધારી છે. ખાનગી સંસ્થાઓને કોલેજ શરૂ કરવા મંજુરી આપવામાં આવેલ છે. અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે પણ મંજુરી આપવામાં આવી છે.

-------

**ઉના તાલુકાના ધોકડવા-ઈટવાયા ખીલવાડ રોડની કામગીરી**

૮૨૬૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકાના ફાટસર-ધોકડવા વાયા ઈટવાયા ખીલવાડ ઉગલા રોડની મંજૂરી કયારે આપવામાં આવી, અને આ કામ કયારે શરૂ કરવામાં આવ્યું, | (૧) આ કામ વર્ષ ૮૭-૮૮ માં મંજુર કરી, તા. ૧-૪-૯૯ થી શરૂ કરેલ. |
| (૨) આ કામ શરૂ થયા પછી અચાનક કામ બંધ કરવાના કારણો શાં છે, અને | (૩) રસ્તા માટે જમીન સંપાદન કરવામાં અને સંપાદન થયેલ અમુક જમીનમાં પેશકદમી થવાથી. |
| (૩) કેટલા સમયમાં આ કામ હાથ પર લઈ પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) કામ પ્રગતિમાં હોઈ, તા. ૩૧-૫-૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------

**રાજ્યમાં બાયોફ્યુઅલ પ્લાન્ટેશન**

૮૭૨૪ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ બાયોફ્યુઅલ પ્લાન્ટેશન નીચે રાજ્યમાં કેટલા વિસ્તારમાં પ્લાન્ટેશન કરવામાં આવ્યું, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ બાયોફ્યુઅલ માટે રાજ્યમાં વન વિભાગ મારફત કુલ ૪૪૬.૯૭ હે. વિસ્તાર આવરી લેવામાં આવ્યો. |
| (૨) આ પ્લાન્ટેશનમાંથી કેટલું બાયોફ્યુઅલ પ્રાપ્ત થશે, અને | (૨) આ વાવેતરો પુખ્ત થયેથી બીજની ગુણવત્તા તથા પ્રજાતિના આધારે બીજના વજનના અંદાજિત ૩૦ ટકા જેટલું બાયોફ્યુઅલ ઉત્પન્ન થઈ શકે. |

-------

**પેરાપ્લેજીયા ઈન્સ્ટીટયુટમાં એન. જી. ઓ.ના સહાયથી ચાલતો પ્રોજેક્ટ**

૯૮૯૦ **શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલ પેરાપ્લેજીયા ઈન્સ્ટીટયુટમાં એન.જી.ઓ.ના સહાયથી કોઈ પ્રોજેક્ટ ચાલે છે, અને | (૧) હા, જી.<br>બે પ્રોજેક્ટ |
| (૨) જો હા, તો કેટલા અને કયા પ્રકારના ? | (૨) (૧) એ લેગ ટુ સ્ટેન્ડ ઓન (ન્યુયોર્ક, અમેરીકા)<br>(૨) વિકલાંગતાની જલ્દી ઓળખ, નિદાન, સારવાર અને રોકથામ, (હેન્ડીકેપ ઈન્ટરનેશનલ, ફ્રાન્સ) |

-------

**આણંદ અને ખેડા જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત ગામો**

**૧૦૦૯૦ શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો પાકા રસ્તાથી વંચિત છે, અને | (૧) એકપણ મહેસુલી ગામ પાકા રસ્તાથી વંચિત નથી. |
| (૨) ક્યાં સુધીમાં આ ગામોને પાકા રસ્તાની સુવિધા આપવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## ખાનપુર તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ઘટ

૧૦૪૩૬ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ખાનપુર તાલુકામાં ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે, જેમાં મહેકમ મુજબ સંવર્ગવાર કેટલી ઘટ છે, અને

(૨) આ ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે?

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જગ્યાઓ.

| સંવર્ગ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ખાનપુર | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પાંડરવાડા | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વડાગામ | |
|---|---|---|---|---|---|---|
| | મંજુર | ખાલી | મંજુર | ખાલી | મંજુર | ખાલી |
| વર્ગ-૨ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ |
| વર્ગ-૩ | ૪ | ૨ | ૪ | ૨ | ૪ | ૦ |
| વર્ગ-૪ | ૪ | ૧ | ૪ | ૨ | ૪ | ૨ |

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણને ધ્યાને લઈ લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

--------

## માતૃબાળ સંજીવની સુરક્ષા કીટનું વિતરણ

૯૯૦૨ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે માતૃબાળ સંજીવની સુરક્ષા કીટનું વિતરણ હાથ ધર્યુ છે, અને

(૨) જો હા, તો રાજ્યમાં આવી સુરક્ષા કીટો કોના ઉપયોગ માટે કેટલા જિલ્લામાં અને કેટલી સંખ્યામાં તા. ૩૧-૧-૦૫ સુધીમાં ઉપલબ્ધ બનાવી છે અને બાકીનાનું શું આયોજન છે?

**જવાબ**

(૧) હા.

(૨) રાજ્યના પેટા આરોગ્ય કેન્દ્રના સ્ત્રી આરોગ્ય કાર્યકરને ૨૪ જિલ્લાઓમાં ૩૯૫૫ જેટલી માતૃબાળ સંજીવની સુરક્ષા કીટનું તા. ૩૧-૧-૨૦૦૫ સુધીમાં વિતરણ કરવામાં આવેલ છે. બાકીની કીટ હવે પછી વિતરણ કરવાનું આયોજન છે.

--------

## ફીઝીયોથેરાપીના અભ્યાક્રમ માટેના પગલાં

૯૮૯૯ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્યમાં ફીઝીયોથેરાપીના અભ્યાસક્રમના વિકાસ અને વિસ્તરણ માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવેલ છે?

**જવાબ**

રાજ્યમાં ફીઝીયોથેરાપીના અભ્યાસક્રમના વિકાસ માટે કોલેજોમાં વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા વધારી છે. ખાનગી સંસ્થાઓને કોલેજ શરૂ કરવા મંજુરી આપવામાં આવેલ છે. અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે પણ મંજુરી આપવામાં આવી છે.

------

## શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું સર્વેક્ષણ કરવા બાબત

૯૯૧૧ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા (વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) આરોગ્ય વિભાગના શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંગે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાની કોઈ સંસ્થાએ સર્વેક્ષણ હાથ ધરેલું કે કેમ, અને

(૨) જો હા, તો તે અંગે તેનો શું અભિપ્રાય છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

## રાજ્યમાં વન ઔષધિ ઉદ્યાનો

૯૯૦૭ **શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલા વન ઔષધિ ઉદ્યાનો આવેલા છે, | (૧) રાજ્યમાં હાલ ૧૩ વન ઔષધિ ઉદ્યાનો આવેલા છે. જે પૈકી વનખાતા હસ્તક ૪ અને નિયામકશ્રી ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, ગુ.રા., ગાંધીનગર હસ્તક ૯ વન ઔષધિ ઉદ્યાનો આવેલા છે. |
| (૨) તેના વિકાસ માટે સરકારે કોઈ વિચારણા કરેલ છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શું છે? | (૩) વન ઔષધિ ઉદ્યાનોના નિભાવ, જાળવણી અને વિકાસની કામગીરી કરવામાં આવે છે. |

------

## અમદાવાદ શહેર તથા જિલ્લામાં ગેરકાયદેસર કતલખાના

૯૭૩૧ **શ્રી ભાવિનભાઈ ન. શેઠ (એલીસબ્રીજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસે. ૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં કેટલા ગેરકાયદેસર કતલખાના પકડાયા, અને<br>(૨) ઉપરોકત ગેરકાયદેસર કતલખાના માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા? | (૧) અને (૨)<br>અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં વીસ જગ્યાએ ગેરકાયદેસર કતલ થતી હતી તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પોલીસની મદદથી બંધ કરાવવામાં આવેલ છે તથા કુલ ૧૬૭ પોલીસ કેસો કરવામાં આવ્યા છે. |

------

## ઉદવાડાથી વલસાડ વચ્ચેના કોસ્ટલ હાઈવેનું બાકી કામ

૧૦૦૫૬ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉદવાડાથી વલસાડ વચ્ચે કોસ્ટલ હાઈવેનું બાકી કામ લંબાઈ રહેલ છે એ સરકાર જાણે છે કે કેમ, અને<br>(૨) જો હા, તો આ કામ સરકાર કયારે પૂર્ણ કરવા માંગે છે? | (૧) અને (૨)નાણાંકીય જોગવાઈ ધ્યાને લઈ સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં હાથ ધરવાનું આયોજન વિચારેલ છે. |

------

## જામનગરથી ખંભાળીયા દ્વારકા હાઈવેનું કામ

૯૮૬૯ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જામનગરથી ખંભાળીયા તથા ખંભાળીયાથી દ્વારકા હાઈવેનું કામ કઈ તારીખે ફાળવવામાં આવેલ, | (૧) જામનગરથી ખંભાળીયાનું કામ તા. ૨૨-૧૦-૨૦૦૩ના રોજ તથા ખંભાળીયાથી દ્વારકા હાઈવેની ૬૦. કી.મી. લંબાઈનું કામ તા. ૨૧-૪-૨૦૦૪ના રોજ. |
| (૨) ટેન્ડરમાં કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા કેટલી હતી, અને | (૨) જામનગરથી ખંભાળીયાના કામની ૩૦ માસ તથા ખંભાળીયાથી દ્વારકાના કામની ૧૫ માસ. |
| (૩) કામ ઝડપથી કરવા અંગે સરકાર કયા પગલાં લેવા માંગે છે? | (૩) સમયમર્યાદામાં કામ થાય તે બાબતે સમયાંતરે મોનીટરીંગ કરવામાં આવે છે. |

------

**વડોદરા જિલ્લામાં વૃક્ષારોપણ**

૧૦૦૮૫ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં વડોદરા જિલ્લામાં કેટલા વૃક્ષો રોપ્યા, અને | (૧) વડોદરા જિલ્લામાં સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં ૫૯.૮૮ લાખ વૃક્ષો રોપવામાં આવ્યા છે. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ થયો? | (૨) તે પાછળ કુલ રૂા. ૨૯૪.૪૫ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |

------

**તરસાલી ગામના વિસ્તારને વડોદરા મહાનગરપાલિકામાં લેવા બાબત**

૮૭૪૦ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા તાલુકાના તરસાલીના અડધા ઉપરાંત વિસ્તારનો તા.૧-૮-૨૦૦૨થી વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ કરાયા બાદ, બાકી રહેતા વિસ્તાર માટે કરાયેલ વહીવટી આયોજનની વિગતો શું છે? | (૧) વહીવટી એકમોની સીમા/હદમાં ફેરફાર કરવા પર કેન્દ્ર સરકારે નીમેલ ડીલીમીટેશન કમીશને પ્રતિબંધ મુકયો હોઈ, તરસાલીના બાકી રહેતા વિસ્તારોને વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ધંધુકા હાઈવે ચાર રસ્તા પાસે ફોરલેન રોડ બનાવવા બાબત**

૧૦૪૩૦ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ધંધુકા હાઈવે ચાર રસ્તા પાસે ચાર લાઈનનો રોડ બનાવવા માટે જે વૃક્ષો અડચણરુપ છે તે કયાં સુધીમાં દૂર કરવામાં આવશે ? | વન વિભાગને દરખાસ્ત કરેલ છે. જે મંજુર થયે કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે. |

------

**સાવલી તાલુકાના માર્ગોને ડામર સપાટીના કરવા બાબત**

૯૧૫૧**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવલી તાલુકાના માર્ગોની સપાટી મેટલથી ડામરની કરવા, ડામરની સપાટીને સુધારવા કે સ્ટેન્ધનીંગ માટે ડીસે. ૦૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ કાર્યવાહી થઈ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા કયા રસ્તાઓની કાર્યવાહી થઈ, અને | (૨) પત્રક-૧ મુજબ. |
| (૩) વર્ષ ૨૦૦૪-૦૫ માં શું આયોજન છે? | (૩) વર્ષ ૨૦૦૪-૦૫ માં બાકી ૮ કામો પૈકી ૬ કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

**પત્રક નં. ૧**

**સાવલી તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર થયેલ કામોની વિગત**

| અ. નં. | રસ્તાનું નામ | મંજુર થયેલ લંબાઈ (કી. મી.) | તાંત્રિક મંજુરીની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | વડોદરા સાવલી રોડ (૧૫/૦ થી ૨૫/૩) | ૧૦.૩૦ | ૯૯.૯૨ |
| ૨. | સાવલી વડીયા ચાંપાનેર રોડ (૦/૦ થી ૧૨/૦) | ૧૨.૦૦ | ૨૬૮.૬૦ |
| ૩. | વડોદરા સાવલી રોડ (૨૫/૦ થી ૩૨/૨) | ૭,૨૦૦ | ૮૭.૦૦ |
| ૪. | ઈન્દ્રાલ ખોખર રોડ (૪/૮ થી ૬/૮૯૦) | ૧,૭૩૮ | ૪.૫૦ |
| ૫. | કેસર-ડુંગરીપુરા રોડ (૩/૪ થી ૫/૯૦) | ૨.૫૦૦ | ૮.૫૦ |
| ૬. | કમલપુરા-ચારણપુરા રોડ (૦/૦ થી ૫/૨૫૦) | ૫.૨૫૦ | ૧૫.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૭. | વડોદરા સાવલી રોડ (૯/૦ થી ૧૩/૫૦) | ૪.૫૦ | ૨૭.૦૦ |
| ૮. | અલીન્દ્રા એપ્રોચ રોડ (૦/૦ થી ૨/૯૫૦) | ૨.૯૫૦ | ૧૧.૦૦ |
| ૯. | બહુથા-નમીસરા રોડ (૦/૦ થી ૪/૬૦૦) | ૪.૬૦૦ | ૧૨.૨૦ |
| ૧૦. | સાંકરડા-ભાદરવા સાવલી રોડ | ૧૧.૬૦ | ૫૪.૯૭ |
| ૧૧. | ગોઠડા રાધનપુર રોડ | ૪.૧૦ | ૫૪.૯૨ |
| ૧૨. | મૌક્ષી એપ્રોચ રોડ | ૨.૦૦ | ૭.૫૨ |
| ૧૩. | સમલાયા ટુંડાવ અંજેસર રાણીયા રોડ | ૪.૦૭ | ૨૩.૮૦ |
| ૧૪. | સાકરદા-ભાદરવા-સાવલી રોડ | ૧૦.૦૦ | ૧૦૦.૩૯ |

------

**રાજયમાં નર્સીગની નવી કોલેજો**

૧૦૦૭૫ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજયમાં નર્સીગને લગતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની કેટલી કોલેજો કાર્યરત છે, અને | (૧) ત્રણ |
| (૨) રાજય સરકાર દ્વારા તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નવી કોલેજો શરુ કરવા મંજૂરી આપવામાં આવેલ છે? | (૨) એક |

------

**નીલગાય અને હરણના ત્રાસમાંથી ખેડૂતોના પાકને બચાવવા**

૧૦૨૯૬ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય વનમંત્રીશ્રી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજયમાં નીલગાય અને હરણના ત્રાસમાંથી ખેડૂતોના પાકને બચાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેવા પ્રકારના પગલાંઓ લીધેલ છે? | (૨) નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.<br>(અ) વન ખાતા તરફથી ખેડૂતોના ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં મૂકેલ છે. તે મુજબ જે તે લાભાર્થી ખેડૂતે થનાર ખર્ચની ૫૦% રકમ જમા કરાવવાની હોય છે. જયારે બાકીની ૫૦% રકમ સરકારશ્રી ભોગવે છે.<br>(બ) વન ખાતાના કર્મચારીઓ દ્વારા જંગલી પ્રાણીઓને હાંકીને ભગાડી મૂકવાની કાર્યવાહી કરવામાં આવે છે.<br>(ક) લોકોને વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ની વધુ જાણકારી મળે તેવી કામગીરી કરવામાં આવે છે. |

------

**કલોલ શહેરમાં અમદાવાદ-મહેસાણા ટોલ રોડ ઉપર અંડરબ્રીજ બનાવવા બાબત**

૧૦૪૫૧ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કલોલ શહેરમાં ગાયત્રી મંદિરની સામે અમદાવાદ-મહેસાણા ટોલ ટેક્ષ રોડની એક બાજુએ થઈને બીજી બાજુએ પશુઓને અવરજવર કરવા માટે અંડરબ્રીજ બનાવવા માટેનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) ના જી |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**ભૂજની નવી જનરલ હોસ્પિટલમાં પૂર્ણકાલીન ડોકટરની નિમણૂક કરવા બાબત**

૧૦૦૯૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભૂજ ખાતે રૂા. ૧૩૦/- કરોડના ખર્ચે બંધાએલી નવી જનરલ હોસ્પિટલ ખાતે ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ એક વર્ષથી પૂર્ણકાલીન ડોકટરોની નિમણૂંક કરવામાં આવી નથી તે હકિકત સરકાર જાણે છે,

(૨) પૂર્ણકાલીન ડોકટરો ન નીમવાને કારણે આ હોસ્પિટલ પૂર્ણ સ્વરૂપે ચાલુ થઈ શકી નથી તે ગંભીર હકીકત સરકાર જાણે છે,

(૩) આ હોસ્પિટલમાં પૂર્ણકાલીન ડોકટરો ન નીમવાનાં શાં કારણો છે, અને

(૪) આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) સદરહુ હોસ્પિટલ ખાતે ૬ પૂર્ણકાલીન ડોકટરોની નિમણૂક કરવામાં આવી છે અને બાકીની જગાઓ સરકારી મેડીકલ કોલેજો/હોસ્પિટલોના ડોકટરોની પ્રતિ નિયુકિતથી હોસ્પિટલ ચલાવવામાં આવે છે.

(૨) હાલમાં હોસ્પિટલ પૂર્ણ સ્વરૂપે ચાલુ છે.

(૩) પસંદગી પામેલ ડોકટરો હાજર ના થવાથી.

(૪) સત્વરે.

------

**તબીબી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સાથે ચારિત્ર્ય ઘડતરનાં પગલાં**

૯૯૨૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે તબીબી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સાથે ચારિત્ર્ય ઘડતર અંગે કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) દરેક કોલેજોમાં વિવિધ કાર્યક્રમો કરવા સુચનાઓ કરેલ છે.

--------

**પંચમહાલ જિલ્લામાં બનાવેલ વન તલાવડીઓ**

૧૦૦૬૭ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે, અને

(૨) આ વન તલાવડીઓ પાછળ તાલુકાદીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં નાણાકીય વર્ષ સને ૨૦૦૨-૦૩ દરમ્યાન ૧ વન તલાવડી તથા સને ૨૦૦૩-૦૪ના વર્ષ દરમ્યાન ૨૦ વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે.

(૨) આ વન તલાવડીઓ પાછળ તાલુકાદીઠ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| અનુ. | તાલુકો | બનાવેલ વન તલાવડીની સંખ્યા | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | કડાણા | ૧ | ૧.૨૨ |
| ૨ | સંતરામપુર | ૧૩ | ૫૨.૪૫ |
| ૩ | ખાનપુર | ૫ | ૬.૧૬ |
| ૪ | હાલોલ | ૧ | ૧.૦૩ |
| ૫ | જાંબુઘોડા | ૧ | ૧.૨૬ |
|  | કુલ | ૨૧ | ૬૨.૧૨ |

--------

**વેરાવળ તાલુકાના ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગ્રામ્ય પરાઓને પાકા રોડની સગવડ**

૮૪૬૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં ૫૦૦ કે તેથી વધુ વસ્તી ધરાવતા કેટલા ગ્રામ્ય પરાઓમાં પાકા રોડની સગવડ નથી, અને | (૧) હા, જી. |
| (૨) આવા ગ્રામ્ય પરાઓમાં રોડ બનાવવાની કામગીરી કેટલા સમયમાં પૂરી પાડવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**કામદાર રાજ્ય વિમા યોજનામાં ૪૦ સ્ટાફ નર્સને છૂટી કરવા બાબત**

૧૦૪૪૮ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારે તાજેતરમાં કામદાર રાજ્ય વીમા યોજનામાં ૪૦ સ્ટાફ નર્સ બહેનોને ત્રણ વર્ષ પછી છૂટી કરવામાં આવેલ છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી<br>૩૪ સ્ટાફ નર્સ બહેનોને છૂટા કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આરોગ્ય અને તબીબી વિભાગમાંથી આવી કોઈ સ્ટાફ નર્સોને છૂટી કરવામાં આવી છે કે કેમ ? | (૨) હા, જી. |

--------

**મશરૂમની ખેતી માટે કરવામાં આવેલ રકમની જોગવાઈ**

૧૦૩૦૯ **શ્રી સુંદરસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લાી બે વર્ષમાં મશરૂમની ખેતી માટે કુલ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી, | (૧) ૨૫૧.૩૧ લાખ |
| (૨) કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને | (૨) ૧૯૯૯ લાભાર્થીઓએ |
| (૩) કેટલા હેકટરમાં મશરૂમની ખેતી કરવામાં આવી ? | (૩) આશરે ૫ હેકટરમાં<br>(મશરૂમની ખેતી લાભાર્થીના ઘર, આંગણામાં, વાડામાં કે પડતર જમીનમાં લાભાર્થી દીઠ ૫ ૫ મીટરના શેડમાં કરવામાં આવતી હોય છે.) |

------

**જામનગર જિલ્લામાં આયુર્વેદિક હોસ્પીટલો અને દવાખાના**

૮૮૦૦ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલા આયુર્વેદિક દવાખાના અને હોસ્પીટલો આવેલા છે, | (૧) આયુર્વેદ દવાખાનાની સંખ્યા - ૧૬<br>આયુર્વેદ હોસ્પીટલની સંખ્યા - ૦૨ |
| (૨) આ પૈકી કેટલા હાલમાં ચાલુ છે, અને | (૨) તમામ કાર્યરત છે. |
| (૩) જિલ્લામાં આયુર્વેદ સારવાર વધુ સુદ્રઢ બનાવવા શું આયોજન છે ? | (૩) આયુર્વેદ હોસ્પીટલો અને દવાખાનાઓનો વિકાસ કરવો.<br>- નિરામય ગ્રામ યોજનાનો અમલ કરવામાં આવ્યો છે.<br>- જીલ્લાના અનેક ગામોમાં હોમરેમેડી કીટનું વિતરણ કરાયેલ છે. |

------

**છોટાઉદેપુરની રેફરલ હોસિપટલમાં બ્લડ બેન્ક બનાવવા બાબત**

૯૧૪૫ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છોટાઉદેપુરની રેફરલ હોસ્પિટલમાં બ્લડ બેન્ક માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે કયારે મંજૂર થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**રાજકોટ જિલ્લામાં પંચાયત હસ્તકના ખાસ મરામતના રસ્તાના કામો**

૯૮૮૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના પંચાયત હસ્તકના ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ખાસ મરામત યોજના હેઠળ કયા તાલુકાના કેટલા રસ્તાના જોબ નંબર મળેલ,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫માં ડીસેમ્બર-૦૪ સુધીમાં તાલુકાવાર પંચાયત હસ્તકના રસ્તાના નીચે મુજબના જોબ નંબર આપવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧. | ઉપલેટા | ૨ |
| ૨. | ટંકારા | ૨ |
| ૩. | માળીયા | ૨ |
| ૪. | રાજકોટ | ૧ |
| ૫. | લોધીકા | ૧ |
| ૬. | જામકંડોરણા | ૩ |
| ૭. | ગોંડલ | ૪ |
| ૮. | જેતપુર | ૨ |
| ૯. | જસદણ | ૩ |
| ૧૦. | વાંકાનેર | ૧ |
| ૧૧. | પડધરી | ૫ |
| ૧૨. | મોરબી | ૧ |
| ૧૩. | ધોરાજી | -- |
| ૧૪. | કોટડાસાંગાણી | -- |
| | કુલ : | ૨૮ કામો |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલા રસ્તાઓના કામો શરૂ કરી પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ૨૬ રસ્તાના કામો શરૂ કરી ૧૪ રસ્તાના કામો પૂર્ણ કરેલ છે. |
| (૩) કેટલા રસ્તાના કામો શરૂ કરવાના બાકી છે? | (૩) ૨ રસ્તાના કામો શરૂ કરવાનાં બાકી છે. |

------

**ભાવનગર જિલ્લાના ટાણા-વરલ-દિહોર રસ્તો ખરાબ હાલતમાં હોવા બાબત**

૧૦૪૪૪ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ટાણા-વરલ-દિહોર રસ્તો ખૂબજ ખરાબ હાલતમાં છે, તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો સરકારે આ રસ્તાની સુધારણા માટે શું આયોજન કરેલ છે, અને

(૩) આ રસ્તાની સુધારણા કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. ડામર કામ મંજૂર થયેલ છે તે ૨૦૦૫ના વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

------

**સોનગઢ તાલુકાના ડોસવાડાથી બંધારપાડા રસ્તો રિકાર્પેટીંગ કરવા બાબત**

૧૦૪૪૧ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સોનગઢ તાલુકાના ડોસવાડાથી બંધારપાડા જતો રસ્તો રિકાર્પેટીંગ કરવાનો છે, તે સરકાર જાણે છે, | (૧) હાલ કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો આ રસ્તાનું રીકાર્પેટીંગ કામ સરકાર કેટલા સમયમાં શરૂ કરવા માંગે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામ ન કરવાના કારણો કયા છે ? | (૩) ખાસ મરામતમાં રીસરફેસીંગનું કામ અગત્યતા અને ગ્રાન્ટની જોગવાઈ મુજબ મંજુર કરવાનું આયોજન હોવાથી. |

------

**બાવળા, ધોળકા, સાણંદ અને બગોદરા વિસ્તારમાં એઈડઝના દર્દીઓ**

૯૯૩૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાવળા, ધોળકા, સાણંદ અને બગોદરા વિસ્તારના અમુક ગામોમાં તાજેતરમાં એઈડ્ઝના પોઝીટીવ દર્દીઓ દેખાયા છે, અમુક મૃત્યુ પામ્યા છે, તો એઈડ્ઝ અટકાવવા કોઈ પ્રયત્નો થયા છે ખરા, | (૧) બાવળા, ધોળકા, સાણંદ અને બગોદરા વિસ્તારના ગામોમાં જાન્યુઆરી-૨૦૦૪ થી ડિસેમ્બર-૨૦૦૪ સુધીમાં એઈડ્ઝના નોંધાયેલ દર્દીઓ નીચે મુજબ છે.<br>બાવળા - ૦<br>ધોળકા - ૦<br>સાણંદ - ૪<br>બગોદરા - ૦<br>- એઈડ્ઝના નોંધાયેલા વ્યકિતઓમાં કોઈ વ્યકિતનું મૃત્યુ હોસ્પિટલ ખાતે થયેલ નથી.<br>- એઈડ્ઝને અટકાવવા માટે સરકાર તરફથી જરૂરી કાર્યવાહી અને પ્રવૃત્તિઓ દ્વારા પગલાંઓ ભરાય છે. |
| (૨) સરકાર એઈડ્ઝ અટકાવવા પ્રયાસો કરી જોઈ જાગૃતિ લાવવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કયારે ? | (૩) ગુજરાત રાજય એઈડ્ઝ કંન્ટ્રોલ સોસાયટી દ્વારા લોકોમાં જાગૃતિ લાવવા વિવિધ પ્રવૃત્તિઓ સહીત જનજાગૃતિના કાર્યો ચાલી રહયા છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**ખેતરોમાં નિલગાય/રોઝ જેવા પશુઓથી ઉભા પાકને નુકશાન**

૯૯૩૭ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા, પાલનપુર અને અમીરગઢ તાલુકાઓમાં નીલ ગાયો ખેડૂતોના પાકને ખૂબ જ મોટું નુકસાન કરે છે તે બાબતે સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નીલ ગાયોની સંખ્યામાં ઉત્તરોત્તર ખૂબ જ વધારો થતો જાય છે, તો ખેડૂતોના પાકને થતા નુકસાનને બચાવવા સરકારે શી અસરકારક કાર્યવાહી કરી ? | (૨) નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.<br>(અ) વન ખાતા તરફથી ખેડૂતોના ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં મૂકેલ છે તે મુજબ જે તે લાભાર્થી ખેડૂતે થનાર ખર્ચની ૫૦% રકમ જમા કરાવવાની હોય છે. જયારે બાકીની ૫૦% રકમ સરકારશ્રી ભોગવે છે.<br>(બ) વન ખાતાના કર્મચારીઓ દ્વારા જંગલી |

પ્રાણીઓને હાંકીસને ભગાડી મૂકવાની કાયૃવાહી કરવામાં આવે છે.
(ક) લોકોને વન્યપ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે વન્યપ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ની વધુ જાણકારી મળે તેવી કામગીરી કરવામાં આવે છે.

------

**જામનગર જિલ્લામાં તાલુકાવાર રસ્તાના રિકાર્પેટ કરવા બાબત**

૯૯૩૭ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા, પાલનપુર અને અમીરગઢ તાલુકાઓમાં નીલ ગાયો ખેડૂતોના પાકને ખૂબ જ મોટું નુકસાન કરે છે તે બાબતે સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૩) બાકીના રોડ પરનું રિકાર્પેટનું કામ કયારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|---|
| ૧. | જામનગર | ૧૨ |
| ૨. | જોડીયા | ૩ |
| ૩. | ધ્રોલ | ૨ |
| ૪. | કાલાવાડ | ૨ |
| ૫. | લાલપુર | ૪ |
| ૬. | ખંભાલીયા | ૩ |
| ૭. | ભાણવડ | ૧ |
| ૮. | જામજોધપુર | ૧ |
| ૯. | કલ્યાણપુર | ૧ |
| ૧૦. | દ્વારકા | ૫ |
| | કુલ : | ૩૪ |

(૨) રૂા.૯૮૩.૯૨

(૩) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મંજુર થયેલ અને બાકી રહેલ કામો વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે.

------

**રાજયમાં વૃક્ષારોપણનું આયોજન**

૧૦૦૫૦ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં નાણાકીય કટોકટીને લીધે વૃક્ષારોપણનું આયોજન અડધું પણ પાર પાડતું નથી તે વાત સાચી છે, | (૧) ના જી, |
| (૨) જાપાન સરકારના જે.બી.આઈ.સી. પ્રોજેકટ હેઠળ વન વિસ્તારના વિકાસ માટે ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ બે વર્ષ પહેલાં કેટલા રૂપિયાની સહાયની દરખાસ્ત કરવામાં આવી હતી, અને | (૨) શરૂઆતમાં જીએફડીપી પ્રોજેકટ રૂા.૨૬૭૩ કરોડનો અંદાજવામાં આવેલ હતો. |
| (૩) જે.બી.આઈ.સી. પ્રોજેકટ હેઠળ કેટલી રકમ મંજૂર થઈ છે ? | (૩) પ્રોજેકટ હજી મંજુર થયેલ નથી. |

**રાજ્યમાં વર્ગ-૧ના ડૉકટરની ખાલી જગ્યાઓ**

૧૦૦૭૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં વર્ગ-૧ના ડૉકટરોની જગ્યાઓ કુલ કેટલી ખાલી છે, અને | (૧) રાજ્યની સરકારી હોસ્પિટલો અને સામુહિક આરેગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૧ના ડૉકટર્સની ૩૯૩ જગ્યાઓ ખાલી છે. |

| | |
|---|---|
| (૨) ખાલી રહેલ આ જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ? | (૨) આ જગ્યાઓ ભરવા માટે દર મંગળવારે કમિશ્નરશ્રી(આ)ની કચેરી દ્વારા વોક ઈન ઈન્ટરવ્યુ યોજવામાં આવે છે.<br>-નિયમિત ઉમેદવારોથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને માંગણી પત્રકો મોકલવામાં આવે છે.<br>-બઢતી દ્વારા જગ્યાઓ ભરવામાં આવે છે. |

------

**મેઘરજ તાલુકામાં મહારાષ્ટ્ર પેટર્નના રસ્તા**

૧૦૪૧૬ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ)માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ મેઘરજ તાલુકામાં મહારાષ્ટ્ર પેટર્નના કેટલા રસ્તા મંજૂર થયેલ છે. | (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કોઈ કામ મંજૂર થયેલ નથી. |
| (૨) જે રસ્તા મંજૂર થયેલ છે, તે રસ્તા ક્યારે પૂર્ણ થશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) એજન્સી અપાઈ ગયેલ હોવા છતાં રોડનું કામ ચાલુ થયેલ નથી તેવા કેટલા રસ્તા છે, અને આ રોડનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) એક પણ નહી. |

------

**ડીસા તાલુકામાં ખાસ મરામતના રસ્તાનું કામ**

૧૦૪૨૧ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાસ મરામત કાર્યક્રમ હેઠળ ડીસા તાલુકાના કયા કયા રસ્તાઓનું મરામત કામ કરવામાં આવ્યુ, અને | (૧) તા. ૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડીસા તાલુકામાં ખાસ મરામત હેઠળ પત્રક-૧માં દર્શાવેલ ૧૨ રસ્તાનું કામ પુર્ણ કરવામાં આવ્યુ. |
| (૨) કેટલા રસ્તાઓનું મરામત કામ બાકીમાં છે ? | (૨) ત્રણ રસ્તાનું |

**પત્રક - ૧**

| **ક્રમ** | **રસ્તાનું નામ** |
|---|---|
| ૧ | જસરા-મોરાલ ગ્રામ્ય રસ્તો. |
| ૨ | સોતંબલા એપ્રોચ ગ્રામ્ય રસ્તો. |
| ૩ | ધરપડા-કલ્યાણપુરા ગ્રામ્ય રસ્તો. |
| ૪ | થરાદ-ડીસા રાજ્ય રસ્તો |
| ૫ | ભીલડી-પાલડી સોની રસ્તો. |
| ૬ | કાપરાથી-બલોધર રસ્તો. |
| ૭ | ધાનેરા - આગથળા રસ્તો. |
| ૮ | રસાણા એપ્રોચ રસ્તો. |
| ૯ | વડાવલથી ને. હાઇવે રસ્તો. |
| ૧૦ | આસેડા એપ્રોચ રસ્તો. |
| ૧૧ | ભીલડી - સોયલા - બલોધન રસ્તો. |
| ૧૨ | ઝાબડીયા - ભદ્રામલી રસ્તો. |

------

### અમદાવાદમાં આદિજાતિ ભાઈઓને રેન બસેરા યોજના

૮૧૭૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે આદિજાતિભાઈઓ માટે રેન બસેરા યોજના ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) રેન બસેરા યોજના વર્ષ ૧૯૯૭-૯૮થી શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજના કયાં કાર્યરત છે, અને | (૨) યોજનાને અનુરૂપ ભૌતિક સુવિધાઓ તાજેતરમાં પૂરી થયેલ હોઈ આ યોજના અમદાવાદમાં મણિનગર ખાતે કાર્યરત થનાર છે. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ એક વર્ષમાં કેટલા લાભાર્થીઓએ કેવી રીતે લાભ લીધો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

### ગાંધીનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓ રીપેર કરવા બાબત

૧૦૦૬૬ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓને રીપેર કરવા નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં સબ ડીવીઝનવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૧) ૨૦૦૪-૦૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં રસ્તાઓને રીપેર કરવા માટે પેટા વિભાગવાર નીચે મુજબ ખર્ચ ખાસ મરામત હેઠળ કરવામાં આવ્યો.<br>પેટા વિભાગ — ખર્ચ (રૂા. લાખમાં)<br>(૧)(મા.મ.) પંચાયત, પેટા વિભાગ ગાંધીનગર. — ૭૮.૩૭<br>(૨)(મા.મ.) પંચાયત, પેટા વિભાગ દહેગામ — ૪૮.૯૭<br>(૩)માર્ગ યોજના પેટા વિભાગ ગાંધીનગર. — ૨૩.૮૬ |
| (૨) દહેગામ તાલુકામાં કયા કયા રસ્તાઓ રીપેરીંગ કરવામાં આવ્યા ? | (૨) ખાસ મરામત હેઠળ નીચે દર્શાવેલ કામો કર્યા<br>(૧) જલુન્દ્રા મોટા કડાદરા રોડ<br>(૨) દેવકરણના મુવાડા મોતીપુરા પાવડી રોડ |

------

### ભૂકંપમાં લીંબડી શહેરમાં કાટમાળ ઉપાડવામાં ભ્રષ્ટાચારની ફરીયાદ

૮૫૩૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧)સને ૨૦૦૧-૨૦૦૨ના ભૂકંપમાં લીંબડી શહેરમાં તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં કાટમાળ ઉપાડવામાં ભ્રષ્ટાચારની કેટલી ફરિયાદો સરકારને મળેલ છે. | (૧) ૧ (એક) |
| (૨)આ અંગે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી છે, અને | (૨) તપાસની કાર્યવાહી હાથ ધરેલ છે. |
| (૩)તપાસમાં ખુબજ ઢીલ થઈ હોવાની હકીકત સાચી છે? | (૩) ના, જી |

------

### ફીઝીયોથેરાપીના અભ્યાસક્રમના વિકાસના પગલાં

૯૯૨૧ **શ્રી સી. ડી. પટેલ (પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં ફીઝીયોથેરાપીના અભ્યાસક્રમના વિકાસ અને વિસ્તરણ માટે સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવેલ છે ? | રાજ્યમાં ફીઝીયોથેરાપીના અભ્યાસક્રમના વિકાસ માટે કોલેજોમાં વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા વધારી છે. ખાનગી સંસ્થાઓને કોલેજ શરૂ કરવા મંજુરી આપવામાં આવેલ છે. અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે પણ મંજુરી આપવામાં આવી છે. |

------

### સુરત જિલ્લામાં નવી સિવિલ હોસ્પિટલ અને તાલુકાના આરોગ્ય કેન્દ્રોમાં એમ્બ્યુલન્સવાન

૧૦૦૫૩ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સુરત શહેરમાં આવેલી નવી સિવિલ હોસ્પિટલ તથા સુરત તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રો ઉપર કેટલી એમ્બ્યુલન્સ વાન છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે ત્રણ એમ્બ્યુલન્સ વાન આપેલ છે. સુરત તાલુકો અલગ ન હોવાથી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં એમ્બ્યુલન્સ વાનનો પ્રશ્ન રહેતો નથી. |
| (૨) તે પૈકી કેટલી ચાલુ હાલતમાં છે અને કયા તાલુકા એમ્બ્યુલન્સથી વંચિત છે ? | (૨) નવી સિવિલ હોસ્પિટલ ખાતેની તમામ એમ્બ્યુલન્સ વાન ચાલુ હાલતમાં છે, કોઈ તાલુકો એમ્બ્યુલન્સથી વંચિત નથી. |

------

### વાવ થરાદ તાલુકામાં મેટલ કામથી વંચિત રસ્તા

૯૮૮૩ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ના રોજની સ્થિતિએ વાવ અને થરાદ તાલુકામાં ૨૦ વર્ષથી માટી કામ અને મેટલ કામ ન થયુ હોય તેવા કેટલા રસ્તા છે, અને | (૧) માટી કામ થયેલ હોય તેની ઉપર જરૂરી માટીકામ અને મેટલ કામ થયેલ ન હોય તેવા ૮ રસ્તા છે. |
| (૨) આ રસ્તાઓને માટી કામ અને મેટલકામ કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) હાલ કોઈ આયોજન નથી. |

------

### કડી તાલુકામાં દવાના ઉત્પાદન કરતા એકમોની તપાસ

૯૧૫૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં દવાનું ઉત્પાદન કરતા કેટલા એકમોની તપાસ કરવામાં આવી, | (૧) ૨૨ |
| (૨) હલકી ગુણવત્તાની દવાઓનું ઉત્પાદન કરવા બદલ શી શિક્ષાત્મક કાર્યવાહી થઈ, અને | (૨) ૩ એકમોના પરવાના સ્થગિત કર્યા ૧-એકમના પરવાના રદ કર્યા અને નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. |
| (૩) દવાઓની ગુણવત્તામાં થતી ગેરરીતીઓ અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા ? | (૩) ઉત્પાદન પેઢીઓનું સમયાંતરે કડક ચેકીંગ કરવામાં આવે છે અને ઉત્પાદક એકમો તેમજ માર્કેટમાંથી નિયમિત પૃથ્થકરણ માટે નમુના લેવામાં આવે છે, તથા નમુના અપ્રમાણસર જાહેર થતાં જે તે ઉત્પાદક પેઢીઓ સામે જરૂરી પગલાં લેવામાં આવે છે. |

-------

**સુરતની નવી સિવિલ હોસ્પિટલનું સીટીસ્કેન મશીન બંધ હોવા બાબત**

૯૯૧૮ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં રેડીયોલોજીસ્ટ વિભાગનું સીટીસ્કેન મશીન કેટલા સમયથી બંધ છે, તેના કારણો શા છે, અને | (૧) સીટીસ્કેન મશીન ચાલુ છે. |
| (૨) કેટલા સમયમાં તેનું મરામત કામ હાથ ધરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૦૮૯૬ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકાનાં કેટલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગ-વાર કેટલી જગ્યાઓ છે,

**જવાબ**

સંવર્ગવાર મંજુર જગ્યાઓ.

| સંવર્ગ | શહેરા (૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) | લુણાવાડા (૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) |
|---|---|---|
| વર્ગ-૨ | ૬ | ૬ |
| વર્ગ-૩ | ૨૪ | ૨૪ |
| વર્ગ-૪ | ૨૪ | ૨૪ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ કેટલાં સમયથી ખાલી છે, અને

સંવર્ગવાર ખાલી જગ્યાઓ

| તાલુકાનું નામ | સંવર્ગ | ખાલી જગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|
| શહેરા | વર્ગ-૨ | ૦ | ૦ |
| | વર્ગ-૩ | ૧૩ | તા.૧-૬-૦૧ થી |
| | વર્ગ-૪ | ૯ | તા.૧-૬-૦૧ થી |
| લુણાવાડા | વર્ગ-૨ | ૧ | તા.૧૪-૯-૦૪થી |
| | વર્ગ-૩ | ૮ | તા.૧-૬-૦૧ થી |
| | વર્ગ-૪ | ૬ | તા.૧-૬-૦૧ થી |

(૩) આ જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણને ધ્યાને લઇ લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

------

**રાજ્યમાં એઈડઝના દર્દીઓ**

૯૮૮૮ **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા (મહુવા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં ડીસેમ્બર-૦૪નાં અંતે રાજ્યમાં એઈડસનાં કેટલા દર્દીઓ મળેલ છે, અને | (૧) ૧૩૭૫ |
| (૨) સરકારે આ રોગને અટકાવવા શા પ્રયાસો કરેલ છે? | (૨) (૧) આ રોગની કોઈ દવા કે રસી ઉપલબ્ધ ન હોવાને કારણે લોકોમાં આ રોગ વિષે જાગૃતિ લાવવા વિવિધ માધ્યમો જેવા કે ટીવી, રેડીયો, બસ પેનલ, વર્તમાનપત્રો વગેરેમાં જાહેરાત ધ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. (૨) દર્દીઓને કાઉન્સેલીંગની સેવાઓ મળી રહે તે માટે રાજ્યની સરકારી મેડીકલ કોલેજો અને જિલ્લા હોસ્પિટલોમાં કાઉન્સેલીંગ સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. (૩) રાજ્યની સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા સંચાલિત કુલ ૬૨ બ્લડ બેંકોને મફત એચ.આઇ.વી. અને એચ.સી.વી. ટેસ્ટ કીટ આપવામાં આવે છે. |

(૪) સરકારી મેડીકલ કોલેજો તેમજ જિલ્લા હોસ્પિટલોમાં જાતીય રોગોની સારવાર આપવામાં આવે છે.
(૫) જાન્યુઆરી-૨૦૦૫થી એઈડ્ઝના દર્દીઓને એન્ટીરીટ્રો વાયરલ દવાઓ મળી રહે તે માટે બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે એક સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે.

------

**સિવિલ હોસ્પિટલના પ્લાઝમા યુનિટની ઉત્પાદન ક્ષમતા**

૧૦૦૭૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સીવીલ હોસ્પિટલના પ્લાઝમા યુનીટની ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને | (૧) સીવીલ હોસ્પિટલમાં પ્લાઝમા યુનીટ નથી. |
| (૨) હાલ આ પ્લાન્ટ કેટલી ઉત્પાદન ક્ષમતાથી ચાલે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**જૂનાગઢ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૧૦૦૪૯ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો કયાં કયાં આવેલા છે,

**જવાબ**

(૧) ૧૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો નીચેના સ્થળોએ આવેલા છે.

| અ.નં. | તાલુકાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ |
|---|---|---|
| (૧) | ભેંસાણ | (૧) ભેંસાણ |
| (૨) | કેશોદ | (૨) કેશોદ |
| (૩) | કોડીનાર | (૩) કોડીનાર |
| (૪) | માળીયા-હાટીના | (૪) માળીયા-હાટીના |
| (૫) | માણાવદર | (૫) માણાવદર |
| (૬) | માંગરોળ | (૬) માંગરોળ |
| (૭) | મેંદરડા | (૭) મેંદરડાં |
| (૮) | તલાલા | (૮) તલાલા-ગીર |
| (૯) | ઉના | (૯) ઉના |
| | | (૧૦) ગીર ગઢડા |
| (૧૦) | વંથલી | (૧૧) વંથલી |
| (૧૧) | વેરાવળ | (૧૨) પ્રભાસ-પાટણ |
| (૧૨) | વિસાવદર | (૧૩) વિસાવદર |
| (૧૩) | સુત્રાપાડા | (૧૪) સુત્રાપાડા |
| (૧૪) | જુનાગઢ | (૧૫) બિલખા |

(૨) આમાંથી કયા કયા સામુહિક આરોગ્ય કેન્દ્રને જિલ્લા કક્ષાની હોસ્પિટલ સમકક્ષનું બનાવવાનું આયોજન છે, અને કયાં સુધીમાં, અને

(૨) એક પણ નહી.

| | |
|---|---|
| (૩) જિલ્લાની વસ્તીના પ્રમાણમાં જુનાગઢ જિલ્લાને કેટલા નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર થાય છે, જે કયાં સુધીમાં કાર્યન્વીત કરવા આયોજન છે ? | (૩) એક પણ નહી. |

------

**વ્યારા તાલુકાના ધામણદેવી ગામ પાસે પૂર્ણા નદી ઉપર પુલ બનાવવા બાબત**

૯૮૭૧ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વ્યારા તાલુકાના ધામણદેવી ગામ પાસે પૂર્ણા નદી પર પુલ બનાવવા માટે શું આયોજન કરવામાં આવેલ છે, અને | (૧) આ કામનો બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૨) આ પુલનું કામ સરકાર કેટલાં સમયમાં શરૂ કરીને પૂરૂં કરવા માંગે છે | (૨) આ કામ માટે બજેટમાં પૂરતી નાણાકીય જોગવાઈ થયા બાદ હાથ ધરી શકાય. |

------

**અમરેલી શહેરનું એરપોર્ટ ચાલુ કરવા બાબત**

૮૫૦૫ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી શહેરમાં બનેલ એરપોર્ટ ચાલુ કરવા માટે એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા ધ્વારા કઇ બાબતોની પૂર્તતા કરવા રાજ્ય સરકારને જણાવેલ છે, અને | (૧) આ બાબતે કોઈ પૂર્તતા કરવા જણાવેલ નથી. |
| (૨) આ એરપોર્ટ ચાલુ કરવા રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૨) આ એરપોર્ટ ચાલુ કરવા બાબતે રાજ્ય સરકાર ધ્વારા ગુજરાત રાજ્ય માટે એવીએશન માસ્ટર ડેવલપમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવાની કામગીરી જી.આઈ.ડી.બી.ને સોંપેલ છે જેનો આખરી રીપોર્ટ આવ્યા બાદ એરપોર્ટ ચાલુ કરવાનું આયોજન સરકારશ્રી ધ્વારા વિચારવામાં આવશે. |

------

**ભાવનગર તાલુકામાં નવા રસ્તા બનાવવાનું આયોજન**

૯૮૭૮ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૨૦૦૬ના ભાવનગર તાલુકાના કેટલા નવા રસ્તાઓ બનાવવાનું આયોજન છે, અને | (૧) મંજુર થયેલ નવા રસ્તા બનાવવાનાં કામો પૈકી ૨(બે) કામ વર્ષ ૨૦૦૫-૦૬માં બનાવવાનું આયોજન છે. |
| (૨) કેટલા રસ્તાઓના ખાસ મરામતનું આયોજન હતું? | (૨) તા. ૧/૪/૦૪ના ૧૬ ખાસ મરામતના સ્પીલ ઓવર કામો તથા વર્ષ ૨૦૦૪-૦૫માં મંજુર થયેલ ૮ (આઠ) કામ હાથ ધરવાનું આયોજન છે. |

------

**નગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સ સેવાઓ શરૂ કરવા બાબત**

૮૨૦૬ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નગરપાલિકાઓના વહીવટમાં સરળતા, ગતિશીલતા અને પારદર્શકતા લાવવા માટે રાજ્ય સરકારે નગરપાલિકાઓમાં ઈ-ગવર્નન્સ સેવાઓ શરૂ કરી હોવાની બાબત સાચી છે, અને | (૧) હા |

| | |
|---|---|
| (૨) જો હા, તો બજેટ વર્ષ ૨૦૦૪-૦૫માં ડીસેમ્બર-૨૦૦૪ સુધીમાં કેટલી નગરપાલિકાઓને ઈ-ગવર્નન્સ સેવાઓ હેઠળ આવરી લેવામાં આવી છે ? | (૨) ૮૧ |

------

**મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર સામે થયેલા કોર્ટ કેસો**

૧૦૪૧૨ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૦-૯-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર સામે કેટલા કોર્ટ કેસ થયેલા છે, અને | (૧) ૧૯ કોર્ટ કેસો |
| (૨) તે પૈકી નિયમ ભંગ/અન્યાય/અનિયમિતતા/ગેરરીતીને લગતા કેટલા કેસો થયા છે ? | (૨) તે પૈકી ૧૮ કેસો ખરીદીની કાર્યવાહીમાં અન્યાય થયેલ છે તેવી પેઢીઓની રજુઆત વાળા છે અને ૧-કેસ બઢતીમાં અન્યાય થયેલ છે, તેવી એક કર્મચારીની રજુઆત નો છે. |

------

**ભરૂચ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૯૧૫૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મહેકમ અન્વયે કુલ કેટલી જગ્યાઓ કેટલાં સમયથી તા. ૩૧-૧૨-૦૪ના અંતે ખાલી છે, અને

**જવાબ**

(૧) તાલુકાવાર સંવર્ગવાર ખાલી જગ્યાઓ

| તાલુકાનું નામ | સંવર્ગ | જગ્યાની સંખ્યા | કઈ તારીખથી |
|---|---|---|---|
| ૧. જંબુસર | વર્ગ-૨ | ૧ | તા. ૧૬-૯-૦૪ |
| | વર્ગ-૩ | ૮ | તા. ૧૫-૭-૮૮ થી ૨૧-૪-૦૩ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૮ | તા. ૧-૩-૯૫ |
| ૨. આમોદ | વર્ગ-૨ | ૦ | -- |
| | વર્ગ-૩ | ૫ | તા. ૨૧-૪-૯૩ થી તા. ૧૬-૧-૦૩ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૬ | તા. ૧૫-૭-૮૮ થી તા. ૧૬-૧-૦૪ દરમ્યાન |
| ૩. વાગરા | વર્ગ-૨ | ૧ | તા. ૬-૯-૦૪ |
| | વર્ગ-૩ | ૯ | તા. ૧૫-૭-૮૮ થી તા. ૧૮-૧૧-૦૪ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૬ | તા. ૧-૪-૯૫ |
| ૪. ભરૂચ | વર્ગ-૨ | ૦ | -- |
| | વર્ગ-૩ | ૭ | તા. ૧૦-૬-૮૮ થી તા. ૩૧-૧૦-૦૪ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૪ | તા. ૧૦-૬-૮૮ થી તા. ૬-૭-૦૩ દરમ્યાન |
| ૫. અંકલેશ્વર | વર્ગ-૨ | ૧ | તા. ૨૦-૯-૦૪ |
| | વર્ગ-૩ | ૮ | તા. ૮-૧-૮૦ થી તા. ૨૨-૧-૦૩ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૩ | તા. ૧-૭-૮૯ થી તા. ૨૨-૧-૦૩ દરમ્યાન |
| ૬. હાંસોટ | વર્ગ-૨ | ૦ | -- |

| | | | |
|---|---|---|---|
| | વર્ગ-૩ | ૫ | તા. ૧-૭-૦૨ થી તા. ૧-૧૧-૦૪ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૩ | તા. ૧૭-૭-૨૦૦૦ થી તા. ૧-૭-૦૨ દરમ્યાન |
| ૭. ઝઘડીયા | વર્ગ-૨ | ૨ | તા. ૨૫-૭-૦૪ તા. ૧૫-૯-૦૪ |
| | વર્ગ-૩ | ૧૯ | તા. ૩૧-૪-૮૮ થી તા. ૧૭-૨-૦૨ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૧૦ | તા. -૮-૮૯ થી તા. ૧૭-૨-૦૧ દરમ્યાન |
| ૮. વાલીયા | વર્ગ-૨ | ૧ | તા. ૨૦-૯-૦૪ |
| | વર્ગ-૩ | ૧૭ | તા. ૧-૬-૮૯ થી તા. ૩૧-૫-૦૪ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૫ | તા. ૧-૩-૯૫ |

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

(૨) ૧. વર્ગ-૨ની જગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે ભરવા ઉપરાંત વોક ઈન ઈન્ટરવ્યુથી ભરવા પ્રયત્ન કર્યા

૨. વર્ગ-૩ તથા વર્ગ-૪ની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે.

------

## રાજ્યમાં ધનવન્તરી આરોગ્ય સપ્તાહની ઉજવણી

૯૮૯૫ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ધનવન્તરી આરોગ્ય સપ્તાહની ઉજવણી ક્યારે કરવામાં આવી, અને

(૨) આ ઉજવણી અન્વયે શાં કાર્યક્રમો કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તારીખ ૪-૧૧-૨૦૦૪ થી તારીખ ૧૦-૧૧-૨૦૦૪.

(૨) -આયુર્વેદ સારવાર નિદાન કેમ્પો
-ઔષધિય વનસ્પતિ પ્રદર્શનો
-ધનવન્તરી પુજન
-ઉપર મુજબના કાર્યક્રમ ઉપરાંત, સુવર્ણપ્રાસન વિધી, વ્યસન મુક્તિ, અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન.

------

## ચોટીલા, સાયલા તાલુકામાં રસ્તાને જોબ નંબર આપવા બાબત

૮૮૨૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ચોટીલા અને સાયલા તાલુકાના કેટલા રસ્તાઓના જોબ નંબર આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| | વર્ષ | ચોટીલા તાલુકો | સાયલા તાલુકો | કુલ |
|---|---|---|---|---|
| (૧) | ૨૦૦૩-૦૪ | ૨ | ૪ | ૬ |
| (૨) | ૨૦૦૪-૦૫ | ૭ | ૪ | ૧૧ |
| | કુલ | ૯ | ૮ | ૧૭ |

(૨) અપાયેલ જોબ નંબર પૈકી કયા કયા રસ્તાના

(૨) તે પૈકી કોઈ પણ રસ્તાના જોબ નંબર ૨૬

| | |
|---|---|
| જોબ નંબર ૨૬ કર્યા છે. અને રસ્તાના કામ કરવામાં આવેલ નથી તેનાં કારણો શાં છે? | કરેલ નથી. |

------

**વઘઈ આહવા રાજ્ય ધોરીમાર્ગ ઉપર ઉમરાખાડી પર પુલ બાંધવા બાબત**

૯૧૪૮ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાંથી પસાર થતો વઘઈ આહવા રાજ્ય ધોરીમાર્ગ પર વઘઈ ખાતે ઉમરાખાડી પર પુલ બાંધવા માટે ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યા,<br>(૨) આ કામ કયારે શરૂ થશે અને કયારે પૂર્ણ થશે, અને<br>(૩) તેની પાછળ કેટલો ખર્ચ થવાની ધારણા છે? | (૧) (૨) અને (૩) આ કામના ટેન્ડર બહાર પાડેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**પાલનપુર અને ડીસાની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૦૪૨૯**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની પાલનપુર અને ડીસા સીવીલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧)

| હોસ્પિટલનું નામ | સંવર્ગ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| પાલનપુર | વર્ગ-૧ | ૪ |
| | વર્ગ-૨ | ૧ |
| | વર્ગ-૩ | ૧૭ |
| | વર્ગ-૪ | ૧૦ |
| ડીસા | વર્ગ-૧ | ૨ |
| | વર્ગ-૩ | ૮ |
| | વર્ગ-૪ | ૨ |

| | |
|---|---|
| (૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પગલાં લીધાં, અને | (૨) તજજ્ઞ વર્ગ-૧, વર્ગ-૨ની જગ્યા માટે દર મંગળવારે કમિશ્નર કચેરી દ્વારા વોક ઈન ઈન્ટરવ્યુ યોજીને તેમજ સીધી ભરતી દ્વારા ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.<br>-અધિક્ષક અને નિવાસી તબીબી અધિકારીની જગ્યા બઢતીથી ભરવાની કાર્યવાહી ગતિમાં છે.<br>-વર્ગ-૩ અને ૪ની જગ્યા બઢતી અને સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૩) પગલાં ન લીધાં હોય તો તેનાં શું કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**બનાવટી અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રોને આધારે મેળવેલ સરકારી નોકરી**

૯૯૩૫ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન આદિજાતિ કમિશનર તેમજ આદિજાતિ વિકાસ વિભાગને બોગસ અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રોના આધારે સરકારી નોકરી મેળવવાના ગુનાને લગતી કેટલી ફરિયાદો કયા કયા સંવર્ગના કર્મચારીઓ/અધિકારીઓ વિરૂદ્ધ સરકારને મળેલ છે, | (૧) આ સાથેના પત્રક મુજબ. |

| | |
|---|---|
| (૨) આ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદો કચ્છ, જૂનાગઢ અને ગાંધીનગર જિલ્લામાં સરકારી સેવામાં કાર્યરત કયા કયા સંવર્ગના કર્મચારીઓ/અધિકારીઓ વિરૂદ્ધની છે, અને | (૨) ૧. આ ફરિયાદો પૈકી કોઈ ફરિયાદ કચ્છ જિલ્લાના અધિકારી/કર્મચારી વિરૂદ્ધ નથી.<br>૨. આ ફરિયાદો પૈકી જૂનાગઢ જિલ્લામાં સંશોધન વૈજ્ઞાનિક સંવર્ગના એક અધિકારી સામે ફરિયાદ મળેલ છે જ્યારે શિક્ષક સંવર્ગના, જુનિયર આસિસ્ટન્ટ કલાર્ક સંવર્ગના, ટેલિફોન ઓપરેટર સંવર્ગના, અને જુનિયર કલાર્ક સંવર્ગના એમ કુલ ૪ સંવર્ગના કર્મચારી વિરૂદ્ધ એક એક ફરિયાદ મળેલ છે.<br>૩. ગાંધીનગર જિલ્લામાં પોલીસ ઈન્સ્પેકટર સંવર્ગના એક અધિકારી સામે આવી ફરિયાદ મળેલ છે. |
| (૩) આવા દોષિત જણાયેલ કર્મચારીઓ વિરૂદ્ધ શું શિક્ષાત્મક પગલાં ભરવામાં આવ્યા ? | (૩) આવા અધિકારીઓ/કર્મચારીઓ હજુ દોષિત સાબિત થયેલ ન હોઈ તેઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક**

૧ ફરિયાદ ડૉ. સંવર્ગના અધિકારી સામે
૪ ફરિયાદ મામલતદાર સંવર્ગના અધિકારી સામે
૩ ફરિયાદ ડેપ્યુટી એન્જી. સંવર્ગના અધિકારી સામે
૧ ફરિયાદ જુનિયર ઈજનેર સંવર્ગના અધિકારી સામે
૧ ફરિયાદ પોલીસ ઈન્સ્પેકટર સંવર્ગના અધિકારી સામે
૧ ફરિયાદ સંશોધન વૈજ્ઞાનિક સંવર્ગના અધિકારી સામે
૧ ફરિયાદ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ પશુ સંવર્ધન નિરિક્ષક સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ જુનિયર કલાર્ક સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ જુનિયર આસિસ્ટન્ટ કલાર્ક સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ લાઈનમેન સંવર્ગના કર્મચારી સામે
૩ ફરિયાદ શિક્ષક સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ ફોરેસ્ટ સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ ટેલીફોન ઓપરેટર સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ માઈક્રો પ્રોસેસર ઓપરેટર સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ ટેકનીશીયન સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ ડ્રાઈવર સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ પટાવાળા સંવર્ગના કર્મચારી સામે
૧ ફરિયાદ વોર્ડ એટેન્ડન્ટ સંવર્ગના કર્મચારી સામે
**આમ કુલ ૨૬ ફરિયાદો મળેલ છે.**

------

## ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના જંત્રાણ,છીદા, સીગામ રોડ અને ઈસ્લામપુરા-કપુરીયા સાસરસા રોડનું કામ

૧૦૩૧૪ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના સ્ટેટ રસ્તા પૈકી જંત્રાણ, છીદા, સીગામ રોડ અને ઈસ્લામપુરા-કપુરીયા-સાસરસા રસ્તાઓને કયા વર્ષમાં જોબ નંબર મળેલ છે, એજન્સી કયારે ફિકસ કરવામાં આવી છે, અને | (૧) અને (૨) પત્રક મુજબ. |
| (૨) આ રસ્તાનું કામ કયારે શરૂ થશે અને કયારે પૂરૂં થશે ? | |

**પત્રક**

| ક્રમ | રસ્તાનું નામ | મંજૂરીની વર્ષ યોજના | એજન્સી ફિક્સ કર્યાની વિગત | કામ શરૂ કરવાની અને પૂર્ણ કરવાની વિગત. |
|---|---|---|---|---|
| ૧ | જંત્રાણ, છીદા, સીગામ રસ્તો કી.મી.૦/૦ થી ૩૯/૧૦ (કી.મી. ૧૫/૫-૧૬/૫ અને ૨૧/૫ -૨૫/૫) | ૨૦૦૩-૦૪ ખાસ મરામત | તા. ૩૦-૧-૦૪ | તા. ૧૮-૨-૨૦૦૫ તા. ૧૦-૩-૨૦૦૫ |
| ૨ | જંત્રાણ, છીદા, સીંગામ રસ્તો કી.મી.૦/૦ થી ૩૯/૦ (કી.મી. ૧૪/૦ થી ૧૫/૫ અને ૧૯/૦ થી ૨૧/૫) | ૨૦૦૪-૦૫ ખાસ મરામત | --- | ટેન્ડર મંજૂર વર્કઓર્ડર આપ્યા બાદ ૩ માસમાં |
| ૩ | ઈસ્લામપુરા -કપુરીયા આસરસા રસ્તો | ૨૦૦૦-૦૧ નાબાર્ડમાં | --- | ટેન્ડર મંજૂરીમાં છે. વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૧ માસમાં |

## તાલાલા, સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં નાળા અને પુલો ખરાબ સ્થિતિમાં

૯૮૮૨ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાનાં તાલાલ, સુત્રાપાડા અને વેરાવળ તાલુકામાં તા. ૩૦-૧૧-૦૪ની સ્થિતિએ કયા કયા નાળા અને પુલો નબળી અને ખરાબ સ્થિતિએ છે, (૨) આ નાળા અને પુલો રીપેરીંગ કરાવવા તથા તેને સુધારા વધારા કરી સારી હાલતમાં રાખવા શું આયોજન કરેલ છે, અને | (૧) અને (૨) નાળા અને પુલો વાહનવ્યવહાર યોગ્ય છે, પરંતુ પુર મરામતમાં નુકશાન પામેલ ૨૨ (બાવીસ) રસ્તા પરના નાળા/કોઝવેની મરામતના કામો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) તે કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૩) પુર મરામતમાં મંજૂર કરેલ કામો વર્ષ ૨૦૦૫-૦૬માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

------

## દાહોદ જિલ્લાના ધાનપુર જેસાવાડા રોડનું કામ

૧૦૪૦૬ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દાહોદ જિલ્લાના ધાનપુર જેસાવાડા રોડનું ૯૦ ટકા કામ પૂર્ણ થયેલ છે, બાકી રહેલ કામ સરકાર કયાં સુધીમાં પૂર્ણ કરવા માંગે છે ? | ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન વિચારેલ છે. |

------

## ગીરના સિંહોને મધ્યપ્રદેશ ખસેડવા બાબત

૧૦૪૩૧ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ગીરના જંગલોના સિંહોને મધ્યપ્રદેશ રાજ્યમાં ખસેડવાની હકીક્ત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ગીરના જંગલોના સિંહોને ખસેડવા સામે રાજ્યના નાગરિકોએ વિરોધ પ્રગટ કર્યો છે, તે અંગે સરકાર શું કાર્યવાહી કરવા માગે છે ? | (૩) રાજ્ય સરકારે સિંહોને મધ્યપ્રદેશમાં ખસેડવા નહી તેવો નિર્ણય કરેલ હોવાથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. |

------

## નકલી દવા માટે પાડેલા દરોડા

૮૪૧૨ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નકલી દવા માટે કેટલા જિલ્લામાં કેટલા દરોડા પાડવામાં આવ્યા, | (૧) છેલ્લા ત્રણ વર્ષમાં નકલી દવા માટે રાજ્યમાં ત્રણ જિલ્લામાં છ દરોડા પાડવામાં આવ્યા. |
| (૨) કેટલા વેપારીઓની ધરપકડ કરવામાં આવી, કેટલાની બાકી છે, અને | (૨) પરવાના ધરાવતા ૩, વેપારી અને અન્ય ૧૭, વ્યકિત સહિત કુલ ૨૦ ની ધરપકડ કરવામાં આવી, ત્રણ વ્યકિતની ધરપકડ બાકી છે. |
| (૩) તેમની ઉપર શું પગલાં લેવામાં આવ્યાં? | (૩) ત્રણ કિસ્સામાં નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. જ્યારે બાકીના ત્રણ કિસ્સામાં નામદાર કોર્ટમાં કેસ કરવાની કાર્યવાહી ચાલુ છે. |

------

## સુરતની સિવિલ હોસ્પિટલમાં સાધનોની ખરીદી

૧૦૩૦૫ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૪ની સ્થિતિએ સુરત ખાતેની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ વર્ષમાં કયા કયા અદ્યતન મશીનો ખરીદવામાં આવ્યા, | (૧) એક ટુ ડી ઈકોમશીન ખરીદવામાં આવેલ છે. |
| (૨) આ સાધનો ઉપયોગમાં લેવાય છે કે કેમ, તેના માટે લાયકાત ધરાવતા ટેકનીશ્યનો તેમજ ડોકટરોની નિમણુંક કયારે કરવામાં આવી, | (૨) હા જી, લાયકાત ધરાવતા મેડીસીન વિભાગના મદદનીશ પ્રાધ્યાપકો પહેલાથી જ ઉપલબ્ધ હતા, આ મશીન ડોકટર મારફતે જ ઉપયોગમાં લેવાય છે. |
| (૩) જો ના, તો આવા અદ્યતન સાધનો ઉપલબ્ધ હોવા છતાં લોકો તેના લાભથી વંચિત રહયા તેના માટે કોણ જવાબદાર છે, અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ સાધનોની ગેરન્ટી/વોરન્ટી પીરીયડ કયારે પૂરો થાય છે ? | (૪) ટુ ડી ઈકો મશીનનો વોરન્ટી પીરીયડ તા.૨૪-૭-૦૪ના રોજ પૂરો થયેલ છે. |

------

## જામનગર જિલ્લામાં ભૂકંપથી નુકશાન થયેલ સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો મંજૂર કરવા

૧૦૪૩૪ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ભૂકંપથી નુકસાન થયેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કેટલા નવા મકાનો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૮ |
| (૨) તે પૈકી કેટલા મકાનો ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામ બાકી છે ? | (૨) કાર્યવાહી ચાલુ છે. |

------

## સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકો ઉપર થયેલા અત્યાચારના બનાવોની જિલ્લા તકેદારી સમીક્ષા બેઠકો

૧૦૦૮૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકો ઉપર અત્યાચાર બનાવોની સમીક્ષા માટે જિલ્લા તકેદારીની બેઠક | (૧) ૮ (આઠ) |

તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી બેઠકો મળી,

(૨) આ બેઠકોમાં કયા કયા અધિકારી હાજર રહયા, (૨) સામેલ પત્રકમાં દર્શાવ્યા મુજબ.

(૩) તાલુકા તકેદારી સમિતિની બેઠક કેટલી વખત મળી, અને (૩) ૫૬ (છપ્પન) વખત.

(૪) તાલુકા તકેદારી સમિતિની બેઠક ન મળી હોય તો તેના કારણો શા છે ? (૪) વહીવટી કારણોસર.

**પત્રક**

સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકો ઉપર અત્યાચારના બનાવોની સમીક્ષા માટે જિલ્લા તકેદારી સમિતિની તારીખ : ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આઠ બેઠકો મળેલ અને તેમાં નીચે મુજબના અધિકારીઓ હાજર રહયા હતા.

| ક્રમાંક | બેઠકની તારીખ | બેઠકમાં હાજર રહેલ અધિકારીઓની વિગત | |
|---|---|---|---|
| ૧ | ૧૫-૨-૨૦૦૫ | ૧ | કલેકટરશ્રી, સુરત (અધ્યક્ષ) |
| | | ૨ | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.પં. સુરત. |
| | | ૩ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી (રૂરલ) સુરત. |
| | | ૪ | અધિક કલેકટરશ્રી, સુરત |
| | | ૫ | તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) સુરત, સભ્ય સચિવ. |
| | | ૬ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિ. પં. સુરત. |
| | | ૭ | જિલ્લા સિવિલ સર્જનશ્રી, સુરત. |
| | | ૮ | મદદનીશ મજૂર કમિશનરશ્રી, સુરત |
| ૨ | ૨૧-૬-૨૦૦૩ | ૧ | કલેકટરશ્રી, સુરત (અધ્યક્ષ) |
| | | ૨ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.પં. સુરત. |
| | | ૩ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત. |
| | | ૪ | અધિક કલેકટરશ્રી, સુરત |
| | | ૫ | તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) સુરત, સભ્યસચિવ. |
| | | ૬ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિ. પં. સુરત. |
| | | ૭ | જિલ્લા સરકારી વકીલ અને પબ્લીક પ્રોસીકયુટરશ્રી, સુરત. |
| ૩ | ૧૯-૭-૨૦૦૩ | ૧ | કલેકટરશ્રી, સુરત (અધ્યક્ષ) |
| | | ૨ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.પં. સુરત. |
| | | ૩ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત. |
| | | ૪ | અધિક કલેકટરશ્રી, સુરત |
| | | ૫ | તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) સુરત, સભ્યસચિવ. |
| | | ૬ | જિલ્લા આયોજન અધિકારીશ્રી, સુરત. |
| | | ૭ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિ.પં. સુરત. |
| ૪ | ૧૮-૧૦-૨૦૦૪ | ૧ | કલેકટરશ્રી, સુરત (અધ્યક્ષ) |
| | | ૨ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી (રૂરલ) સુરત. |
| | | ૩ | પ્રાયોજન વહીવટદારશ્રી, માંડવી, સુરત. |
| | | ૪ | પ્રાયોજન વહીવટદારશ્રી, સોનગઢ, સુરત. |
| | | ૫ | તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) સુરત, સભ્યસચિવ. |
| | | ૬ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિ. પં. સુરત. |
| ૫ | ૧૭-૧-૨૦૦૪ | ૧ | જિલ્લા કલેકટરશ્રી, સુરત (અધ્યક્ષ) |
| | | ૨ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત. |
| | | ૩ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.પં. સુરત. |
| | | ૪ | પ્રાયોજન વહીવટદારશ્રી, માંડવી, સુરત. |
| | | ૫ | પ્રાયોજન વહીવટદારશ્રી, સોનગઢ, સુરત. |
| | | ૬ | જિલ્લા સિવિલ સર્જનશ્રી, સુરત. |
| | | ૭ | તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) સુરત, સભ્યસચિવ. |
| | | ૮ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિ. પં. સુરત. |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૧૯-૬-૨૦૦૪ | ૧ | જિલ્લા કલેકટરશ્રી, સુરત (અધ્યક્ષ) |
| | | ૨ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત. |
| | | ૩ | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.પં. સુરત. |
| | | ૪ | પ્રાયોજન વહીવટદારશ્રી, માંડવી, સુરત. |
| | | ૫ | પ્રાયોજન વહીવટદારશ્રી, સોનગઢ, સુરત. |
| | | ૬ | જિલ્લા સિવિલ સર્જનશ્રી, સુરત. |
| | | ૭ | તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) સુરત, સભ્યસચિવ. |
| | | ૮ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિ. પં. સુરત. |
| | | ૯ | જિલ્લા સરકારી વકીલશ્રી, સુરત. |
| ૭ | ૨૮-૯-૨૦૦૪ | ૧ | જિલ્લા કલેકટરશ્રી, સુરત (અધ્યક્ષ) |
| | | ૨ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત. |
| | | ૩ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.પં. સુરત. |
| | | ૪ | પ્રાયોજન વહીવટદારશ્રી, માંડવી, સુરત. |
| | | ૫ | પ્રાયોજન વહીવટદારશ્રી, સોનગઢ, સુરત. |
| | | ૬ | જિલ્લા સિવિલ સર્જનશ્રી, સુરત. |
| | | ૭ | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ. પં. સુરત. |
| | | ૮ | તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) સુરત, સભ્યસચિવ. |
| | | ૯ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિ. પં. સુરત. |
| | | ૧૦ | જિલ્લા સરકારી વકીલશ્રી, સુરત. |
| ૮ | ૧૬-૧૨-૨૦૦૪ | ૧ | જિલ્લા કલેકટરશ્રી, સુરત (અધ્યક્ષ) |
| | | ૨ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત. |
| | | ૩ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.પં. સુરત. |
| | | ૪ | પ્રાયોજન વહીવટદારશ્રી, માંડવી, સુરત. |
| | | ૫ | પ્રાયોજન વહીવટદારશ્રી, સોનગઢ, સુરત. |
| | | ૬ | નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ. પં. સુરત. |
| | | ૭ | જિલ્લા સિવિલ સર્જનશ્રી, સુરત. |
| | | ૮ | તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) સુરત, સભ્યસચિવ. |
| | | ૯ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિ. પં. સુરત. |
| | | ૧૦ | જિલ્લા સરકારી વકીલશ્રી, સુરત. |

------

## અમદાવાદ શહેરમાં પ્રદુષણ

૮૦૫૯ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં દેશમાં સૌથી પ્રદૂષિત શહેર છે તેમાં પ્રદૂષણ અટકાવવા સરકારે તારીખ : ૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલાં લીધાં,

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં હાલ પ્રદૂષણ અટકાવવા સમયબધ્ધ એકશન પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. જેમા CNG આધારિત વાહન વ્યવહાર માટે જરૂરી માળખાકીય સુવિધાઓની શરૂઆત, ઓટોરીક્ષા અને જાહેર પરિવહનના સાધનો CNG આધારિત કરવા અને આ અંગે ટાસ્ક ફોર્સની રચના તથા ચાલુ વાહનો અંગે ધુમાડાના નવા ધોરણોનું અમલીકરણ, બળતણમાં થતી ભેળસેળ અટકાવવા સંયુકત ટુકડીઓ ધ્વારા સઘન ઝુંબેશ તેમજ ઉદ્યોગજન્ય પ્રદૂષણ અંગે હવા અધિનિયમ, ૧૯૮૧ હેઠળ ઉદ્યોગોનું મોનીટરીંગ અને કસૂરવાર એકમો સામે કાયદાકીય પગલાંઓ લેવાનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન**

(૨) આ પગલાંથી કયા કયા પ્રકારના પ્રદૂષણમાં ઘટાડો નોંધાયો છે, અને

**જવાબ**

(૨) હવા પ્રદૂષણ નિયંત્રણ અંગેના એકશન પ્લાનનું અમલીકરણ ચાલુ કરવામાં આવેલ છે. જે સંપુર્ણપણે અમલમાં આવતાં હવા પ્રદૂષણમાં મહદ્અંશે ઘટાડો થશે.

| | |
|---|---|
| (૩) આગામી વર્ષમાં અમદાવાદ શહેર પ્રદૂષણ મુક્ત બને અને પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થાય તે માટે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવ્યું છે? | (૩) એકશન પ્લાનમાં જણાવેલ સમયબધ્ધ કાર્યક્રમ મુજબ વિવિધ વિભાગ દ્વારા હવા પ્રદૂષણ નિયંત્રણ એકશન પ્લાન હાલ તેના અમલીકરણના વિવિધ તબકકમાં છે. જેમાં નકકી થયેલ લક્ષ્યાંકો સમય મર્યાદામાં સિધ્ધ થાય તે જોવા સરકાર કટિબધ્ધ છે. |

------

## નેશનલ સ્લમ ડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ નગરપાલિકાઓને આપવામાં આવતી ગ્રાન્ટ

૮૩૦૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) "નેશનલ સ્લમ ડેવલપમેન્ટ" પ્રોજેકટ હેઠળ ૧લી જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ કઈ કઈ નગરપાલિકાઓને ચાલુ વર્ષે ગ્રાન્ટ આપવામાં આવી, અને | (૧) નીચે મુજબની નગરપાલિકાને ચૂકવણી કરવામાં આવેલ છે. (૧) વડનગર (૨) સંતરામપુર (૩) વિજાપુર (૪) ચકલાસી (૫) વંથલી (૬) રાણાવાવ (૭) વ્યારા (૮) કુતિયાણા (૯) જાફરાબાદ (૧૦) પ્રાંતિજ (૧૧) ઘાટલોડિયા (૧૨) મહુવા (૧૩) માણસા (૧૪) જોધપુર (૧૫) ચલાલા અને (૧૬) ડાકોર. |
| (૨) ૧લી જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલી રકમોનું ખર્ચ કરવામાં આવ્યું ? | (૨) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

------

## ગીરના સિંહોને મધ્યપ્રદેશ ખાતે ખસેડવાની કાર્યવાહી

૮૨૬૬ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગીર અભ્યારણના સિંહોને મધ્ય પ્રદેશ ખાતે ખસેડવાની કાર્યવાહી થઈ રહી છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, અને | (૨) કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ગીરના સિંહોને મધ્યપ્રદેશ ખસેડવાના વિરોધમાં રાજય સરકારને કેટ કેટલી દરખાસ્તો તા.૩૧-૧-૦૫ સુધીમાં મળી ? | (૩) ૬ (છ) દરખાસ્તો મળેલ છે. |

------

## ભાવનગર શહેરની ટી. પી. સ્કીમોની મંજૂરી

૧૦૦૮૩ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૪ સુધીમાં ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ભાવનગર શહેરની કુલ કેટલી ટી.પી. સ્કીમ મંજૂરી માટે રાજય સરકાર પાસે રજૂ થયેલ છે. | (૧) સાત |
| (૨) તે પૈકી કેટલી ટી. પી. સ્કીમ મંજૂર કરી દેવામાં આવી, અને | (૨) સાત |
| (૩) બાકી રહેલ ટી. પી. સ્કીમ કેટલા સમયમાં મંજૂર કરાશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

## જિલ્લાની સરકારી હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ

૯૮૯૧ **શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં અગાઉ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં સલાહકાર સમિતિઓ રહેતી હતી તેના બદલે રોગી કલ્યાણ સમિતિ બનાવવાની વાત સાચી છે, | (૧) હા, જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો સમિતિનું ગઠન તેમજ દર્દીના હિતમાં ફાયદાની વિગતો શું છે ? | (૨) લોક ભાગીદારીથી કાર્યો હાથ ધરવા, સક્ષમ લોકો અને અન્ય વિવિધ સ્ત્રોતો ધ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત કરી તેને હોસ્પિટલના દર્દીઓને ઉત્તમ તબીબી સેવા પુરી પાડવા જિલ્લાના કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિમાં સરકારી, બિનસરકારી તમેજ સામાજીક કાર્યકરોનો સમાવેશ કરવામાં આવેલ છે. |

------

## લંભોથી પાંડરવાડા સુધીનો રસ્તો ઉબડ ખાબડ હોવા બાબત

૧૦૪૩૭ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજસ્થાન અને ગુજરાતને જોડતો રસ્તો ખાનપુર તાલુકામાં લંભો ગામથી પાંડરવાડા સુધીનો આ રસ્તો બિલકુલ બિસ્માર છે, તે વાત સાચી છે, | (૧) વાહન વ્યવહાર યોગ્ય છે. |
| (૨) રીકારપેટ અને મરામત કામ આ રસ્તા માટે ખૂબ જ જરૂરી છે તો આ માટે શું આયોજન છે, અને | (૨) હાલ આયોજન નથી. |
| (૩) ગત વર્ષમાં આ અંગે ખર્ચની જોગવાઈ થયેલ હોવા છતાં કયા કારણોસર આ રસ્તાનું રીકારપેટ/મરામત કામ થયેલ નથી ? | (૩) ખર્ચની કોઈ જોગવાઈ થયેલ નથી. |

------

## રાજયમાં પોલિયોની નાબુદી

૯૯૦૩ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં પોલીયો નાબુદીની દિશમાં કેવી અને કયા પ્રકારની કામગીરી હાલ કરવામાં આવી રહેલ છે, અને | (૧) નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.<br>(૧) રુટીન ઈમ્યુનાઈઝેશન : તમામ બાળકોને પોલિયોની રશી મળે તે માટે સરકારી કે અન્ય દવાખાનામાં દર સોમવારે અને માસ દરમ્યાન દરેક ગામોનો સમાવેશ થાય તેવી રીતે દર બુધવારે ફીલ્ડ કામગીરી કરી બાળકોને આવરી લેવામાં આવે છે.<br>(૨) ભારત સરકારશ્રીએ નિયત કરેલ "રાષ્ટ્રીય રસીકરણ દિન"ના રોજ તથા ત્યાર બાદના ૨-૩ દિવસોમાં ૦-૫ વર્ષના તમામ બાળકોને પોલિયોની રસી આપવામાં આવે છે.<br>(૩) ૫૮૩ સરકારી-બીન સરકારી દવાખાના/હોસ્પિટલ દ્વારા સર્વેક્ષણ કરી પોલિયો જેવા દેખાતા તમામ કેસોના મળનું અમદાવાદ સ્થિત લેબોરેટરીમાં પોલિયો અંગે ચોકકસ નિદાન કરવામાં આવે છે. |
| (૨) છેલ્લે પોલીયોનો કેસ રાજયમાં કયારે નોંધવામાં આવ્યો ? | (૨) પોલિયોનો છેલ્લો કેસ જાન્યુઆરી, ૨૦૦૩ના માસમાં નોંધાયેલ. |

------

## રાજયમાં ગાંડા બાવળ દૂર કરવા આયોજન

૧૦૦૬૩ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજયમાં ગાંડા બાવળનું પ્રમાણ વધ્યું છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ગાંડા બાવળને દૂર કરવા સરકારે | (૨) વન અને પર્યાવરણ વિભાગના તા.૧૩- |

| | |
|---|---|
| કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | ૧૨-૦૪ના ઠરાવથી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે તેનાથી આ પ્રશ્નનું મહદ્અંશે નિરાકરણ થઈ શકશે. |

------

**શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની આરોગ્ય ચકાસણી**

૯૯૧૨ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા (વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં તા.૩૧-૧-૦૫ ની સ્થિતિએ રાજયમાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ કેટલા બાળકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી, અને | (૧) ૮૫,૧૧,૯૫૬. |
| (૨) આ તપાસણી અનુસંધાને કયા પ્રકારની કાર્યવાહી થઈ ? | (૨) બાળકોની આરોગ્ય તપસાણી દરમ્યાન પ્રથમ સ્થળ સારવાર, સંદર્ભ સેવા અન્વયે જિલ્લાની સીવીલ હોસ્પિટલમાં સારવાર, ચશ્મા વિતરણ, ખાસ પ્રકારની આરોગ્ય સેવાની જરૂરીયાતવાળા બાળકોને હ્યદય, કિડની તથા કેન્સરની હોસ્પિટલોમાં તજજ્ઞો દ્વારા સંપૂર્ણ તપાસ કરવામાં આવી. |

------

**ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખોરાકના નમૂનાની તપાસ**

૯૯૦૮ **શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખોરાકના કેટલા નમૂના તપસાણી અર્થે લેવામાં આવ્યા, અને | (૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખોરાકના કુલ ૭૦૨૩ નમૂનાઓ તપસાણી અર્થે લેવામાં આવેલ છે. |
| (૨) લીધેલ નમૂના અંગે શું કાર્યવાહી હાથ ધરવામાં આવી ? | (૨) કુલ ૩૯૩ જેટલા ભેળસેળ/ખોટી છાપવાળા નમૂનાઓ માટે જવાબદાર સામે કેસ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી. |

------

**વલસાડ જિલ્લાના પારડી પરીયા અને ચીભડ કચ્છ રોડ રીકાર્પેટીંગ કરવા બાબત**

૧૦૦૫૭ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સેન્ટ્રલ રીઝર્વ ફંડ (સી.આર.એફ.) અન્વયે વલસાડ જિલ્લાનાં પારડી પરીયા અંબાચ, કરવડ, નાની તુબાડી, ચીભડ કચ્છ રોડ પચીસ કી.મી. લંબાઈ સાડા પાંચ મીટર પહોળાઈનું રીકાર્પેટીંગ સરકાર કરવા માગે છે કે કેમ, અને | (૧) અને (૨) સી.આર.એફ. હેઠળ આ કામ મંજુર કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો આ કામગીરી કયારે શરૂ કરવામાં આવશે ? | |

------

**જામનગરથી રાજકોટ હાઈવેનું કામ**

૯૮૭૦૭ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જામનગરથી રાજકોટ હાઈવેનું કામ કઈ તારીખે ફાળવવામાં આવેલ, | (૧) જામનગરથી રાજકોટ પૈકી રાજકોટથી ફલ્લા સુધીનું કામ તા.૧૭-૧૦-૨૦૦૦ના રોજ તથા ફલ્લાથી જામનગર અનુભાગનું કામ તા.૨૨-૧૦-૨૦૦૩ના રોજ. |

(૨) ટેન્ડરમાં કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા કેટલી હતી, અને
(૩) કામ ઝડપથી કરવા તથા ગુણવત્તા જાળવવા સરકાર કયા પગલાં લેવા માંગે છે ?

(૨) રાજકોટથી ફલ્લાના કામની ૩૦ માસ અને ફલ્લાથી જામનગર અનુભાગની ૨૮ માસ.
(૩) સમય મર્યાદામાં કામ થાય તે બાબતે સમયાંતરે મોનીટરીંગ કરવામાં આવે છે જયારે ગુણવત્તા બાબતે સુપરવીન કન્સલ્ટન્ટની નિમણૂંક કરેલ છે.

------

**વડોદરા જિલ્લાના પંચાયત હસ્તકના રસ્તાને રાજય હસ્તક લેવા**

૯૧૫૩ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર પંચાયત હસ્તકના રસ્તાઓને રાજય હસ્તક લેવાનું આયોજન છે કે કેમ,
(૨) જો હા, તો તે કયા કયા રસ્તાઓ છે, અને
(૩) તે રસ્તાઓને કયાં સુધીમાં રાજય હસ્તક લેવામાં આવશે ?

**જવાબ**

(૧) હાલ પંચાયત હસ્તકના ૧૪ રસ્તાઓને રાજય હસ્તક સોંપવા નિર્ણય થયેલ છે.
(૨) પત્રક મુજબ.
(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી.

**પત્રક**

**પંચાયત (મા.મ.) વિભાગ હસ્તકના રસ્તાઓ રાજય (મા.મ.) વિભાગને સોંપવાના કામોની વિગત**

| અ.નં. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | વડોદરા | તીછરોટ-શેરખી-ભીમપુરા-ચાણસદ-ઈટોલા-પોર રોડ |
| ૨ | વડોદરા | ગોત્રી સેવાસી મહાપુરા અમ્બાડ રોડ |
| ૩ | વડોદરા | ચાણસદ-ખાતીપુરા-મોરઢા રોડ |
| ૪ | પાદરા | મુજપુર મહુવડ રણુ સાધી સરસવણી કરજણ રોડ |
| ૫ | કરમગ | કરજણ વેપાર સાધણી રોગવા બરકાલ રોડ |
| ૬ | કરમગ | કરજણ ડાયવરઝન રોડ |
| ૭ | સાવલી | સાવલી સિહોરા ડેસર વરસંડા સુલતાનપુરા અંબાવ રોડ |
| ૮ | સંખેડા | બહાદરપુર-હરેશ્વર-ખેરવાડી રોડ |
| ૯ | સંખેડા | માલપુર ખુનવાડ ઈન્દ્રાલ રોડ |
| ૧૦ | સંખેડા | માટપુર-ચોરંગલા સરમી દેસણ રોડ |
| ૧૧ | પાવી જેતપુર | જેતપુર ચલામણી રોડ |
| ૧૨ | પાવી જેતપુર | સિહોદા-સિથોલ-લોઢણ-વજેરીયા હળવાંકી રોડ |
| ૧૩ | પાવી જેતપુર | મેસાવહી વારાવાડ અંબાડી રોડ |
| ૧૪ | શિનોર | આનંદી સતીશણા રોડ |

------

**ભૂકંપગ્રસ્ત શહેરોમાં પુનઃ વસાવટ માટે ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની દ્વારા થયેલ કામ**

૧૦૨૯૭ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજયના ભૂકંપગ્રસ્ત શહેરોમાં પુનઃ વસવાટ અંગે ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની દ્વારા કેટલી રકમના કામો હાથ ધરેલ છે,
(૨) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ આ કામો અંગે કેટલો ખર્ચ થયેલ છે, અને
(૩) આ તમામ કામો કયારે પૂર્ણ થવાના છે ?

**જવાબ**

(૧) રૂા.૪૧૯૦૦૨ કરોડ
(૨) રૂા.૨૧૦.૬૨ કરોડ
(૩) આ તમામ કામો જુન-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------

**અમદાવાદ-મહેસાણા ટોલરોડની બાજુમાં સર્વીસ રોડ ઉપર ટોલ ટેક્ષ ઉઘરાવવા બાબત**

૧૦૪૫૨ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદ-મહેસાણા ટોલ ટેક્ષ રોડની બાજુમાં આવેલ સર્વીસ ટેક્ષ ઉઘરાવવાની સરકારે પરવાનગી આપી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨) : કન્સેશન એગ્રીમેન્ટની જોગવાઈ અનુસાર સરકારે કન્સેશનરને આ રસ્તાના વપરાશકારો પાસેથી યુઝર ચાર્જ ઉઘરાવવાના હકકો આપેલ છે.

------

**રાજયમાં ટોલટેક્ષ વસુલ થયેલ રકમ**

૧૦૦૯૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજયમાં કચ્છ જિલ્લા સહીત કયા કયા રાજય ધોરીમાર્ગ પર ડિસે-૨૦૦૪ની સ્થિતિએ વાહનો પાસેથી ટોલ ટેક્ષ ઉઘરાવવામાં આવી રહયા છે,

**જવાબ**

(૧) માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રાજય ધોરીમાર્ગો ઉપર સામેલ પત્રક મુજબ અનુક્રમ ૧ થી ૫ માં ટોલ તથા ૬ થી ૮ યુઝર ચાર્જ લેવામાં આવે છે.

| **ક્રમ** | **રાજય ધોરમાર્ગ** |
|---|---|
| ૧ | મગદલ્લા ઈચ્છાપુર રસ્તા પર તાપી નદી ઉપરનો પુલ |
| ૨ | મોરબી બાયપાસ પરનો મચ્છુ નદી ઉપરનો પુલ |
| ૩ | ધાંગધ્રા બાયપાસ પરનો ફુલકુ નદી ઉપરનો પુલ |
| ૪ | વરસડા-ગલતેશ્વર રસ્તા પરનો મહી નદી ઉપરનો પુલ |
| ૫ | બગોદરા-વટામણ-તારાપુર-વાસદ રસ્તો |
| ૬ | અમદાવાદ-મહેસાણા રસ્તો |
| ૭ | વડોદરા-હાલોલ રસ્તો |
| ૮ | છાયાપુરી રેલ્વે ઓવરબ્રીજ |

(૨) આ ધોરીમાર્ગો પર વાહનો પાસે કુલ કેટલો ટોલ ટેક્ષ ઉઘરાવવાનો થાય છે,

(૨) દરેક કિસ્સામાં તેના કન્સેશન એગ્રીમેન્ટ તથા નોટીફીકેશન મુજબ.

(૩) તે પૈકી ડિસે-૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલો ટોલ ટેક્ષ ઉઘરાવવામાં આવ્યો, અને

(૩) ખાનગીકરણ ધોરણે જે પ્રોજેકટ થયો છે તેનો ટોલ ખાનગી રોકાણકારો દ્વારા નિયત કરેલ સમયમર્યાદામાં અને દરે ઉઘરાવવામાં આવે છે, તે સિવાય સંબંધિત ૪ પુલો ઉપર તથા ૧ રસ્તા પર રાજય સરકારે ઉઘરાવેલ ટોલની રકમ રૂ.૨૩૫૫.૬૦ લાખ છે.

(૪) જે ધોરીમાર્ગો પર ટોલ ટેક્ષની રકમ પૂરી વસુલ થઈ ગઈ છે તે ટોલ નાકા બંધ કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

(૪) ટોલની તથા કન્સેશન એગ્રીમેન્ટની જોગવાઈઓ અન્વયે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવે છે.

------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દવાઓનો અપુરતો સ્ટોક**

૮૬૪૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલને તા.૧.૧.૨૦૦૪ થી તા.૩૧.૧૨.૨૦૦૪ સુધીમાં જરૂરિયાત કરતાં ઓછી દવાઓ પૂરી પાડવામાં આવી હતી તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો વર્ષ દરમ્યાન પૂરી પાડેલ દવાઓનો સ્ટોક અપુરતો હોવાથી આ સ્ટોક વધારવા

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સરકારે શું આયોજન કર્યુ છે?

------

**આદિજાતિ વિકાસ માટે ખચ**

૧૦૦૬૮ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ (નસવાડી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકાર દ્વારા સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના નાણાકીય વર્ષમાં આદિજાતિ વિકાસ માટે અંદાજપત્રમાં વર્ષવાર કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી, અને

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ વિકાસ માટે સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના નાણાકીય વર્ષમાં વર્ષવાર જોગવાઇ નીચે મુજબ કરવામાં આવેલ હતી.

**(રૂા.કરોડમાં)**

| વર્ષ | મૂળ જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૭૭૯.૦૦ | ૭૦૬.૦૪ |
| ૨૦૦૩-૦૪ | ૮૦૫.૫૦ | ૮૧૫.૭૫ |

**પ્રશ્ન**

(૨) આ નાણાકીય જોગવાઇ સામે વર્ષવાર કેટલો ખર્ચ થયો છે?

**જવાબ**

(૨) સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ના વર્ષમાં નાણાકીય જોગવાઇ સામે વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

**(રૂા.કરોડમાં)**

| વર્ષ | સુધારેલ જોગવાઇ | સુધારેલ જોગવાઇ સામે થયેલ ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૭૦૬.૦૪ | ૫૬૯.૬૯ |
| ૨૦૦૩-૦૪ | ૮૧૫.૭૫ | ૭૫૩.૦૩ |

------

**વેરાવળ અને સુત્રાપાડા તાલુકામાં રસ્તાના કામના ટેન્ડરો**

૮૪૬૮ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં પંચાયત હસ્તકના વેરાવળ અને સુત્રાપાડા તાલુકામાં તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રસ્તાના કામના કેટલા ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા,

(૨) કેટલા કામના ટેન્ડરો બહાર પાડવાના બાકી છે, અને

(૩) તે કેટલા સમયમાં બહાર પાડવામાં આવશે?

**જવાબ**

(૧) માર્ગ અને મકાન વિભાગની યોજનામાં મંજુર થયેલ કામના કુલ-૧૨ કામોના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ.

(૨) - શૂન્ય -

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**આદિજાતિ વિભાગને ગ્રાન્ટની ફાળવણી**

૧૦૪૪૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિકાસ વિભાગને તા.૩૧.૧.૦૫ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વર્ષ પ્રમાણે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ (ખુદ) તથા પછાત વર્ગ કલ્યાણ સદરે અનુસૂચિત જનજાતિના વિકાસ માટે બીસીકે સેકટરમાં તા.૩૧.૧.૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટની ફાળવણી થયેલ છે.

**(રૂા.લાખમાં)**

| વર્ષ | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| સને ૨૦૦૩-૨૦૦૪ | ૨૧૫,૭૧.૫૧ |
| સને ૨૦૦૪-૨૦૦૫ | ૧૬૫,૫૬.૯૮ |

| (જાન્યુ-૦૫ અંતિત) | |
|---|---|

(૨) વર્ષ પ્રમાણે તા.૩૧.૧.૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલી ગ્રાન્ટ વપરાઇ અને કેટલી પરત ગઇ, અને

(૨) આદિજાતિ વિકાસ વિભાગને ફાળવેલ ગ્રાન્ટની સામે તા.૩૧.૧.૦૫ની સ્થિતિએ વપરાયેલ ગ્રાન્ટ નીચે મુજબ છે.

**(રૂા.લાખમાં)**

| વર્ષ | વપરાયેલ ગ્રાન્ટ | વણવપરાયેલ ગ્રાન્ટ |
|---|---|---|
| સને ૨૦૦૩-૦૪ | ૨૧૫,૩૩.૧૫ | ૩૮.૩૬ |
| સને ૨૦૦૪-૦૫ | ૧૪૩,૧૮.૨૬ | ૨૨૩૮.૭૨ |

(૩) ગ્રાન્ટ ન વપરાવાના કારણો શાં છે?

(૩) નીચેના પત્રકમાં સને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ સામે વપરાયેલ ગ્રાન્ટની વિગત જોતાં વણવપરાયેલ રકમ રૂા.૩૮.૩૬ લાખ રહેવા પામેલ છે. જે નહિવત છે. જયારે સને ૨૦૦૪-૨૦૦૫ નું નાણાકીય વર્ષ ચાલુ હોઇ ગ્રાન્ટ ન વપરાવાનો હાલમાં પ્રશ્ન રહેતો નથી.

(રૂા.લાખમાં)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | વપરાયેલ ગ્રાન્ટ | વણવપરાયેલ ગ્રાન્ટ | ગ્રાન્ટ વપરાશની ટકાવારી |
|---|---|---|---|---|
| સને ૨૦૦૩-૨૦૦૪ | ૨૧૫,૭૧.૫૧ | ૨૧૫,૩૩.૧૫ | ૩૮.૩૬ | ૯૯.૮૨ |
| સને ૨૦૦૪-૦૫ (જાન્યુ-૦૫ અંતિત) | ૧૬૫,૫૬.૯૮ | ૧૪૩,૧૮.૨૬ | ૨૨૩૮.૭૨ | - |

------

**ભાણવડ ખાતે મહેસૂલ ભવન બનાવવા અંગે**

૮૭૯૨ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ભાણવડ ખાતે મહેસુલ ભવન બનાવવા આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) આ ભવનના બાંધકામની કાર્યવાહી કયારે શરુ કરવામાં આવશે, અને | (૨) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ભવન સાથે મહેસૂલી કર્મચારીઓના કવાટર્સ બનાવવાનું આયોજન પણ હાથ ધરવામાં આવેલ છે કે કેમ? | (૩) ના, જી. |

------

**રાજ્યમાં હાઇવે પર જંકશનો વિકસાવવાની કામગીરી**

૧૦૦૬૦ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માર્ગ અને મકાન વિભાગે રાજ્યમાં હાઇવે પર જંકશનો વિકસાવવાની કામગીરી હાથ ધરેલ છે, તે વાત સાચી, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા અને કયા કયા જંકશનો વિકસાવ્યા? | (૨) ૨૭ જંકશનો (પત્રક મુજબ) |

**પત્રક**

**રાજ્યમાં હાઇવે પર વિકસાવેલ જંકશનો**

| ક્રમ | જિલ્લો | માર્ગનું નામ | જંકશનનું નામ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ એરપોર્ટ રોડ કિ.મી. ૦/૦ થી ૯/૨ | ઇન્દીરા બ્રીજ ૪/૫૫ |

| | | | |
|---|---|---|---|
| ૨ | અમદાવાદ | રા.ધો.મા.નં.૮-ક સરખેજ ગાંધીનગર રોડ | થલતેજ જંકશન કિ.મી.૩૬/૦ |
| ૩ | અમદાવાદ | રા.ધો.મા.નં.૮-એ | ધોળકા જંકશન કિ.મી.૧૦/૮૦ |
| ૪ | આણંદ | આણંદ-કરમસદ, સોજીત્રા-તારાપુર રોડ (રા.ધો.માર્ગ) | બોરસદ ચોકડી આણંદ નજીક |
| ૫ | આણંદ | વડતાલ ઝોલ બાકરોલ વિદ્યાનગર રોડ (રા.ધો.માર્ગ) | એસ.પી. યુનિવર્સીટી જંકશન |
| ૬ | મહેસાણા | મહેસાણા-પાલનપુર માર્ગ એસએચ-૪૧ | ઉઝા હાઇવે ચાર રસ્તા કિ.મી.૯૮/૫૧૬ કિ.મી. |
| ૭ | પાટણ | મહેસાણા-પાલનપુર માર્ગ એચએચ-૪૧ | તાવડીયા ચાર રસ્તા સિધ્ધપુર કિ.મી. ૧૧૨/૪૮ |
| ૮ | વડોદરા | ડભોઇ-બોડેલી-છોટાઉદેપુર રોડ | બોડેલી જંકશન |
| ૯ | નર્મદા | ધરમપુર-માંડવી-નેત્રંગ-રાજપીપળા-બોડેલી-હાલોલ-ગોધરા-શામળાજી રોડ | દેવલીયા ચોકડી |
| ૧૦ | નવસારી | સુરત સચીન નવસારી રોડ કિ.મી.૨૬/૨ થી ૩૨/૮ | મરોલી ચાર રસ્તા (કિ.મી.૨૩/૨) |
| ૧૧ | નવસારી | દાંડી મટવાડ નવસારી રોડ કિ.મી.૦/૦ થી ૧૬/૦ | એરૂ ચાર રસ્તા જંકશન (કિ.મી.૧૩/૬) |
| ૧૨ | વલસાડ | નાના પૌઢા જંકશન પુર્વીય રા.ધો.માર્ગ નં.૫ | નાના પૌઢા જંકશન |
| ૧૩ | રાજકોટ | જેતપુર-ધોરાજી રોડ (જેતપુર ગામ પાસે) | તીનબતી ચોક જંકશન |
| ૧૪ | રાજકોટ | જસદણ-આટકોટ-ગોંડલ રા.ધો.માર્ગ ૧ (જસદણ બાયપાસ) | જસદણ બાયપાસ આટકોટ છેડા તરફ |
| ૧૫ | રાજકોટ | રાજકોટ-ફલ્લા રોડ કિ.મી. ૩/૦ થી ૬૩/૪ કુલ ૬૩.૦૦ કિ.મી. | કિ.મી.૨૩.૦૦ આવેલ જંકશન |
| ૧૬ | રાજકોટ | રાજકોટ-ફલ્લા રોડ કિ.મી.૩/૦ થી ૬૩/૪ કુલ ૬૩.૦૦ કિ.મી. | કિ.મી.૨૭.૦૦ આવેલ પડધરી બાયપાસના જંકશન |
| ૧૭ | જામનગર | જામનગર-ખંભાલીયા દ્વારકા કાંઠાળા ધોરી માર્ગ નંબર-૬ નું સેકશન | સલાયા ચાર રસ્તા જંકશન કિ.મી.૧૪૭/૪ |
| ૧૮ | જામનગર | આમરણ જોડીયા કાંઠાળા રાજ્ય ધોરીમાર્ગ-૬ | ભાદર પાટીયા જંકશન (કિ.મી.૭૩/૦) |
| ૧૯ | અમરેલી | ધાવંડ લાઠી અમરેલી રોડ | લાઠી જંકશન |
| ૨૦ | ગાંધીનગર | રા.ધો.મા.નં.૮-ક સરખેજ ગાંધીનગર રોડ | ચ-૦ ઇન્દોડા સર્કલ કિ.મી.૧૩/૪૦૦ |
| ૨૧ | ગાંધીનગર | ચ રોડ | ચ-૨ |
| ૨૨ | ગાંધીનગર | ચ રોડ | ચ-૫ |
| ૨૩ | ગાંધીનગર | સરખેજ-ગાંધીનગર (એન.એચ.) | સરખેજ જંકશન |
| ૨૪ | ગાંધીનગર | સરખેજ-ગાંધીનગર (એન.એચ.) | સરકીટ હાઉસ જંકશન |
| ૨૫ | ગાંધીનગર | ઘ-૩ | ઘ-૩ જંકશન |
| ૨૬ | ગાંધીનગર | ઘ-૭ | ઘ-૭ જંકશન |
| ૨૭ | ગાંધીનગર | અમદાવાદ-ગાંધીનગર | કોબા જંકશન |

------

**રાજકોટની પંડિત દીન દયાલ ઉપાધ્યાય હોસ્પિટલમાં કાર્ડીયોલોજીક સર્જરી વિભાગ શરૂ કરવા બાબત**

૯૮૮૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંડીત દીન દયાલ ઉપાધ્યાય હોસ્પિટલ રાજકોટ ખાતે સરકાર કાર્ડીયોલોજીક સર્જરી વિભાગ શરૂ કરવા માંગે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કયારે અને જો ના, તો તેના | (૨) વિભાગ શરૂ કરવા તેનાં તજજ્ઞોની |

| | |
|---|---|
| કારણો શાં છે? | જરૂરીયાત રહે છે જે સરળતાથી ઉપલબ્ધ બનતા નથી. તેમજ મોટા સુપર સ્પેશ્યાલીસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર અને ઇનવેસ્ટમેન્ટની જરૂરીયાત રહે છે. |

------

**શિહોર તાલુકાના સણોસરા ધોળા રસ્તા ઉપર ખૂટતા નાળાં બનાવવા બાબત**

૧૦૪૪૫ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શિહોર તાલુકાના સણોસરા ધોળા રસ્તા ઉપર ખૂટતા નાળા બનાવવા માટે કયા વર્ષના બજેટમાં સમાવેશ કરેલ છે,<br>(૨) આજ સુધી આ કામ શરુ નહી થવાના શાં કારણો છે, અને<br>(૩) રસ્તા ઉપર ખૂટતા નાળાનું કામ કેટલા સમયમાં શરુ કરવામાં આવશે? | (૧), (૨) અને (૩) : સણોસરા-ધોળા રસ્તા ઉપર ખૂટતા નાળા બનાવવા બજેટમાં સમાવેશ થયેલ નથી. |

------

**સોનગઢથી મલંગદેવ ઓટા જતો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૦૪૪૨ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોનગઢથી મલંગદેવ ઓટા જતો રસ્તો હાલમાં બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે,<br>(૨) જો હા, તો આ રસ્તો બનાવવા માટે સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને<br>(૩) આ રસ્તાનું કામ સરકાર કેટલા સમયમાં શરુ કરવા માંગે છે? | (૧), (૨) અને (૩) : રસ્તો વાહનવ્યવહાર લાયક હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**જામનગર જિલ્લામાં તાલુકાવાર પાકા ડામરના રોડ**

૧૦૦૪૫ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસે-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને પાકા ડામર રોડથી જોડવામાં આવ્યા, | (૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ તાલુકાવાર ગામોને પ્રથમ વખત ડામર રોડથી જોડવામાં આવેલ છે. |

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧. | લાલપુર | ૩ |
| ૨. | જોડીયા | ૧ |
| ૩. | જામજોધપુર | ૩ |
| ૪. | ભાણવડ | ૧ |
| ૫. | ખંભાળીયા | ૬ |
| ૬. | ઓખામંડળ | ૧ |
| | કુલ : | ૧૫ |

| | |
|---|---|
| (૨) કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને | (૨) આ કામગીરી પાછળ કુલ રૂ.૪૧૪.૧૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) બાકીના ગામોની કામગીરી કયારે પૂર્ણ થશે? | (૩) મંજુર થયેલ ૪૮ ગામોને ડામરના રસ્તા કામો તબક્કાવાર કામગીરી હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

------

## બનાસકાંઠા જિલ્લામાં વનીકરણ પાછળ થયેલો ખર્ચ

૧૦૦૫૧ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૦૪ના વર્ષમાં વનીકરણ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉપરોકત સમયગાળામાં કેટલા રોપાઓ રોપવામાં આવ્યા અને તેમાંથી કેટલા રોપા હયાત છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ૨૦૦૨-૦૩માં રૂા.૨૪૨.૧૬ લાખ અને સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં રૂા.૩૮૧.૮૭ લાખ વનીકરણ પાછળ ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત સમયગાળા દરમ્યાન વાવેલા રોપા અને હયાત રોપા નીચે મુજબ છે.

| વર્ષ | વાવેલા રોપા (લાખમાં) | હયાત રોપા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૨૯.૭૪ | ૧૬.૮૪ |
| ૨૦૦૩-૦૪ | ૩૬.૮૬ | ૨૫.૩૬ |

------

## મહેસાણા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબીની ખાલી જગ્યાઓ

૧૦૦૭૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મહેકમ પ્રમાણે કુલ કેટલી ડોકટરની જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ભરવા માટે સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) ૫ (પાંચ)

(૨) - નિયમિત નિમણૂંકથી જગ્યાઓ ભરવા માટે જાહેર સેવા આયોગને માંગણી પત્રક મોકલેલ છે.
- વોક-ઇન-ઇન્ટરવ્યુથી તેમજ બોન્ડ અન્વયે ઉપલબ્ધ ઉમેદવારોથી પણ જગ્યા ભરવામાં આવે છે.

------

## મેઘરજ તાલુકાના હિંમતપુરા થી નારણપુરા કુલ્લા રોડનું કામ શરૂ ન થવા બાબત

૧૦૪૧૮ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ)માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) મેઘરજ તાલુકાના હિંમતપુર થી નારણપુર વાયા કુલ્લા રોડ, વર્ષ ૨૦૦૧ માં મંજુર થયેલ હોવા છતાં આજ દિન સુધી શરુ થયેલ નથી તો તેના કયા કારણો છે, અને

(૨) આ રોડનું કામ કયારે શરુ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : હિંમતપુર ગોઢ કુલ્લા સુધીના રસ્તાનું કામ ૨૦૦૩-૦૪ના વર્ષમાં મંજુર થયેલ અને ડામર કામ પૂર્ણ થયેલ છે. જયારે ગોઢ-કુલ્લા થી નારણપુર હયાત ડામર રસ્તાને રીસરફેસીંગનું કામ મંજુર થયેલ નથી.

------

## ડીસા તાલુકામાં આયુર્વેદીક દવાખાના

૧૦૪૨૨ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડીસા તાલુકામાં આયુર્વેદીક દવાખાનાઓ તા.૩૧.૧.૦૫ની સ્થિતિએ કેટલા છે, તે અન્વયે કેટલા દવાખાનાઓ કાર્યરત છે, અને

(૨) કેટલા દવાખાનાઓમાં ડોકટરો કેટલા સમયથી નથી?

**જવાબ**

(૧) બે, આયુર્વેદ દવાખાના, બંને કાર્યરત છે.

(૨) એક તા.૧.૫.૨૦૦૧ થી.

------

## અમદાવાદ શહેરની વનીકરણ યોજના અન્વયે થયેલ વૃક્ષારોપણ

૮૧૭૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી વનીકરણ યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૧૨.૦૪ ની સ્થિતિએ કુલ કેટલા વૃક્ષારોપણ થયા, તે પૈકી સરકારી પડતર ખુલ્લી જગ્યાઓનું સર્વેક્ષણ કરાવી વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું કે કેમ, અને | (૧) શહેરી વનીકરણ યોજના જેવી કોઇ યોજના વન વિભાગ પાસે અમલમાં નથી. |
| (૨) વર્ષ ૨૦૦૫ માટે શું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

## ગાંધીનગર અને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સીટીસ્કેન અને સોનોગ્રાફી મશીન બંધ હોવા બાબત

૮૫૩૮ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર તથા અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તા.૩૧.૧૨.૦૪ની સ્થિતિએ સીટીસ્કેન, સોનોગ્રાફી મશીન તા.૧.૪.૦૪ થી તા.૩૧.૧૨.૦૪ સુધીમાં કેટલો વખત બંધ પડેલા હતા,

**જવાબ**

(૧) તા.૧.૪.૦૪ થી તા.૩૧.૧૨.૦૪ દરમ્યાન બંધ પડેલ મશીન.

| | | **સિવિલ હોસ્પિટલ ગાંધીનગર** | **સિવિલ હોસ્પિટલ અમદાવાદ** |
|---|---|---|---|
| ૧ | સીટીસ્કેન મશીન | મશીન ઇન્સ્ટોલ થયેલ નથી. | બે વખત |
| ૨ | સોનોગ્રાફી મશીન | બંધ પડેલ નથી. | બંધ પડેલ નથી. |

**પ્રશ્ન** (૨) આ મશીનોના અભાવે ગાંધીનગરથી કેટલા કેસો અમદાવાદ ટ્રાન્સફર થયા, અને

**જવાબ** (૨) ૧. સિવિલ હોસ્પિટલ ગાંધીનગરથી સીટીસ્કેનના ૨૫૩ કેસો.

૨. સોનોગ્રાફી માટે કોઇ દર્દીને અમદાવાદ ટ્રાન્સફર કરેલ નથી.

**પ્રશ્ન** (૩) આવા ટ્રાન્સફર થયેલ કેસોમાં અમદાવાદમાં પણ મશીનો ચાલુ હાલતમાં ન હોવાથી કેટલા દર્દીઓને હાલાકી અનુભવવી પડી છે?

**જવાબ** (૩) ટ્રાન્સફર થયેલ કેસો દરમ્યાન સીટીસ્કેન મશીન બંધ હોય તેવું બનેલ નથી.

સંજોગો-વસાત મશીન બંધ હોય ત્યારે કેમ્પસમાં આવેલ કેન્સર હોસ્પિટલમાં બીજુ મશીન છે, તેથી દર્દીઓને હાલાકી પડતી નથી.

------

## તબીબી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સાથે ચારિત્ર્ય ઘડતર

૯૯૨૫ **શ્રી સી. ડી. પટેલ (પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તબીબી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સાથે ચારિત્ર્ય ઘડતર અંગે કોઇ પગલાં લીધેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) દરેક કોલેજોમાં વિવિધ કાર્યક્રમો કરવા સૂચનાઓ કરેલ છે. |

------

## સુરત જિલ્લામાં વૃક્ષો ઉછેરવા બાબત

૧૦૦૫૫ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ ના વર્ષમાં વન ખાતા તરફથી નોર્મલ વિસ્તરણ તથા ટ્રાયબલ ફંડ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી મળેલ ગ્રાન્ટોમાં કેટલા વૃક્ષોનું ઉછેર કરવામાં આવેલ છે, | (૧) ૪૭.૦૪ લાખ વૃક્ષોનો ઉછેર કરવામાં આવેલ છે. |

(૨) વૃક્ષો ઉછેર પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને
(૩) વૃક્ષો ઉછેર પૈકી આયુર્વેદિક વૃક્ષો કેટલા હતા?

(૨) વૃક્ષો ઉછેર પાછળ રૂા.૩૪૯.૬૯ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.
(૩) ઉછેરેલ વૃક્ષો પૈકી ૪.૭૧ લાખ આયુર્વેદિક વૃક્ષો હતા.

------

## વાવ અને થરાદ તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૯૮૮૪ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ વાવ અને થરાદ તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ છે,

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજુર જગ્યાઓ.

| તાલુકાનું નામ | સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| વાવ | વર્ગ-૧ | ૦ | ૦ |
| | વર્ગ-૨ | ૩ | ૬ |
| | વર્ગ-૩ | ૧૩ | ૨૪ |
| | વર્ગ-૪ | ૧૦ | ૨૪ |
| થરાદ | વર્ગ-૧ | ૧ | ૦ |
| | વર્ગ-૨ | ૪ | ૬ |
| | વર્ગ-૩ | ૧૮ | ૨૪ |
| | વર્ગ-૪ | ૨૨ | ૨૪ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓ.

| તાલુકાનું નામ | સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| વાવ | વર્ગ-૧ | ૦ | ૦ |
| | વર્ગ-૨ | ૧ | ૦ |
| | વર્ગ-૩ | ૭ | ૧૨ |
| | વર્ગ-૪ | ૩ | ૧૬ |
| થરાદ | વર્ગ-૧ | ૦ | ૦ |
| | વર્ગ-૨ | ૦ | ૦ |
| | વર્ગ-૩ | ૮ | ૧૨ |
| | વર્ગ-૪ | ૫ | ૧૪ |

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

------

## સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં દવાઓનો અપૂરતો સ્ટોક

૧૦૦૮૭ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા દ ણા સમયથી દવાઓનો અપૂરતો સ્ટોક છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને
(૨) જો હા, તો આ દવાઓનો પુરતો સ્ટોક ફાળવવા સરકારે શી વ્યવસ્થા કરી?

**જવાબ**

(૧) ના, જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**પંચમહાલ જિલ્લાની ગ્રામ પંચાયતોને નગર પંચાયતમાં રૂપાંતર કરવાની માગણીઓ**

૧૦૮૯૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧.૧.૨૦૦૫ના રોજની સ્થિતિએ પંચમહાલ જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતોને નગર પંચાયતમાં રૂપાંતર કરવાની માગણીઓ આવી છે, અને | (૧) એક |
| (૨) તે પૈકી શહેરા ગ્રામ પંચાયતને નગર પંચાયતમાં રૂપાંતર કયારે કરવામાં આવશે? | (૨) દરખાસ્ત પરત્વે કાયદાકીય ચકાસણી કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. |

------

**અમદાવાદ શહેરને મેગાસીટી જાહેર કરવા કેન્દ્ર સરકારને રજુઆત**

૮૯૦૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે અમદાવાદ શહેરને મેગાસીટી જાહેર કરવા કેન્દ્ર સરકારને કયારે કયારે રજુઆત કરી છે, અને | (૧) તા.૮.૯.૧૯૯૫, ૨૦.૧.૧૯૯૬, ૨૭.૨.૧૯૯૭, ૧૨.૭.૧૯૯૯, ૧૦.૫.૨૦૦૨ તથા તા.૧૫.૬.૨૦૦૨નાં પત્રોથી દરખાસ્તો મોકલવામાં આવી હતી. |
| (૨) આ અંગે કેન્દ્ર સરકારે શું પ્રતિભાવ આપ્યો છે? | (૨) કેન્દ્ર સરકારનાં તા.૬.૧૦.૧૯૯૫, તા.૧૩.૨.૧૯૯૬ તથા તા.૧૭.૮.૧૯૯૯નાં પત્રોથી અમદાવાદ શહેરની વસ્તી ૧૯૯૧ની વસ્તી ગણતરી અનુસાર ૪૦ લાખથી ઓછી હોઇ દરખાસ્તનો અસ્વીકાર કર્યાની જાણ કરવામાં આવી છે. ત્યારબાદ તા.૧૦.૫.૨૦૦૨ અને તા.૧૫.૬.૨૦૦૨નાં પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તોનો કેન્દ્ર સરકાર તરફથી કોઇ પ્રતિભાવ મળેલ નથી. |

------

**વ્યારાથી ખડકા ચીખલી ધમોડી રસ્તો બિસ્માર હાલતમાં**

૯૮૭૨ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વ્યારાથી ખડકા-ચીખલી થઇને ધમોડી જતો રસ્તો બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રસ્તો સ્પેશિયલ રીપેર (એસ.આર.) કરવા માટેનું સરકારનું શું આયોજન છે, અને | (૨) અને (૩) : હાલમાં આયોજન નથી. |
| (૩) આ રસ્તાની કામગીરી કયારે શરુ કરીને સરકાર કેટલા સમયમાં પુરું કરવા માંગે છે? | |

------

**રાજયમાં આયુર્વેદ દવાખાના બંધ થવા બાબત**

૮૫૦૬ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાણાંકીય વર્ષ-૨૦૦૪-૦૫માં તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા આયુર્વેદ દવાખાનાઓ બંધ કરવામાં આવ્યા છે, દવાખાનાઓ બંધ કરવાના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) નીચે મુજબના ૨૭૧ આયુર્વેદીક દવાખાનાઓ બંધ કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | જગ્યા | ક્રમ | જીલ્લો | જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૭ | ૧૦ | અમરેલી | ૩૬ |
| ૨. | આણંદ | ૧ | ૧૧. | બનાસકાંઠા | ૧ |
| ૩. | ગાંધીનગર | ૪ | ૧૨. | ભાવનગર | ૪૭ |
| ૪. | જુનાગઢ | ૨૪ | ૧૩. | જામનગર | ૪૧ |
| ૫ | ખેડા | ૧ | ૧૪. | કચ્છ | ૩ |
| ૬. | પોરબંદર | ૧૦ | ૧૫. | મહેસાણા | ૪ |
| ૭. | સાબરકાંઠા | ૩ | ૧૬. | પાટણ | ૩ |
| ૮. | સુરેન્દ્રનગર | ૩૭ | ૧૭. | રાજકોટ | ૩૯ |
| ૯. | વલસાડ | ૨ | ૧૮. | સુરત | ૫ |
| | | | ૧૯. | વડોદરા | ૩ |

| | કુલ : | | ૨૭૧ |
|---|---|---|---|

જિલ્લા પંચાયતો હસ્તકના આયુર્વેદ વર્ગ-૩ના આયુર્વેદ દવાખાનાના તબીબી અધિકારીની જગ્યાઓ તબીબી અધિકારી વર્ગ-૨ માં બઢતી આપવામાં આવે તેમ તેમ તબીબી અધિકારી વર્ગ-૩ ની જગ્યાઓ રદ કરવાની કાર્યવાહી સરકારશ્રી પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૧૯-૧-૨૦૦૪ ના પત્ર ક્રમાંકઃ મકમ-૧૦૨૦૦૩-૪૧૯૩-ખ દ્વારા તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને આપવામાં આવેલ સુચના અન્વયે સદર દવાખાના બંધ કરવામાં આવેલ છે.

(૨) સરકાર આ દવાખાનાઓને પુનઃ કયાં સુધીમાં ચાલુ કરશે ?

(૨) શકય તેટલા વહેલા.

--------

**વિકટોરીયા પાર્ક કાળવીબીડ વચ્ચેનો રસ્તો વન વિભાગના હસ્તક લેવા બાબત**

૯૮૭૯ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર ખાતે આવેલ વિકટોરીયા પાર્ક અને કાળવીબીડ વચ્ચેનો રસ્તો વન વિભાગે કયારે પોતાના હસ્તક લીધો, | (૧) વન વિભાગ ભાવનગરને ૧૯૬૧માં હસ્તાંતરીત થયેલ જમીનમાં હાલ વિકટોરીયા પાર્ક અને કાળવીબીડ વચ્ચે એક કાચો ધુળીયો રસ્તો પસાર થાય છે. ઉપરોકત જમીનનો વિવાદ હાલ નામ. કોર્ટ ભાવનગર ખાતે પડતર છે. |
| (૨) ત્યારબાદ આ રસ્તાને કેટલી વખત રીકાર્પેટ કરવામાં આવ્યો, અને | (૨) સદર રસ્તો કાચો ધુળીયો છે. |
| (૩) સને ૨૦૦૫-૨૦૦૬માં આ રસ્તાને રીકાર્પેટ કરવાનું આયોજન શું? | (૩) હાલ કોઈ આયોજન નથી. |

--------

**નવસારી જિલ્લામાં તાલુકાવાર આયુર્વેદીક દવાખાના તથા ડૉકટરોની ઘટ**

૧૦૪૫૦ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા આયુર્વેદ દવાખાનાઓ તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કાર્યરત છે, | (૧) ૧૬ (સોળ)<br>નવસારી જિલ્લામાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કાર્યરત આયુર્વેદ દવાખાનાઓની સ્થિતિ નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકો | તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કાર્યરત દવાખાનાની સ્થિતિ. |
|---|---|---|
| ૧. | નવસારી | ૩ |
| ૨. | જલાલપોર | ૨ |
| ૩. | ગણદેવી | ૨ |
| ૪. | ચીખલી | ૬ |
| ૫. | વાંસદા | ૩ |

| | |
|---|---|
| (૨) આ દવાખાનામાં કેટલા ડૉકટરોની ઘટ કેટલા સમયથી છે, અને | (૨) દવાખાનાઓમાં ૧૦ ડૉકટરોની ઘટ છે.<br>૧ એક ડૉકટરની ઘટ તા. ૧-૬-૯૨<br>૧ એક ડૉકટરની ઘટ તા. ૬-૧-૯૭<br>૧ એક ડૉકટરની ઘટ તા. ૧-૧૧-૯૭<br>૧ એક ડૉકટરની ઘટ તા. ૧-૬-૯૯<br>૧ એક ડૉકટરની ઘટ તા. ૨૭-૩-૨૦૦૦<br>૧ એક ડૉકટરની ઘટ તા. ૧-૬-૨૦૦૧<br>૧ એક ડૉકટરની ઘટ તા. ૧૭-૭-૨૦૦૧<br>૧ એક ડૉકટરની ઘટ તા. ૧-૧૧-૨૦૦૧ |
| (૩) આ ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધા? | (૩) આ ઘટ પૂરી કરવા આયોજન મુજબ જગ્યાઓ ભરવામાં આવશે. |

------

**મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યોના સરકારી બંગલાઓનું વીજબીલ**

૯૧૫૭ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના મુખ્યમંત્રી તથા મંત્રી મંડળના સભ્યોને ગાંધીનગરમાં ફાળવેલ સરકારી બંગલાઓમાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫માં ડીસે. ૦૪ સુધીમાં વ્યક્તિગત વિજબીલોની કેટલી રકમ ભરપાઈ કરવામાં આવી, અને | (૧) રાજ્યના મુખ્યમંત્રી તથા મંત્રી મંડળના સભ્યોને ગાંધીનગરમાં ફાળવેલ સરકારી બંગલાઓમાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં લાઈટબીલ પેટે વ્યક્તિગત મંત્રી દીઠ સરેરાશ વાર્ષિક ૯૬૨૪૮/- તથા નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં ડીસેમ્બર-૨૦૦૪ સુધીમાં મંત્રી દીઠ સરેરાશ ૭૯૩૨૬/-ની રકમ ભરપાઈ કરેલ છે. |
| (૨) મંત્રીશ્રીઓના બંગલામાં વીજ કરકસર કરવા સરકારે શાં પગલાંઓ લીધા? | (૨) વીજળીથી ચાલતા ઉપકરણોનો જરૂરીયાત પૂરતો જ વપરાશ થાય તેની કાળજી લઈને વીજબીલમાં કરકસર કરવા જણાવેલ છે. |

------

**રાજ્યમાં વન ઔષધિ ઉદ્યાનો**

૯૮૯૭ **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કેટલા વન ઔષધિ ઉદ્યાનો આવેલા છે, | (૧) રાજ્યમાં હાલ ૧૩ વન ઔષધિ ઉદ્યાનો આવેલા છે, જે પૈકી વનખાતા હસ્તક ૪ અને નિયામકશ્રી ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, ગુ.રા., ગાંધીનગર હસ્તક ૯ વન ઔષધિ ઉદ્યાનો આવેલા છે. |
| (૨) તેના વિકાસ માટે સરકારે કોઈ વિચારણા કરેલ છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શું છે? | (૩) વન ઔષધિ ઉદ્યાનોના નિભાવ, જાળવણી અને વિકાસની કામગીરી કરવામાં આવે છે. |

------

**ચોટીલા તાલુકામાં ૫૦૦થી વધુ વસ્તીવાળા ગામોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

૮૮૩૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ચોટીલા-સાયલા તાલુકાના ૫૦૦થી વધુ વસ્તીવાળા ગામો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં ન જોડાયેલ હોય તેવા કેટલા ગામો છે, | (૧) ૧ ગામ મેટલ/ડામર સપાટીના રસ્તાથી જોડાયેલ નથી. |

(૨) આ ગામોને આ યોજનાથી જોડવાનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે,

(૨) કામ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં મંજુર થયેલ ન હોઈ હાલ પૂર્ણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં “કોરનેટ” વર્કમાં કેટલા ગામો રહી જવા પામેલ છે, અને

(૪) આ ગામોનો સમાવેશ ક્યારે કરવામાં આવશે?

(૩) અને (૪) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનાં ધારા ધોરણ મુજબ ૫૦૦થી વધુ વસ્તી ધરાવતાં તમામ ગામોને કોરનેટ વર્કમાં સમાવેશ કરેલ છે.

-------

**ભૂજ-કચ્છની સિવિલ હોસ્પિટલના નવા મકાનની કામગીરી થવા બાબત**

૧૦૨૯૩ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂજ-કચ્છની સિવિલ હોસ્પિટલ ભૂકંપમાં ધ્વંસ થયા બાદ નવા મકાન બનાવવાની કામગીરી તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) હોસ્પિટલ કાર્યરત છે. |
| (૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરી હોસ્પિટલ ચાલુ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના પંચાયત હસ્તકના રસ્તાના કામ ન થવા બાબત**

૧૦૩૧૫ **શ્રી છત્રસિંહ પૂં. મોરી (જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના પંચાયત હસ્તકના કયા કયા રસ્તાને જોબ નંબર મળેલ અને એજન્સી ફિક્સ થવા છતાં રસ્તાના કામ શરૂ ન કરવાના કારણો શું છે? | ખાસ મરામત/બજેટ ઉચ્ચક જોગવાઈના જોબ નંબર આપેલ અને ઈજારો નક્કી થયેલ હોઈ કામ શરૂ કરવાનું બાકી નથી. |

------

**દેવગઢબારિયાની સિવિલ હોસ્પિટલમાં ગાયનેકની જગ્યા ભરવા બાબત**

૧૦૪૦૭ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) :માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| દાહોદ જિલ્લાના દેવગઢબારિયા સિવિલ હોસ્પિટલમાં ત્રણ તાલુકાના દર્દીઓ સારવાર લે છે. આ હોસ્પિટલમાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી ગાયનેક ડૉકટરની નિમણૂંક કરવામાં આવેલ નથી તો તેની નિમણૂંક ક્યારે કરવામાં આવશે? | લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ત્વરિત નિમણૂંક કરવામાં આવશે. |

------

**અમરેલી, જૂનાગઢ, જામનગર અને રાજકોટ જિલ્લામાં વન્યપ્રાણીઓ દ્વારા ખેતીના પાકને નુકસાન**

૧૦૩૦૬ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી, જુનાગઢ, જામનગર અને રાજકોટ જિલ્લામાં વન્ય પ્રાણીઓ ખેતરના પાકને નુકસાન કરે છે તેની કેટલી કેટલી ફરીયાદો મળી, અને | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલીમાં ૮૧, જુનાગઢ-૧૬૬,જામનગર-૯૧ અને રાજકોટમાં-૧૯૭ ફરીયાદો મળેલ છે. |

| | |
|---|---|
| (૨) આ નુકશાન થતું અટકાવવા સરકારે શાં પગલાં ભર્યા? | (૨) નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.<br>(અ) સરકારશ્રીના ધારા ધોરણ મુજબ !! વન્ય પ્રાણીઓ દ્વારા માનવ સંપત્તિ તથા માનવ જાતને થતા નુકશાન અટકાવવાની યોજના !! અન્વયે વન ખાતા તરફથી કાંટાળા તારની વાડ બાંધી આપવાની યોજના અમલમાં છે. જે યોજનામાં ખેડૂત લાભાર્થીઓની ખેતીની જમીન ઉપર કાંટાળા લોખંડના તારની વાડ બનાવી આપવામાં આવે છે. કાંટાળી તારની વાડ બનાવવા માટે જે ખર્ચ થાય છે તેના અંદાજીત ખર્ચના ૫૦% રકમ લાભાર્થી દ્વારા ભરવાથી વિભાગ દ્વારા કાંટાળા તારની વાડ બનાવવામાં આવે છે.<br>(બ) વન વિભાગના કર્મચારીઓ દ્વારા જંગલી જાનવરોને હાંકીને ભગાડી મૂકવાની કાર્યવાહી કરવામાં આવે છે.<br>(ક) લોકોને વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન માટે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા, ૧૯૭૨ની વધુ જાણકારી મળે તેવી કામગીરી કરવામાં આવે છે. |

------

## જામજોધપુર મ્યુનિસિપલ બરોને વાજપાઇ નગર વિકાસ યોજનાની બીજા તબક્કાની રકમ

૧૦૪૩૫ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામજોધપુર મ્યુનિસિપલ બરોને વાજપાઇ નગર વિકાસ યોજનાની બીજા તબક્કાની રકમ અને અન્ય સ્કીમ હેઠળ રકમ ચૂકવવાની બાકી છે તે વાત ખરી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેના શું કારણો છે, અને | (૨) પ્રથમ ચરણનાં કામોની પૂર્તતા બાદ બીજા તબક્કાનું આયોજન હાથ ધરવાનાં કારણે. |
| (૩) કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ? | (૩) યોગ્ય નાણાંકીય આયોજન થયે. |

------

## પાટણ-ખેરાલુ ધોરી માર્ગને ચાર માર્ગીય કરવા બાબત

૮૩૦૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શું રાજ્ય સરકાર પાટણ-ખેરાલુ ધોરી માર્ગને ચાર માર્ગીય રસ્તો બનાવવા માંગે છે કે કેમ, | (૧) પાટણ-ખેરાલુ રસ્તાને ચાર માર્ગીય બનાવવાનું હાલમાં કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો ક્યારથી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ યોજના અંગેનું ખર્ચ અને આયોજન શું છે? | |

------

**જૂનાગઢ જિલ્લામાં વન વિભાગ દવારા સામાજીક વનીકરણ યોજના નીચે રોપાઓનું વાવેતર**

૮૨૮૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧.૧૨.૨૦૦૪ની સ્થિતિએ વન વિભાગ દવારા સામાજીક વનીકરણ યોજના અન્વયે ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી કેટલા રોપાઓ ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ જીવંત છે ?

**જવાબ**

(૧) સામાજીક વનીકરણ યોજના અન્વયે જુનાગઢ જિલ્લામાં સને ૨૦૦૩-૦૪માં ૪,૭૦,૭૭૫ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૩,૪૦,૮૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. તાલુકાવાર માહિતી સામેલ પત્રક મુજબ છે.

(૨) ઉપર વિગત પૈકી સને ૨૦૦૩-૦૪ ના વર્ષમાં ૨,૩૩,૬૯૩ અને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૨,૬૭,૭૪૦ રોપાઓ જીવંત છે. તાલુકાવાર માહિતી સામેલ પત્રક મુજબ છે.

**પત્રક**

**જૂનાગઢ જિલ્લામાં વન વિભાગ દવારા સામાજીક વનીકરણ યોજના નીચે વાવેતર કરેલ રોપાઓ અને તે પૈકી જીવંત રોપાઓની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક**

| | | **સને ૨૦૦૩-૦૪** | | **સને ૨૦૦૪-૦૫** | |
|---|---|---|---|---|---|
| અ. નં. | તાલુકાનું નામ | રોપેલ રોપા | જીવંત રોપા | રોપેલ રોપા | જીવંત રોપા |
| ૧. | ભેંસાણ | ૩૭૦૨૫ | ૧૬૫૦૮ | ૨૧૯૦૦ | ૧૮૬૨૮ |
| ૨. | જૂનાગઢ | ૩૭૮૨૫ | ૨૨૩૮૭ | ૩૨૨૦૦ | ૨૭૩૮૦ |
| ૩. | વંથલી | ૪૦૪૨૫ | ૧૮૩૧૯ | ૨૮૯૦૦ | ૨૦૫૧૯ |
| ૪. | માણાવદર | ૩૦૧૭૫ | ૧૦૫૦૫ | ૧૫૬૫૦ | ૯૨૫૨ |
| ૫. | માંગરોળ | ૩૧૫૨૫ | ૧૪૨૯૨ | ૨૫૩૦૦ | ૨૦૫૦૬ |
| ૬. | કેશોદ | ૩૪૮૨૫ | ૧૬૨૫૨ | ૨૭૨૭૫ | ૨૧૭૯૪ |
| ૭. | માણીયા | ૩૯૫૨૫ | ૧૮૮૮૦ | ૨૪૦૦૦ | ૧૮૦૫૮ |
| ૮. | વેરાવળ | ૩૪૪૨૫ | ૧૭૦૪૪ | ૨૫૩૦૦ | ૨૧૦૧૫ |
| ૯. | ઉના | ૪૦૭૨૫ | ૨૨૨૪૪ | ૩૨૧૦૦ | ૨૪૭૪૬ |
| ૧૦. | વિસાવદર | ૩૭૨૨૫ | ૨૩૨૩૩ | ૨૭૬૭૫ | ૨૩૮૫૭ |
| ૧૧. | તાલાલા | ૩૧૯૨૫ | ૧૨૫૩૮ | ૨૨૮૦૦ | ૧૮૪૯૫ |
| ૧૨. | મેંદરડા | ૪૦૨૨૫ | ૨૨૩૫૫ | ૨૬૯૦૦ | ૧૯૭૨૦ |
| ૧૩. | કોડીનાર | ૩૪૯૨૫ | ૧૯૧૩૬ | ૩૦૮૦૦ | ૨૩૭૭૦ |
| | **કુલ ...** | **૪,૭૦,૭૭૫** | **૨,૩૩,૬૯૩** | **૩,૪૦,૮૦૦** | **૨,૬૭,૭૪૦** |

------

**ભાવનગરની તખ્તસિંહજી હોસ્પિટલમાં બ્લડબેંક રાત્રે બંધ હોવા બાબત**

૧૦૦૮૪ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ભાવનગરની તખ્તસિંહજી હોસ્પિટલમાં આવેલ બ્લડ બેંક તા. ૩૧/૧/૦૫ના રોજની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાત્રીના સમયે કુલ કેટલા દિવસો બંધ રાખવામાં આવી, બંધ રાખવાના શું કારણો હતા, અને

(૨) રાત્રીના સમયે બ્લડબેંક બંધ ન રાખવી પડે તેવી કાયમી વ્યવસ્થા સરકાર કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) માહે ફેબ્રુઆરી-૨૦૦૩ થી નવેમ્બર-૨૦૦૩ દરમ્યાન ૨૪૦ દિવસ, લેબોરેટરી ટેકનીશીયનો ૧૧માસના કોન્ટ્રાકટના ધોરણે નિમાયેલ હોવાથી

(૨) સંસ્થાના અન્ય વિભાગોમાંથી સ્ટાફ મૂકી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

------

**રાજ્યમાં નવા શરૂ થયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

૯૮૯૨ **શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૨૨ (બાવીસ) |
| (૨) આ મંજૂર કરવામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પૈકી કેટલા કાર્યાન્વિત થયા ? | (૨) ૧૪ (ચૌદ) |

------

**તબીબી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સાથે ચારિત્ર ઘડતર**

૯૯૧૩ **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા (વડોદરા શહેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તબીબી અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સાથે ચારિત્ર ઘડતર અંગે કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) દરેક કોલેજોમાં વિવિધ કાર્યક્રમો કરવા સુચનાઓ કરેલ છે. |

------

**ધનવન્તરી આરોગ્ય સપ્તાહની ઉજવણી**

૯૯૦૯ **શ્રી બિમલ શાહ (કપડવંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ધનવન્તરી આરોગ્ય સપ્તાહની ઉજવણી કયારે કરવામાં આવી, અને | (૧) તા. ૪-૧૧-૨૦૦૪ થી તા. ૧૦-૧૧-૨૦૦૪ |
| (૨) આ ઉજવણી અન્વયે શાં કાર્યક્રમો કરવામાં આવ્યા ? | (૨) -આયુર્વેદ સારવાર નિદાન કેમ્પો<br>-ઔષધિય વનસ્પતિ પ્રદર્શનો<br>-ધનવન્તરી પુજન<br>-ઉપર મુજબના કાર્યક્રમ ઉપરાંત,<br>-સુવર્ણપ્રાસન વિધિ, વ્યશન મુક્તિ,<br>-અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન |

-------

**પારડી તાલુકાના ડુંગરી ગામે સામાજિક વનીકરણનાં વૃક્ષો કાપવા બાબત**

૧૦૦૫૮ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં ડુંગરી ગામે સન ૧૯૮૬-૮૭ માં ગ્રામ વન સામાજીક વનીકરણ પેટા વિભાગ વલસાડ તરફથી વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ડુંગરી ગામે સન ૧૯૮૬-૮૭માં જે તે સમયે સામાજીક વનીકરણ વિભાગ નવસારી દ્વારા બિનપીયત ગ્રામ વનના વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) ગ્રામ પંચાયત ડુંગરી દ્વારા ઠરાવ કરીને તા. ૨.૪.૨૦૦૨ ના રોજ જાહેર હરાજી કરવા માટે રેન્જ ફોરેસ્ટ ઓફિસરને જાણ કરી તમામ કાર્યવાહી પૂર્ણ કરી હોવા છતાં આજ દિન સુધી વૃક્ષો કાપવાની પરવાનગી આપવામાં આવી નથી, તેનાં શાં કારણો છે, અને | (૨) ગ્રામવન કાપવા માટે હરાજી રાખવામાં આવેલ છે. |

(૩) વૃક્ષો કાપવાની પરવાનગી આપવા માટે સરકાર તરફથી કોઈ સમય મર્યાદા છે કે કેમ ?

(૩) વૃક્ષો પરિપકવ થયેથી કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

------

**વડોદરા જિલ્લામાંથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલની બાજુના રસ્તા બિસ્માર હોવા બાબત**

૯૧૫૪ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાંથી પસાર થતી નર્મદા મેઈન કેનાલ જે રસ્તા પરથી પસાર થઈ છે તે રસ્તાઓ હાલ બિસ્માર હાલતમાં છે કે કેમ, | (૧), (૨) અને (૩) આવા રસ્તાઓને પેચવર્ક કરી વાહનવ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો કયા કયા રસ્તાઓ, | |
| (૩) તે કયારે રીપેરીંગ કરવામાં આવશે, અને | |
| (૪) આ રસ્તાઓ માર્ગ અને મકાન ખાતાને પરત કરવામાં આવ્યા છે કે કેમ અને કયારે ? | (૪) ના, જી. |

-------

**વિશ્વ બેંક/એડીબી સહાયિત ભુકંપમાં મકાનોના પુનઃ નિર્માણના કામ**

૧૦૩૦૦ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧/૧/૦૫ના રોજની સ્થિતિએ વિશ્વબેંક/એડીબી સહાયિત ભુકંપ પુનઃનિર્માણમાં મકાનોના પુનઃ નિર્માણ કામો પૈકી કેટલાં કામો પુર્ણ થયા અને બાકીના કામોની વિગતો શું છે ? | તા. ૩૧/૧/૦૫ના રોજની સ્થિતિએ વિશ્વબેંક સહાયિત ભુકંપ પુનઃનિર્માણમાં મકાનોના પુનઃ નિર્માણના કામો પૈકી ૯૧૮ કામો પુર્ણ થયા અને બાકીના કામો વર્ષ ૨૦૦૫-૦૬માં પુર્ણ કરવાનું આયોજન છે. |

--------

**ભુજ શહેરમાં સરકારી આવાસોની જરૂરિયાત**

૧૦૦૯૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભુજ શહેરમાં ડીસે.--૨૦૦૪ની સ્થિતિએ કેટલા તથા કયા કયા પ્રકારના નવા સરકારી આવાસોની જરૂરીયાત છે, | (૧) ડીસે.--૨૦૦૪ની સ્થિતિએ ભુજ શહેરમાં પ્રતિક્ષા યાદી મુજબ કુલ ૫૮૧ આવાસોની જરૂર છે. જેમાં કક્ષા ડી.-૧, ડી, સી, બી-૧, બી તથા એ નો સમાવેશ થાય છે. |
| (૨) જરૂરીયાત વાળા આવાસો બનાવવા સરકારે શું આયોજન કર્યું છે, અને | (૨) અને (૩) ૧૪૬ આવાસોનું કામ હાથ ધરેલ છે. જે જાન્યુ.--૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તે ક્યાં સુધીમાં બાંધવાનું સરકારનું આયોજન છે ? | |

------

**સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિ**

૯૯૨૭ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અગાઉ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં સલાહકાર સમિતિઓ રહેતી હતી તેના બદલે રોગી કલ્યાણ સમિતિ બનાવવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો સમિતિનું ગઠન તેમજ દર્દીના હિતમાં ફાયદાની વિગતો શું છે. ?

(૨) લોક ભાગીદારીથી કાર્યો હાથ ધરવા, સક્ષમ લોકો અને અન્ય વિવિધ સ્ત્રોતો દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત કરી તેને હોસ્પિટલના દર્દીઓના હિતાર્થે વાપરવાની અને આ રીતે દર્દીઓને ઉત્તમ તબીબી સેવાઓ પૂરી પાડવા જિલ્લાના કલેકટરશ્રીના અધ્યક્ષ- સ્થાને રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિમાં સરકારી, બિનસરકારી તેમજ સામાજિક કાર્યકરોનો સમાવેશ કરવામાં આવેલ છે.

------

**વેરાવળ તાલુકાના માર્ગો અને પુલોને જોબનંબર**

૮૪૬૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના કેટલા જર્જરિત માર્ગો અને પુલોના જોબનંબર તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીમાં આપવામાં આવ્યા, અને

(૨) જોબનંબર આપવામાં આવેલા હોય તેવા રસ્તાના કામો કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ રસ્તાના ૪ (ચાર) કામો જોબનંબર આપી મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ચાર કામો પૈકી બે કામ પૂર્ણ, એક કામ પ્રગતિમાં જ્યારે એક કામ ટેન્ડરની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે ઈજારો નક્કી કરી શરૂ કરવાનું આયોજન છે.

------

**રાજ્યમાં ઔષધી ઉદ્યાનો**

૮૮૦૧ **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હાલ કેટલા વન ઔષધી ઉદ્યાનો આવેલા છે,

(૨) આ પૈકી જામનગર જિલ્લામાં કેટલા, અને

(૩) જિલ્લાના બરડા ડુંગરમાં આવા ઉદ્યાન બનાવવાનું આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્યમાં હાલ ૧૩ વન ઔષધી ઉદ્યાનો આવેલા છે. જે પૈકી વન ખાતા હસ્તક ૪ અને નિયામકશ્રી ભારતીય તબીબી અને હોમીયોપેથી પધ્ધતિ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તક ૯ વન ઓષધી ઉદ્યાનો આવેલા છે.

(૨) આ પૈકી જામનગર જિલ્લામાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સીટી હસ્તક એક ઉદ્યાન સંસોઈ ડેમ પાસે આવેલ છે.

(૩) જિલ્લાના બરડા ડુંગરમાં આવા ઉદ્યાન બનાવવાનું કોઈ આયોજન નથી.

------

**રાજકોટ જિલ્લામાં વાજપાઈ નગર વિકાસ યોજનામાં ફાળવેલ રકમ**

૯૮૮૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ કયા કયા શહેરોમાં ક્યારે કેટલી રકમની ફાળવણી છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી,

**જવાબ**

છેલ્લા બે વર્ષમાં વાજપાઈ નગર વિકાસ યોજનામાં ફાળવેલ રકમની વિગત નીચે દર્શાવેલ પત્રક મુજબ છે.

**પત્રક-૧**

| નગરપાલિકાનું નામ | છેલ્લા બે વર્ષમાં વાજપાઈ નગર વિકાસ યોજનામાં ફાળવેલ રકમની વિગત (રૂા. લાખમાં) | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પ્રથમ તબક્કા માટે ફાળવેલ રકમ | | | બીજા તબક્કા માટે ફાળવેલ રકમ | | |
| | ગ્રાન્ટ | લોન | ફાળવણીની તારીખ | ગ્રાન્ટ | લોન | ફાળવણીની તારીખ |
| ધોરાજી | ૧.૪૩ | ૦.૦૦ | ૧૯-૯-૦૩ | ૦.૦૦ | ૦.૦૦ | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જેતપુર-નવાગઢ | ૨૧.૪૭ | ૦.૦૦ | ૧૯-૯-૦૩ | ૫૩.૩૯ | ૦.૦૦ | ૩૧-૩-૦૪ |
| ગોંડલ | ૦.૦૦ | ૦.૦૦ | - | ૦.૦૦ | ૦.૦૦ | - |
| મોરબી | ૨.૩૯ | ૦.૦૦ | ૧૯-૯-૦૩ | ૦.૦૦ | ૦.૦૦ | - |
| ઉપલેટા | ૦.૦૦ | ૦.૦૦ | - | ૦.૦૦ | ૦.૦૦ | - |
| વાંકાનેર | ૦.૦૦ | ૦.૦૦ | - | ૬૦.૦૦ | ૦.૦૦ | ૩૧-૩-૦૪ |
| જસદણ | ૦.૦૦ | ૦.૦૦ | - | ૦.૦૦ | ૦.૦૦ | - |
| ભાયાવદર | ૦.૦૦ | ૦.૦૦ | - | ૦.૦૦ | ૦.૦૦ | - |
| **કુલ** | **૨૫.૨૯** | **૦.૦૦** | **---** | **૧૧૩.૩૯** | **૦.૦૦** | **-** |
| બંને તબક્કામાં કુલ રૂા. ૧૩૮.૬૮ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. | | | | | | |

(૨) કેટલી રકમ ફાળવવાની બાકી છે, અને

(૨)

| | ગ્રાન્ટ | લોન |
|---|---|---|
| પ્રથમ તબક્કામાં | ૭૮.૭૬ | ૫૧.૪૯ |
| બીજા તબક્કામાં | ૨૫૭.૩૪ | ૧૪૬.૮૬ |

(૩) તે ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

(૩) નાણાકીય ઉપલબ્ધી થયેથી.

------

**સોનગઢથી ઢસા સુધીનો રસ્તો ખરાબ હાલતમાં હોવા બાબત**

૧૦૪૪૬ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના સોનગઢથી ઢસા સુધીનો રસ્તો ખૂબજ ખરાબ હાલતમાં છે, તે સરકાર જાણે છે,

(૨) આ રસ્તાની સુધારણા માટે સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો શું આયોજન કરવામાં આવેલ છે, અને આ રસ્તાની સુધારણા કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. વિશ્વ
(૨) બેન્ક સહાયિત યોજના હેઠળ નવીનીકરણનું
અને આયોજન કરેલ છે. ઈજારો નક્કી થયેથી
(૩) વર્કઓર્ડર આપી ૧૨ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------

**સોનગઢથી બોરડા ગામનો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૦૪૪૩ **શ્રી કાંતિલાલ રે. ગામીત (સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સોનગઢથી બોરડા ગામ જતો રસ્તો હાલમાં બિસ્માર થઈ ગયેલ છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો આ રસ્તો સરકાર કેટલા સમયમાં બનાવવા માગે છે, અને

(૩) આ રસ્તો ન બનાવવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧), (૨) અને(૩) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

**લાલપુર-કાલાવડ સ્ટેટ હાઈવેનું કામ**

૧૦૦૪૬ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લાલપુર-કાલાવડ સ્ટેટ હાઈવેનું કામ કેટલા કી.મી. પૂર્ણ થયેલ છે, | (૧) ૮.૪૦ કી.મી. લંબાઈમાં ડામર સપાટી સુધીનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) તા. ૩૧-૧-૦૫ સુધીમાં આ કામ માટે કેટલા રૂપિયા ખર્ચ થયેલ છે, અને | (૨) રૂા. ૩૧૮.૯૫ લાખ. |
| (૩) બાકીનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયે તબક્કાવાર આયોજન કરીને બાકીનું કામ પૂર્ણ કરવા વિચારેલ છે. |

------

**અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લીથોટ્રીપ્સી મશીન બંધ હોવા બાબત**

૧૦૦૫૨ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લીથોટ્રીપ્સી મશીન તા. ૩૧-૮-૨૦૦૨ થી બંધ હાલતમાં છે તે ક્યારે ચાલુ કરવામાં આવનાર છે, | (૧) લીથોટ્રીપ્સી મશીન ચાલુ છે. |
| (૨) આ મશીન ક્યારે ખરીદવામાં આવ્યું હતું અને તેની પાછળ કેટલું ખર્ચ થયું હતું, અને | (૨) ઓરેટ પ્રોજેક્ટ હેઠળ નવેમ્બર-૯૯માં આપવામાં આવેલ છે, કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૩) આ મશીન ચાલુ નહિ થવાના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------

**ઉભરાણ-રુણાદર-સાગોડી, મેનાવાડા, હેલોદર રસ્તો ન થવા બાબત**

૧૦૪૧૯ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉભરાણ-રુણાદર-સાગોડી, મેનાવાડા, હેલોદર માર્ગ સુધારણા નં. ૨૩૮ સ્ટેટ રસ્તો મંજુર થયેલ હોવા છતાં તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષથી કોઇ પ્રગતિ થયેલ નથી, અને<br>(૨) હવે આ રસ્તાનું કામ ક્યારે શરૂ થશે ? | (૧) અને (૨) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કામ શરૂ કરવાનું આયોજન છે. |

------

**ડીસા તાલુકામાં રસ્તાને ડામર કરવા બાબત**

૧૦૪૨૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ડીસા તાલુકાના કયા કયા ગામોના રસ્તા ડામર સપાટી વિનાના છે, અને | (૧) ડીસા તાલુકાના કોઠા-કુંવારાપાદર અને દેવસરી ગામો મેટલ સપાટીના રસ્તાથી જોડાયેલા છે. |
| (૨) આ રસ્તાઓને ડામર સપાટીવાળા કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) કોઠા અને કુંવારાપાદર ગામોને ડામર રસ્તાથી જોડવાનું આયોજન છે. જ્યારે દેવસરી ગામને ડામર રસ્તાથી જોડવાનું હાલ કોઇ આયોજન નથી. |

------

## મહાનગરપાલિકા વિસ્તારના વિકાસ નકશા

૮૧૮૦ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ અમદાવાદ શહેરની કેટલી ડ્રાફ્ટ સ્કીમ મંજૂરી માટે સરકારમાં વિચારાધીન છે, | (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ૧૧ ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો મંજુરી માટે વિચારાધીન છે. |
| (૨) સરકારમાં આ સ્કીમો ક્યારે આવી, અને | (૨) તા. ૪-૧૦-૦૪ થી તા. ૪-૧૨-૦૪ ના સમય-ગાળામાં |
| (૩) આ સ્કીમો કઇ કઇ છે, અને ક્યારે મંજુર થવાની સંભાવના છે ? | (૩) પત્રક મુજબ.<br>શક્ય એટલી ઝડપથી મંજુર કરવામાં આવશે. |

**પત્રક**

**તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ અમદાવાદ શહેરની નીચે જણાવ્યા મુજબની ડ્રાફ્ટ ટી. પી. સ્કીમો મંજુરી માટે સરકારમાં વિચારાધીન છે.**

| અ. નં. | ડ્રાફ્ટ સ્કીમનું નામ | સરકારશ્રીમાં સાદર કર્યા તારીખ |
|---|---|---|
| ૧. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (નારોલ વટવા) | તા. ૪-૧૦-૨૦૦૪ |
| ૨. | મુ. ન. ૨. યો. નં.-૬૧ (નારોલ શાહવાડી) | તા. ૪-૧૦-૨૦૦૪ |
| ૩. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (નારોલ રાણીપુર) | તા. ૪-૧૦-૨૦૦૪ |
| ૪. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (નારોલ વિઝોલ) | તા. ૧૯-૧૦-૨૦૦૪ |
| ૫. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (લાંભા લક્ષ્મીપુરા-૨) | તા. ૨૦-૧૦-૨૦૦૪ |
| ૬. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (વટવા-૨) | તા. ૯-૧૧-૨૦૦૪ |
| ૭. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (વટવા-૧) | તા. ૯-૧૧-૨૦૦૪ |
| ૮. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (હાથીજણ-રોપડા) | તા. ૯-૧૧-૨૦૦૪ |
| ૯. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (નારોલ-સાઉથ-૨) | તા. ૨૪-૧૧-૨૦૦૪ |
| ૧૦. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (લાંભા-લક્ષ્મીપુરા-૧) | તા. ૪-૧૨-૨૦૦૪ |
| ૧૧. | મુ. ન. ૨. યો. નં.-૫૯ (અસલાલી-૨) | તા. ૪-૧૨-૨૦૦૪ |

------

## સુરેન્દ્રનગર જિલ્લામાં રોડ રીપેર થવા બાબત

૮૫૩૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) :** માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા રોડ રીપેર થયા છે, કેટલા નવા બનાવવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વરસમાં નીચે મુજબના રસ્તા ખાસ મરામતમાં રીપેર કર્યા છે.

| અ.નં | તાલુકો | રીપરે કરેલ રસ્તાની સંખ્યા |
|---|---|---|
| ૧ | લીંબડી | ૨ |
| ૨ | ચુડા | ૪ |
| ૩ | વઢવાણ | ૯ |
| ૪ | સાયલા | ૪ |
| ૫ | ચોટીલા | ૬ |
| ૬ | દસાડા | ૪ |
| ૭ | હળવદ | ૭ |
| ૮ | મુળી | ૫ |
| ૯ | લખતર | ૭ |
| ૧૦ | ધ્રાંગધ્રા | ૧૨ |
| | કુલ : | ૬૦ |

નીચે મુજબ નવા બનાવેલ રસ્તા

| અ.નં | તાલુકો | નવા બનાવેલ રસ્તાની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસાડા | ૨ |
| ૨ | હળવદ | ૨ |
| ૩ | ધ્રાંગધ્રા | ૧ |
| | કુલ : | ૫ |

(૨) કેટલા રોડ રીપેર થવાના બાકીમાં છે, અને

(૨) મંજુર થયેલ ૨૦ રસ્તા ખાસ મરામતમાં રીપેર કરવાના બાકી છે.

(૩) આ રોડ ક્યારે રીપેર થનાર છે ?

(૩) તબક્કાવાર આયોજન કરીને પૂર્ણ કરવાનું આયોજન છે.

------

## સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન હેઠળ થયેલ ખર્ચ

૧૦૩૧૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪માં તાલુકાવાર કેટલું નાણાંકીય આયોજન કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪માં નીચે મુજબ તાલુકાવાર નાણાંકીય આયોજન કરવામાં આવ્યું હતું.

| ક્રમ | તાલુકાનું નામ | નાણાંકીય આયોજન (રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૨-૨૦૦૩ | વર્ષ ૨૦૦૩-૨૦૦૪ |
| ૧ | સોનગઢ | ૪૧૩.૨૫ | ૪૧૩.૨૫ |
| ૨ | વ્યારા | ૫૫૦.૧૬ | ૫૫૦.૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૩ | વાલોડ | ૧૬૧.૭૩ | ૧૬૧.૭૩ |
| ૪ | ઉચ્છલ | ૧૮૦.૦૯ | ૧૮૦.૦૯ |
| ૫ | નિઝર | ૨૧૮.૬૬ | ૨૧૮.૬૬ |
| | સોનગઢ પ્રાયોજનાનું કુલઃ | ૧૫૨૩.૮૯ | ૧૫૨૩.૮૯ |
| ૬ | માંડવી | ૪૫૯.૪૭ | ૪૫૯.૪૭ |
| ૭ | માંગરોળ | ૨૬૮.૯૮ | ૨૬૮.૯૮ |
| ૮ | ઉમરપાડા | ૨૦૨.૯૧ | ૨૦૨.૯૧ |
| ૯ | બારડોલી | ૨૭૬.૨૬ | ૨૭૬.૨૬ |
| ૧૦ | મહુવા | ૩૦૩.૪૨ | ૩૦૩.૪૨ |
| ૧૧ | પલસાણા | ૧૨૫.૪૫ | ૧૨૫.૪૫ |
| ૧૨ | કામરેજ | ૧૫૪.૪૫ | ૧૫૪.૪૫ |
| ૧૩ | ઓલપાડ | ૯૧.૬૩ | ૯૧.૬૩ |
| ૧૪ | ચોર્યાસી | ૪૩.૩૮ | ૪૩.૩૮ |
| | માંડવી પ્રાયોજનાનું કુલઃ | ૧૯૨૫.૯૫ | ૧૯૨૫.૯૫ |
| | સુરત જીલ્લાનું કુલ : | ૩૪૪૯.૮૪ | ૩૪૪૯.૮૪ |

(૨) તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તે પૈકી પ્રાયોજનાવાર વર્ષ ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪માં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| ક્રમ | પ્રાયોજનાનું નામ | ખર્ચ (રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૨-૨૦૦૩ | વર્ષ ૨૦૦૩-૨૦૦૪ |
| ૧ | સોનગઢ પ્રાયોજના | ૯૧૯.૦૬ | ૧૭૩૫.૧૩ |
| ૨ | માંડવી પ્રાયોજના | ૧૧૬૬.૫૯ | ૨૦૭૪.૨૪ |
| | **સુરત જીલ્લાનું કુલ :** | ૨૦૮૫.૬૫ | ૩૮૦૯.૩૭ |

## માનસિક રોગોની ચિંતાજનક પરિસ્થિતિનો અહેવાલ

૧૦૦૭૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના માનસિક રોગોની ચિંતાજનક પરિસ્થિતિને લઇને અમદાવાદના બી. જે. મેડીકલ કોલેજ તથા પૂણેની બાપુ ટ્રસ્ટે સંયુકત રીતે નેધરલેન્ડના સરકારના આર્થિક સહયોગથી માનસિક રોગોની સ્થિતિ સુધારવા કોઇ અહેવાલ તૈયાર કર્યો છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અહેવાલના મુખ્ય અંશો પૈકી કેટલા મુદ્દાનું અમલીકરણ કરેલ છે ? | (૨) આ અહેવાલના આધારે દેશમાં પહેલીજ વાર માનસિક આરોગ્યની નીતિ ગુજરાત રાજ્ય દ્વારા ઘડવામાં આવી રહેલ છે તેમજ વિવિધ કાર્યવાહી હાથ ધરાયેલ છે. |

## વ્યારા તાલુકાના બામણામાળ ગામથી ડોલારા ગામને જોડતો રસ્તો બિસ્માર હોવા બાબત

**૯૮૭૩ શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વ્યારા તાલુકાના બામણામાળ ગામ નજીકથી સાંકળી થઇને ડોલારા ગામને જોડતો રસ્તો બિસ્માર હાલતમાં છે તે સરકાર જાણે છે, | (૧) રસ્તો વાહનવ્યવહાર યોગ્ય છે. |
| (૨) જો હા, તો આ રસ્તો બનાવવા માટે સરકારે શું આયોજન કર્યુ છે, અને | (૨) અને (૩) હાલ આયોજન નથી. |
| (૩) આ રસ્તાની કામગીરી ક્યારે શરૂ કરીને ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | |

## ધારી-કોડીનાર દલખાણીયા ગામનો રોડ પાકો કરવા બાબત

**ધારી-કોડીનાર દલખાણીયા ગામનો રોડ પાકો કરવા બાબત**

૮૫૦૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ધારી-કોડીનાર વાયા દલખાણીયા રોડમાં ૧૭ કી.મી. કાચો રસ્તો છે તે સરકાર જાણે છે, અને | (૧) ધારી-કોડીનાર વાયા દલખાણીયા રોડના ૭૫ કી.મી. લંબાઇ પૈકી ૪ કી.મી. લંબાઇમાં કાચો રસ્તો છે. |
| (૨) જો હા, તો આ રસ્તો પાકો કરવા સરકારે શાં પગલાં લીધાં ? | (૨) રાષ્ટ્રીય ઉદ્યાન (નેશનલ પાર્ક)માંથી પસાર થતો હોય તેમાં બાંધકામ પ્રવૃત્તિ સર્વોચ્ચ અદાલતની પૂર્વ મંજૂરી વગર હાથ ધરી શકાતી નથી. આથી વન વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે. |

------

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૦-૨૦૦૧નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કિલયરન્સ બોર્ડના સન ૨૦૦૦-૨૦૦૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ રિપોર્ટ તથા આ અહેવાલને સભાગૃહમાં મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત હાઉસિંગ બોર્ડનું સન ૨૦૦૩-૨૦૦૪નું સુધારેલું અંદાજપત્ર**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)**:માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડનું સન ૨૦૦૩-૨૦૦૪નું સુધારેલું અંદાજપત્રક તેમજ સન ૨૦૦૪-૨૦૦૫નું અંદાજપત્રક ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**સુધારેલું અંદાજપત્રક તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની અધિસૂચના**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની-

(ક) સન૧૯૭૩ના ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા,નાબૂદી અને પુન:વિકાસ )અધિનિયમ અન્વયેની
(૧) તા:૧૯-૫-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક: જીએચ/વી/૨૦૦૪નો ૪૭/એસએએ/૧૦૯૫/૫૯૪/ઠ
(૨) તા:૧૯-૭-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક: જીએમચ/વી/૨૦૦૩નો ૭૭/એસએએ/૧૦૯૭/૧૨૯૬/ઠ
(૩) તા:૧૫-૧૨-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક: જીએચ/વી/૨૦૦૪નો ૨૦૮/એસએએ/૧૦૯૭/૧૨૯૬/ઠ
(ખ) સન૧૯૪૯ના મુંબઈ પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેની તા:૧૬-૭-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક :કેવી/૨૦૦૪નો ૭૫/એએમએન/૮૦૯૪/૨૬૮૮/પી.

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

## નાણાકીય સમિતિઓના ચૂંટણી કાર્યક્રમ અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર સભ્યોની સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર એક પ્રતિનિધિની ચૂંટણી માટે અગાઉ તા:૨૧-૨-૦૫ના રોજ સભાગૃહમાં જાહેરાત કરી હતી. તે કાર્યક્રમ અનુસાર નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ: ૧-૩-૦૫ ઠરાવી હતી. ત્યારબાદ શાસક પક્ષના મુખ્ય દંડકશ્રી એ તથા વિરોધપક્ષના દંડકશ્રીએ આ ચૂંટણી માટે નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની મુદત લંબાવી આપવાની રજૂઆત મારી સમક્ષ કરી હતી, જે મેં ગ્રાહય રાખી છે. હવે આ ચૂંટણી માટે હું નીચે મુજબનો સુધારેલ કાર્યક્રમ ઠરાવું છું.

૧. નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય: ગુરૂવાર, તારીખ:૧૦-૩-૦૫, સાંજના ૬-૦૦ વાગ્યા સુધી
૨. નામ નિર્દેશન પત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ : શુક્રવાર, તારીખ:૧૧-૩-૦૫, સાંજના ૫-૩૦ વાગ્યે, નાયબ સચિવશ્રી મહેન્દ્ર જે. પરમારની ચેમ્બરમાં.
૩. નામ નિર્દેશન પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ અને સમય. : ગુરૂવાર તારીખ:૧૭-૩-૦૫, સાંજના ૫-૦૦ વાગ્યા સુધી
૪. મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ : પાછળથી જાહેર કરવામાં આવશે.

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી:** હવે તા.૧લી માર્ચ, ૨૦૦૫ના રોજની પહેલી બેઠકમાં અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે. માનનીય સભ્યશ્રી બાબુભાઈ શાહ.

**શ્રી બાબુભાઈ મે. શાહ(૨૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ સાહેબ અગાઉ ઘણા સભ્યો કહી ગયા છે એ પ્રમાણે ૧૧મી વખત અંદાજપત્ર લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે, ત્યારે આ અંદાજપત્ર ઉપર મારા કેટલાક સૂચનો અને તારણો મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૧ વખત આ રાજયની અંદર અંદાજપત્ર લાવવા માટે થઈ એમને ખૂબ ખૂબ અભિનંદન અને પ્રમોશન મળે એવી શુભેચ્છાઓ વ્યક્ત કરીએ. ૧૧ વખત અંદાજપત્ર રજૂ કરવું અને રાજયના નાણા તંત્રને ચલાવવું એ બે વચ્ચેનો ભેદ એ આંકડા ઉપરથી છતો થઈ જાય છે. એમના જ કાળ-સમય દરમિયાન રાજયના વિકાસ કરતાં ખર્ચનું પ્રમાણ ખૂબ વધેલ છે. આ રાજયના સન્માનનીય ગૃહમાં અગાઉ પણ મેં અને અનેક સભ્યોએ પણ કહ્યું છે કે આ ખર્ચ કયાં થયો એનું તારણ કાઢવા માટેનું પણ સૂચન આપવામાં આવેલ છે. એનો કોઈ જવાબ મળ્યો નથી. સૌથી પહેલા એ વાતની નોંધ લઈએ કે આ વખતનું અંદાજપત્ર એ આયોજન પંચ પાસે વાર્ષિક યોજના રજૂ કરીને મંજૂરી મળી એ પછી રજૂ કર્યું. એ પહેલી વખત વજુભાઈએ રજૂ કર્યું. વજુભાઈ સાહેબને મારે કાબેલ કહેવા જોઈએ કે એમણે કહેવાયું એ પ્રમાણે આયોજન પંચની શાબાશી મેળવેલ છે. કદાચ એમના હ્યુમર્સ રસના કારણે શાબાશી આપી હશે. વાણિયા હંમેશા કોથળામાં નાખીને મારે એમ કહેવાય છે પણ આ વખતે કદાચ વાળા સાહેબે આ રીતે કર્યું હશે, પરંતુ આયોજન પંચે ગુજરાતની બાબતોને રિવ્યુમાં લીધી હોત તો ગંભીર તારણો કાઢ્યા હોત. ગત વર્ષે પ્લાનીંગની ગ્રાન્ટમાંથી કયાં કયાં રકમ ખર્ચાઈ છે અને કયાં કયાં નથી ખર્ચાઈ એના તારણો કાઢ્યા હોત તો કંઈક ઊડીને આંખે વળગે,

કચ્છ જેવાને ખટકે. ભૂકંપગ્રસ્ત વિસ્તારને માટે એક નહિ પણ સતત ત્રણ-ત્રણ બજેટથી નિર્ધારિત કરેલ રકમનો ખર્ચ થઈ શકતો નથી. ૨૦૦૩-૦૪ની અંદર ૨૧૦૦ કરોડ રૂપિયા પ્લાન અને નોન પ્લાનમાં લેવાયા. એમાંથી ખર્ચ કેટલો થયો? માત્ર ૬૦૦ કરોડનો ખર્ચ થયો અને ૯૦૦ કરોડ રૂપિયા નાણા ખાતાએ ફાળવી દીધા હતા અને બચેલ રકમ ઉપરનું વ્યાજ એ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ચાલતા આપત્તિ બોર્ડ, જે ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ બોર્ડ છે એના દ્વારા એ રકમ બચાવવામાં આવી. રકમ બચે એનો નાણામંત્રીશ્રીને આનંદ થાય. કારણ કે એટલી તાણ ઓછી. પણ કેટલીક જગ્યાએ નાણા ખાતાએ રકમ ન ફાળવી એના કારણે યોજનાઓ વિલંબમાં પડી છે. માનનીય નરોત્તમભાઈ પટેલ સાહેબના ખાતામાં નર્મદા આધારિત પંચમહાલ અને એ યોજનાઓ, સી.એ.જી.એ ૨૦૦૩માં તારણો કાઢ્યાં છે કે નાણા ખાતાએ ૨૭૭ કરોડ રૂપિયાની યોજના હતી, એમાં માત્ર ૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો. એના જવાબમાં આપવામાં આવ્યું કે નાણા નહિ ફાળવવાના કારણે. આવી કેટલીય બાબતો છે. આપના મારફત નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ૨૦૦૦ પછી કોઈપણ રાજય સેલ્સ ટેકસ કે એમાં રિલિફ આપી શકતી નથી. કચ્છ માટે વિશેષ જોગવાઈ કેન્દ્ર સરકારે એકસાઈઝ રિબેટ આપી એના કારણે રાજય સરકારે કરી. આયોજન પંચના નેજા નીચે નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલમાં નક્કી થયું હતું એ પ્રમાણે ૨૦૦૦ની સાલ પછી કોઈ

રાજય આવી રાહત આપી શકશે નહિ. તેમ છતાં ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ માટે ૧૮૦૦૦ કરોડની રાહતો જાહેર કરવામાં આવેલી છે એની સ્પષ્ટતા જરૂરી છે.

વાયબ્રન્ટના નામે ઉદ્યોગો આવે, આપણે એને આવકારીએ પણ નાત નાતનું જમે અને બીજાના નામે પાણી, ઈન્ફાસ્ટ્રકચરમાં આપણું ખર્ચ થાય, રસ્તા પાછળ ખર્ચ થાય, વીજળીની વ્યવસ્થા ઊભી કરવી પડે અને રાજયને ટેકસની આવક ન થવાની હોય તો આવી વ્યાખ્યા રાજયના ફાયદામાં નથી. આ આયોજન પંચે એના તારણમાં લીધું હોત તો જુદું મંતવ્ય આપ્યું હોત.

માનનીય અધ્યક્ષશ્રી, સેલ્સ ટેકસ માટેની amnesty scheme ની ગઈકાલે માનનીય નાણામંત્રીએ જાહેરાત કરી એ બજેટ વખતે કરી શકાતી હતી. બજેટ આવ્યાને હજી ૧૦ દિવસ થયા હોય અને આવી જાહેરાત કરવાની કઈ રીતે આવશ્યકતા હતી? આ amnesty scheme અગાઉ પણ બધાએ આપેલી છે. Amnesty scheme ના કારણે રાજ્યને કેટલી આવક થશે? એ પ્રમાણે કોઈ તારણ નથી કાઢવામાં આવ્યું. Amnesty scheme એમના ક્યા વિભાગને મંજૂર મળી છે? સિંચાઈ વિભાગ દ્વારા પણ આવી જાહેરાત કરવામાં આવી છે. એમણે Amnesty scheme બજેટમાં કેમ જાહેર ના કરી? બહોળી પ્રસિદ્ધિ થાય એ રીતે પણ જાહેરાત ના કરી અને ઉદ્યોગને સિંચાઈના પાણીના વપરાશના બિલો બાકી હતા, આ ઉદ્યોગોને આ પૈસા નહિ ભરવા માટે થઈને હાઈકોર્ટ અને સુપ્રમી કોર્ટમાં ગયા. પરંતુ આ પાણી ઉપર ગુજરાત રાજ્યનો અધિકાર છે એ સ્થાપિત થયું ત્યારે વ્યાજ સાથે દંડની રકમ સાથે એ પૈસા ભરવા પડે તેમ હતા ત્યારે એ પૈસા ભરવા માટે થઈને વિભાગ તરફથી એક સ્કીમ મૂકવામાં આવી અને કોઈને જાણ નહિ. ૧૨૬ બાકીદારોને પત્ર લખવામાં આવ્યાં અને નાણામંત્રીના ખ્યાલમાં છે કે એક મોટા ઉદ્યોગ ગૃહને ૪૨ કરોડ રૂપિયા ભરવાના થતા હતા એમણે માત્ર ૧૨ કરોડ રૂપિયા ભર્યા. આ બધું જો આયોજન પંચ પાસે એના ધ્યાનમાં આવ્યું હોતને તો ચોક્કસ એ આપણું ધ્યાન ખેંચી શકી હોત. આ દેશની અંદર આયોજન પંચ એ વિકાસ માટેની વ્યાખ્યા નક્કી કરતી સંસ્થા છે. આપણી પંચવર્ષીય યોજના, વાર્ષિક યોજના, એનું કદ આ બધું નક્કી થાય છે. નાણામંત્રી ખૂબ અનુભવી છે, ૫૬ ની છાતી ધરાવે છે તેમ છતાં આજે એ તો દેવું, એમ કહે કે અમારાં હ્યુમરસના લોકસાહિત્યના જણ છે "મરદના માથે દેવું" એમ કરીને કહેશે. આ ગુજરાતની પાંચ કરોડની જનતાને વ્યાજનો બોજો વેંઢારવો પડે છે એ શબ્દ મારે ફરી નાણામંત્રીશ્રીને કહેવું છે. આપણે કાંઈ બહુ ઝડપ કરી છે પંચવર્ષીય યોજનામાં એવું તો આંકડા ઉપરથી સાબિત નથી થતું. હજી આપણે અડધી મંજિલે પહોંચ્યાં છીએ. ૪૭૦૦૦ કરોડ ૧૦ પંચવર્ષીય યોજનામાં અગાઉના વર્ષમાં જે શિથિલતા હતી એ દૂર કરવાનું આ વખતે ૧૧૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી પણ એ પ્રમાણે જો મુલવણી થાય કે જ્યાં પૈસા ખર્ચવાના હોય ત્યાં ખર્ચે નહિ અને બીજે ક્યા ઠેકાણે પૈસા ખર્ચ્યા? એમને મારે કહેવું છે કે સૂજલામ્ સુફલામ્ એ મને લાગે છે કે આઝાદીની ચળવળ વખતનું એ સૌ કોઈનું સૂત્ર હતું અને સૂત્ર લેવામાં તો અમારા જૂના મિત્રો ખૂબ કાબેલ છે. સુજલામ્ સુફલામ્ ફળ એ કેટલા, ક્યાં મળ્યાં? માનનીય ખેતી મંત્રી અહીં ઉપસ્થિત નથી, નહિ તો કહેત કે કચ્છની અંદર આ વખતે રવી પાકના જે આંકડા છે, વિશાળ ખેતી લાયક જમીન અમારી હતી. સિંચાઈની કોઈ સવલત આ ભા.જ.પ.ના શાસનમાં ઊભી થયેલ નથી એના કારણે "લડ્યા ગઢવી ઠેરના ઠેર" એટલા માટે અમે ત્યાંના ત્યાં જ છીએ. ૬ વર્ષની અંદર વધવું જોઈએ, ૫૦ વર્ષ નહિ પણ ૫૦ વર્ષ પહેલા જે સવલતો ઊભી થઈ છે. (અંતરાય) હવાલો બીજો બધો આપશે એ બરાબર પણ શ્રમ મંત્રી ના આપે એ હું ઈચ્છું છું. એ બહુ પોઝિટીવ છે, હકીકતમાં સ્વીકાર કર્યો છે. સ્થાનિક લોકોને ઉદ્યોગ રોજગારી ન આપતા હોય એની સામે કડક પગલાં લેવાવાળા મંત્રી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે સારું છે એને વખાણીએ છીએ પણ જે આંકડા આપવામાં આવેલ છે. મારી પાસે ઉપસ્થિત છે એ પ્રમાણે આ રવી પાકની અંદર માત્ર ૨ ટકા, શાકભાજીમાં આખા રાજ્યમાં ૬૪ હજાર હેકટરમાં વાવેતર, કચ્છમાં માત્ર બે હજાર. ઘાસમાં ૨ લાખ ૧૬ હજાર હેકટરમાં વાવેતર, કચ્છમાં ૭૦૦૦. અમારે ઢોરઢાંખર માટે બહારથી જ હંમેશા ઘાસ લાવવું પડતું હોય, આ પરિસ્થિતિ હોય ત્યારે એને શા માટે અર્ધ અછત જાહેર કરવામાં આવેલ નથી? અર્ધ અછતવાળા વિતિસ્તાર ના હોય અને ઘાસનું વાવેતર પણ ના થઈ શકતું હોય તેવી પરિસ્થિતિ હોય ત્યારે પાણી હોય તો ચોકકસ એમાં વાવેતર થઈ શકે. ઘઉંમાં અને બીજા અન્ય વાવેતરમાં પણ આજ પરિસ્થિતિ છે, સુજલામ્ સુફલામ્ યોજના નીચે ખેત તલાવડી નીચે કોઈ નક્કર કામ થયું હોય તો કયાંક તો પાણી ભરાણા હોત. માનનીય નાણામંત્રી હંમેશા હ્યુમરસમાં કહે છે, ડૂબી મરવા ક્યાંય જવું નહિ પડે, પણ અમારે તો પગ પખાળવા જેટલું પણ પાણી નથી.આ પરિસ્થિતિ સરહદી જિલ્લાની છે. અમે કાયમ માટે કહીએ છીએ ત્યારે અમને એમ કહેવામાં આવે છે કે, તમે માગ માગ કરો છો, અમે માગ માગ નથી કરતા, અમારા અધિકારનું છે એ અમે માગીએ છીએ. હંમેશા આ વિસ્તાર કુદરતી આફતનો ભોગ બને છે.ભૂકંપ વખતે ભૂકંપગ્રસ્ત વિસ્તાર ન માત્ર કચ્છ અને રાજયભરની આવકો જે રાજય સરકારની તિજોરીમાં જમા થઈ એમાંથી અડધી પણ ખર્ચાઈ નથી, હજુ ચાર હજાર કરોડ રૂપિયા રાજય સરકારે અન્યત્ર વાપરી લીધા છે. કચ્છમાં પુનઃવસન માટેનો ખર્ચ કેટલો થયો? હજી અગિયાર હજાર કરોડે અમે પહોંચ્યા નથી રહેણાંક માટેના. પાયાના ઈન્ફ્રાસ્ટ્રકચર માટેનો ખર્ચ છે તો એ મિલકતો માટેનો ખર્ચ છે, જે અસરગ્રસ્ત લોકો છે એનો ખર્ચ કેટલો થયો? હજી અગિયાર હજાર કરોડે પહોંચ્યો નથી. આ આંકડા સરકારી આંકડા છે. માનનીય અધ્યક્ષશ્રી, અમને જે આંકડા આપવામાં આવ્યા એ પ્રમાણેના જે આંકડા છે એ રાજય સરકાર પાસે જુદી જુદી ગ્રાન્ટ અને લોન દ્વારા લગભગ ૭૪૦૦કરોડ રૂપિયા જમા થયા. એમાં સેલ્સ ટેક્સના દસ ટકા સરચાર્જ ગણવામાં નથી આવ્યો. મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાં આવ્યું નથી. ગઈ વખતે એમણે જવાબ આપ્યો માનનીય નાણા મંત્રીશ્રીએ કે મુખ્ય મંત્રીશ્રીના ફંડમાં આવે એ કંઈ ભૂકંપગ્રસ્તવાળા એકલા માટે નથી હોતા,

મારે દુ:ખ સાથે કહેવું પડે આ જવાબ અમને કઠે એવો હતો. સુનામી માટે અત્યારે ફંડ મોકલાવીએ છીએ તો સુનામીમાં વપરાય છે કે નહીં એ તો આપણે રાખીએ કે નહીં? મુખ્ય મંત્રીશ્રીના ફંડમાં એ વખતે જે ફંડ આવેલ એ ભૂકંપગ્રસ્ત વિસ્તારોના અસરગ્રસ્ત માટે ફંડ હતું, એનો આંકડો રજૂ કરો કે કેટલા રૂપિયા તમારી પાસે જમા આવ્યા છે એનો આમાં ઉમેરો અને એના ઉપરાંત દસ ટકા સરચાર્જ હતો એ ગુજરાતની પ્રજાએ ભરેલ છે એ કોઈ સેલ્સ ટેક્સના નિયમાનુસાર વિલંબિત ચૂકવણી મેળવતા એકમોને ગયો છે, ગુજરાતના ટેક્સ પેયરે એ સો રૂપિયા ઉપર વધારાનો ટેક્સના પૈસા બે રૂપિયા ભરે એ અસરગ્રસ્ત માટે કેલિમિટીસ માટે ખર્ચવાને બદલે ચૌદ વર્ષ પછી વગર વ્યાજના વાપર્યા પછી તિજોરીમાં આવશે પછી શું કામ? દૂખાયા બોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું? આ વખતે જ્યારે આપણને નાણાકીય ભીડ હોય, નાણાકીય ભીડ છે નહીં, અહીં તો વગર વ્યાજના પૈસા એનું વ્યાજ જમા થાય છે, ગુજરાતના તમામ પક્ષોએ બારમા નાણા પંચ પાસે હકારાત્મક રજૂઆત કરેલી, ગુજરાતના હિતોને ધ્યાનમાં લઈએ ત્યારે અમે રાજયમાં, રાજય વિધાનસભામાં સરકારની ટીકાઓ કરીએ કદાચ અખબારોમાં કરીએ પણ રાજય બહાર જઈને સરકાર વિરુદ્ધ બોલવાનું અમે કયારેય પસંદ કરતા નથી અને એ વખતે બારમા નાણા પંચના અધ્યક્ષશ્રી રંગરાજને પણ પોતાનું મંતવ્ય આપેલ કે રાજયના હિત માટે તમે બધા એક થઈને આવો છો અને એના પરિપાક રૂપે આપણી કેટલીક વાતોનો સ્વીકાર થયો છે. નાણા મંત્રીશ્રીએ એ જાહેર નથી કર્યુ પણ મને જણાવતાં આનંદ થાય છે કે, ગઈકાલે જે કેન્દ્ર સરકારનું જે બજેટ હતું એમાં નાણા મંત્રીશ્રીએ આ બજેટની અંદર જેટલી અપેક્ષા કેન્દ્ર સરકાર તરફથી રાખેલી છે કેન્દ્ર સરકારની સહાય ૩૨૦૦ કરોડ રૂપિયા જાહેર કરવામાં આવેલ છે, અમદાવાદને મેગાસિટી આપવા માટેની પણ જાહેરાત કરવામાં આવી. કોણે શું કર્યુ, કોણે ન કર્યુ એનું તારણ લોકો કાઢશે, પરંતુ અત્યારે જે આ સરકાર છે એ ગુજરાત પ્રત્યે પણ ખૂબ હકારાત્મક છે એનો આ નમૂનો છે. આ કેન્દ્ર સરકાર તરફથી હજી આપણને જોઈએ એટલા પૈસા નથી મળતા, મહારાષ્ટ્ર અને ગુજરાત જે વિકસિત રાજયોની અંદર હંમેશા એની ગણતરી થાય છે. આપણી રજૂઆત છે કે, અહીંના નબળા વર્ગના લોકો માટે થઈને જે કામ કરવું પડતું હોય, કરજ લેવું પડતું હોય એનું વ્યાજ કમસેકમ કેન્દ્ર સરકાર ભરે એવી પણ અમે રજૂઆત કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેલ્સ ટેક્સની આવક દિવસે દિવસે પ્રમાણમાં વધતી નથી. સેલ્સ ટેકસની જે ચેક પોસ્ટો હતી એ ચેક પોસ્ટો આ ગૃહના એક સભ્યશ્રીએ પૂછયું કે ૩૨ ચેક પોસ્ટોની આવક કેટલી હતી? ૬૨ લાખ રૂપિયાની. ચેક પોસ્ટોને અસરકારક બનાવવાથી આપણી ટ્રાફિકની જે ચેક પોસ્ટો છે એને સંલગ્ન બનાવવા માટેની યોજના ૧૯૯૭માં વિચારવામાં આવેલ તેનો અમલ શા માટે થતો નથી? માનનીય અધ્યક્ષશ્રી, બધા અમે આ કર્યુ, આ કર્યુ, અમે એમ નથી કહેવા માગતા કે આત્મશલાઘા માં અમે નથી માનતા પણ જેટલા કામો અગાઉની સરકારમાં થયેલાં છે એને આગળ ધપાવવાં પણ ખૂબ જરૂરી છે.

રાજયની આવક વધી એ દિશામાં નાણામંત્રીશ્રીને મારે આપના મારફત કહેવાનું છે કે સમથળ વિકાસની જો વાત કરતા હોય એમાં પીપાવાવનો ઉલ્લેખ કર્યો પણ સાત વર્ષમાં ભા.જ.પ. સરકારે પીપાવાવમાં શું કર્યુ? એ પછી કહેશે તમે પણ નાણામંત્રીશ્રી હતા એટલે સ્પષ્ટતા કરું. અગાઉ પણ શંકરસિંહજી વાઘેલાની સરકાર વખતે ગુજરાતના ત્રણ એલ.પી.જી. અને એન.પી.જી. ટર્મિનલ એ વખતે નકકી થયેલાં છે. પેટ્રોલિયમ વિભાગ તરફથી ડેપ્યુટેશન પણ કતાર ગયેલું. કતારથી આ ગેસની આયાત કરી દક્ષિણ ગુજરાતમાં દહેજ અને હજીરા ખાતે આ બે ટર્મિનલ્સ નકકી કરવામાં આવેલ પરંતુ એ માટેની સેલ કંપનીએ હાથ ઊંચા કરી દીધા કે આર્થિક રીતે પરવડે તેમ નથી. પીપાવાવ ટર્મિનલ્સ થાય એ ખૂબ જરૂરી છે. નાણામંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો છે બજેટમાં. નાણામંત્રી પણ સૌરાષ્ટ્રના છે. સૌરાષ્ટ્રનો વિકાસ કરવા માગતા હોય તો પીપાવાવનું ટર્મિનલ્સ આ વર્ષની અંદર નિર્ણય લઈને ખાતમુહૂર્ત થાય એવું આપના મારફત એમના ધ્યાને મૂકવા માગુ છું. પૅટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા ગેસની પાઈપલાઈનનું જે આયોજન થયું એમાં રાજયમાં, આ રાજયમાં કચ્છ પણ એક ભાગ છે કેમ એ બાબત એમનું ધ્યાન દોરવું જરૂરી છે. પહેલા ફેસમાં કચ્છનો સમાવેશ કરવામાં આવ્યો નથી. મોરબી સુધી ઉદ્યોગ માટેની ગેસની લાઈન પૂરી થઈ જાય. કચ્છ જિલ્લો પણ પોટેન્શીયલ છે. વાયબ્રન્ટ કે બીજી કોઈ રીતે કેન્દ્ર સરકાર તરફથી એકસાઈઝ માફી મળી છે એના લીધે આવા અનેક ઉદ્યોગો આવી રહ્યા છે. એને પણ સ્ટેબલ ફયુઅલ સારું ફયુઅલ તરીકે ગેસની આવશ્યકતા છે.(સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, થોડીક વાર મને બોલવા દો. રાજયના વિકાસને લગતા મારા મુદ્દા છે. એટલા માટે એને ટીકાત્મકરીતે નહીં, રચનાત્મક રીતે લો. રાજયની આવક અને પુનર્વસનના નામે શું થઈ રહ્યું છે એ એમના ધ્યાન ઉપર મૂકું. ભચાઉની અંદર અસરગ્રસ્તને માત્ર ૮૦ રૂપિયાના ભાવે જમીન આપવાનું નક્કી કર્યું એમાંથી શું થયું? એક જ દિવસમાં આ આઠ લોકોના નામ મંજૂર થયા અને એના પૈસા ભરાઈ ગયા. એની તારીખ ૨૫-૧૦-૨૦૦૪ એના પહેલા ૧૫ તારીખે નિર્ણય લેવાયો હતો. આ અસરગ્રસ્તના નામ આપ અનુમતિ આપો તો રજૂ કરું કે જે રાજકીય આગેવાનો છે, અસરગ્રસ્ત નહોતા માત્ર એન્ક્રોચર હતા. એન્ક્રોચરને જમીન આપી દેવાય તો કેટલું નુકસાન થાય? જે જમીન એક લાખ રૂપિયાના ભાવે આપવાની હોય એ જમીન ૧૦૦૦૦ માં જાય તો સ્ટેમ્પ ડયૂટીનું નુકસાન જાય. આ બાબત નાણામંત્રીશ્રી તપાસ કરે અને ભચાઉમાં જે પ્રકારે ચાલી રહ્યું છે, એમાં ઠંડા કલેજે એમનું ધ્યાન દોરેલું હોય તેમ છતાંપણ એના ઉપર કોઈ પગલાં લેતા નથી. મહેસૂલ સચિવશ્રીનું પણ ધ્યાન દોરેલ છે. આવી કેટલીય બાબત કચ્છમાં બની છે. વિકાસની વાત કરીએ તો ભચાઉ શહેર માટેના કાર્યક્રમ આઈ.ડી.એસ.એમ.ટી. શહેરી વિકાસ વિભાગ દ્વારા કેન્દ્ર સરકારને અરજી મોકલવાની હોય છે. ભચાઉ અને રાપર નગરપાલિકાએ અરજી મોકલી છે. કે નાના શહેરને આવકના સાધનો ઉભા થાય એમાં કેન્દ્રીય સહાય અને અહીંની સહાય મારફત ઊભી થાય તો રાજય સરકાર ત્યાં મોકલતી નથી. તો રાજય સરકાર શા માટે એપ્રુઅલ નથી કરતી? અમને પણ રાજયમાં

રહેવાનો, જીવવાનો અધિકાર છે. નગરપાલિકાને આવકના સાધનો નહીં હોય તો કયાંથી પૂરું કરશે? પીવાના પાણીની વાતો ખૂબ થાય છે. હમણા મને જાણવા મળ્યું છે કે ૩૨૦૦ ગામોને ટેન્કરથી પાણી આપવાની ગયા વર્ષે જરૂર પડી ૪૭૦૦કરોડનું કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ જે વિભાગમાં થયું હોય રાજયમાં સૌથી મોટું મૂડીરોકાણ કોઈ થયું હોય તો પાણી પુરવઠા બોર્ડ દ્વારા નર્મદા નિગમ પછીનું એનું રિઝલ્ટ શા માટે નથી આવતું? મોંઘી દાટ ડી.પી. પાઈપ તમે વાપરો. પી.વી.સી.ની પાઈપ અને જે ભાવમાં મળી એના કરતા ૬ ગણા ભાવે ડી.જી. પાઈપ લેવામાં આવતી હોય અને નાણા ખાતું એની અંદર પોતાનો પ્રતિનિધિ બોર્ડની અંદર હોય તો કરકસર માટે, ખર્ચ બચાવવા માટે શા માટે કહેતા નથી. દરેક ઠેકાણે આ બાબત ઉપર આપનું ધ્યાન દોરવા માગું છું.

વાઈબ્રન્ટના નામે કેવા લોકો આવેલ છે. એ.બી.જી. શીપયાર્ડ કરીને દહેજમાં ૪૦૦ કરોડના ખર્ચ ઉપર બિલ્ડિંગ યાર્ડ કરવું છે. નાણા મંત્રીશ્રી તપાસ કરે કે એમની પાસે આપણા કેટલા પૈસા બાકી છે. રાજયના સેલ્સ ટેક્સના બાકી પૈસા ન ભરતા હોય અને નવી દરખાસ્તો એટલા માટે લઈને આવ્યા છે આના ઓઠા નીચે કે એમને ટેક્સ ભરવામાંથી મૂકિત મળી જશે. આવી બાબતો ફાઈનાન્સ બિલ ઉપર આવશે ત્યારે વિચાર કરીશ. મારું તારણ એ છે કે આ બધી બાબતોનો આયોજન પંચના તારણમાં ખ્યાલ હોત તો એ જુદુ કહેત, તેમની સાથે આયોજન પંચ પાસે જઈને વાર્ષિક યોજના મંજૂર કરાવવી છે, એના માટેની આપણે બધા નોંધ લઈએ અને ગુજરાત રાજયના વિકાસની બાબત છે. વિકાસશીલ બજેટ કહેતા હોઈએ તો વિકાસલક્ષી કહેવા માટેનો આની અંદર કોઈ પ્રયાસ નથી કર્યો.

**શ્રી બિમલ શાહ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આ ગૃહની અંદર અગિયારમી વખત ગુજરાત રાજયના ભવિષ્ય માટેનું બજેટ લઈને આવ્યા છે, ત્યારે એને આવકારવા માટે, અનુમોદન આપવા માટે હું આપની સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું બજેટની શરૂઆત થઈ ત્યારથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય સભ્યશ્રીઓ અને હમણાં છેલ્લે માનનીય મુરબ્બીશ્રી બાબુભાઈ જેઓ ગુજરાત રાજયના નાણામંત્રી તરીકે રહી ચૂકેલા છે તેમને સાંભળ્યા. મારે શરૂઆત ક્યાંથી કરવી અર્જુનભાઈથી કે પછી બાબુભાઈથી. આ બજેટના સંદર્ભની અંદર મને દુઃખ એ બાબતનું છે કે વિરોધ પક્ષની ભૂમિકા તરીકે સામાન્ય સંજોગોમાં એમની અપેક્ષા હોય કે રાજય સરકાર તરફથી બજેટ મૂકાયું હોય તો આમાં શું વધારો થઈ શકે? એના સંદર્ભમાં આપણે શું આગળ કરી શકીએ? આ તો કોન્સ્ટંટ બાબુભાઈ અફસોસ કર્યા કરે કે આયોજન પંચ દ્વારા ૧૧ હજાર કરોડ મંજૂર કરાવી લાવ્યા. આ અફસોસ કરવાની વાત છે? આપણે અફસોસ કરીએ કે ૧૧ હજાર કરોડ મંજૂર કરીને લાવ્યા. આનો તો જશ લેવો જોઈએ. આનંદ હોવો જોઈએ, જ્યારે રાજયના મંત્રી નાણાની ફાળવણી કરતા હોય ત્યારે એવો ભાગ નથી પાડતા કે આ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય છે કે કોંગ્રેસના ધારાસભ્ય છે. બજેટની ફાળવણી સપ્રમાણ થાય છે. સ્ટેટને ૫૦ લાખ આપવાના હોય કે પંચાયતને તમને બધાને એ મળતા હોય છે. નાણા મંત્રી જ્યારે ૧૧ હજાર કરોડ મંજૂર કરાવીને લાવ્યા, ત્યારે આનંદ અને ગૌરવ હોવું જોઈએ, પણ અફસોસ થાય છે કે કેટલીય વખત સરખામણી કરી છે.

હું અર્જુનભાઈનું ભાષણ સાંભળતો હતો, ત્યારે તેમણે સરખામણી કરી. ગયા વર્ષે બજેટમાં પાણી પુરવઠા વિભાગ માટે આટલા રૂપિયા મૂક્યા હતા. આ વર્ષે બજેટમાં આટલા મૂક્યા. આ વખતે ઓછા કર્યા. આનંદ, ગૌરવ છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ભારતીય જનતા પાર્ટીએ હરણફાળ ભરી છે. એમની ૪૫ વર્ષના શાસનની પ્રવૃત્તિ જોઈ લે. છેલ્લા ૭ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની પ્રવૃત્તિ જોઈ લે. આંકડાની માયાજાળમાં નથી પડવા માગતો. આંકડા છાપેલા જોઈ શકીએ છીએ. અફસોસ એ છે કે એમણે આ ચોપડી વાંચી નથી. મેં વજુભાઈનું ધ્યાન દોર્યુ કે આ છાપવામાં ભૂલ છે. જો કોઈ વિરોધ પક્ષના બોલ્યા હોત તો આનંદ થાત. આ બૂક નથી વાંચી. એમાં લખેલ છે કે વાહનવ્યવહારના ૧૨૬૩ કરોડ રૂપિયા. માર્ગ અને વાહનવ્યવહાર આવે. એમનું ધ્યાન નથી પહોંચ્યું કે ૧૨૬૩ કરોડ વાહનવ્યવહારના હોઈ શકે? માર્ગ અને વાહનવ્યવહાર ભેગું થાય ત્યારે થાય. આ બૂક વાંચવામાં રસ નથી. રાજકીય અવલોકનો, રાજકીય ભાષણો અત્યાર સુધીમાં કર્યા. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી તેમાં કદાચ કંઈક ખૂટતું હોય અને કહયું હોત તો આનંદ થાત. તેમણે પોતે જ આ પ્રમાણેની બૂક બનાવીને પ્રજા સમક્ષ, આ ગૃહ સમક્ષ મૂકી હોત તો ચોકકસ આનંદ થાત, પરંતુ દુઃખ એ થાય છે કે આ પ્રવૃત્તિ આપણે નથી કરી શકતા. આ માનસિકતા બંધ થઈ શકતી નથી. એમાંથી આપણે વિરોધ કયાં કરવો, એમાંથી કયાં વધારે સારું થઈ શકે તેની ચિંતા થતી નથી સાહેબ, આ સુજલામ્ સુફલામ્‌ની વાત કરતા હતા. સુજલામ્ સુફલામ્‌માં તેમને ખબર નહીં પડે સુજલામ્ સુફલામ્‌થી સિંચાઈમાં કેટલા લોકોને લાભ મળવાનો છે, કેટલા પરિવાર ઉગરવાના છે જેનો એક પાક થાય છે તેના ત્રણ પાક કરવાના છે તેનો ખ્યાલ નહીં આવે. અમારા બાલાસિનોર, વિરપુર અને કપડવંજની અંદર મેં અનેક પરિવારો જોયાં છે. ત્યાં આગળ કેટલાક પરિવારોમાં દીકરી પરણીને આવે અને વરસાદ ન પડે અને પાક ન થાય તો દીકરી અપશુકનિયાળ છે એમ કહે. એમના ઘરમાં દીકરો જનમ્યો હોય અને પાક સારો ન થાય તો કહે કે દીકરો અપશુકનિયાળ છે. આ માનસિકતા ઉભી થવાનું કારણ? સિંચાઈની આજસુધીની કોઈ યોજનાઓની તેમને ખબર નહોતી. સિંચાઈના લાભથી કોઈ દીકરી પાછી નહીં જાય અને કોઈ દીકરો અપશુકનિયાળ નહીં થાય. આ અંદાજ તેમના મનમાં આવતો નથી.

પાણી પુરવઠા બોર્ડની અનેકવિધ યોજનાઓ, સાહેબ ગયા પાંચ વર્ષમાં ૧૫૭ યોજનાઓ કરી અને આ વખતની યોજનાઓ તમે જુઓ. ફકત યોજનાઓના ખાત મૂર્હુત નથી. અમારા વજુભાઈ સાહેબ એક સારું ઉદાહરણ

આપતા હતા. તેને ફરી રીપીટેશન નહીં કરું. તમે જે પથરો મૂકો અને પથરાની કયારે ખબર પડે. અમે ખાત મૂર્હુત નથી કરતા અને કરીએ છીએ તે જ દિવસે ઉદઘાટનની પણ તારીખ માગીએ છીએ કે ભાઈ તારીખ આપો અને તે જ તારીખે ઉદઘાટનની પ્રક્રિયા થાય છે. હું ટીકા ટીપ્પણીમાં પડવા નથી માગતો. ૫૦-૫૦ વર્ષના વાણાં વાઈ ગયાં. તમારે પોતાની જાતને આરસીમાં જોવા જેવી પરિસ્થિતિ છે. સમાજ કલ્યાણમાં કેટલા પૈસા વાપર્યા તેની વાત નહીં કરે. અરે, કુંવરજીભાઈ કયાં વાત કરો છો. તમે ઈન્દિરા આવાસ, સરદાર આવાસ અને હું તો કહું કે તમારે કોંગ્રેસ આવાસ નામ આપવું હતું. ૫૦ વર્ષમાં એક ગામમાં પાંચ પાંચ કર્યા હોય તો આજે ૫૦ વર્ષે ૨૫૦ થાય. તમે તેની કોઈ ચિંતા ના કરી. આપણા ઘર કેમ ભરાય, માફ કરજો, આપણા વડીલોએ આ દિશામાં પ્રયત્ન કરીને કમનસીબે ગુજરાતની પ્રગતિને અવરોધી છે. અરે વચ્ચે ના બોલો. તમારા વડીલો કરીને ગયા છે. તમારો વાંક નથી કાઢતો, તમારી પર તો દયા ખાઉં છું, દયા એટલા માટે ખાઉં છું કે તમે વિચાર કર્યો છે. તમે જે શિક્ષકોની ભરતી કરી અને અમે સાત વર્ષમાં જે શિક્ષકોની ભરતી કરી, કેટલા શિક્ષકો ખૂટતા હતા. અરે તમને તો અભણ રાખવામાં રસ હતો. અધિકારીમિત્રો, માનનીય મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ ગામડે ગામડે જાય અને કન્યા કેળવણીની વાત કરે છતાં આપણને ન ગમે, પાછા એમ કહે છે કે નવા નવા શબ્દો લઈ આવી તમાશા કરે છે. આને તમે તમાશો કહો છો? તમને આ તમાશો જ લાગવાનો છે. આજસુધી... સાહેબ કમળો થયો હોય તેને બધુ પીળું જ દેખાય છે. જે પ્રયત્નો વત્તા ઓછા પ્રમાણમાં થયા છે તેને એપ્રીસીએટ કરીને તેમાં સારાં સૂચનો કરવાને બદલે તમાશો કહીને વાત કરો છો. ત્યારે મારે કહેવું છે કે આ ગુજરાતની પ્રજા તમને કયારેય પણ માફ નથી કરવાની. તમારે •** (લાળ) પડવાની કાયમ માટે ચાલુ રહેવાની છે. વજુભાઈને પંપ મારો કે ગમે તેને પંપ મારો તમારે ત્યાં જ બેસવાનું છે. મારા એક મિત્ર સાચું કહેતા હતા કે તમે અગિયાર વર્ષ સુધી વિરોધપક્ષના નેતા તરીકે રહો. ગુજરાતના વિકાસની દિશામાં વિચાર કરીને આ બજેટમાં અને બજેટની (અંતરાય) મોઢવાડિયાભાઈ તમને સાચું કહું છું. હા, એટલે આવતી વખતે વિધાનસભામાંથી ઘરે જ. સાચી વાત છે. આટલી બધી સીટો કઈ રીતે આવી જાય. આટલી સીટો કેવી રીતે આવી જાય? હવે નહીં આવવા દઈએ. સાચી વાત છે. તમારા બાબુભાઈ તો ફરી જીતી જશે. તેમની ચિંતા ના કરતા. આ ** (લાળ) કાયમ માટે પડવાની છે.

**અધ્યક્ષશ્રી** : આ** (લાળ) શબ્દ પાછો ખેંચો.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ** (લાળ) શબ્દ પાછો ખેંચી લીધો બસ. મને આનંદ એટલા માટે છે કે આ બજેટની અંદર નાનામાં નાની વાતથી માંડીને ગુજરાતના વિકાસની દ્રષ્ટિ. હમણાં જ મારી પાસે મને વેપારી મહામંડળનો આવકારનો લેટર. વેરા વગરના ગુજરાત રાજયના બજેટને ગુજરાત વેપારી મહામંડળ આવકારે છે. તમને કોપી મોકલાવું છું. હું આપને પણ કોપી મોકલાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, મને એમ લાગે છે કે, એકેએક વસ્તુ તો ઝીણવટથી જોઈ હોત અને આ બૂકનો અભ્યાસ કર્યો હોત તો આમાંથી એક પણ માણસ આ વસ્તુ બોલી શક્યા નહોત, બધા અલગ અલગ એમના વિષયો મેં કાઢ્યા છે.

જયોતિગ્રામ યોજના, એમણે વીજળીની આટલી બધી ચિંતા કરી છે, ત્યારે મને દુ:ખ એ વાતનું થાય છે કે, એમણે પચાસ પચાસ વર્ષમાં આ ગુજરાતમાં પ્રતિનિધિત્વ કર્યુ છે, એમણે પીવાના પાણીની વાત કરી કે તેઓ ચૂંટાયા પછી બિસ્લેરી પાણી પીએ, ઘરમાં બિસ્લેરી પ્લાન્ટ આવે, તેઓ જ્યાં જ્યાં ફંકશનમાં જાય ત્યાં આગળ બિસ્લેરી પાણીની બૉટલો મૂકવામાં આવે અને તેઓ જ્યાંથી ચૂંટાયા છે એને પીવાનું ચોખ્ખું પાણી મળે છે કે નહીં એની ચિંતા એમણે આજ દિવસ સુધી કરી નથી. આ પીવાના પાણીની ચિંતા માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ અને અન્ય મિત્રોએ કરી છે અને આજે તમે ફીલ્ટરવાળું પાણી પી શકો છો. નર્મદાનું પાણી પી શકો છો, તેઓ નર્મદા માતાનું નામ ન લે, એનાથી ધન્ય થવાતું હતું, આજે ગામોમાં અને તમારા ઘરમાં નર્મદા માતાનું પાણી અમે મોકલીએ છીએ એને પણ તમે આવકારી નહીં શકો? દુ:ખ તો એ બાબતનું થાય છે કે પેટા પરાઓમાં વીજળી ન હોય, ગામોમાં વીજળી ન હોય, ઘરમાં વીજળી ન હોય, અંધારું હોય અને રાત્રે કોઈ બહેનને ડિલિવરી આવે, એક બાજુ વરસાદ પડતો હોય તો રસ્તામાં એ બેનને ડિલિવરી થઈ જાય એટલે કાં તો બાળક ગુમાવવું પડે કે માતા ગુમાવવી પડે એવા રસ્તા પહેલાં હતા પણ એમના પેટનું પાણી પણ હાલતું ન હતું, આજે જ્યારે આપણે જયોતિગ્રામની યોજના લાવ્યા છીએ તો કહે છે કે તમે જયોતિગ્રામની યોજના કરી, હવે અમે ઘરે ઘરે, ગામેગામ, પેટા પરાંઓમાં, ઝૂંપડ-ઝૂંપડે વીજળી આપીએ છીએ અને તમે એ સ્વીકારી શકતા નથી,

રસ્તાની વાત કરી તો એમના વખતમાં કેટલા અને કેવા રસ્તા હતા? એક એક, બે બે, ત્રણ ત્રણ કલાકે ગામમાં આપણે જઈ શકીએ, અને આપણને પોતાના ગામમાં જવું હોય તો પ્રશ્નાર્થ ચિહ્ન થાય, તો માનનીય અધ્યક્ષશ્રી, ગોકુળ ગામથી શરૂ કરીને, અત્યારના ગ્રામીણ રસ્તાઓ જે આપણે આપ્યા છે, જ્યાં માટીના પણ રસ્તા ન હતા, ત્યાં આપણે સીમેન્ટના રસ્તા આપ્યા છે છતાં પણ એ સ્વીકારી શકતા નથી. (અંતરાય) હું તમારી વાત નથી કરતો, અહીયાં બેઠેલા એકાદ બે સિનિયર સભ્યો છે, બાકીના સભ્યશ્રીઓનો વાંક નથી કાઢતો, આ તો તમારા પૂર્વજોએ કર્યુ છે. ૪૫ વર્ષ સુધી એમણે ચિંતા નહોતી કરી, એટલે તમે દુ:ખ ન લગાડો, પેવરના રસ્તા નહીં થયા હોય તો પેવર થઈ જશે, હું વિશ્વાસ સાથે કહું છું, મને ધારાસભ્ય તરીકે વિશ્વાસ છે એ આ ભાજપની સરકારમાં એક પણ રસ્તો તમારો બાકી નહિ રહે, જોબનંબર આપવાની જગ્યા બાકી નહીં રહે એટલા જોબનંબર આપવામાં આવશે એટલો મને વિશ્વાસ છે. મને અમારી સરકારમાં વિશ્વાસ છે, મને મારી પાર્ટીમાં વિશ્વાસ છે, થોડીક ધીરજ

• ( ***) આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર પાછો ખેંચી લેવામાં આવ્યો.

રાખો, તમે જે ૪૫ વર્ષમાં કામો નથી કર્યા, તમે તમારા ગામમાં જઈને પૂછો આપના બાપદાદાઓને કે આ બધું આપણા ત્યાં હતું? અને આજે આ મળ્યું છે. સવાલ અને અપેક્ષા મારી એટલી જ છે કે જે શરૂઆતમાં પીવાના પાણીની વ્યવસ્થા, રસ્તાની વ્યવસ્થા, શરૂઆતના સંદર્ભમાં શિક્ષણની વ્યવસ્થા, વીજળીની વ્યવસ્થા,આ બધી વ્યવસ્થાઓ પહેલાંના વર્ષોમાં થવી જોઈતી હતી પણ કમનસીબે આ બધાં કામો આપણા ઉપર છોડ્યાં અને આપણે છેલ્લા પાંચ વર્ષોમાં આ બધી વ્યવસ્થાઓ ઊભી કરી.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની વાત કરું તો અમે અત્યાર સુધી બેરોજગારો માટે લડતા આવ્યા છીએ. હમણાં માનનીય સભ્યશ્રી પ્રદિપભાઈએ લાગણીથી પૂછ્યું કે બેરોજગારો માટેનો નવો પ્રસ્તાવ લાવવા માટેની વાત કરી એટલા માટે કે અમારો બેરોજગારો પ્રત્યે લગાવ છે, એપરલ પાર્કમાં રોજગારી પ્રાપ્ત થવાની છે, જવેલરી પાર્ક દ્વારા રોજગારી પ્રાપ્ત થશે, એ બાબત તેઓશ્રીને દેખાતી નથી, ગુજરાતમાં લોકલ ઈન્વેસ્ટમેન્ટના કારણે અનેક ઈન્વેસ્ટમેન્ટો આવી રહ્યાં છે એના કારણે લોકોને રોજગારી મળવાની છે એ એમને દેખાતું નથી, અરે, એનાથી આગળ વધીને કહું તો ગુજરાતમાં જે રીતના નવરાત્રી મહોત્સવ, પતંગ મહોત્સવના કાર્યક્રમો થવાથી રોજગારીની તકો ઉભી થવાની છે, ગુજરાતનું જે ટર્નઓવર છે એ વધે અને અનેક વેપારીઓ તો, મને યાદ છેકે ઑકટોબર મહિનાથી છેક ફેબ્રુઆરી- માર્ચ સુધી મારા ત્યાં એક બે એન. આર આઈ. એવરેજ આવે છે. એટલા માટે આવે છે કે એમને ગુજરાતમાં વિશ્વાસ વધ્યો છે અને તેઓ ગુજરાતમાં પોતાનું નાનું મકાન રાખે છે, ગુજરાતમાંથી નાની નાની ખરીદી કરે છે, એકેએક વસ્તુ આપણે જોઈએ તો ગુજરાતને ઘણો ફાયદો છે. ત્યારે આપણે વિકાસની બાબતમાં પક્ષાપક્ષીમાં ન પડવું જોઈએ,

માનનીય સભ્યશ્રી તો અફસોસ કરે છે કે ૧૧ હજાર કરોડ રૂપિયા આયોજન પંચમાંથી લઈ આવ્યા, શા માટે તેઓ અફસોસ કરે છે, આપણે સુજલામ્ સુફલામ્ યોજના મૂકી, પાણી પુરવઠાની યોજના મૂકી, નર્મદા યોજના મૂકી, આ વર્ષમાં દશ મીટરનો વધારો કર્યો એને એપ્રિશીયેટ નહીં કરવાનું? એનાથી કેટલાક હેકટરને સિંચાઈનો લાભ મળશે. આપને ખબર નથી કે, આ તૂટતાં ગામડાંઓ છે એ ગામોને આ સિંચાઈનો લાભ મળવાથી આ ગામોમાં પાકાં મકાનો થયાં છે. ખાલી કપડવંજની વાત કરું તો અમે ચેકડેમો બાંધ્યા, પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા કરી એના કારણે ૩૭ ટકા જેટલું હીરો હોન્ડાનું વેચાણ વધી ગયું. આ તો એક નાના તાલુકાનો દાખલો છે. સર્વાંગી વિકાસના સંદર્ભમાં વાત નહીં કરવાની અને ફકત રાજકીય વાત કરવાની? એટલા માટે મને દુ:ખ છે. આમાં કેટલાક મારા નવયુવાન મિત્રો બેઠા છે. અત્યાર સુધી અનેક સંદર્ભમાં આદિવાસી ભાઈઓની વાત કરી, દલિત ભાઈઓની વાત કરી, બક્ષીપંચના ભાઈઓ માટેની વાત કરી. બક્ષીપંચના ભાઈઓ, આદિવાસી ભાઈઓ, દલિત સમાજના ભાઈઓના આ પરિવાર માટેના ૫૦ વર્ષના બજેટનો સરવાળો કરો અને ગુજરાતના પરિવારો સાથે ભાગો તો એક એકને કેટલા પૈસા પહોંચી શકયા છે? પરંતુ આપણા કમનસીબે મધપુડાની મધમાખીની જેમ આ બજેટના પૈસા, આ યોજનાઓના પૈસા તેઓ ચૂસી ચૂસીને પોતાના ઘરે લઈ ગયા અને ગરીબોને એમનમ રાખ્યા. મારા બક્ષીપંચના ભાઈઓ એમનમ રહ્યા છે એની ચિંતા નથી કરતા. એ પરિવારોમાં જઈને જુઓ તો ખરા, એ દ ારોમાં જઈને નજર તો નાંખો કેટલીક વખત તમારે નજર ફેરવી નાંખવી પડે એવી સ્થિતિ છે. આ પરિસ્થિતિમાં આપણો સમાજ જીવી રહ્યો છે. શહેરોની અંદર ઝૂંપડપટ્ટીઓમાં આપણા પરિવારો જીવી રહ્યાં છે એના માટે આ બજેટમાં નાની-મોટી વ્યવસ્થા કરવામાં આવી છે. શા માટે નગરપાલિકાઓનો વિચાર કરવાની વાત કરી છે? નગરપાલિકાઓમાંથી મોટા શહેરોમાં લોકો આવે નહીં એટલા માટે એનો વિકાસ કરવા એકે એક નાની બાબતની ચિંતા કરીને આ બજેટમાં પ્રોવિઝન કર્યું છે એને આવકારવું જોઈએ, સર્વાનુમતે આવકારવું જોઈએ. હું ચોકકસ કહું છું કે, અમારી કોઈક જગ્યાએ ખૂટતી કડી તમને લાગતી હોય અને હજુ તમને એમ લાગતું હોય કે આમાં આટલો વધારો આ પ્રમાણે કરી શકાય તો અમે કરવા તૈયાર છીએ. અરે, કેન્દ્ર સરકાર તમારી છે તમે ગૌરવ લો, તમે કેન્દ્ર સરકારની યોજના મંજૂર કરાવો, કેન્દ્ર સરકારમાં જઈને પોતાના લાભ માટે, પોતાની યોજના માટે, પોતાના મંત્રીશ્રીને સાથે રાખીને, પોતાના મુખ્યમંત્રીશ્રીને સાથે રાખીને કેમ ન કરી શકાય? અમારી સરકાર હતી ત્યારે અમે તાલુકે તાલુકે જેટલી યોજના કેન્દ્ર સરકારની હતી એના માટે અમારા ધારાસભ્યશ્રીઓએ સક્રિય થઈને એ યોજનાઓનો ભાલ લઈને મંત્રીશ્રીઓને સાથે રાખીને આ યોજનાઓને મંજૂર કરાવી હતી અને એ યોજનાઓ ગામે ગામે આજે પણ ચાલી રહી છે. આ કામ આપે નથી કરવું ફકત રાજકીય અવલોકનો કરવાં છે? આવી અનેકવિધ વાતોમાં મુરબ્બી શ્રી બાબુભાઈની વાત અલગ છે કે કચ્છની બહાર તેઓ નીકળી શકતા નથી એટલે એમની ગેરહાજરીમાં મારે ચર્ચા કરવી નથી. એ વાત કરતા હતા કર્મયોગીની અને હાંસી ઉડાવતા હતા. આપણે એ દિશામાં પ્રયત્નો નથી કરવાના? કયાં સુધી આપણી પ્રજા બિચારી બાપડી રહેશે? કયાં સુધી પ્રજા માગતી રહેશે? એ પોતાના હકો કયારે ભોગવશે? આ વાત નથી સમજવી અને કર્મચારીઓનો પણ એ અભિપ્રાય ઉભો નહીં કરવાનો કે છેવટે તમે બધા પ્રજા માટેના છો અને એના માટેની શિબિર માટે પૈસા ખર્ચાતા હોય તો એના માટે આપણે હાંસી ઉડાવીએ? હું એમ માનુ છું કે, આ દિશામાં પગલાં જે ભર્યા છે એ દિશામાં એમણે વધારે સહકાર આપવો જોઈએ. હું તો એમ માનુ છું કે, પ્રજાના પ્રતિનિધિ તરીકે પોતે પણ કર્મયોગી કેવી રીતે થઈ શકે જેથી કરીને આપણા તાલુકાના વિકાસ માટે, આપણા મત-વિસ્તારના વિકાસ માટે, મત-વિસ્તારના લોકો માટે આપણે વધારે સારું શું કરી શકીએ?

માનનીય અધ્યક્ષશ્રી, એમણે આઈ.ટી.ના સંદર્ભમાં વાત કરી, હું દાવો કરીશ કે ભારતના બધા જ રાજયોની સરખામણીમાં કદાચ સોફટવેરનું આપણે ત્યાં એકસ્પોર્ટ ઓછું હશે, પરંતુ જયાં ઈમ્પ્લીમેન્ટેશનની વાત છે ત્યારે

આઈ.ટી. ક્ષેત્રમાં ઈમ્પ્લીમેન્ટેશન એકલા ગુજરાતમાં જ વધારે છે. પછી એ હૈદરાબાદની વાત હોય, બેંગ્લોરની વાત હોય કે મહારાષ્ટ્રની વાત હોય મને વિશ્વાસ એટલા માટે હતો કે અમે એ વખતે પણ કહ્યું હતું કે એકલા હૈદરાબાદ કે સિકંદરાબાદમાં ડેવલપમેન્ટ કરવાથી આખા આંધ્રપ્રદેશનું ડેવલપમેન્ટ થવાનું નથી. એકલા મુંબઈ કે નાગપુરનું ડેવલપમેન્ટ થવાથી આખા મહારાષ્ટ્રનું ડેવલપમેન્ટ થવાનું નથી. એ વખતે પણ આપણે એમને કહેતા હતા કે, એકલા બેંગ્લોરનું ડેવલપમેન્ટ થવાથી કર્ણાટકનું ડેવલપમેન્ટ થવાનું નથી. આ ગુજરાતમાં એક એક તાલુકાની પોતાની અલગ ઓળખ છે. કચ્છમાં પણ ઉદ્યોગો વિકસી શકે છે, રાજકોટમાં પણ ઉદ્યોગો વિકસી શકે છે અને જામનગરમાં પણ ઉદ્યોગો વિકસી શકે છે. એનાથી આગળ આપણે ત્યાં વધુમાં વધુ એરપોર્ટ છે, વધુમાં વધુ જેટ એરવેઝ હોય કે ઈન્ડિયન એરલાઈન્સ હોય એના વધુમાં વધુ પ્લેનો આપણે ત્યાં આવે છે. ડેવલપમેન્ટનો સૌથી મોટામાં મોટો ચાન્સ ગુજરાતમાં છે. એકે એક આઈ.ટી. ઈમ્પ્લીમેન્ટેશનના સંદર્ભમાં વિચાર કરીએ તો આજે જે ગુજરાત કરે છે, ઈ-ગ્રામની વાત કરી હોય કે ઈ-ગવર્નન્સની વાત કરી હોય એ ઈ-ગવર્નન્સનો એવોર્ડ ગુજરાતને મળ્યો છે એ એમને કદાચ ખબર નહીં હોય. એમને કદાચ ખબર નહિ હોય એ કેટલીક વખત ભ્રષ્ટાચારની વાતો કરે છે પણ આ ભ્રષ્ટાચારને કઈ રીતે રોકી શકાય છે પ્રજાના પૈસા સરકારમાં કઈ રીતે લાવી શકાય છે ફક્ત ચેકપોષ્ટ ઉપર મેં ઈ-ગવર્નન્સનો ઉપયોગ કર્યો હતો આજે આંકડાઓ બોલે છે ૩૧ કરોડમાંથી આજે આંકડા ક્યાંસુધી પહોંચ્યા છે. એનો થોડોક અભ્યાસ કરીને તો વાત કરો. સેલ્સટેક્સની આવક વધતી નથી, સેલ્સટેક્સમાં કેટલાક લોકોને તમે બેનીફીટ આપો છો.

ગુજરાતની અંદર આજે કેટલી ઈન્ડસ્ટ્રીઝ આવી શકે તેમ છે એના સંદર્ભમાં વિચાર કર્યો હોત તો ફક્ત કચ્છ વિસ્તારની વાત કરું છું કચ્છમાં હું પચાસ ઈન્ડસ્ટ્રીઝના નામ આપી શકું તેમ છું કે કચ્છમાં પચાસ ઈન્ડસ્ટ્રીઝ છેલ્લા એકાદ-બે વર્ષના ગાળા દરમ્યાન આવી છે. આ પચાસ ઈન્ડસ્ટ્રીઝ ઉપરાંત હજી બીજી ઈન્ડસ્ટ્રીઝ આવી શકે તેમ છે. આવી અનેકવધિ ઈન્ડસ્ટ્રીઝ ગુજરાતની અંદર આજે પણ ડેવલપ થઈ શકે તેમ છે. આ ગુજરાતને બદનામ કરવાની પ્રક્રિયા જે પ્રમાણે થઈ રહી છે, એમ હું સમજું છું. ગુજરાતને તમે અન્યાય કરો છો, ભૂકંપ ભૂકંપની વાતો કરો છો, ભૂકંપ માટે એમને એક શબ્દ પણ કહેવાની જરૂર નથી એમની લાયકાત નથી હું એટલા માટે કહું છું કે ભૂકંપની અંદર ગુજરાતને સૌથી મોટામાં મોટું નુકશાન જો કોઈએ કર્યું હોય તો એ મારા સાથી મિત્રો કોંગ્રેસના મિત્રોએ કર્યું છે. ભૂકંપગ્રસ્ત લોકોને જે ગેરફાયદો કરાવ્યો હોય તો એ મારા સાથી મિત્રો કોંગ્રેસના મિત્રોએ કર્યો છે. એ મેં નજીકથી જોયું છે. અનેક લોકોએ ગુજરાતની અંદર પૈસા આપવા માટેની તૈયારી બતાવી છે, અરે, બિલ ક્લીન્ટન પણ તમારા કચ્છમાં આવીને જોઈને ગયા છે અને ગુજરાતની અંદર કઈ રીતે પૈસા વાપરી શકાય છે એની ચિંતા કરીને ગયા હતા. આ આપણી કમનસીબી છે તમે ગુજરાતને બદનામ કરીને ગુજરાતમાં બહારથી આવતા પૈસાને આપણે રોકી લીધા છે. આ બધું બોલવાથી, એસ.ટી. ખાડે ગઈ છે તમે જ કહેતા હતા કે આ જ વખતે તમે વિરોધ કરતા હતા ત્રણ હજાર બસો તમે કેમ લાવ્યા આ ૧૨૦ કરોડની નવી બસો જ આવવાની છે, તમારા અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનનો તમને નાનો વહીવટ આપ્યો આ મોટો વહીવટ તો તમારે ભૂલી જ જવાનો છે કાયમ માટે, તમને અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનનો નાનો વહીવટ આપ્યો જૂઓ તો ખરા તમારી એ.એમ.ટી.એસ.ની હાલત શું છે? કયા મોઢે તમે એસ.ટી.ની વાત કરો છો. ટૂંકમાં મારો કહેવાનો ભાવાર્થ એ છે કે જે પ્રમાણે આ બજેટ ફાળવણી ગુજરાતમાં આદિવાસી વિસ્તાર હોય ,સમાજ કલ્યાણ વિભાગની વાત હોય, વન વિભાગની વાત હોય..

**અધ્યક્ષશ્રી:** આપની એકવીસ મિનિટ થઈ છે.આપનું પ્રવચન પૂરું થાય છે. નેકસ્ટ, કુંવરજીભાઈ,

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે અને મારા સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું. મારા પહેલાના પૂર્વ વક્તાઓએ આંકડાઓની વાત કરી છે એટલે હું આંકડાઓની માયાજાળમાં પડવા માગતો નથી. કોઈપણ રાજ્યનો સમતુલિત વિકાસ થાય, રાજ્યમાં રહેતી પ્રજાના તમામ લોકોને વિકાસની પૂરતી તકો મળે અને સુરાજ્ય સ્થપાય એ સૌ કોઈ ઈચ્છે. રાજયના નાણાં કરકસરયુક્ત અને યોગ્ય રીતે વપરાય એ પણ જોવાની આપણા સૌકોઈની જવાબદારી છે. આ બજેટની અંદર મને એવું લાગે છે કે કહેવત છે કે દેવું કરીને ઘી પીવું, આમ આ રાજ્ય ઉપર ભારણ કરીને પણ જુદી જુદી યોજનાઓ મૂકો પણ આ યોજનાઓની અંદર પૂરતા નાણા ફાળવવા નહિ અને નાણાં ફળવાયા પછી સમયસર એ નાણાં વપરાય નહિ એની પણ પૂરતી કાળજી લેવામાં આવે નહિ ત્યારે હમણાં માનનીય સભ્યશ્રી બોલી રહ્યા હતા, અત્યારે તો બહાર નીકળી ગયા છે. એમનું કહેવાનું એવું હતું કે તમે પાણી માગો તો અમે દૂધ આપીએ એવી સ્થિતિ એમણે આ ૧૦ વર્ષમાં ઉભી કરી દીધી હોય એવું એમને દેખાય છે. આ બજેટની અંદર જે કેન્દ્ર સહાયક યોજનાઓ છે તે યોજનાઓનું અમલીકરણ થાય એના માટે પણ પૂરાં નાણાની જોગવાઈ કરેલ નથી. જે યોજનાઓની અંદર નાણાંઓ ફાળવવામાં આવે છે, છેલ્લા વર્ષના અંત સુધીમાં તે યોજનાઓ માટે પૂરતાં નાણાં પણ તેમાં વપરાતાં નથી.

હું એકાદ બે વાત હમણાં માનનીય સભ્યશ્રી કહી રહ્યા હતા ત્યારે હું કહેવા માગું છું. ખેડૂતોના વિકાસની વાત, કૃષિના વિકાસની વાત,ગામડાઓના વિકાસની વાત હોય ત્યારે આ બજેટની અંદર કૃષિ તેના વિકાસની વાત, ગરીબ લક્ષી વાત અને વિકાસની વાત તેની અંદર પૂરતાં નાણાંની કોઈ જોગવાઈ મને પહેલી દ્રષ્ટિએ દેખાતી નથી. ખેડૂતને જગતનો તાત કહેવામાં આવે છે. આજે ખેડૂત તાત નહીં પણ બાપડો બની ગયો છે. બોરીબંધની વાત

કરવામાં આવે હું ગામડાંઓમાં જોઉં છું બોરીબંધ તેની બોરી કેટલાં દિવસથી તડકામાં રહે છે તે તો મારા માનનીય મોહનભાઈ બધા જાણે છે. પણ તે બોલે નહીં કારણકે તે તો સત્તામાં બેઠેલા છે. મને એવું લાગે છે કે ગઈકાલે સાંજે થોડુંક સમાધાન થઈ ગયું હશે એટલે સાચું તો કદાચ તે પણ નહીં કહે.

કૃષિ યુનિવર્સિટીની વાત કરી. ચાર કૃષિ યુનિવર્સિટીઓ. આપણી પાસે સક્ષમ વૈજ્ઞાનિકો પણ છે. આપણા વૈજ્ઞાનિકો ભારતમાંથી અન્ય દેશમાં જઈને એવા સંશોધનો કરી લાવે છે કે તેની વસ્તુઓ અને સુધારેલા બિયારણો આપણે વાપરીએ છીએ. ગયા વર્ષે ખેતીવાડીની અંદર બીટી કપાસના બિયારણના ખાલી ૪૦૦ ગ્રામના ૧૫૦૦-૧૫૦૦ રુપિયા આપવા પડ્યા અને કૃષિની વિકાસની આપણે વાત કરીએ. સોઈલ હેલ્થ કાર્ડ યોજનાની વાત કરીએ મારે તો જાણવું છે કેટલાં ગામડાંની અંદર આ નમૂનાઓ લેવાયા અને કાર્ડ અપાયા તે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે. સોઈલ ટુ સેટેલાઈટ લેબ ટુ લેન્ડ. મારે તેમાં એક વાત તે કરવી છે, પાક ઉત્પાદન વધ્યું છે, વાત સ્વીકારીએ પણ શેના કારણે વધ્યું છે? ખેડૂત સુધારેલું બિયારણ વાપરતો થયો છે. રાજય સરકાર સુધારેલું બિયારણ પણ ખેડૂતોને પૂરું પાડી શકતી નથી તે માનનીય મારા સદસ્ય મોહનભાઈ પણ તેમાં રહી ગયા છે એટલે તેમને ખ્યાલ છે. મારે કૃષિની વાત જ્યારે થઈ રહી છે ત્યારે એક-બે વાત તેમના ધ્યાન ઉપર મૂકવી છે કે જ્યારે કોઈ પણ કારખાનું ઉભું કરવામાં આવતું હોય, કોઈ માલિક ઉભું કરે ત્યારે તેની મૂડી, તેમાં કેટલું વ્યાજ, તેનું ઉત્પાદન, મજૂરી, નફો તે બધી જ વાતોને ધ્યાનમાં રાખીને તેના ભાવ નક્કી કરાતા હોય છે.ખેડૂતોને જે ક્રૂડ, ડિઝલ, ફર્ટિલાઈઝર, બિયારણ, વીજળી, મશીનરી તેના સાધન સામગ્રીનો આજથી દશ વર્ષ પહેલાંનો ભાવ હતો તેના કરતાં ભાવ આજે બમણા થયા છે. તેની સામે જે ખેત ઉત્પાદન વસ્તુઓ છે બાજરો, મગફળી, કપાસ તેના ભાવ કેટલા થયા છે? છતાંય આપણે તેને પોષણક્ષમ ભાવો મળે છે, ખેડૂત છે તે આજે સમૃદ્ધ થયો છે એવી વાત કરીએ છીએ ત્યારે બીજા અન્ય ઉદ્યોગોને ૭ હજાર કરોડ જેવી જે કર રાહતો આપવામાં આવી તેમાં વાંધો ના હોઈ શકે. તેના વિકાસ માટે ભલે આપવામાં આવે તેમાં પણ વાંધો ના હોઈ શકે પણ છેલ્લા દશ દશ વર્ષથી સામાન્ય વીજ જોડાણો માટે આજે ખેડૂતો લાઈનમાં ઊભા છે તેને માટે માનનીય નાણામંત્રીશ્રીએ જો આ બજેટની અંદર થોડી જોગવાઈ કરી હોત તો તેમણે આ જે ખેડૂતોના વિકાસની વાત કરીએ છીએ તેને આપણે સામાન્ય કેટેગરીમાં વીજ જોડાણ આપી શક્યા હોત અને ખેડૂતોને અત્યારે જે મહત્ત્વની જરૂરિયાત છે તે આપણે ઉભી કરી શક્યા હોત. દરેક બાબતની અંદર મારા સભ્યશ્રીઓએ જ્યોતિ ગ્રામ યોજના, તેનો પણ વિરોધ ના હોઈ શકે. મારી વાત એ છે કે, જેણે જુલાઇ મહિનાની અંદર જે તત્કાલ વીજ જોડાણો માટે ૬૪૫૧૪ જેવા જે વીજ જોડાણ માટેનાં ૫૦૦ રુપિયા ભરીને ખેડૂતોએ વીજ જોડાણની માગણી કરી છે. આજે એક પણ ખેડૂતને તેને વીજ જોડાણ માટેની કોઈ સુવિધા નથી થઈ.માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ તેના માટેની અલગ જોગવાઈ કરી હોત તો ચોકકસ તેને આવકાર આપત. કે ખેડૂતો માટેની ચિંતા કરી છે. અમે તો એવી અપેક્ષા રાખી હતી કે બે વર્ષ પહેલા અછતનું વર્ષ હતું ત્યારે ઘણા ખેડૂતોના વીજ જોડાણો પી.ડી.સી. થઈ ગયા હતા, એ વીજ જોડાણો માટે વીજ બોર્ડ મારફત આ પી.ડી.સી. જોડાણને નવેસરથી ગણીને તેની પાસેથી વ્યાજ સહિત વસૂલ કરવાની વાત બોર્ડ તરફથી થઈ રહી છે તો એમાં થોડી રાહત આપવામાં આવી હોત તો જરુર આનંદ થાત. આ જૂના વીજ ગ્રાહકો હતા તેમને હમણાં થોડી રાહત આપી છે પણ જો એ જોડાણો માટેની ચિંતા કરી હોત તો ચોકકસ આનંદ થયો હોત.

૭/૧૨ના ઉતારા લેવા માટેની વાત હતી, તેમાં પહેલા એ દાખલા તલાટી મંત્રીઓ સીધા આપતા હતા. આજે ખેડૂતોને તાલુકા મથકે મામલતદાર કચેરીએ લેવા જવું પડે છે, એમાં હવે એટલો સુધારો કર્યો છે કે બે નકલો તલાટીમંત્રી પાસે રાખવામાં આવે અને ખેડૂતોને તેના મારફત મળી શકે. પણ એમાં પણ તલાટીઓ ગામડાંમાં ત્યાં હાજર રહેતા નથી અને તેથી તાલુકા કક્ષાએ ખેડૂતને જવું પડે છે અને ત્યાં ૧૫ રૂપિયાની ફી પણ રાખવામાં આવી છે તેથી ટીકીટ ખર્ચીને તાલુકા કક્ષાએ જઈ અને ૧૫ રૂપિયાની ફી ભરીને આપવામાં આવે છે. જો એમાં કોઈ રાહત આપવામાં આવી હોત તો ચોકકસ અભિનંદન આપત. મારે એક વાત એ પણ મૂકવી છે કે ૧૯૫૫ માં જમીન માપણી થયેલ સીમાન્ત નકકી કરવા માટે, સામાન્ય રીતે મારા ખ્યાલ મુજબ નિયમ એવો છે કે ૩૦ વર્ષે રિસરવે કરીને ફરીથી માપણી કરવાની હોય છે. વારંવાર રજૂઆતો કરવા છતાં આ ગુજરાતના ખેડૂતોને માપણી કરવાની કોઈ જોગવાઈ આમાં દર્શાવવામાં આવી નથી. સૌથી મહત્વની વાત એ છે કે ખેડૂતોને ઉભા કરવાની વાત કરતા હોઈએ ત્યારે હમણાં જ મેં વાત કરી એ પ્રમાણે યોગ્ય ભાવ મળી રહે, પૂરતી વીજળી મળી રહે, એમનાં બાળકોને શિક્ષણ માટે પૂરતી સુવિધા ગામડાંમા થાય, બાળકોના આરોગ્ય માટેની પૂરતી સુવિધા થઈ રહે, એટલી જ મહત્વની વાત એ પણ છે કે હમણાં જ પ્રશ્નમાં ચર્ચા થઈ રહી હતી, પશુઓના ત્રાસ અંગેની, જંગલી પશુઓ, રાની પશુઓથી પાકને બચાવવા માટે ખેડૂતને આખી રાત પાક ઉપર ઉજાગરા કરવા પડે છે. એટલે તે અમારા ખેડૂતોનો પાક બચાવવા માટે અને આ રાની પશુઓથી થતું નુકસાન અટકાવવા માટે કોઈ જોગવાઈ કરી હોત તો ચોકકસ એમને અભિનંદન આપત. મારે થોડી બે ત્રણ વાતો કરવાની છે. વિકસતિ જાતિના કલ્યાણ માટેની મારે વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી .** : આપનું પુરું થયું. માનનીય જસુબેન.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય નાણા મંત્રીશ્રી ૧૧મી વખત ૧૧ હજાર કરોડનું બજેટ લઈને આવ્યા છે, તેને હું ખૂબ ખૂબ આવકારું છું,સમર્થન આપું છું અને સાથે સાથે અભિનંદન પણ આપું છું.

માનનીય નાણા મંત્રીશ્રી અમારા રાજકોટ જિલ્લાના છે એટલે એનું અમને ગૌરવ છે કે આજે આ ગૃહની અંદર ૧૧ વખત બજેટ રજૂ કરવાનો એમને મોકો મળ્યો છે. સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદના પ્રેરણામૂર્તિ સ્વામી વિવેકાનંદનો મંત્ર હતો, " ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત થાય ત્યાં સુધી લડત આપો". ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ ધ્યેયને સિદ્ધ કર્યુ છે. ગુજરાતની પાંચ કરોડની જનતાએ છેલ્લા દસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન જોયું છે. મારે વિવાદમાં નથી પડવું, ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીએ શાસન સંભાળ્યું ત્યારે ગુજરાતના ગામડાંની પરિસ્થિતિ શું હતી? આપણે સૌ એ જાણીએ છીએ. પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગામડાંનો વિકાસ કરવા માટે, ગામડાંને સમૃધ્ધ કરવા માટે દરેક યોજનાઓ બનાવી અને તે યોજનાઓ આજે કાર્યરત થઈ છે. આજે જે જે યોજનાઓ આવે છે તે યોજનાની અંદર સૌથી મહત્વની જો કોઈ યોજના હોય તો તે પાણીની છે. આપણે એમ કહીએ છીએ કે ગામડાંને સમૃદ્ધ કરવું છે, આ કયારે સાચું ઠરશે કે જયારે ગામડાંને સિંચાઈ અને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહેશે. તો જ ગામડું સમૃદ્ધ થશે. તેના કારણે જ આજે આ નર્મદાના પાણી પહોંચાડયા છે. આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ચેકડેમોની યોજનાઓ પણ થઈ છે. ૧૯૯૫ થી ૨૦૦૪ સુધીમાં જે ચેક ડેમો બન્યા છે તે અંગે હું ગામડાંમાંથી આવું છું એટલે મને ખબર છે.

**વિરામ ૪-૩૦ થી ૫-૦૦**

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરુ અધ્યક્ષસ્થાને**

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : (ક્રમશ:): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના વિકાસ માટે નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે, એમાં શિક્ષણ એ મહત્ત્વનો પાયો છે એના વિશે બજૅટની અંદર વધારેમાં વધારે જોગવાઈ કરી છે. આપણે ગુજરાતને જો વિકાસને પંથે લઈ જવું હોય તો શિક્ષણ એ ખાસ જરૂરી છે. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાત રાજયના એક મહિલા શિક્ષણમંત્રી હોવા છતાં આજે દેશની અંદર ગુજરાતને શિક્ષણની અંદર પહેલી હરોળમાં મૂકવામાં આવ્યું છે અને એટલા માટે કે ગુજરાતને જો સારું રાજય બનાવવું હશે તો દરેક વર્ગ શિક્ષિત બને એ ખાસ જરૂરી છે અને એ થશે તો જ સાચા અર્થમાં ગુજરાતનો વિકાસ થશે.

બીજી વાત કરું તો આજે વિરોધપક્ષમાંથી માનનીય સભ્યશ્રીઓ બોલતા હતા ત્યારે હું સાંભળતી હતી. ગુજરાતને શિક્ષણ, પાણી અને વીજળીની જરૂરિયાત છે. આ વીજળી માટે માનનીય ઊર્જા મંત્રીશ્રી જે યોજનાઓ લઈને આવ્યા છે, એ અભિનંદનને પાત્ર છે. અહીંયાં બેઠેલા મોટા ભાગના ધારાસભ્યશ્રીઓ ગામડાંમાંથી આવે છે, ગામડાંની અંદર વીજળીની પરિસ્થિતિ બહુ જ ખરાબ હતી એ પરિસ્થિતિને નિવારવા માટે ગુજરાત સરકારે જયોતિગ્રામ યોજના દાખલ કરીને દરેક ગામને ૨૪ કલાક થ્રી ફેઈઝ લાઈટ મળે એ માટેની વ્યવસ્થા ઊભી કરી છે. ગામડાંની અંદર કોઈપણ નાનો ઉદ્યોગ શરુ કરવો હોય તો એ વીજળી હોય તો થઈ શકે. આજે અમે ગામડાંમાં જઈએ છીએ ત્યારે ગ્રામ્ય વિસ્તારના લોકો કહે છે કે કંઈ નહિ આપો તો ચાલશે, પરંતુ અમને જે વીજળી આપી છે એના લીધે અમારા બાળકો ઉનાળાની અંદર બપોરના ખેતરમાંથી આવીને બે કલાક પંખા નીચે બેસીને આરામ તો કરી શકશે. વિશેષ કરીને વિરોધપક્ષ તરફથી કહેવામાં આવે છે કે ખેતી માટે પૂરતી વીજળી આપો. આજે આપણે જાણીએ છીએ કે પાણીના તળ ખૂબ જ ઊંડા ગયાં છે, એને ઊંચે લાવવા માટેની મહેનત અમે કરી રહ્યા છીએ. અત્યારે ખેડૂતને આઠ કલાક વીજળી મળવાથી રાહત છે. પાણી ન હોવા છતાં મોટર ચાલુ રાખતા એ મોટર વારંવાર બળી જતી, એ પ્રશ્ન આજે નથી. પહેલા સિંગલ ફેઈઝ લાઈટ હોય કે થ્રી ફેઈઝ લાઈટ હોય ત્યારે ખેડૂત ટેટા મારીને ચાલુ કરતો ત્યારે એની મોટર બળી જતી, પરંતુ આજે ખેતીવાડીના કનેકશનો અને ઘર વપરાશના કનેકશનો અલગ કરવાથી આમાં ઘણો બધો બચાવ થયો છે.

ઘણા બધા સભ્યશ્રીઓ આદિજાતિ વિસ્તારમાંથી આવે છે. વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ કહેતા હતા કે આદિજાતિ વિકાસ માટે આ સરકારે કંઈ કર્યુ નથી. આજસુધી કોંગ્રેસના શાસનની અંદર આદિજાતિ વિસ્તારના લોકોનું શોષણ કરવામાં આવ્યું છે. મતબેંક સમજીને એ લોકોને વચન આપીને કામ કર્યું નથી, પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી દરેક સમાજને સાથે રાખીને આજે કામગીરી કરવામાં આવી રહી છે. આદિજાતિ વિસ્તારના બાળકો શાળામાં નહોતા જતા. તેના માટે થઈને આદિજાતિ વિસ્તારના બાળકોને મફત પુસ્તકો આપવામાં આવ્યા. કન્યાઓને ભણાવવામાં આવતી નહોતી. કન્યાઓને માટે સાઈકલની યોજના દાખલ કરીને સાઈકલો આપી. આજે આદિજાતિ વિસ્તારની બાળાઓ સાઈકલ લઈને ભણવા માટે જાય છે. આદિજાતિ વિસ્તારના બાળકોને પહેરવાના પૂરતાં કપડાં નહોતા. ભારતીય જનતા પાર્ટીની સરકારે ગણવેશ યોજના દાખલ કરીને બાળકોને ગણવેશ આપેલ છે. પુસ્તકો નહોતા, ત્યારે પુસ્તકો પણ પૂરા પાડવામાં આવેલ છે. એટલે આદિજાતિ વિસ્તારના લોકોની ચિંતા કરી છે. દરેક વિસ્તારને આ બજૅટમાં આવરીને માનનીય વજુભાઈ જે બજૅટ લાવ્યા છે તે ખૂબ જ આવકારદાયક છે અને ખૂબ જ અભિનંદનને પાત્ર છે. આટલું કહીને મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં નાણાંમંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થઈ છું.

મારી દૃષ્ટિએ અંદાજપત્ર દિશાવિહીન, આંકડાની માયાજાળવાળું અને નિરાશાજનક છે. આમાં કોઈ નવી વાત મને જોવા મળતી નથી. અંદાજપત્રમાં કર્મયોગીની વાત કરવામાં આવી છે. મારા અનુભવે કર્મયોગીમાં કર્મચારીઓ જે તાલીમ લેવા જાય છે, જિલ્લા પંચાયત કે સરકારી ઑફિસોમાં ચાલુ દિવસોમાં આ ટ્રેનિંગ અપાતી

હોવાને કારણે મહત્ત્વના અધિકારીઓ જિલ્લા વિકાસ અધિકારી, કલેકટરશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારી અને અન્ય કર્મચારીઓ ઑફિસમાં હાજર રહી શકતા નથી. તેના કારણે દૂરદૂરથી ગામડાંના લોકો ઑફિસોમાં લોકહિતના કામો માટે આવે છે તેમને ધક્કા ખાવા પડે છે. ચાર-ચાર દિવસ સુધી ધક્કા ખાઈને, એસ.ટી.ના ભાડા ખર્ચીને, સમય બગાડીને લોકો આવે છે અને એમ ને એમ પાછા ફરે છે. તેના કારણે ખરેખર જનહિતને ફાયદો થાય તેના માટે કર્મયોગીની વાત કરો, મારી દૃષ્ટિએ તેમાં ખૂબ જ નુકસાન છે. કર્મયોગીની તાલીમ આપવા માટે અલગ વિચારણા કરીને દિવસો નક્કી કરવા જોઈએ.

ગરીબીની રેખા હેઠળ જીવતા લોકો માટે જે વાત કરી છે. અંદાજપત્રમાં જણાવ્યું છે કે સંખ્યા ઘટી છે, મારી દૃષ્ટિએ સંખ્યા ઘટી નથી. ઘટાડવામાં આવી છે. આંકડાઓ ઓછા મૂકીને એમ કહેવામાં આવ્યું છે કે ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની સંખ્યા ઘટી છે. ખરેખર ગામડાંમાં હજારો લોકો એવા છે કે જેની નોંઘણી કરવામાં આવી નથી. કર્મચારીઓને આ નોંઘણી કરવા માટેનું કામ સોંપવામાં આવ્યું છે અને તેમાં ખરેખર અન્યાય કરીને આ નોંઘણી કરી છે. કેટલાક ખરેખર ગરીબ છે એવા માણસો રહી ગયા છે. જેની પાસે પાકા ઘર છે, ટ્રૅક્ટર છે, સાધનો છે એવા લોકોને પણ બી.પી.એલ. લાભાર્થી તરીકે નોંધીને ઇન્દિરા આવાસ, સરદાર આવાસ અને બીજા લાભો આપવામાં આવે છે, આ પણ ખોટું થયું છે. મારી દૃષ્ટિએ ખરેખર સાચા ગરીબને લાભ આપવા માટે યોજના કરવી જોઈએ. મારી પાસે ગઈકાલે જ એક ખૂબ ગરીબ માણસ પોતાની ભલામણ લઈને આવ્યો, ફક્ત હજામત કરીને પોતાની રોટી કમાય છે. આજે એ કૅન્સરનો દર્દી થયો છે. આજે અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં દાખલ થવા માટે નીકળી ચૂક્યો છે. આવતી કાલે એ દાખલ થવાનો છે. એ તદ્દન ગરીબ છે પણ બી.પી.એલ.નો લાભાર્થી નથી. નોંધાયેલો નથી તો આ કૅન્સરના દર્દીને કઈ રીતે લાભ આપવાના છીએ? તેને લાભ મળવાનો નથી. તેને કૅન્સરની સારવાર લેવાની છે. તેની પાસે ચૂકવવા માટે પૈસા નથી. ત્યારે તેના માટે અમારે જોગવાઈ કરીને તેનું બિલ ચૂકવવા માટે અલગ વ્યવસ્થા ઉભી કરવી પડવાની છે. નામ છે, ભગુભાઈ બી. સોલંકી, મારા વિસ્તારનો રાનપુરા ગામનો છે. એ બી.પી.એલ.માં નથી. નોંધાયેલા નથી. આવા ગરીબ દર્દીઓ છે, ગરીબ લાભાર્થીઓ છે એના માટે કોઈ અલગ વ્યવસ્થા કરીને એને લાભ મળે એવી કોઈ જોગવાઈ સરકારે વિચારવી જોઈએ.

રોજગાર કચેરીમાં જે બેરોજગારો નોંધાયેલા છે. શ્રીમતી રશીદાબેનના પ્રશ્નમાં આંકડા સાથે દરેક જિલ્લામાં કેટલા નોંધાયેલા છે એની વિગતો અમને મળી રહે છે. એવા તો હજારો બેકાર યુવાનો છે કે જે નોંધાયેલા નથી. એના માટે સરકારે શું જોગવાઈ કરી છે? ગામડાઓમાં ઉદ્યોગો નથી, જી.આઈ.ડી.સી. નથી. એવા વિસ્તારોમાં ભણેલા-ગણેલા છોકરાઓ, M.A., B.Ed., C.P.Ed. થયેલા, B.P.Ed. થયેલા છે, એના માટે સરકારે શું વ્યવસ્થા કરી છે? I.T.I. અને જે C.T.I. કરેલા ભણી-ગણીને આગળ વધીને ઘેર બેઠા છે. મેં એમના માટે શ્રમ મંત્રીશ્રીને લેખિત રજૂઆત કરી છે અને C.T.I. થયેલા યુવાનો વર્ષોથી નોકરીની રાહ જોઈને બેઠા છે, એમની ઉંમર પૂરી થઈ છે. એના માટે કોઈ જાહેરાત કરવામાં આવતી નથી. એટલા માટે બેકાર લોકોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે પણ એને રોજી આપવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. ફક્ત શહેરોમાં જી.આઈ.ડી.સી. વિસ્તારો ઊભા કરવામાં આવે છે. દા.ત. સુરત અને અમદાવાદમાં Apparel park અને jems and jewellery park જેવા ઉદ્યોગો ઊભા કરવામાં આવ્યા છે. પરંતુ તેનાથી ત્યાંના લોકોને રોજી-રોટી મળવાની છે. ૧૦૦, ૧૫૦, ૨૦૦ કિલોમીટર દૂર ગરીબ આદિવાસીઓ શિક્ષિત બેકાર છે તેના માટે આપે શું જોગવાઈ કરી છે? એટલા માટે ખાસ નાણા મંત્રીશ્રીને વિનંતી છે કે, આ શિક્ષિત બેરોજગાર છે, ગામડાના ગરીબ આદિવાસી ગ્રૅજ્યુએટો છે એના માટે કોઈ યોજના કરી આપે એવી આપ સાહેબને નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત ખેતી ક્ષેત્રે સુજલામ્-સુફલામ્ યોજના દાખલ કરી છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં ૮૦:૨૦ના જે ચેકડેમ બનાવવામાં આવ્યા છે. અમારા વિસ્તારમાં ૧૦૦ ઇંચથી વધુ વરસાદ પડે છે. આવા ચેકડેમો ત્યાં ટકી શકતા નથી. પરંતુ આ તો ભ્રષ્ટાચાર કરવા માટે, પૈસા ખાવા માટે, એમના **(XXX) લાભ આપવા માટેની આ યોજના છે. અમારા વિસ્તારમાં ફક્ત દરવાજાવાળા જ ચેકડેમ ચાલી શકે તેમ છે. એટલે દક્ષિણ ગુજરાતમાં આ ૮૦:૨૦ની યોજના છે એને રદ કરવી જોઈએ. ત્યાં ફક્ત દરવાજાવાળા ચેકડેમની જ જરૂરિયાત છે. ૮૦:૨૦ના જે ચેકડેમ કોતરો ઉપર બને છે એ કોતરો તો પૂરાઈ જવાના છે. એમાં પાણી ભેગું થવાનું નથી. ચોમાસું જાય એટલે પાણી બધું પૂરું થઈ જાય છે. આવા ચેકડેમ ફક્ત તમારા ** (XXX) લાભ કરાવી આપવા, તેમને પૈસા કમાવી આપવાનું સાધન બનાવ્યું છે. આ યોજના બંધ કરીને અમારે ત્યાં ફક્ત દરવાજાવાળા ચેકડેમ જ ચાલી શકે એ બનાવવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, બોરી બંધ. હમણાં જ ભાઈશ્રીએ ખૂબ સરસ વાત કરી. બોરી બંધમાં બોરીમાં રેતી ભરીતે કોતરોમાં મૂકવામાં આવી. અમારા વિસ્તારમાં આ બોરી બંધમાં પાણી ભરેલું જોવા નહીં મળે. બધી રેતીના ગુણ ભરી ભરીને મૂકેલા એ તો અમારે ત્યાં રેલ આવી એટલે એમાં આ રેતી ભરેલી બોરીઓ કયાંય ચાલી ગઈ. આજે ત્યાં એકપણ બોરી બંધ જોવા મળશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવામાં આવ્યું કે, કિસાનોનો ખર્ચ ઘટાડીને આવક વધારવા પ્રયત્નો થયા છે. ૭/૧૨ની નકલો લેવા અને ૮/અના ઉતારા લેવા ૪૦-૪૦ કિલોમીટર દૂર મામલતદારની ઑફિસે જવું પડે છે. બસમાં બેસીને મામલતદારની ઑફિસે જઈએ તો કહેશે કે, મામલતદાર નથી, કમ્પ્યુટર બગડી ગયેલા હોય એટલે તેઓ પાછા જાય છે. ૧૫ રૂપિયાની એક નકલ મળે છે. ૧૦ નકલ જોઈતી હોય તો ૧૫૦ રૂપિયા આપવા પડે છે.

આ પૈસાની તેમને રસીદ આપતા નથી. તલાટી મંડળે રજૂઆત કરી છે કે રસીદ મળવી જોઈએ. આમાં પણ ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે એટલા માટે એમને રસીદ મળવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલન માટે ડૉક્ટરો જ નથી. ભણેલા ગણેલા છોકરાઓ બેકાર છે. દવાખાનામાં ડૉક્ટર તરીકે નિમણૂક આપવી જોઈએ. એટલા માટે ૧૦૦૦૦ની વસ્તી ધરાવતું ખેર જેવું મોટું ગામ છે ત્યાં આજે ડૉક્ટરો નથી. પટાવાળો દવાખાનું ચલાવે છે. dresser ની જગ્યા રદ કરી છે. નવી જગ્યાઓ ઊભી કરી શકતા નથી. એ તો મુંગું પ્રાણી છે એની સેવા કરવા માટે આ ડૉક્ટરોની જરૂર છે એ માટે આપે વિચારવું જોઈએ.

આદિવાસી સભાસદો. ડેરી ઉદ્યોગમાં ગામડાઓમાં સભાસદો ગરીબ છે. દૂધ ભરાવીને પોતાનો જીવન નિર્વાહ કરે છે, એને મકાન બનાવવું હોય તો જમીન જે લે છે એ પૈસા આપીને લેવી પડે છે. સરકારની જમીન, પંચાયતની જે જગ્યાઓ ખરાબામાં આવેલી છે એ જમીનો છે એ સભાસદોને ફ્રિમાં આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠો. પાણી પુરવઠાની મારી દ્દષ્ટિએ વાત કરું તો આ યોજના ભ્રષ્ટાચારને પોષવા માટેની આ યોજના છે. સરકાર પોતાના • * (XXX) કોન્ટ્રાકટ આપી કામો કરાવે છે. સંખ્યાબંધ ટાંકીઓ બાંધી છે. બોર નથી, પાઈપલાઈન કરી છે એ જગ્યાએ જગ્યાએ તૂટેલી છે. ત્રણ એજન્સીઓ જૂદી છે એનું સંકલન નથી અને એના કારણે આ યોજનાઓ ચાલતી નથી. પંચાયતો ચાર્જ લેતી નથી એના માટે સરકાર શું વિચારે છે? એના માટે પણ વિચારણા કરીને કોઈ નવું આયોજન કરીને બંધ પડેલી યોજનાઓ ચાલુ કરવી જોઈએ. શિક્ષણમાં સંખ્યાબંધ ઘટ છે આ જગ્યાઓ વર્ષ પૂરું થાય તો પણ પૂરાતી નથી. એના લીધે એક એક શિક્ષકને ચાર-ચાર પાંચ પાંચ ધોરણો લઈને શિક્ષણ આપવું પડે છે એટલે જિલ્લા પંચાયતોમાં શિક્ષણ વિભાગ ખૂબ મુશ્કેલીમાં મૂકાય છે. એની ઘટ પણ તાત્કાલિક વહેલી પૂરાઈ જાય એવું આયોજન કરવું જોઈએ. શાળાના ઓરડાઓ એલ. એન્ડ ટી. ના લાવ્યા, સિન્ટેકસના લાવ્યા હવે સર્વ શિક્ષા અભિયાનમાં જુદા જુદા લાવ્યા.

**સભાપતિશ્રી .** : માનનીય ભારતીબેન આપે ઉચ્ચારણ કર્યા છે *(XXX) એ શબ્દ અસંસદીય છે, જે રૅકૅર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાચી વાત છે. હું શબ્દ પાછા ખેંચી લઉ છું. એલ. એન્ડ ટી. સિન્ટેકસ અને સર્વ શિક્ષા અભિયાનમાં જે ઓરડાઓ બાંધવાની યોજનાઓ લઈને આવ્યા છે એમાં તદ્દન હવા ઉજાસ, પવન આવતો નથી. શિક્ષકને ભણાવવા માટે તો ખૂણાવાળા ઓરડાઓ તો બિલકુલ કામ આવે એમ નથી માટે આ ઓરડાઓ જે આપ બાંધવા માગો છો એની પેટર્ન પણ બદલવી જોઈએ. એલ. એન્ડ ટી.ના ઓરડા બાંધ્યા છે આપે , આજે માણેકપૂર ગામે આવીને આપ જોવો તો ખબર પડે. બાળકોને અમારે જુદી વ્યવસ્થા કરીને બેસાડવા પડે છે માટે આ ખોટો ખર્ચ થયો છે.

આરોગ્ય વિભાગમાં સિકલફેલ જેવા રોગો આદિવાસીઓમાં વધારે છે એના માટે વધારે પૈસાની જોગવાઈ કરી છે પણ હજી પણ એમાં વધારો થાય તો સારું, એની સાથે એઈડસ જેવો રોગ, કેટલી મોંઘી દવા, કેટલા મોંઘા ઈન્જેકશનો છે એના માટે તો સરકાર કંઈક કરે, ગરીબ લોકો એના માટે કોઈ દિવસ સારવાર કરાવી નથી શકવાના. નાગરિક પુરવઠામાં નવા રેશન કાર્ડ જલદી આપો, નવા નામો નોંધવા- રદ કરવા એના માટે કંઈક આપ આદેશ કરો એવી આપ સાહેબને મારી વિનંતી છે.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય))** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય ગૃહમાં અગિયારમી વખત વિકાસલક્ષી બજેટ લઈને આવ્યા છે, ત્યારે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આવકારું છું. આવકારું છું એટલા માટે કે વિકાસ સાથે સાથે સમતોલ બજૅટ લાવ્યા છે એના માટે હું ફરી પણ અભિનંદન આપુ છું.

દરેક યોજનામાં વિકાસ હોવો જોઈએ. દા.ત. માણસનું શરીર હોય એક અંગ વધ્યા કરે અને બીજું વધે નહીં તો બેડોળ થઈ જાય, એના બદલે દરેકે દરેક અંગનો વિકાસ થાય તો શરીરનો વિકાસ થયો કહેવાય. માનનીય નાણામંત્રી શ્રી જે બજેટ લઈને આવ્યા છે એ દરેકે દરેક વિભાગને લગતું છે. એમાં પાણી હોય, રસ્તા હોય, શિક્ષણ એ દરેક વિભાગનો વિકાસ થાય એ રીતનું માનનીય મંત્રીશ્રી બજેટ લાવ્યા છે એમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય સભ્યશ્રી દિનેશભાઈએ સવારે ગરીબીની વાત કરી તો મારે એમને પૂછવું છે કે આપની સરકાર વખતે ગરીબને ગરીબ બનાવ્યા હોય તો માત્ર કોંગ્રેસે બનાવ્યા છે. ગરીબીની વાત કરી અને ગરીબીને હટાવવાને બદલે ગરીબોને હટાવ્યા છે. એ રીતે એમણે તંત્ર ચલાવ્યું છે. એમણે એ વાત કરી (અંતરાય) એક પણ મકાન કે રસ્તા તમારા રાજમાં આપી નથી શકયા, આપ્યા હોય તો તમે ઉભા થઈને કહો કે તમારા શાસન વખતે એક પણ મકાનમાં કોઈ માણસ રહેતો હોય, એક પણ દાખલો બતાવો. એક મકાન પણ નથી આપ્યું, પાણી નથી આપ્યું, રસ્તા નથી આપ્યા તમે, તો તમે કઈ રીતે ગરીબીની વાત કરી શકો છો? સાથે બીજી વાત કરી કે ગુજરાતમાં અશાંતિ છે તો મારે એમને પૂછવું છે કે કદાચ આ વીતેલી વાત હોય એમની. કદાચ એ બધા ભૂલી ગયા એવી વાત યાદ આવતી હોય કે સ્વપ્ન આવતું હોય પહેલાનું તો ખબર નથી. કારણ કે એ વખતે જોઈએ તો છાશવારે તોફાનો થતાં હતાં.

• * (XXX) આ શબ્દ માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

શહેરોમાં વેપારીઓ ફફડતા હતા. કરફ્યુનું કંઈ નક્કી નહિ, ક્યારે કરફ્યુ આવે? આ રીતે આખું જનજીવન ખોરવાઈ જતું હતું અને આખું ગુંડા રાજ ચાલતું હતું. ગુંડાઓને પકડવા માટે જાહેરાત આપે કે આટલું ઈનામ આપીશું અને એ ગુંડા તત્ત્વો એ અમુક મંત્રીના બંગલા પાસે ફરતા હોય. કોને પકડવા જાય? આવું તંત્ર જ્યારે ચાલતું હોય અને અશાંતિની વાતો કરતા હોય તો મને ખબર પડતી નથી કે આમ કેમ? આજે જોઈએ તો ગુંડા તત્ત્વો કયાંય દેખાતા નથી અને ભૂગર્ભમાં ઉતરી ગયાં છે, ગુજરાતમાં એકદમ શાંતિ પ્રવર્તે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરી કે કાળા બજારિયાઓની ધરપકડ કરો છો. સાચી વાત છે. આ સરકાર કાળા બજારિયા હોય કે અસામાજિક તત્ત્વો હોય ચમરબંધીને પણ છોડવા માગતી નથી. આપને છાવરવા હોય તો કાયમ છાવર્યા કરો. કેટલાય દિવસથી આપણે જોઈએ છીએ કે ખેડૂતોની વાતમાં એટલો ઉહાપોહ કરી મૂકે છે કે ખેડૂતોને અન્યાય કર્યો, ખેડૂતોને આમ કર્યું. હું ધારું છું ત્યાં સુધી વિરોધપક્ષને ખેડૂતોના હિતની વાત કરવાની કોઈ અધિકાર નથી, એટલા માટે નથી કે એમણે એમના શાસનમાં ખેડૂતોનું શોષણ કર્યું છે. એટલું જ નહિ પણ ભાવની જ્યારે વાતો કરીએ તો ખેડૂતો પાસે જ્યારે જ્યારે ઉત્પાદન આવે ત્યારે આપે જોયું હશે કે ભાવ સાવ તળિયે હોય. ધારો કે અનાજનો ભાવ ૨૦ કે ૫૦ રૂપિયા હોય અને જ્યારે ખેડૂતની પાસેથી માલ વેચાણ થાય અને વેપારી પાસે જાય પછી એ વસ્તુનો ભાવ ૧૦૦ થી ૧૫૦ રૂપિયા સુધી પહોંચતો હતો. આ રીતે ખેડૂતોની પાયમાલી કરી દીધી છે. આ સરકારમાં ભાવ સમતોલ રહે છે. ખેડૂતનો પાક ઉત્પાદન થઈને આવે ત્યારથી માંડીને પછી સિઝન ઑફ થઈ જાય તો પણ ખેડૂતોને ભાવ મળતા હોય છે. નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં આ વસ્તુ શકય છે.

આ લોકોએ ખેડૂતો માટે ન તો કોઈ દિવસ સિંચાઈની ચિંતા કરી કે ન કોઈ વીજળીની વ્યવસ્થા કરી. સારા વર્ષો વીતતા હતા, વરસાદ સારો થતો હતો, પાણી હતું તો પણ આ રાજયના ખેડૂતો પૂરતું ઉત્પાદન લઈ શકતા ન હતા. આજે પાણીની બધી વ્યવસ્થા અને અનેક યોજનાઓ દ્વારા ખેડૂતો સારું ઉત્પાદન લઈ શકે છે. ખેડૂતોને સારા ભાવો પણ મળે છે. આ જ માનનીય નરેન્દ્રભાઈ મોદીની નેમ છે. ગુજરાત પ્રથમ એવું રાજય છે કે જ્યાં એલ.એન.જી.ના બે ટર્મિનલ સ્થપાયા છે. એટલું જ નહિ પણ આ સરકારે સૌરાષ્ટ્રના પીપાવાવ બંદરે ત્રીજું એલ.એન.જી. ટર્મિનલ સ્થપાય એની ચિંતા કરી છે. હંમેશા કોઈપણ વસ્તુ હોય એનું આગોતરું આયોજન કરવું પડે. આજ સુધી આ લોકોએ કોઈ આયોજન ન કર્યું એના હિસાબે ઘણી મુશ્કેલીઓ થઈ. અત્યારે વીજળીને પહોંચી વળવા માટે આ ત્રીજું ટર્મિનલ કરે છે. ભવિષ્યમાં જરૂરિયાત પડે એની પણ આ સરકારે વિવિધ પ્રોજેક્ટ થકી કાર્યવાહી શરૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામની વાત કરીએ ત્યારે મને ખબર છે ત્યાં સુધી આ અગાઉ જ્યારે આ યોજનાની જાહેરાત કરી ત્યારે વિરોધ પક્ષો એની હાંસી ઉડાવતા હતા. જયોતિગ્રામ યોજના પૂર ઝડપે શરૂ થઈ ગઈ છે. ૭૦૦૦ ગામડાંમાં આ કામ પૂર્ણ થયું છે, એટલું જ નહિ મારે તો એટલી બધી તકલીફ હતી કે (અંતરાય) તમારા વખતે કેટલી મળતી હતી? કેટલા ટકા મળતી હતી? ખાલી ૧૫ ટકા વીજળી મળતી હતી. આજે ૩૫ ટકા વીજળી મળે છે. કેટલા કલાક જવા દો, કેટલા ટકા વીજળી આપતા હતા અને આજે કેટલા ટકા મળે છે? ૧૫ ટકામાંથી ૩૫ ટકાએ પહોંચાડ્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે પહોંચાડ્યું છે. (અંતરાય) તમને કાંઈ કહેવાનો અધિકાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર વચ્ચે શહેર, ચારેબાજુ મારો વિસ્તાર આવેલો હતો. વીજળી શહેરમાં એકદમ બધે વીજળી મળતી હોય અને અમારા ગામડામાં અંધકાર હોય ત્યારે લોકો ખાસ કરીને કહેતા હતા કે, બેય સાથે બેઠા હોય એક જમતો હોય અને બીજો ભૂખ્યો રહેતો હોય ત્યારે સ્વાભાવિક વાત કરીએ તો આ વીજળી અંધારામાં રહેતા ગામના લોકોને વીજળી આપવાનો જો કોઈને વિચાર આવ્યો હોય તો એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવ્યો અને જ્યોતિ ગ્રામ યોજના દ્વારા આજે ગામડા જળહળતાં કર્યા છે. ૧૭ હજારમાંથી ૭ હજાર ગામડામાં વીજળી આપી છે અને બાકીના ગામડાનું આયોજન પૂરજોશમાં ચાલી રહ્યું છે, ધન્યવાદ.

**શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, એના વિષે મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

એક ગરીબલક્ષી ઝોક આવ્યો છે એના તરફ ધ્યાન ઓછું અપાણું છે. ખેડૂતોને વૃદ્ધ પેન્શનના પૈસા હતા એ ૬-૬ મહિના સુધી મળતા નથી, આ પેન્શન બંધ કરવું જોઈએ એવી પણ ગામડામાં વાત ચાલી રહી છે. બજેટમાં જ્યારે વાત હતી વીજળી નથી, રોડ અધૂરા થયેલા પડ્યા છે. અમારા વિસ્તારમાં મેટલમાંથી ગાડી જતી નથી અને ગામમાં જવાતું નથી. ૨૦ વર્ષથી કોઈ માટીકામ કે મેટલ કામ થતાં નથી.

સમાજ કલ્યાણખાતામાં જે ઈન્દિરા આવાસના અને બીજા મકાનોની ગ્રાન્ટ બહુ ઓછી આવે છે. બે વર્ષના ગાળામાં બહુ ઓછા આવ્યા છે. આ બાબતમાં નાણા મંત્રીશ્રીએ અભ્યાસ કર્યો હશે, એમના વિષે વિચારી જાવ. જે ગરીબલક્ષી કાર્યક્રમો છે એ માટે ગૃહમાં ગરીબોની ચિંતા કરવાની છે. માલદાર માટે આપણી કોઈ મહેરબાનીની જરૂર નથી હોતી, એમની પાસે જરૂરી મિલકત છે. ૧૦ વર્ષ પહેલાં પૈસા ભર્યા હોય લાઈટના એમને ૧૦-૧૦ વર્ષથી લાઈટ મળતી નથી. ૧૦૦ ટકા યોજના કરી, ખેતીમાં કૂવો હતો, જઈને જોઈ આવ્યાં તો કહ્યું કે કૂવામાં પાણી નથી. પાણી જે વિસ્તારમાં પુષ્કળ છે એ ગામમાં ૨૦૦ મોટર ચાલે છે, એવા વિસ્તારમાં પાણી નથી આવતું એ કઈ રીતે કહી શકાય? નાણા અપૂરતાં છે. રાજ્ય સરકારની સૂચના છે કે કેમ આ યોજનામાં ખેડૂતોએ અને જે લોકોએ પૈસા ભર્યા હોય એમને પણ વીજળી આપતા નથી? મારા વિસ્તારમાં સરવે કરી ૨૫૦ બોરના જોઈ ગયા

અને કહે કે આ બોરમાં પાણી નથી. બોરમાં પાણી મોટર ના હોય, બોર ખોદે નહિ તો ક્યાંથી પાણી આવે? ખેડૂતલક્ષી ઝોકનો મંત્રીશ્રી ખૂબ વિચાર કરતા હોય તો આ વીજળી માટેનો પહેલો પ્રશ્ન છે કે વીજળી બહુ ઓછી મળે છે. અમારે ત્યાં ખેતીમાં બહુ મોટી ખેંચ છે. ખેતીમાં ૬૦ ટકા પાણી વાળે છે અને ૪૦ ટકા લોકો પાણી વાળતા નથી. વીજળી પણ પૂરતી મળતી નથી.

અમારો વિસ્તાર પશુપાલન ઉપર આધરીત છે. ગુજરાતમાં છેલ્લામાં છેલ્લો અમારો વિસ્તાર આવેલો છે. પાણીની તંગીવાળો વિસ્તાર છે, વાવ-સાંતલપુર એની કલ્પના કરી શકાય નહિ, આયોજનમાં એના માટે ખૂબ સુધારો કરવો જોઈએ. એમને આદિવાસીઓની જેમ ડાંગ જિલ્લાને ખાસ આદિવાસી ગણ્યો છે એમ અમારો વિસ્તાર ખાસ પછાત ગણવો જોઈએ. પછાતમાં પછાત છે એમાં માટીકામ થયેલા રસ્તા હતા એ બધા અધૂરા છે, જ્યોતિ ગ્રામ યોજનામાં હાલમાં પૈસા નથી. પશુ ડૉકટરોની ઘણી ખોટ છે. પશુ ડૉકટર છે નહિ.

દવાખાનામાં જાવ એટલે ડૉકટર કહે કે અમારી મર્યાદા છે. અમારા માટે આયોજનમાંથી ગ્રાન્ટ ઓછી ફાળવી છે. આ રેફરલ હોસ્પિટલો, પી.એચ.સી. અને પશુ ડાંકટરો એમને જો રાજય સરકાર તરફથી ગ્રાન્ટ મળતી હોય તો ગરીબ ખેડૂતોને ઘરના પૈસા ન આપવા પડે. આજે ડાંકટરોની ઘટ છે, અમારા વાવ તાલુકામાં સિવિલ સર્જનની જગ્યા રદ કરી, જગ્યા વધારવાની હોય કે રદ કરવાની હોય? જુની ગાડી હતી એ પણ મેં સાંભળ્યું કે રદ થાય છે. શા માટે રદ કરો છો? અમારા વિસ્તારમાં ઘણી તકલીફ છે એ તકલીફોમાં વધારો શું કામ કરો છો? ગાડી અમારે જુનીની જગ્યાએ નવી જોઈએ, જુની રદ ના થાય અને વાવમાં સર્જનની જગ્યા પુરાવવી જોઈએ. અત્યારે અછત જાહેર કરી છે ચાર આની , છ આની પણ એક પણ કામ ત્યાં ચાલતું નથી. એક નવી યોજના કેન્દ્ર સરકારની આવી છે. મજૂરો માટે તો કોન્ટ્રાકટરો ભેગા થઈ ગયા અને જિલ્લા પંચાયતમાંથી સી.સી. રોડ બનાવો માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો, કોંગ્રેસ હોય કે ભા.જ.પ. હોય, પાંચ-પાંચ જે દલાલો છે એ દલાલો તાલુકા પંચાયતના ટીડીઓની આજુબાજુ એની ફાઈલ જુએ, બધા લાચાર એટલો બધો ભ્રષ્ટાચાર ફાલ્યો ફૂલ્યો છે. તાલુકા અને જિલ્લા પંચાયત નિષ્ફળ નિવડી છે. કોઈ જમીન દબાણવાળા ગામમાં તો અમુક જગ્યાએ સોએ સો ટકા દબાણો થઈ ગયા. હમણાં પાણી પુરવઠા મંત્રીશ્રી આવ્યા હતા ,જોયું કે આ દુઃખીયા છે એટલે એમણે ૨૫ કરોડની યોજનાની જાહેરાત કરી પણ એમાં વિલંબ થઈ રહયો છે. અત્યારે એક મહિના બે મહિનામાં પાણીના ટાંકા ઓરડા નથી અને વાવમાં પાણી પુરવઠાની ઓફિસ જોઈએ એ માટે લોકોની ખૂબ માગણી છે. આપને વિનંતી કરું છું કે, વાવમાં બે મહિનામાં પાણી આવી જાય એ જે આપે મંજૂર કર્યા છે એ નાણાં, ટાંકા અને પાણી આવી જાય એ કરાવો અને ટાંકા બનાવવાની કાર્યવાહી કરાવો. કોઈ આયોજન વધારવાનું છે નહીં પણ અત્યારે અમને બોલવાનો અધિકાર છે એને લઈ લોકોની માગણી છે એ પ્રમાણે ગૃહમાં કહીએ છીએ. ગરીબ લક્ષી તમામ યોજનાઓ રાખો અને ગરીબોની ચિંતા કરવી જોઈએ.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા જે અંદાજપત્ર લઈને આવ્યા છે એના સમર્થનમાં તથા એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ ગૃહમાં અંદાજપત્રની ચર્ચામાં શાસક પક્ષ અને વિરોધપક્ષના અનેક સભ્યોને ભાગ લેતા સાંભળ્યા છે. વિશેષ કરીને આ અંદાજપત્રમાં અગિયાર હજાર કરોડ રૂપિયાની જે વાર્ષિક યોજના કેન્દ્રીય આયોજન પંચે ગુજરાતના નાણા મંત્રી અને મુખ્ય મંત્રીશ્રીની એક અત્યંત કુશાગ્ર બુદ્ધિમતાના કારણે રજૂ કરી અને જે મંજૂર થઈ છે એના માટે સમગ્ર ગુજરાતની જનતા વતી હું એમને અભિનંદન આપું છું. ગુજરાતમાં ૧૯૯૫થી ભા.જ.પ.નું શાસન છે, ગોકુળ ગામથી લઈને સમરસ ગામ સુધી, આપણું ગુજરાતથી લઈને આગવું ગુજરાત અને વાયબ્રન્ટ ગુજરાત સુધી ભા.જ.પ.ની આ વિકાસ યાત્રા જે પ્રકારે ધસમસતી આગળ વધી રહી છે સમગ્ર ગુજરાત અને દેશ, આ સરકારે કરેલા વિકાસના કામોની નોંધ લીધા વિના બાકી રહેશે નહીં. સમગ્ર ગુજરાતમાં ગ્રામસભાના માધ્યમથી ગામના પ્રશ્નનો ગામમાં જ અસરકારક રીતે ઉકેલ આવે એ માટેનું જે તંત્ર ઊભું કરવાનો જે પ્રયાસ થયો છે એના કારણે આજે ગુજરાતના ગામડામાં રહેતા લોકોના મનમાં એક નવી આશાનો સંચાર થયેલો છે. આ બજેટમાં આદિવાસી વિસ્તારમાં ટ્રાયબલ એરિયા સબ પ્લાન અને ગુજરાત પેર્ટન જેવી મહત્ત્વની યોજનાઓના માધ્યમથી ૧૩૮૭ કરોડ રૂપિયાની ફાળવણી કરીને ગયા વર્ષની તુલનામાં ચાલુ વર્ષે ૬૯ ટકાનો વધારો કરીને સમગ્ર ગુજરાતના આદિવાસી ગામોમાં આદિવાસી ભાઈઓનું જીવન સંપૂર્ણ રીતે બદલી નાખવા માટે અને તે વિસ્તારમાં માળખાકીય સુવિધા પ્રસ્થાપિત કરવા માટે રાજય સરકારે જે પગલું ભર્યું છે એને ગુજરાતનો સમગ્ર આદિવાસી સમાજ આવકારી રહ્યો છે. બાજપાઈ નગર વિકાસ યોજના ૧૯૯૫થી ભા.જ.પા.ની સરકાર આવી ત્યારથી અને શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ અંતર્ગત ગુજરાતના શહેરોના વિકાસ માટે ભા.જ.પા.ની સરકારનું જે કમિટમૅન્ટ હતું એ કમિટમૅન્ટ પૂરું કરવા માટે બાજપાઈ નગર વિકાસ યોજનાના માધ્યમથી છેલ્લા થોડા મહિનામાં કરોડો રૂપિયા ગુજરાતના શહેરોના વિકાસ માટે અને ચાલુ વર્ષે શહેરી વિકાસ અંતર્ગત ૫૯૦કરોડ જેટલી જંગી રકમ બજેટમાં ફાળવીને ગુજરાતની ભા.જ.પા. સરકારે ગુજરાતના વિકાસ માટે અને શહેરની કાયાપલટ કરવા માટે કમિટમૅન્ટ રજૂ કર્યું છે. બજેટમાં જે પ્રકારે શહેરી વિકાસ વર્ષ અંતર્ગત ૫૦ ટકા પરિવારો શહેરમાં રહેતા હોય એમને પાઈપ લાઈન દ્વારા ગેસ પૂરો પાડવાની વાત મુખ્યમંત્રીશ્રીએ કરી છે. શહેરોની આંતર માળખાકીય સુવિધા પ્રનઃ સ્થાપિત કરવા માટે સમગ્ર ગુજરાતના તમામ શહેરોના જે પ્રકારે શહેરી વિકાસ વર્ષ અંતર્ગત રાજય સરકારે શહેરની સુવિધા માટે બાગબગીચા, પીવાના પાણીની વ્યવસ્થા, નગરપાલિકાના રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન, શહેરમાં રહેતા લોકોની

મિલકતનું કોમ્પ્યેટરાઈઝેશન આ પ્રકારે ઈગવર્નન્સ દ્વારા સમગ્ર નગરપાલિકા તંત્રને વ્યવસ્થિત કરવા માટેની વાત અને ઈચ્છા મુખ્યમંત્રીશ્રીએ બજેટમાં દર્શાવી છે એને ગુજરાતની જનતા આવકારે છે. શહેરી વિકાસ વર્ષ અંતર્ગત હાઈસ્પીડ
કોરીડોર ૯ જેટલા ગુજરાતમાં બનાવવા માટેની વાત શહેરી વિકાસ મંત્રીશ્રીએ કરી છે એના માટે ૫૦કરોડ જેટલી રકમ ચાલુ વર્ષે વાપરવાની છે ત્યારે જે પ્રકારના રસ્તા બંને છેડાને જોડતા ગુજરાતના ધાર્મિક, ઔદ્યોગિક સ્થાન, મહાનગરો, ઐતિહાસિક સ્થાન પસંદ કરી બંને છેડા વચ્ચેનું અંતર ઓછું કરવા માટે અને આડકતરી રીતે ગુજરાતના વિકાસને આગળ ધપાવવા માટે અંદાજપત્રમાં જે પ્રકારની યોજના કરવામાં આવી છે એને પણ ગુજરાતની જનતા આવકારે છે. વાસ્તવમાં કોઈપણ ચૂંટાયેલા પ્રતિનિધિ હોય કે સરકાર હોય રાજનીતિમાં પક્ષાપક્ષીથી દૂર રહીને તુલનાત્મક વિશ્લેષણ કરવાનું હોય, કમ્પેરીટીવલી એનાલીસીસ કરવાનું હોય. હું વિરોધપક્ષના સભ્યોને ચોકકસ કહીશ કે પાછલા ૩૫-૪૦ વર્ષમાં ગુજરાત રાજયમાં જે પ્રકારનું શાસન કર્યુ છે. ૧૯૯૫થી ભા.જ.પા. સરકારે જે પ્રકારે ગુજરાતમાં કામગીરી કરી છે. કોઈપણ ભા.જ.પા. સરકારના વહીવટ સાથે કમ્પેરીટીવલી એનાલીસીસ કરવું હોય તો ગૃહમાં કે જાહેરમાં..

**સભાપતિશ્રી .** : પૂરું કરો.

**શ્રી ભેમાભાઈ રા. પટેલ(દીઓદર)** : માનનીય અધ્યક્ષશ્રી, જે બજેટ બાબતની વાત છે, નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એ સંપૂર્ણ છે. એની અંદર થોડી જે ઘટતી વિગતો છે મંત્રીશ્રી ૧૧મી વખત બજેટ લઈને આવ્યા છે. પરંતુ મને લાગે છે કે ખેડૂત માટેની પૂરતી વ્યવસ્થા કરી નથી. બનાસકાંઠા જિલ્લાની અંદર અને ઉત્તર ગુજરાતની અંદર જે લોકોની વાત છે. ગ્રામ્ય વીજળીકરણની અંદર મારા પશ્ચિમ વિસ્તારમાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાના ૮૦ટકા લોકો ખેતરમાં રહે છે. ખેડૂતો માટે આ બજેટમાં કાંઈ વ્યવસ્થા થઈ શકી હોય એવું મને લાગતું નથી. મારી સરકારને વિનંતી છે. આ ખેડૂત, ખેડૂતના બાળકોના અભ્યાસ માટે સરકારખેડૂતને જે કાયમી ધોરણે ખેતરમાં રહે છે એને વ્યવસ્થા કરી આપે, એવી મારી એક લાગણી અને માગણી બંને છે. હું ૧૦૦ ટકા માનીશ કે આવી વ્યવસ્થા આપશે જ. બનાસકાંઠાની અંદર અત્યારે શિક્ષણનો વ્યાપ વધ્યો છે, જ્યારે ખેડૂતોના છોકરા, છોકરીઓ ખેતરમાં રહેતા હોય અને આપણે જો છ-આઠ કલાક લાઈટ આપતા હોઈએ અને બાકીના સમયમાં અંધારપટમાં રહેવું પડતું હોય છે. આ અંધારપટને દૂર કરવા માટે આ સરકાર વ્યવસ્થા કરી આપે એ મારી માગણી છે અને વિનંતી પણ છે. આ બાબતે સરકારે જે કઈ કર્યુ છે એ પણ દેખાઈ આવે છે. કદાચ ટૂંકાગાળાની અંદર આ વાતને સ્વીકારીને સરકાર લાઈટવાળી બાબતમાં મદદ કરે. ખેડૂતોને ૧૨ કલાક લાઈટ જોઈએ છે.

ગુજરાતની અંદર બે-ત્રણ ટાઈપની તાસીર છે. જ્યારે ઉત્તર ગુજરાતની અંદર માત્ર ટ્યૂબવેલથી પાણી અત્યાર સુધી નીકળે છે. એ ટ્યૂબવેલ ખૂબ ઊંડા છે. હજાર, બારસો ફૂટ ઊંડા જાય ત્યારે પાણી મળતું હોય છે. તો ૮ કલાકની લાઈટની અંદર ૫૦ વીઘાનું ધોરણ હોય તો ૨૫ વીઘામાં પણ થઈ શકતું નથી, આમાં સરકાર ઊંડાણપૂર્વક તપાસ કરાવે અને કંઈક વિચારે એવી મારી વિનંતી છે. હું માનું છું કે સરકાર વિચારશે.

શિક્ષણની વાત કરીએ તો એમાં ખૂબ વખાણવા જેવો સુધારો થયો છે. ગામડે ગામડે જોઈએ તો અત્યાર સુધી શિક્ષણની વ્યવસ્થા નહોતી. બહેને પ્રયત્ન ખૂબ સારો કર્યો છે. ગામડે ગામડે છેલ્લા ગામ સુધી જઈને કે જ્યાં માંડ બે-ત્રણ બાળકો જતાં હતાં, તેવી શાળા અત્યારે ભરચક થઈ ગઈ છે.

એગ્રીકલ્ચરની જે વાત અધૂરી લાગે છે. સંપૂર્ણ એગ્રીકલ્ચરનું કામ થઈ શકે એ માટે આ સરકારે પ્રયત્ન કર્યો. આજે અમારા વિસ્તારની અંદર નાની નાની કેનાલો શરૂ થઈ. ખેડૂતોની ખૂબ ફરિયાદો આવી છે. અમારા ખેતર બગડ્યા છે. એ કેનાલની અંદર વહેલામાં વહેલી તકે પાણી આવશે તો ફાયદો થવાનો છે. મારે વધારે કશું કહેવું નથી.

**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગૃહના નાણા મંત્રીશ્રી અગિયારમી વખત ૧૧,૦૦૦ કરોડનું બજેટ રજૂ કર્યુ છે, તેને હું સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબની સરકાર વિકાસની અંદર ઘૂઘવતો દરિયો હોય તેમ સતત વિકાસમાં હરણફાળ ભરી રહ્યા છે, ત્યારે ભૂતકાળમાં અછત અને દુષ્કાળ જેવી સ્થિતિ આવતી હતી, ત્યારે એમાંથી બહાર નીકળી અને ૨૦૦૨-૨૦૦૩ માં જે ગુજરાતનો વિકાસ દર ૧૦.૫ ટકા હતો, તેને વધારી અને ૨૦૦૩-૨૦૦૪ માં ૧૫.૪ ટકાનો કર્યો છે. એશિયામાં ગુજરાતને મોખરાનું સ્થાન મળ્યું છે. ઓ.એન.જી.સી. એ જે ગેસનો અને તેલનો કૂવો બંધ કરી હજારો રૂપિયા, કરોડો રૂપિયાનો ખર્ચ કરી મૂકી રાખ્યો હતો એ આ સરકારની દૂરંદેશીથી એ કૂવાઓ ફરી ખોલ્યા અને ધોળકા અને બાવળાની અંદર ગેસ અને તેલ વિપુલ પ્રમાણમાં નીકળ્યો છે અને એનો સીધો લાભ ગુજરાતને મળવાનો છે. આ સરકારે બિલકુલ દુષ્કાળને ભૂતકાળ કરી નાખ્યો છે. વિરોધ પક્ષના નેતા એવું કહેતા હતા કે વરસાદ આવે છે એ તો સારું કુદરતની દેણ છે. ગુજરાતની અંદર જે વરસાદ પહેલા પણ આવતો હતો. સાત-સાત દિવસ સુધી વરસાદની હેલી થતી હતી. વરસાદ બંધ થાય એ માટેના પ્રયત્નો રૂપે લોકો બાધા રાખતા હતા. એ પાણી સીધું દરિયામાં વહી જતું હતું, આ પાણીને રોકવા માટેનો વિચાર ન થયો અને આ પાણી રોક્યા અને એના કારણે જે ચેકડેમ બનાવ્યા, બોરીબંધ બનાવ્યા, ખેત તલાવડી બનાવી, તળાવો ઊંડા કર્યા અને આ કારણે પાણી રોકાયા અને આ પાણીના કારણે ખેતીમાં સમૃદ્ધિ થઈ. માનનીય અધ્યક્ષશ્રી, આપણો ખેડૂત

મહેનતકશ છે. આપણી પાસે જમીન છે, ખેડૂત છે પણ પાણી નહોતું. તે પાણીની વ્યવસ્થા આપણે કરી અને તે પાણીના કારણે મબલખ પાક થયો અને તે દિશામાં ગુજરાતને વાળ્યું છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. સાહેબ બે-ત્રણ વર્ષ પહેલાં એકીસાથે ૧૮ ઈંચ વરસાદ પડયો હતો અને તે વરસાદની અંદર છેક કડીથી પાણી અમારા વિસ્તારમાં આવતું હતું અને ત્યારે ચોમાસાની અંદર અમે હોડી અને ફૂડ પેકેટ લઈને જતા હતા. પછી ઉનાળો આવે ત્યાર ટેન્કર લઈને જતા હતા. ત્યારે આવું પાણી રોકવાનો વિચાર કરીને પ્રયત્નો કર્યા છે તેના કારણે તે વિસ્તારમાં અત્યારે ઘઉનો પાક દોઢગણો થયો છે. સાહેબ મારા વિસ્તારમાં ફતેહવાડી નહેર આવે છે. બે-ચાર વર્ષ પહેલાં અહીં પાણી નહીં હોવાને કારણે ખેડૂતો ખેતી કરી શકતા ન હતા. પણ આ નહેરમાં નર્મદાનું પાણી નાંખ્યું અને તે વિસ્તારને પાણી પહોંચાડયું અને તે મારા મત વિસ્તાર બાવળાની અંદર ૨૪૦ જેટલી રાઈસ મીલો છે. આ ૨૪૦ રાઈસ મીલો ૨૦૦૨-૦૩માં બંધ થવાને આરે હતી. આ રાઈસ મીલો અત્યારે વિક્રમજનક સપાટી પર પહોંચી છે. પંદર વીસ રાઈસમીલોને તાળા વાગ્યા હતા તે ફરી ચાલુ થઈ છે. અત્યારે તેને ૨૪ કલાક વીજળી મળી રહી છે અને તે રીતે મારા મત વિસ્તારની અંદર ફતેહવાડી યોજનાની અંદર છેવાડાના ગામડાઓને પાણી ઓછું પહોંચે છે. આ કેનાલો ગાળવાની અને રીપેરીંગ કરવાનું કામ હાથ ઉપર લેવામાં આવે તેવી મારી વિનંતી છે.તે જ રીતે જે મારા વિસ્તારના ગામડાઓને નર્મદાનું પાણી કે ફતેહવાડીનું પાણી નથી મળતું ત્યાં પાણી આપવાની વ્યવસ્થા થાય તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. સાહેબ, નર્મદા ડેમ બનાવ્યો તેમાં બધાએ મહેનત કરી છે. અત્યાર સુધીના આગળના તમામ વર્ષો કરતાં આ વર્ષે વિક્રમ તોડી નાંખ્યો છે. એક જ વર્ષમાં ૧૦.૬૪ મીટરની ઉંચાઈ કરી ૧૧૦.૬૪ મીટરની ઉંચાઈએ લઈ ગયા છે. આ ચાર માસના ગાળામાં ૧,૬૪,૬૯૯ ઘનમીટર કોન્ક્રિટનું કામ થયું છે અને ડિસેમ્બર સુધીમાં ૯૫૮ કરોડ રૂપિયાનું કામ થયું છે. તેના લીધે ત્રણ લાખ હેકટરને સિંચાઈનું પાણી મળ્યું છે. આ જયોતિગ્રામ યોજનામાં જે ૩૦૦ કરોડની જોગવાઈ કરી છે તે અભિનંદનને પાત્ર છે. ૧૮ હજાર ગામડામાંથી ૭ હજાર ગામડાઓમાં અત્યાર સુધી જયોતિગ્રામ યોજના પહોંચાડી છે. ૨૦૦૫ સુધી આખા ગુજરાતમાં વીજળી મળવાની છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

**શ્રી જોધાજી ગ. ઠાકોર(વાગડોદ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. આ જે બજેટ લાવ્યા છે તે ભલે ખેડૂતલક્ષી હોય, ગરીબલક્ષી હોય, બેરોજગારલક્ષી હોય, પરંતુ લાભદાયી હોય તેવું દેખાતું નથી. ગુજરાતની ધરતી ઉપર વસનારા ખેડૂત માટે કશું કરવામાં આવ્યું નથી. આપણો દેશ ખેતીપ્રધાન છે. ખેતીપ્રધાન દેશમાં ખેડૂતો સુખી હોય તો પ્રજા સુખી, પ્રજા સુખી હોય તો રાજ્ય સુખી અને રાજય સરકાર સખી હોય તો દરેકને લાભ મળી શકે. આ બજેટ ખેડૂતલક્ષી હોય તો ખેડૂતને પાણી, વીજળી, લાઈટ, બિયારણ, ખાતર આ બધામાં કયાંય સબસીડી દેખાતી નથી. આપના દ્વારા કહેવા માગું છું કે અંતરિયાળ અને પછાત વિસ્તારમાં ખેડૂતોને તકલીફ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જાની વાત કરું તો હમણાં માનનીય સભ્યશ્રી કહેતા હતા કે આટલી વીજળી આપીએ છીએ અને કહ્યું કે કોંગ્રેસના શાસનમાં કશું કર્યુ નથી, કોંગ્રેસના શાસનમાં તો જે કર્યુ છે એ બધું બરાબર કર્યુ છે, કોંગ્રેસે બધા મકાનો બનાવ્યા, ઘરો બનાવ્યા, ડૅમ બનાવ્યા આ બધું કોંગ્રેસે કર્યુ છે અને એ બધા ઉપર આ સરકાર તો ખાલી પ્લાસ્ટર કરે છે. એટલે મારા ભાઈઓ, તમે વિચાર કરીને અને છાતી ઉપર હાથ મૂકીને બોલો કે જે કોંગ્રેસે યોજનાઓ કરી છે એનાથી તો આગળ વધ્યા છીએ. ખેડૂતોને લાઈટ માનનીય શંકરસિંહ વાઘેલાના સમયમાં બાર કલાક નહીં પણ ચૌદ કલાક વીજળી મળતી હતી અને ભાવ પણ હોર્સપાવરે રૂપિયા ૫૦૦ કરેલા હતા ત્યારે માનનીય અધ્યક્ષશ્રી હું આપના દ્વારા કહેવા માગું છું કે, અત્યારના સમયમાં ખેડૂતોને આઠ કલાક વીજળી આપવામાં આવે છે અને એ પણ ટૂકડે ટૂકડે આપવામાં આવે છે. આઠ કલાક વીજળી આપવા છતાં એક હોર્સપાવરનો ભાવ રૂપિયા ૮૫૦ આકારવામાં આવે છે. પાણીના તળ ઊંડા ગયાં છે, એટલા માટે તો ખેડૂતોને પાણી ખેંચવા માટે મોટી મોટરો મૂકવી પડે છે. મોટી મોટરો મૂકવાથી વીજળીનું બિલ પણ મોટા પ્રમાણમાં ભરવું પડતું હોય છે, એટલા માટે ખેડૂતોને પોસાતું નથી, ઊર્જાની વાતમાં જ્યારે આ લોકો બધા કહેતા હોય છે કે ખેડૂત મોટા પ્રમાણમાં ચોરી કરે છે, હકીકતમાં ખેડૂતો વીજ ચોરી નથી કરતા, ખેડૂતોને જો પૂરેપૂરા બાર કલાક કે ચૌદ કલાક વીજળી આપવામાં આવે તો કોઈ સંજોગોમાં ખેડૂત ચોરી કરવાનો નથી અને ચોરી કરીને એણે કોઠીઓ ભરી નથી કે બેંક બેલેન્સ કર્યુ નથી. ખેડૂતને પોતાના બાળબચ્ચાંને જીવાડવા માટે આ ધંધો કરે છે,

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા કહેવા માગું છું કે, જ્યારે જ્યારે આવા અમારા અંતરિયાળ વિસ્તારોમાં, સૂકા પ્રદેશોમાં પાણીની પૂરેપૂરી વ્યવસ્થા મળે તો જ ખેડૂતો જીવી શકશે અને ખેડૂતોના આધારે કે બક્ષીપંચના કે ખેતમજૂરો કે કેટલાક બીજા ત્રીજા માણસો, એમ અનેકને રોજીરોટી મળી શકશે, જ્યાં સુધી ખેડૂત દુઃખી હશે તો સમગ્ર દેશ પણ દુઃખી હશે, માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગજવામાં ભલે લાખો રૂપિયા હોય પણ પેટમાં અનાજ ન પડ્યું હોય તો આપણને કોઈ વાત સુઝતી નથી એટલે એવું લાગે કે, ડુંગરા દૂરથી રળિયામણા, ઠેઠ પહોંચે પહોળા, સકાળે સજ્જન સાંભળે, દકાળે સાંભળે બાપ દહાડા, આપણી પાસે ગમે તેટલી મૂડી હોય, કરોડો રૂપિયા હોય પણ જ્યાં સુધી અનાજ પકવનાર ખેડૂત સુખી નહીં હોય તો આપણી આ પ્રજાને દુઃખ ભોગવવાનો વારો આવશે, માટે મારા વડીલભાઈઓ, મિત્રોને મારી નમ્ર વિનંતી છે કે, જ્યારે ખેડૂતોને પૂરેપૂરુ પ્રશાસન આપશો તો આ દેશ સો ટકા સુખી થશે.

આપણે જે રોડ-રસ્તાઓની યોજનાઓ કરી, પાણીની યોજનાઓ કરી એ બહુ આનંદની વાત છે પણ એની સાથે સાથે ખેડૂતોને માટે કંઈક કરો તો એ ખેડૂતો માટે બહુ લાભદાયક થશે અને એટલે હું વડીલ મિત્રોને કહેવા માગું છું કે, અમારો વિસ્તાર અંતરિયાળ વિસ્તાર છે ત્યારે ચાલીસ પચાસ કિલોમીટરનું અંતર આવેલું છે ત્યાં આરોગ્યની કે માધ્યમિક શાળાઓની સગવડો નથી, પચાસ કિલોમીટરના અંતરે કોઈ બેન-દીકરીને જ્યારે પ્રસૂતિ કરવાની હોય ત્યારે એને લઈને ઠેઠ પાટણ જેવા મોટા શહેરમાં જવું પડે છે, આ ગામ અને શહેર વચ્ચે ચાલીસ પચાસ કિલોમીટર જેવું અંતર હોય છે. રસ્તામાં ચાલીસ કિલોમીટરના અંતર કાપતાં કેટલાક બીમાર લોકોના મૃત્યુ થતા હોય છે અને અત્યારે તો ઘણા રોગો એવા હોય છે કે જો બે કલાકમાં દવાખાને ન પહોંચે તો એ રોગી જીવી શકતો નથી. માટે ખેડૂતો માટે કંઈક કરો એવી મારી વિનંતી છે. માનનીય મંત્રીશ્રીઓને હું નમ્ર વિનંતી કરું છું કે, ખેડૂતો માટે વધારે બજૅટ ફાળવો તો વધારે લાભ મળે, ખેડૂતોને લાભ મળતો હોય તો રોજગારીમાં પણ એ દરેકને લાભ મળે એવું બજૅટ ફાળવો એવી મારી આપને અપીલ છે.

હું એ પણ કહેવા માગું છું કે, પાટણ વિસ્તારમાં તાલુકા પોલીસ સ્ટેશન જે છે એ પાટણમાં હતું એને અત્યારના સંજોગોમાં કોલાપુર ગામે, પાંચ કિલોમીટર દૂર કરવામાં આવેલું છે, લોકોને આવવા જવા માટેની બહુ તકલીફો પડે છે, ભાડે રિક્ષા કરીને જવું પડે છે અને ત્યાં આવતાં જતાં ખૂબ મુશ્કેલી સહન કરવી પડે છે. આથી પોલીસ સ્ટેશન અસલ જે જગ્યાએ છે એ જગ્યાએ જો રાખવામાં આવે તો લોકોને સારી સગવડ મળી શકે એમ છે.

અમારા અંતરિયાળ વિસ્તારમાં હજી રસ્તા કરવાના બાકી પડ્યા છે, માનનીય મંત્રીશ્રી, જાડેજા સાહેબે, ઘણા મોટા પ્રમાણમાં રોડ માટે પૈસા ફાળવેલા છે પણ હજી સુધી ઘણા રસ્તાઓ કરવાના બાકી છે. અમારા એ રોડ માટે આયોજન કરીને એ રોડ-રસ્તા કરવામાં આવે એવું આયોજન કરવામાં આવે એવી મારી નમ્ર અપીલ છે. હું આપના દ્વારા કહેવા માગુ છું કે, જયારે ગરીબ વર્ગના લોકો કે બક્ષીપંચના બેરોજગાર લોકો હોય એને પૂરક રોજી-રોટી મળી રહે એ પ્રકારનું આયોજન કરે એવી અમારી લાગણી છે. અમારા વિસ્તારમાં ૫૦ કિલોમિટરના અંતરમાં માધ્યમિક શાળા કે આરોગ્ય કેન્દ્ર ખોલવામાં આવે જેથી દરેક બક્ષીપંચના લોકોને, ગરીબ વર્ગના લોકોને દરેકને લાભ મળી શકે એવી હું આપની પાસે અપેક્ષા રાખું છું અને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી રાજેશભાઈ પાઠક(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહમાં ૧૧મી વખત બજેટ રજૂ કરવાનો માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈને પ્રસંગ સાંપડયો છે. એક જ પક્ષમાં રહીને ૧૧મી વખત બજેટ રજૂ કરવાનું મળ્યું હોય એવો આ વિધાનસભામાં આ પહેલો પ્રસંગ છે. માનનીય નાણામંત્રીને ૧૧ વખત બજેટ રજૂ કરવા માટે હું ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના પહેલી મે ૧૯૬૦ના રોજ થઈ ત્યારથી આજ દિન સુધી જે બજેટ રજૂ થયાં એ તમામ બજેટ ખાદ્યવાળા રજૂ થયાં છે. પહેલી વખત એવો બનાવ બન્યો છે કે આ ગુજરાત રાજયમાં જે બજેટ રજૂ થયું છે એ પૂરાંતવાળું બજેટ રજૂ થયું છે. આના માટે માનનીય નાણામંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ ધન્યવાદ આપવા ઘટે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૦૦૦ કરોડની વાર્ષિક યોજનાને નાણા આયોગે સ્વીકૃતી આપી. ગત વર્ષ કરતાં ૨૯ ટકા વધુ રકમ આ વર્ષે મંજૂર થઈ છે અને એના માટે રાજય સરકારનું સુશાસન, નાણામંત્રીશ્રીની કુનેહ અને મુખ્યમંત્રીશ્રીની દોરવણી હેઠળ ગુજરાતનો વિકાસ એને આભારી આ ૧૧૦૦૦ કરોડની ફાળવણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ ક્ષેત્રની વાત કરીશ. આઝાદીના ૫૫-૫૭ વર્ષ પછી આ ગુજરાત રાજય પાસે કુલ સવા લાખ હેકટર જમીન ખેતી લાયક છે. એમાંથી ૫૫ વર્ષ પછી પણ આપણે હજુ સુધી માત્ર ૬૪ ટકા જમીનને સિંચાઈનો લાભ આપી શકયા છીએ. હજુ પણ ૨૬ ટકા ખેતીલાયક જમીન સિંચાઈથી વંચિત છે. ગુજરાત રાજયમાં જેટલો પણ વરસાદ પડે છે, જેટલા ચેકડેમો છે, જેટલા તળાવો છે, જેટલી નાની સિંચાઈ યોજનાઓ છે એ બધાનો સરવાળો કરીએ તો પણ આપણી ગુજરાત રાજયની સવા લાખ ખેતીલાયક જમીનને આપણે પહોંચી નહીં શકીએ અને એના માટે આ રાજયના પાણી પુરવઠા અને સિંચાઈ મંતીશ્રી નરોત્તમભાઈ પટેલ જે યોજના લઈને આવ્યા છે ડ્રિપ ઈરિગેશનની, આ સરકાર જે નવા નવા વિચારો લઈને આવી છે, અત્યારે આપણી પાસે જે વ્યવસ્થા છે એમાં નવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો પણ ગુજરાત રાજયનો ખેતીલાયક વિસ્તાર છે એને પહોંચી નહીં શકાય અને એના માટે આપણે આધૂનિક ખેતી તરફ જવું પડશે. આધૂનિક ખેતી તરફના કન્સેપ્ટની અત્યાર સુધી વાત કરવામાં આવી છે, ડ્રિપ ઈરિગેશનની વાતો કરવામાં આવી છે, ટપક સિંચાઈ પધ્ધતિની વાતો થઈ છે પણ કોઈએ એને અમલમાં મૂકવાનો સનિષ્ઠ પ્રયત્ન અત્યાર સુધી કર્યો નથી. પહેલી વખત માનનીય પાણી પુરવઠા અને સિંચાઈ મંત્રીશ્રી ડ્રિપ ઈરિગેશનની ચોકકસ યોજના લઈને આવ્યા છે. ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની સ્થાપીને ગુજરાતના ખેડૂતો ડ્રિપ ઈરિગેશન તરફ વળે અને ઓછા ખર્ચે, ઓછા પાણીએ મબલખ ઉત્પાદન મેળવે અને ગુજરાત રાજયનો એકે એક ખેડૂત સુખી થાય. વૈજ્ઞાનિક ઢબે ખેતી કરે એ તરફ ગુજરાત રાજયને દોરવાનું કામ માનનીય પાણી પુરવઠા અને સિંચાઈ મંત્રીશ્રીએ કર્યું છે એ બદલ હું એમને ધન્યવાદ આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચેકડેમો બન્યા છે. અગાઉ પણ મેં મારા પ્રવચનમાં કહ્યું હતું કે, મારે ત્યાં માત્ર બે ચેક ડેમો બનાવ્યા છે, અત્યારે તો મારે ત્યાં ૨૦૦ ચેકડેમો ૮૦/૨૦ની યોજના હેઠળ બન્યા, રાજ્ય સરકારની બધે ૬૦:૪૦ ની અત્યારસુધી ચેકડેમની યોજના હતી, આ વર્ષથી ૮૦:૨૦ ની યોજના દાખલ કરી છે. ચેકડેમોના જે પરિણામો આવ્યા છે એ હું આ ગૃહના ધ્યાન પર લાવવા માગું છું. મારા વીરપુર તાલુકાનું હડીયા ગામ તીર્થગ્રામ

છે. છેલ્લા પાંચ વર્ષની અંદર એકપણ ઝઘડાનો કેસ આ ગામમાં નોંધાયો નથી. સરકારે તીર્થગ્રામ જાહેર કરેલ છે. આ ગામમાં બે ચેકડેમ બનાવ્યા, આજુબાજૂના ખેડૂતોને એક હજાર મણ ઘઉંનો ઉતારો વધારે આવ્યો છે આ વાત હું નથી કહેતો, ગામના ખેડૂતો, ગામના સરપંચ, ગામના આગેવાનો કહે છે. માત્ર બે ચેકડેમથી જો આટલો ફાયદો થતો હોય તો પચાસ હજાર જેટલા ચેકડેમ બન્યા છે અને હજી બીજા પચાસ હજાર ચેકડેમ બનાવવાની રાજ્ય સરકારની નેમ છે, ત્યારે ગુજરાતને કેટલો ફાયદો થશે એ કલ્પના કરવાની વાત છે.

માનનીય કુંવરજીભાઈ બોરીબંધની વાત કરતા હતા, એ એમને નહિ ખબર પડે, બોરીબંધમાં જેમણે બોરીઓ ખભે ઉંચકી છે, ગોરધનભાઈ અને ભા.જ.પ.ના કાર્યકર્તાઓ, ભા.જ.પ.ના ધારાસભ્યશ્રીઓને ખબર પડે જેમણે બોરીઓ ખભે ઉંચકી છે. બોરીઓ ખભે ઉંચકી ઉંચકીને અમે બોરીબંધ બનાવ્યા છે અને જેટલા બોરીબંધ બાંધ્યા, વરસાદ વધારે પડ્યો, ભલે બે દિવસ પાણી ભરાયું, ચાર દિવસ પાણી ભરાયું પણ એ જમીનમાં ઉતર્યું છે, આજુબાજૂના કૂવાઓને લાભ થયો છે આજુબાજૂના બોરના તળ ઉંચા આવ્યા છે. ખોટું બોલવાની વાત નથી. તમે એકાદ વખત બોરીબંધ બનાવી જૂઓ પછી ખ્યાલ આવશે કે બોરીબંધ શું વસ્તું છે. સુજલામ્-સુફલામ યોજનાની વાત કરું તો અમારો વિસ્તાર પછાત વિસ્તાર છે, ડુંગરાળ વિસ્તાર છે એમાંથી આ સુજલામ્-સુફલામ્‌ની કેનાલ પસાર થાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કલ્પના આજે સાકાર થવા બેઠી છે. એમની કલ્પના હતી, એમનું સ્વપ્ન હતું એ આજે વાસ્તવિક સ્વરૂપમાં નિર્માણ થઈ રહ્યું છે. અમારા વિસ્તારમાંથી સુજલામ્-સુફલામ્ કેનાલ પસાર થાય છે, ખેડૂતોના મોં પર જે આનંદ છે આઝાદીના સત્તાવન વર્ષ પછી આઝાદીના ફળ ચાખવાનો સમય આવ્યો છે એ એમના મોં પર આનંદની લાગણી જોઈ શકાય છે. કેનાલનું કામ શરૂ થઈ ગયું છે, કેટલીક વખત બૂમો પાડતા હતા કોંગ્રેસના મારા મિત્રો છાપામાં આપતા હતા કે સુજલામ્-સુફલામ યોજનામાં આટલા કરોડ રૂપિયા ફાળવ્યા અને એમાંથી ખર્ચ માત્ર આટલો થયો, ખર્ચ કેટલો થયો એ તો જ્યારે વાસ્તવિક રૂપે કેનાલ બની જશે ત્યારે ખ્યાલ આવશે, ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં રાજ્ય સરકારની કેનાલ ચાલુ કરવાની યોજના છે અને એ અમલી બનશે ત્યારે ખ્યાલ આવશે કે આ મહત્વાકાંક્ષી યોજના નર્મદા યોજના પછી જો બીજી કોઈ યોજનાનો નંબર આવતો હશે તો એ આ સુજલામ્-સુફલામ્‌ની યોજનાનો આવતો હશે. આ ગુજરાતની કાયાપલટ કરવાની યોજના છે. ગુજરાતના ખેડૂતોની કાયાપલટ થવાની છે. બીજી હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ ગુજરાતમાં આ યોજનાથી ચોક્કસ થશે એટલો મને વિશ્વાસ છે.

**શ્રી પુનમ ર. પરમાર(પાદરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી વજુભાઈ અગિયારમીવાર આ બજેટ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે અને એમને અભિનંદન આપવા માટે ઉભો થયો છું. ગુજરાતના ઈતિહાસમાં પહેલો બનાવ એવો હશે કે પૂરાંતવાળું બજેટ માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કર્યુ છે, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની એક આગવી કામ કરવાની પદ્ધતિને કારણે દેશ અને દુનિયાના નકશાની અંદર ગુજરાતને એક આગવું સ્થાન અપાવ્યું છે. માથાદીઠ આવકમાં વધારો થયો છે, મહેસૂલી આવકમાં પણ વધારો થયો છે, ઔદ્યોગિક ક્ષેત્રે રોકાણમાં પણ ગુજરાતની અંદર વધારો થયો છે, શિક્ષણક્ષેત્રે પણ ગુજરાતે એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ગામડાઓ તથા શહેરોમાં સમતુલિત વિકાસની યોજના આ બજેટની અંદર છે.

આપણા દેશની મોટાભાગની વસતિ એ ગામડાઓમાં રહેનાર વસતિ છે. ખેતી આધારિત લોકો છે ત્યારે કોંગ્રેસે આ ગામડાઓ અને ખેડૂતોની ઉપેક્ષા કરીને તેમને પછાત રાખવાનું કામ કર્યુ છે. માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વવાળી આ સરકારે હરિયાળી ક્રાંતિ દ્વારા સુજલામ્-સુફલામ્ યોજના દ્વારા, નર્મદા યોજના દ્વારા ખેડૂતોને વીમાના રક્ષણનું કવચ આપીને ગામડાનો અને ખેડૂતોનો વિકાસ કર્યો છે. સામી બાજુથી કોંગ્રેસના મિત્રો કહેતા હોય છે યોજનાઓ બધી અમારી છે આ યોજનાઓની વાત કરીએ તો યોજનાઓ કેવી? આવાસ યોજનાની વાત, આવાસ યોજનાની વાત કરીએ તો એમના વખતમાં આ આવાસ યોજનાઓ બની ત્યારે એક ગરીબ વ્યકિતનું એક સ્વપ્ન હોય છે કે હું મારા પોતાના ઘરની અંદર રહેવા જઈશ પરંતુ તે તેના ઘરની અંદર રહેવા જાય છે ત્યારે ઉપર કાં તો છત નથી હોતી અને તેનું સ્વપ્ન માત્ર સ્વપ્ન જ રહે છે. હું મારા મત વિસ્તારની વાત કરું ૧૯૮૯-૯૦ની અંદર ૭૨૬ મકાનો શાસ્ત્રી આવાસમાં બનાવવામાં આવ્યા અને આ ૭૨૬ મકાનોમાંથી માત્ર ૨૪ મકાન સ્થળ ઉપર બનાવવામાં આવ્યા છે બાકીના ૭૦૨ મકાનો માત્ર ચોપડા ઉપર રહ્યા છે. આ ૭૦૨ મકાનોની તપાસ કરવામાં આવે તો ખબર પડે કે આ ૭૦૨ મકાનો કોને અને કયા ગરીબ લાભાર્થીને મળ્યાં છે. અમે ગામડામાં જઈએ છીએ ત્યારે એક વ્યકિતને એક વખત જ્યારે મકાનની સહાયનો લાભ મળતો હોય છે ત્યારે તેને નામે મકાન બોલતું હોય છે, પરંતુ તેને રહેવા માટેનું મકાન કે પ્લોટ આ વ્યકિતને મળ્યો નથી માત્ર ચોપડા ઉપર જ આ ૭૦૨ મકાનોના પૈસા અને તે વખતના જે તે શાસકો દ્વારા આ યોજનાનું યોજનાબધ્ધ કાવતરું કરીને અને આમાં બહુ મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. ગામડાંઓને સુવિધાથી વંચિત રાખીને ગામડાંઓને તોડવાનો પ્રયત્ન આ કોંગ્રેસના શાસનમાં થયો છે. ગામડાંઓ તે તૂટતા ગયા અને ગામડાંઓના લોકો શહેરો તરફ દોટ મૂકતા ગયા તેના કારણે ગામડાંઓમાં જે ક્રીમ લોકો કહેવાય ગામડાંમાં જે લોકોને એજ્યુકેશનનો અભાવ લાગતો હોય, ગામડાંમાં જે લોકો શિક્ષિત છે આ લોકો શહેરો તરફ દોટ મૂકવા લાગ્યા અને શહેરોમાં પણ વસતિનું ઈનબેલેન્સીંગ થવા માંડયુ તેને કારણે એ ગામડાંઓ તે દ્રષ્ટિએ પણ પછાત રહ્યા છે.

માર્ગ અને મકાન વિભાગની વાત કરું તો ગામના રસ્તાઓ અત્યારે ખૂબજ ઝડપી અને ખૂબ જ સારા, મજબૂતાઈવાળા અને પહોળાઈવાળા રસ્તા થઈ રહ્યા છે. મારા મત વિસ્તારના કેટલાય ગામો એવાં હતાં કે તે ગામમાં જવા માટે કોઈ રસ્તો નહોતો. ખંડેરાવપુરા કરીને ગામ છે ત્યાં વાજપાઈ ગ્રામ સડક યોજના હેઠળ અત્યારે સડકનું કામ ચાલુ છે ત્યારે તે ગામની અંદર પહેલી વખત રસ્તો બનતો હોય ત્યારે ઉત્સવ જેવું વાતાવરણ આ ગામની અંદર લાગતું હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મારા વિસ્તારની અંદર ૧૩૧ કરોડની માતબર રકમમાં આ ૫૦ વર્ષના શાસનની અંદર પહેલી વખત એકદમ સારામાં સારો રસ્તો જંબુસરથી પાદરા અને પાદરાથી વડોદરાનો એક કિલોમીટરની જ્યારે લંબાઈનું કામ થતું હોય ૧૦૧ કરોડ અને ૨૫ લાખ રુપિયા જેવી મોટી રકમથી આ રસ્તો બની રહ્યો છે. ગામડાંઓમાં જ્યોતિ ગ્રામ યોજનાની વાત કરું તો ૧૮ હજાર ગામડાંઓથી ૭ હજાર ગામડાંઓમાં જ્યોતિ ગ્રામ યોજનાઓનો લાભ મળી ગયો છે. મારા મત વિસ્તારની અંદર એક ગવાસદ કરીને ગામ છે તે જ્યોતિ ગ્રામ યોજનામાં ઉદ્‌ઘાટનનાં પ્રસંગમાં મારે જવાનું થયું ત્યારે ગામમાં રહેનારા ખેડૂતોએ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા. એ માટે કે ગામના ખેડૂતોએ મને વાત કરી કે પહેલી વખત આ ગામની અંદર ૨૪ કલાક લાઈટ મળશે, તેને કારણે ખેડૂતો જે વાળુ કરવાના ટાઈમે, જમવાના ટાઈમે જે ખેડૂતોને જીવડાં ખાવાનો વારો આવતો હતો તે પહેલી વખત આમાંથી તેમને મૂકિત મળશે અને સારું ભોજન લઈ શકશે. અમારાં છોકરાઓ પણ સારી રીતે ભણી શકશે. ખૂબ જ ઝડપથી ગામડાંઓ અને આટલા ઝડપથી શહેરોનો પણ વિકાસ આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઈ રહ્યો છે. ભારત માતાકી જય.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ૧૧મી વખત બજેટ રજૂ કરવા માટે આ ગૃહ સમક્ષ આવ્યા છે, ત્યારે હું તેને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

અમારી સરકારનું નેતૃત્વ કરવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી વિવેકાનંદજીના મંત્ર સાથે ચાલી રહ્યા છે. વિવેકાનંદજીએ જેમ કહ્યું છે કે "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડયા રહો". વિવેકાનંદજીનું આ સૂત્ર ગુજરાતમાં ચેતના જગાવી રહ્યું છે. મારા વિપક્ષના મિત્રોને થોડીક તકલીફ થાય છે, પરંતુ એ ધ્યેયમાંથી પીછેહઠ કરવી શકય નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે અને અમારા નાણા મંત્રીશ્રીએ બજેટ દ્વારા તેને આકાર આપ્યો છે. ગુજરાતને દુનિયાના નકશા ઉપર અંકિત કરવાનું સ્વપ્ન લઈને અમે ચાલી રહ્યા છીએ. ગુજરાતને વાયબ્રન્ટ ગુજરાત બનાવવાનો અને ઉદ્યોગોની બાબતમાં હરણફાળ ભરવા માટેનો અમારો નિર્ણય અફર છે. ગુજરાતને સમૃદ્ધ કરવા માટે અમે આગળ વધી રહ્યા છીએ. રાષ્ટ્રભકિતનો મંત્ર લઈને ચાલતા મુખ્યમંત્રીશ્રીના વેગને રોકવાની શકિત વિપક્ષોની તકલાદી ટીકામાં નથી. ગુજરાતને આગવું ગુજરાત બનાવવાના ધ્યેય માટે બજેટરૂપી શસ્ત્ર લઈને માનનીય નાણા મંત્રીશ્રી અને મુખ્ય મંત્રીશ્રી ચાલી રહ્યા છે ત્યારે ગુજરાતનો વિકાસ એ નિશ્ચિત છે. ગુજરાતનો વિકાસ કરવો હોય ત્યારે માત્ર વાતો કરવાથી તે નહીં થઈ શકે. એટલા માટે મહેસૂલી આવક વધારવા માટે નાણા મંત્રીશ્રીએ જે પ્રયત્નો કર્યા છે, તેની સામેની વિપક્ષી પાટલી ઉપરથી કોઈ મિત્રોએ સરાહના કરી નથી. હું એમને યાદ અપાવું કે ગતિ કેવી રીતે વધી રહી છે. દુષ્કાળના દિવસોમાં અમે જયારે સ્ટ્રગલ કરી રહ્યા હતા ત્યારે ૨૦૧૪૨ કરોડ રૂપિયાની આવક વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં હતી, તે વધીને ૨૦૦૫-૨૦૦૬માં ૨૩૨૧૭ કરોડની, એટલે કે ૩૦૭૨ કરોડનો વધારો મહેસૂલી આવકમાં કર્યો હોય, ત્યારે સામેથી કોઈએ એમ કહ્યું નથી કે આ વધારો તમે કેવી રીતે લાવશો. મને આનંદ એ વાતનો છે કે ગયા વખતે ૮૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ માનનીય નાણા મંત્રીશ્રી લઈને આવ્યા હતા, ત્યારે સામેની પાટલી ઉપરથી અમારા ઉપર શંકા કરવામાં આવતી હતી કે તમે આટલા નાણા કયાંથી લાવશો? ઘણી વખત આરોપો કરવામાં આવતા હતા કે તમે પેમેન્ટ ચૂકવતા નથી. પરંતુ મને આ વખતે આનંદ એ થયો છે કે સામેની પાટલી ઉપરથી કોઈપણ સભ્યશ્રીએ એમ કહ્યું નથી કે માનનીય નાણા મંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, તમે આ ૧૧ હજાર કરોડની પ્લાન સિલિંગ કયાંથી લાવશો? એટલા માટે હું મારી ખુશી વ્યકત કરું છું અને તેમનો આભાર માનું છું કે ૧૧ હજાર કરોડ રૂપિયાની આવક ઉપર શંકા કરી નથી. સાથે સાથે નાણા મંત્રીશ્રીએ કહ્યું છે કે આ વર્ષની પ્લાન સિલિંગમાં ૧૧ હજાર કરોડ કરતાં પણ વધારે આવક થવાની શકયતા છે. આ બજેટમાં આપે સહકાર આપ્યો છે અને અવિશ્વાસ નથી કર્યો તે બદલ હું ફરીવાર આભાર માનું છું. બજેટ સાચા અર્થમાં વિકાસલક્ષી બજેટ હોવું જોઈએ, પરંતુ મારા સામેના મિત્રો જયારે જયારે ગુજરાતમાં એમણે શાસન કર્યુ ત્યારે તેમણે તૃષ્ટીગુણ સિવાય કંઈ કર્યુ નથી, ન કરવાનું કરતા હતા અને કરવાનું કર્યુ નથી. તેના આધારે તેઓ હંમેશા ગુંચવાડો અનુભવતા હતા. એમણે જે કર્યુ છે તે અમે જોયું છે. એમણે આશ્રમશાળાઓ ખોલી હતી, પરંતુ તે પણ એમના ** • (પોઠીયાઓને) પોષવા માટે કરતા હતા. એક જણને દસ દસ આશ્રમશાળાઓ આપીને એમણે..

**અધ્યક્ષશ્રી .** : માનનીય મંત્રીશ્રી, આ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આ શબ્દ અસંસદીય હોય તો હું પાછા ખેંચી લઉં છું.

---

• ** (***) આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે અમારા સભ્યશ્રી ભવાનભાઈ બોલ્યા હતા ત્યારે ભવાનભાઈ તો નવા સભ્ય હતાં છતાં એ શબ્દો બદલ એમની પાસે ત્યારે ગૃહની માફી મંગાવી હતી. એટલે એ હું યાદ અપાવું છું. આ ગૃહની લાગણી દુભાઈ છે અને માનનીય નરોતમભાઈ તો ગૃહના સિનિયર સભ્ય છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય અર્જુનભાઈ, હું બરાબર સમજું છું કે **(પોઠીયો) શબ્દ અને આખલા શબ્દમાં ઘણો મોટો ફરક છે. સમજવાના ભાવાર્થ ઘણા જુદા છે એટલા માટે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મારું કહેવાનું એ છે કે આશ્રમશાળાઓ એટલા માટે ખોલી હતી કે તેની પાછળ શિક્ષણ આપવા માટેનો ઈરાદો એટલો મોટો હતો તે આજે પણ હું સ્વીકારતો નથી. પણ તેના માટે જે રીતે વ્યવસ્થા કરી અને મધ્યાહન ભોજન લાવ્યા, અને આ મધ્યાહન ભોજન ચલાવવા માટે પણ જે પદ્ધતિ ઉભી કરી અને એમના માણસોને ગોઠવવાની વ્યવસ્થા કરી, એક માણસને દસ દસ આશ્રમશાળાઓ આપી જેના ઉપર જીવન ગુજારે છે એ આજે અમે જોયું છે એ અમે નથી કરતા એ સિસ્ટમમાં રેગ્યુલરાઈઝ કરવાનો પ્રયત્ન કર્યો છે.

વિરોધપક્ષને પાણીની પાઈપ લાઈન નાંખતા આવડતું નહતું એમના વખતમાં એમણે નહોતી નાખી કારણ કે ગામડે ગામડે એમના માણસો ટૅન્કર દ્વારા પાણી આપતા હતા. એમનો ગુજારો દરેક ગામમાં ચાલે એટલા માટે પીવાના પાણી માટેની પાઈપ લાઈનની વ્યવસ્થા નહોતી કરી. પીવાના પાણીની એ વખતે જરૂરિયાત હતી જ. ઘણી વખત સામેથી નેતાઓ કહે કે અમે પાઈપ લાઈન નાખવાનો વિચાર કર્યો હતો, અમે કચ્છમાં પાણી પહોંચાડવા માટેનો વિચાર પણ કર્યો હતો. અમે જે કાર્યક્રમો આપ્યા હતા, અમે જે વિચારો કર્યા હતા એ દરેક અમે આપ્યા છે. એમણે એટલા માટે નહોતું કર્યુ કે એમનાઓનો જ વિરોધ હતો. એ વિરોધ એટલા માટે હતો કે તેઓ ટૅન્કરમાંથી આજીવિકા ચલાવતા હતા. બીજો સબસિડી આપવાનો કાર્યક્રમ ચાલતો હતો. જેટલા કાર્યક્રમો સબસિડી સબંધી એટલા વચેટિયાઓ એને અમે નેસ્તનાબૂદ કરવાની દિશામાં જઈ રહ્યા છીએ. તે વખતે ટ્યુબવેલો બનાવવામાં આવતા હતા. મારા ખાતામાં ટ્યુબવેલ છે એ કેવી રીતે થયા કેટલા થયા, એનું કેવી રીતે પોષણ થતું હતું કોને નોકરી અપાતી હતી એ અમારા ધ્યાનમાં છે. ફક્ત ગુજારો ચલાવવા માટે એક વ્યવસ્થા હતી એ આ સરકારમાં ચાલતી નથી.

અમે આ વિકાસ કરવાની દિશા પકડી છે ત્યારે નર્મદા ડૅમની ઊંચાઈ જલદીમાં જલદી વધે એની ઊંચાઈ આજે ૧૧૦.૬૪ મીટરની છે એથી વધારીને ૧૨૧ મીટર જલદી થાય એના માટે મહેનત કરી રહ્યા છીએ. અમને વિશ્વાસ છે કે ટૂંક સમયમાં મંજૂરી મળશે. અમે એવું કહેતા નથી કે અમે બધું જાણીએ છીએ. તમે જાણતા હોવા છતાં કરી શકતા નથી. જ્યારે અમે જાણીએ છીએ અને કરીએ પણ છીએ.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ પંચામૃત યોજનાની વાત કરી. એ અમારો કંઈ ઇજારો નથી. જળ શકિત, જન શકિત, ઊર્જા શકિત અને રક્ષા શકિત આ બધી શકિત વિષે જાણે છે પરંતુ અમલ કરવાની તાકાત એમનામાં નહોતી. જળ શકિતની વાત કરું તો જળ શકિતનો એમણે વિચાર કર્યો હોત તો આજે આપણે ઘણું બધું કરી શક્યા હોત. અમે આ અંગે વિચાર કર્યો કે જળ શકિત હશે તો ગુજરાતનો વિકાસ થઈ શકશે એના માટે બજૅટ બનાવ્યું છે. જળ શકિતની અંદર કેટલીય આઇટમો ઉપર અમે કામ કરી રહ્યા છીએ. આ તકે એનો ચિતાર આપવા માગું છું. એમની સરકારમાં તળાવો ખોદવાનો કાર્યક્રમ હતો નહિ. અછતના કાર્યક્રમમાં ખાલી બે ખાડા ખોદી આપતા હતા. જ્યારે નંબર્સ ઑફ ટૅન્ક ખોદવાનો અમારો કાર્યક્રમ છે. તળાવો ખોદવાનું કામ અને પાણીનો સંગ્રહ કરવાનો અમારો કાર્યક્રમ છે. નાના ચેકડેમો બાંધવાનો, ગુજરાતના જે ખૂણામાંથી પાણી દરિયામાં વહી જતું હોય એ પાણીને રોકવાનો અમારો કાર્યક્રમ છે. એટલા માટે જળ શકિત એકઠી કરવાનું અમારુ ધ્યેય છે. નદીમાં વહી જતું પાણી એક નહિ સેંકડો ગુજરાતની નદીઓનું પાણી દરિયામાં વહી જતું હતું એના ઉપર આડા મોટા બંધ બાંધવાનો કાર્યક્રમ બનાવ્યો છે. અહીંયા પ્રશ્ન પૂછવામાં આવે છે કે તમે કેટલા ચેકડેમો બાંધ્યા છે. હું આપના દ્વારા આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે નાનો ચેકડેમ એક લાખનો બને છે, નાનો ચેકડેમ ૫૦ હજારનો પણ બને છે અને ત્રણ લાખમાં પણ બને છે. અમે મોટા ચેકડેમો એને ચેકડેમ એક કહો એવા ૫૦-૫૦ લાખના ખર્ચે ચેકડેમ આડબંધ બાંધીએ છીએ. આવા ૫૦૦ ચેકડેમો બાંધીએ તો ૨૦-૨૫ ચેકડેમ જેટલો એક ચેકડેમ બાંધીને આવા આડબંધો તમામ નદીઓ ઉપર બનાવીને ત્રણ-ચાર કિલોમીટરે અત્યારે પાણી રોકવાનો કાર્યક્રમ અમારી સરકારનો છે. અમે રૂપિયાની ગણતરી કરતા નથી, નાણાંની ચિંતા કરતા નથી. બજૅટને હંમેશા બાજુ ઉપર મૂકીને પ્રશ્ન પૂછાવે કે તમારી પાસે કેટલું બજૅટ છે, કેટલા રૂપિયા છે. બે વર્ષમાં ૨૪ હજાર ચેકડેમ બાંધ્યા, ૫૦ હજર ચેકડેમ અમે પૂરા કર્યા છે તો પણ આંકડાની માયામાં ફસાયેલો વિપક્ષ બહાર આવ્યો નથી.

અમે સુજલામ્-સુફલામ્ જેવી યોજનાઓ કરી. અમે સુજલામ્-સુફલામ્ની યોજના શહીદોના મુખે ગવાતો વંદેમાતરમ્ના ગીતનો એક ભાગ, તેના હાર્દ સાથે લાગણીથી છાતીએ લગાડવાને બદલે તેની જોક અને મશ્કરી પણ થાય છે. મને ફીલ ત્યાં થાય છે કે ગુજરાતને બેઠું કરવા માટે જળસંપત્તિમાં, જળશકિતમાં આનો ઉપયોગ થવો જોઈએ. આપણે સામૂહિક રીતે કરીએ એવો વિચાર કરવાને બદલે સુજલામ્-સુફલામનો ડાંગમાં ભલે ઉપયોગ ન થતો હોય પણ ડાંગમાં તેનો વ્યંગ કરવામાં આવે એ બરાબર નથી. હું આપની બોલવા માટે રજા લઉં છું કે સુજલામ્-સુફલામ યોજના્ દ્વારા દરિયામાં વહી જતા પાણીને કડાણામાંથી લઈને સૂકા એવા વિસ્તાર બનાસકાંઠા સુધી અને પાકિસ્તાનની બૉર્ડર સુધી લઈ જવાનું સ્વપ્ન, માનનીય મુખ્યમંત્રીશ્રીએ લીધેલ કાર્યક્રમ અને તારીખો ગણે છે. કઈ તારીખે પૂરું કરવાના છે? ૭૨-૭૨ એજન્સીઓ દ્વારા, હજારો મશીનરી દ્વારા રોજની લાખો ક્યુબીક મીટર માટી ખોદાય છે. રોજનું ૧૦ કરોડ રૂપિયાનું કામ ચાલતું હોય એવો સુજલામ્-સુફલામ્નો કાર્યક્રમ ચાલતો હોય

અને નાણાંનું પેમેન્ટ કરવા માટે રોજ ડે-નાઈટ કરતા હોય અને રૂપિયા આનામાં હિસાબ પૂછે કે તમારું કામ કેટલું થયું? હું બધાને વિનંતી કરું છું કે આપમાંથી કોઈને ઇચ્છા હોય અમારી સ્પ્રેડીંગ કેનાલ અમારા ખર્ચે લઈ જઈ અને આપ સૌને કેનાલ બતાવવાની અમારી તૈયારી છે. મહેરબાની કરીને અયોગ્ય જગ્યાએ ટીકા ન કરો તો સારું, કારણ કે આમાં ગુજરાતનું હિત છે, અમારો ઉત્સાહ છે. મિત્રો, મોટી નદીઓ, નદીમાં પાણી નાખવાની કલ્પના તેની ઉપર આડબંધ બાંધીને એ પાણી ભરીને ગુજરાતના ખેડૂતને પાણી તેની નજીક જાય, તેમાંથી ડાયવર્ટ કરીને તળાવો ભરાય, તળાવને યુનિટ બનાવીને ત્યાંથી પમ્પીંગ કરીને ખેડૂત તેના ગામ સુધી, ખેતરો સુધી પાણી પહોંચાડે, તેમાંથી ડ્રિપ ઈરિગેશન થાય એવી કલ્પનાને સમજીને મારા વિપક્ષના નેતા તો એન્જિનિયર છે. તેઓ તેમને રોકતા નથી. ઘણા અનુભવી છે. છતાં તેમણે કોઈ ધારાસભ્યશ્રીને ટીકા કરતા રોક્યા નથી. તેની વેદના અમને છે. દરિયામાં વહી જતા પાણીને કઈ રીતે વાળવું, નર્મદામાંથી વહી જતું પાણી ત્રણ મિલિયન એકર ફીટ પાણી અમારા મિત્ર અર્જુનભાઈ સમજી જાય છે. એક-એક મિલિયન ફીટ પાણીને આપણે કચ્છમાં મોકલવું હોય, હમણાં મને પૂછશે કે ક્યારે મોકલવું છે? (અંતરાય) હું કદી ન બોલું. આપ મારી કોઈ પણ સ્પીચમાંથી શોધી કાઢજો. કોઈ દિવસ યુનિટની ભૂલ નથી કરી. મિલિયન એકર ફીટ પાણી છે એ ઉત્તર ગુજરાતમાં પાણી માટે તેને અપલીફટ કરીને ડૅમ ખાલી પડી રહ્યા છે. અર્જુનભાઈ, તમે જાણો છો. ઉત્તર ગુજરાતના બાંધેલા ડૅમ ૩૦ ટકા ભરાતા નથી. આજે પાણી ભરવું હોય તો નર્મદામાં વહી જતું વધારાનું પાણી પંપીંગ કરીને લઈ જઈએ ત્યારે તેનો ખર્ચ ન પૂછાય. મને પૂછવું હોય તો એ પૂછો કે તમે વર્ષો પહેલાં આખા વર્ષનું પીવાનું પાણી ૧૪ રૂપિયે એક વ્યકિતને આપતા હતા આજે હજારો-કરોડો રૂપિયાની પાઈપલાઈન નાખ્યા પછી આ સરકાર આજે પણ લોકો પાસેથી એક વર્ષના ફક્ત ૧૪ રૂપિયા માગે છે. એક મહિનાના એક રૂપિયો અને વીસ પૈસા. આ સરકારને ત્યાં અભિનંદન આપવા જોઈએ કે આટલી મોંઘવારીમાં એક રૂપિયો અને વીસ પૈસે એક મહિનાનું પાણી..

**અધ્યક્ષશ્રી .** : બે મિનિટમાં પૂરું કરો. પછી સમય નથી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જ્યારે અમે એક રૂપિયો અને વીસ પૈસામાં પાણી આપીએ છીએ, કચ્છના સુરજબારી પુલ ઉપરથી પાઈપલાઈન નાખીને કચ્છમાં લઈ જતા હોય ત્યારે ગામડાં ગણે છે કે પાણી નથી આવ્યું. તેઓ જાણે છે કે નર્મદા કેનાલનું રીપૅરીંગ ચાલે છે. એ સંજોગોમાં પાણીનો પુરવઠો સાચવીને ચલાવતા હોય ત્યારે તેના વિષે ટીકા છતાં મારે તો હજુ આપને કહેવું છે કે આપણે જે ટપક પદ્ધતિથી પાણી લાવ્યા પછી પાણીનો સંગ્રહ કર્યા પછી અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૫૦૦ કરોડનો પ્લાન કર્યો. તેમણે જી.એન.એફ.સી. અને જી.એસ.એફ.સી.નો ખેડૂતોને શહેરમાંથી ઉભો થયેલો નફો, એ નફાને ડાયવર્ટ કરીને ખેડૂતો સુધી પહોંચાડ્યો ત્યારે અમને યાદ કરે. વીજળીનો ભાવ ઘટાડયો છે. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી બેઝીકલી સૈદ્ધાંતિક રીતે માને છે કે ખેડૂતને વીજળી નથી જોઈતી. ખેડૂતને પાણી જોઈએ છે અને પાણી તેના ખેતર સુધી પહોંચાડવા માટેનો અમારો પ્રયત્ન, તેમાં જરા પણ શંકા કરવા જેવું નથી. ૧૫૦૦ કરોડ રૂપિયા એટલે હું એમ કહું કે એક હેકટર ઉપર ૫૦ હજાર રૂપિયાનો ખર્ચ આવે છે અને ૩ લાખ હેકટર ઉપર ખેડૂતોની લોક ભાગીદારી થાય તો એના ઉપર ૫ લાખ હેકટર ઉપર એક જ વર્ષમાં આખો પ્રોજૅકટ નંખાય. ગુજરાતમાં ડ્રિપ ઈરિગેશન થાય. મારે ત્યાં ડ્રિપ ઈરિગેશન કરું છું. ત્રણ ગણી ખેતી થાય છે અને ફક્ત ત્રીજા ભાગનું પાણી વાપરાય છે અને દોઢો પાક લેવામાં આવે છે. આ લોકોને શીખવવું છે કે, પાણીનું મેનેજમેન્ટ કેવી રીતે કરવું? એમાં તમારે સહયોગ કરવો જોઈએ કે, ચાલો આપણે પાણીનું મેનેજમેન્ટ કરીએ. હા, તમે નર્મદામાં એકલા નથી બાંધતા, આ પાણી અમે પણ બાંધીએ છીએ. આ પાણી તમે જ બાંધો છો પણ તમે અમારી સાથે સહયોગ કેમ નથી કરતા? ઈઝરાયેલમાં ફક્ત ૬ ઇંચ વરસાદમાં આટલી મોટી હરિયાળી ક્રાંતિ કરી શકાય તો ૩૦ ઇંચ વરસાદમાં ગુજરાતનો ખેડૂત એનાથી વધારે તાકાતવાળો હોય અને ન બને તો મુખ્યમંત્રીશ્રીને એની વેદના છે અને એવા સંજોગોમાં એક પછી એક કાર્યક્રમો લાવે છે ત્યારે એમના મનમાં થાય છે કે લઈ જશે, એમની તપશ્ચર્યા પૂરી થશે તો શું થશે?

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ઊર્જા મંત્રીશ્રી, નાણા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, અર્જુનભાઈ તમે તો કદી કલ્પના પણ નહોતી કરી શક્યા કે ગામડે ગામડે થ્રી ફેઈઝ વીજળી આપી શકાય અને અમે આપી. ૭૦૦૦ ગામડાઓમાં પૂરી કરી અને ૧૮૦૦૦ ગામડાઓને થ્રી ફેઈઝ વીજળી ૨૪ કલાક આપવાની યોજના છે. આમ એક પછી એક કાર્યક્રમો ગુજરાતના વિકાસમાં આવતા જાય છે, ત્યારે રૂપિયા ગણવાને બદલે અમને પૂછે છે કે સુજલામ્-સુફલામ્ યોજનામાં ૬૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચને કેવી રીતે પહોંચશો? એવું પૂછે તો વાંધો નહીં ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. એક પાઈપ લાઈન નાખવી હોય તો, આ તો ૧૪ પાઈપ લાઈન નાખવાની છે. આ એક પાઈપલાઈનમાં ૬૫૦૦૦ ટન લોખંડ આવે છે. ઘેર જઈને એનો ગુણાકાર કરી જો જો. એમાં ૧૦૦ કરોડ રૂપિયાનો હિસાબ કયાં બેસવાનો છે? એક પાઈપ લાઈન તો પૂરી કરી છે, બીજી ચાલુ છે અને ત્રીજી પૂરી થઈ છે અને બાકીનાનો કોન્ટ્રાકટ અપાયો છે. વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ બરાબર જાણે છે. આ આખું સેટ-અપ એન્જિનિયરીંગનું ડિઝાઇન સાથે કરવું ઇકોનોમિકલ તો ઈટ કન્ઝુમ્સ ટાઈમ, આ સમય અમે જ્યારે લેતા હોય, વપરાતો હોય, એવા સંજોગોમાં આપ પૂછો કે તમે ગામને હજુ પાણી નથી આપ્યું? ટાઇપ પહેલા વર્ષમાં જરૂર કન્ઝુમ્સ થયો છે. પણ વી હેવ પ્લાન્ડ ટોટલી. અને આખી આ સુજલામ્-સુફલામ્ યોજનામાં ૧૦ જિલ્લાઓમાં ચેકડેમ, આડબંધ, પાળા, તળાવો, ડ્રિપ ઈરિગેશન અને પાઈપલાઈન તમામનું આયોજન છે અને ૫૦૦થી વધારે નાના મોટા સ્ટ્રકચર આવે છે. સાબરમતીના સ્ટ્રકચરથી માંડીને નાનામાં નાના વિલેજ રોડ આવે છે. આવા ૫૦૦ જેટલા સ્ટ્રકચરો પણ આ પિરિયડમાં પૂરા કરવાના છે. એમાં તમારો સહયોગ જોઈએ છે. તમારી સૂઝ હોય તો

આગળી લાંબી કરો. પણ પાણી લઈ જતા હોય ત્યારે પ્રશ્ન પૂછયો કે કયાં પહોંચ્યા છો?. મને બનાસકાંઠાના ભાઈ પૂછતા હતા કે અમારા ત્યાં આવતું નથી. મિત્રો આ બધું કામ નાનું નથી. તમે સમજો છો કે સુજલામ્-સુફલામ્ યોજના દ્વારા લાખો લોકોને એનો લાભ મળવાનો છે. કોઈ શંકા કરવાની જરૂર નથી, સમયસર પૂરી કરવાનો પ્રયત્ન છે. નાબાર્ડ જેવી સંસ્થાઓ સામેથી આવીને કહે છે કે, આ સરકારની ઘણી ક્રેડીબીલીટી છે અને તમને નાણા આપવામાં જોખમ નથી. અમને જોઈએ તેટલા નાણા આપવા તૈયાર છે. એવા સંજોગોમાં ટીકા અસ્થાને છે. હું આશા રાખું છું કે, મિત્રો સમજશે. જ્યોતિ ગ્રામ યોજના દ્વારા ભવિષ્યમાં ગુજરાતને સમૃદ્ધ કરવાની અમારી દિશા છે એમાં આપનો સૂર પૂરાવશો એવી અમે અપેક્ષા રાખીએ છીએ. આપ સૌનો આભાર માનું છું.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની ચર્ચામાં માનનીય ધારાસભ્યશ્રીઓ અને ટ્રેઝરી બૅન્ચમાં થઈને કુલ ૬૭ લોકોએ એમાં ભાગ લીધો છે. સ્વાભાવિક રીતે વિરોધપક્ષ અને શાસકપક્ષમાંથી બોલે ત્યારે અરસ-પરસ જવાબ મળી જતા હોય છે, પરંતુ મારે એક વાત બહુ પ્રેમથી કહેવાની છે કે વિરોધ પક્ષના ભાઈઓએ જે જનૂનથી અને જે ખુમારીથી આ બજેટ માટે વાત કરી છે અને જે વિરોધ વ્યકત કર્યો છે, ભૂલો કાઢી છે તો હું ઈશ્વરને પ્રાર્થના કરું કે તેમને હજી બીજા ૫૦ વર્ષ સુધી આવી તક આપે. મેં અગિયાર વખત બજેટ રજૂ કર્યુ છતાં એમાં ભૂલો નીકળતી હોય તો આપ તો મારા મિત્ર છો અને જયાં સુધી હું સારું બજેટ રજૂ ન કરું ત્યાં સુધી તમે મને તક આપતા રહેશે એની મને ખાતરી છે. (અંતરાય) માનનીય અર્જુનભાઈ હું કોઈને આશીર્વાદ દેતો જ નથી. હું તો એમ જોઉ છું એમાં જે બેઠા હતા શંકરભાઈ સિવાય કોઈએ નથી કરી. ૧૯૮૫ની અંદર જે દિવસે આદરણીય માધવસિંહભાઈ સોલંકી હતા એ દિવસે અમે ત્યાં ૧૨ જણા બેસતા હતા અને અહીં સામે ૧૪૯ હતા. આજે ૧૪૯માંથી ૪૮ રહ્યા છે. ૧૦૧ જ ઘટયા છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું કે હજી ભવિષ્યમાં તમને કોઈને પણ તસ્દી ન આપે કે જે તમારે બોલીને પરસેવો પાડવો પડે.

બજેટ એ આંકડાકીય બાબત હોય છે. અમે ગમે તેટલું સરકારમાંથી રજૂ કરીએ પરંતુ અમારા ઉપર સુપરવિઝન કરવાવાળી કેન્દ્ર સરકાર છે. કંટ્રોલર અને એકાઉન્ટ જનરલ પણ આ સુપરવિઝન કરે છે કે આપેલા આંકડા યોગ્ય છે કે નહીં. અમે જ્યારે બજેટની રજૂઆત કરીએ, એમાં પ્લાન અને નોન પ્લાન એ બંનેની રજૂઆત કર્યા પછી આયોજન પંચ અમને મંજૂરી આપે છે કે તમે આટલા રૂપિયા જ ખર્ચ કરી શકશો. એ સિવાય વિશેષ ન કરી શકો. એનો અર્થ એમ થયો કે અમારે ઉપરથી એપ્રુવલ લેવી પડે. આજે દિવસે દિવસે ગુજરાત રાજયની નાણાકીય પરિસ્થિતિ સધ્ધર થતી જાય છે. એના વિકાસની હું થોડીક આંકડાકીય વાત કરું છું. ૨૦૦૧-૨૦૦૨માં મહેસૂલી આવક ૧૫૭૩૯ કરોડ હતી અને મહેસૂલી ખર્ચ ૨૨૦૪૧ કરોડ હતું એટલે આ દૃષ્ટિએ જોઈએ તો આ આપણી ખાધ હતી એ ૬૩૦૨કરોડ હતી. આ જ પ્રમાણે ૨૦૦૫-૨૦૦૬માં મહેસૂલી આવક ૨૩૨૧૭ કરોડ અને મહેસૂલી ખર્ચ ૨૪૬૫૬ એટલે જે આપણું મહેસૂલી ખર્ચ મહેસૂલી આવક કરતાં જે ૬૩૦૨ કરોડ હતું એમાંથી ઘટી ૧૪૩૯ કરોડ થયું એટલે જે ૪૦ ટકા હતું એ ૪૦ ટકામાંથી ૬ ટકા થયું. આપણું મહેસૂલી ખર્ચ અને મહેસૂલી આવક એ બંને જો વ્યવસ્થિત હોય તો આપણે સારી રીતે શાસન કરી શકીએ નિર્વિવાદ વાત છે. એ રીતે જે એ.જી.નો રિપોર્ટ છે. સી.એ.જી.નો કંટ્રોલર અને એકાઉન્ટન્ટ જનરલનો એની ગણતરી મુજબ જે ખાધ છે એ ૭૪૯કરોડ રહેશે એટલે આમાં કુલ આવક રાજયની અને બધી એગ્રીગેટ ગણતરી કરી મહેસૂલી આવક મહેસૂલી ખાધ પછી મૂડી આવક અને મૂડી ખર્ચ એ બંને રીતે જોઈશું તો આપણી મહેસૂલી ખાધ છે એ ફકત ૩.૨૨ ટકા જ રહેશે. ૨૦૦૧-૨૦૦૫ની જે મહેસૂલી આવક હતી એમાં ૨૦૦૫-૦૬માં જે ૧૫હજારમાંથી ૨૩ હજાર થઈ એટલે આ ૪ વર્ષોના ગાળા દરમિયાન ૫૦ ટકાનો વધારો થયો અને જે આવકમાં ૫૦ ટકાનો વધારો થયો અને મહેસૂલી ખર્ચ જે ૨૨૪૪૧ કરોડ હતું એમાંથી ૨૪૬૫૬ કરોડ થયું છે. એટલે ૧૦ટકાનો જ વધારો મહેસૂલી આવકમાં ૫૦ ટકાનો વધારો મહેસૂલી ખર્ચની અંદર ૧૦ટકાનો વધારો. આ ૫૦ અને ૧૦ટકા જે રીતે છે એ રીતે જોઈએ તો આપણી મહેસૂલી ખાધ છે એ દિવસે અને દિવસે ઓછી થતી જાય છે. હું સ્પષ્ટ માનું છું કે આગામી ૨૦૦૬-૦૭માં આપણી જે મહેસૂલી ખાદ્ય છે એ શૂન્ય થઈને રહેશે અને ગુજરાતની પરિસ્થિતિ આર્થિક રીતે આખા હિન્દુસ્તાનમાં સદ્ધર રહેશે એ નિર્વિવાદ વાત છે. જે મહેસૂલી ખાદ્ય છે અને એના આંકડા આપ્યા છે પણ ભારત સરકારના હિસાબ મુજબ એમાં જે ૨૦૦૧-૦૨માં ૩૮૭૯૧ કરોડ ખાદ્ય હતી એ ૨૦૦૩-૦૦૪માં .૨૩ કરોડ એટલે ફકત ૨૩ લાખ જ થઈ અને ૨૦૦૪-૦૫માં અંદાજે આપણી ૨૮.૮૨ની પુરાંત થઈ. આ જે મેં વર્ષ ૨૦૦૫-૦૬નું બજૅટ રજૂ કર્યું એ બજૅટ મેં ૯૭.૧૪ કરોડની પૂરાંતવાળું બજૅટ રજૂ કર્યું. આ બજૅટ રજૂ કર્યા પછી પણ મેં ગુજરાત રાજયના એકેએક વીજળી વપરાશકારોને રાહત મળે એટલા માટે રૂપિયા ૨૨૯ કરોડની રાહતો આ ભા.જ.પ.ની સરકારે જાહેર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વભાવિક રીતે આપણું પ્લાનનું ખર્ચ જ્યારે નોન પ્લાનનું ખર્ચ, આપણા રાજયની કુલ આવક કેટલી થાય એ આવકમાંથી નોન પ્લાનનું ખર્ચ કાઢી નાખીએ, કર્મચારીઓના ખર્ચ, એડમિનિસ્ટ્રેટીવ કોસ્ટ, આપણે દેવા પડતા વ્યાજના હપ્તા, લોનના હપ્તા બધું કાઢી નાખતાં જે વસ્તુ બચે એ રાજયના વિકાસ કામ માટે વાપરી શકીએ. એટલે એને પ્લાનીંગ સૅકટર કહેવાય. આ પ્લાનીંગ સેકટરમાં પ્લાન માટેનું જે આયોજન ૨૦૦૨-૦૩માં ૪૪૫૦ કરોડ હતું તે ૨૦૦૩-૦૪માં ૭૬૬૧ કરોડ થયું અને ૨૦૦૪-૦૫માં ૮૫૧૮ કરોડનો મેં અંદાજ મૂક્યો હતો. પરંતુ મારા સુધારેલા અંદાજો છે એ ૮૫૧૮ કરોડના બદલે ચાલુ વર્ષે ૨૦૦૪-૦૫માં ૧૦૬૯૧ કરોડ થઈ જશે. આવતા વર્ષે જે મેં ૧૧૦૦૦ કરોડ રૂપિયા પ્લાનમાં અંદાજ મૂક્યો છે એ અંદાજમાં પણ ૧૨મું નાણા પંચ

આવ્યું છે અને રાજય સરકારને જે આવક થાય છે, રાજય સરકારનો કરકસરભર્યો વહીવટ થાય છે એના કારણે માનનીય નરોત્તમભાઈએ જે પ્રમાણે કહ્યું ૧૧૦૦૦ કરોડ કરતાં પણ આવતા વર્ષે પ્લાનીંગ સેકટર વધવાનું છે. છતાં પણ આજે પ્લાનમાં જે પૈસાની ફાળવણી કરી છે એના અંદર જે વધુમાં વધુ પૈસા વપરાય છે એ ગ્રામ્ય વિસ્તારમાં જ વપરાય છે. શહેરી વિસ્તારમાં અને ગ્રામ્ય વિસ્તારમાં જોઈશું તો શહેરી વિસ્તારમાં નગરપાલિકા કે મહાનગરપાલિકા હોય ત્યાં રસ્તા, નળ, લાઈટ, ગટર, પાણી તમામ સુવિધાઓ નગરપાલિકા પોતાના ખર્ચે કરે છે. એમાં રાજય સરકારે કોઈ વિશેષ ખર્ચ આપવાનો હોતો નથી, પરંતુ બાકીનો ખર્ચ છે એ ગ્રામ્ય વિસ્તાર માટે હોય છે, ખેડૂતો માટે હોય છે. આ રાજય સરકારનું જે બજેટ આવ્યું છે એમાં જે ખર્ચ કરવામાં આવે છે એના અંદરથી ૯૦ ટકા ખર્ચ ખેડૂતો માટે થાય છે, ગ્રામ વિસ્તારની પ્રજા માટે થાય છે. માનનીય જોધાજીભાઈ અને હેમાજીભાઈએ વાત કરી, ટૂંકમાં વાત કરી, એકની એક વાતનું રિપિટેશન કર્યું. એમણે કહ્યું કે, કાંઈક ગરીબોનું ભલું થાય એમ કરજો. જોધાજીભાઈએ કહ્યું કે ખેડૂતોનું ભલું થાય એવું કરજો. બન્ને પાઘડીવાળા મિત્રોને કહેવાનું કે ખેડૂતોના હિત માટે અને ગ્રામ્ય વિસ્તારના હિત માટે થઈને આ બજેટ છે. માનનીય નરોત્તમભાઈએ કહ્યું કે સુજલામ્-સુફલામ્ યોજના માટે આપ વિચાર કરશો. વિરોધ કરવો હોય તો ગમે ત્યાં થઈ શકે, પરંતુ આપણે અંતરથી વિચાર કરીએ. હું તો કહું છું કે ૬૦૦૦ કરોડ રૂપિયાના ડિસેમ્બર સુધીમાં કામ કરવાના છે એ કેમ કામ પૂર્ણ થાય એના માટે રાજય સરકાર સતત ચિંતિત છે. આજે આપ જોઈ શકશો કે રાજયમાં ઈરિગેશન માટે આ રાજય સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. ઈરિગેશન ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને માટે છે. આજે સમસ્ત ભારતનું અર્થતંત્ર એ ગ્રામ્ય આધારિત છે, એમ ગુજરાતનું અર્થતંત્ર પણ ગ્રામ્ય લોકોના વિકાસ કામ માટેનું જ હોવું જોઈએ એ નિર્વિવાદ વાત છે. આ રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારની અંદર education નું પ્રમાણ વધે એટલા માટે થઈને દરેક ગામડાની અંદર શાળા આપવી, શાળાની અંદર રૂમો આપવા, રૂમ હોય ત્યાં શિક્ષક, શિક્ષક ત્યાં રૂમ, શિક્ષકની ઘટ ના રહે, શાળાના ઓરડાની ઘટ ના રહે, ગ્રામ્ય વિસ્તારની અંદર જે બંધારણે બક્ષેલા અધિકાર મુજબ આ દેશના એકેએક બાળક જેને ભણવાનો અધિકાર છે એ અધિકાર રાજ્ય સરકાર આપી શકતી નહોતી. આવા બાળકને ભણાવવા માટે થઈને રાજ્ય સરકારના લોકો એકેએક ગામડામાં જઈને કહે છે કે તમારા દીકરા-દીકરીને નિશાળમાં દાખલ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણમાં તો વર્ષોથી ૧૯૪૯ થી આ વાત લખાયેલી હતી, છતાંય એનો અમલ નહોતો થતો. આજે ગુજરાત રાજ્ય એ દિશાની અંદર આગળ વધી રહ્યું છે કે ગુજરાતની અંદર એકેએક વ્યકિત અભણ ના રહે, એટલું જ નહિ, બાળકને ભણવાની opportunity મળે એટલા માટે થઈને શિક્ષકોનો અભાવ હતો. ૮૦ હજાર વિદ્યા સહાયકોની ભરતી કરી, ૮૦ હજારની અંદરથી જેટલા નિવૃત્ત શિક્ષકો થતા હોય ત્યાં વિદ્યા સહાયકો જે હતા એને permanent પગાર આપી, ૩૨ હજાર શિક્ષકોને પણ કાયમી ધોરણે કરી દીધા છે. કોઈનું શોષણ કરવામાં આવતું નથી. ગુજરાત રાજ્યની અંદર નેમ રહેલ છે આ ભારતીય જનતા પક્ષની સરકારની કે ગુજરાતનો એકેએક માનવીને એ અક્ષરજ્ઞાન મળતું હોવું જોઈએ, એના માટે થઈને જે મોટી ઉંમરના લોકો છે એને ભણાવવા માટે થઈને પણ રાજ્ય સરકારે યોજના કરી છે. તમામ લોકોને અક્ષરજ્ઞાન મળે એના માટે રાજ્ય સરકાર ચિંતિત છે. education દૃષ્ટિએ છે.

એ રીતે irrigation ની દૃષ્ટિએ ખેડૂતને ખેત તલાવડી મળે એના માટે એક લાખ ખેત તલાવડીનું આયોજન હતું, તેની સામે ચાર મહિનામાં ૧ લાખ ૩૭ હજાર ખેત તલાવડી કરી. બોરીબંધ હતા. અરે, સરકારના ખર્ચે નહિ, એક પૈસો પણ સરકારને ખર્ચવા નહિ દેવાનો. ગ્રામ્ય વિસ્તારના લોકોને એક આંગળી ચીંધ્યાનું પુણ્ય છે કે તમે ગામના લોકો ભેગા થઈને જે જગ્યાએથી પાણીનું વહેણ જતું હોય, આવા વોકળાને અને આવા વહેણ ઉપર પાણી રોકી અને તમે તમારા ખેતર સમૃદ્ધ કરો. આ બોરીબંધની યોજના લાવ્યા. ચેક ડેમ માટેની યોજના, ચેકડેમની અંદર પણ એવા અનેક માનનીય ધારાસભ્યોએ આવીને રજૂઆત કરી હતી કે જેટલા લોકો ૬૦:૪૦ કરી શકે એવા ગામડા હતા એને ૬૦:૪૦ માં કરી દીધા છે અને હવે તમે ૮૦:૨૦ યોજના લાવો. આ ગુજરાતમાં ધારાસભ્યોના જે ગ્રામ્ય વિસ્તારના લોકો માટેની લાગણી અને જે હકીકત હતી એ હકીકતનો રાજ્ય સરકારે સ્વીકાર કરી ૮૦:૨૦ યોજના દાખલ કરી છે. હાઉસમાં બેઠેલા તમામ માનનીય ધારાસભ્યોને હું કહીશ કે તમે અને હું તો આજે છીએ અને કાલે નથી. ક્યાં સુધી ધારાસભ્ય રહીશું? એ કોઈનું નક્કી નથી, જ્યાં સુધી છીએ ત્યાં સુધી આપણા વિસ્તારની અંદર એકેએક જગ્યાએ ચેકડેમો બંધાય એના માટે થઈને તમે પૂરી કોશિશ કરો અને ચેકડેમ માટે જેટલા પૈસા જોઈશે એટલા પૈસા આ ગુજરાત રાજ્યની ભારતીય જનતા પક્ષની સરકાર આપવા તૈયાર છે, ચેકડેમો બનાવો. એ પ્રમાણે કહીશ કે "ખેતરનું પાણી ખેતરમાં અને ગામનું પાણી ગામમાં અને નદીનું પાણી નદીમાં" નદીના પાણીનું એક ટીપું પણ સમુદ્રમાં ના જાય અને નદીનું પાણી રોકી વર્ષોથી પાણીના અભાવે સતત ચિંતિત રહેતા અને પીડિત રહેતા એવા ખેડૂતભાઈઓના ઉત્કર્ષ માટે થઈને સૌ સાથે મળીને કામ કરીએ, એમાં કોઈ વિરોધ હોઈ શકે નહિ. આપણા સહિયારા પ્રયત્નોથી વર્ષોથી જે ખેડૂતોને પાણીના અભાવે બિચારા, બાપડા અને ઓશિયાળા થતા હતા, આવું એમનું ઓશિયાળાપણું ઓછું થાય એના માટે થઈ પાણી આપવાની જરૂર છે. જે જગ્યાએ પાણી ઓછું મળે છે ત્યાં માનનીય નરોત્તમભાઈએ કહ્યું એ પ્રમાણે drip irrigation ની યોજનાથી ઓછા પાણીથી વધુ ઉત્પાદન આ દિશાની અંદર પણ રાજ્ય સરકાર આગળ વધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીઓએ કહ્યું છે કે ગુજરાત રાજ્યની અંદર દિવસે ને દિવસે દેવું વધતું જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય ધારાસભ્યશ્રીઓને કહીશ કે દેણું જે કરીએ એ શેના માટે કરીએ છીએ? એ કોઈ પગાર ચૂકવવા માટે કરીએ છીએ? એ લોનના હપ્તા માટે, બીજી કોઈ લોન

લઈએ છીએ, એ લોનનું વ્યાજ ચૂકવવા માટે આપણે કોઈ લોન લીધી છે? આવું નથી. આજે આપણને દેણું મળે છે એ એકેએક વસ્તુનો વિચાર કરવાની વાત છે. ધારો કે, નાની બચત યોજનાની અંદર જે પૈસા ભૂતકાળની અંદર આપણને, ૭૦ ટકા રાજ્યને આપતા હતા અને ૩૦ ટકા કેન્દ્ર રાખતી હતી એના બદલે આજે સોએ સો ટકા નાની બચત યોજનાના પૈસા ગુજરાત રાજયને મળે છે. આજે બૅન્કોની અંદર દિવસે ને દિવસે બીજા બધા દર ઓછા થયા છે છ ટકા અને સાત ટકા થયા છે, નાની બચતમાં નવ ટકા વ્યાજ આપે છે એટલે લોકો ઑટોમૅટીક નાની બચત યોજનામાં કે જેમાં કેન્દ્ર સરકારની ગૅરન્ટી છે પૈસા એને પાછા મળવાના છે, ડૂબી જવાનો એને ભય નથી, વધુ વ્યાજ મળે છે એના પૈસાની સલામતી છે એટલે નાની બચત યોજનામાં લોકો વધારે રોકાણો કરે છે, જેટલું નાની બચત યોજનામાં રોકાણ વધુ થાય એટલું રાજય સરકારને કેન્દ્ર સરકાર આપે છે. નાની બચત યોજનાના પૈસા કદાચ કેન્દ્ર સરકાર પાંચ વર્ષમાં આપી દે પણ આપણે જે પદ્ધતિ છે એ જાણવા જેવી છે. આપણને જે પૈસા આપે છે એ વીસ વર્ષ માટે પૈસા આપે છે અને પહેલા પાંચ વર્ષ સુધી આપણે કોઈ વ્યાજ દેવાનું નહીં કે લોનના કોઈ હપ્તા દેવાના નહીં. ફક્ત વ્યાજ જ આપવાનું અને વીસ વર્ષે આપ જોઈ શકો કે આજે ધારો કે મેં એક હજાર કરોડ લીધા મેં નાની બચતના લોન તરીકે લીધા, હવે એ એક હજાર રૂપિયા મારે પાંચ વર્ષ સુધી તો કાંઈ આપવાના નથી. સમાજમાં કયાંય પણ જોશો તો પ્રાઈસ એસ્કેલેશનના કારણે આજે પાંચ વર્ષમાં વસ્તુની કિંમત ડબલ થઈ જતી હોય છે. આજે મેં રૂપિયો લીધો છે એ પાંચ વર્ષ પછી એની કિંમત પૈસામાં થઈ જવાની છે ભરવાની. એજ રીતે હું જોઈશ તો વીસ વર્ષ પછી ફક્ત દસ પૈસા જ મારે ભરવા પડશે એ દૃષ્ટિએ જોઈએ તો આ લાંબાગાળાની યોજનાના કારણે જે દેવું લઈએ છીએ એ આપણને ચોક્કસ સસ્તું પડે છે અને એટલા માટે આપણે જો આજે એનો પ્રોજૅક્ટ બનાવી નાખીએ તો એ ભવિષ્ય માટે થઈને બહુ સસ્તું પડવાનો છે. એક જ દાખલો આપને કહીશ કે, ૧૯૬૦માં સ્વ.પંડિત જવાહરલાલ નહેરુએ નર્મદાનો પાયો નાખ્યો એ દિવસે એ નર્મદા ડૅમ એ ફક્ત ૧૬૦૦ કરોડ રૂપિયાની યોજના હતી જો એ ૧૯૭૦-૭૫માં પૂરી થઈ હોત તો એ ૧૬૦૦ કરોડ રૂપિયામાં પૂરી થઈ ગઈ હોત. આજે જોઈએ છીએ કે, ૧૯૯૪-૯૫માં કોંગ્રેસનું શાસન હતું ત્યા સુધી ૩૨૦૦ કરોડ રૂપિયાનો આ યોજના પાછળ ખર્ચ થયો અને પાછળના દસ વર્ષની અંદર ૧૨,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છતાં પણ યોજના આજે પચાસ ટકાએ પણ પહોંચી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં લીધેલું કરજ અને ભૂતકાળમાં કરેલું કામ એ વર્ષો સુધી એના પરિણામ પ્રજા ભોગવી શકે એના પરિણામના લાભો પ્રજા ભોગવી શકે, એટલે જે કરજ કરવામાં આવે છે એ કઈ રીતનું કરજ છે એ જોવાની વાત છે. નાની બચતમાંથી હું ચોક્કસ કહું છુ કે, ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ૫૬,૪૩૮ કરોડનું જે કરજ છે એમાંથી આ નાની બચત યોજનાના કહ્યા એ ૨૯,૧૮૯ કરોડ છે અને એજ રીતે જે ભારત સરકાર લોન આપે છે ધારો કે એ.ડી.બી., વર્લ્ડ બૅન્કની લોન આવી હોય ધરતી કંપના કામ માટે કે વીજળી કરણ માટે કે રસ્તા બનાવવા માટે આવે, આપણે ભારત સરકારની સ્કીમોમાં જુદી જુદી ગ્રાન્ટ આપે, અમુક એઆઈડીપીની જે ગ્રાન્ટ પણ આપે અને લોન પણ આપે એમાં આપણો પણ ફાળો જોઈએ છે. સો રૂપિયા આપ્યા હોય તો એમાં પચાસ રૂપિયા ગ્રાન્ટ અને પચાસ રૂપિયા લોનના હોય તો આપણે જો આપણને પચાસ ગ્રાન્ટ મળે આપણે પચાસ રૂપિયાની લઈએ તો જ ગ્રાન્ટ મળે એટલે આપણે અડધી ભરપાઈ કરવાની અને અડધી આપણને મળે છે. ભારત સરકારની યોજના છે એના માટે થઈને ૧૧,૬૩૨ કરોડ રૂપિયા છે, વર્લ્ડ બૅન્ક અને એડીબી બૅન્ક પાસેથી લોન લે કેન્દ્ર સરકાર, આવે આપણને, આપણને જે લોન આપે એમાં આપણને ત્રીસ ટકા ગ્રાન્ટ આપે અને સિત્તેર ટકા લોન આપે. હવે જો આપણને એ સો રૂપિયા આપે એને આપણે પાછા દેવાના છે સિત્તેર રૂપિયા જ. આ લોન ના લઈએ તો વિકાસના કોઈ કામો ના થાય અને બાબુભાઈએ પણ ખ્યાલ છે કે, એ.ડી.બી. અને વર્લ્ડ બૅન્કના કારણે આપણે કચ્છને કેટલું ઊભું કરી શક્યા છીએ, ભૂકંપના અસરગ્રસ્ત લોકોને આપણે ઊભા કરી શક્યા છીએ આ લોનના જ કારણે. એવી જ રીતે જે જુદી જુદી લૉનો મળે છે એ દૃષ્ટિએ જોઈશું તો કોઈ, હું તો એટલું સ્પષ્ટ કહું કે, કરજ વધારવાથી ચિંતા કરવાની જરૂર નથી, કરજ કેવા કામો માટે લેવાય છે, કરજ હંમેશા પ્રોડકટીવ કામો માટે લેવાં જોઈએ, કરજ છે એ આપણે રેવન્યુ એકસપેન્ડીચર માટે થઈને લેતા હોઈએ તો આપણા માટે એ ભારરૂપ છે, કરજ લેવાથી જેમાંથી કાંઈક ઉત્પન્ન થાય છે, કાંઈક લાભ મળે છે એવું લાભદાયી કરજ કરવાથી કોઈ દિવસ ખોટ થતી નથી. આમાં વેપારી પણ બેઠા છે. કોઈ વેપારી એવો નહીં હોય કે પોતાના પૈસે ધંધો કરે. એ બેંકની લોન લઈને ધંધો કરે છે. ટકો વ્યાજ ભરે, ૧૨ મહિને ૧૨ ટકા વ્યાજ ભરતો હોય. ૨૪ ટકા કમાય અને ૧૨ ટકા વ્યાજ પાછું આપે. એ જ રીતે હું સ્પષ્ટ રીતે માનું છું કે આ કરજ રાજય સરકાર માટે ભારણરૂપ નથી. ગુજરાતની પ્રજાને ફળ મળે એના માટે કરજ છે. પ્રોડકટીવીટી કરજ છે. સીંકીંગ ફંડ છે. આપણે જે બોન્ડ લઈએ છીએ એ સમયસર ભરપાઈ થાય કારણકે બીજું કરજ ધીમેધીમે ઈન્સ્ટોલમેન્ટથી આપવાનું હોય છે. બોન્ડ આપણે એક સાથે લેવા પડે એટલે એક સાથે આપણી પાસે પૈસા ન હોય એટલા માટે જેમ લોનના હપ્તા ભરીએ એમ વ્યાજના હપ્તા ભરીએ એટલે સીંકીંગ ફંડ ઉભું કરી બોન્ડ લીધા હોય એનું આયોજન કરીએ છીએ. સીંકીંગ ફંડ એટલા માટે કરવું પડે કે બોન્ડ વખતે પૈસા કાઢવા આકરા થઈ જાય. એક જ દાખલો આપીશ કે નર્મદા માટે ૨૩૨કરોડના બોન્ડ ૧૯૯૩માં લીધેલા. ૨૦ વર્ષ માટે લીધેલા ૨૦૧૩માં જો પૈસા ભરવામાં આવે તો ૨૩૨ કરોડના ૭૩૦૦ કરોડ ભરવાના આવે. ૩૧ગણી રકમ ભરવાની આવે અને ૨૩૨ કરોડ એટલે કાંઈ નહીં. નરોત્તમભાઈ કહે છે સાત પાઈપલાઈન કરીએ છીએ એમાં એક પાઈપલાઈન પણ ન થાય. ૨૩૨કરોડનું કામ જે તે વખતે થયું હશે, પરંતુ એક સાથે પૈસા દેવાનો વારો આવે ત્યારે સીંકીંગ ફંડમાંથી ઓટોમેટીક પૈસા દેવાઈ જાય. ગેરંટી ફંડનું આયોજન કરેલ છે એના માટે ગેરંટી

ફંડની અંદર આપણી પાસે ભૂતકાળમાં સો કરોડ ગેરંટીના પૈસા આપવા પડ્યા છે પણ રિઝર્વ બેંકમાં ૯૭૫કરોડ ગેરંટી ફંડમાં પડેલા છે. ભવિષ્યમાં જયારે ચૂકવવાનો વારો આવે ત્યારે એક સાથે ચૂકવી શકાય એવી કેપેસીટી હોવી જોઈએ અને દર વર્ષે ૩૦૦ થી ૫૦૦કરોડ ગેરંટી ફંડ માટે રિઝર્વ રાખવાનું રાજય સરકારે આયોજન કર્યું છે.

નર્મદા બંધની ઊંચાઈ વિશે ઘણી ચર્ચા થઈ ગઈ. અમારા વખતે ૮૦ ફુટ હતી અને આમના વખતે ૧૧૦ મીટર ઊંચાઈ થઈ છે. નર્મદા બંધની કેટલી ઊંચાઈ થાય એ માટેની વાત નથી પણ સ્પષ્ટ વાત છે નર્મદા યોજના ૨૦૦૯-૨૦૧૦માં પૂરી થવાની હોય એના બદલે ૨૦૦૭-૨૦૦૮માં પૂરી થાય એ માટે રાજય સરકારે આર્થિક આયોજન કરેલ છે, આપણી ટર્મ પૂરી થાય એ પહેલા નર્મદા બંધની કામગીરી પૂરી થાય એ દિશામાં રાજય સરકાર આગળ વધી રહી છે. સામાજિક સેવા માટે રાજય સરકારે ૧૧૦૦૦ કરોડમાંથી ૪૦૨૫ કરોડ એટલે ૩૭ ટકા રાખ્યા છે. આદિવાસી વિસ્તારના ભાઈઓ માટે ૧૩૩૭ કરોડ રાખ્યા છે. કન્યા કેળવણીને ઉત્તેજન મળે, વિદ્યાલક્ષ્મી બોન્ડ માટે ૧.૫લાખ કન્યાને ભણવા માટે, શિક્ષણ માટે પ્રોત્સાહન મળે એ માટે ૧૫કરોડની જોગવાઈ રાખી છે. એ રીતે સાક્ષરદિપ યોજના નીચે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા નાગરિક જેઓ ભણેલા નથી, મોટી ઉંમરના છે એને ભણાવવા માટે પ્રજાના સાથ સહકારથી રાજય સરકાર પણ એમાં આર્થિક યોગદાન આપે એના માટે પાંચ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે. કિસાન ઉત્કર્ષ માટે એક જ યુનિવર્સિટી હતી.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વજુભાઈ વાળા પોતાનો જવાબ પૂરો કરે ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે એવી દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજમાનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાનો જવાબ પૂરો થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, જે કિસાનો માટે થઈને માનનીય ભુપેન્દ્રભાઈએ ડીટેઈલમાં વાત કરી છે. એક જ યુનિવર્સિટી હતી એની ૪ યુનિવર્સિટીની સ્થાપના કરી છે, એટલું જ નહિ ખેડૂતો પોતે જે જમીનની અંદર ખેતી કરે છે, એનો ટેસ્ટ થઈ અને જમીનનો રિપૉર્ટ મળે, એટલા માટે સોઈલ હેલ્થ કાર્ડ આપવા માટેની વાત છે. કિસાન માટે કિસાન ક્રેડિટની વાત. કિસાનોના વીમાની વાત છે. પાક વીમા માટેની વાત છે. સૌરાષ્ટ્રની બંધ પડેલ ડેરીને ફરીથી પુનઃજીવિત કરવાની યોજના રાજય સરકારે આ બજેટમાં રજૂ કરી છે. આ સિવાય ભારત સરકારની સુવર્ણ જયંતિ ગ્રામ્ય સ્વરોજગાર યોજના, વોટર શેડ યોજના, સંપૂર્ણ ગ્રામ્ય રોજગારી યોજના, ટોટલ સેનિટેશન યોજના આ બધા માટે થઈને ગ્રામ વિકાસ ક્ષેત્રે ૨૮૫ કરોડ રૂપિયાનું આયોજન આ ગ્રામ્યવિસ્તાર માટે કર્યુ છે. માનનીય જોધાજીભાઈ, આ ગ્રામ્ય વિસ્તાર માટેની યોજનાની વાત છે. તીર્થગ્રામ યોજના માટે ૧૦ કરોડ, પંચવટી યોજના માટે ૧૦ કરોડ રૂપિયા અને એ જ રીતે ગ્રામવાટિકા યોજના માટે ૭.૧૦ કરોડ રૂપિયા મળી ૨૭.૧૦ કરોડ રૂપિયાની યોજના ગ્રામ્ય વિસ્તાર માટે છે. સૂકી ધરતી અને સૂકા પેટાળના જળાભિષેક માટે થઈને ૬૨૦૦ કરોડની સુજલામ્ સુફલામ્ યોજના. આ સુજલામ્ સુફલામ્ યોજના જે ઉત્તર ગુજરાતમાં છે.

સૌરાષ્ટ્રની અંદર ચેકડેમ, નદીમાં ચેકડેમ, બાકીની ખેત તલાવડીઓ, એકેએક ટીપું પાણીનું રોકાય એના માટેની યોજનાના ભાગરૂપે સુજલામ્ સુફલામ્ યોજના એ રાજય સરકારે કરી છે. સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના નીચેની મેં વાત કરી એ ૬૦ ટકામાંથી ૮૦ ટકા કરી છે. મેક્સિમમ ડેમ બને એના માટે રાજય સરકાર ખૂબ પ્રયત્નશીલ રહેશે. એ જ રીતે જે સિંચાઈ માટે થઈને મોટી, મધ્યમ, નાની સિંચાઈ યોજના અને પીવાના પાણી માટે થઈને રાજય સરકારે ૨૯૮૩ કરોડની જોગવાઈ કરી છે. અંદાજે ૩,૦૦૦ કરોડની જોગવાઈ આ સિંચાઈ માટેની આ જોગવાઈ છે અને એ જ રીતે જે ચાલુ વર્ષ દરમિયાન લગભગ ૭,૦૦૦ જ્યોતિગ્રામ બનાવવા માટે અત્યારે યોજના પૂર્ણ થઈ ગઈ છે. આ ડિસેમ્બર મહિનાની અંદર અઠારે અઠાર હજાર ગામડાઓની અંદર દીવા જલતા થાય, બત્તી થાય એ પ્રકારનું આયોજન છે. શ્રી જોધાજીભાઈએ અને મુરબ્બીશ્રી ભેમાભાઈએ પણ વાત કરી એકએક ગામડાની અંદર, ગ્રામ્ય વિસ્તારની અંદર જે લોકો ખેતરમાં રહે છે અને એનાં બાળકોને અભ્યાસ કરવો હોય, એટલા માટે ૨૪ કલાક વીજળી મળે એ માટેની સ્કીમ પણ માનનીય ઊર્જા મંત્રીશ્રીએ કરી છે. આજ વર્ષથી લાગુ પડી જશે. ગુજરાતના વિદ્યાર્થીને ડૉકટર થવા માટે થઈને બહાર જવું પડતું હતું, એટલા માટે આગામી વર્ષે ૧૩૦ વધુ સીટોનું આયોજન ગુજરાતમાં જ થયેલ છે. આ સિવાય જે પ્રમાણે ગ્રામીણને વધુ ઉત્તેજન મળે એના માટે આપણા શહેરો સુંદર થાય એટલા માટે ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે, સ્વચ્છ શહેર, સુંદર શહેર હોવું જોઈએ અને શહેર ધમધમતું હોવું જોઈએ, એટલા માટે થઈને શહેરની સુંદરતા, સ્વચ્છતા શહેરની અંદર તમામ પ્રકારની સુવિધા મળે, પછી એ નગરપાલિકા હોય કે કૉર્પોરેશન હોય એના માટે થઈને રાજય સરકારે ૨૦૦૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે અને એ દિશામાં આગળ વધીશું.

ગ્રામ્ય વિસ્તારની અંદર બસની સુવિધાના અભાવે જૂની બસો વારંવાર બંધ છે એ બંધ ન રહે, એટલા માટે થઈને રાજય સરકારે એસ.ટી. બસની મુશ્કેલી નિવારવા માટે થઈને ૧૨૦ કરોડ રૂપિયા એસ.ટી. કૉર્પોરેશનને નવી બસ ખરીદવા માટે આપ્યા છે. સમાજની અંદર જે નિરાધાર વિધવા બાબતે વારંવાર ફરિયાદ આવતી હતી. વિધવાને પેન્શન નથી મળતું, આ નથી થતું, એના માટે થઈને આજની તારીખે ડિસ્પ્યુટસ સિવાયના કોઈ પેન્શન બાકી નથી. વ્યવસ્થિત રીતે પેન્શન મળે, એના માટે થઈને સરકારે ૬૬.૯૨ કરોડ રૂપિયાની યોજના આ રીતે કરી છે, એટલું જ નહિ વિદ્યાર્થીઓનો પોતાનો બુદ્ધિમત્તાનો વિકાસ થાય એટલે આજની તારીખે વિજ્ઞાન અને

ટૅક્નૉલૉજીનું મહત્ત્વ છે, એને ધ્યાનમાં રાખી ગયા વર્ષે જે આપણે ૬૭ કરોડ રૂપિયા વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી પાછળ હતા તે ડબલ કરી ૧૩૪ કરોડ રૂપિયાનું આયોજન આ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી પાછળ રાખ્યા છે. રાજયના જે ધોરીમાર્ગો છે તેના વિકાસ માટે થઈને આ બજેટના પ્રવચનની અંદર કયા કયા ધોરીમાર્ગો અને આખું ગુજરાત ધોરીમાર્ગોના નેટવર્કથી ગૂંથાઈ જાય અને કોઈપણ વ્યકિત થોડાક અંતરે જાય તો તેને સારા અને પાકા રસ્તા મળી રહે તે જાતનું આયોજન કર્યુ છે. ગુજરાત રાજયની અંદર પ્રગતિપથ, વિકાસપથ અને કિસાનપથ યોજનાઓ માટે થઈને ચાલુ વર્ષે ૩૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી હતી, તેમાં વધારાના ૧૫૫ કરો રૂપિયા આપવાનું નક્કી કર્યુ છે. તેમાં હજુ વધુ પૈસા જોઈશે તો આવતા વર્ષ દરમ્યાન રસ્તા પૂરા થાય તેના માટે જોઈતા પૈસા રાજય સરકાર પૂરા પાડશે.

ગરીબી રેખાથી નીચે જીવતા લોકો માટે થઈને બે રૂપિયે કિલો ઘઉ અને ત્રણ રૂપિયે કિલો અનાજ છે તેમાં ઘણા માનનીય ધારાસભ્યશ્રીઓએ વાત કરી કે હજી ગામડાની અંદર અને માનનીય ભારતીબેને વાત કરી કે આ ગરીબી રેખાથી નીચે જીવતા છે તો તે મને ચોકકસ કહેજો. આ રાજય સરકાર કોઈને પણ ગરીબી રેખાથી નીચે જીવતા માણસને સહાય આપવા માગતી નથી તેવું નથી. એકે એક ગરીબ વર્ગના લોકો ગરીબી રેખાથી નીચે જીવે છે તેવી રજૂઆત કરજો. અહીંથી ડિપાર્ટમેન્ટ તરફથી ગરીબી રેખાથી નીચે જીવતા લોકોને કાર્ડ અને સુવિધા મળશે તે માટે રાજય સરકાર આયોજન કરશે. ગરીબી રેખા માટે આપણે જોઈએ તો આજની તારીખે ગુજરાતને જેટલા લાભો આપીએ છીએ તેના કરતાં ઓછાને મળે અને તે વ્યાખ્યાની અંદર ન આવી શકે છતાં પણ ગુજરાત રાજય જૂની વ્યાખ્યા મુજબ તમામ લોકોને લાભ આપે છે. એના માટે થઈને ૧૨૯ કરોડ રૂપિયાનું આયોજન કર્યુ છે. તે જ રીતે અત્યંત ગરીબ કુટુંબો છે તેમને અંત્યોદય અન્ન યોજના નીચે કુટુંબદીઠ ૨૫ કિલોગ્રામ અનાજ આપવા માટે થઈને ૯ કરોડ રૂપિયાની જોગવાઈ પણ આ અંત્યોદય અન્ન યોજના નીચે કરી છે. તે જ રીતે અનુસૂચિત જાતિના લોકો માટે જુદી જુદી યોજનાઓ માટે થઈને ૧૧૭.૧૭ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. તે જ રીતે વિકસતી અને વિચરતી જાતિનો સર્વાંગી વિકાસ થાય તે માટે ૧૪૩.૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. ગરીબ વર્ગના લોકોને મકાન મળે તે માટે સરદાર પટેલ આવાસ યોજના નીચે ૨૨,૩૦૦ કુટુંબોને મકાન મળી રહે તેના માટે ૮૯.૨૦ કરોડની જોગવાઈ કરેલ છે. વિશ્વ ગ્રામ યોજના હેઠળ તમામ ગ્રામ પંચાયતોને ઈ-ગ્રામ બનાવવા માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ આ રાજય સરકારે કરી છ. એ જ રીતે બજેટની અંદર આપણે સૌ જોઈએ તો વાઈબ્રન્ટ ગુજરાત વખતે જે જે ઉદ્યોગોનો વિકાસ થાય તેમાં લોકલ લોકોને કામગીરી મળી રહે અને રોજગારી દૂર થાય, ગામડામા વસતા વિદ્યાર્થીને ભણવાની તક મળે, ગ્રામ્ય વિસ્તારની અંદર લોકો રહેતા હોય તેમને આવવા જવા માટે માર્ગો મળી રહે, ગ્રામ્ય વિસ્તારની અંદર ખેડૂતભાઈઓને પોતાના ખેતર સુધી પાણી મળે, ઘરમાં રહેવાવાળાને ૨૪ કલાક વીજળી મળી રહે એટલે આ વીજળીની સગવડતા, પાણીની સગવડતા અને અભ્યાસની સવગડતા ઉદ્યોગોનો વિકાસ કરીને મળે અને આ રોજગારી નાબૂદ કરવાની નેમ સાથે અને આ તમામ સગવડતાઓ સાથે મારુ બજેટ લાવ્યો છું તે બજેટને આપ સૌ સહર્ષ સ્વીકારશો. આપને ફરીથી વિનંતી કરું છું કે આપણા વિસ્તારના, ગ્રામ્ય વિસ્તારના જે કંઈ કામો હોય તેમાં ખામી રહી ગઈ હોય, ઉણપ રહી ગઈ હોય તો ચોકકસ સૂચન કરશો. આપણે સૌ સાથે મળી ગામડાઓને મજબૂત કરવા, કિસાનોને વધુ સદ્ધર કરવા માટે થઈને અને વિદ્યાર્થીઓને વધુમાં વધુ અભ્યાસની તક મળે અને ગુજરાતની તાસીર બદલાઈ જાય, ગુજરાતી ગમે ત્યાં જાય તો લોકોને ખબર પડે કે આ ગુજરાતનો વિદ્યાર્થી છે, આ ગુજરાતનો માનવી છે. તે ઉંચુ માથું કરીને જીવી શકે તે કક્ષાએ જીવાડવા માટે થઈને આપણે સૌ સહિયારો પ્રયત્ન કરીશું તેવી આપ સૌને વિનંતી છે. આભાર.

**સભાગૃહનું કામકાજ સાંજના ૭.૦૫ વાગ્યે પૂંરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨જી માર્ચ, ૨૦૦૫ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૨જી માર્ચ, ૨૦૦૫**
**ફાલ્ગુન ૧૧, ૧૯૨૬ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨.૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ, અધયક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ગૃહની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં મને બે શબ્દો કહેવાની ઇચ્છા છે. જે આપણા વંદનીય પુરુષો છે, દેવો છે એમને ગૃહમાં આ રીતે ગમે તેમ યાદ કરીને, એમને ઠેસ લાગે તેવું કોઈ વર્તન ન કરીએ, એવી મારી વિનંતી છે. ઑર્ડર...ઑર્ડર.

## તારાંકિત પ્રશ્નો

### બનાસકાંઠા જિલ્લામાં નવીન બોર અને પાઈપ લાઈનને મંજૂરી

***૧૦૭૧૯ શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ તથા પાલનપુર તાલુકામાં પીવાના પાણી માટે કેટલા નવીન બોરની તથા કેટલી નવીન પાઈપલાઈનની કામગીરીને મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) મંજૂરી હેઠળના કેટ કેટલા બોર અને કેટ કેટલી પાઈપ લાઈનોની કામગીરી શરુ થયેલ છે,

(૩) તે કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ થશે, અને

(૪) કામગીરી શરૂ ન થઈ હોય તેવા બોરોની તથા પાઈપ લાઈનની કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે ?

**પાણી પુવરઠા મંત્રીશ્રી :**

(૧) અને (૨) છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ તથા પાલનપુર તાલુકામાં નીચેની વિગતે પીવાના પાણી માટે નવીન બોરની તથા નવીન પાઈપલાઈનની યોજનાઓ મંજૂર કરી કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

| તાલુકો | જૂથ પાઈપ લાઈન પા.પુ. યોજના | સ્વતંત્ર યોજના | બોર | સ્વતંત્ર પાઈપ લાઈન યોજના |
|---|---|---|---|---|
| | | હેન્ડપંપ | પાતાળ કૂવા | |
| | | | | |
| દાંતા | ૧ | ૭૩ | ૦ | ૪ |
| અમીરગઢ | ૧ | ૪૪ | ૦ | ૫ |
| પાલનપુર | ૩ | ૦ | ૧૭ | ૧૨ |

(૩) દાંતા તાલુકાના ૭૩ હેન્ડ પંપ અને ૩ સ્વતંત્ર પાઈપલાઈન યોજના અમીરગઢ તાલુકાના ૪૪ હેન્ડ પંપ અને ૨ સ્વતંત્ર પાઈપ લાઈન યોજના પાલનપુર તાલુકાની એક જૂથ યોજના, છ પાતાળ કૂવા અને ૪ સ્વતંત્ર પાઈપ લાઈન યોજનાઓ પૂર્ણ થયેલ છે. બાકી રહેતી કામગીરી ક્રમશઃ ડિસેમ્બર-૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો માનનીય મંત્રીશ્રીની કામગીરી અભિનંદનને પાત્ર છે. પરંતુ મેં આ પ્રશ્ન મુશ્કેલી છે એટલા માટે પૂછયો  છે કે, જે હેન્ડ પંપ માટે લોકફાળા ગ્રામ પંચાયતો દ્વારા ભરાઈ ગયા છે એવા હેન્ડ પંપો છેલ્લા એક વર્ષથી હજુ સુધી થતા નથી એનાં કારણો શું છે?

બીજું કે, તેલિયા નદી આધારીત જે બાકીના ગામો, જે અંબાજીની આજુબાજુના ગામોનો જે જૂથ પાણી પુરવઠાની યોજનામાં સમાવેશ થયેલો હતો એ ગામોનો નવી કોઈ જૂથ પાણી પુરવઠાની યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હેન્ડ પંપ બાબતમાં સભ્યશ્રીએ જે પૂછયું એમાં વડાપ્રધાનની એક યોજના હતી, એમાં આદિવાસીઓની પાંચ ટકા ડિપોઝિટ લેવાની વાત હતી, ભૂતકાળમાં દિલ્હીમાં જે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે આ એક યોજના આવી હતી. ત્યાર પછી ઘણા લોકોએ ઉત્સાહથી આ રકમ ભરી હતી, પરંતુ સપ્રમાણ જેટલા પ્રમાણમાં માગણીઓ આવી એટલા પ્રમાણમાં ત્યાંથી અમને ગ્રાન્ટ ન મળી એના કારણે આ સ્કીમમાં થોડો જે પાછળ ડૅફિસિટ દેખાયો છે એ પણ ગુજરાત સરકારે એને પૂર્ણ કરવા માટેનો કાર્યક્રમ વિચાર્યો છે અને જ્યાં ડિપોઝિટ ભરાઈ છે ત્યાં તમામ ગુજરાતના ભાગોમાં એ હેન્ડ પંપોને પ્રથમ હાથ પર લેવા એવો નિર્ણય કર્યો છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : તેલિયા નદી આધારિત જે ગામો બાકી રહ્યા છે એ બીજી કોઈ જૂથ પાણી પુરવઠા યોજનામાં અથવા તેલિયા નદી ઉપર ચેક ડેમ બનાવીને કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જે વન વિભાગની અંદર અટવાયેલા થોડાક પ્રશ્નો છે તેનો ઉકેલ અમે કરી રહ્યા છીએ અને જ્યાં જરૂરી છે ત્યાં ચેક ડેમો બાંધી ત્યાં સોર્સ ઊભો કરી રહ્યા છીએ.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ કહેવું છે કે, પાલનપુર શહેરનો વિકસીત વિસ્તાર જે નગરપાલિકાની હદમાં નથી આવતો અને જિલ્લા પંચાયત કે પંચાયતો પણ લાગુ પડતી નથી આની યોજનાની રજૂઆત માનનીય મંત્રીશ્રી પાસે આવી છે? અને આવી છે તો એ અનુસંધાને કયાં સુધીમાં કાર્યવાહી કરવામાં આવશે ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ગઈ સાલે ગુજરાત સરકારે એવો નિર્ણય કર્યો હતો કે, જે શહેરો, શહેરી વિસ્તારોમાં નથી આવતા અને ગ્રામીણ વિસ્તારમાં પણ નથી આવતાં એવા ઓ.જી. વિસ્તારો છે. એવા ઓ.જી. વિસ્તારોને કવર કરવા માટે સરકારે યોજના બનાવી છે, પરંતુ એની જવાબદારી કોણ લે એ એક સમસ્યા અમારા માટે હતી એનો ગઈ સાલ અમે જી.આર. કર્યો છે કે, જો તાલુકા વિકાસ અધિકારી એ વિસ્તારની જવાબદારી એના પેમેન્ટ કલેકટ કરીને ભરવાની લેતા હોય તો આવા ઓ.જી. વિસ્તારોને પણ સોર્સ આપીને, પાઈપ લાઈન આપીને ત્યાં પાણી આપવા માટે સરકારે નિર્ણય કરેલ છે અને જે કોઈ વિસ્તારો, આનો લાભ જુનાગઢની આજુબાજુ લેવાયો એજ પ્રમાણે મહેસાણામાં લેવાયો અને એવી રીતે પાલનપુરની આજુબાજુના વિસ્તારો પણ એ લાભ લઈ શકશે.

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દાંતા તાલુકાના અંબાજી જિલ્લા માટે પીવાના પાણીની યોજના સરકારે કરી છે એ માટે ધન્યવાદ. જયાં દર વર્ષે ૨૦ થી ૨૫ લાખ લોકો દર્શન કરવા જાય છે. એવા અંબાજી શહેર માટે પીવાના પાણીની ભયંકર મુશ્કેલી હતી. દાંતા તાલુકા માટે પીવાના પાણીની યોજના કયારે મંજૂર થઈ, એની અંદાજી કિંમત કેટલી અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : અંબાજી માટે ગુજરાત સરકારે આશરે ચાર કરોડની યોજના લગભગ પૂરી કરી છે, પરંતુ વચ્ચે વન વિભાગમાં ૧૫૦૦ મીટર પાઈપ લાઈન નાખવાનું કામ બાકી છે એની મંજૂરી માટે દિલ્હી દબાણ કર્યું છે. ભોપાલમાં કામગીરી સંભાળી છે. સો ટકા કામગીરી પૂરી થશે. ૧૫૦૦ મીટર પાઈપ લાઈન નાખવાનું કામ વિલંબમાં પડયું છે. વન વિભાગની મંજૂરી મળે તો એક મહિનામાં અંબાજી યાત્રાધામ વિસ્તારને પાણી આપી શકીશું.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં હેન્ડપંપ કરવાના હતા એન માટે લોક ફાળો ભર્યો છે અને કેન્દ્ર સરકારમાંથી પૈસા ન મળવાને કારણે આ હેન્ડપંપ થઈ શકયા નથી તો ગુજરાત સરકાર આ હેન્ડપંપ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જે હેન્ડપંપ માટે લોકોએ પાંચ ટકા રકમ ભરી છે એવા હેન્ડપંપ નવા લેવાના નથી પરંતુ જયાં નાણા ભરેલા છે એને ગુજરાત સરકાર પોતાની યોજના હેન્ડપંપની હોય છે એને પ્રાયોરીટી આપીને, એલોકેશન કરીને કામ હાથ પર લેવાની છે.

**શ્રી કનુભાઇ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયની અંદર ૯૦-૧૦ ની યોજના ચાલુ છે કે કેમ? ૯૦-૧૦ની યોજના મારફતે કયા પ્રકારના સાધનો આપવામાં આવે છે અને એસ્ટીમેટ થયા પછી કેટલા સમયમાં કામગીરી મંજૂર થઈને પૂર્ણ કરવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મારા વિભાગમાં તળાવ ખોદવા માટે ૯૦-૧૦ ની યોજના હાથ ધરેલ છે. સભ્યશ્રીએ શાના બાબતે ૯૦-૧૦ નુંપૂછયું એનો મને ખ્યાલ નથી આવતો.

**શ્રી કનુભાઇ મે. ભલાળા** : આપણે આપીએ છીએ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ૯૦-૧૦ની આવી કોઈ યોજના નથી.

## સરકારી જમીનોને બીન-ખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં વિલંબ

***૧૦૩૫૨ શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ (મહેમદાવાદ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સરકારી જમીનોને બીન-ખેતીના હેતુ માટે મંજૂરી આપવામાં મૂલ્યાંકનની પ્રક્રિયાને કારણે વિલંબ થાય છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તે અંગે સરકારે શું પગલાં લીધાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હાજી.

(૨) (અ) મહેસૂલ વિભાગના તા.૬-૬-૨૦૦૩ના ઠરાવ અંતર્ગત જિલ્લા મૂલ્યાંકન સમિતિની બેઠક દર મહિને ઓછામાં ઓછી એક વાર મળે તેવી સૂચનાઓ પ્રસિધ્ધ કરી.

(બ) મહેસૂલ વિભાગના તા.૨૨-૧૧૨૦૦૪ના ઠરાવથી મૂલ્યાંકનની પ્રક્રિયા સરળ બનાવેલ છે.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીન બીન ખેતીના હેતુ માટે મંજૂરી આપવાની પ્રક્રિયામાં ખૂબ લાંબો સમય થાય છે. આ મૂલ્યાંકન સમિતિમાં કોણ કોણ સભ્ય છે? આ સમય ઓછો કરવા માટે સરકાર શું પગલાં ભરવા માગે છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : મહેસૂલ વિભાગ પાસે સમગ્ર રાજયમાંથી સરકારી પડતર જમીનની વિભિન્ન હેતુઓ માટે માગણી કરવામાં આવે છે. શરૂઆતમાં કલેકટર કક્ષાએ અરજી કરવામાં આવે છે. કલેકટર આખી પ્રપોઝલની ચકાસણી કરી ડી.એલ.પી.સી. કમિટિમાં ભાવ નકી કરે છે. ભાવ નકકી કર્યા પછી ૫૦ લાખ નીચે હોય તો મહેસૂલ વિભાગ હસ્તક આપે છે. જો ૫૦ લાખ ઉપર હોય તો આ ચકાસણી મૂલ્યાંકન ઉપર સી.ટી.પી. અભિપ્રાય આપે અને સી.ટી.પી. ઉપર એસ.એલ.પી.સી. અભિપ્રાય આપે અને સમગ્ર બાબત કેબિનેટમાં જાય. ૫૦ લાખ ઉપર હોય તો કેબિનેટમાં ચર્ચાના અંતે ફાળવણી કરવામાં આવે છે. કલેકટર લેવલે ડી.સી.પી.એલીની સમિતિ છે. કલેકટર તેના અધ્યક્ષ છે. અરજી આવે ત્યારે જે હેતુ માટે તેમણે જમીનની માગણી કરી છે એમાં પાંચ સાલી વેચાણ, પંચકયાસ, જમીનનો વિકાસ કેટલો થવાનો છે, જમીનનું ક્ષેત્રફળ કયા ઉપયોગ માટે ફ્રન્ટેજ કેવો મળે છે એ બધી બાબતો ચકાસીને ભાવ નકકી કરે છે. ધારાસભ્યોના પણ પ્રશ્નો હોય છે એમાં વિલંબ થાય છે એટલે રાજય સરકાર ડી.એલ.પી.સી.કક્ષાએ પ્રાઈઝ નકકી થાય અને જમીન ફાળવાય એ વચ્ચે સમયગાળો થાય એમાં ભૂતકાળમાં ૬ મહિનાનો સમયગાળો હતો એ વધારીને તા.૧૧-૨-૨૦૦૪થી એક વર્ષનો કર્યો છે. ડી.એલ.પી.સી.એ જે દિવસે પ્રાઈઝ નકકી કરી હોય તો એની વેલીડીટી એક વર્ષ સુધી એ જ રહેશે. એવો નિર્ણય લીધો. બીજો નિર્ણય લીધો એના પછી આગળ જાય કેબિનેટ સુધી આ પ્રકરણ જવાનું હોય અને સી.ટી.પી.એ ચકાસવાનું હોય તો એસ.એલ.પી.સી.એ આર્થિક બાબત ચકાસવાની હોવાથી આ રાજયનું હિત અને માગણીદારનું બંનેનું હિત જળવાય, બંનેને અન્યાય ન થાય એ માટે વધારે ચકાસણી કરવાની હોય એવા કિસ્સામાં ફરીથી એક વર્ષ માટે ડી.એલ.પી.સી. વેલીડ કરી આપે. પછીના એક વર્ષે ૧૨ ટકા વ્યાજ લેવાનું એટલે બે વર્ષની મુદત વધારી આપી. જે ભૂતકાળમાં ૬ મહિનાની હતી. એટલે હવે જે કેસમાં ડી.એલ.પી.સી. ની કિંમતના આધારે મોડું થાય છે. અરજદારોને, માગણીદારોને ભાવની બાબતમાં સહન કરવાનું આવે છે, અરજદારોને આની અંદર ઘણા મોટા પ્રમાણમાં રાહત થવાની છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે જે જિલ્લા મૂલ્યાંકન સમિતિ છે, તેની મીટિંગ દર મહિને મળે તેવી સૂચના આપી. એ બાબત સારી છે કે જેથી તેનો નિકાલ થાય. મારો સવાલ એ છે કે જે પ્રકારની કિંમત નક્કી થાય છે, તેની અંદર પાંચ સાલી ઉતારાની વાત કરી, એમાં પણ જમીનની અંદર વેચાણના જે સાચા છે, મૂલ્યાંકન છે, એને આધાર તરીકે લેવામાં આવતું નથી અને હાઈપોથેટીકલી ખૂબ જ ઊંચી કિંમતો. કેટલાક કેસમાં ૩૦૦-૩૦૦ ગણી વધારે કિંમતો ત્યાંથી આકારીને આવે અને પછી એ કિંમતમાં અનેક વખત રજૂઆત કરવા છતા કિંમત એની એ જ રહે, એટલે આવા કેસમાં આના કારણે વધુ વિલંબ થાય છે. કિંમતની આકારણી માટેની કોઈ સ્પષ્ટ સૂચના કે તમારે આટઆટલી વસ્તુને આધાર ગણીને આ કિંમત આકારવી, જેથી કરીને કેટલા બધા ઉદ્યોગો એવા છે કે જેની લીઝ રિન્યુઅલના પ્રશ્નો એના કારણે ૧૦-૧૦ વર્ષ અટકે છે, કારણ કે આકારણી એટલી બધી ઊંચી કરવામાં આવે કે, જંત્રીને આધાર બનાવવાનો. ત્યાં આગળ છેલ્લામાં છેલ્લો દસ્તાવેજ કર્યો હોય તેને આધાર બનાવવાનો આવી કોઈ સ્પષ્ટ સૂચના આપવામાં આવે કે જેટલી જમીનનું મૂલ્ય કરવાનું હોય દા.ત. ૫,૦૦૦ એકર માટે મૂલ્યાંકન કરવાનું હોય તો દાખલો આપવાનો પાંચ સાલી ઉતારાનો, તે ૧૦૦ મીટર વેચાણ થયું હોય કે ૫૦ મીટરનું વેચાણ થયું હોય, નાના નાના પ્લૉટ તેના ચોક્કસ ભાવ ઊંચા હોય, પણ ૫,૦૦૦ એકરની જમીન હોય તો ભાવ એવા ન આપે. આ વાસ્તવિક મુશ્કેલી છે, એનું નિરાકરણ કરવા માટે માનનીય મંત્રીશ્રી કોઈ ખાસ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ જે અરજદારોએ જમીન માગી છે, એ ચોક્કસ ક્ષેત્રફળ હોય છે, એ જે કઈ ઉદ્યોગ માટે, જે હેતુ માટે માગે છે, એના બદલે ઘણીવાર એવું બનતું હોય છે કે કોઈકે ૧૦ એકર જમીન માગી તો તે ૧૦ એકરના સંદર્ભમાં આનો વિચાર કરવામાં આવે છે અને કોઈકે ૫૦૦ ચોરસમીટર માગી તો ૧૦ એકર જમીન અને ૫૦૦ ચોરસમીટર જમીનનો વિચાર કરવામાં આવે, એટલે જ્યારે ડી.એલ.પી.સી. કક્ષાએ ડી.ટી.પી. જે

ટૅક્નીકલ માણસ હોય છે, એ ટૅક્નીકલ માણસ સર્વે બાબતની ચિંતા કરે છે કે એ જમીન રોડ ઉપર આવેલ છે કે અંદર આવેલ છે. જો જમીન રોડ ઉપર છે તો ૨૦ ફૂટનો રોડ છે, ગામતળ કે સીમતળ છે, આ બધા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને સરકારે ચોક્કસ ગાઈડલાઈન આપી છે તે ગાઈડલાઈન પ્રમાણે ડી.એલ.પી.સી. ની કમિટી છે, જેમાં આ ચાર મેમ્બર બેસીને પૂર્ણ કરી શકે છે. આવા કિસ્સામાં કોઈ ફરિયાદ આવી હોય તો સી.ટી.પી. ને પણ એનું ધ્યાન દોરી અભિપ્રાય લઈએ છીએ. ધારાસભ્યશ્રીએ વાત કરી જંત્રીની બાબતની. તો જંત્રી એ મોટા ક્ષેત્રફળને સમાવતા હોય છે. આ જગ્યા પર્ટીકયુલર જેને ઉદ્યોગ કરવો છે, જે હેતુ માટે જોઈએ છીએ, એની કિંમત નક્કી કરવાની છે. જંત્રીમાં ઘણા મોટા સરવે નંબરમાં જંત્રીનો ભાવ હોય ત્યારે જંત્રી એ ધ્યાનમાં લેવાની બાબત આ પર્ટીકયુલર સબજેકટ ઉપર કરવાની હોય ત્યારે ધ્યાનમાં નથી લેવાતી છતાં પણ ડી.એલ.પી.સી. લેવલે સાચું મૂલ્યાંકન થાય એના માટે રાજય સરકારે ચોક્કસ ગાઈડલાઈન આપેલી જ છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સરકારી જમીનમાં બીનખેતી ઉપયોગ માટે, મંજૂરી માટે જુદા જુદા વિભાગોનો અભિપ્રાય માગવામાં આવે છે. જે અભિપ્રાય આપવામાં વિલંબ થવાના કારણે મૂલ્યાંકન સમિતિમાં સમય પ્રમાણે હુકમ થઈ શકતો નથી. આ વિભાગોને ચોક્કસ સમય-મર્યાદામાં અભિપ્રાય આપે તેવી સૂચના આપવા માગો છો કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આમ તો પ્રશ્ન મૂલ્યાંકન બાબતનો છે, એના હિસાબે લેઈટ થાય છે. બીન ખેતીની વાત કરી છે. હમણાં રાજય સરકારે આ બાબતે ગાઈડલાઈન બહાર પાડીને ૯૦ દિવસમાં કેસો કિલયર કરતા હતા, એના બદલે ૬૦ દિવસ અને રેસિડેન્સ માટે ૪૫ દિવસ કર્યા છે, એટલે સમય ઘટાડ્યો છે. પહેલા ૧૨ પ્રકારની માહિતી માગતા હતા. આ અંગે ૩ કે ૪ માહિતી લઈને કેસનો નિકાલ કરવો તેવી કલેકટરશ્રીને સૂચના આપી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીનોને બીન ખેતીના હેતુ માટે જિલ્લા મૂલ્યાંકન સમિતિ હોય છે, એની અંદર મારી જાણ પ્રમાણે એક તો ડી.ટી.પી. ના સભ્ય મેમ્બર તરીકે બેસે છે. આ સરકારી જમીનોને બીન ખેતી કરવામાં મારે પ્રશ્ન પૂછવાનો હતો એ એ છે કે જે ગ્રામ્ય વિસ્તારની અંદર સરકારી જમીનના ગામતળ નીમ કરવા માટે આ જે કમિટિ સમક્ષ પ્રકરણો મૂકાય છે અને તેના કારણે આ પ્રકરણોની પૂરતી માહિતી જિલ્લા સમિતિમાં મૂકાતી નથી અને અંતરિયાળ ગામડાઓ કે જયાં જમીનની કિંમત ખૂબ નીચી આકારી શકાય તેવા ગામડાઓમાં પણ ખૂબ ઉંચી ગામતળ નીમ કરવાની કિંમત આકારવામાં આવે છે તેથી ગામના લોકો જમીન વેચાતી લઈ શકતા નથી અને તેથી લોકો દબાણ કરવા માટે પ્રેરાય છે. અગાઉ એવું હતું કે તાલુકા કક્ષાએ તાલુકા મામલતદારશ્રી, ટી.ડી.ઓ.શ્રી વગેરેની સમિતિ મળે અને તે ત્યાં કિંમત નકકી કરીને ગામતળ આપતા હોય છે. તો હું એ જાણવા માગું છું કે ફરી તાલુકા મામલતદારશ્રી, ટી.ડી.ઓ.શ્રી અને જે સભ્યોની કમિટિ નીમેલી હતી તેના ધ્વારા આ ગામતળ નીમ કરવાની વ્યવસ્થા તાલુકા કક્ષાએ કરવા માગો છો?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે. અત્યારે કિંમતનો સવાલ છે તેમાં આ ડી.એલ.પી.સી.ના અને કલેકટર લેવલે ચાર સભ્યોની કમિટિ છે. ગામતળનું સૂચન છે.

### નવસારી જિલ્લામાં કાર્યાન્વિત જૂથ પાણી પુરવઠા યોજનાઓ

***૧૦૮૮૮ શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ પાણી પુરવઠા વિભાગની કેટલી જૂથ યોજનાઓ કાર્યરત છે, અને કેટલી યોજનાઓનું કામ પ્રગતિમાં છે, અને

(૨) આ યોજનાઓ કયારે પૂર્ણ થશે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:-**

(૧) પાંચ જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યરત છે અને છ જૂથ પાણી પુરવઠા યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે.

(૨) પ્રગતિ હેઠળની છ જૂથ પાણી પુરવઠા યોજનાઓ પૈકી ત્રણ જૂથ પાણી પુરવઠા યોજનાઓ માર્ચ-૨૦૦૫ સુધીમાં, બે જૂથ પાણી પુરવઠા યોજનાઓ ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં અને એક જૂથ પાણી પુરવઠા યોજના માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી આર. સી. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જલાલપોર મત વિસ્તારની જૂથ યોજનાઓના ટેન્ડર કયારે અપાયા અને તેની સમય મર્યાદા શું હતી અને તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જલાલપોર મત વિસ્તારની ચાર જૂથ યોજનાઓ અમે હાથ ઉપર લીધી છે. તેમાં માંગરોળ ડાલકી એક જૂથ યોજનાના ૧૧-૧૦-૨૦૦૨માં ટેન્ડર અપાયા હતા, તે ૨ કરોડ ૪૫ લાખની કિંમતની છે તેની તા.૧૦-૭-૨૦૦૩ના રોજ કામ પૂર્ણ કરવાની તારીખ હતી પરંતુ તેમાં થોડોક વિલંબ થયો છે અને તે તા. ૩૦-૪-૨૦૦૫ સુધીમાં પૂર્ણ થશે. બીજી હાંસાપુર જૂથ યોજના જલાલપોરની છે તે તા. ૧૫-૪-૨૦૦૫ના રોજ પૂરી કરવા માટે વર્ક ઓર્ડર ૨૧-૨-૨૦૦૨માં આપેલા છે. સુલતાનપુર ઓઝલ છ ગામોની

એક યોજના છે. ત્રણ કરોડની યોજના છે તે પણ તા. ૨૫-૮-૨૦૦૩ ના રોજ પૂરી કરવાની તારીખ હતી તે ૩૦-૩-૨૦૦૫માં પૂરું કરવાનું આયોજન છે. તે એક મહિનામાં પૂર્ણ થઈ જશે. દેવદાર કરોડ પણ તેમની એક યોજના છે. તે પણ ૩૧-૫-૨૦૦૫માં પૂરી કરી દઈશું. જિલ્લાની બાકીની બે યોજનાઓ છે તે પણ વાંસદા જૂજ યોજના છે તે ૩૦-૩-૨૦૦૫ના રોજ પૂરી થશે. બીજી કેલીયા જૂથ યોજના છે તે ૩૦-૬-૨૦૦૫ના રોજ પૂરી કરવાનું લક્ષ્યાંક છે. ૧૦૫ ગામોની યોજનાઓ છે અને તે પૂરી કરવા માટેનો એક કાર્યક્રમ છે.

**શ્રી કરસનભાઈ ભી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નવસારી જિલ્લો પાણીવાળો વિસ્તાર છે. તેમ છતાં વ્યવસ્થાના અભાવે ભૂતકાળમાં પાણી વિના નવસારી જિલ્લો તરસે મરયો છે તેવા સંજોગોમાં

**અધ્યક્ષશ્રી** : ગોવાભાઈ પ્લીઝ, ડીસ્ટર્બ ન કરો. એવું નથી બોલ્યા, ભૂતકાળની વાત કરે છે. તમારા વખતથી એવો શબ્દ નથી. ભૂલી જાઓ. ગમે તેમ બોલો નહીં. ભૂતકાળ શબ્દનો વિરોધ કરો છો. નવાઈ લાગે છે. ભૂતકાળ જેવા શબ્દો માટે વિરોધ કરો તે બરાબર નથી. આ ન કરવું જોઈએ ગોવાભાઈ. પ્લીઝ, નહીં નહીં.

**શ્રી કરસનભાઈ ભી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેવા સંજોગોમાં સરકારે છ જૂથ યોજનાઓ નવસારી જિલ્લાની મંજૂર કરી અને તેમાંથી પાંચ કાર્યરત છે. આ છ યોજનાઓ મંજૂર કર્યાને સમય થયો છે. તે કેટલા વખતમાં પૂર્ણ કરશે. આમાં સંજોગો એવા છે કે તેની ચોકકસ સમય મર્યાદા હતી તે સમય મર્યાદામાં આ યોજનાઓ પૂર્ણ થઈ નથી. તો તેમાં વિલંબ થવાના કારણો શું છે. વિલંબ કરવાવાળા અધિકારીઓ છે તે લોકોને આ વિલંબના કારણો બદલ દંડની જોગવાઈ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક કોન્ટ્રાકટની પાછળના, એના વિલંબના કારણો હોય છે અને જો કારણો હોય અને જો રીયલી વિલંબ થયો હોય તો એને શિક્ષા કરવાના પણ પ્રોવીજન ટેન્ડરમાં હોય છે, માનનીય સભ્યશ્રીની લાગણી છે અને એ પ્રમાણે દરેક દરેક જે ૬ યોજનાઓ છે, એમાં થોડોક વિલંબ જે થયો છે, એના કારણોમાં વજૂદ હશે તો ચોક્કસપણે એને શિક્ષા થાય છે.

## સુજલામ-સુફલામ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું આયોજન

***૧૦૮૫૪ શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ સુજલામ - સુફલામ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે, અને

(૨) આ અંગે કાર્યવાહીની પ્રગતિની વિગતો શું છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) પંચમહાલ જિલ્લામાં રૂપિયા ૨૮.૯૦ કરોડના ખર્ચે ૧૪૫ મોટા ચેકડેમો અને દાહોદ જિલ્લામાં રૂપિયા ૧૩.૧૮ કરોડના ખર્ચે ૬૩ મોટા ચેકડેમો બનાવવાનું આયોજન છે.

(૨) આ ચેકડેમોની આલેખન, અંદાજો અને પેકેજવાર ટેન્ડર માગવાની કામગીરી હાથ ધરેલ છે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર મહી સિંચાઈ વિસ્તાર એ છેવાડાનો વિસ્તાર છે, આ વિસ્તારોમાં બે આડબંધો અને લિફ્ટ ઈરીગેશનની યોજના કરીને જે છેવાડાના ખેડૂતોને પાણી આપવાની યોજના કરી છે અને બીજો મોટો, બીજો વડગામ તાલુકાનો આડબંધ છે, આ યોજનાનું કામ ક્યારે પૂરું થશે અને એની સૈધ્ધાંતિક મંજૂરી અને વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવશે અને આ યોજના ક્યારે પૂરી થશે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખંભાત તાલુકાના નાવીડા માટે, એમની નાવીડા નાળા ઉપર એક આડબંધ બાંધવાની માગણી છે, ખંભાત તાલુકાનું વડગામ-સરોસપુર ગામ વચ્ચે દરિયાકાંઠવાળુ આ ગામ છે, દરિયાના પાણી ત્યાં આવે છે, એના માટેની આ ૧૨૨ લાખ રૂપિયાની યોજના છે, એ યોજનાની અમે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે અને એ કામ કરવા માટે એક ઔદ્યોગિકગૃહ, રિલાયન્સ સો ટકા એનો ચાર્જ આપવા માગે છે એને સરકાર પણ સ્વીકાર કરવા માગે છે. મને કહેતાં આનંદ થાય છે કે એની મંજૂરી અમે આપી છે, આ કામ તાત્કાલિક શરૂ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

**શ્રી છત્રસિંહ પૂં. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લો અને દાહોદ જિલ્લો પછાત વિસ્તાર છે ત્યાં મોટા ચેકડેમો મોટા પ્રમાણમાં મંજૂર કરીને જે કામગીરી કરી છે એને હું બિરદાવું છું અને મધ્ય ગુજરાતમાં મહી નદી છે અને એ મહી નદીમાં પાદરા અને ખેડા જિલ્લાની વચ્ચે બહુ લાંબા સમયથી મોટા ચેકડેમની માગણી છે, એવી જ મધ્ય ગુજરાતમાં ઢાઢર નદી, એમાં વડોદરા અને જંબુસર એની બૉર્ડર ઉપર એક ચેકડેમની વર્ષોથી માગણી છે એની બધી કાર્યવાહી થઈને તંત્ર સુધી આવેલ છે પણ એની મંજૂરી ઉપર કાર્યવાહી આગળ ધપતી નથી તો આ બંને ચેકડેમો માટે શું કરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહી નદી ઉપર જે વદરપુર જે એક ડૅમ બાંધવાની માગણી છે એ બાબતમાં સરકાર જાણે છે, મહી સીંગરોડ કાંઠે અમે જે વીયર બાંધીએ છીએ એના પછી ડાઉનસ્ટ્રીમમાં આવેલ ગામોના લોકોની ફરિયાદ હતી અને એમની રજૂઆત સરકારમાં રહી છે અને એમની માગણી પણ વાજબી છે, એમાં ૧૪.૫૦ લાખના ખર્ચે સરવેનું કામ સોંપી દીધું છે. કામની ટૅક્નીકલ વિગત અમારી પાસે આવ્યા પછી અને આ સાડા ચાર કિલોમીટરનો લાંબો પટ્ટો છે એને કવર કરવા માટે પણ એક આયોજન કર્યુ છે, ભાદર નદી ઉપર પણ સંશોધન ચાલુ છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ યોજના મારફતે ચેકડેમો મંજૂર કર્યા છે, સિંચાઈ વિભાગ મારફતે આ ચેકડેમોના એસ્ટીમેટ પણ તૈયાર કરવામાં આવ્યા છે અને પછી એમાંથી પાનમ સિંચાઈ યોજનાને આખો તપાસ કરવા માટેની જવાબદારી સોંપવામાં આવી છે એ વાત સાચી છે? અને જો સાચી હોય તો એ શા માટે ચેઈન્જ કરવામાં આવેલ છે અને એ કરવાથી ફરીપાછી નવેસરથી પ્રોસીજર કરવામાં આવે તો ઘણો સમય લાગે એમ છે તો આ જે પ્રોસીજર થયેલી છે એ પ્રમાણે ટેન્ડર આપીને આ કામ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું કે, સુજલામ-સુફલામ યોજના મારફતે આજ સુધી ગુજરાતમાં કોઈપણ સરકારે પંચમહાલ જિલ્લાને અને દાહોદ જિલ્લાને સમાવેશ કર્યો ન હતો અને આ ભાજપની સરકારે આ સુજલામ - સુફલામ યોજના મારફતે દાહોદ અને પંચમહાલ જિલ્લાઓ કે જે આદિવાસી વિસ્તાર ગણાય છે એની ચિંતા કરી છે અને એ જે ચેકડેમો બનાવવા માટે ૬૦- ૭૦ કરોડ રૂપિયા જો આપ્યા હોય તો હું માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું, આ કામ આજ સુધી કોંગ્રેસની સરકારે નહોતું કર્યુ, જે કામ આ ભાજપની સરકારે કર્યુ છે, આજ સુધી કોંગ્રેસે ધ્યાન આપ્યું ન હતું, આ જિલ્લાઓ પ્રત્યે એમને કયારેય સૂજયું ન હતું, આ ભાજપની સરકારને સુજયું છે એ બદલ હું અભિનંદન આપું છું.

### ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા અંગે

***૮૧૧૧ શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી અને કયારે,
(૨) તેમાંથી કેટલી અરજીઓને ૬૦ પટના પૈસા ભરવાની મંજૂરી આપવામાં આવી,
(૩) તે પૈકીના કેટલા અરજદારોએ પૈસા ભર્યા અને કેટલાના જૂની શરતના હુકમો અપાયેલ છે, અને
(૪) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**મહેસુલ મંત્રીશ્રી:-**

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| ૧. ટંકારા | ૦ |
| ૨. પડધરી | ૧૩ |
| ૩. મોરબી | ૦ |

સને ૨૦૦૩માં ૩ તથા સને ૨૦૦૪માં ૧૦ અરજીઓ આવેલ છે.

(૨) ૧૨
(૩) ૧૦ અરજદારોએ પૈસા ભર્યા અને તે ૧૦ કેસોના હુકમો અપાયેલ છે.
(૪) બે કેસમાં પટની રકમ ભરપાઈ કર્યેથી અને એક કેસમાં સાધનીક કાગળો તૈયાર થયેથી, સત્વેરે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ખેત મજૂરોને નવી શરતની જમીન આપવામાં આવી છે એ નવી શરતની જમીનના કારણે એના પુત્રના નામે આજ સુધી એન્ટ્રી પાડી શકાતી ન હતી. આ રાજય સરકારે નવી શરતની જમીનને જૂની શરતની જમીનમાં ફેરવી આપવાનો નિર્ણય કર્યો છે. ટંકારા, પડધરી અને મોરબી તાલુકામાં આવી નવી શરતની જમીન ધરાવતા ખેડૂતો હોય એને જૂની શરતમાં એ જમીન ફેરવવા માટે કેટલાએ રજૂઆત કરી છે? એટલે કે એ રજૂઆત કરેલ કેટલા આસામીઓ છે કે એને પૈસા પટના ભરવાના થાય છે? એ પૈસા ભરવા માટેના કેટલા સમયમાં હુકમો આપવામાં આવશે? નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની સનદો કેટલા સમયમાં આપવામાં આવશે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ઈતિહાસમાં કોઈપણ સરકારે જો ખેડૂતોની ચિંતા કરી હોય તો એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. ૧૯૯૬માં ઐતિહાસિક નિર્ણય અમારી પાર્ટીએ લીધો ખેડૂતોને વિકાસના લાભો તો આપ્યા જ છે, પણ ખેડૂતોને આર્થિક લાભ થાય એવો આ નિર્ણય છે. એમની નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાના ફકત ૬૦ પટ ભરવાના છે. કોંગ્રેસના રાજયમાં પ્રિમિયમ ૭૫ થી ૫૦ ટકા મૂળ કિંમતના લેવામાં આવતું હતું. આજે ફકત ૬૦ પટ લઈને નવી શરતની જમીન જૂની શરતમાં કરી આપવાનો આ સરકારે નિર્ણય લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં માનનીય ધારાસભ્યશ્રીએ પ્રશ્ન પ્રછયો છે એમાં ૧૯૯૬માં અરજદારે અરજી કરવાની હતી. ૨૦૦૦ની સાલમાં હવે રાજય સરકારે એવો નિર્ણય કર્યો છે કે અરજી નહીં કરવાની તલાટીએ સુવોમોટો કેસ ઉભો કરીને સમય મર્યાદામાં નવી શરતની જમીન જૂની શરતમાં અરજદાર અરજી કરે તો જૂની શરતમાં ૬૦ પટ ભરી કરી આપવી. આવો નિર્ણય સરકારે કર્યો છે. આ જે પ્રશ્ન પૂછયો છે એમાં ૧૩ અરજદારો હતા એમાંથી ૧૨ નો નિકાલ કર્યો છે અને ફકત એક અરજી બાકી છે એ કદાચ નજીકના ભવિષ્યમાં જે અરજી બાકી છે એનો પૂર્તતાના આધારે નિકાલ થશે. એમણે બીજો પ્રશ્ન પૂછયો છે કે, એમાં ૨૦૦૦ પછી અરજી કરવાની

નથી. સુવોમોટો આવા કેસો આવ્યા છે એમાં અમારી પાસે ૩૧-૧૨-૨૦૦૪ અંતિત ૮૪૩ કેસો હતા એમાંથી જૂની શરતમાં ફેરવવા માટે ૫૬૫ કેસો મંજૂર કર્યા છે, ૧૯૯ શરતભંગના કે કાગળની પૂર્તતાના અભાવે નામંજૂર કર્યા છે એટલે ૮૪૩માંથી ૭૬૪ અરજીઓનો નિકાલ કર્યો છે. હવે જે અરજીઓ રહે છે બાકી એ ૭૯ છે. ટંકારા, પડઘ ારી અને મોરબીની ૮૪૩ છે એમાં ફક્ત ૭૯ અરજીઓ બાકી રહે છે એમાં ૨૦ અરજીઓ તો ૬૦ પટની રકમ ભરવા માટે બાકી છે. આજની તારીખે ૫૯ અરજીઓ પેન્ડીંગ છે એ સાધનીક કાગળો અને બીજી પૂર્તતા માટે પેન્ડીંગ છે અને માર્ચના અંત સુધીમાં આ ૫૯ અરજીઓ બાકી છે એનો નિકાલ કરવામાં આવશે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આવેલ અરજીઓમાંથી ૧૨ અરજીઓનો નિકાલ થઈ ગયો છે એમાં મારે જાણવું છે કે એ ૧૨ અરજીઓનો નિકાલ કઈ તારીખે થયો છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ તારીખ નથી પણ નિકાલ થઈ ગયો છે. બેમાં પૈસા નથી ભરાયા પણ ૧૦માં પૈસા ભરાઈ ગયા છે અને એનો નિકાલ થઈ ગયો છે એની દરેક અરજીની તારીખ અલગ અલગ ન હોય (અંતરાય) બેના પૈસા બાકી છે નિકાલ થઈ ગયો છે. એટલે ૧૩ અરજીઓમાંથી એક જ બાકી છે, ૧૨નો નિકાલ થઈ ગયો છે ૧૦ કેસમાં પૈસા ભરી દીધા છે અને બેમાં પૈસા ભરવાના બાકી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : નિકાલ થઈ ગયો છે. તારીખ અહીંયા ન પણ હોય.

**શ્રી કનુભાઇ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ જે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાનો કાર્યક્રમ છે એમાં ભૂમિદાનમાં આપેલી જમીનનો સમાવેશ થાય છે કે કેમ અને જો ન થતો હોય તો ભૂમિદાનમાં મળેલી નવી શરતની જમીનોને જૂની શરતમાં ફેરવવા માટેના કયા કયા કારણો છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી નવી શરતની જમીન એટલે એક તો ગણોતધારા નીચે આપેલી જમીનો હોય છે અને બીજું લેન્ડ રેવન્યુ કોડ નીચે જે જમીનો આપી હોય એ આ પ્રકારની જમીનો હોય છે આ બન્ને પ્રકારની જમીનમાં જો કોઈ શરતભંગ ન થયો હોય અને નિયમાનુસાર હોય તો તમામ જે નવી શરતની જમીનો છે એમાં નિયમોનુસાર કાર્યવાહી કરી જૂની શરતમાં ફેરવી આપવામાં આવે છે.

### વંથલી અને કેશોદ તાલુકાના ગામોને મહી - નર્મદાનું પાણી પીવા માટે આપવા અંગે

***૧૦૦૯૮ શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ વંથલી અને કેશોદ તાલુકાના કયા કયા ગામોને મહી-નર્મદાનું પાણી પીવા માટે મળે છે, અને

(૨) કેશોદ તથા વંથલી તાલુકાના પીવાના પાણીની સમસ્યાવાળા બાકી રહેતા કેટલા ગામોને કઈ યોજના મારફત કયાં સુધીમાં પીવાનું પાણી પુરૂં પાડવાનું આયોજન છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેશોદ તાલુકાના કુલ ૫૩ ગામો પૈકી ૭ ગામોને તથા વંથલી તાલુકાના ૪૬ ગામો પૈકી ૧૭ ગામોને મહી નર્મદાનું પાણી પીવા માટે આપવામાં આવેલ છે. ગામોની યાદી પરિશિષ્ટ મુજબ.

(૨) કેશોદ તથા વંથલી તાલુકાના પીવાના પાણીની સમસ્યાવાળા બાકી રહેતા ૪૬ ગામો તથા વંથલી તાલુકાના ૨૯ ગામોને ક્રમશઃ માસ ૧૨/૨૦૦૫ સુધીમાં નાણાંકિય ઉપલબ્ધિ અનુસાર નીચે દર્શાવેલ જૂથ યોજનાઓ મારફતે પીવાનું પાણી પૂરૂં પાડવા આયોજન છે.

| ક્રમ | ગામોની સંખ્યા | | જૂથ યોજનાનું નામ | પાણી આપવાનું આયોજન |
|---|---|---|---|---|
| | કેશોદ તાલુકો | વંથલી તાલુકો | | |
| ૧ | ૪ ગામ | ૧૧ | ઓઝત-૨ જૂથ | યોજના તૈયાર છે. માંગણી થયેથી પાણી આપી શકાશે. |
| ૨ | ૩૫ ગામ | - | કેશોદ જૂથ | ૧૨/૨૦૦૫ સુધીમાં |
| ૩ | ૭ ગામ | - | માંગરોળ ઈમરજન્સી | ૬/૨૦૦૫ સુધીમાં |
| ૪ | - | ૧૮ | જૂનાગઢ વંથલી જૂથ | ૧૨/૨૦૦૫ સુધીમાં |
| ૫ | ૪૬ ગામ | ૨૯ | ૪-જૂથ યોજના | |

**<u>પરિશિષ્ટ</u>**

<u>મહી-નર્મદાનું પાણી પીવા માટે અપાય છે તે ગામોની યાદીઃ-</u>

| અ.નં. | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | કેશોદ | બામણાસા |
| ૨ | કેશોદ | બડોદર |
| ૩ | કેશોદ | રાણીગપરા |
| ૪ | કેશોદ | કણેરી |
| ૫ | કેશોદ | અજાબ |
| ૬ | કેશોદ | મેસવાણ |
| ૭ | કેશોદ | શેરગઢ |
| | | |
| ૧ | વંથલી | નરેડી |
| ૨ | વંથલી | નવલખી |
| ૩ | વંથલી | સાંતલપુર |
| ૪ | વંથલી | ટીકર પાદરડી |
| ૫ | વંથલી | આબા |
| ૬ | વંથલી | કણજા |
| ૭ | વંથલી | કણજડી |
| ૮ | વંથલી | ગાદોઈ |
| ૯ | વંથલી | ટીનમસ |
| ૧૦ | વંથલી | સેંદરડા |
| ૧૧ | વંથલી | ખોખરડા |
| ૧૨ | વંથલી | કાજલીવાળા મોટા |
| ૧૩ | વંથલી | બોડકા |
| ૧૪ | વંથલી | થાણાપીપળી |
| ૧૫ | વંથલી | લુશાળા |
| ૧૬ | વંથલી | ખોરાસા |
| ૧૭ | વંથલી | નગડીયા |

**શ્રી માધાભાઈ લા. બોરીચા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને સાથે સાથે અભિનંદન પણ આપું છું કારણકે નર્મદાનું પાણી કેશોદના અંતરિયાળ વિસ્તાર જુનાગઢ, માંગરોળ સુધી પહોંચાડવાનું સારામાં સારું કામ કર્યુ છે. છતાં પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત કરવો પડ્યો કે અમારા વિસ્તારની અંદર ઘેડનો વિસ્તાર છે, સેલિનિટિવાળો વિસ્તાર છે ત્યાં પાણીની સમસ્યા છે આજે પણ અમારા કેશોદ તાલુકાના ૫૩ માંથી ઉનાળામાં બાર-પંદર-સત્તર ગામોની અંદર ટેન્કરથી પાણી આપવું પડે છે એવા સંજોગોમાં અમારા વિસ્તારના જે ૩૬ ગામો છે એને કોઈપણ જૂથ યોજનાનો કે પાણી પુરવઠા યોજનાનો લાભ મળતો નથી તો માનનીય મંત્રીશ્રી અમારા વિસ્તારના જે ૩૬ ગામો છે જેને પાણીના કોઈ સોર્સ નથી એવા ગામોની અંદર માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એ પ્રમાણે જુન ૨૦૦૫ અને ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં કામ પૂર્ણ કરીને પાણી આપવામાં આવશે તો હું એ જાણી શકું કે કયા સ્ત્રોતમાંથી અને કેટલી રકમના ખર્ચે આ કામ ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય સભ્યશ્રીની વાત સાચી છે કે કેશોદ અને વંથલી તાલુકાના અમુક ગામોને મુશ્કેલી છે કારણકે ત્યાં પાણીનો સોર્સ નથી સરકારે એની ગંભીરતાપૂર્વક ચકાસણી કરી છે અને જે ગામોને પાણી આપ્યું છે વંથલી અને કેશોદના આ ગામોને બાદ કરતાં ચાર ગામો એવા છે કેશોદ અને વંથલી તાલુકાના જેને અમે ઓઝત-ર જૂથમાંથી પાણી આપવા માટે વ્યવસ્થા કરી છે અગર આજે પણ એ માગે તો પાણી અમારી પાસે તૈયાર છે. એમનો પ્રશ્ન બાકી રહેતા કેશોદ તાલુકાના ૩૫ ગામોએ એમની તકલીફ છે એનાથી પણ વધારે ગંભીર બનીને સરકારે એક યોજના બનાવી છે, પંદર કરોડ રૂપિયાની યોજના અમે તૈયાર કરી છે. બે સોર્સમાંથી અમે પાણી આપી શકીએ તેમ છીએ. એક તો મહી પાઈપ લાઈન ઈમરજન્સી એક લાઈન નાંખવાની અમે તૈયારી કરી છે અને જો અમારું જોડાણ વલ્લભીપુરથી ગઢડાનું જે છે એ પાઈપલાઈન જોડાઈ જશે તો એમાંથી પણ સોર્સ આપી શકીશું અગર તો ઓઝત-ર જે ડેમ છે એ તૈયાર થયો છે એમાં પણ રિઝર્વેશન આપીને એમાંથી પાણી આપી શકીશું એમની માગણી પ્રમાણે ડિસેમ્બર, ૨૦૦૫ સુધીમાં આ યોજનાને પૂર્ણ કરવાનો અમારો ખ્યાલ છે કારણકે મુશ્કેલી ત્યાં સાચે જ છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એક પ્રશ્ન પૂછવો છે કે વંથલી અને કેશોદ માટે અભિનંદન પણ આપવા છે પરંતુ સૌરાષ્ટ્રના બીજા તાલુકાઓને ક્યારે પાણી આપશે? અમારા લીંબડીમાં આજે બાર બાર દિવસે આ પાણી મળે છે એટલે આ પ્રશ્ન પુછ્યો છે ક્યારે આપશો?

**અધ્યક્ષશ્રી .** : બીજા તાલુકા ન આવે આમાં,

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : વંથલી અને કેશોદ તાલુકાનો આ પ્રશ્ન છે એમના વિસ્તાર માટે એ અલગ પ્રશ્ન પૂછી શકે છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે કેશોદ તાલુકાના કુલ ત્રેપન ગામો પૈકી સાત ગામોને તથા વંથલી તાલુકાના ૪૬ ગામો પૈકી ૧૭ ગામોને પીવાના પાણીની પાઈપલાઈન દ્વારા વ્યવસ્થા થઈ છે તો અત્યારે આ પાણીની વ્યવસ્થા, પાણીની પાઈપ લાઈન ચાલુ છે કે કેમ એ હું જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આ પાઈપલાઈન ચાલુ જ છે અને એમાં પાણી આવે છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અગાઉ ભૂતકાળની સરકારો સૌરષ્ટ્રમાં ટ્રેઈનથી પાણી આપતી હતી કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન આમાં નહી આવે, બેસી જાઓ.

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો સરકાર અને પાણી પુરવઠા વિભાગને અભિનંદન આપવા છે કે મારા વિસ્તારના ૮૦-૮૦ ગામોની અંદર નર્મદાનું પાણી આવે છે અને બે ચાર ગામો જે બાકી રહી જાય છે તેનું પણ કાર્ય બે-ચાર મહિનામાં પૂરું થવામાં છે પણ વંથલી તાલુકાની વાત કરી તે ગામડાંઓમાં જે બાકી છે તેમાં બને એટલી જલદી વાત કરી તો ક્યારે કરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જેટલું બને એટલું જલદી ૩૫ ગામોની પાણીની વ્યવસ્થા થશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વંથલી અને કેશોદની અંદર જે ચાર જૂથ યોજના મારફતે બાકીના ગામોને પીવાનું પાણી પૂરું પાડવા માટેનું માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું તો આ જૂથ યોજનાનો નિર્ણય કઈ તારીખે અને કયા વર્ષમાં લેવામાં આવ્યો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે મંજૂરીઓ આપેલી છે તે અમારા વખતમાં મંજૂરી આપેલી છે એટલે તેની તારીખોનો કોઈ સવાલ પેદા થતો નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પાસે આ માહિતી હોવી જ જોઈએ. ભલે તમારા વખતમાં નિર્ણય લેવામાં આવ્યો હોય પણ તમે કઈ તારીખે નિર્ણય કર્યો તે જાણવાનો અમારો અધિકાર છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ આપવા માટે, મળી રહેશે. આ યોજના એક નથી આપ કઈ યોજના વિશે પૂછો છો તે કહો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, વંથલી અને કેશોદની અંદર તમે બાકીના ગામોને પાણી આપવા માટેની જે યોજનાનો નિર્ણય કર્યો છે તે યોજનાઓ તમે કઈ તારીખે...

**અધ્યક્ષશ્રી .** : ટેબલ ઉપર મૂકી દેશે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમને ત્યાં પહોંચાડવા સુધીની મારી તૈયારી છે.

## સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણી માટે મંત્રીશ્રી સાથે બેઠક

***૮૪૭૧ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સૌરાષ્ટ્રના વિસ્તારોને પીવાના પાણી તથા સિંચાઈના પાણી મેળવવામાં પડતી હાલાકીને ધ્યાને લઈ પાણી પુરવઠા મંત્રીશ્રીએ તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા છ માસમાં વિસ્તારના ધારાસભ્યશ્રીઓ સાથે કેટલી બેઠક યોજી.

(૨) આ બેઠકોના અંતે કયા કયા પ્રકારના નિર્ણયો લેવામાં આવ્યા, અને

(૩) લેવાયેલ નિર્ણયોના અમલીકરણની કાર્યવાહી કયા તબક્કે ચાલે છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી**

(૧) બે બેઠકો યોજવામાં આવી

(૨) (અ) શેત્રુંજી સિંચાઇ યોજના માટે નહેરના ડીસીલ્ટીંગ, જંગલ કટીંગ અને મરામતના કામો તથા પીવાનું પાણી અનામત રાખી સિંચાઈનું પાણી આપવા અંગે નિર્ણય કરવામાં આવ્યો.

(બ) મચ્છુ-૨ ડેમથી પંચાસર ગામને તથા નાની વાવડી ગામના ૬૦ હેકટર વિસ્તારને લીફટ ઈરીગેશનનો લાભ આપવા તથા ડેમી-૧ સિંચાઈ યોજનાની નહેર કટીંગ કરી કમાન્ડ વિસ્તારને લીફટ ઈરીગેશનથી સિંચાઈનો લાભ આપવા નિર્ણય લેવામાં આવ્યો.

(૩) લેવાયેલ નિર્ણયોનો તબક્કાવાર અમલ કરવામાં આવેલ છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું આપના દ્વારા પૂછવા માગું છું કે, મંત્રીશ્રીએ જ્યારે સૌરાષ્ટ્રના ધારાસભ્યની મિટિંગ બોલાવેલી તેમાં જુનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના ચોરવાડ ગામે મેઘલ નદીના દરવાજા કટાઈ ગયેલા અને પાણીના ખારથી તૂટી ગયેલા બાબતે માનનીય મંત્રીશ્રીને રજૂઆત

કરી અને મંત્રીશ્રીએ તે વાત સ્વીકારેલી અને તેને આજે એક વર્ષ પૂરું થયું. આ દરવાજા તાત્કાલિક અસરથી ફેરવવાના હતા. આ વખતે ટોટલી પાણી મેઘલ નદીમાંથી નીકળી ગયું છે તો આ દરવાજા કેટલા સમયમાં કાઢીને સ્લોપ આપવા માગે છે? આ ખારો વિસ્તાર છે અને તેમાં પીવાના પાણીનો પ્રશ્ન મોટો છે અને સૈદ્ધાંતિક મંજૂરી મંત્રીશ્રીએ એવી આપી હતી કે માંગરોળથી લઈ વેરાવળ, સુત્રાપાડા, કોડીનાર, ઉના અને રાજુલા સુધીની મહી પરિયોજના પાઈપ લાઈન દ્વારા ખારા વિસ્તારને પીવાનું પાણી પાઈપ લાઈન દ્વારા આપવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપેલી તો આ કામગીરી માટે કેટલા પૈસા ફાળવ્યા છે અને ક્યારે પૂરી કરવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજુલા સુધીની પાઈપ લાઈનની યોજના હાથ ઉપર લેવાની તૈયારી કરી છે. મેઘલ ટાઈડલના જે છે ૯૫ લાખના અંદાજો સરકારશ્રીમાં મંજૂરી માટે આવ્યા છે અને આ વર્ષે તે કામ હાથ ઉપર લેવાય તેની તાકીદ કરીશું. રાજુલા સુધીની જે પાઈપ લાઈન છે તેની એક આખી મહી પાઈપ લાઈન યોજના છે તે છેક વલ્લભીપુરથી શરુ કરીને રાજુલા સુધી જાય છે. તેની અંદર તબક્કાવાર તેનું કામ અમે હાથમાં લઈએ છીએ, બજેટની વ્યવસ્થા કરીને. મને વિશ્વાસ છે કે રાજુલાની જે તકલીફ છે તેનો ઉકેલ પણ મહી પાઈપ લાઈન આધારિત થવાનો છે અને તેને અમે હાથમાં લેવા પ્રયત્ન કરીશું.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા વિનંતી કરવી છે કે ચોરવાડ-લભી માટે ચેકડેમ અને સુજલામ્ સુફલામ્ યોજના કરે છે, તો આ તો ૧૦ ગામોની ૮૬-૮૭ માં થયેલી યોજના છે. આપને વારં વાર વિનંતી કરું છું અને આપ ખાતરી આપો છો, આ દરવાજા તૂટી ગયા છે, તેની વહીવટી અને બીજી મંજૂરીમાં બે વર્ષ જતા રહ્યાં છે, તો આ કામ ચોમાસાં પહેલાં કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો દરવાજા તૂટી જાય એવા નાંખીને જાય છે. (અંતરાય) તૂટી જાય એવા નાંખીને તમે ગયા છો, મારે તો રીપેરીંગ કરવાનું આવ્યું છે. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ ડેમમાં પાણી ભરાયું હોય એને ખાલી કર્યા સિવાય કોઈપણ ડેમનું રીપેરીંગ કરવું મુશ્કેલ હોય છે. એ સંજોગોમાં એની સીકવન્સ જાળવવી પડતી હોય છે. ખેડૂતો વાપરે અને ખાલી થાય એટલે તરત જ હાથમાં લેવાય. એ પ્રમાણે પાણી વેડફાઈ ન જાય, કારણ કે આ આખો ડેમ ખાલી કરીને, (અંતરાય) મેં કહ્યું ને કે સત્વરે..(અંતરાય) મેં કહ્યું કે ૯૫ લાખ રૂપિયાનું રીપેરીંગ કામ હાથમાં લેવા માટે સરકારની તૈયારી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : સિંચાઈ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સિંચાઈ અધિકારીઓની એક મહિના પહેલા મિટિંગ મળી હતી, ત્યારે મચ્છુ-૨ માં લીફટ ઈરિગેશનમાં કમાન્ડ એરિયા વધારીને અને ડેમી-૧ ને લીફટ ઈરિગેશન કેનાલ કરવાની જે રજૂઆત કરવામાં આવેલી અને તેને મંજૂરી આપવામાં આવેલી. એને મંજૂરી આપી એને માટે અભિનંદન. જયારે રાજય સરકાર સિંચાઈ એરિયા વધારવા પ્રયત્નો કરી રહી છે અને ૮૦/૨૦ની યોજના જાહેર કરવામાં આવી છે, તો હાલની કેનાલોને ઉંડી કરીને લીફટ ઈરિગેશનથી પાણી પાવા માટે રાજય સરકાર ૮૦/૨૦ના ધોરણે ખેડૂત જૂથને આ બાબતમાં મંજૂરી આપવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી .** : નીતિ વિષયક નિર્ણય નહીં પૂછી શકાય. નીતિ વિષયક માગણી નહીં કરી શકાય. તમે ઉંડા કરવાની વાત કરો છો. તે બાબત નીતિ વિષયક થઈ, તમે માહિતી માગી શકો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : એંસી-વીસની યોજના છે, એ યોજનામાં પાણી રોકવા માટેની યોજના છે, એને લીફટ ઈરિગેશન વધારે કરવા માટેની યોજના છે, તો આ કેનાલમાં લીફટ ઈરિગેશનમાં એંસી-વીસમાં ફેરવવા માટેનું આયોજન કરવામાં આવશે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સભ્યશ્રીનું સૂચન છે. ખૂબ અભ્યાસ કરીને હાથ ઉપર લેવા માટે વિચારીશું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : (૨) માં શેત્રુંજી માટે નહેરના ડીસીલ્ટીંગ, જંગલ કટીંગ અને મરામતના કામો માટે જવાબ આપ્યો છે. મારે એ જાણવું છે કે આ શેત્રુંજીના ડાબા અને જમણા કાંઠાની બંને કેનાલોની લાઈનીંગ બિલકુલ ખલાસ થઈ જવાના કારણે ટેઈલ એન્ડમાં ઈરિગેશન માટે ખેડૂતોને પહોંચતું નથી. વ્યાપક ફરિયાદો વારંવાર મિટિંગમાં પણ થઈ છે અને બાકી પણ ધારાસભ્યોએ અને બીજાઓએ લેખિતમાં કરેલી છે. તો શેત્રુંજીના ડાબા અને જમણા કાંઠાની નહેરોમાં આ લાઈનીંગ ફરીથી કરીને ટેઈલ સુધી પાણી પહોંચે અને ડી-સીલ્ટીંગ માટે શું આયોજન કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જયાં લાઈનીંગ તૂટી ગઈ છે એવા વિસ્તારોનો ટેકનિકલ અભ્યાસ કરીને ચોકકસપણે પાણીનો બગાડ ન થાય તે પ્રમાણે કામ હાથ ઉપર લેવામાં આવશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સૌરાષ્ટ્ર વિસ્તારના પીવાના પાણીનો પ્રશ્ન છે, એટલે આપના મારફત એ જાણવા માગું છું કે દાવો માનનીય મંત્રીશ્રી વારંવાર કરે છે કે ટેન્કરો ભૂતકાળની વાત બની ગઈ છે, પણ છેલ્લા ત્રણ વર્ષથી....

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું પ્રશ્ન ઉપર જ આવું છું. છેલ્લા ત્રણ વર્ષથી અમુક વિસ્તારો એવા છે કે દિવાળી પછી જે ટેન્કરો શરુ થાય અને ચોમાસા પહેલા પહેલો વરસાદ થાય ત્યાં સુધી ચાલુ રહે છે. આજની તારીખમાંયે જે માનનીય સભ્યશ્રી વાત કરે છે એ પ્રમાણે ઓખાથી છેક ભાવનગરના કાંઠા સુધી કાંઠાળ વિસ્તારોમાં ટેન્કરો ચાલે છે, તો હું આપના મારફત એ પૂછવા માગું છું કે.....

**અધ્યક્ષશ્રી .** : નો, નો, નીતિવિષયક વાત નહીં થાય.(અંતરાય) પ્રશ્ન ક્રમાંક:૧૦...

(આ તબકકે વિરોધપક્ષના મોટાભાગના સભ્યશ્રીઓ પોતાની જગ્યા ઉપર ઉભા થઈ જતાં)

**અધ્યક્ષશ્રી .** : આમાં ટેન્કર નહીં આવે, આમાં ટેન્કરની વાત નહીં આવે.(સતત અંતરાય)આખા જિલ્લામાં ટેન્કરની વાત કયાં આવે? પ્રશ્ન ક્રમાંક:૧૦ (સતત અંતરાય)

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : આમાં સૌરાષ્ટ્ર વિસ્તારનો પ્રજાનો પ્રશ્ન છે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે પ્રશ્નને સાઈડ અપ ના કરી શકાય.(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : ચાલો પ્રશ્ન ક્રમાંક:૧૦  માનનીય હરજીવનભાઈ,

## સિપુ જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા

***૧૦૮૨૬ શ્રી હરજીવન હી. પટેલ (ધાનેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સીપુ જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા જે ૧૩૧ ગામોને પીવાના પાણી આપવાની જોગવાઈ છે તે પૈકી કેટલા ગામોને તા. ૩૧-૦૧-૦૫ ની સ્થિતિએ પાણી પુરવઠો આપવાનું ચાલુ છે, અને

(૨) બાકી રહેતા ગામોને કેટલા સમયમાં પીવાનું પાણી આપવામાં આવશે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:**

(૧) તા. ૩૧-૦૧-૦૫ ની સ્થિતિએ ૧૧૪ ગામોને પાણી પહોંચાડવામાં આવેલ છે તે પૈકી ૫૫ ગામોને પાણી પુરવઠો ચાલુ છે અને ૫૯ ગામોમાં પોતાની પીવાના પાણીની વ્યવસ્થા હોઈ પાણી લેતા નથી.

(૧) (૨) બાકી રહેતા ૧૬ ગામોમાં ક્રમશઃ ૩૦-૯-૨૦૦૫ સુધીમાં પીવાનું પાણી આપવાનું આયોજન છે.

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,, મારો પ્રશ્ન એ છે કે  આજે સીપુ યોજનાને બન્યાને વર્ષો થઈ ગયા છે એની પાછળ સવાસો કરોડ રૂપિયાનો ખર્ચ થયેલો છે.  એની જે કેનાલો બનાવી હતી એ પણ નષ્ટ થઈ ગઈ છે. શ્રી ચુનીલાલ વૈદ્યના કરારના કારણે આજ સુધી સીપુ ડેમ ભરાયો નહોતો અને હવે જયારે સરદાર સરોવર યોજનાનાં નર્મદાનાં નીર જયારે બનાસ નદીમાં પહોંચ્યાં છે ત્યારે આ સીપુ ડેમ ભરીને પીવાના પાણીની વ્યવસ્થા કરવા માગે છે કે કેમ અને સીપુ ડેમમાં હાલ પીવા માટે પડેલ પાણી ડેડ વોટર થઈ ગયું છે. જયાં સુધી સરદાર સરોવર યોજના દ્વારા નર્મદાનાં નીર સીપુ ડેમમાં ન આવે ત્યાં સુધી હાલ પૂરતી તાત્કાલિક કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? (સતત અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સીપુ ડેમમાં પાણી ઓછું છે એને અમે પાઈપલાઈન દ્વારા પાણી ભરીને પણ સીપુનું  પીવાનું પાણી કોઈ પણ રીતે નહીં ખૂટે અને એ માટે આ જૂથ યોજનામાં નર્મદાનું પાણી ઈનડાયરેકટલી સીપુમાં ભરીને પાણી પુરવઠો પૂરો કરવામાં આવશે. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એકવાર મેં મારો નિર્ણય આપી દીધો છે, એમાં ફેરફાર નહીં થાય, પ્લીઝ બેસો.(સતત અંતરાય)

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે આ જે સીપુ ડેમ છે એ વર્ષોથી એમને એમ પડયો હતો અને જેની પાછળ સવા કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો અને ચુનીલાલ વૈદ્ય કરારને કારણે આજસુધી આ ડેમ ભરાયો નથી. તો આ ડેમ સરદાર સરોવર યોજના દ્વારા બનાસ નદીમાં પાણી આવ્યું છે ત્યારે ઓટોમેટિકલી આ કરાર પૂરો થાય છે તો હવે આ ડેમ  ભરીને જે પાણી પુરવઠા યોજનાઓ સીપુ ડેમ દ્વારા બનાવવામાં આવી છે અને ડેડ વોટર પણ સીપુ ડેમમાં ખલાસ થઈ ગયું છે, ત્યારે સરદાર સરોવર યોજના દ્વારા આ ડેમ ન ભરાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા  કરવા માગે છે કે કેમ? (સતત અંતરાય)

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

## સભ્યશ્રીને નેઈમ કરવા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે  ધારાસભ્યશ્રી પરેશભાઈ  ધાનાણીને નેઈમ કરવામાં આવે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવને ટેકો આપું છું. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર)

**અધ્યક્ષશ્રી .** : હું આ પ્રશ્ન આ સભાગૃહ સમક્ષ વાંચું છું. એ પ્રશ્ન કેવો છે અને એમાંથી ટેન્કરનો પ્રશ્ન ઉભો થતો નથી તે ખ્યાલ આવશે, હું પ્રશ્ન વાંચું છું. "સૌરાષ્ટ્રના વિસ્તારોને પીવાના પાણી તથા સિંચાઈના પાણી મેળવવામાં પડતી હાલાકીને ધ્યાને લઈ પાણી પુરવઠા મંત્રીશ્રીએ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા છ માસમાં વિસ્તારના ધારાસભ્યશ્રીઓ સાથે કેટલી બેઠક યોજી, અને આ બેઠકોના અંતે કયા કયા પ્રકારના નિર્ણયો લેવામાં આવ્યા", હવે આમાં કયાં ટેન્કરનો પ્રશ્ન આવે છે?  (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પીવાના પાણીનો પ્રશ્ન છે, એટલે આવે માનનીય અધ્યક્ષશ્રી.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય સભ્યશ્રી પરેશભાઈને નેઈમ કરવાનો પ્રસ્તાવ મૂકેલ છે. પરેશભાઈએ આ સભાગૃહની અંદર સતત સૂત્રોચ્ચાર કરી અને સભાગૃહની અંદર આપશ્રીની સમક્ષ ગેરશિસ્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. એટલા માટે એમને નેઈમ કરવાનો મેં પ્રસ્તાવ મૂકેલ છે અને માનનીય નરોતમભાઈએ તેને ટેકો આપેલ છે તેથી તે પ્રસ્તાવને મત ઉપર મૂકવામાં આવે તેવી હું વિનંતી કરું છું. (અંતરાય-ઘોંઘાટ)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : સાહેબ અમારે વોકઆઉટ કરવો પડશે.

**અધ્યક્ષશ્રી .** : હું પરેશભાઈ ધાનાણીને આજના દિવસ માટે સભાગૃહમાંથી સસ્પેન્ડ કરું છું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : સાહેબ, બે બે વર્ષથી પૈસા ન ચૂકવે.......

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ ઉભા રહીને વર્ણન કરે છે. આખી ટર્મ સુધી જવું પડશે. માનનીય અધ્યક્ષશ્રીની સામે ન કહો, અમારી સામે જે કહેવું હોય તે કહો, (અંતરાય) પહેલા ધોળા સુધી પહોંચો તો ખરા.

**(આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા)**

## તારાંકિત પ્રશ્નો (ક્રમશ:)

**પ્રશ્ન ક્રમાંક: ૧૦૮૨૬ ( ક્રમશ:)**

**શ્રી હરજીવન હી. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આટલા અવાજમાં મારો પ્રશ્ન સંભળાયો નથી તેથી મારી વિનંતી છે કે આ બહુ અગત્યનો પ્રશ્ન છે, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સીપુ ડેમ વર્ષોથી બનીને પડયો છે, જેની પાછળ ૧૨૫ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થયો છે. ચુનિલાલ વૈદ્યને કારણે આ ડેમ ભરાયો નહોતો. જયાં સુધી સરદાર સરોવર યોજનાનું પાણી બનાસમાં ન આવે ત્યાં સુધી ભરાય તેમ નહોતો, આજે સરકારે તે પાણી બનાસમાં નાખવાનું આયોજન કરેલ છે ત્યારે સીપુ ડેમમાં બિલકૂલ ડેડ વોટર નથી તો જયાં સુધી આ ડેમમાં નર્મદાનું પાણી ન આવે ત્યાં સુધી સરકાર વૈકલ્પિક વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સીપુ ડેમને ભરીને ખેડૂતોને પાણી આપવા માટેની મેટર હતી તે કોર્ટમાં હતી. તે પૂરી થાય છે કારણ કે નર્મદાનું પાણી આંતરનેસ સુધી પહોંચે તે માટેનું કામ હવે પૂરું થઈ ગયું છે એટલે કોર્ટમાં મેટર છે તેમાં હવે સામેના પક્ષને પણ ઈન્ટરેસ્ટ નથી, એમને હવે ઈન્ટરેસ્ટ નથી અને હવે આપણે એમાં પાણી ભરીને કુદરતી રીતે સ્રાવ વિસ્તારમાંથી પાણી ભરાશે પણ સરકારનો નર્મદા કેનાલથી ઉદ્વહન પાઈપ લાઈન નાખવાનો પ્લાન છે. એ દ્વારા સિપુ ડૅમ પૂર્ણ ભરાશે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : આ સિપુ યોજનામાંથી ૧૩૧ ગામોને પીવાનું પાણી આપવા માટેની જૂથ યોજના બનાવી છે. એમાં દાંતીવાડી તાલુકાના કેટલાક ગામો વંચિત છે. ૧૩૧ સિવાયના આ આ ગામો છે. તો આ બાકી રહેલા ગામો માટે અને હવે જ્યારે સિપુમાં પાણી રહેવાનું છે. હાઈકોર્ટનું કમિટમેંન્ટ ચીનુભાઈ વૈદ્યને આપ્યું હતું એ પુરુ થઈ ગયું છે ત્યારે આ દાંતીવાડા તાલુકાના બાકી રહેતા ગામોનો પણ સમાવેશ કરવામાં આવશે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : પાણી પુરવઠો મળી રહેતા દાંતીવાડા તાલુકાના ગામોનું પણ આયોજન કરી શકાશે.

### સાવલી તાલુકાના સાંઢાસાલ ગામે સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચેકડેમો બાંધવા અંગે

***૯૧૬૧ શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ (સાવલી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાવલી તાલુકાના સાંઢાસાલ ગામે ગોમા નદી ઉપર ૬૦:૪૦માં જયંતિલાલ ચૌહાણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ટ્રસ્ટ, મુંબઇએ નવીન ચેકડેમ બાંધવા તૈયારી દર્શાવેલ છે તે વાત સાચી,
(૨) જો હા, તો તે ચેકડેમ બનાવવાનું કામ ક્યારથી શરૂ થશે, અને
(૩) તે કેટલી રકમનો હશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) હા, જી.
(૨) આલેખન-અંદાજો તૈયાર થયા બાદ અને દરખાસ્તનો સ્વીકાર થયેથી કામ શરૂ કરી શકાશે.
(૩) આલેખન કામગીરી પૂર્ણ થયેથી અંદાજી કિંમત નક્કી થશે.

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ** : આ ચેકડેમની મંજૂરી આપી દીધી તેવું મને જાણવા મળ્યું છે. હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જયંતિલાલ ચૌહાણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ટ્રસ્ટ, મુંબઇએ આ ચેકડેમ બનાવવા માટે ૪૦ ટકા રકમ આપવાનો પત્ર સરકારને અથવા વિભાગને ક્યારે આપ્યો? મંજૂરી આપવામાં આવી તો એ ક્યારે આપવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે સરકારી અધિકારીઓ જો મનમાની કરતા હોય તો કેટલા પત્રો આ કામ માટે સરકારને અને સરકારના વિભાગને ફરિયાદરૂપે મળ્યા છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સરકારી અધિકારીઓની મનમાનીનો સવાલ થતો નથી. સરકાર એનાથી વાકેફ રહે જ છે. એ વાત સાચી છે કે ઉપેન્દ્રભાઈએ એની માગણી કરી હતી. ૨૯-૯-૨૦૦૪ના રોજ ટ્રસ્ટ દ્વારા કામ કરવાની વાત થઈ. આ કામ લગભગ ૭૪ લાખ રૂપિયાનું કામ છે. કામની માગણી જે ટ્રસ્ટ દ્વારા કરી હતી એની તપાસ પણ કરવાની હતી. એમણે ૨-૩ કામો કરેલ છે. આ વિલંબ થવા પાછળ સભ્યશ્રીનો પ્રશ્ન ઊભો છે, એમાં ખરેખર ગાયકવાડના વખતનો ચેકડેમ હતો એ તૂટી ગયેલ છે. એટલે સરકારના ખ્યાલમાં એવું હતું એ રિપેર થઈને ચાલતું હોય તો રિપેરીંગ કરીએ. પરંતુ ટેકનિકલ તપાસને અંતે એમ લાગ્યું કે આ રિપેરીંગ થઈ શકે તેમ નથી. એટલે ઉપરવાસમાં ૧૦૦ મીટર દૂર એક બીજો ચેકડેમ બાંધવા માટે આયોજન કર્યુ છે. જેનું એસ્ટીમેટ ૪૪ લાખ ૪૭ હજારનું થઈ ગયું છે. તપાસ કરતાં આ ટ્રસ્ટ કામ કરી શકે એમ છે. એમની ૪૦ ટકા રકમ ભરવાની તૈયારી હોય તો સરકાર ૬૦ ટકા નાણાં આપીને સરકાર બાંધવા તૈયાર છે. તાત્કાલિક મંજૂરી પણ આપી છે. મને વિશ્વાસ છે કે ચોમાસા પહેલાં આ બંધાવી દેશે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : ચેકડેમની વાત છે એમાં નવા કાયદા પ્રમાણે ૮૦:૨૦ નો રેશિયો દાખલ કરશો કે કેમ? આગળ ચેકડેમની વાત થઈ એમાં મહી અને સાગર એમ બે ભાગ છે. સાગરના પાણી મહીમાં ઘૂસી જાય છે. એનાથી ખારું પાણી અમારા શહેરને મળે છે. જ્યારે બીજી બાજુ નંદેસરીનું વોટર પોલ્યુશનવાળું પાણી પણ અમાસ પૂનમની ભરતીમાં ફ્રેંચ કૂવા સુધી આવી જાય છે. હવે જ્યારે નવો ચેકડેમ બની રહ્યો છે એની હાઈટ કરતાં અમાસ પૂનમની ભરતીના પાણી ફરીથી ઘૂંસી ના આવે એના માટે શું કરશો? સીંગરોટ ખાતે મહી પુલ વિયર બંધાયો છે એનું ટાઈડલ લેવલ ઉંચુ છે એટલે ખારું પાણી આ બાજુ નહિ આવે. પરંતુ આ ઉપરવાસમાં બાંધવામાં આવ્યો છે એટલે પોલ્યુશનનો પ્રશ્ન ઊભો રહેશે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : અમાસ અને પૂનમના દિવસે ભરતી ઓટ આવે છે ત્યારે પાણી આવે છે.

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અધ્યક્ષશ્રી .** : હું પહેલી, બીજી, ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### નવસારી જિલ્લામાં પીવાના પાણી માટે આયોજન

૧૦૧૦૪ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં પાણી પુરવઠા યોજનાઓમાંની કુલ કેટલી ટાંકીઓ વપરાયા વગરની બંધ પડેલી છે, અને | (૧) ૨૨ ટાંકીઓ. |
| (૨) આ અંગે સરકારે શી કાર્યવાહી કરી છે ? | (૨) ૧૨ ટાંકીઓ ધરાવતી સ્વતંત્ર પાઈપ યોજનાના ખુટતા કામો પૂર્ણ કરવાની કામગીરી અને ૧૦ ટાંકીઓ ધરાવતી યોજનાઓ સ્થાનિક સંસ્થાને સોંપવાની કાર્યવાહી હાથ પર છે. |

----------

### બિનખેતીની જમીનની મહેસૂલ આકારણી

૧૦૪૭૧ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૮-૨૦૦૩ના જાહેરનામા અનુસાર મહેસૂલના દરમાં બિનખેતી આકારમાં વધારો કરવામાં આવ્યો છે, જે વધારો મીઠાના અગરોના ઉપયોગ માટે વપરાતી જમીનને લાગુ પડી શકે નહિ, છતાં તે મુજબ મહેસૂલ આકારવામાં આવે છે, તેની સરકારને માહિતી છે કે કેમ, અને | (૧) તારીખ ૧-૮-૨૦૦૩થી બિનખેતી આકારમાં કરવામાં આવેલ વધારો મીઠાના અગરોના ઉપયોગ માટે વપરાતી જમીનને લાગુ પડે છે. માટે તે મુજબ મહેસૂલ (બિનખેતી આકાર) આકારવામાં આવે છે. |
| (૨) જો હા, તો તે અટકાવવા સરકારે શાં પગલાં લીધાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**દીઓદર, ભાભર અને થરાદ તાલુકામાં, બ્લોક વિભાજનમાં ખેડૂતોને પડતી મુશ્કેલીઓ નિવારવા અંગે**

૮૩૬૧ **શ્રી ભેમાભાઈ રા. પટેલ (દીઓદર) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દિઓદર, ભાભર અને થરાદ તાલુકાના ગામોમાં એકત્રીકરણની જે સ્કિમ છે. તે સ્કિમથી ખેડૂતોને બ્લોક વિભાજન કરવામાં ઘણી જ તકલીફ પડે છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ખેડૂતોની મુશ્કેલીઓના નિવારણ માટે સરકાર શું પગલાં લેવા ધારે છે ? | (૨) બ્લોક વિભાજન કરવામાં ખેડૂતોની મુશ્કેલીઓના નિવારણ માટે નીચે મુજબના પગલાં લેવાયાં છે.<br><br>(૧) કાયદાની સુધારેલ કલમ-૩૧(૧)(બી) મુજબ હવે સરકારશ્રીને બદલે કલેક્ટરશ્રીની બ્લોકના ભાગલા પાડવા પૂર્વ મંજુરી મેળવવાની થાય છે. અને સુધારેલ કલમ-૩૧(૨)એ મુજબ (ક) આખા બ્લોકની તબદીલી થતી હોય કે, (ખ) ખાતેદારના મત્યુ બાદ વારસાઇના કારણે બ્લોકની જમીનના ભાગલા પડતા હોય પણ ટુકડા ન બનતા હોય તેવા કેસોમાં પુર્વ મંજુરી લેવાની આવશ્યકતા રહેતી નથી.<br><br>(૨) ખેડુતોને બ્લોક વિભાજનની પૂર્વ પરવાનગી માંગવાની અરજી કરવામાં આવે ત્યારે નિયમાનુસારની કાર્યવાહી કરીને ૬૦ દિવસમાં તેનો નિકાલ કરવા કલેક્ટરશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે. |

----------

**વાવ તાલુકામાં પીવાના પાણી માટે આયોજન**

૧૦૧૩૦ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૧-૦૧-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લાનાં વાવ તાલુકામાં પીવાનું પાણી દેવપુરાથી વાવ સુધી ક્યાં સુધીમાં આપવામાં આવનાર છે ? | ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પીવાનું પાણી આપવાનું આયોજન છે. |

----------

**બારડોલી તાલુકામાં પાણીની ટાંકીઓ બનાવવા અંગે**

**૧૦૧૭૧ શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ સુરત જીલ્લાના બારડોલી તાલુકાના કેટલા ગામોમાં કેન્દ્ર સરકારની સેક્ટર રીફોર્મ યોજના હેઠળ પાણીની ટાંકીઓ છેલ્લા ત્રણ વર્ષમાં બનાવવામાં આવી, | (૧) ૩૩ ગામોમાં ૪૨ ટાંકીઓ. |
| (૨) તે પૈકીના કયા ગામની પાણીની ટાંકીનું કામ અધુરું છે અને કેટલા ગામોએ પાણી ન મળવાની ફરિયાદ કરી, અને | (૨) તે પૈકી નીચે જણાવેલ આઠ ગામોની ટાંકીઓના કામ અધૂરા છે.<br>(૧) ભામૈયા (૨) હરિપુરા (૩) રજવાડ (૪) અસ્તાન ૨ ટાંકી (૫) તેન (૬) માણેકપુર (૭) અંચેલી તથા (૮) રામપુરા આ ગામો પૈકી ભામૈયા ગામના હળપતિવાસમાં પાણી ન મળવાની ફરિયાદ મળેલ છે. |

(૩) આ ફરીયાદ સંદર્ભે સરકારે શી કાર્યવાહી કરી?

(૩) ફરિયાદ સંદર્ભે જીલ્લા કલેક્ટરશ્રીએ આપેલ સૂચના મુજબ ભામૈયા ગામની પાણી સમિતિને હળપતિવાસ સુધી પાઇપ લાઇન લંબાવવા સમજાવેલ છે. આ માટે જરૂરી પાઇપોની વ્યવસ્થા કરવામાં આવી છે. અને પાઇપ લાઇન નાંખવાની કામગીરી ટૂંક સમયમાં હાથ ધરવાનું નક્કી થયેલ છે.

----------

**સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમની મળેલ અરજીઓ**

૧૦૪૭૯ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર)માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી ચેકડેમ માટેની અરજીઓ તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) અરજીઓ નિકાલ કરવાની બાકી છે તે પૈકી હિંમતનગર તાલુકાની કેટલી છે ?

**જવાબ**

(૧) અને (૨) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ તાલુકાવાર ચેકડેમ માટેની મળેલ અરજીઓ તથા મંજૂરી અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર થયેલ અરજીઓ |
|---|---|---|
| હિંમતનગર | ૧૫૭૨ | ૧૧૧૬ |
| ઈડર | ૧૦૬૦ | ૭૭૫ |
| વડાલી | ૯૧૬ | ૬૨૩ |
| પ્રાંતિજ | ૨૪૧ | ૧૯૪ |
| મોડાસા | ૬૨૦ | ૪૬૦ |
| ખેડબ્રહ્મા | ૪૭૩ | ૩૩૪ |
| બાયડ | ૩૧૮ | ૨૬૫ |
| તલોદ | ૨૯૯ | ૨૧૬ |
| વિજયનગર | ૧૪૩ | ૧૦૫ |
| ભિલોડા | ૬૪૫ | ૫૫૨ |
| મેઘરજ | ૩૬૪ | ૨૩૪ |
| માલપુર | ૪૦૫ | ૨૧૦ |
| ધનસુરા | ૨૩૧ | ૧૬૨ |
| કુલ | ૭૨૮૭ | ૫૨૪૬ |

(૩) ૧૮૬ અરજીઓ.

----------

**ધરમપુર તાલુકામાં પીવાના પાણી માટે આયોજન**

૯૧૬૫ **શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

ધરમપુર તાલુકામાં પીવાના પાણી માટેની મુશ્કેલીઓ હલ કરવા તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં શું આયોજન કરવામાં આવ્યું ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં ધરમપુર તાલુકામાં પીવાના પાણીની વ્યવસ્થા માટે ૪૦ ગામોમાં ૪૦ સાદા કુવાની યોજના, ૨૦૦ ફળિયામાં ૨૦૦ હેન્ડપંપની યોજના, ૨૦ ફળિયામાં ૨૦ મીની પાઈપ યોજના, ૨ ગામોમાં સ્વતંત્ર પાણી પુરવઠા યોજના તથા ૧૩ જેટલા ચેકડેમો બનાવવાનું આયોજન કરવામાં આવેલું છે.

----------

**વડોદરા તાલુકાના સિંઘરોટ ગામની જમીન જુની શરતમાં ફેરવવા બાબત**

૧૦૮૭૯ **શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિંઘરોટ તા. વડોદરાની જમીનો, જુની શરતમાંથી નવી શરતમાં ગ્રામ્ય રેકર્ડના અભાવે ફેરવવામાં નહી આવતી હોવાની બાબતથી સરકાર માહિતગાર છે ખરી, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ખેડૂતોને થતી હાલાકી નિવારવા અને સંભવતઃ કૌભાંડ અંગે કરાયેલ કાર્યવાહીની વિગતો શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

### ભૂજ અને નખત્રાણા તાલુકામાં બંધ પડેલાં પીવાના પાણીના ટેંકરો

૧૦૩૨૬ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભૂજ અને નખત્રાણા તાલુકામાં પીવાના પાણીના ટેન્કરોને સરકાર તરફથી ડીઝલ આપવાનું બંધ કરવામાં આવ્યુ છે તેને કારણે પાણીના ટેંકરો ડિસેમ્બર, ૨૦૦૪ની સ્થિતિએ બંધ પડ્યાં છે તે સરકાર જાણે છે, | (૧) ના જી, ટેંકરો બંધ કરવામાં આવેલ નથી. |
| (૨) તેમ છતાં કચ્છ જિલ્લામાં પાણીના ટેન્કરોના કોન્ટ્રાકટરોને ગામડાઓમાં પાણી પહોંચાડવાના કોન્ટ્રાકટ ચાલુ છે તે હકીકત સરકાર જાણે છે, અને | (૨) હા, જી જરૂરિયાત મુજબના ગામોએ ખાતાના તેમજ કોન્ટ્રાકટરના ટેંકરો દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે. |
| (૩) આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી કાર્યવાહી કરી છે? | (૩) ટેંકરો ચાલુ હોઈ પ્રશ્ન રહેતો નથી. |

----------------

### જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં કેસોનો ભરાવો

૧૦૩૪૧ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેસોનો મોટી સંખ્યામાં ભરાવો થયો છે તે વાત સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેસોના નિકાલ માટે સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવેલ છે? | (૨)<br>(૧) જે જિલ્લાઓમાં કેસોનું પ્રમાણ વધુ હોય, તેના નજીકના જિલ્લાના ફોરમને કાયદાની જોગવાઈ મુજબ કમિશન દ્વારા કેસો ટ્રાન્સફર કરવામાં આવેલ છે.<br>(૨) પ્રમુખ/મેમ્બરની જગ્યાઓ ખાલી ન રહે તેની તકેદારી રાખવામાં આવેલ છે.<br>(૩) રાજ્ય કમિશન માટે વધારાની સરકીટ બેંચની રચના કરવામાં આવેલ છે.<br>(૪) રાજ્યના મોટા શહેરો માટે વધારાના ફોરમ સ્થાપવા આયોજન કરેલ છે. |

----------------

### દાંતીવાડા ડેમ ભરવા અંગે

૧૦૧૧૭ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાનો દાંતીવાડા ડેમ ભરવા માટે જે જગ્યાએથી પાઈપ લાઈન લઈ જવાની છે તેમાં ફેરફાર કરવા સરકારમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ રજુઆત મળેલ છે કે કેમ, અને | (૧) અને (૨) તાંત્રિક રીતે લાઈનદોરી નક્કી કરવાની કામગીરી હાથ ધરાયેલ છે. જે માટે સુચનો મળેલ છે. |

(૨) આ યોજનાથી વંચિત રહેતા વિસ્તારને લાભ આપવા પાઈપ લાઈનની લાઈનદોરીમાં સરકાર ફેરફાર કરવા માંગે છે કે કેમ?

--------------

**રાજ્યમાં અતિવૃષ્ટિથી નુકશાન**

૮૯૨૧ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ અતિવૃષ્ટિમાં ગુજરાત રાજ્યમાં કેટલું નુકશાન થયું, | (૧) રૂા. ૩૩૧૨.૫૩ કરોડ |
| (૨) તેમાં કેન્દ્ર સરકારે કેટલી સહાય આપી, | (૨) રૂા. ૫૫.૦૦ કરોડ |
| (૩) કવાંટ તાલુકામાં કેટલા મકાનો નાશ પામ્યા, અને | (૩) ૯૪ |
| (૪) તે મકાનો ઉભા કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે? | (૪) પ્રવર્તમાન ધોરણો મુજબ રૂા. ૫૦,૦૦૦ સુધીની સહાય આપવાની જોગવાઈ છે. |

--------------

**રાજકોટ, જામનગર, કચ્છને પીવાના પાણી આપવા માટેની વ્યવસ્થા**

૧૦૩૩૧ **શ્રી દીનુભાઈ બો. સોલંકી (કોડીનાર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા કેનાલ બંધ થતાં રાજકોટ, જામનગર અને કચ્છને પીવાનું પાણી આપવા માટે શી યોજના કરવામાં આવી છે, | (૧) મચ્છુ-૨ ડેમ આધારિત તાકીદની યોજના બનાવી તેને આ શહેરો માટેની બલ્ક પાઈપ લાઈન સાથે જોડાણ કરી, પાણી પુરવઠો આપવામાં આવ્યો છે. |
| (૨) આ યોજના દ્વારા પૂરતા પ્રમાણમાં પાણી મળનાર છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) નર્મદાનું પાણી આપવા માટે શું મુશ્કેલી છે? | (૩) હાલ નર્મદા કેનાલની સૌરાષ્ટ્ર શાખા તેમજ માળીયા શાખામાં લાઈનીંગનું કામ ચાલુ હોવાથી, પાણી ઉપલબ્ધ નથી. |

-------------

**શિર્ષક :- ૭/૧૨ તેમજ ૮-અ હક્કપત્રકના દાખલાની ફી**

૮૫૦૯ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ જમીન મહેસુલ નિયમો ૧૯૨૧ હેઠળ ખેડૂતોને આપવામાં આવતા ૭/૧૨ તથા ૮-અ હક્કપત્રકના દાખલા માટે કેટલી ફી લેવામાં આવે છે, | (૧) રૂા. ૧૫.૦૦ |
| (૨) અગાઉ લેવાતી ફીમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને<br>(૩) આ ફી વધારાથી સરકારને કેટલી વાર્ષિક આવક થશે? | (૨) અને (૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના નિયમ ૧૪૨ માં મહેસૂલી રેકર્ડની નકલો આપવા માટે ફી લેવાનાં ધોરણો નક્કી કરવામાં આવેલાં છે. પરંતુ ગ્રામ અધિકારીએ આપેલી નકલો માટે આ ફી તેઓએ રાખવાની થતી હતી. આમ, અગાઉ આ ફી સરકારમાં જમા થતી ન હોવાથી અગાઉની અને હાલની આવકમાં થતા વધારાની આવકની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

**વીરમગામ, બાવળા અને સાણંદ તાલુકા માટે પીવાના પાણીનું આયોજન**

૧૦૩૧૭ **શ્રી ભરતભાઈ પંડયા(ધંધૂકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જીલ્લાના વિરમગામ, બાવળા અને સાણંદ તાલુકાના તળના પાણીમાં વધુ પડતી ખારાશ હોવાથી આ ગામોને શુધ્ધ પીવા લાયક પાણી મળે તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે, અને | (૨) સુજલામ-સુફલામ કાર્યક્રમ હેઠળ નર્મદા કેનાલમાંથી પાણી લઈ શુધ્ધિકરણ કરી વિરમગામ તાલુકાના ૬૬ ગામો, બાવળા તાલુકાના ૪૫ ગામો, તથા સાણંદ તાલુકાના ૬૬ ગામોને પાણી પુરવઠાની સુવિધા માટે વિતરણ વ્યવસ્થાના કામો પ્રગતિમાં છે. |
| (૩) આ યોજના ક્યારે શરૂ કરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૩) કામો જુલાઈ-૨૦૦૪માં શરૂ કરવામાં આવેલ છે. જે ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં આયોજન છે. |

--------------

**સુજલામ સુફલામ યોજના હેઠળ કડાણા હાઈલેવલ કેનાલના કામો અંગે**

૧૦૮૩૧ **શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ સુજલામ સુફલામ યોજના હેઠળ હાઈલેવલ કેનાલના કામોનું શું આયોજન અને પ્રગતિ છે? | ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુજલામ સુફલામ યોજના હેઠળ કડાણા હાઈલેવલ કેનાલનું માટીકામ પ્રગતિ હેઠળ છે, મુખ્ય બહીંદ્વારની કામગીરી ચાલુ છે. મોટા નાળા, હાઈવેબ્રીજના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. નાના સ્ટ્રકચરોના નકશા-અંદાજો મંજુર કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. રેલ્વે ક્રોસીંગના નાળાઓના બાંધકામ માટે ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું આયોજન**

૧૦૩૩૬ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ(નસવાડી) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે? | પંચમહાલ જીલ્લામાં રૂા. ૨૮.૯૦ કરોડના ખર્ચે ૧૪૫ મોટા ચેકડેમો અને દાહોદ જીલ્લામાં રૂા. ૧૩.૧૮ કરોડના ખર્ચે ૬૩ મોટા ચેકડેમો બનાવવાનું આયોજન છે. |

--------------

**કડી અને કલોલ તાલુકાને નર્મદાનું પીવાનું પાણી આપવા અંગે**

૮૮૪૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ કડી તથા કલોલ તાલુકાના કેટલા અને કયા કયા ગામોને નર્મદા કેનાલ દ્વારા પીવાનું પાણી પુરુ પાડવામાં આવનાર છે, અને | (૧) કડી તાલુકાના તમામ ૧૧૯ ગામોને અને કલોલ તાલુકાના તમામ ૬૭ ગામોને નર્મદા કેનાલ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવનાર છે, ગામોની યાદી * પત્રક-૧ તથા પત્રક-૨ મુજબ. |
| (૨) પીવાનું પાણી પુરું પાડવાનું કયારથી શરું કરવામાં આવશે ? | (૨) ક્રમશઃ માહે ઓકટોબર-૨૦૦૫ થી |

* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-------------

**ગરીબ લોકોને નિયત અનાજનો જથ્થો નિયમિત આપવા અંગે**

૧૦૧૫૨ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

રાજ્યના ગરીબી રેખા નીચે જીવતા લોકોને નિયત થયેલ અનાજનો જથ્થો નિયમિત અને સમય મર્યાદામાં મળી રહે તે માટે સરકારે શું પગલાં લીધા છે ?

**જવાબ**

જે માસમાં વિતરણ કરવાનું હોય તે માસની ૧લી તારીખથી પરમીટ આપવાનું શરૂ કરવામાં આવે અને પરમીટ રજુ થયે તે સામે તુરત જ વાજબી ભાવની દુકાનદારને જથ્થો આપવામાં આવે અને વિતરણ શરૂ કરવામાં આવે તે મુજબની પરમીટ અને જથ્થાના ઉપાડ બાબતે જે સુચનાઓ આપવામાં આવેલ છે તે અનુસાર તારીખ ૫મી સુધીમાં મોડામાં મોડી પરમીટ ઈશ્યુ કરવામાં આવે અને મોડામાં મોડી તા. ૧૦ મી સુધીમાં જથ્થો દુકાનદારે ઉપાડી લેવાનો રહે છે.

----------

**ખાનપુર તાલુકામાં રેશનકાર્ડ ધારકો**

૧૦૪૮૦**શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૦૫ ની સ્થિતિએ ખાનપુર તાલુકામાં કેટલા કુટુંબને રેશનકાર્ડ આપવાના બાકી છે, અને

(૨) આ રેશનકાર્ડ કયાં સુધીમાં જે તે કુટુંબને પુરા પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) કોઈ કુટુંબને રેશનકાર્ડ આપવાના બાકી નથી.

(૧) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામનગર જિલ્લામાં પડતર મહેસુલી તુમારો**

૧૦૭૧૬ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા(જામજોધપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) વર્ષ-૨૦૦૨ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ સુધીની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા મહેસુલી તુમારો પડતર છે,

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૨થી તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબના તાલુકાવાર મહેસુલી તુમારો પડતર છે.

| તાલુકો | પડતર તુમારોની સંખ્યા |
|---|---|
| ૧. મામલતદાર જામનગર (શ) | ૧૮૧ |
| ૨. મામલતદાર જામનગર (ગ્રા) | ૧૩૦ |
| ૩. મામલતદાર ધ્રોલ | ૫૭ |
| ૪. મામલતદાર જોડીયા | ૬૩ |
| ૫. મામલતદાર કાલાવડ | ૧૪૫ |
| ૬. મામલતદાર લાલપુર | ૭૩ |
| ૭. મામલતદાર જામજોધપુર | ૧૩૯ |
| ૮. મામલતદાર ભાણવડ | ૧૦૯ |
| ૯. મામલતદાર ખંભાળીયા | ૧૦૧ |
| ૧૦. મામલતદાર કલ્યાણપુર | ૧૩૦ |
| ૧૧. મામલતદાર ધ્વારકા | ૧૧૭ |
| કુલ :- | ૧૨૪૫ |

(૨) તુમારો પડતર રહેવાના કારણો શું છે, અને

(૨) તુમારો પડતર રહેવાના કારણો :-

| | |
|---|---|
| (૧) | અરજદારોએ અરજી સાથે જરૂરી તમામ આધારો રજુ કરેલ ન હોય, |
| (૨) | અરજદારો માંગણી મુજબની આધારો રજુ કરતા ન હોય, |
| (૩) | સ્થળ તપાસ બાકી હોવાથી |
| (૪) | માપણી કરવાની બાકી હોવાથી |
| (૫) | કિંમત નક્કી કરવાની બાકી હોવાથી |
| (૬) | સરકાર કક્ષાએ નિર્ણય લેવાનો હોય. |

(૩) અને આવા પડતર તુમારોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

------------

**અમદાવાદ શહેરમાં બી.પી.એલ. અને એ.પી.એલ. રેશનકાર્ડ**

૮૧૮૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૦૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ઝોન પ્રમાણે કેટલા બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ છે.

(૨) નવા બી.પી.એલ. કાર્ડની નોંધણી કેટલા સમયથી બંધ છે, અને

(૩) કયા કારણોથી બંધ છે અને ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧,૦૪,૬૭૨ બી.પી.એલ. કાર્ડ, ૭૪૧,૮૫૮ એ.પી.એલ. કાર્ડ (પત્રક-૧ સામેલ છે)

(૨) બી.પીએલ.ની જુની યાદીમાં રહી ગયેલા કુટુંબો માટે જ ચાલુ છે. પણ તે સિવાય કોઈ બાકી માટે બી.પી.એલ. કાર્ડ આપવામા આવતા નથી.

(૩) ૨૦૦૨ના પરિપત્ર મુજબ જુની યાદીમાં સમાવેશ થયેલા કુટુંબો કે જેની આવક ૧૧૦૦૦ની મર્યાદામાં હોય તેમને આ પ્રકારના કાર્ડ આપવા માટે નિર્ણય થયેલા છે. દરમ્યાન GOI તરફથી RDD/UDD મારફતે નવેસરથી બી.પી.એલ. યાદી આખરી થાય તે પછી નવા કાર્ડ આપવામાં આવશે.

અમદાવાદ શહેરમાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડનું પત્રક

| અનુ. નં. | ઝોનનું નામ | એ.પી.એલ. કાર્ડ | બી.પી.એલ. કાર્ડ |
|---|---|---|---|
| ૧. | અસારવા | ૫૧,૨૫૯ | ૧૦,૭૭૫ |
| ૨. | સાબરમતી | ૭૨,૯૬૮ | ૧૦,૭૨૫ |
| ૩. | રખિયાલ | ૬૪,૫૧૯ | ૧૫,૧૪૬ |
| ૪. | કાલુપુર | ૧૯,૮૨૭ | ૨,૪૧૧ |
| ૫. | ખાડિયા | ૨૨,૩૧૭ | ૫,૩૭૯ |
| ૬. | મણિનગર | ૧,૪૧,૭૬૭ | ૮,૩૮૯ |
| ૭. | શહેરકોટડા | ૨૭,૪૫૦ | ૧૨,૨૮૨ |
| ૮. | એલિસબ્રિજ | ૫૯,૫૧૭ | ૯,૦૫૯ |
| ૯. | દ.xકાજીપુર | ૩૪,૯૬૩ | ૫,૨૬૧ |
| ૧૦. | શાહપુર | ૨૪,૪૧૩ | ૨,૮૨૫ |
| ૧૧. | જમાલપુર | ૯૭,૨૬૩ | ૧૫,૨૨૬ |
| ૧૨. | નરોડા | ૧,૨૫,૫૯૫ | ૭,૧૯૪ |
| | કુલ | ૭,૪૧,૮૫૮ | ૧,૦૪,૬૭૨ |

-----------------

**દક્ષિણ ગુજરાતમાં ઉદ્‍વહન સિંચાઇ યોજનાઓ**

૧૦૧૦૧ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં કયાં કયાં ઉદ્‍વહન સિંચાઇ યોજનાની માંગણી તા. ૩૧/૧૨/૦૪ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવી છે, અને | (૧) દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં નીચે મુજબ પાંચ જિલ્લાઓના ૧૦ તાલુકાઓમાં ઉદ્‍વહન સિંચાઇ યોજનાઓની માંગણી તા. ૩૧/૧૨/૦૪ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવી છે.<br>**જિલ્લા** :- ડાંગ, રાજપીપળા, નવસારી, સુરત, વલસાડ<br>**તાલુકા** :- આહવા, ડેડીયાપાડા, ચીખલી, વાંસદા, મહુવા, વ્યારા, માંડવી, માંગરોળ, ઉમરપાડા, કપરાડા. |
| (૨) તે અન્વયે કેટલી યોજનાઓને મંજુરી આપવામાં આવી છે ? | (૨) તે અન્વયે ૩૧ યોજનાઓને મંજુરી આપવામાં આવી છે. |

-------------

**વિરપુર, બાલાસિનોર અને કપડવંજ તાલુકામાં મોટા ચેકડેમો**

૧૦૪૫૯**શ્રી રાજેશભાઈ પાઠક(બાલાસિનોર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના અન્વયે ખેડા જિલ્લાના વિરપુર, બાલાસિનોર અને કપડવંજ તાલુકાઓમાં સરકારે કેટલા મોટા ચેકડેમો બનાવવાનું આયોજન કરેલ છે, | (૧) વિરપુર : ૭<br>બાલાસિનોર : ૮<br>કપડવંજ : ૨૬<br>કુલ : ૪૧ |
| (૨) કેટલા મંજુર કર્યા છે, અને | (૨) ૪૧. |
| (૩) ક્યાં સુધી સરકાર ઉક્ત ચેકડેમો પુરા કરવા માંગે છે ? | (૩) ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**મહુધા અને નડિયાદ તાલુકામાં ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાને મંજૂરી**

૮૭૦૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં મહુધા અને નડિયાદ તાલુકામાં કેટલી ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવી, | (૧) એકપણ નહી. |
| (૨) તેનું કામ હાલ કયા સ્ટેજ ઉપર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યારે પૂર્ણ થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## સુરત જિલ્લામાં બોગસ રેશનકાર્ડ

૧૦૩૪૯**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેર અને જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોગસ રેશનીંગકાર્ડ પકડી પાડવા કયા કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, | (૧) (અ) બોગસ રેશનીંગ કાર્ડ સ્વૈચ્છિક રીતે જમા કરાવવા ઝોનલ કચેરી ખાતે પીપ રાખવામાં આવેલ હતા.<br>(બ) વ્યાજબી ભાવની દુકાનોની તપાસણી હાથ ધરેલ હતી. |
| (૨) કેટલા બોગસ કાર્ડ પકડાયા અને તે પૈકી કેટલા દુકાનદારો પાસેથી પણ આવા બેનામી કાર્ડ મળી આવ્યા છે. | (૨) (અ) કુલ ૫૨૦૦૫ બોગસ કાર્ડ પકડાયા છે. (બ) ૧૨ દુકાનદારો પાસેથી બોગસ કાર્ડ મળી આવ્યા છે. |
| (૩) તેની સાથે અધિકાર/કર્મચારીઓ સંકળાયેલ હતા કે કેમ, અને | (૩) હા, તે સમયના સબંધિત ઝોનલ અધિકારીશ્રી સંકળાયેલા હતા. |
| (૪) આ અંગે શું શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા ? | (૪) (અ) ઝોનલ અધિકારીશ્રી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા જિલ્લા કલેકટરશ્રીને રજુઆત કરવામાં આવી છે. જે અંગે ખાતાકીય તપાસની કાર્યવાહી હાલ ચાલુ છે. (બ) ૧૨ પરવાનેદારોના પરવાના ૯૦ દિવસ માટે તાત્કાલિક અસરથી મોકૂફ કરવામાં આવેલ છે. તેમજ તમામ પરવાનેદારો વિરૂધ્ધ પોલિસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. |

-------------

## રાજયમાં ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વેગ આપવા અંગે

૧૦૮૨૪ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ):માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રાહક સુરક્ષા કામગીરીને વેગ મળે તે માટે સરકારે શા પગલાં લીધા છે ? | (૧) રાજ્યના તમામ ગ્રાહકોની જાગૃત્તિ માટે તા. ૧/૭/૨૦૦૪થી ગ્રાહક સુરક્ષા કચેરીને કાનુની માપ વિજ્ઞાન તંત્ર, અમદાવાદમાં ભેળવી દેવામાં આવેલ છે.<br>(૨) સરકાર ધ્વારા ૫૦ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા અને નાણાં સહાય આપી પ્રદર્શન / સેમીનાર / ગ્રામસભાનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.<br>(૩) ગ્રાહક સુરક્ષા વિષયને અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલ છે.<br>(૪) કન્ઝયુમર કલબની યોજના અમલમાં મુકાઇ રહેલ છે.<br>(૫) તોલમાપ/બીઆઇએસ/ખોરાક ઔષધ/ગ્રાહક સુરક્ષાના પ્રદર્શનો યોજી ગ્રાહક જાગૃત્તિ માટે પેમ્ફ્લેટોનું વિતરણ કરવામાં આવેલ છે.<br>(૬) નાના બાળકો છેતરાતાં અટકે તે માટે બાળપોથી તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે. તોલમાપ અંગે સી.ડી. તૈયાર કરવામાં આવેલ છે.<br>(૭) રાજ્યમાં નવ માહિતી કેન્દ્રો ખોલવામાં આવેલ છે.<br>(૮) જાગૃત્તિ શિબિર યોજના હેઠળ રાજ્યમાં કાર્ડ હોલ્ડરો માટે જિલ્લાદીઠ રૂા. ૫૦,૦૦૦/-ના ખર્ચનું આયોજન કરી પદર્શન સેમીનાર યોજવામાં આવેલ છે.<br>(૯) ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક સુરક્ષાદિન તથા ૨૪મી ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષાદિન નિમિતે રેડિયો, ટી.વી. ભવાઇ, દૈનિક પત્રો ધ્વારા માહિતી આપવામાં |

આવે છે.
(૧૦) ક્રેડિટ કાર્ડ, દુધની ડેરી, ગ્રાહક સુરક્ષા કાયદાઓ અંગે નિષ્ણાત વ્યક્તિઓની મદદ લઇ સુચનો મેળવવામાં આવે છે.
(૧૧) નવા ગ્રાહક સુરક્ષા મંડળોની માન્યતા માટે જિલ્લા કલેકટરશ્રીઓને સત્તા આપી.
(૧૨) ૧૫મી માર્ચ-૨૦૦૪ના રોજ કાયમી માન્યતા પ્રાપ્ત મંડળોએ ઉજવણી પેટે કરેલ ખર્ચ માટે મંડળોને વધુમાં વધુ રૂા. ૫,૦૦૦/-ની નાણાં સહાય આપવામાં આવી.

-------------

**અમદાવાદ શહેરમાં ભેળસેળ અને કાળાબજાર કરનારાઓ સામે પગલાં**

૮૦૬૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં અમદાવાદ શહેરમાં ભેળસેળ અને કાળાબજાર કરનારા કેટલા લોકોને કાળાબજાર ધારા હેઠળ અટકાયત કરવામાં આવેલ છે, અને | (૧) ૧૧ કેસો. |
| (૨) આમાંથી ભેળસેળ કરીને ગરીબોના કેરોસીનને બારોબાર વેચનાર કેટલા કાળાબજારી છે અને સોલવંટ ભેળવીને ભેળસેળ કરનારા કેટલા છે ? | (૨) (અ) ભૂરા કેરોસીનના અનધિકૃત વેચાણના ૮ કેસ.<br>(બ) સોલવન્ટના અનધિકૃત વેચાણના ૩ કેસ. |

----------

**અન્નપૂર્ણા યોજનાના લાભાર્થીઓ**

૧૦૮૮૧ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ અન્નપૂર્ણા યોજના હેઠળ ક્યા લાભાર્થીઓને કેટલો અનાજનો જથ્થો વિતરણ કરવામાં આવે છે ? | અન્નપૂર્ણા યોજના હેઠળ રાષ્ટ્રીય પેન્શન યોજના કે રાજ્યની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવાની પાત્રતા ધરાવનાર પણ પેન્શન યોજનાનો લાભ ન મેળવતા હોય તેવા ૬૫ વર્ષ કે તેથી ઉપરના નિરાધાર વૃધ્ધોને ૧૦ કિલોગ્રામ અનાજ વિના મૂલ્યે આપવામાં આવે છે. |

----------

**વાજબી ભાવની દુકાનો તથા પેટ્રોલપંપોની તપાસણી**

૧૦૮૯૧ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જીલ્લા પુરવઠા અધિકારીની કચેરીઓ દ્વારા વ્યાજબી ભાવની દુકાનોની અને પેટ્રોલ-ડીઝલ પંપોની છેલ્લા એક વર્ષ દરમ્યાન તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી તપાસ કરવામાં આવી, અને | (૧) તપાસણી<br>વ્યાજબી ભાવની દુકાનો ૧૮૫૫૨<br>પેટ્રોલ પંપો ૧૧૫૫ |
| (૨) જવાબદારો સામે શું પગલાં લેવામાં આવ્યા છે ? | (૨) <u>વ્યાજબી ભાવની દુકાનો સામે</u> :<br>(અ) રૂા. ૧૩,૬૭,૦૭૮/- કિંમતનો જથ્થો રાજ્યસાત<br>(બ) રૂા. ૨૯,૬૪,૯૭૦/- પરવાના અનામત રાજ્યસાત<br>(ક) ૧૮૬ પરવાના મોકુફ<br>(ડ) ૮૦ પરવાના રદ<br>(ઈ) ૫૫ કોર્ટ કેસ<br>(ઈઈ) ૧૨ કેસમાં અટકાયત |

**પેટ્રોલ પંપો સામે :**
(અ) રૂા. ૨૭,૬૫,૯૯૨/- કિંમતનો જથ્થો રાજ્યસાત
(બ) રૂા. ૧,૧૩,૬૭૧/- પરવાના અનામત રાજ્યસાત
(ક) ૧૩ પરવાના મોકુફ
(ડ) ૫ પરવાના રદ
(ઈ) ૧૮ કોર્ટ કેસ
(ઈઈ) ૨ કેસમાં અટકાયત

----------

**સરકારી જમીન ગ્રાન્ટ કરતી વખતે કિંમત નક્કી કરવાના માપદંડમાં તફાવત**

૧૦૧૨૬ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીન મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને ગ્રાન્ટ કરવા અંગે કિંમત નક્કી કરવાના માપદંડોમાં તફાવત છે તે વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ પ્રકારનો ભેદભાવ દૂર કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ભિલોડા અને ઈડર તાલુકાના ડેમો કડાણા કેનાલમાંથી ભરવા અંગે**

૧૦૭૦૧ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને ઈડર તાલુકાઓમાં આવેલ હાથમતી, મેશ્વો અને ગુહાઈ ડેમો નર્મદાની કેનાલના અથવા કડાણા કેનાલના પાણીથી ભરવાનું કોઈ આયોજન કરેલ છે ? | હા,જી. નર્મદાનું પાણી બે અલગ અલગ પાઈપલાઈનથી હાથમતી, મેશ્વો અને ગુહાઈ જળાશયમાં લાવવાનું આયોજન કરવામાં આવેલ છે. |

----------

**સુરેન્દ્રનગર જીલ્લામાં સરકારી જમીનો પર દબાણ**

૧૦૧૧૪ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૪-૦૪ થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં સુરેન્દ્રનગર જીલ્લામાં તાલુકાવાર સરકારી જમીનમાં દબાણોની કુલ કેટલી ફરિયાદો સરકારને મળી છે, | (૧) (કોષ્ટક નીચે મુજબ) |
| (૨) આમાંથી કેટલા દબાણો દૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૭ (સાત). |
| (૩) જે દબાણો દૂર થયા નથી તેના શું કારણો છે ? | (૩) દબાણ ગામતળનું છે કે સીમતળનું તે નક્કી કરવા માપણીની કાર્યવાહી બાકી હોવાથી. |

| તાલુકાનું નામ | ફરિયાદની સંખ્યા |
|---|---|
| ૧. વઢવાણ | ૨ |
| ૨. હળવદ | ૧ |
| ૩. લીંબડી | ૫ |
| કુલ - | ૮(આઠ) |

----------

**જેતપુર અને ગોંડલ તાલુકાના શહેરોમાં ગટર યોજના**

૮૨૨૫ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જેતપુર તથા ગોંડલ તાલુકાના ક્યા ક્યા શહેરોમાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ ભૂગર્ભ ગટર યોજના અમલમાં નથી, | (૧) જેતપુર તાલુકાના જેતપુર અને જેતલસર શહેરમાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કોઈ ભૂગર્ભ ગટર યોજનાઓ અમલમાં નથી તથા ગોંડલ શહેરમાં અંશતઃ ભૂગર્ભ ગટર યોજના અમલમાં છે. |
| (૨) આ શહેરોમાં ભૂગર્ભ ગટર યોજના અમલમાં મૂકવા શી વ્યવસ્થા થઈ છે, અને | (૨) અને (૩) રજૂઆત મળ્યેથી નાણાની ઉપલબ્ધિ અનુસાર કામગીરીનું આયોજન કરવામાં આવશે. |
| (૩) તે ક્યારે શરૂ કરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

----------

**ગારિયાધાર તાલુકામાં મહી આધારિત પીવાના પાણીનું આયોજન**

૧૦૪૬૧ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારીયાધાર તાલુકામાં મહી આધારિત યોજનામાં પીવાનું પાણી નિયમીત મળે તેના માટે દામનગરથી ઢસા વચ્ચેની ખુટતી પાઈપ લાઈન નાખવા માટે સરકાર દ્વારા કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શું આયોજન કરેલ છે અને આ કામ કેટલા સમયમાં સરકાર પૂર્ણ કરવા માગે છે ? | (૨) યોજના મંજૂર કરી, ટેન્ડરો મંજૂર કરવામાં આવેલ છે. જે અન્વયે પાઈપ લાઈન નાખવાની કામગીરી ઓગષ્ટ-૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------------

**રાજ્યમાં ગ્રાહક સુરક્ષાપ્રવૃત્તિને વેગ આપવા અંગે**

૧૦૮૬૭ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા) :માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વેગ મળે તે માટે સરકારે તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં છે ? | (૧) રાજ્યના તમામ ગ્રાહકોની જાગૃતિ માટે તા.૧-૭-૨૦૦૪થી ગ્રાહક સુરક્ષા કચેરીને કાનુની માપ વિજ્ઞાન તંત્ર, અમદાવાદમાં ભેળવી દેવામાં આવેલ છે.<br><br>(૨) સરકાર દ્વારા ૫૦ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા અને નાણાં સહાય આપી પ્રદર્શન/સેમીનાર/ ગ્રામસભાનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.<br><br>(૩) ગ્રાહક સુરક્ષા વિષયને અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલ છે.<br><br>(૪) કન્ઝયુમર કલબની યોજના અમલમાં મુકાઈ રહેલ છે.<br><br>(૫) તોલમાપ / બીઆઈએસ / ખોરાક ઔષધ/ ગ્રાહક સુરક્ષાના પ્રદર્શનો યોજી ગ્રાહક જાગૃતિ માટે પેમ્ફલેટોનું વિતરણ કરવામાં આવેલ છે.<br><br>(૬) નાના બાળકો છેતરાતાં અટકે તે માટે બાળપોથી તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે. તોલમાપ અંગે સી.ડી. તૈયાર કરવામાં આવેલ છે.<br><br>(૭) રાજ્યમાં નવ માહિતી કેન્દ્રો ખોલવામાં આવેલ છે.<br><br>(૮) જાગૃતિ શિબિર યોજના હેઠળ રાજ્યમાં કાર્ડ હોલ્ડરો માટે જિલ્લાદીઠ રૂા. ૫૦,૦૦૦/- ના ખર્ચનું આયોજન કરી પ્રદર્શન/સેમીનાર યોજવામાં આવેલ છે.<br><br>(૯) ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક સુરક્ષાદિન તથા ૨૪મી ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષાદિન નિમિત્તે |

રેડિયો, ટી.વી., ભવાઈ, દૈનિક પત્રો દ્વારા માહિતી આપવામાં આવે છે.

(૧૦) ક્રેડિટ કાર્ડ, દુધની ડેરી, ગ્રાહક સુરક્ષા કાયદાઓ અંગે નિષ્ણાત વ્યક્તિઓની મદદ લઈ સુચનો મેળવવામાં આવે છે.

(૧૧) ૧૫મી માર્ચ-૨૦૦૪ના રોજ કાયમી માન્યતા પ્રાપ્ત મંડળોએ ઉજવણી પેટે કરેલ ખર્ચ માટે મંડળોને વધુમાં વધુ રૂા. ૫,૦૦૦/- ની નાણાં સહાય આપવામાં આવી.

(૧૨) રાજ્યમાં વધુમાં વધુ ગ્રાહક સુરક્ષા મંડળોની માન્યતા મળે તે માટે નવા મંડળને માન્યતા માટે જિલ્લા કલેક્ટરશ્રીઓને સત્તા આપવામાં આવી.

--------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખેત વિહોણા દલિતોને જમીન અને સનદ આપવા અંગે**

૮૦૮૬ **શ્રી મનહરલાલ મ. મકવાણા(દસાડા) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ખેત વીહોણા કેટલા દલીતોને જમીનના કબજા આપવાના બાકી છે, અને | (૧) ૫૨(બાવન) |
| (૨) સનદો આપેલ છે કે નહી ? | (૨) ના, જી. |

--------------

**શહેરા તાલુકાના તળાવોને લીંકીંગ કરવાનું આયોજન**

૧૦૮૯૫ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| પંચમહાલ જિલ્લામાં હાઈલેવલ રીવર્સ કેનાલથી શહેરા તાલુકાના કેટલા તળાવોને લીંકીંગ કરવાનું આયોજન છે કે કેમ ? | પાનમ હાઈલેવલ કેનાલ યોજનાના શહેરા તાલુકાના સૂચિત પિયત વિસ્તારમાં આવેલ ૧૦ તળાવોને નહેરથી લીંક કરવાનું આયોજન વિચારણા હેઠળ છે. |

--------------

**ઉના તાલુકાના ચેકડેમોની મરામત**

૮૨૬૭ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૩-૦૪ના વર્ષમાં જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં બનાવવામાં આવેલ ચેકડેમો પૈકી કયા કયા ચેકડેમોમાં મરામત કામગીરી બાકી છે, અને | (૧) સન ૨૦૦૩-૦૪ના વર્ષમાં જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં બનાવવામાં આવેલ ચેકડેમો પૈકી કોઈ ચેકડેમમાં નુકશાન થયેલ ન હોવાથી હાલ મરામતની જરૂરિયાત નથી. |
| (૨) આ ચેકડેમોનું મરામત કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

## ડીસા તાલુકામાં કેરોસીન આપવા અંગે

૧૦૪૭૪ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા ૩૧-૧-૦૫ની સ્થિતિએ ડીસા શહેર અને તાલુકામાં કાર્ડ દીઠ કેટલું કેરોસીન આપવામાં આવ્યું, અને | (૧) ગેસ વગરના કાર્ડધારકોને કાર્ડ દીઠ માસિક દસ લીટરની મહત્તમ મર્યાદામાં ૮.૮૩ લીટર અને સીંગલ બોટલ ધરાવતા કાર્ડધારકોને જુલાઈ-૨૦૦૪ સુધી ૨ લીટરની મહત્તમ મર્યાદામાં ૧.૭૬ લીટરની સરેરાશથી ૭૭૮૮૦૦૦ લીટર કેરોસીન આપવામાં આવ્યું. |
| (૨) કાર્ડ ધારકોને રેશનીંગમાં પૂરતું કેરોસીન મળતું નથી તો પૂરતું કેરોસીન મળે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી ? | (૨) પાત્ર કાર્ડધારકોને નિયમિત રીતે સરળતાથી પુરતું કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી રાખવામાં આવી છે, તેમજ ગેસ જોડાણ ધરાવતાં રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પૂરેપુરૂ કરાવવાનું આયોજન કરેલ છે. |

----------------

## સુજલામ્ સુફલામ્ યોજનાની સ્પ્રેડીંગ કેનાલ

૧૦૩૧૮ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત થઈ રહેલ સ્પ્રેડીંગ કેનાલની કુલ લંબાઈ કેટલી છે, | (૧) ૩૩૭.૩ કી. મી. |
| (૨) કેનાલ લાઈનીંગ વાળી બનશે કે લાઈનીંગ વગર, | (૨) કેનાલ લાઈનીંગ વગર બનાવવાનું આયોજન છે. |
| (૩) કેનાલનું કુલ અંદાજીત ખર્ચ કેટલું થશે, | (૩) રૂા. ૪૫૮.૫૦ કરોડ અંદાજીત ખર્ચ થશે. |
| (૪) કેટલો ખર્ચ કરી કેટલી લંબાઈનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૪) રૂા. ૭૮.૭૨૧૨ કરોડનો ખર્ચ થયેલ છે, કામગીરી પ્રગતિમાં છે. |
| (૫) તેમાં ૧૦ % લેખે લોક ભાગીદારીની કેટલી રકમ મળી ? | (૫) લોક ભાગીદારીની જોગવાઈ નથી. |

----------------

## જામનગર જિલ્લામાં સરકારી ખરાબાની જમીન માટે અરજીઓ

૧૦૦૯૫ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ(કાલાવડ) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૪માં જામનગર જિલ્લામાં સરકારી ખરાબામાં કૂવા-પાઈપલાઈન માટે ૨ ગૂંઠા જમીન આપવા માટેની કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩૮૬. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે, અને | (૨) ૩૦૫. |
| (૩) બાકીની અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ? | (૩) અરજદાર પાસેથી માંગેલ પૂર્તતા થયેથી શક્ય તેટલી ઝડપથી. |

---------

**ભરૂચ તાલુકામાં અતિવૃષ્ટિને કારણે થતું નુકશાન અટકાવવા અંગે**

૧૦૨૯૧ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ગત વર્ષે થયેલ અતિવૃષ્ટિને કારણે ભરૂચ શહેર તથા તાલુકામાં થયેલ નુકશાનીનું પુનરાવર્તન અટકાવવા સરકાર પગલાં લેવા માંગે છે ? | હા, જી. |

-------------

**રાજ્યમાં હક્કપત્રક નોંધોનો નિકાલ**

૧૦૮૭૭ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૪ની સાલમાં સમગ્ર રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, તેના પરિણામો શું આવ્યા ? | (૨) તા. ૧-૭-૨૦૦૪થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા.૩૧-૫-૨૦૦૪ના રોજની સ્થિતિએ બાકી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫% સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે. |

-------------

**જંબુસર અને આમોદ તાલુકામાં નવા રેશનકાર્ડ આપવા અંગે**

૧૦૩૨૧ **શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં કોમ્પ્યુટરાઈઝડ નવા રેશનકાર્ડ કેટલા ગામોને આપવાના બાકી છે, | (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ જુના રેશનકાર્ડના બદલામાં નવા કોમ્પ્યુટરાઈઝડ રેશનકાર્ડ આપવાના જંબુસર અને આમોદ તાલુકાનાં કોઈ ગામ બાકીમાં નથી. |
| (૨) બંન્ને તાલુકામાં કુટુંબના સભ્યો અલગ રહેતા હોવાથી રેશનકાર્ડ અલગ કરવા તથા રેશનકાર્ડ જ નથી તેવા અરજદારોને નવા રેશનકાર્ડ તથા ખોવાયેલાને નવાકાર્ડ આપવાની કુલ કેટલી અરજીઓ મળી છે, | (૨) કુલ ૩૫૬૦ અરજીઓ મળી છે. |
| (૩) કેટલા સમયથી આવી અરજીઓ પેન્ડીંગ છે, અને | (૩) તમામ અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરેલ છે. |
| (૪) અરજદારોની અરજીઓના નિકાલ કરવાની કોઈ કાર્યવાહી કરી છે કે કેમ ? | (૪) હા, જી. |

----------

**અમદાવાદ શહેરમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો**

૧૦૮૩૪ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ગ્રાહક ફરિયાદના કેસોનો ભરાવો થયો છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પડતર કેસોનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે ? | (૨) સત્વરે. |

----------

## રાજ્યમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો

૧૦૧૪૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન સરકારે જિલ્લાવાર કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર શરૂ કર્યા, | (૧) ૨ (બે) |
| (૨) તે પૈકી કેટલા શિક્ષિત બેરોજગારોને નવી દુકાનો ફાળવવામાં આવી, અને | (૨) ૧ (એક) |
| (૩) કેટલા ભંડાર હાલ કાર્યરત છે ? | (૩) ઉપર્યુકત ક્રમાંક : ૨માં જણાવેલ એક પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર હાલ કાર્યરત છે, જ્યારે રાજ્યમાં કુલ : ૧૩૭૨૬ દિનદયાળ ગ્રાહક ભંડાર કાર્યરત છે. |

-------------

## સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુક્તિનો પ્રશ્ન

૧૦૮૬૦ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા)** :**માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુક્તિનો પ્રશ્ન આડે આવે છે તે વાત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## સુજલામ્ સુફલામ્ યોજનાની સ્પ્રેડીંગ કેનાલના કામ

૧૦૧૬૬ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર )** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલના મોટી નદીઓ ઉપરના ૨૧ સ્ટ્રકચરના કામોની પ્રગતિની વિગતો શું છે, અને | (૧) સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલના ૨૧ નદીઓ ઉપરના સ્ટ્રકચર્સ માટેના સર્વે, સોઈલ ઈન્વેસ્ટીગેશન, ડીઝાઈન, અંદાજો અને ટેન્ડરો મંગાવવાની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. તે પૈકી સાત સ્ટ્રકચર્સના કામો શરૂ થઇ ગયેલ છે. બાકીના કામો એક માસમાં શરૂ થઈ જશે. |
| (૨) આ કામો ક્યારે પુરા કરવામાં આવશે ? | (૨) ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

## સરકારી જમીનોને બીનખેતીના હેતુ માટે મંજુરી આપવામાં વિલંબ

૧૦૩૨૯ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી જમીનોને બિનખેતીના હેતુ માટે મંજુરી આપવામાં મુલ્યાંકનની પ્રક્રિયાના કારણે વિલંબ થાય છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે નિવારવા સરકારે કોઈ પગલા લીધા છે ? | (૨) હા, જી. |

-----------

**અમદાવાદ શહેરમાં સરકારી પ્લોટોના હેતુફેર માટેની અરજીઓ**

૮૬૩૧ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૧-૧-૨૦૦૨ થી ૩૧-૧૨-૦૪ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર હેતુ સારુ રાખેલ સરકારી પ્લોટોની હેતુ ફેર સારુ કેટલી મંજુરી માંગવામાં આવેલ, | (૧) ૪ (ચાર). |
| (૨) આમાંથી કેટલા પ્લોટોને હેતુફેર સારુ મંજુરી આપવામાં આવી, અને | (૨) ૩ (ત્રણ). |
| (૩) કેટલા કેસ બાકીમાં છે ? | (૩) ૧ (એક). |

----------

**મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાં સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યક્તિઓએ આપેલ ફાળો**

૯૧૯૯ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ દર્દનાક સુનામીગ્રસ્ત બાંધવો માટે થઈને મુખ્યમંત્રી રાહત ફંડમાં રાજ્યની કેટલી સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા કેટલી રકમ જમા થઈ, અને

**જવાબ**

(૧) તા. ૨૭-૧૨-૦૪ થી ૩૧-૧૨-૦૪ સુધીમાં જમા થયેલ રકમની વિગત

| ક્રમ | વિગત | રકમ રૂપિયા |
|---|---|---|
| ૧. | ૧૪ વ્યક્તિઓનો ફાળો | ૪,૧૩,૫૦૨/- |
| ૨. | ૨૧ સંસ્થાઓનો ફાળો | ૧૫,૦૪,૩૩,૧૯૧/- |
| ૩. | લોક ફાળા દ્વારા એકત્રિત થયેલ ફાળો | ૧,૨૧,૦૦,૦૦૧/- |
| | કુલ ફાળો રૂ. | ૧૬,૨૯,૪૬,૬૯૪/- |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) વિશેષ ભંડોળ એકત્ર કરવા માટે કોઈ યોજના વિચારાધિન છે કે કેમ ? | (૨) લોકોનો સુંદર પ્રતિસાદ જોતા આવી વિશેષ યોજના જરૂરી જણાતી નથી. |

---------

**હાલોલ તાલુકાના વડાતલાવની કેનાલનું લાઈનીંગ કામ**

૮૧૨૨ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) :માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) હાલોલ તાલુકાના વડાતલાવની કેનાલને લાઈનીંગ કરવાનું કામ મંજુર થયેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવા સરકારનું શું આયોજન છે ? | (૨) ડીસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

**વિરમગામ અને સાણંદ તાલુકામાં સુજલામ્ સુફલામ્ યોજનાના અમલ અંગે**

૧૦૧૧૦ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય જળસંપતિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિરમગામ અને સાણંદ તાલુકામાં સજલામ્ સુફલામ્ યોજના ક્યારે અમલી બનશે, અને | (૧) વિરમગામ અને સાણંદ તાલુકામાં સજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત ૯૦:૧૦ યોજના હેઠળ તળાવો ઉંડા કરવાની કામગીરી ૨૦૦૫-૦૬થી અમલી બનશે. |
| (૨) આ તાલુકાના ગામોને લાભ આપવા શું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) લોક ભાગીદારીથી મળનાર અરજીઓ પ્રમાણે વિચારણા કરી આયોજન કરવાનું વિચારેલ છે. |

----------

**આણંદ અને ખેડા જીલ્લામાં સિંચાઈ દર વસૂલાત અગે નોટીસો**

૧૦૧૬૯ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ અને ખેડા જીલ્લામાં સિંચાઈ દર વસૂલ કરવા માટે સરકારે નોટીસો આપી છે, તે વાત | (૧) હા, જી. રૂા. ૧૪.૨૩ કરોડની બાકી સિંચાઈની |

| | |
|---|---|
| સાચી, | વસૂલાત માટે નોટીસો આપેલ છે. |
| (૨) આ નોટીસોના આધારે ખેડૂતોની જમીન, માલ મિલ્કત અને ઘરવખરી હરાજ કરવા અંગે તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતીએ તાલુકાવાર કેટલા ગામોમાં કાર્યવાહી કરી, અને | (૨) જમીન, માલમિલ્કત અને ઘરવખરીની હરાજી માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. |
| (૩) કેટલા ગામોમાં પોલીસો સાથે હરાજીના પ્રોગ્રામો રાખ્યા ? | (૩) ના, જી. |

----------

**અમરેલી જીલ્લામાં એકસરખી સ્ટેમ્પ ડ્યુટી લેવા અંગે**

૧૦૭૦૭ **શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતીએ અમરેલી જીલ્લામાં સ્ટેમ્પ ડ્યુટી આકારણીમાં પોશ વિસ્તાર કે છેવાડાના વિસ્તારને ધ્યાને ન લેવાના બધા જ વિસ્તારની એક સરખી સ્ટેમ્પ ડ્યુટી લેવા અંગે કોઈ ફરીયાદ મળેલ છે કે કેમ; અને | (૧) હા જી. |
| (૨) આ અસમાનતા દુર કરવા સરકાર વિચારે છે કેમ ? | (૨) જંત્રીમાં રહેલ વિસંગતતા/અસામાનતા દૂર કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. |

----------

**કચ્છ જીલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મંજુર થયેલ કામો**

૧૦૪૬૪ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત સંયુક્ત યોજનાઓ મંજુર કર્યા બાદ કામ શરૂ ન થવાના કારણો શા છે, | (૧) તા. ૩૧-૧-૦૫ સુધીના આયોજન મુજબ બંધારાના કામોની મોજણી, સંશોધન અને આલેખનનું કામ કરવાનું હતુ, જે પૂર્ણ થયેલ છે. |
| (૨) આ કામો ક્યારે શરૂ કરી કયાં સુધીમાં પુરા કરવામાં આવશે, અને | (૨) સદર કામો વેળાસર શરુ કરી શક્ય તેટલુ વહેલુ પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) મુળ યોજના મુજબ આ કામો ક્યારે શરૂ કરવાના હતા ? | (૩) આ કામો મુળ યોજના મુજબ ૨૦૦૫-૦૬માં શરુ કરવાના છે. |

----------

**સાબરમતી-સરસ્વતી લીંક યોજના હેઠળ થેયલ કામ**

૮૩૧૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરમતી-સરસ્વતી લીંક યોજના અંતર્ગત મુખ્ય ફીડર કેનાલમાંથી ગામ તળાવો ભરવા માટે જે પેટા ફીડરો નીકળે છે તે અંગેનું ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ કેટલું કામ પૂર્ણ કરવાનું બાકી છે અને કયા વિસ્તારનું, | (૧) રૂા. ૭૮.૫૦ લાખનું કામ બાકી છે, સિધ્ધપુર તાલુકાના વિસ્તારનું. |
| (૨) બાકી રહેલ કાર્ય ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) વર્ષ ૨૦૦૫-૦૬માં. |
| (૩) આ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલું ખર્ચ કરવાનું આવ્યું ? | (૩) કુલ ૫૨૧.૮૭ લાખ. |

-----------

**સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં નડતો બાનમુક્તિનો પ્રશ્ન**

૧૦૮૬૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારી જમીનો ગ્રાન્ટ કરવામાં બાનમુક્તિનો પ્રશ્ન આડે આવે છે તે વાત ખરી છે, અને | (૧) ના, જી. |

(૨) જો હા, તો તે અંગે સરકાર શું પગલાં લેવા માંગે છે ? (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લાને અપાતો અપુરતો ઘઉંનો જથ્થો**

૧૦૧૩૫ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૫ની સ્થતિએ વલસાડ જિલ્લામાં અપાતો જાહેર વિતરણ વ્યવસ્થાનો ઘઉંનો જથ્થો પૂરતો નથી તે સરકાર જાણે છે, | (૧) વલસાડ જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થાનો ઘઉંનો જરૂરીયાત મુજબનો જથ્થો ઉપલબ્ધ છે. |
| (૨) જો હા, તો સરકાર દ્વારા અપાતા અપૂરતા જથ્થા માટે શું આયોજન કરેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પૂરતો જથ્થો કયારથી આપવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ખેડા જિલ્લામાં કેરોસીનની ફાળવણી બાબત**

૧૦૪૮૨ **શ્રી રાકેશ રાવ(માતર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલી કેરોસીનની જરૂરીયાત સામે કેટલો પુરવઠો આપવામાં આવે છે, | (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં માસિક ૩૩૩૭ કિલો લીટરની કેરોસીનની જરૂરીયાત સામે ૨૯૨૨ કિલો લીટર કેરોસીનનો પુરવઠો આપવામાં આવે છે, |
| (૨) આ ઘટને પહોંચી વળવા રાજ્ય સરકાર શું આયોજન કરવા માંગે છે, | (૨) પાત્ર કાર્ડધારકોને નિયમિત રીતે સરળતાથી પૂરતું કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી રાખવામાં આવી છે, તેમજ ગેસ જોડાણ ધરાવતાં રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પૂરેપૂરૂં કરાવવાનું આયોજન કરેલ છે. |
| (૩) જિલ્લામાં ગેસનો બાટલો ધરાવતા કાર્ડ ધારકોને કેરોસીન નહી આપવાનું શું કારણ છે, અને | (૩) કેન્દ્ર સરકારશ્રી તરફથી રાજ્યનાં ગેસ જોડાણોની સંખ્યાને ધ્યાને લઈ વાર્ષિક કેરોસીનની ફાળવણીમાં ક્રમશઃ ઘટાડો કરવામાં આવે છે, જે ફાળવણી નિયત કરેલ પ્રમાણ મુજબ અપૂરતી છે. જેથી, ગેસ વગરનાં કાર્ડ ધારકોને નિયત પ્રમાણ મુજબનું પુરતું કેરોસીન મળી રહે તે માટે ગેસ જોડાણ ધરાવતાં કાર્ડધારકોને સમગ્ર રાજ્યમાં કેરોસીન આપવાનું બંધ કરેલ છે. |
| (૪) ખેડા જિલ્લામાં કેરોસીનની મુશ્કેલી દૂર કરવા શું પગલાં ભરવામાં આવનાર છે ? | (૪) ખંડ-૨ મુજબ. |

----------

**રાજ્યના નવા જિલ્લાઓના ગ્રાહક તકરાર નિવારણ ફોરમો સ્થાપવા અંગે**

૧૦૧૫૯ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના નવા જિલ્લાઓમાં ગ્રાહકોને સ્થાનિક રીતે ન્યાય મળી રહે તે માટે સરકારે કોઈ વિચારણા કરી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, અને | (૨) (૧) નવ રચિત જિલ્લાઓના મૂળ જિલ્લામાં કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ ફોરમો મહિનામાં અમુક ચોક્કસ દિવસોએ સ્થાનિક રીતે કેસો ચલાવે તેવું આયોજન કરેલ છે.<br>(૨) જે જિલ્લામાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે તેવા નવા જિલ્લાઓ પૈકીના જિલ્લાઓમાં જિલ્લા ફોરમ સ્થાપવાનું આયોજન કરેલ છે. |
| (૩) જો ના, તો તેના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## હળવદ તાલુકાના બ્રાહમણી-૨ ડેમના કારણે બે ગામોનું પુનર્વસન

૮૨૦૮ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) હળવદ તાલુકામાં બ્રાહમણી-૨ મધ્યમ સિંચાઈ યોજનાનું કામ ચાલુ છે, આ યોજનાના કારણે હળવદ તાલુકાના બે ગામોનો પુનઃવર્સન કરવાનું થાય છે તે માટે જમીન સંપાદન કરવામાં આવી છે કે કેમ, અને | (૧) બ્રાહમણી-૨ યોજનાના ડુબાણમાં બે ગામ સુંદરગઢ તથા શિરોઈ આવે છે જેના પુનઃવર્સન કરવા માટે કાર્યવાહી હાથ પર છે.<br>સુંદરગઢના પુનઃવસવાટ સરકારી ખરાબામાં કરવા માટે સરકારી ખરાબાનો કબજો વિભાગને મળેલ છે. જ્યારે શિરોઈ ગામના પુનઃવર્સન જે જમીનમાં કરવાનાં છે તે જમીન બાબત કોર્ટ કેઈસ હોઈને કબજો મળી શકેલ નથી. |
| (૨) જો હા, તો આ પુનઃવસનની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં. |

----------

## ગરીબ લોકોને અનાજનો જથ્થો નિયમિત આપવા અંગે

૧૦૮૪૮ **શ્રી બિમલ શાહ(કપડવંજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| ગરીબી રેખા નીચે જીવતા લોકોને વિતરણ કરવાનો નક્કી થયેલ અનાજનો જથ્થો નિયમિત અને સમય મર્યાદામાં મળી રહે તે માટે સરકારે શું પગલાં લીધાં છે ? | અનાજનું વિતરણ કરવાનું હોય તે માસની ૧લી તારીખથી પરમીટ આપવાનું શરૂ કરવામાં આવે છે. અને પરમીટ રજુ થયેથી તે સામે તુરત જ વાજબી ભાવના દુકાનદારને અનાજનો જથ્થો આપવામાં આવે છે. અને આ બાબતેની સુચના અનુસાર પાંચમી તારીખ સુધીમાં મોડામાં મોડી પરમીટ ઈશ્યુ કરવામાં આવે, અને મોડામાં મોડો તારીખ દશમી સુધીમાં અનાજનો જથ્થો દુકાનદારે ઉપાડી વિતરણ કરવાનો રહે છે. |

----------

## ગ્રાહકોના હિતોની જાળવણી માટે કાર્યવાહી

૧૦૩૩૯ **શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગ્રાહકોના હિતોની જાળવણી માટે નિયમો, કાયદાની ગ્રાહકોને જાણકારી મળે તે માટે સરકાર દ્વારા શું કામગીરી કરવામાં આવે છે, અને<br><br>(૨) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કામગીરી કરવામાં આવેલ છે ? | (૧) અને (૨)<br>(૧) સરકારે ગ્રાહકોના રક્ષણ માટે કાયદાઓ ઘડેલ છે અને જરૂર જણાય ત્યાં સુધારા વધારા કરેલ છે.<br>(૨) ગ્રાહકો છેતરાય નહી તે માટે--૧૯ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તથા રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની રચના કરવામાં આવેલ છે જેમાં ગ્રાહકો પોતાની ફરિયાદો દાખલ કરી શકે છે.<br>(૩) રાજ્યના તમામ ગ્રાહકોની જાગૃતિ માટે તા. ૧-૭-૨૦૦૪થી ગ્રાહક સુરક્ષા કચેરીને કાનુની માપ વિજ્ઞાન તંત્ર, અમદાવાદમાં ભેળવી દેવામાં આવેલ છે.<br>(૪) સરકાર દ્વારા ૫૦ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા અને નાણાં સહાય આપી પ્રદર્શન/ સેમીનાર/ગ્રામસભાનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.<br>(૫) ગ્રાહક સુરક્ષા વિષયને અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલ છે.<br>(૬) કન્ઝ્યુમર કલબની યોજના અમલમાં મુકાઈ |

રહેલ છે.

(૭) તોલમાપ/બીઆઈએસ/ખોરાક ઔષધ/ગ્રાહક સુરક્ષાના પ્રદર્શનો યોજી ગ્રાહક જાગૃતિ માટે પેમ્ફલેટોનું વિતરણ કરવામાં આવેલ છે.

(૮) નાના બાળકો છેતરાતાં અટકે તે માટે બાળપોથી તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે. તોલમાપ અંગે સી.ડી. તૈયાર કરવામાં આવેલ છે.

(૯) રાજ્યમાં નવ માહિતી કેન્દ્રો ખોલવામાં આવેલ છે.

(૧૦) જાગૃતિ શિબિર યોજના હેઠળ રાજ્યમાં કાર્ડ હોલ્ડરો માટે જિલ્લા દીઠ રૂા.૫૦,૦૦૦/-ના ખર્ચનું આયોજન કરી પ્રદર્શન સેમીનાર યોજવામાં આવેલ છે.

(૧૧) ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક સુરક્ષાદિન તથા ૨૪ મી ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષાદિન નિમિતે રેડિયો, ટી.વી. ભવાઈ, દૈનિક પત્રો દ્વારા માહિતી આપવામાં આવે છે.

(૧૨) ક્રેડિટ કાર્ડ, દુધની ડેરી, ગ્રાહક સુરક્ષા કાયદાઓ અંગે નિષ્ણાત વ્યકિતઓની મદદ લઈ સુચનો મેળવવામાં આવે છે.

(૧૩) ૧૫મી માર્ચ-૨૦૦૪ ના રોજ કાયમી માન્યતા પ્રાપ્ત મંડળોએ ઉજવણી પેટે કરેલ ખર્ચ માટે મંડળોને વધુમાં વધુ રૂા. ૫,૦૦૦/-ની નાણાં સહાય આપવામાં આવી.

(૧૪) તોલમાપ તંત્ર દ્વારા, ૨,૧૧,૭૯૪ તપાસો કરી ૧૫૬૧૩ કેસો કરવામાં આવ્યા છે અને રૂા. ૫૪.૬૨ લાખ ગુન્હા માંડવાળ ફી તરીકે વસૂલ કરવામાં આવેલ છે.

----------

**સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, જામનગર અને અમરેલી જિલ્લાના તળાવો અને ડેમોમાં નર્મદાનું પાણી ભરવા અંગે**

૮૮૦૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાનું પાણી કેનાલ દ્વારા ૨૦૦૫ના અંત સુધીમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, જામનગર અને અમરેલી જિલ્લાના તળાવ ડેમમાં ભરવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો કયા કયા જિલ્લાના કયા કયા ડેમો, તળાવમાં પાણી ભરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**બાવળા, ધોળકા અને સાણંદ તાલુકામાં પીવા માટે નર્મદાનું પાણી આપવા અંગે**

૯૯૪૧ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી બાવળા, ધોળકા અને સાણંદ તાલુકામાં નર્મદાનું પાણી સિંચાઈ માટે આપવામાં આવે છે, પરંતુ પીવાનું પાણી ખૂબજ ઉંચા ટી.ડી.એસ. વાળુ લોકો પીવે છે, તો પીવાના પાણી માટે નર્મદાનું પાણી આપવા કોઈ | (૧) હા, જી. |

યોજના છે, અને

(૨) જો હા, તો ક્યારે પીવાનું પાણી મળતું થશે ? (૨) ક્રમશઃ ડિસેમ્બર--૦૫ સુધીમાં.

----------

**રાજ્યમાં ચેકડેમો બાંધવાનું આયોજન**

૯૧૮૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત રાજ્યના દરેક જિલ્લામાં કુલ કેટલા ચેકડેમો સન ૨૦૦૫માં બનાવવાનું આયોજન છે, અને

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | ચેકડેમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૧૦૭ |
| ૨ | કચ્છ | ૧૦૦૦ |
| ૩ | અમદાવાદ | ૮ |
| ૪ | ગાંધીનગર | ૩૫ |
| ૫ | સાબરકાંઠા | ૯૨ |
| ૬ | બનાસકાંઠા | ૩૯ |
| ૭ | મહેસાણા | ૫૮ |
| ૮ | પાટણ | ૩૨ |
| ૯ | આણંદ/ખેડા | ૪૧ |
| ૧૦ | વડોદરા | ૦ |
| ૧૧ | પંચમહાલ | ૧૫૫૧ |
| ૧૨ | દાહોદ | ૭૦૦ |
| | કુલ | ૩૬૬૩ |

(૨) ડિસેમ્બર ૦૪ સુધીમાં રાજ્ય સરકારે કુલ કેટલા ચેકડેમો કયા કયા જિલ્લાઓમાં બનાવ્યા, અને તે માટે કેટલો ખર્ચ થયો ?

(૨) કુલ ૪૮૫૦ ચેકડેમો સાબરકાંઠા, કચ્છ, પંચમહાલ, વડોદરા, દાહોદ, આણંદ/ખેડા વિગેરે જિલ્લાઓમાં બનાવ્યાં જેની પાછળ રૂા. ૧૦૫ કરોડનો ખર્ચ થયો.

----------

**જુનાગઢ જિલ્લામાં ચેકડેમો**

૧૦૧૩૧ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા)** :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૧૧-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્ષ્સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાખ હેઠળ કેટલા ચેકડેમો મંજુર કરવામાં આવેલ છે ?

(૧)

| તાલુકો | મંજૂર થયેલ ચેકડેમો |
|---|---|
| જૂનાગઢ | ૪૮ |
| માણાવદર | ૧૨ |
| વંથલી | ૫૦ |
| કેશોદ | ૧૦૪ |
| માળીયા હાટીના | ૬૨૭ |
| માંગરોળ | ૩૩ |
| વેરાવળ | ૧૪૫ |
| ભેસાણ | ૨૧ |
| મેંદરડા | ૩૬૬ |
| વિસાવદર | ૧૦૨ |
| કોડીનાર | ૩૨ |
| ઉના | ૬૪ |
| તલાલા | ૪૪૧ |
| સૂત્રાપાડા | ૧૦૬ |
| કુલ | ૨૧૫૧ |

(૨) તે પૈકી કેટલા ચેક-ડેમોનાં કામો પૂરા કરવામાં આવ્યા છે,

(૨)

| તાલુકો | પૂર્ણ થયેલ ચેકડેમો |
|---|---|
| જૂનાગઢ | ૧૨ |
| માણાવદર | ૭ |

| | |
|---|---|
| માણાવદર | ૭ |
| વંથલી | ૨૨ |
| કેશોદ | ૫૨ |
| માળીયા હાટીના | ૪૫૫ |
| માંગરોળ | ૧૩ |
| વેરાવળ | ૮૬ |
| ભેસાણ | ૧ |
| મેંદરડા | ૨૯૦ |
| વિસાવદર | ૫૧ |
| કોડીનાર | ૨૩ |
| ઉના | ૪૪ |
| તલાલા | ૩૪૦ |
| સૂત્રાપાડા | ૬૫ |
| કુલ | ૧૪૬૧ |

(૩) કેટલા ચેક-ડેમોનાં કામો કરવાનાં બાકી છે, અને

(૩) કુલ ૬૯૦.

(૪) આ ચેકડેમોના કામોમાં કોઈ ગેરરીતી થયેલ છે કે કેમ ?

(૪) ના જી.

----------

## મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવવા અંગે

૧૦૧૨૩ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નવી શરતની જમીનોને જુની શરતમાં ફેરવવાના કેટલા કેસો પડતર હતા, અને | (૧) ૨૨૬ કેસો. |
| (૨) પડતર રહેવાના કારણો શું છે ? | (૨) ખાતેદારો દ્વારા ૬૦ પટની રકમ નહિ ભરવાના કારણે પડતર રહેવા પામેલ છે. |

----------

## દેવગઢ બારિયા તાલુકામાં પાણી પુરવઠા યોજના

૧૦૪૬૭ **શ્રી બચુભાઈ ખાબડ(દેવગઢ બારિયા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં પીવાના પાણીની કોઈ જુથ યોજનાઓ બનાવવામાં આવી છે કે કેમ, જો હા તો રાજ્ય સરકારનું શું આયોજન છે, અને કેટલા ગામોને કયાં સુધીમાં પાણી આપવામાં આવનાર છે ? | ના, જી.<br>દેવગઢ બારીયા તાલુકામાં ૪૮ ગામોનો સમાવેશ કરતી ૩ જૂથ યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. યોજનાઓ મંજૂરી મળ્યેથી બે વર્ષમાં પૂરી કરવા આયોજન છે. |

---------

## સોનગઢ તાલુકાના ડોસવાડા ગામે લીફ્ટ ઇરીગેશન બંધ થવા અંગે

**૧૦૭૧૧ શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા** કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના સોનગઢ તાલુકાના ડોસવાડા ગામે લીફ્ટ ઇરીગેશન ઘણા વર્ષોથી બંધ છે તે સરકાર જાણે છે, | (૧) અંશતઃ બંધ છે. |
| (૨) જો હા, તો લીફ્ટ ઇરીગેશન કેટલા વર્ષોથી બંધ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ લીફ્ટ ઇરીગેશન બંધ થવાના શા કારણો છે, | (૩) ડોસવાડા પિયત સહકારી મંડળી યોજના ચલાવી ન |

અને

શકવાના કારણે અને વીજ બીલ ન ભરવાથી જી.ઇ.બી. દ્વારા વીજ પાવર સપ્લાય કાપી નાખવામાં આવતા મંડળીનાં કેટલાક ખેડુતો પોતાના ડીઝલ એન્જીનથી સિંચાઇ કરે છે.

(૪) આ લીફ્ટ ઇરીગેશન સરકાર કેટલા સમયમાં કાર્યરત કરવા માંગે છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ અંગે**

૧૦૮૪૬ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સન ૨૦૦૪ની સાલમાં સમગ્ર રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેના પરિણામો શું મળેલા છે ?

(૨) તા. ૧-૭-૨૦૦૪ થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તારીખ ૩૧-૫-૨૦૦૪ ના રોજની સ્થિતિએ બાકી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫ % સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે.

----------

**રાજ્યના શહેરી વિસ્તારોની સરકારી જમીનોના દબાણો નિયમિત કરવા અંગે**

૮૪૧૩ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના શહેરી વિસ્તારોમાં સરકારી જમીન ઉપર રહેણાંકના હેતુ માટે કરવામાં આવેલ દબાણ નિયમિત કરવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવેલ છે તે વાત સાચી છે,

(૧) ના, જી. નિયમો મુજબ ચકાસણી કરી ધોરણસર રહેણાંકના હેતુ માટે દબાણ નિયમિત કરવામાં આવે છે.

(૨) જો હા, તો ક્યારે હુકમ કરવામાં આવ્યો, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સરકાર ક્યારે આ કામગીરી પૂર્ણ કરવા માંગે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**સુરત જિલ્લામાં કેરોસીનનો જથ્થો ફાળવવા અંગે**

૧૦૭૦૪ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં કેટલા તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેરોસીનનો કુલ કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો,

(૧) સુરત જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લાં ૧ વર્ષમાં ફાળવેલ કેરોસીનનો જથ્થો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ફાળવેલ કેરોસીનનો |
|---|---|---|
| ૧. | સુરત શહેર | ૪૧૦૦૯ |
| ૨. | ચોર્યાસી | ૬૮૦૧ |
| ૩. | પલસાણા | ૧૬૯૭ |
| ૪. | કામરેજ | ૨૧૪૫ |
| ૫. | માંડવી | ૩૧૦૧ |
| ૬. | માંગરોળ | ૩૧૨૦ |

| | | |
|---|---|---|
| ૬. | માંગરોળ | ૩૧૨૦ |
| ૭. | ઓલપાડ | ૨૮૨૮ |
| ૮. | વ્યારા | ૩૩૧૮ |
| ૯. | બારડોલી | ૨૬૪૩ |
| ૧૦. | વાલોડ | ૧૪૬૧ |
| ૧૧. | મહુવા | ૨૮૯૮ |
| ૧૨. | સોનગઢ | ૨૯૭૪ |
| ૧૩. | ઉચ્છલ | ૧૫૭૩ |
| ૧૪. | નિઝર | ૨૦૫૪ |
| ૧૫. | ઉમરપાડા | ૧૪૩૧ |
| કુલ.. | | ૭૯૦૫૩ |

(૨) તે પૈકી સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકાઓમાં જથ્થો પૂરેપૂરો ફાળવવામાં આવ્યો હતો,

(૨) સુરત જિલ્લાના સોનગઢ, ઉચ્છલ, નિઝર તાલુકા સહિત તમામ તાલુકાઓને સપ્રમાણ કેરોસીનનો જથ્થો ફાળવામાં આવેલ હતો.

(૩) આ તાલુકાઓમાં જરૂરિયાત કરતાં ઓછો જથ્થો ફાળવેલ હતો એ વાત સાચી છે, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો તેનાં કારણો શા છે ?

(૪) કેન્દ્ર સરકારશ્રી તરફથી રાજ્યને કેરોસીનની જરૂરિયાત કરતાં કેરોસીનની ઓછી ફાળવણીને કારણે.

----------

## સુરત શહેરમાં નવા રેશનકાર્ડની અરજીઓ

૯૯૪૯ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત શહેરમાં નવા રેશનકાર્ડ મેળવવા કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલાને નવા રેશકાર્ડ શા દરે આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ડિસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડ મેળવવા માટે કુલ ૧૭૫૬૮ અરજીઓ મળેલ છે.

(૨) કુલ ૧૬૧૬૩ આપવામાં આવેલ રેશનકાર્ડના દર કેટેગરી વાઇઝ વિગત નીચે મુજબ છે.
(૧) એપીએલ-૧ રૂા. ૧૦ના દરે
(૨) એપીએલ-૨ રૂા. ૨૦ ના દરે
(૩) બીપીએલ- રૂા. ૦૫ના દરે આપવામાં આવ્યા.

----------

## અમદાવાદ શહેરમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો

૧૦૩૪૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો થયો છે તે વાત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો સરકાર ક્યાં સુધીમાં પડતર કેસોનો નિકાલ કરવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સત્વરે

----------

**મધ્યબારા પાણી પુરવઠા યોજનાની સુધારણા અંગે**

૮૬૭૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં મધ્યબારા પાણી પુરવઠા યોજનાની સુધારણા માટેની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, | (૧) માહે-ફેબ્રુઆરી-૨૦૦૪ થી. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે, અને | (૨) માહે ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) તેનાથી કટેલા ગામોને પ્રેસરથી પાણી મળવાની સંભાવના છે ? | (૩) ૧૦૪ ગામોને. |

---------

**રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં મોટા ચેકડેમો**

૧૦૭૧૦ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ટ્રાયબલ વિસ્તારોમાં મોટા ચેકડેમો ૮૦ : ૨૦માં બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) હા, તો કેવી રીતે અને ક્યારથી અમલ કરવામાં આવશે અને ના, તો કેમ, ક્યા કારણોસર ? | (૨) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ થી. |

----------

**માલપુર અને મેઘરજ જુથ પાણી પુરવઠા યોજનાને મંજૂરી**

૧૦૪૫૩ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ):માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| માલપુર મેઘરજ જૂથ પાણી પુરવઠા યોજનાને મંજૂરી ક્યારે આપવામાં આવનાર છે ? | માહે માર્ચ-૨૦૦૫ અંતિત મંજૂરી આપવાનું આયોજન છે. |

----------

**દરિયાનું ખારું પાણી નિકોરા ગામ સુધી નર્મદા નદીમાં આવતું અટકાવવા અંગે**

૯૩૪૩ **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય જળસંપિત્ત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના નિકોરા ગામ સુધી નર્મદા નદીમાં દરિયાનું ખારું પાણી આવે છે એ વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) દરિયામાંથી ખારું પાણી નર્મદા નદીમાં આવતું અટકાવવા માટે કેટલી ફરિયાદો ડીસેમ્બર-૦૪ ની સ્થિતિએ સરકારને મળી છે, | (૨) દરિયામાંથી ખારું પાણી નર્મદા નદીમાં આવતું અટકાવવા માટે ચાર રજુઆતો ડીસેમ્બર-૦૪ ની સ્થિતિએ મળેલ છે. |
| (૩) સરકારે ખારું પાણી અટકાવવા માટે નર્મદા નદીમાં ભાડભુત ખાતે બંધારો બનાવવા શી વિચારણા કરી છે, અને | (૩) નર્મદા નદીમાં વિવિધ તાંત્રિક પાસાઓને ધ્યાને રાખી યોગ્ય સ્થળે બંધારો બાંધવા માટેના આલેખન કરવા જરૂરી અન્વેષણની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં ? | (૪) અન્વેષણ અહેવાલ મળ્યેથી યોજનાના કદના પ્રમાણમાં સમય મર્યાદા નક્કી કરવામાં આવશે. |

----------

**જુનાગઢ જિલ્લાના ગામોને પીવાનું પાણી પુરું પાડવા અંગે**

૧૦૬૯૬ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોને પીવાના પાણીની તકલીફો છે, | (૧) જુનાગઢ જિલ્લાના ૧૪ તાલુકા પૈકી માંગરોળ તાલુકાના લોએજ, રહીજ અને મુક્તુપુર એમ ૩-ગામોને પીવાના પાણીની તકલીફ છે. |
| (૨) આ ગામોને પીવાનું પાણી પુરું પાડવા સરકારે શું આયોજન કરેલ છે, અને | (૨) હાલમાં ટેંકર દ્વારા હંગામી પાણી વ્યવસ્થા કરેલ છે, તેમજ મહિ પાઇપ લાઇન આધારિત યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલા સમયમાં આવા ગામોને પીવાના પાણીની સુવિધાઓ ઉપલબ્ધ થશે ? | (૩) બે વર્ષમાં પાણીની સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન છે. |

----------

**રાજ્યમાં હળદર, મરચું અને ધાણાજીરા જેવા મસાલાના તોલમાપની ચકાસણી**

૮૫૬૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં હળદર, મરચુ, ધાણાજીરા મસાલા બનાવતી ફેકટરીઓમાં નિયમિત રીતે તોલમાપની ખાતરી કરવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરની કઇ કઇ ફેકટરીઓમાં તોલમાપ અંગે ચકાસણી થઇ, અને | (૨) (૧) સાબર ફુડ્સ, જીઆઇડીસી, વટવા, અમદાવાદ<br>(૨) અરીહંત મસાલા ઇન્ડ., તિરુપતિ એસ્ટેટ, સરસપુર, અમદાવાદ.<br>(૩) પીસ્તોલ મસાલા સપ્લાઇંગ કું.૧૮, ગુજરાત ગ્રેઇન માર્કેટ, ખોખરા, અમદાવાદ.<br>(૪) હરીહર ફુડ પ્રા, લી,, ફેઇઝ-૪, જીઆઇડીસી, વટવા, અમદાવાદ.<br>(૫) મયુર ફુડ પ્રોડક્ટસ, માધુપુરા, અમદાવાદ.<br>(૬) ક્રિષ્ણા ફુડ, ખોખરા, અમદાવાદ.<br>(૭) જલારામ મસાલા ભંડાર, નારોલ, અમદાવાદ.<br>(૮) કિર્તી ફુડ પ્રોડકટસ, પ્લોટ નં. ૮, શાઆલમ માર્કેટ, ચંડોલા, અમદાવાદ.<br>(૯) કસ્તુરી ટ્રેડર્સ, માધુપુરા, અમદાવાદ.<br>(૧૦) રોયલ મસાલા ભંડાર, માધુપુરા, અમદાવાદ.<br>(૧૧) ફેક્સો ફુડ પ્રા. લી., કોતરપુરા, તિરુપતિ સ્પેકટ્રમ, નરોડા, અમદાવાદ. |
| (૩) કેટલી ગેરરીતીઓ પકડાઇ છે ? | (૩) ત્રણ એકમો દ્વારા ગેરરીતી થતી પકડાઇ છે. |

---------

## ઉમરગામ તાલુકામાં ગામવાર શિળ પડતર જમીન બાબત

૧૦૮૮૪ **શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ગામોમાં ગામવાર સરકારી શિળ પડતર જમીન તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કેટલી છે, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) આ જમીન ઉપર હાલમાં દબાણો થયેલા છે કે કેમ, અને | (૨) અમુક ગામોમાં દબાણો થયેલા છે. |
| (૩) જો હા, તો આ દબાણો સરકાર દૂર કરવા માંગે છે કે કેમ ? | (૩) નિયમોનુસાર ચકાસણી કરી નિર્ણય લેવામાં આવશે. |

**પત્રક**

**ઉમરગામ તાલુકામાં ગામવાર શીળ પડતર જમીન અંગે**

| અનું. | ગામનુંનામ | શિળ પડતર જમીન | | |
|---|---|---|---|---|
| | | હે. | આરે. | પ્ર.આરે |
| ૧ | ફણસા | ૧૪ | ૦૮ | ૯૫ |
| ૨ | મોહન | ૦૦ | ૭૧ | ૮૩ |
| ૩ | કલગામ | ૦૨ | ૪૨ | ૮૧ |
| ૪ | મરોલી | ૦૬ | ૪૮ | ૩૯ |
| ૫ | અણગામ | ૦૧ | ૧૦ | ૮૩ |
| ૬ | નાહુલી | ૦૧ | ૨૭ | ૪૫ |
| ૭ | બોરીગામ | ૦૧ | ૬૩ | ૬૩ |
| ૮ | વલવાડા | ૦૦ | ૪૯ | ૫૮ |
| ૯ | સરોડા | ૦૪ | ૮૪ | ૩૫ |
| ૧૦ | માણેકપુર | ૩૩ | ૪૩ | ૭૦ |
| ૧૧ | ખતલવાડ | ૬૨ | ૫૭ | ૪૮ |
| ૧૨ | માંડા | ૦૫ | ૧૨ | ૬૯ |
| ૧૩ | સરીગામ | ૦૮ | ૭૯ | ૯૩ |
| ૧૪ | ઉમરગામ | ૦૧ | ૯૬ | ૭૮ |
| ૧૫ | ગોવાડા | ૧૧ | ૬૫ | ૭૧ |
| ૧૬ | ટેંભી | ૯૯ | ૬૫ | ૭૬ |
| ૧૭ | સંજાણ | ૦૩ | ૧૫ | ૧૦ |
| ૧૮ | તુંબ | ૦૧ | ૧૬ | ૩૩ |
| ૧૯ | આહુ | ૦૦ | ૮૩ | ૦૦ |
| ૨૦ | ડહેલી | ૦૦ | ૩૬ | ૦૩ |
| ૨૧ | ધનોલી | ૦૦ | ૪૧ | ૨૨ |
| ૨૨ | કચીગામ | ૦૧ | ૫૩ | ૧૦ |
| ૨૩ | સોળસુંબા | ૦૦ | ૩૬ | ૪૨ |
| ૨૪ | ભીલાડ | ૧૪ | ૭૨ | ૪૧ |
| કુલ.. | ૨૪ ગામ | ૧૭૯ | ૮૩ | ૪૮ |

----------

## જામનગર જિલ્લામાં ઈ-ધારા યોજનાના અમલ અંગે

૮૮૦૨ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ઈ-ધારા યોજનાનો અમલ કેટલા તાલુકાઓમાં કરવામાં આવેલ છે, | (૧) જિલ્લાના તમામ તાલુકામાં અમલ શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) આ માટે તાલુકા દીઠ જરૂરી મહેકમ મંજૂર કરી જગ્યાઓ ભરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) ના, જી. |

(૩) જો ના, તો આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) ઈ-ધારાના મહેકમ માટે વર્ષ ૨૦૦૫-૦૬ના અંદાજપત્રમાં નવી બાબતની જોગવાઇ કરવામાં આવી છે. બજેટ મંજૂર થયા બાદ મહેકમ મંજૂર થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

**બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં મંજૂર કરેલ ચેકડેમો**

૧૦૭૨૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં કેટલી અંદાજીત રકમના, કેટલા નવીન ચેકડેમોનાં કામને મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૧) દાંતા તાલુકામાં રૂા. ૬૭૫/- લાખના ૨૫૦ ચેકડમો અને અમીરગઢ તાલુકામાં રૂા. ૭૮૦/- લાખના ૨૮૦ ચેકડેમો મંજુર કરવામાં આવેલ છે. તેમજ દાંતા તાલુકામાં રૂા. ૧૧૮.૦૨ લાખના ચાર મોટા ચેકડેમને મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) મંજૂરી હેઠળના કેટલા ચેકડેમોની સ્થળ પર કામગીરી શરું થયેલ નથી, અને તેના શું કારણો છે ? | (૨) લાભાર્થીઓ કામ કરવા ઈચ્છા ધરાવતા ન હોવાથી દાંતા તાલુકામાં ૩૫ અને અમીરગઢ તાલુકામાં ૬૦ ચેકડેમોની કામગીરી શરૂ થયેલ નથી. |

---------

**રાજ્યમાં ગા.ન.નં. ૭/૧૨ અને ૮-અ નું કમ્પ્યુટરાઈઝેશન કરવા અંગે**

૧૦૮૫૬ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં ગામ નમૂના નં. ૮-અ તથા ૭/૧૨નું કમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા જી, રાજ્યના ૩૩ ગામોને બાદ કરતાં. |
| (૨) જો ના, તો કયા જિલ્લાનું બાકી છે, અને | (૨) અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ૩૩ ગામો બાકી છે. |
| (૩) ક્યારે પૂરું થશે? | (૩) રેકર્ડ તપાસના કામે નામદાર કોર્ટમાં હોવું, તેમ જ ભૂકંપના કારણે નવેસરથી તૈયાર કરવુ, પ્રમોલ્ગેશન બાકી હોવું વગેરે વહીવટી કારણોનો નિકાલ થયે પુરું થઈ શકે. |

----------------

**ચીખલી તાલુકાનો પિયત હેઠળનો વિસ્તાર**

૧૦૧૦૫ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૫ની સ્થિતિએ નવસારી જિલ્લાનાં ચીખલી તાલુકાના મોગરાવાડી ગામનો ઉકાઈ ડાબા કાંઠાનો કુલ કેટલો વિસ્તાર પીયત હેઠળ છે, | (૧) તા. ૧-૧-૦૫ની સ્થિતિએ નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના મોગરાવાડી ગામનો ઉકાઈ ડાબા કાંઠા નહેરથી કુલ ૨૪૦ હેકટર વિસ્તાર પિયત હેઠળ છે. |
| (૨) નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં ઉકાઈ ડાબા કાંઠા વિભાગની ખરોલી ડીસ્ટ્રીબ્યુટરી નહેરની લંબાઈ કેટલી, કેટલા ગામોને પીયત વિસ્તાર હેઠળ આવરી લેવામાં આવ્યો છે, અને | (૨) નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં ઉકાઈ ડાબા કાંઠા વિભાગની ખરોલી ડીસ્ટ્રીબ્યુટરીની લંબાઈ ૧૦.૯૧ કિ.મી. છે. જેનાથી ચીખલી તાલુકાના કુલ ૬ (છ) ગામોને પિયત વિસ્તાર હેઠળ આવરી લેવામાં આવેલ છે. |
| (૩) ખરોલી ડીસ્ટ્રીબ્યુટરીથી વાંગરવાડી (વાંઝણા), સુરખાઈ ગામોના ખેડૂતોને આજ દિન સુધી પાણી મળતું નથી તો સરકાર ક્યારે આપવા માંગે છે? | (૩) ખરોલી ડીસ્ટ્રીબ્યુટરીથી વાંગરવાડી, સુરખાઈ ગામોને ચાલુ વર્ષની ઉનાળુ સિઝનમાં પાણી આપવાનું આયોજન છે. |

----------------

**રાજ્યમાં ગા.ન.નં. ૭/૧૨ અને ૮-અનું કમ્પ્યુટરાઈઝેશન કરવા અંગ**

૧૦૧૬૧ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં ગામ નમૂના નં. ૮-અ તથા ૭/૧૨નું કમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા જી, રાજ્યના ૩૩ ગામોને બાદ કરતાં. |
| (૨) જો ના, તો કયા જિલ્લાનું બાકી છે, અને | (૨) અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ૩૩ ગામો બાકી છે. |
| (૩) ક્યાં સુધીમાં આ કામગીરી સરકાર પુરી કરવા માગે છે? | (૩) રેકર્ડ તપાસના કામે નામદાર કોર્ટમાં હોવું, તેમ જ ભૂકંપના કારણે નવેસરથી તૈયાર કરવુ, પ્રમોલ્ગેશન બાકી હોવું વગેરે વહીવટી કારણોનો નિકાલ થયે પુરુ થઈ શકે. |

----------------

**ભાવનગર તાલુકામાં સ્વજલધારા યોજના**

૧૦૪૭૨ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર તાલુકામાં સ્વજલધારા યોજના તળે કેટલા ગામોએ માંગણી કરી છે, | (૧) ૬ ગામોએ |
| (૨) તે પૈકી કયા કયા ગામોને મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) એક ગામ-દેવળીયા |
| (૩) બાકીના ગામોને આવી મંજૂરી કેટલા સમયમાં આપી દેવામાં આવશે ? | (૩) બાકીના ગામોને નાણાંની ઉપલબ્ધી થયે મંજૂરી આપવાનું આયોજન છે. |

---------

**કેશોદ તાલુકામાં જળસંચય માટેની ખાસ યોજના**

૧૦૧૭૬ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કેશોદ તાલુકાનાં ઘેડ વિસ્તારમાંની વિશિષ્ઠ ભૌગોલિક સ્થિતીને ધ્યાને લઈ એ વિસ્તારમાં જળસંચય માટેની ખાસ કોઈ યોજના રાજ્ય સરકારે વિચારેલ છે કે કેમ? | આ વિસ્તારની વિશિષ્ઠ ભૌગોલિક સ્થિતીને અનુલક્ષીને હાલની જળસંચય યોજના જેવા કે ચેકડેમો, તળાવો, નદીઓ પહોળી કરવી સિવાયની બીજી કોઈ પણ યોજના હાલ વિચારણામાં નથી. |

-------------

**જુનાગઢ જિલ્લાના વેરાવળ શહેરમાં કોમી તોફાનોમાં અસર પામેલા કુટુંબોને આપેલ અનાજનો ખર્ચ**

૮૪૭૨ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ-૨૦૦૪માં જુનાગઢ જિલ્લાના વેરાવળ શહેરમાં કોમી તોફાનોમાં અસર પામેલા કેટલા કુટુંબોને કેટલું અનાજ વિના મુલ્યે આપવામાં આવ્યું, | (૧) વિના મુલ્યે અનાજ આપવામાં આવેલ નથી. |
| (૨) રાજ્ય સરકારને આ અંગે કેટલો ખર્ચ થયો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) અન્ય કોઈ સહાય આપવામાં આવી છે કે કેમ? | (૩) આ વિભાગને સબંધિત અન્ય કોઈ સહાય આપવામાં આવેલ નથી. |

-------------

**ધાનેરા તાલુકામાં ચેકડેમો બનાવવા અંગે**

૧૦૮૨૭ **શ્રી હરજીવન હી. પટેલ(ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાનેરા તાલુકામાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, | (૧) કુલ ૧૫ ચેકડેમો બનાવવામાં આવ્યા. |

(૨) કેટલા નવિન ચેકડેમો મંજુરીની પ્રક્રિયા હેઠળ છે, અને

(૨) કોઈ નવિન અરજી મળેલ નથી.

(૩) મંજુર થયેલ ચેકડેમો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) બે માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

**બનાસકાંઠા જિલ્લામાં બંધ પડેલ જૂથ પાણી પુરવઠા યોજના**

૮૩૬૨ **શ્રી ભેમાભાઈ રા. પટેલ(દીઓદર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના ગામોમાં પીવા માટેના પાણી પુરવઠા વિભાગ દ્વારા જૂથ યોજનાના અને ગ્રામ પંચાયત હસ્તકના કેટલા બોરો બંધ છે, અને

(૨) જે જૂથ યોજનામાં સમાવેશ નથી તેવા ગામોના કેટલા બોર બંધ છે, તે ફરીથી ચાલુ કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) પાણી પુરવઠા વિભાગના જુથ યોજનાના કોઈ બોર બનાસકાંઠા જિલ્લામાં બંધ હાલતમાં નથી. પરંતુ, ગ્રામ પંચાયતો હસ્તકના ૧૭ બોર બંધ હાલતમાં છે.

(૨) શક્ય હોય તેટલા બોર ચાલુ કરવામાં આવશે અન્યથા વૈકલ્પિક વ્યવસ્થા કરવાનું આયોજન છે.

----------

**બારડોલી અને માંડવીમાં બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા**

૧૦૧૭૨ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) બારડોલી અને માંડવીમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બી.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા કેટલી છે,

(૨) તે પૈકી અંત્યોદય યોજના હેઠળના કાર્ડ-ધારકોની સંખ્યા કેટલી અને તેમને કેટલું અનાજ કયા ભાવથી આપવાનું નક્કી કરેલ છે, અને

(૩) બી.પી.એલ. કાર્ડ ધારકોને પુરતું અનાજ કેરોસીન મળે એ માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે?

**જવાબ**

(૧) બારડોલી અને માંડવીમાં તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ બી.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા :-

| અ.નં. | તાલુકાનું નામ | બીપીએલ કાર્ડધારકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બારડોલી | ૨૦,૨૯૫ |
| ૨ | માંડવી | ૨૨,૫૬૮ |
| | કુલ :- | ૪૨,૮૬૩ |

(૨) અંત્યોદય યોજના હેઠળના કાર્ડધારકોની સંખ્યા :-

| અ.નં. | તાલુકાનું નામ | અંત્યોદય કાર્ડધારકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બારડોલી | ૩૫૯૨ |
| ૨ | માંડવી | ૪૧૧૬ |
| | કુલ :- | ૭,૭૦૮ |

તેમને પ્રતિકિલો ગ્રામ રૂ. ૨-૦૦ના ભાવે ઘઉં કાર્ડદીઠ ૨૮ કિલોગ્રામ તથા પ્રતિ કિલો ગ્રામ રૂ. ૩-૦૦ના ભાવે ચોખા કાર્ડદીઠ ૭-૦૦ કિલોગ્રામ આપવામાં આવે છે.

(૩) બી.પી.એલ. કાર્ડધારકોને પુરતા પ્રમાણમાં અનાજ આપવામાં આવે છે. તથા બી.પી.એલ. કાર્ડ ધારકોને નિયમીત રીતે સરળતાથી પુરતું કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી કાર્યાન્વિત રાખવામાં આવી છે. તેમજ ગેસ જોડાણ ધરાવતાં રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પુરેપુરુ કરાવવાનું આયોજન કરેલ છે.

--------

**સાવલી તાલુકામાં ચેકડેમના કામો**

૯૧૬૨ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સાવલી તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે ૮૦ :૨૦ હેઠળ ચેકડેમ રીપેરીંગ તેમજ ૬૦ : ૪૦ હેઠળ નવીન ચેકડેમના કામો છેલ્લા બે વર્ષમાં કેટલા મંજુર થયેલા છે, | (૧) ૮૦ :૨૦ યોજના હેઠળ ૩૧ (રીપેરીંગ)<br>૬૦ :૪૦ યોજના હેઠળ ૧૧ (નવીન) |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો બાકી છે, અને | (૨) ૮૦ :૨૦ યોજના હેઠળ ૧૨ પુર્ણ-૧૯ બાકી.<br>૬૦ :૪૦ યોજના હેઠળ ૩ પુર્ણ-૮ બાકી |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ થશે? | (૩) ૮૦ :૨૦ યોજના હેઠળ ફેબ્રુ.-૨૦૦૬ સુધીમાં.<br>૬૦ :૪૦ યોજના હેઠળ જુન-૨૦૦૬ સુધીમાં. |

-------------

**મહી વીયર યોજના અંગે**

૧૦૮૮૦ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહી વિયર યોજનાની જાહેરાત ક્યારે કરાઈ, અને | (૧) તા.૩૦-૧૦-૨૦૦૧થી સૈધાંતિક મંજુરી આપવામાં આવેલ. |
| (૨) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ પ્રગતિ વિષયક વિગતો શું છે? | (૨) હાલમાં ડાયાફ્રામ વોલનું કામ પૂર્ણ થવામાં છે અને મુખ્ય બોડીવોલનું કામ હાથ ધરાયેલ છે. |

-------------

**કચ્છ જિલ્લામાં મહેસુલી પ્રશ્નો અંગે નાગરિક અધિકાર પત્ર અન્વયે અરજીઓ**

૧૦૩૨૭ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ડીસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ નાગરીક અધિકાર પત્ર અન્વયે કેટલા મહેસુલી પ્રશ્નો અંગેની અરજીઓ પડતર છે, | (૧) કુલ-૧૮૬ અરજીઓ પડતર છે. |
| (૨) તે પડતર રહેવાના શા કારણો છે, અને | (૨) પડતર રહેવાના કારણો<br>(૧) તપાસ માટે બાકી<br>(૨) પોલીસ વિભાગમાંથી અભિપ્રાય આવવા પર બાકી હોવાને કારણે.<br>(૩) અરજદારનો સંપર્ક ન થઇ શકતા આધારો મેળવવા પર બાકી.<br>(૪) દરખાસ્ત પર તપાસ થઇ અહેવાલ રજુ કરવામાં આવવા પર બાકી.<br>(૫) મોટા ભાગની અરજીઓ માહે ડીસેમ્બર-૨૦૦૪માં રજુ થયેલ છે. |
| (૩) તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) ૧૮૬ પડતર અરજીઓ પૈકી જાન્યુઆરી-૨૦૦૫માં કુલ-૧૦૧ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. બાકી રહેલ ૮૫ અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

----------

**સુરત જિલ્લામાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત પરિવારોને સહાય**

૧૦૧૦૭**શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

**પ્રશ્ન**

૧-૧-૦૪ થી ૩૧-૧૨-૦૪ સુધીમાં સુરત જિલ્લામાં અતિવર્ષાથી તાલુકાવાર અસરગ્રસ્તોને કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

૧-૧-૦૪ થી ૩૧-૧૨-૦૪ સુધીમાં સુરત જિલ્લામાં અતિવર્ષાથી તાલુકાવાર અસરગ્રસ્તોને નીચે મુજબ રૂા. તેર કરોડ છેતાલીસ લાખ ત્રણ સો પુરાની સહાય ચૂકવવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | સહાયની રકમ (રૂપિયા લાખમાં) |
|---|---|
| સીટી સુરત | ૧૦૦૨.૧૨ |
| ચોર્યાસી | ૧૨૨.૪૪ |
| પલસાણા | ૨૮.૪૮ |
| ઓલપાડ | ૭૬.૯૭ |
| કામરેજ | ૧૬.૬૨ |
| માંડવી | ૮.૧૬ |
| માંગરોળ | ૪૬.૧૨ |
| ઉમરપાડા | ૦.૨૩ |
| બારડોલી | ૨૪.૨૨ |
| મહુવા | ૬.૦૫ |
| વાલોડ | ૦.૭૫ |
| વ્યારા | ૨.૫૪ |
| સોનગઢ | ૧૦.૯૮ |
| ઉચ્છલ | ૦.૩૫ |
| નિઝર | -- |
| કુલ : | ૧૩૪૬.૦૩ |

----------

**બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર પીવાના પાણી માટે આયોજન**

૧૦૧૧૮ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ગામોને પાણી આપવામાં આવે છે.

| ક્રમ | તાલુકાનું નામ | જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પાણી અપાતા ગામો. |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૫૫ |
| ૨ | અમીરગઢ | ૨૬ |
| ૩ | વડગામ | ૩૭ |
| ૪ | દાંતા | ૫૫ |
| ૫ | ડીસા | ૨૪ |
| ૬ | દાંતીવાડા | ૧૫ |
| ૭ | થરાદ | ૯૮ |
| ૮ | વાવ | ૧૨૧ |
| ૯ | ધાનેરા | ૨૧ |

| | | |
|---|---|---|
| ૧૦ | ભાભર | ૧૯ |
| ૧૧ | દિયોદર | ૧૭ |
| ૧૨ | કાંકરેજ | ૨૭ |
| | કુલ : | ૫૧૫ |

(૨) સને ૨૦૦૫-૨૦૦૬માં બીજા કેટલા ગામોને કઇ કઇ પાણી પુરવઠા યોજનામાં સમાવવામાં આવનાર છે ?

(૨) વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં બનાસકાંઠા જીલ્લાનાં નીચે જણાવેલ જૂથ યોજનામાં નીચે જણાવ્યા મુજબ ગામોને સમાવેશ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | યોજનાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | પાલનપુર-વડગામ | ૧૦ |
| ૨ | પાલનપુર | વિરમપુર | ૩ |
| ૩ | પાલનપુર | માલણ | ૧૮ |
| ૪ | વડગામ | પાલનપુર-વડગામ | ૩૯ |
| ૫ | વડગામ | વડગામ-મોકેશ્વર | ૩૨ |
| ૬ | અમીરગઢ | વિરમપુર | ૨૧ |
| ૭ | દાંતા | રિમોડેલીંગ ચાર જૂથ | ૯૩ |
| ૮ | દાંતા | જેગોલ | ૧૧ |
| | | કુલ : | ૨૨૭ |

----------

**નર્મદા કેનાલ દ્વારા પીવાના પાણીનું આયોજન**

૧૦૧૪૧ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નર્મદા કેનાલ બંધ યોજના દ્વારા રાજકોટ, જામનગર અને કચ્છને પીવાનું પાણી આપવા માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે,

(૨) આ યોજના દ્વારા પૂરતા પ્રમાણમાં પાણી મળનાર છે કે કેમ, અને

(૩) નર્મદાનું પણી આપવા માટે શું મુશ્કેલી છે ?

**જવાબ**

(૧) નર્મદા કેનાલની માળીયા શાખાના ખીરાઇ ઓફ ટેઇક આધારિત બલ્ક ટ્રાન્સમીશન પાઇપલાઇનના કામો પૂર્ણ કરી પીવાનું પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

(૨) હા, જી.

(૩) હંગામી મુશ્કેલી છે. હાલ નર્મદા નહેરની સૌરાષ્ટ્ર શાખા તેમજ માળિયા શાખામાં લાઇનીંગનું કામ ચાલુ હોવાથી નહેરમાં પાણી ઉપલબ્ધ નથી. હાલમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે મચ્છુ-૨ ડેમ આધારિત તાકીદની યોજનાથી આંશિક પાણી પુરવઠો અપાય છે.

----------

**સૌરાષ્ટ્રને નર્મદાપુરના પાણી આપવા અંગે**

**૧૦૩૩૨શ્રી દીનુભાઈ બો. સોલંકી(કોડીનાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા** કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| સૌરાષ્ટ્ર વિસ્તારને નર્મદા પુરના ૧ મીલીયન એકરફીટ પાણી આપવાની યોજનાના પ્રથમ તબક્કાનું શું આયોજન છે ? | સૌરાષ્ટ્ર વિસ્તારને નર્મદાના પુરના ૧ મીલીયન એકરફીટ પાણી આપવા પ્રથમ તબક્કે ૦.૪૫ એમ.એ.એફટી. જળસંગ્રહ નીચે મુજબ કરવા આયોજન છે.<br>(અ) નર્મદા યોજનાની પ્રશાખા નહેરોને છેદતી ૧૭ નદીઓમાં પાણી વહેવડાવી ૨૯ હયાત જળાશયો તેમજ સુચિત ૧૦૭ વિયરોમાં જળસંગ્રહનું આયોજન તથા<br>(બ) મચ્છુ-૨ થી ફુલઝર-૨ સુધીની અને કાળુભાર થી રાયડી સુધીની લીંક કેનાલો કરી તેને છેદતી વધારાની ૨૭ નદી પરની હયાત ૩૯ સિંચાઇ યોજનાઓમાં જળસંગ્રહનું આયોજન છે. |

----------

**જમીન વિશેષ ધારામાં ભાવ વધારો**

૮૫૧૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) બિનખેતી વિષયક ધારા હેઠળ સને ૨૦૦૪-૦૫માં રહેણાંકીય-વ્યાપારી-ઔદ્યોગિક હેતુઓ માટે વપરાતી જમીનના વિશેષ ધારામાં કોઇપણ પ્રકારનો ભાવ વધારો કરેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા ટકા ભાવ વધારો કર્યો , અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેનાથી સરકારને વાર્ષિક આવક કેટલી વધવાની ધારણા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**અમદાવાદ જિલ્લામાં તલાટીઓની બદલી**

૧૦૪૭૮ **શ્રી ભરતભાઈ પંડયા(ધંધૂકા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા તલાટીઓની બદલી કરવામાં આવી ? | તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુલ ૪૪ તલાટીઓની બદલી કરવામાં આવી. |

----------

**નર્મદા માસ્ટર પ્લાન હેઠળ પીવાનું પાણી આપવા અંગે**

**૧૦૮૩૨ શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે** કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નર્મદા માસ્ટર પ્લાન હેઠળ કેટલા ગામો તથા શહેરો આવરી લેવામાં આવશે, | (૧) ૮૨૧૫ ગામો તથા ૧૩૫ શહેરો. |
| (૨) તેમાંથી કેટલા ગામોને તા. ૩૧-૦૧-૦૫ની સ્થિતિએ પાણી પહોંચાડવામાં આવ્યું છે, અને | (૨) ૧૮૨૬ ગામોને. |
| (૩) બાકીના ગામોને પાણી આપવાનું શું આયોજન છે ? | (૩) નાણાકિય ઉપલબ્ધી અનુસાર ક્રમશઃ આવરી લેવાનું આયોજન છે. |

----------

**રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ**

૧૦૩૩૭ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ(નસવાડી) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૪ની સાલમાં રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના પરિણામો શું આવ્યા ? | (૨) તા. ૧-૭-૨૦૦૪ થી તા. ૩૧-૭-૨૦૦૪ દરમ્યાન રાજ્યવ્યાપી હક્કપત્રક નોંધ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તા. ૩૧-૫-૦૪ ના રોજની સ્થિતિએ બાકી રહેલ ૧૦૨૨૫૨ નોંધો પૈકી ૯૮૪૧૮ નોંધોનો નિકાલ કરી, ૯૬.૨૫ % સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે. |

----------

**કડી તાલુકામાં રેશનકાર્ડ ધારકો**

૯૧૬૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૫ની સ્થિતિએ કડી તાલુકામાં કુલ કાર્ડ ધારકોની સંખ્યા કેટલી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ કડી તાલુકામાં કુલ ૬૩૬૦૭ની કાર્ડ ધારકોની સંખ્યા છે. |
| (૨) તે પૈકી બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે, | (૨) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા-૧૦૧૩૫ છે. |
| (૩) બાકી રહેતા બી.પી.એલ. લાભાર્થીઓને કાર્ડ ક્યારે આપવામાં આવશે, અને | (૩) તા. ૨૯-૯-૨૦૦૨ મુજબ જે કુટુંબોને અગાઉ બી.પી.એલ. રેશનકાર્ડ ધારણ કરતા હતા તેવા કુટુંબોને અરજી કર્યેથી બી.પી.એલ. કાર્ડ આપવામાં આવેલ છે. દરમ્યાન જીઓઆઇ તરફથી આરડીડી/યુડીડી મારફતે નવેસરથી બી.પી.એલ. યાદી આખરી થાય તે પછી નવા કાર્ડ આપવામાં આવશે. |
| (૪) રાંધણ ગેસનું જોડાણ ધરાવતા કાર્ડ ધારકોને કેરોસીન પુરું પાડવામાં આવે છે કે કેમ ? | (૪) રાંધણગેસનું જોડાણ ધરાવતા કાર્ડ ધારકોને કેરોસીન આપવામાં આવતું નથી. |

---------

**સમી તાલુકાને નર્મદાનું પીવાનું પાણી આપવા અંગે**

૧૦૧૫૫ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના સમી તાલુકાના ખારાશવાળા વિસ્તારોને નર્મદાનું પીવાનું પાણી મળનાર છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ માટે યોજનાની શું વિગત છે ? | (૨) પાટણ જિલ્લાના સમી તાલુકાના તમામ ૯૮ ગામોને નર્મદા મેઈન કેનાલમાં કુરેજા ગામ નજીકથી રો-વોટર પંપીંગ કરી બોરતવાડા મુકામેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લાવી પાણીનું શુધ્ધીકરણ કર્યા બાદ વિતરણ વ્યવસ્થા દ્વારા ગામોને પીવાનું પાણી પુરુ પાડવાનું આયોજન છે. યોજનાના કામો હાલ પ્રગતિમાં છે. |

-------------

**જામનગર જિલ્લાને નર્મદાનું પાણી પીવા માટે આપવાનું આયોજન**

૧૦૭૧૭ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા(જામજોધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

| | |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ચાલુ વર્ષે નર્મદાનું પાણી પીવા માટે આપવા અંગેનું આયોજન છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં કામ પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) નાણાકીય ઉપલબ્ધી અનુસાર તબક્કાવાર માર્ચ-૨૦૦૭ સુધીમાં. |
| (૩) અને તેની પાછળ કેટલો ખર્ચ થશે ? | (૩) અંદાજે રૂા. ૬૦૦ કરોડનો ખર્ચ થશે. |

----------

**અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા ખેડૂતોને વળતર**

૮૧૮૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા વોટર વર્કસ બનાવવા કોતરપુરની કેટલી જમીન ક્યારે સંપાદિત કરવામાં આવી, | (૧) તા. ૨૨-૯-૮૬ના એવોર્ડથી ૧૨૦૦૦ ચો.મી. જમીન જ.સં. ધારો-૧૮૯૪ અન્વયે સંપાદન કરવામાં આવેલ છે, |
| (૨) મ્યુ. કોર્પોરેશને કલેકટરને ખેડૂતોને ચુકવવા પેટે કેટલી રકમ જમા કરાવી છે, અને | (૨) રૂા. ૯,૬૦,૦૦૦/- |
| (૩) ખેડૂતોને કુલ કેટલી રકમ મળવાપાત્ર હતી, અને એમાંથી કેટલી રકમ અપાઈ છે ? | (૩) ખેડૂતોને મળવાપાત્ર કુલ રૂા. ૯,૨૦,૦૦૦/- ચૂકવવામાં આવેલ છે. જ્યારે નવી શરતના ૫% લેખે રૂા. ૪૦,૦૦૦/- સરકારશ્રીમાં જમા કરાવેલ છે. |

------------

**ડાંગ અને નવસારી જિલ્લામાં મોટા ડેમોને મંજુરી**

૧૦૧૦૨ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૫ની સ્થિતિએ ડાંગ અને નવસારી જિલ્લામાં મોટા ડેમોની મંજૂરી માટેની કાર્યવાહી કયા તબક્કે છે; અને | (૧) ડાંગ જિલ્લામાં આવેલ પાંચ તથા નવસારી જિલ્લામાં આવેલ એક સિંચાઈ યોજનાઓનું આયોજન થયેલ, જેની તા. ૧-૧-૦૫ની સ્થિતિએ મંજુરી અંગેની કાર્યવાહી નીચે મુજબ છે.<br><br>**<u>ડાંગ જિલ્લોઃ-</u>**<br>(૧) અને (૨) બારીપાડા તથા ગલકુંડ સિંચાઇ યોજનાઓને વહીવટી મંજૂરી અપાયેલ છે. વન અને પર્યાવરણ વિભાગની મંજુરી મેળવવાની કાર્યવાહી ચાલુ છે.<br><br>(૩) મનમોદી સિંચાઇ યોજનાની વહીવટી મંજુરીની દરખાસ્ત વિચારણા હેઠળ છે. જંગલની જમીન અંગે વન અને પર્યાવરણ વિભાગ સાથે પરામર્શ હેઠળ છે.<br><br>(૪) અને (૫) ચોકીયા તથા ડોડીપાડા યોજનાઓ અંગે કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગે જંગલની જમીન છૂટી કરવા અશક્તિ દર્શાવેલ હોઇ, હાથ પર લઇ શકાયેલ નથી.<br><br>**<u>નવસારી જિલ્લોઃ-</u>** |

| | |
|---|---|
| | (૬) વાસંદા તાલુકામાં કાવેરી નદી પર આવેલ ખાટાઆંબા સિંચાઇ યોજનાની બંધની પથરેખા સામે અસરગ્રસ્તોનો ભારે વિરોધ હોઇ, નવી પથરેખા મુજબ સર્વેક્ષણની કામગીરી હાથ પર છે. |
| (૨) કયા કારણસર આ કાર્યવાહી વિલંબમાં પડેલ છે ? | (૨) ડાંગ જિલ્લાની મનમોદી યોજના સિવાય અન્ય બે યોજનાઓની વહીવટી મંજુરી મળેલ છે. મનમોદી યોજનાની મંજુરી ડુબમાં જતી જમીન છુટી કરવાની કાર્યવાહી પુર્ણ થયેલ ન હોવાથી આપી શકાયેલ નથી. નવસારી જિલ્લાની ખાટાઆંબા યોજનાનું સર્વેક્ષણ ચાલુ હોય મંજુરી આપવામાં આવેલ નથી. |

------------

**બાલાસિનોર અને વીરપુર તાલુકામાં તળાવ ઉંડા કરવા અને નવા બનાવવા અંગે**

૧૦૪૬૦ **શ્રી રાજેશભાઈ પાઠક(બાલાસિનોર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર અને વિરપુર તાલુકાઓમાં નવીન તળાવ બનાવવા અંગે કુલ કેટલી અરજીઓ મળી છે, | (૧) બાલાશિનોર તાલુકો -૧<br>વિરપુર તાલુકો -૦ |
| (૨) તેમાંથી કેટલી અરજીઓને મંજુરી આપવામાં આવી છે, અને | (૨) તાંત્રિક દ્રષ્ટીએ યોગ્ય ન જણાતાં અરજી મંજુર કરવામાં આવેલ નથી. |
| (૩) બાકી રહેતી અરજીઓને સરકાર ક્યારે મંજુરી આપવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**બનાવટી સ્ટેમ્પ પેપરથી સરકારને થયેલ ખોટ**

૮૭૦૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બનાવટી સ્ટેમ્પ પેપરોના વેચાણથી સરકારને કેટલી ખોટ ગઈ, | (૧) આવા કોઈ કિસ્સા ધ્યાન પર આવેલ નથી. |
| (૨) આ બાબતે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૨) ૮ (આઠ) |
| (૩) તેની સામે કયો એકટ લગાવેલ છે ? | (૩) ઈન્ડિયન પીનલ કોડની કલમો-૨૫૮, ૨૫૯ અને ૨૬૦. |

----------
| (૧) રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા બી.પી.એલ. કુટુંબોને વિતરણ કરવામાં આવતા ઘઉં, ચોખા અને કેરોસીન કાર્ડ દીઠ કેટલા જથ્થામાં આપવામાં આવે છે, અને | (૧) રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા પ્રતિમાસ કાર્ડદીઠ ૧૪ કિલો ઘઉં તથા ૬ કિલો ચોખા આપવામાં આવે છે. તેમજ રાજ્યમાં કેરોસીનનું વિતરણ ફક્ત નોનગેસ રેશનકાર્ડ ધારકોને કાર્ડદીઠ માસિક ધોરણે નીચે મુજબ જથ્થો આપવામાં આવે છે.<br>(અ) અમદાવાદ શહેર તથા વડોદરા શહેરના કાર્ડધારકોને કાર્ડદીઠ-૧૫ લીટર.<br>(બ) અમદાવાદ જિલ્લાના (ઔડા વિસ્તાર) કાર્ડધારકોને કાર્ડદીઠ-૧૨ લીટર.<br>(ક) અન્ય તમામ વિસ્તાર/જિલ્લાઓના કાર્ડ ધારકોને કાર્ડદીઠ-૧૦ લીટર. |
| (૨) આ જથ્થાનો ભાવ શું લેવામાં આવે છે? | (૨) ઘઉં ૧૪ કિલો પૈકી ૯ કિલો જથ્થાના પ્રતિકિલો રૂા.૨/- અને ૫ કિલો જથ્થાના પ્રતિકિલો રૂા.૫/- ભાવ લેવામાં આવે છે. ચોખામાં ૬ કિલો પૈકી ૩.૫ કિલો જથ્થાનો પ્રતિકિલો રૂા.૩/- અને ૨.૫ કિલો જથ્થાનો પ્રતિકિલો રૂા.૬.૭૦ ભાવ લેવામાં આવે છે. કેરોસીન માટે પ્રતિ લીટરના રૂા.૮.૫૫ થી રૂા.૯.૭૫. |

---------

## જુનાગઢ જિલ્લામાં હિરણ-૨ ચેકડેમ-કમ-કોઝ વે બનાવવા અંગે

૮૪૭૩**શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં હિરણ-૨ ડેમસાઇટ પછી ચેકડેમ-કમ-કોઝવે બનાવવાની લેખિત માંગણી આવી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો આવી હોય તો તે અંગે સરકાર કેટલા સમયમાં કાર્યવાહી કરશે? | (૨) ચોમાસા પહેલાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## બનાસકાંઠા જિલ્લાની જળસંપત્તિ વિભાગ હસ્તકની કચેરીઓ અન્ય જિલ્લામાં ફેરવવા અંગે

૧૦૮૨૮ **શ્રી હરજીવન હી. પટેલ(ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ | |
| --- | --- | --- |
| (૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં જળસંપત્તિ વિભાગ હેઠળની કઇ કઇ કચેરીઓ અન્ય જિલ્લામાં ફેરવવામાં આવી, અને | (૧) (૧) પંચાયત મોજણી અને સંશોધન વિભાગ, પાલનપુર.<br>(૨) પંચાયત, મોજણી અને સંશોધન પેટા વિભાગ નં.૪, પાલનપુર. | કચ્છ જિલ્લામાં |
| | (૩) મુકતેશ્વર નહેર પેટા વિભાગ નં.૩, નગાણા.<br>(૪) સીપુ યોજના પુનઃ વસવાટ અને જમીન સંપાદન પેટા વિભાગ નં.૧, પાલનપુર. | મહેસાણા જિલ્લામાં |

| | |
|---|---|
| | (૫) સીપુ નહેર પેટા વિભાગ નં.૩, દાંતીવાડા. } પાટણ જિલ્લામાં |
| (૨) તેના કારણો શું છે? | (૨) ઉપરોકત પેટા વિભાગીય કચેરીઓમાં કામગીરી નહીંવત હોવાથી ક્રમ-(૧) અને (૨) આગળ જણાવેલ કચેરીઓ કચ્છ જિલ્લાના ભૂકંપ પ્રભાવિત યોજનાઓના મજબુતીકરણના કામો માટે તથા ક્રમ-(૩) (૪) અને (૫) આગળ જણાવેલ કચેરીઓ સુજલામ્ સુફલામ્ની ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની હોવાથી મુકવામાં આવેલ છે. |

---------

**બારડોલીમાં પેટ્રોલમાં ભેળસેળ અંગેની ફરિયાદ**

૧૦૧૭૩ **શ્રી હરજીવન હી. પટેલ(ધાનેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બારડોલીમાં આવેલ પેટ્રોલપંપના સંચાલક સામે ભેળસેળ અને ગેરરીતિ કરવા બદલ તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસો કરવામાં આવ્યા, | (૧) બારડોલી શહેરમાં ભેળસેળ અંગે કોઇ કેસ કરવામાં આવેલ નથી. પરંતુ ગેરરીતિ બદલ એક કેસ કરવામાં આવેલ છે. |
| (૨) ભેળસેળ અને ગેરરીતિના કેટલા કેસો બાદ પી.બી.એમ.ની કાર્યવાહી કરવામાં આવે છે, અને | (૨) પી.બી.એમ. ની કાર્યવાહી માટે ભેળસેળ અને ગેરરીતિના કેસો અંગે કોઇ માપદંડ નથી. પરંતુ આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની જાળવણી અને વિતરણ વ્યવસ્થામાં બાધક બનતા ઇસમો સામે અટકાયતના હુકમો કરવામાં આવે છે. તે સમયે કેસની ગુણવત્તા, ગંભીરતા અને જે તે ઇસમોનો અગાઉના ભૂતકાળને ધ્યાને લઇ તે ઇસમની પ્રવૃત્તિ અન્ય વૈકલ્પિક પગલાં લઇ તાત્કાલિક અસરથી અટકાવી શકાય તેમ ન હોય તેવી ખાતરી અને જાત સંતોષ થયા બાદ જ છેવટના પગલાં રૂપે પી.બી.એમ.ની કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૩) છેલ્લા બે વર્ષમાં કેટલા પી.બી.એમ.ના કેસો આ સંચાલકો સામે કરવામાં આવ્યા? | (૩) શૂન્ય. |

---------

**સાવલી તાલુકાના પીપલછટ ગામે ચેકડેમ રીપેર કરવા અંગે**

૯૧૬૩ **શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવલી તાલુકામાં પીપલછટ ગામે મેસરી નદી પર હયાત ચેકડેમ રીપેરીંગનું કામ કયારે મંજુર થયું, | (૧) તા.૨-૭-૨૦૦૩. |
| (૨) આ ચેકડેમ રીપેરીંગનું કામ જાન્યુ.-૨૦૦૫ સુધીમાં ચાલુ થયેલ નથી તેનું કારણ શું, અને | (૨) સ્થળ-સ્થિતીને અનુલક્ષીને આલેખન સંદર્ભે એમ.આઈ.પી. (સી.ડી.ઓ.), ગાંધીનગર ધ્વારા આખરી માર્ગદર્શન મેળવવાના કારણે. |
| (૩) આ ચેકડેમ રીપેરીંગનું કામ કયારે શરું થશે અને કયારે પૂર્ણ થશે ? | (૩) ઉપર મુજબ અભિપ્રાય મળ્યે, અંદાજો આખરી કરી કામ શરુ કરવામાં આવશે. |

--------

## ગ્રાહકોની છેતરપીંડી અટકાવવા અંગે

૧૦૩૧૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| વ્યાપારીઓ/કંપનીઓ ધ્વારા ગ્રાહકોની છેતરપીંડી કરવામાં ન આવે તે માટે સરકાર ધ્વારા કયા પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે ? | (૧) સરકારે ગ્રાહકોના રક્ષણ માટે કાયદાઓ ઘડેલ છે અને જરુર જણાય ત્યાં સુધારા વધારા કરેલ છે.<br>(૨) ગ્રાહકો છેતરાય નહી તે માટે-૧૯ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તથા રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની રચના કરવામાં આવેલ છે જેમાં ગ્રાહકો પોતાની ફરિયાદો દાખલ કરી શકે છે.<br>(૩) રાજ્યના તમામ ગ્રાહકોની જાગૃતિ માટે તા.૧-૭-૨૦૦૪ થી સુરક્ષા કચેરીને કાનુની માપ વિજ્ઞાન તંત્ર, અમદાવાદમાં ભેળવી દેવામાં આવેલ છે.<br>(૪) સરકાર ધ્વારા ૫૦ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા અને નાણાં સહાય આપી પ્રદર્શન/સેમીનાર/ગ્રામસભાનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.<br>(૫) ગ્રાહક સુરક્ષા વિષયને અભ્યાસ ક્રમમાં દાખલ કરવામાં આવેલ છે.<br>(૬) કન્ઝયુમર કલબની યોજના અમલમાં મુકાઈ રહેલ છે.<br>(૭) તોલમાપ / બીઆઈએસ / ખોરાક ઔષધ/ગ્રાહક સુરક્ષાના પ્રદર્શનો યોજી ગ્રાહક જાગૃતિ માટે પેમ્ફલેટોનું વિતરણ કરવામાં આવેલ છે.<br>(૮) નાના બાળકો છેતરાતાં અટકે તે માટે બાળપોથી તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે. તોલમાપ અંગે સી.ડી.તૈયાર કરવામાં આવેલ છે.<br>(૯) રાજ્યમાં નવ માહિતી કેન્દ્રો ખોલવામાં આવેલ છે.<br>(૧૦) જાગૃતિ શિબિર યોજના હેઠળ રાજ્યમાં કાર્ડ હોલ્ડરો માટે જિલ્લાદીઠ રૂા. ૫૦,૦૦૦/-ના ખર્ચનું આયોજન કરી પ્રદર્શન સેમીનાર યોજવામાં આવેલ છે.<br>(૧૧) ૧૫ મી માર્ચ વિશ્વ ગ્રાહક સુરક્ષાદિન તથા ૨૪મી ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષાદિન નિમિતે રેડિયો, ટી.વી, ભવાઈ, દૈનિકપત્રો ધ્વારા માહિતી આપવામાં આવે છે.<br>(૧૨) ક્રેડિટ કાર્ડ, દુધની ડેરી, ગ્રાહક સુરક્ષા કાયદાઓ અંગે નિષ્ણાત વ્યકિતઓની મદદ લઈ સુચનો મેળવવામાં આવે છે.<br>(૧૩) ૧૫ મી માર્ચ-૨૦૦૪ ના રોજ કાયમી માન્યતા પ્રાપ્ત મંડળોએ ઉજવણી પેટે કરેલ ખર્ચ માટે મંડળોને વધુમાં વધુ રૂા.૫,૦૦૦/- ની નાણાં સહાય આપવામાં આવી.<br>(૧૪) તોલમાપ તંત્ર ધ્વારા ૨,૧૧,૭૯૪ તપાસો કરી ૧૫૬૧૩ કેસો કરવામાં આવ્યા છે અને રૂા.૫૪.૬૨ લાખ ગુન્હા માંડવાળ ફી તરીકે વસૂલ કરવામાં આવેલ છે. |

----------

**ગંભીર રોગના દર્દીને મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સહાય**

૧૦૧૧૯ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ રાજ્યમાં હ્રદય રોગ, કેન્સર તેમજ અન્ય ગંભીર બિમારીઓમાં મુખ્યમંત્રી રાહતફંડમાંથી આર્થિક અને નબળા વર્ગના કેટલા લોકોને છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાઈઝ કેટલી સહાય કરવામાં આવી, અને

(૨) તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં તાલુકા વાઈઝ કેટલી આર્થિક સહાય કરવામાં આવી ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં જિલ્લા વાઈઝ કુલ ૧૫૧૯ લોકોને રૂા.૬,૧૯,૯૭,૧૨૫/-ની સહાય મંજુર કરવામાં આવેલ છે.
(જિલ્લાવાઈઝ પત્રક-અ સામેલ છે.)

(૨) તાલુકા વાઈઝ કુલ રૂા.૧૪,૮૮,૦૦૦/-ની આર્થિક સહાય મંજુર કરવામાં આવેલ છે.
(તાલુકા વાઈઝ પત્રક-બ સામેલ છે.)

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લા | મંજૂર કરેલ કેસની સંખ્યા | મંજૂર કરેલ સહાય રૂા. |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૩૬ | ૧,૩૭,૧૦,૦૦૦ |
| ૨ | અમરેલી | ૭૪ | ૩૧,૪૮,૦૦૦ |
| ૩ | આણંદ | ૨૨ | ૭,૩૪,૦૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૩૭ | ૧૪,૮૮,૦૦૦ |
| ૫ | ભરુચ | ૨૨ | ૮,૦૪,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૧૦૬ | ૪૦,૯૫,૦૦૦ |
| ૭ | દાહોદ | ૧૦ | ૫,૧૭,૦૦૦ |
| ૮ | ગાંધીનગર | ૮૪ | ૪૬,૬૦,૧૨૫ |
| ૯ | જામનગર | ૪૭ | ૨૧,૫૪,૦૦૦ |
| ૧૦ | જુનાગઢ | ૯૯ | ૩૬,૬૧,૦૦૦ |
| ૧૧ | ખેડા | ૨૧ | ૯,૮૩,૦૦૦ |
| ૧૨ | કચ્છ | ૧૭ | ૮,૯૦,૦૦૦ |
| ૧૩ | મહેસાણા | ૮૬ | ૩૪,૯૯,૦૦૦ |
| ૧૪ | નર્મદા | ૩ | ૧,૫૮,૦૦૦ |
| ૧૫ | નવસારી | ૨૬ | ૮,૭૬,૦૦૦ |
| ૧૬ | પંચમહાલ | ૨૪ | ૯,૮૩,૦૦૦ |
| ૧૭ | પાટણ | ૨૧ | ૬,૮૪,૦૦૦ |
| ૧૮ | પોરબંદર | ૧૭ | ૮,૦૫,૦૦૦ |
| ૧૯ | રાજકોટ | ૬૯ | ૩૨,૮૫,૦૦૦ |
| ૨૦ | સાબરકાંઠા | ૩૯ | ૧૩,૯૯,૦૦૦ |
| ૨૧ | સુરત | ૨૫૧ | ૮૭,૬૧,૦૦૦ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૩૮ | ૧૫,૯૫,૦૦૦ |
| ૨૩ | વડોદરા | ૫૩ | ૨૪,૩૩,૦૦૦ |
| ૨૪ | વલસાડ | ૧૭ | ૬,૭૫,૦૦૦ |
| ૨૫ | ડાંગ | ૦ | ૦ |
| | **કુલ :** | **૧૫૧૯** | **૬,૧૯,૯૭,૧૨૫** |

**પત્રક-બ**

**બનાસકાંઠા જિલ્લો :**

| ક્રમ | તાલુકાનું નામ | ચુકવેલ આર્થિક સહાય રૂા. |
|---|---|---|
| ૧ | દાંતા | ૬૩,૦૦૦ |
| ૨ | ડીસા | ૨,૨૮,૦૦૦ |
| ૩ | ધાનેરા | ૨,૭૮,૦૦૦ |

| | | |
|---|---|---|
| ૪ | પાલનપુર | ૪,૨૮,૦૦૦ |
| ૫ | વડગામ | ૧,૪૩,૦૦૦ |
| ૬ | દાંતીવાડા | ૨૬,૦૦૦ |
| ૭ | દીયોદર | ૬૬,૦૦૦ |
| ૮ | અમીરગઢ | ૧,૦૦,૦૦૦ |
| ૯ | કાંકરેજ | ૮૩,૦૦૦ |
| ૧૦ | થરાદ | ૫૩,૦૦૦ |
| ૧૧ | વાવ | ૨૦,૦૦૦ |
| ૧૨ | ભાભર | -- |
| | **કુલ :** | **૧૪,૮૮,૦૦૦** |

------

**મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું આયોજન**

૧૦૮૭૦ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું શું આયોજન છે, અને

(૨) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ક્ષાર પ્રવેશ નિયંત્રણના કામો આવરી લેવાનું આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં રૂા.૨૮.૯૦ કરોડના ખર્ચે ૧૪૫ મોટા ચેકડેમો અને દાહોદ જિલ્લામાં રૂા.૧૩.૧૮ કરોડના ખર્ચે ૬૩ મોટા ચેકડેમો બનાવવાનું આયોજન છે.

(૨) વિચારણા હેઠળ છે.

------

**સરકારી જમીન ગ્રાન્ટ કરતી વખતે લેવાની કિંમતના ધોરણોમાં તફાવત**

૧૦૩૩૪**શ્રી દીનુભાઈ બો. સોલંકી(કોડીનાર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સરકારી જમીન મહાનગરપાલિકા અને નગરપાલિકાને ગ્રાન્ટ કરવા અંગે કિંમત લેવાના ધોરણોમાં તફાવત છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આવો ભેદભાવ દૂર કરવા સરકાર શું પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સાંત્થલી સિંચાઇ યોજનાની કામગીરી**

૮૫૧૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સાંત્થલી સિંચાઇ યોજનાની કામગીરી તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ યોજના ક્યારે પૂર્ણ કરવામાં આવશે અને કુલ કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) યોજના અહેવાલ કક્ષાએ.

(૨) યોજના તાંત્રિક રીતે યોગ્ય અને પોષણક્ષમ જણાયે વહીવટી મંજુરી મેળવીને યોજના પૂર્ણ કરવાનું આયોજન છે. પ્રથામિક અંદાજ પ્રમાણે રૂા.૪૭૫૮ લાખનો રહેલ છે.

--------

**સાબરકાંઠા જિલ્લામાં ફ્લોરાઇડ મુકત પીવાનું પાણી**

૧૦૮૩૩ **શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ફ્લોરાઇડ મુકત પાણી આપવા માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે,

(૨) આ યોજનાની વિગતો શું છે, અને

**જવાબ**

(૧) નર્મદા નહેર અને સિંચાઇ જળાશયો આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાઓ, સ્વતંત્ર પાઇપ પાણી પુરવઠા યોજનાઓ તથા રીચાર્જીંગ યોજનાઓનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) સુજલામ્-સુફલામ્ યોજના અંતર્ગત નર્મદા મેઇન કેનાલ આધારિત સિંચાઇ વિભાગના તળાવ, વાત્રક ડેમ, માઝુમ ડેમ, મેશ્વો ડેમ અને હાથમતી ડેમ

ભરી તેનું પાણી લઇ ફિલ્ટર કરી ડીસ્ટ્રીબ્યુશન પાઇપ લાઇન દ્વારા લાભાર્થી ગામોને પીવાનું પાણી આપવાની યોજના છે. તથા રીચાર્જીંગ કાર્યક્રમ અંતર્ગત ભૂગર્ભ ચેકડેમ નદીનાળા પ્લગીંગ, રીચાર્જ બોર તથા ચેકડેમ બનાવવાનું આયોજન છે.

(૩) આ યોજનાથી કેટલા ગામોને પાણી મળશે?

(૩) ૧૧૭૦ ગામોને.

--------

### રાજ્યના જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમો રચવા અંગે

૧૦૮૫૮ **શ્રી કાંતિભાઇ ત્રિ. ભીલ(નસવાડી) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) નવા જિલ્લામાં ગ્રાહકોને સ્થાનિક રીતે ન્યાય મળી રહે તે માટે સરકારે કોઇ વિચારણા કરી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) નવ રચિત જિલ્લાઓના મૂળ જિલ્લામાં કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ ફોરમો મહિનામાં અમુક ચોક્કસ દિવસોએ સ્થાનિક રીતે કેસો ચલાવે તેવું આયોજન કરેલ છે.

(૨) જે જિલ્લામાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે તેવા નવા જિલ્લાઓ પૈકીના જિલ્લાઓમાં જિલ્લા ફોરમ સ્થાપવાનું આયોજન કરેલ છે.

--------

### જામનગર જિલ્લામાં બે ગુંઠા જમીન મેળવવાની અરજીઓ

૧૦૭૧૮ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા(જામજોધપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ખેડૂતો તરફથી ઓરીયા અને પાઇપલાઇન નાખવા માટે બે ગુંઠા જમીન મેળવવા અંગેની કેટલી અરજીઓ તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, કેટલી નામંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) બાકી રહેલ અરજીઓ કેટલા સમયમાં મંજૂર કરી આપવામાં આવશે અને બાકી રહેવાના શું કારણો છે?

**જવાબ**

(૧) ૬૯૭.

(૨) ૧૬૫ મંજૂર, ૪૫૧ નામંજૂર.

(૩) બાકી રહેલ અરજીઓનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરવામાં આવશે.

<u>બાકી રહેવાના કારણો</u>

- અરજદારો તરફથી અધુરી વિગતો મળેલ હોય,
- આધાર પુરાવા ન હોય,
- સ્થળતપાસ બાકી હોય વગેરે.

--------

### અમદાવાદ શહેરમાં ગેસ સીલીંડરોની ખેંચ

૧૦૮૮૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧.૧.૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક માસમાં ગેસના સિલિન્ડરની ઘર વપરાશમાં ખેંચ ઉભી થઇ હતી તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકારના જાહેર સાહસોની ઓઇલ કંપનીઓ દ્વારા રાંધણગેસનો દુરુપયોગ અટકાવવાના હેતુસર ગેસ ધારકોની ખરેખર જરુરિયાતને લક્ષમાં લઇ બે સીલીન્ડરોની ડીલીવરી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસનો રાખવાની અમલવારી ડિસેમ્બર-૨૦૦૪ના માસથી શરુ કરવામાં આવતાં, ગેસધારકોને બીજું ગેસ

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | સીલીન્ડર મોડું ન મળે તે હેતુથી તૂર્ત જ બીજા સીલીન્ડરના બુકીગ કરાવવાની માનસિકતાના લીધે ગેસ સીલીન્ડરના બુકીંગમાં એકાએક વૃધ્ધિ થવાથી તેમજ શિયાળો અને લગ્નની ઋતુ ચાલતી હોવાથી પણ ગેસ સીલીન્ડરોની માંગ સામાન્ય કરતાં વધારે રહેવાથી સીલીન્ડરોના બુકીંગમાં વધારો થવાના કારણે. |
| (૩) સરકારે શાં પગલાં લીધા? | (૩) (અ) ઓઇલ કંપનીઓ સાથે બેઠકો યોજી સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની ઉપલબ્ધિ માટે બેકલોગ ઘટાડવા વિતરણ પ્રણાલિ સુવ્યવસ્થિત કરવા સૂચના આપી અને તેનું મોનીટરીંગ કરવામાં આવે છે. તેમજ તા.૩૧-૧૨-૦૪ના પરિપત્રથી વિવિધ સૂચનાઓ બહાર પાડીને ૨૧ દિવસના સમયગાળાના બદલે ૧૫ દિવસનો સમયગાળો બીજા ગેસ સીલીન્ડરની નોંધણી કરવા માટે નક્કી કરવામાં આવેલ છે.<br>(બ) રાંધણગેસનો દુરુપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, હોટલ જેવા વ્યાપારી અને ઔદ્યોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવે છે અને કસુરવાર સામે કાયદાનુસાર કાર્યવાહી કરવામાં આવે છે. |

--------

## ડાંગ જિલ્લામાં સસ્તા અનાજની ફરતી દુકાનો

૧૦૧૦૩ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં પર્વતાળ અને આંતરીયાળ વિસ્તારોમાં સરકાર માન્ય સસ્તા અનાજની ફરતી દુકાનો તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલી છે, અને | (૧) ૩૧-૧-૦૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ફરતી દુકાનો કાર્યરત નથી. |
| (૨) જરુરીયાત મુજબ સરકાર વધારે ફરતી અનાજની દુકાનો શરુ કરવા માંગે છે કે કેમ? | (૨) ના, જી. |

--------

## નમનાર અને ખેરોલી જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ ટાંકીઓ બનાવવા અંગે

૧૦૬૯૫ **શ્રી રાજેશભાઈ પાઠક(બાલાસિનોર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નમનાર જૂથ પાણી પુરવઠા યોજના અને ખેરોલી જૂથ પાણી પુરવઠા યોજનામાં કુલ કેટલી ટાંકીઓ મંજૂર થઈ છે, | (૧) એકપણ નહીં. |
| (૨) તેમાંથી કેટલી બનાવી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલી પાણીની ટાંકીઓ કયાં સુધી બનાવવા માંગો છો, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) સંપ, પાણીની ટાંકીઓ અને પાઈપ લાઈનના કામ જે પૂર્ણ થઈ ગયા છે તે કામોની ગુણવત્તાની ખાત્રી કરવામાં આવી છે કે કેમ? | (૪) હા, જી. |

----------

## ખેડા જિલ્લાના ગૌચર જમીન ખેડૂતોને આપવા અંગે

૮૭૦૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં અતિ પછાત ખેડૂતોને ગૌચરની જમીન આપવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) ના, જી. |

| | |
|---|---|
| (૨) કયા તાલુકામાં કેટલી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તાલુકાવાર, ગામવાર કેટલા ખેડૂતોને લાભ આપેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

## સુરત જિલ્લામાં સ્ટેમ્પ ડયુટીની કામગીરી અંગે

૧૦૩૫૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ સ્ટેમ્પ ડયુટીની કામગીરી માટે સુરત જિલ્લામાં વર્ગ-૧-૨ અને ૩ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) વર્ગ-૧ ૨ જગ્યા<br>વર્ગ-૨ શુન્ય<br>વર્ગ-૩ ૨૧ જગ્યા |
| (૨) તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ છે, | (૨) વર્ગ-૧ ૨ જગ્યા<br>વર્ગ-૩ ૧૮ જગ્યા |
| (૩) કલમ-૩૨(ક) હેઠળ તા. ૩૧-૧૨-૦૪ની પરિસ્થિતિએ કેટલા દસ્તાવેજો પડતર હતા, તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા દસ્તાવેજો પરત કરવામાં આવ્યા, અને | (૩) તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિની આગળના છેલ્લા બે વર્ષમાં ૫૬૪૧૨ કેસો પડતર હતા. તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ ૨૧૦૨૨ કેસો પડતર રહેલ છે. છેલ્લા બે વર્ષમાં ૩૫૩૯૦ કેસો પરત કરેલ છે. |
| (૪) આ કલમ હેઠળ કેટલી આવક થઈ અને મહેકમ પાછળ કેટલો ખર્ચ થયો ? | (૪) આ કલમ હેઠળ સુરત જિલ્લામાંથી વર્ષ એપ્રિલ-૨૦૦૪ થી ડીસેમ્બર-૨૦૦૪ સુધી કુલ રૂપિયા ૨૦૬૮.૪૮ લાખ આવક થયેલ છે. અને આ સમયગાળા દરમ્યાન સ્ટેમ્પ ડયુટીના મહેકમ પેટે કુલ રૂપિયા ૧૪,૩૫,૬૭૦નો ખર્ચ થયો. |

----------

## અમદાવાદ શહેરમાં કેરોસીનનો પૂરતો જથ્થો ફાળવવા અંગે

૮૦૬૩ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં દરેકને પૂરતું કેરોસીન મળે તેમ કરવા શું આયોજન કરેલ છે, અને | (૧) અમદાવાદ શહેરમાં દરેક પાત્ર કાર્ડધારકોને નિયમિત રીતે સરળતાથી પૂરતું કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી રાખવામાં આવી છે. તેમજ ગેસ જોડાણ ધરાવતાં રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પૂરેપૂરૂં કરાવવાનું આયોજન કરેલ છે. |
| (૨) પ્રતિ માસ અમદાવાદ શહેરમાં દરેક કાર્ડ ધારકને (ગેસ સિવાયના) કેટલું કેરોસીન આપવામાં આવે છે ? | (૨) ૧૫ લીટર. |

----------

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં કેસોનો ભરાવો

૧૦૮૮૩ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને જિલ્લા ફોરમો હસ્તકના કેસોનો મોટી સંખ્યામાં ભરાવો થયેલ છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેસોના ઝડપી નિકાલ માટે શું આયોજન કરવામાં આવેલ છે ? | (૨)<br>(૧) જે જિલ્લાઓમાં કેસોનું પ્રમાણ વધુ હોય, તેના નજીકના જિલ્લાના ફોરમને કાયદાની જોગવાઈ મુજબ કમિશન દ્વારા કેસો ટ્રાન્સફર કરવામાં આવેલ છે.<br>(૨) પ્રમુખ/મેમ્બરની જગ્યાઓ ખાલી ન રહે તેની તકેદારી રાખવામાં આવેલ છે. |

(૩) રાજ્ય કમિશન માટે વધારાની સરકીટ બેંચની રચના કરવામાં આવેલ છે.
(૪) રાજ્યના મોટા શહેરો માટે વધારાના ફોરમ સ્થાપવા આયોજન કરેલ છે.

----------

**અમદાવાદ જિલ્લાના ગામોમાં શુદ્ધ પીવાનું પાણી આપવા બાબત**

૧૦૮૯૪ **શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી(ઘોઘા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ, બાવળા, ધોળકા અને સાણંદ તાલુકાના તળના પાણીમાં વધુ પડતી ખારાશ હોવાથી આ ગામને શુદ્ધ પીવા લાયક પાણી મળે તે માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શું છે, અને | (૨) ધોળકા તાલુકાના ૩૫ ગામોને મહી/નર્મદાનું પાણી વિતરણ કરવામાં આવે છે. વિરમગામ તાલુકાના તમામ ૬૬ ગામો, બાવળા તાલુકાના તમામ ૪૫ ગામો, ધોળકા તાલુકાના બાકીના ૩૫ ગામો તથા સાણંદ તાલુકાના તમામ ૬૬ ગામોને સુજલામ-સુફલામ કાર્યક્રમ અંતર્ગત નર્મદા કેનાલ આધારિત વિવિધ બ્રાન્ચ કેનાલમાંથી પાણી મેળવી, શુદ્ધીકરણ કરી વિતરણ કરવાનું આયોજન છે. |
| (૩) આ યોજનાનો અમલ કયારે શરૂ થશે અને કયારે પૂર્ણ થશે ? | (૩) માહે જુલાઈ-૨૦૦૪માં કામો શરૂ કરવામાં આવેલ છે. અને ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

----------

**રાજ્યમાં ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વેગ આપવા અંગે**

૧૦૧૨૮ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વેગ મળે તે માટે સરકારે શાં પગલાં લીધાં છે ? | (૧) રાજ્યના તમામ ગ્રાહકોની જાગૃતિ માટે તા. ૧-૭-૨૦૦૪થી ગ્રાહક સુરક્ષા કચેરીને કાનુની માપ વિજ્ઞાન તંત્ર, અમદાવાદમાં ભેળવી દેવામાં આવેલ છે.<br>(૨) સરકાર દ્વારા ૫૦ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા અને નાણાં સહાય આપી પ્રદર્શન/ સેમીનાર/ગ્રામસભાનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.<br>(૩) ગ્રાહક સુરક્ષા વિષયને અભ્યાસ ક્રમમાં દાખલ કરવામાં આવેલ છે.<br>(૪) રાજ્યમાં આશરે-૨૫૦ (બસો પચાસ) કન્ઝુમર કલબો ખોલવાની યોજના અમલમાં મુકાઈ રહેલ છે.<br>(૫) તોલમાપ/બીઆઈએસ/ખોરાક ઔષધ/ગ્રાહક સુરક્ષાના પ્રદર્શનો યોજી ગ્રાહક જાગૃતિ માટે પેમ્ફેલેટોનું વિતરણ કરવામાં આવેલ છે.<br>(૬) નાના બાળકો છેતરાતાં અટકે તે માટે બાળપોથી તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે. તોલમાપ અંગે સી.ડી. તૈયાર કરવામાં આવેલ છે<br>(૭) ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક સુરક્ષાદિન તથા ૨૪મી ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષાદિન નિમિત્તે રેડિયો, ટી.વી., ભવાઈ, દૈનિક પત્રો દ્વારા માહિતી આપવામાં આવે છે. |

(૮) ક્રેડિટ કાર્ડ, દુધની ડેરી, ગ્રાહક સુરક્ષા કાયદાઓ અંગે નિષ્ણાત વ્યક્તિઓની મદદ લઈ સુચનો મેળવવામાં આવે છે.
(૯) ગ્રાહકોને જરૂરી માહિતી ઉપલબ્ધ થાય તે માટે રાજ્યમાં નવ માહિતી કેન્દ્રો ખોલવામાં આવેલ છે.
(૧૦) જાગૃતિ શિબિર યોજના હેઠળ રાજ્યનાં કાર્ડ હોલ્ડરો માટે જિલ્લાદીઠ રૂપિયા ૫૦,૦૦૦ના ખર્ચનું આયોજન કરી પ્રદર્શન/સેમીનાર યોજવામાં આવેલ છે.

----------

## બી.પી.એલ. કાર્ડ ધારકોને એ.પી.એલ. કાર્ડ આપવા અંગે

૧૦૭૦૩ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બી.પી.એલ. કાર્ડ ધારક પરિવાર જ્યારે જુદુ પડે છે, ત્યારે નવા કાર્ડ એ.પી.એલ.ના જ આપવામાં આવે છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) આના લીધે ગરીબ માણસોને અનાજનો પુરવઠો રાહત ભાવે મળતો નથી, તો સરકાર ગરીબોને રાહત દરે અનાજનો પુરવઠો આપવા માંગે છે કે કેમ? | (૨) ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ નવી બી.પી.એલ. યાદીઓ તૈયાર કરવાનું કામ ગ્રામ વિકાસ વિભાગ/ શહેરી વિકાસ વિભાગ દ્વારા ચાલુમાં છે. આ યાદીઓ તૈયાર થયાં બાદ આ યાદીઓમાં સમાવેશ થયેલ ગરીબોને નવા બી.પી.એલ. કાર્ડ આપવામાં આવશે. |

----------

## નાગરિક પુરવઠા ખાતા હસ્તકની વર્ગ-૧ તથા વર્ગ-૨ની જગ્યાઓ

૧૦૧૧૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાગરિક પુરવઠા ખાતા હસ્તકની વર્ગ-૧ તથા વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ખાલી છે, | (૧) વર્ગ-૧માં ૧૦ તથા વર્ગ-૨માં ૧૦ જગાઓ મળી કુલ ૨૦ જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ જગ્યાઓ પ્રમોશનથી ભરવાની કાર્યવાહી હાલ કયા સ્ટેજે છે, અને | (૨) વર્ગ-૧માં બઢતીથી ભરવાપાત્ર ૪ જગ્યાઓ છે તથા વર્ગ-૨માં ૪ જગ્યાઓ છે. આ જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગના પરામર્શ હેઠળ છે. |
| (૩) ક્યારે જગ્યાઓ પ્રમોશનથી ભરવામાં આવનાર છે? | (૩) ટૂંક સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવનાર છે. |

----------

## ગારિયાધર તાલુકામાં સિંચાઈ યોજના

૧૦૪૬૩ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ ગારીયાધર તાલુકામાં એક પણ નાની, મોટી કે મધ્યમ સિંચાઈ યોજના નથી અને એક પણ એકર જમીનમાં સિંચાઈ થઈ શકતી નથી, તે વાત સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ તાલુકો સિંચાઈથી વંચિત ન રહે તેના માટે સરકાર ધ્વારા કોઈ નક્કર આયોજન કરેલ છે કે કેમ ? | (૨) હા, જી.<br>ખોડવદરી સિંચાઈ યોજનાના અન્વેષણ હાથ ધરવામાં આવેલ છે તેમજ સહભાગી ધોરણ ચેકડેમ બાંધવા આયોજન કરવામાં આવેલ છે. |

-----------

**ગ્રાહક સુરક્ષા અંગેના પગલાં**

૧૦૮૬૯ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા) :માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રાહકોના હિતોની જાળવણી માટે કાયદા, નિયમોની ગ્રાહકોને જાણકારી મળે તે માટે તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં શું પગલાં લીધેલ છે ? | (૧) (૧) રાજ્યના તમામ ગ્રાહકોની જાગૃતિ માટે તા. ૧-૭-૦૪થી ગ્રાહક સુરક્ષા કચેરીને કાનુની માપ વિજ્ઞાન તંત્ર, અમદાવાદમાં ભેળવી દેવામાં આવેલ છે.<br><br>(૨)સરકાર ધ્વારા ૫૦ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા અને નાણાં સહાય આપી પ્રદર્શન/સેમીનાર, ગ્રામસભા યોજવા માટે જણાવેલ છે.<br>(૩)ગ્રાહક સુરક્ષા વિષયને અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલ છે.<br>(૪)રાજ્યમાં આશરે ૨૫૦(બસો પચાસ) કન્ઝયુમર કલબો ખોલવાની યોજના અમલમાં મુકાઈ છે.<br>(૫)તોલમાપ/બીઆઈએસ/ખોરાક ઔષધ/ ગ્રાહક સુરક્ષાના પ્રદર્શનો યોજી ગ્રાહક જાગૃતિ માટે પેમ્ફલેટોનું વિતરણ કરવામાં આવેલ છે.<br>(૬)નાના બાળકો છેતરાતાં અટકે તે માટે બાળપોથી તૈયાર કરી વિતરણ કરવામાં આવેલ છે આ અંગેની સી.ડી. તેયાર કરવામાં આવેલ છે.<br>(૭)૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક સુરક્ષા દિન તથા ૨૪મી ડિસેમ્બર રાષ્ટ્રિય ગ્રાહક સુરક્ષાદિન નિમિત્તે રેડિયો, ટી.વી.ભવાઈ, દૈનિક પત્રો દ્વારા માહિતી આપવામાં આવે છે.<br>(૮)ક્રેડીટકાર્ડ, દુધની ડેરી, ગ્રાહક સુરક્ષા કાયદાઓ અંગે નિષ્ણાંત વ્યક્તિઓનાં સુચનો મેળવવામાં આવે છે.<br>(૯)તોલમાપ તંત્ર દ્વારા, ૨,૧૧,૭૯૪ તપાસો કરી ૧૫૬૧૩ કેસો કરવામાં આવ્યા છે અને રૂા. ૫૪.૬૨ લાખ ગુન્હા માંડવાળ ફી તરીકે વસૂલ કરવામાં આવેલ છે. |

----------

**દક્ષિણ ભારતના સુનામી પ્રભાવિત રાજ્યોને રાજ્ય સરકાર તરફથી સહાય**

૮૨૬૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૧-૦૫ની સ્થિતિએ દક્ષિણ ભારતમાં વ્યાપક સુનામીના તોફાનોના કારણે વ્યાપેલ તબાહી સામે રાજ્ય સરકારે કેટલી રકમની સહાયતાની જાહેરાત કરી, | (૧) સહાયતાની જાહેરાત કરી નથી. પરંતુ માન. મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી તામીલનાડુ રાજ્યને રૂા. ૫ કરોડ, આંદામાન-નિકોબારને રૂા. ૨ કરોડ, આંધ્ર પ્રદેશ રૂા. ૧ કરોડ પાંડીચેરીને રૂા. ૧કરોડની સહાય આપવામાં આવી છે. |
| (૨) આ રાહત રકમનો ચેક-તથા અન્ય સામગ્રી સાથે રાહત પ્રતિનિધી મંડળમાં કોનો કોનો સમાવેશ થયેલ, અને | (૨) મોકલેલ ત્રણ પ્રતિનિધી મંડળોમાં નીચે દર્શાવેલ સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે.<br>(૧) માન.મંત્રીશ્રી-કાયદો અને ન્યાય<br>(૨) અગ્રસચિવશ્રી-અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>(૩) માનનીય ધારાસભ્યશ્રી ડૉ. જીતુભાઈ પટેલ<br>(૪) સંયુક્ત મુખ્ય કારોબારી અધિકારી ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી<br>(૫) સ્ટેટ ડિઝાસ્ટર નેટવર્ક (યુ.એન.ડીપી)ના ટીમ લીડર<br>(૬) આંદામાન-નિકોબાર માટે હેમ રેડીયોની ૧૦ સભ્યો ટીમ, |

(૩) કેટલી સામગ્રી મોક્લવામાં આવી ?

(૩) રોજિંદી વપરાસની ચીજ વસ્તુઓ, અનાજની કીટ, દવાઓ,બટાટા ડુંગળી મળી અંદાજે ૩૨૩૮ ટન રાહત સામગ્રી રસ્તા, રેલ્વે તથા હવાઈ માર્ગે મોકલવામાં આવી હતી.

---------

**ડીસા તાલુકામાં પીવાના પાણીની યોજના**

૧૦૪૭૬ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ડીસા તાલકામાં તા.૩૧-૦૧-૦૫ની સ્થિતિએ કેટલા ગામોમાં પીવાના પાણીની સુવિધા નથી, અને

(૨) આ ગામોને પીવાનું પાણી મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) ૪ ગામોએ

(૨) નવીન બોર આધારિત પાણી પુરવઠા યોજના મંજુર કરેલ છે.

----------

**જામનગર જિલ્લામાં ચેકડેમો**

૧૦૦૯૭ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ(કાલાવડ) :માનનીય જળસંપતિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૪ દરમ્યાન સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ચેકડેમો માટે તાલુકાસહ કેટલી અરજીઓ આવેલ,

(૨) કુલ કેટલા ચેકડેમો કરવામાં આવેલ છે, અને

(૩) કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | અરજીઓની સંખ્યા |
|---|---|
| ધ્રોળ | ૧૨ |
| જોડીયા | ૧૦ |
| જામનગર | ૩ |
| લાલપુર | ૦ |
| કાલાવાડ | ૨૨ |
| જામજોધપુર | ૨ |
| ભાણવડ | ૦ |
| કલ્યાણપુર | ૫ |
| ખંભારીયા | ૫ |
| દ્વારકા | ૦ |
| કુલ | ૫૯ |

(૨) કુલ ૭૦ ચેકડેમો

(૩) કુલ ૯૪.૦૨ લાખ

----------

**નર્મદા નદી પર ચેકડેમ કમ કોઝવે બાંધવા અંગે**

૧૦૩૨૩ **શ્રી છત્રસિંહ પૂં. મોરી(જંબુસર) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ભરૂચની નર્મદાનદી ઉપર ચેકડેમ કમ કોઝવેની માગણી મળી છે કે કેમ,

(૨) હાલમાં આ ચેકડેમની કાર્યવાહી કયા તબ્બકામાં છે, અને

(૩) આ કામ ક્યાં સુધીમાં મંજુર કરવામાં આવશે?

**જવાબ**

(૧) નર્મદા નદીમાં દરિયાના પાણી પ્રવેશતા અટકાવવા માટે આડબંધ કમ કોઝવે બાંધવા માટેની રજુઆત મળેલ છે.

(૨) ઉપરોક્ત આડબંધના આલેખન માટે જરૂરી પ્રાથમિક તાંત્રિક સર્વેક્ષણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૩) આગામી વર્ષમાં આ કામ મંજુર કરવામાં આવશે.

----------

**પેટ્રોલ અને ડીઝલમાં ભેળસેળની તપાસ**

૧૦૧૩૭ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ પકડવા સરકાર દ્વારા નિયમિત રીતે કેટલા પેટ્રોલ/ડીઝલ પંપોની તપાસ કરી છે ? | વર્ષ-૨૦૦૩માં ૧૩૯૦ તથા વર્ષ-૨૦૦૪માં ૧૪૦૨ મળી કુલ :- ૨૭૯૨ તપાસો કરવામાં આવી. |

----------

**નવા જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ અંગે આયોજન**

૧૦૩૩૦ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવા રચાયેલા જિલ્લાઓમાં ગ્રાહકોને સ્થાનિક રીતે ન્યાય મળી રહે તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) (૧) નવા રચિત જિલ્લાઓના મૂળ જિલ્લામાં કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ ફોરમો મહિનામાં અમુક ચોક્કસ દિવસોએ સ્થાનિક રીતે કેસો ચલાવે તેવુ આયોજન વિચારણા હેઠળ છે.<br>(૨) જે જિલ્લામાં પડતર કેસોનું પ્રમાણ વધારે છે તેવા નવા જિલ્લાઓ પૈકીના જિલ્લાઓમાં જિલ્લા ફોરમ સ્થાપવાની બાબત વિચારણામાં છે. |
| (૩) જો ના, તો તેના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------

**ગાંધીનગર જિલ્લાના સરગાસણ ખાતે બિનબદલીપાત્ર સરકારી કર્મચારીઓને ફાળવેલ જમીનમાં દબાણ**

૮૨૪૪ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં મહેસુલ વિભાગ દ્વારા બિનબદલીપાત્ર કમર્ચારીઓને રહેણાંક હેતુસર પ્લોટ ફાળવણી કરવામાં આવેલ છે તે પૈકી સેતુબંધ કો.ઓ. સોસાયટી સરગાસણને પણ જમીન ફાળવવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સોસાયટીને જમીન સર્વે નં.૨૯ માં અન્ય કો.ઓ.સોસાયટી દ્વારા દબાણ કરવામાં આવેલ છે તે સરકાર જાણે છે ખરી, | (૨) હા, જી. |
| (૩) તે સરકાર દૂર કરાવવા માંગે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં ? | (૪) જમીન મહેસુલ કાયદાની કલમ-૨૦૨ હેઠળની ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયેથી સત્વરે દબાણ દૂર કરાવવામાં આવશે. |

--------

**બારેજા સબ ડિવિઝન કચેરી બંધ કરવા અંગે**

૧૦૪૮૫ **શ્રી રાકેશ રાવ(માતર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૦૫ની સ્થિતિએ અમદાવાદ સિંચાઇ વર્તુળ કચેરીમાંથી બારેજા સબડિવીઝનની કચેરી બંધ કરી તેની કામગીરી ખેડા જિલ્લાની વર્તુળ કચેરીમાં ભેળવી દીધી હોવાની હકીકત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) આ કચેરી નડીયાદ હોઇ આ વિસ્તારના | (૨) ફરીયાદ મળી છે. |

| | |
|---|---|
| ખેડૂતોને કચેરીનો સંપર્ક સાધવામાં ઘણી તકલીફ પડતી હોવાની ફરીયાદ મળી છે, અને | |
| (૩) સિંચાઇ વિભાગ આ કચેરી ખેડા જિલ્લાના જ તાબામાં બારેજા મુકામે અથવા કાજીપુરા મુકામે અથવા માતર કચેરી સાથે જોડી દઇ કાર્યરત કરવા માંગે છે કે કેમ ? | (૩) વિચારણા હેઠળ છે. |

--------

## હળવદ તાલુકામાં ખારી-૨ સિંચાઇ યોજનાનું આયોજન

૮૨૧૦ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હળવદ તાલુકામાં ખારી-૨ સિંચાઇ યોજના બનાવવા માટે રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) હળવદ તાલુકામાં ખારી-૨ સિંચાઇ યોજનાના વિકલ્પ કુલ ૭ (સાત) વિયરો કંકાવટી નદી પર બાંધવાનું આયોજન સરકારશ્રી દ્વારા થયેલ છે. |
| (૨) જો હા, તો આ ખારી-૨ યોજના માટે હાલ ક્યા તબક્કે કામગીરી ચાલુ છે ? | (૨) ઉપર મુજબના ૭ (સાત) વિયરો હાલ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

--------

## રાજ્યમાં ગામ નમુના નં.૭/૧૨ અને ૮-અ નું કોમ્પ્યુટરાઇઝેશન કરવા અંગે

૧૦૮૫૦ **શ્રી બિમલ શાહ(કપડવંજ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં ગામ નમુના નં.૮-અ તથા ૭/૧૨નું કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા જી, રાજ્યના ૩૩ ગામોને બાદ કરતા. |
| (૨) જો ના, તો ક્યા જિલ્લાનું બાકી છે, અને | (૨) અમદાવાદ, કચ્છ, આણંદ, સુરત અને પોરબંદરના ૩૩ ગામો બાકી છે. |
| (૩) ક્યાં સુધીમાં આ બાકી કામગીરી પુર્ણ કરવામાં આવશે ? | (૩) રેકર્ડ તપાસના કામે નામદાર કોર્ટમાં હોવું, તેમજ ભૂકંપના કારણે નવેસરથી તૈયાર કરવુ, પ્રમોલ્ગેશન બાકી હોવું વગેરે વહીવટી કારણોનો નિકાલ થયે પુરું થઇ શકે. |

--------

## તોલમાપમાં ગ્રાહકોની છેતરપીંડી અટકાવવા અંગે પગલાં

૧૦૩૪૦ **શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગ્રાહકોને વજન કે માપમાં છેતરાવું ન પડે તે માટે તોલમાપ તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે, અને | (૧) રાજ્યમાં ગ્રાહકોને વજન કે માપમાં છેતરાવું ન પડે તે માટે તોલમાપ તંત્ર દ્વારા વિવિધ એકમો દ્વારા વપરાતા વજનમાપનાં સાધનો નિયત સમયે ચકાસણી અને મુદ્રાંકન કરવામાં આવે છે. આ એકમોનું નિરીક્ષકો દ્વારા નિરીક્ષણ પણ કરવામાં આવે છે. જુદા જુદા સ્થળોએ સામુહિક ચેકીંગ (મોબાઇલ) દ્વારા વેપારી એકમોની તપાસણી કરવામાં આવે છે. ઉપરાંત સઘન ઝૂંબેશ પણ કરવામાં આવે છે. અને તેમાં કસુરવાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.<br>ગ્રાહકો છેતરાય નહી અને જાગૃત બને તે માટે તોલમાપ તંત્ર દ્વારા ગ્રાહક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) (૧) તપાસણીની સંખ્યા. ૨,૧૧,૭૯૪<br>(૨) કરવામાં આવેલ કુલ કેસ જે અન્વયે. ૧૫,૬૧૩<br>વજનમાપમાં ઓછું આપવા અંગે. ૬૪૩ |

| | | |
|---|---|---|
| | તોલમાપ ધારાની અન્ય કલમમાં ભંગ બદલ. | ૧૦૨૦૯ |
| | પેકેજ ઉપર નિર્દેશનો નિયમ મુજબ ન દર્શાવવા બાબત. | ૪૧૫૬ |
| | છાપેલ કિંમત કરતાં વધુ ભાવ લેવા બાબતે. | ૪૦૪ |
| | છાપેલ કિંમતમાં ચેકચાક કરવા અંગે. | ૧૨૭ |
| | ઉત્પાદક/પેકર્સ સ્થળ પર કરવામાં આવતું નેટ કન્ટેન્ટ. | ૭૪ |
| (૩) | આવક. | |
| | ચકાસણી મુદ્રાંકન ફીની આવક રૂા.(કરોડમાં). | ૭.૦૫ |
| | ગુન્હા માંડવાળ ફી (રૂા.કરોડમાં). | ૦.૫૪ |
| | કુલ આવક. | ૭.૫૯ |
| (૪) | શાળા, કોલેજ અને માન્ય મંડળોમાં તોલમાપ કાયદા બાબતે આપેલ પ્રવચન. | ૪૬૪ |
| (૫) | ગ્રાહક મંડળના આયોજનથી સેમીનાર. | ૨૪૨ |

--------

## ચોટીલા અને સાયલા તાલુકામાં જમીન-મકાન નિયમબધ્ધ કરવાની અરજીઓ

૮૮૩૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જમીન-મકાન નિયમબધ્ધ કરવાની કેટલી અરજીઓ સરકારમાં મળેલ છે,

(૨) આ પૈકી કેટલીનો નિકાલ થયો અને કેટલી પેન્ડીંગ છે, અને

(૩) બાકી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થવાની સંભાવના છે ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **અરજીઓ** |
|---|---|
| ચોટીલા | ૩૦ |
| સાયલા | ૨ |
| | **કુલ : ૩૨** |

(૨)

| **તાલુકો** | **નિકાલ કરેલ અરજીઓ** | **બાકી અરજીઓ** |
|---|---|---|
| ચોટીલા | ૪ | ૨૬ |
| સાયલા | ૧ | ૧ |
| | **કુલ : ૫** | **૨૭** |

(૩) વહીવટી પ્રક્રિયા પૂરી થયે સત્વરે.

--------

## જૂનાગઢ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો

૧૦૧૩૩ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા)** :**માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૦.૧૧.૨૦૦૪ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ગ્રાહકોના કેટલા કેસ પડતર છે, અને

(૨) આ કેસો નિકાલ કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૭૫૧.

(૨) પડતર કેસોના નિકાલ થાય તે માટે પ્રમુખશ્રીની જગા ભરવા અને અન્ય જિલ્લામાં કેસો ટ્રાન્સફર કરી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવી રહેલ છે.

--------

**પંચમહાલ જિલ્લાનો કેલિયારી ડેમ**

૧૦૪૬૯ **શ્રી બચુભાઈ ખાબડ(દેવગઢ બારિયા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાનો કેલયારી ડેમ ક્યારે શરુ કરવામાં આવ્યો, | (૧) યોજનાકીય કામો તા.૬-૧-૯૬ થી શરુ કરવામાં આવેલ છે. |
| (૨) તેમાં તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ રૂા.૧૬૭૬.૪૬ લાખનો ખર્ચ થયો છે. |
| (૩) યોજના કેટલી રકમની હતી, | (૩) યોજનાની અંદાજીત રકમ રૂા.૬૯૮.૧૩ લાખ (વર્ષ ૧૯૯૦-૯૧ ભાવસૂચિ મુજબ) |
| (૪) તેને રાજ્ય સરકાર પુર્ણ કરવા માંગે છે કે કેમ, અને | (૪) હા, જી. |
| (૫) જો હા, તો ક્યાં સુધીમાં ? | (૫) યોજનાના જળાશયના અસરગ્રસ્તોના પુનઃવસન અંગેના પ્રશ્નોના નિરાકરણ પછી સત્વરે બાકીના કામે પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**સુરત જિલ્લામાં બનાવેલ પાણીની ટાંકીઓ**

૧૦૭૧૩ **શ્રી કાંતિલાલ રે. ગામીત(સોનગઢ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના સોનગઢ, માંડવી, ઉચ્છલ અને નિઝર તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠા યોજના હેઠળ પીવાના પાણીની કેટલી ટાંકીઓ બનાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે.

| ક્રમ | તાલુકો | ટાંકીની સંખ્યા |
|---|---|---|
| ૧ | સોનગઢ | ૫ |
| ૨ | માંડવી | ૧૧ |
| ૩ | ઉચ્છલ | ૨ |
| ૪ | નિઝર | ૪ |
| | **કુલ :** | **૨૨** |

(૨) આ ટાંકીઓ પૈકી હાલમાં કેટલી કાર્યરત છે અને કેટલી બંધ હાલતમાં છે તે કેટલા સમયમાં સરકાર કાર્યરત કરવા માંગે છે ?

(૨) આ પૈકી નિઝર તાલુકાની ૪ પૈકી ૧ ટાંકી કાર્યરત છે, જ્યારે બાકીની અન્ય ૨૧ ટાંકીઓ હાલ કાર્યરત નથી. જે જુલાઇ-૨૦૦૫ સુધીમાં ક્રમશઃ ચાલુ કરવાનું આયોજન છે.

--------

**પંડિત દિનદયાલ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર ફાળવણી કમીટીમાં ચુંટાયેલ પ્રતિનિધિઓનો સમાવેશ**

૮૪૧૫ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા પુરવઠા અને નાગરિક સલાહકાર સુરક્ષા સમિતિમાં પંડિત દીનદયાલ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર ફાળવણી કમિટિમાં ચુંટાયેલા પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવેલ નથી તે વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવું કરવા પાછળનું પ્રયોજન શું છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં પીવાના પાણીના હેન્ડપંપો**

૧૦૭૦૬ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લાના સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં પીવાના પાણીના હેન્ડપંપો કેટલા બનાવવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે.

| ક્રમ | તાલુકો | બનાવવામાં આવેલ હેન્ડપંપો |
|---|---|---|
| ૧ | સોનગઢ | ૨૩૫૫ |

| | | |
|---|---|---|
| ૨ | ઉચ્છલ | ૯૯૬ |
| ૩ | નિઝર | ૪૫૫ |
| | **કુલ :** | **૩૮૦૬** |

(૨) આ પૈકી કેટલા હેન્ડપંપો કાર્યરત છે અને કેટલા હેન્ડપંપો બંધ હાલતમાં છે, અને

(૨) ૩૭૬૧ હેન્ડપંપ કાર્યરત છે. જ્યારે તા.૩૧-૧૨-૦૪ની સ્થિતિએ ૪૫ હેન્ડપંપ બંધ હાલતમાં હતા.

(૩) બંધ હેન્ડપંપો કેટલા સમયમાં સરકાર કાર્યરત કરવા માંગે છે ?

(૩) ક્રમશઃ તા.૧૦-૧-૨૦૦૫ સુધીમાં કાર્યરત કરવામાં આવેલ છે.

--------

**સુરત જિલ્લામાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવ્યા વગર બાંધકામો**

૯૯૫૧ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત શહેર અને જિલ્લામાં જમીનોને નવી શરતમાંથી જુની શરતમાં ફેર બદલી કર્યા સિવાય મોટા પાયે બાંધકામો થાય છે તે હકિકત સાચી છે, અને

(૨) આ બાબતમાં સરકારે શા પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગણોતધારાની કલમ-૪૩ના ભંગ બદલના ૩૯૯ કેસો પૈકી ૮૭ કેસોમાં ગણોતધારાના ભંગ બદલ કાર્યવાહી કરી સરકાર હસ્તક દાખલ કરવામાં આવેલ છે. જયારે બાકી રહેતા ગણોતધારાની કલમ-૪૩ના ભંગ બદલ ૩૧૨ કેસમાં ગણોતધારાના ભંગ બદલ તાત્કાલિક કાર્યવાહી કરવા વધારાના મામલતદાર અને કૃષિપંચ (ગણોત) ચોર્યાસીને કલેકટરશ્રી ધ્વારા સુચનાઓ આપવામાં આવેલ છે. જયારે નવી શરતનાભંગ બદલના ૭૩ કેસોમાં કાર્યવાહી કરવા સંબંધિત મામલતદારશ્રીઓને સુચના આપવામાં આવેલ છે.

--------

**મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું આયોજન**

૧૦૩૫૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમો બાંધવા માટે શું આયોજન છે, અને

(૨) સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ક્ષાર પ્રવેશ નિયંત્રણના કામો આવરી લેવાનું આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) સુજલામ્ સુફલામ્ યોજનામાં મધ્ય ગુજરાતના બે જિલ્લા છે, જેમાં પંચમહાલ જિલ્લામાં રૂા.૨૮.૯૦ કરોડના ખર્ચે ૧૪૫ મોટા ચેકડેમો અને દાહોદ જિલ્લામાં રૂા.૧૩.૧૮ કરોડના ખર્ચે ૬૩ મોટા ચેકડેમો બનાવવાનું આયોજન છે.

(૨) વિચારણા હેઠળ છે.

--------

**મેઘરજ અને માલપુર તાલુકામાં મોટા ચેકડેમો**

૧૦૪૫૫ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ મેઘરજ અને માલપુર તાલુકામાં વાત્રક અને માજુમ નદી ઉપર કુલ કેટલા મોટા ચેકડેમો મંજુર થયેલ છે, અને

(૨) આ કામ કયારે શરું થશે ?

**જવાબ**

(૧) મેઘરજ તાલુકામાં વાત્રક નદી ઉપર ૮ ચેકડેમ. માલપુર તાલુકામાં વાત્રક નદી ઉપર ૧ ચેકડેમ મંજુર થયેલ છે. જયારે માઝમ નદી ઉપર કોઈ ચેકડેમ મંજુર થયેલ નથી.

(૨) ટેન્ડર મંજુર થયેથી કામ ચાલુ કરવામાં આવશે.

--------

**કાલોલ તાલુકામાં ગોમા નદી પર બંધ બાંધવા અંગે**

૧૦૭૦૦ **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં ગોમા નદી પર બંધ બાંધવાનું આયોજન કરવામાં આવ્યું છે તે સાચું છે, | (૧) હા, જી. |
| (૨) આ યોજનાથી કેટલા ગામોને પીવાનું તથા સિંચાઈની સુવિધા મળશે, | (૨) કાલોલ તાલુકાના ૧૫ ગામોને. |
| (૩) આ પ્રોજેકટથી કેટલા ગામો વિસ્થાપિત થવાના છે, | (૩) ૧ (એક) |
| (૪) વિસ્થાપીત થનાર ગામોના પુનઃવસન માટે કેવી જોગવાઈઓ કરવામાં આવી છે, અને | (૪) સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ. |
| (૫) આ પ્રોજેકટનું કામ કયારે શરુ થશે અને કયારે પુરું થશે ? | (૫) હાલમાં કામગીરી ચાલુ છે. વર્ષ ૨૦૦૭-૦૮ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. |

--------

**ઉમરગામ તાલુકાના ભિલાડ ગામે ગટર વ્યવસ્થાના કામો**

૧૦૮૯૮ **શ્રી શંકરભાઈ મં. વારલી(ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ભિલાડ ગામે ગટર વ્યવસ્થાના કામો કયા તબકકે છે ? | ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી હાથ ધરવા અંગે કોઈ રજૂઆત મળેલ નથી. |

------

**જામનગર જિલ્લામાં ચેકડેમો બનાવવા ઉદ્યોગ ગૃહોની મદદ લેવા અંગે**

૮૮૦૪ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં મોટા ચેકડેમો બનાવવા મોટા ઉદ્યોગ ગૃહોની મદદ લેવાનું રાજ્યસરકાર દ્વારા કોઈ આયોજન હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ભાણવડ જામખંભાળીયા તથા લાલપુર તાલુકામાં કયા ઉદ્યોગગૃહોની મદદ લેવાનું આયોજન છે ? | (૨) સૌરાષ્ટ્ર વિસ્તારમાં કાર્યરત એવા સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ, ઓરપેટ, ફિલ્ડ માર્શલ, રચના ડેવલપમેંટ સેન્ટર, આગાખાન ટ્રસ્ટ, શ્રી અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, સર્વધર્મ ટ્રસ્ટ, સંત આશારામ ટ્રસ્ટ, વગેરે પૈકી જે ઉદ્યોગગૃહો/સંસ્થા સંમત થશે તો તેની મદદ લેવાનું આયોજન છે. |

--------

# અતારાંકિત પ્રશ્નો

## પહેલી અતારાંકિત યાદી

**નાગરિક અધિકાર પત્રની ફરિયાદ નિવારણ માટે દરેક તાલુકામાં અધિકારીઓની નિમણૂંક કરવા બાબત**

અતારાંકિત : ૨૦૩૦ (૧૪-૫-૦૪) **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) નાગરિક અધિકાર પત્રનો અમલ કરાવવા માટે રાજ્યના દરેક તાલુકામાં અધિકારીઓ અમલીકરણની ફરિયાદ નિવારણ માટે મુકવાનાં હતા તે વાત સાચી છે,

(૨) એપ્રિલ, ૦૪ ની સ્થિતિએ અધિકાર પત્રની જોગવાઈ અનુસાર કેટલા જિલ્લા અને તાલુકામાં આવા અધિકારીઓની નિમણૂંક થઈ છે, અને

(૩) બાકીના જિલ્લા અને તાલુકાઓમાં અમલ માટે નિમણૂંક ન થવાનાં શું કારણો છે?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૮-૬-૦૪) :

(૧) માત્ર નાગરિક અધિકાર પત્રના અમલ કરાવવા માટે દરેક તાલુકામાં અધિકારીઓ અમલીકરણની ફરિયાદ નિવારણ માટે મૂકવાના હતા તે વાત સાચી નથી. પરંતુ રાજ્ય સરકારે લોકો પોતાની અરજી, જે તે કચેરીમાં લોક ફરિયાદ નિવારણ અધિકારી તરીકે નિયુક્ત થયેલ અધિકારીને કરી શકે અને તે અરજીઓનો ઝડપી નિકાલ થાય તે માટે વિભાગ/ખાતાના વડા/જિલ્લા/તાલુકાની કચેરીઓમાં લોક ફરિયાદ નિવારણ અધિકારી મૂકવાના છે, તે વાત સાચી છે.

(૨) રાજ્ય સરકારના તા. ૨૭-૨-૦૪ના પરિપત્રથી સૂચનાનુસાર આ સાથે સામેલ યાદી મુજબ જુદા જુદા વિભાગો હેઠળની જિલ્લા તેમજ તાલુકા કક્ષાની કચેરીઓમાં આવી નિમણુકો કરવામાં આવી છે. માત્ર માર્ગ અને મકાન વિભાગ, શહેરી વિકાસ અને ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ હેઠળની જિલ્લા/તાબાની કચેરીઓમાં આવી નિમણુંકો કરવાની કાર્યવાહી ગતિમાં છે.

(૩) બાકીના ૩ વિભાગોમાં આવી નિમણૂકો માત્ર વહીવટી કારણોસર થયેલ નથી જે હવે ટૂંક સમયમાં કરી દેવામાં આવશે.

યાદી

લોક ફરિયાદ નિવારણ અધિકારીઓની નિમણૂંક યાદી

| ક્રમ | વિભાગનું નામ | વિભાગ હેઠળની કચેરીઓ/ખાતાના વડા | જિલ્લા કચેરી/પ્રાદેશિક કચેરી/તાલુકા તાબાની કચેરી | વિભાગ હેઠળની બોર્ડ કોર્પોરેશન સ્વાયત્ત સંસ્થાનો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ખેતી નિયામકશ્રી, પશુપાલન, ખાંડ નિયામકની કચેરી તથા બાગાયત નિયામક | (૧) ૧૫ જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી<br>(૨) જિલ્લાની તમામ પશુપાલન કચેરીઓ.<br>(૩) તમામ જિલ્લામાં - નાયબ બાગાયત અધિકારીની કચેરી, તાલુકા કક્ષાએ કચેરીઓ નથી. | ૧. ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ, ગાંધીનગર અમદાવાદ, વડોદરા, ગોધરા, સુરત, અમરેલી, રાજકોટ, પાલનપુર, ભુજ-ની કચેરીઓમાં<br>૨. ગુજરાત રાજ્ય બીજ નિગમ<br>૩. ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ. |
| ૨ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી કમિશ્નરશ્રી, કુટિર ઉદ્યોગ, કમિશ્નરશ્રી ટ્રેડ એન્ડ કોમર્સ | તમામ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો (સુરેન્દ્રનગર જિલ્લાનો સમાવેશ છે). તાલુકા કક્ષાએ કોઈ કચેરી નથી. | ૧.આંત્રપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટની કચેરી, સી. ઈ. ઓ., ગાંધીનગર.<br>૨.ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિ.<br>૩.ગુજરાત ખનીજ વિકાસ નિગમ.<br>૪.ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ<br>૫.ગુજરાત હીરા વિકાસ બોર્ડ<br>૬.ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો, ગાંધીનગર.<br>૭.કમિશ્નરશ્રી, પ્રવાસન ખાતુ |
| ૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧. નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું<br>૨. નિયામકશ્રી, નગરપાલિકામાં નિમણૂંક બાકી છે. | લોક ફરિયાદ નિવારણ હેઠળ નગર આયોજન ખાતા હેઠળ જિલ્લા કચેરીઓમાં નિમણૂંક બાકી છે પરંતુ નાગરિક અધિકાર પત્ર અમલ માટે જિલ્લા કચેરીના વડા નોડલ અધિકારી તરીકે કામગીરી બજાવે છે.<br>તાલુકા કક્ષાની કોઈ કચેરી આ ખાતા હેઠળ નથી.<br>નગરપાલિકાઓમાં લોક ફરિયાદ નિવારણ અધિકારી નિમવાના બાકી છે. | ૧. મહાનગરપાલિકા, જુનાગઢ<br>૨. અમદાવાદ મ્યુનિસિપાલિટી કોર્પોરેશન<br>૩. સુરત મહાનગરપાલિકા<br>૪. ભાવનગર મહાનગરપાલિકા<br>૫. વડોદરા મહાનગરપાલિકા<br>૬. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ<br>૭. અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ<br>૮. રાપર વિસ્તાર વિકાસ સત્તામંડળ<br>૯. ભાવનગર જિલ્લા વિકાસ સત્તામંડળ<br>૧૦. ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડ<br>૧૧. ગુજરાત મ્યુનિસિપાલિટી ફાયનાન્સ બોર્ડ<br>૧૨. ભચાઉ જિલ્લા વિકાસ સત્તામંડળ<br>૧૩. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ<br>૧૪. જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ |
| ૪ | સામાન્ય વહીવટ વિભાગ | ૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ<br>૨. સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા (સ્પીપા) | --- | જિલ્લા કચેરીઓ આવેલ નથી. |
| ૫ | શિક્ષણ વિભાગ | ૧. સ્ટેટ પ્રોગ્રામ ડાયરેક્ટરની કચેરી, ગાંધીનગર.<br>અન્ય ખાતાના વડા- કચેરીઓમાં નિમણૂંક બાકી | જિલ્લા કક્ષાએની કચેરીમાં કાયર્વાહી ગતિમાં છે. તાલુકા કક્ષાએ કચેરીઓ નથી. | લોક ફિરયાદ નિવારણ અધિકારી તરીકે ખાતાના વડા- જિલ્લામાં નિમણૂંકની કાર્યવાહી ગતિમાં છે. પરંતુ નાગરિક અધિકાર પત્ર હેઠળ ૨૫ જિલ્લામાં શિક્ષણ વર્ગ-૧ નોડલ અધિકારી તરીકે નિમાયેલ છે. |

| ક્રમ | વિભાગનું નામ | વિભાગ હેઠળની કચેરીઓ/ખાતાના વડા | જિલ્લા કચેરી/પ્રાદેશિક કચેરી/તાલુકા તાબાની કચેરી | વિભાગ હેઠળની બોર્ડ કોર્પોરેશન સ્વાયત્ત સંસ્થાનો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | છે. | | |
| ૬ | નાણાં વિભાગ | ૧. વેચાણવેરા કમિશ્નરશ્રીની કચેરી<br>૨. નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ<br>૩. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી | - વેચાણવેરાની પ્રાદેશિક કચેરીઓમાં નિમણૂંક કરેલ છે.<br>- જિલ્લા કક્ષાએ પ્રોવિડન્ટ ફંડ હેઠળ<br>- જિલ્લા કક્ષાએ કચેરીઓ આવેલ નથી.<br>- દરેક જિલ્લા તિજોરી કચેરીઓમાં નિમણૂંક કરેલ છે.<br>- તાલુકા કક્ષાએ પેટા તિજોરીઓમાં નિમણૂક કરેલ છે. | -- |
| ૭ | ગૃહ વિભાગ | ૧. જેલોના ઈન્સ્પેકટરશ્રી, અમદાવાદ<br>૨. મુખ્ય પોલિસ અધિકારીશ્રી અને નિયામકશ્રી લાંચ રૂશ્વત બ્યુરો<br>૩. નિયામક, નાગરિક સંરક્ષણ કચેરી,<br>૪.કિમશ્નર અને અધિક પોલિસ મહાનિર્દેશકશ્રી, નશાબંધી અને આબકારીની કચેરી.<br>૫. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી.<br>૬. નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા<br>૭. કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ તમામ ખાતાના વડાની કચેરીઓમાં નિમણૂંક થયેલ છે. | ૧. જિલ્લાની જેલ તમામ કચેરી<br>૨. તમામ જિલ્લા પોલિસ અધિકારીની કચેરીઓ.<br>૩. તમામ જિલ્લા હોમગાર્ડઝની કચેરીઓ.<br>૪. ગાંધીનગર, અમદાવાદ, જુનાગઢ, સુરત, વડોદરાની પ્રાદેશિક કચેરીઓ. | ગુજરાત રાજ્ય પોલિસ આવાસ નિગમ. |
| ૮ | વન અને પર્યાવરણ વિભાગ | ગુજરાત ઈકોલોજી કમિશન અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી | જિલ્લા કક્ષાએ નાયબ વન સંરક્ષકશ્રી/મદદનીશ સંરક્ષકશ્રીઓની નિમણૂંક કરેલ છે. તાલુકા કક્ષાએ રેન્જ કચેરીઓમાં નિમણૂંક થયેલ છે. | ૧. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ<br>૨. ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ. |
| ૯ | વાહન વ્યવહાર વિભાગ | વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી | પ્રાદેશિક કચેરીઓ તમામ જિલ્લા અમદાવાદ, મહેસાણા, રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા, ખેડા, બનાસકાંઠા, સાબરકાંઠા, જામનગર, જુનાગઢ, (સુરેન્દ્રનગર સહિત) | ૧. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (તમામ વિભાગીય કચેરીઓ સાથે) |
| ૧૦ | બંદરો અને મત્સ્યદ્યોગ વિભાગ | કમિશ્નરશ્રી, મત્સ્યદ્યોગની કચેરી | ગાંધીનગર, ડાંગ સિવાયની તમામ મત્સ્યદ્યોગ જિલ્લા કચેરીઓમાં. | --- |
| ૧૧ | આદિજાતિ વિકાસ વિભાગ | કમિશ્નરશ્રી, આદિજાતિ | તમામ જિલ્લા આદિજાતિ તકેદારી અધિકારીની નિમણૂંક કરેલ છે. | ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ |
| ૧૨ | કાયદા વિભાગ | ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી | જિલ્લા કચેરીઓમાં લોક ફરિયાદ નિવારણ અધિકારી નિમાયેલ નથી. | પરંતુ નાગરિક અધિકાર પત્રના અમલીકરણ માટે ૧૭ જિલ્લા કચેરીએ અધિકારીશ્રીને નોડલ અધિકારી તરીકે કામગીરી સોંપાયેલ છે. |
| ૧૩ | મહેસૂલ વિભાગ | જમીન દફતર ખાતાની તમામ કચેરીઓ. | તમામ જિલ્લા કલેકટરશ્રીઓની કચેરીઓમાં તથા પ્રાન્ત અધિકારીઓની કચેરીમાં નિમણૂંક થયેલ છે.<br>-તમામ જિલ્લા દફતર કચેરીઓ./તમામ જિલ્લા પૂરવઠા કચેરીઓ. | તાલુકા મામલતદાર કચેરીઓમાં નિમણૂંક કરેલ છે. |
| ૧૪ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | ખાતાના વડાની કોઈ કચેરી નથી. | -- | વિભાગ હેઠળ જિલ્લા/તાલુકા કક્ષાએ કોઈ કચેરીઓ ન હોઈ નિમણૂંકનો સવાલ નથી. |
| ૧૫ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | (૧) સંગ્રહાલય નિયામકશ્રી, વડોદરા<br>(૨) અભિલેખાગર નિયામકશ્રી<br>(૩) પુરાતત્વ નિયામકશ્રી | તમામ જિલ્લા રમતગમત અધિકારીની કચેરીઓમાં નિમણૂંક થયેલ છે. | તાલુકા કક્ષાએ કચેરીઓ નથી. |
| ૧૬ | માહિતી અને | (૧) માહિતી નિયામકશ્રીની | તમામ જિલ્લા સહાયક માહિતી | તાલુકા કક્ષાએ કચેરીઓ નથી. |

| ક્રમ | વિભાગનું નામ | વિભાગ હેઠળની કચેરીઓ/ખાતાના વડા | જિલ્લા કચેરી/પ્રાદેશિક કચેરી/તાલુકા તાબાની કચેરી | વિભાગ હેઠળની બોર્ડ કોર્પોરેશન સ્વાયત્ત સંસ્થાનો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | પ્રસારણ વિભાગ | કચેરી<br>(૨) મનોરંજન કર કમિશ્નરની કચેરી. | અધિકારીઓની કચેરીઓ.<br>મનોરંજન કર કમિશ્નરશ્રી હેઠળના અમદાવાદ, વડોદરા, સુરત, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર તથા નડિયાદની પ્રાદેશિક કચેરીઓમાં નિમણૂંક થયેલ છે. | |
| ૧૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ. | (૧) નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ<br>(૨) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણખાતું<br>(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું | (૧) તમામ જિલ્લા પછાત વર્ગ અધિકારીશ્રીઓની કચેરીઓ<br>(૨) ડાંગ જિલ્લા સિવાયના તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓની કચેરીઓ.<br>(૩) તમામ જિલ્લા સુરક્ષા અધિકારીઓની કચેરીઓ. | તાલુકા કક્ષાએ કચેરીઓ નથી. |
| ૧૮ | માર્ગ અને મકાન વિભાગ | --- | ---- | વિભાગ હેઠળની જિલ્લા - તાલુકા કક્ષાની વર્તુળ પેટા વર્તુળ ક્ચેરીઓમાં નિમણૂંક કરવાની કાર્યવાહી ગતિમાં છે. |
| ૧૯ | શ્રમ અને રોજગાર વિભાગ | વિભાગ હેઠળના તમામ ખાતાના વડા<br>૧. મજૂર કમિશ્નરશ્રીની કચેરી.<br>૨. રોજગાર નિયામકશ્રીની કચેરી. | જિલ્લા તથા તાલુકા કક્ષાની કચેરીઓમાં ૪૨ રોજગાર કચેરીઓમાં નિમણૂંક થયેલ છે. | |
| ૨૦ | ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ | --- | --- | ખાતાના વડા તથા જિલ્લા ક્ચેરીઓમાં નિમણૂંકની કાર્યવાહી ગતિમાં છે. |
| ૨૧ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | ખાતાના વડાની કચેરી નથી. | --- | વિભાગ હેઠળ જિલ્લા તાલુકા કક્ષાની કોઈ ક્ચેરીઓ નથી. |
| ૨૨ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | --- | તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી હસ્તક બાળ વિકાસ યોજનાઓ. વર્ગ-૧ ફરજ બજાવે છે. | અન્ય કચેરીઓ માટે સમાજ કલ્યાણ વિભાગમાં સમાવેશ થઈ ગયેલ છે. |
| ૨૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | (૧) કામદાર રાજ્ય વિમા યોજના<br>(૨) નિયામકશ્રી, તબિબિ સેવાઓ.<br>(૩) નિયામકશ્રી, ઔષધ ભંડાર.<br>(૪) ભારતીય તબિબિ અને હોમિયોપેથી પધ્ધિત. | તમામ જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરીઓ ૨૫ જિલ્લા તથા ૨૨૬ તાલુકાઓમાં લોક ફરિયાદ નિવારણ અધિકારીઓની નિમણૂંક થયેલ છે. | ---- |
| ૨૪ | પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ગુજરાત વિકાસ કમિશ્નરશ્રીની કચેરી. | તમામ જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતમાં નિમણૂંકો થયેલ છે. | |
| ૨૫ | અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા. બા. નો વિભાગ. | --- | --- | કલેકટર મહેસાણાની જિલ્લા કચેરીઓમાં સમાવેશ થઈ ગયેલ છે. તાલુકા મામલતદાર કચેરીમાં સમાવેશ થઈ જાય છે. |
| ૨૬ | નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ. | | વર્તુળ અને વિભાગીય તથા પેટા વિભાાગીય કચેરીઓમાં ૨૨૯ અધિકારીઓની નિમણૂંક કરેલ છે. | |

-----------------

## વઢવાણ તાલુકામાં ભૂકંપ સહાય ચુકવવાના બાકી અરજદારો

અતારાંકિત : ૨૦૫૫ (૩૧-૫-૦૪) **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ ભૂકંપ સહાય ચુકવવાની બાકી છે, અને

(૨) જો હા, તો કેટલા અરજદારોને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૮-૬-૦૪) :

(૧) હા, જી.

(૨) કુલ ૭૮૬ અરજદારોને કુલ રૂા. ૧૧૧૧૭૭૭૩.૦૦ની જુદા જુદા પ્રકારની ભૂકંપ સહાય ચૂકવવાની બાકી છે.

-----------------

**જામનગર ખાતે પ્રજાસત્તાકદિનની ઉજવણીના ખર્ચ અંગે**

અતારાંકિત : ૨૦૫૮ (૨-૬-૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૪ના રોજ જામનગર ખાતે ઉજવાયેલા પ્રજાસત્તાક દિને કુલ કેટલો ખર્ચ થયો,

(૨) ખાનગી કંપની/ સંસ્થાને કેટલો ખર્ચ ચુકવવામાં આવ્યો, અને

(૩) આ ખર્ચ કયા સદર ખાતે ઉધારવામાં આવ્યો છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૪-૬-૨૦૦૪) :

(૧) રૂા. ૨,૨૧,૦૫,૪૬૧-૨૬.

(૨) રૂા. ૭૪,૮૫,૩૩૩-૨૬.

(૩) દરેક પ્રસંગ-પ્રવૃત્તિનો ખર્ચ સબંધિત વિભાગ-બોર્ડ-નિગમના ભંડોળમાંથી કરવામાં આવે છે.

-----------------

**સહકાર ખાતા હસ્તકની વર્ગ-૩ની ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૦૧૧ (૨૮-૫-૨૦૦૪) **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય સહકારમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સહકાર ખાતામાં વર્ગ-૩ની કેટલી જગ્યાઓ કેટલા સમયથી તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ ખાલી છે,

(૨) આ જગાઓ ભરવા તેમજ આનુષાંગિક પસંદગી યાદીઓ તૈયાર કરવામાં આવેલ છે કે કેમ,

(૩) ઉપરોક્ત ખાલી જગ્યાઓ પૈકી સતત ખાલી જગ્યાઓ રહેવાના કારણે કેટલી જગ્યાઓ એબેયન્સમાં ગઈ, અને

(૪) આ વર્ગ-૩ની જગ્યાઓ રદ થતી અટકાવવા સરકારે શી કાર્યવાહી કરી?

**સહકારમંત્રીશ્રી** (૧૯-૭-૨૦૦૪) :

(૧) તા. ૩૧/૩/૦૪ના રોજ સહકાર ખાતામાં વર્ગ-૩ની સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| સંવર્ગ | કાર્યાલય અધિક્ષક સંવર્ગ | હેડકલાર્ક સંવર્ગ | સીની. કલાર્ક સંવર્ગ | જુની. કલાર્ક સંવર્ગ |
|---|---|---|---|---|
| કુલ ખાલી જગાઓ | ૪૧ | ૧૨૪ | ૨૭ | ૧૭ |
| ખાલી જગાઓની વર્ષવાર વિગત | ૨૦૦૧-૧૧<br>૨૦૦૨-૦૫<br>૨૦૦૩-૧૯<br>૨૦૦૪-૦૬<br>કુલ :-૪૧ | ૧૯૯૩-૦૧<br>૧૯૯૮-૦૫<br>૧૯૯૯-૧૧<br>૨૦૦૦-૦૯<br>૨૦૦૧-૨૯<br>૨૦૦૨-૨૦<br>૨૦૦૩-૪૧<br>૨૦૦૪-૦૮<br>કુલ :-૧૨૪ | ૨૦૦૨-૦૨<br>૨૦૦૩-૧૯<br>૨૦૦૪-૦૬<br>કુલ :-૨૭ | ૨૦૦૦-૦૨<br>૨૦૦૧-૦૧<br>૨૦૦૨-૦૧<br>૨૦૦૩-૦૯<br>૨૦૦૪-૦૪<br>કુલ :-૧૭ |

(૨) (૧) કાર્યા. અધિક્ષક તેમજ હેડકલાર્ક સંવર્ગમાં પસંદગીઓ યાદી તૈયાર છે.

(૨) સીની. કલાર્ક સંવર્ગમાં પસંદગી યાદી તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) જુ. કલાર્કમાં ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતીથી નિમણૂંક થાય છે.

(૩) ઉપરોક્ત ખાલી જગ્યાઓ પૈકી સતત લાંબા સમયથી ખાલી જગ્યાઓ રહેવાના કારણે કોઈ જગ્યા એબેયન્સમાં ગયેલ નથી.

(૪) જગ્યાઓ રદ થવાની પરિસ્થિતિ ઉદ્‌ભવેલ ન હોઈ પ્રશ્ન નથી.

---------------

## રાજકોટ જિલ્લામાં ટપક સિંચાઈ હેઠળ સહાય

અતારાંકિત :૨૦૨૪ (૨૮-૫-૦૪) **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ અંતર્ગત રાજકોટ જિલ્લાના કયા કયા તાલુકાના કયા કયા ગામોમાં કેટલા ખેડૂતોને સહાય આપવામાં આવી, અને

(૨) આ પધ્ધતિનો ઉપયોગ વધારવા સરકારનું શું આયોજન છે?

કૃષિ **મંત્રીશ્રી** (૧૯-૭-૦૪) :

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ અંતર્ગત કોઈ ખેડૂતને ડ્રીપસેટ આપેલ નથી

(૨) આ પધ્ધતિનો ઉપયોગ વધારવા માટે નીચે મુજબનું આયોજન કરેલ છે.

(અ) ખેડૂત તાલીમ, ખેડૂત સભા, ગ્રામસભામાં તેમજ આકાશવાણી અને દૂરદર્શન જેવા માધ્યમો દ્વારા પ્રચાર કરવામાં આવે છે.

(બ) પાણી તથા વીજળીના ઉપલબ્ધ જથ્થાનો ડ્રીપ પધ્ધતિથી કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તે પ્રકારનું માર્ગદર્શન તથા નિદર્શન રાખવામાં આવે છે.

(ક) આ યોજનાનો લાભ લેનાર ખેડૂતને યુનિટ કોસ્ટના ૫૦% અથવા રૂા. ૨૨,૫૦૦ની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે.

-----------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને પાક વીમાની રકમ ચૂકવવામાં અન્યાય

અતારાંકિત :૨૧૪૫(૨૨-૬-૦૪) **શ્રી જયંતિલાલ ર. કવાડિયા(હળવદ)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે **કે** --

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પાક વીમાની રકમ ચૂકવવામાં આવેલ છે તેમાં રાષ્ટ્રીયકૃત અને સહકારી બેંકોના ચૂકવણામાં ૧૦ થી ૧૨ ટકાનો તફાવત છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો ખેડૂતોને થયેલ અન્યાય દૂર કરવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં નિરાકરણ કરવામાં આવશે ?

કૃષિ **મંત્રીશ્રી** (૨૧-૭-૦૪) :

(૧) ફક્ત સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાંથી ધીરાણ મેળવેલ હોય તેવા કપાસના પાકના દાવાઓનાં ચૂકવણામાં અન્ય બેંક કરતાં સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં ૧.૧૩ ટકા, લખતર તાલુકામાં ૯.૪૦ ટકા તથા મૂળી તાલુકામાં ૪.૯૧ ટકા તફાવત આવેલ છે, તેમ જાણવા મળેલ છે.

(૨) આ અંગે રાજ્ય સરકારશ્રી દ્વારા ભારતીય કૃષિ વીમા કંપનીની સ્પષ્ટતાઓ માંગવામાં આવેલ છે.

(૩) સ્પષ્ટતા મળ્યેથી સરકારશ્રી દ્વારા યોગ્ય કાર્યવાહી જેમ બને તેમ જલ્દીથી કરવામાં આવશે.

-----------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને પાક વીમાના નાણાં ચૂકવવા અંગે

અતારાંકિત :૨૧૪૭ (૨૨-૬-૦૪) **શ્રી જયંતિલાલ ર. કવાડિયા(હળવદ)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે **કે** --

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને છેલ્લા ૨ વર્ષમાં તા. ૩૧-૩-૨૦૦૪ સુધીમાં પાક વીમાના કુલ કેટલા નાણાં ચૂકવાયા છે, અને

(૨) ખેડૂતોને ચૂકવવાપાત્ર બાકી રકમ ક્યારે ચુકવવામાં આવશે ?

કૃષિ **મંત્રીશ્રી** (૨૧-૭-૦૪) :

(૧) નીચે દર્શાવેલ પત્રક મુજબ.

(૨)

| અ.નં. | તાલુકા | ચુકવાયેલ રકમ (રૂા.લાખમાં) | લાભાર્થી ખેડૂતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ચોટીલા | ૭૫૨.૮૩ | ૧૦૮૪૬ |
| ૨. | દસાડા | ૧૬૪.૯૭ | ૧૯૯૫ |
| ૩ | ધ્રાંગધ્રા | ૩૦.૪૧ | ૪૯૫૩ |
| ૪. | હળવદ | ૪.૭૭ | ૩૭૫ |
| ૫. | લખતર | ૧૪૬.૯૦ | ૩૦૬૦ |
| ૬. | લીંબડી | ૯૬૯.૪૮ | ૧૩૩૩૪ |
| ૭. | મૂળી | ૨૫૬.૪૫ | ૩૫૨૮ |
| ૮. | સાયલા | ૩૨૯.૭૮ | ૭૪૫૫ |
| ૯. | વઢવાણ | ૩૦૬.૫૭ | ૩૫૬૦ |
| | **કુલ** | **૨૯૬૧.૨૭** | **૪૯૦૬૬** |

(૨) રવી-ઉનાળુ ૨૦૦૨-૨૦૦૩ ઋતુના પાક વીમાના દાવાઓ અંગે ભારતીય કૃષિ વીમા કંપની લી. તરફથી કેટલીક બાબતોની ચકાસણી કરાવવામાં આવી રહેલ છે જેનો અહેવાલ મળ્યેથી બાકી મળવાપાત્ર દાવાની રકમ જેમ બને તેમ જલદીથી ચુકવવામાં આવશે.

-----------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે ચૂકવેલ સહાય

અતારાંકિત :૨૧૫૦ (૨૨-૬-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે --

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે કયા પ્રકારની અને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે; અને

(૨) આ ફળઝાડ રોપાઓનું ક્યા ક્યા સરકારી ફાર્મમાંથી કેટલી કિંમતે વિતરણ કરવામાં આવેલ છે?

કૃષિ **મંત્રીશ્રી** (૩૧-૭-૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફળ ઝાડના વાવેતર માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ હેઠળ જુદા જુદા પાકો પ્રમાણે હેક્ટરે રૂા. ૨૫૦૦ /થી રૂા. ૭૦,૦૦૦/ સુધીના સહાયના ધોરણો અનુસાર મળવાપાત્ર થતી સહાય નીચે મુજબ ૩૬૧ ખેડૂતોને કુલ રૂા. ૧૪,૮૬,૯૧૯ સહાય ચૂકવવામાં આવેલ છે

| વર્ષ | હળવદ તાલુકો | | મૂળી તાલુકો | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| | ચૂકવેલ સહાય (રૂપિયામાં) | ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂપિયામાં) | ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂપિયામાં) | ખેડૂતોની સંખ્યા |
| ૨૦૦૧-૦૨ | ૨૩૧૧૨૮ | ૫૭ | ૫૨૭૩૦ | ૧૪ | ૨૮૩૮૫૮ | ૭૧ |
| ૨૦૦૨-૦૩ | ૧૩૭૭૦૦ | ૯૫ | ૧૭૩૭૨૦ | ૩૬ | ૩૧૧૪૨૦ | ૧૩૧ |
| ૨૦૦૩-૦૪ | ૮૨૩૭૦૬ | ૧૩૯ | ૬૭૯૩૫ | ૨૦ | ૮૯૧૬૪૧ | ૧૫૯ |
| કુલ | ૧૧૯૨૫૩૪ | ૨૯૧ | ૨૯૪૩૮૫ | ૭૦ | ૧૪૮૬૯૧૯ | ૩૬૧ |

(૨) આ ફળ ઝાડ રોપાઓનું સુરેન્દ્રનગર જિલ્લામાં ધાંગધ્રા ખાતેની સરકારી નર્સરી ઉપરથી નીચે મુજબની કિંમતે કલમ/ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નં. | કલમ/રોપાનું નામ | એક કલમ/રોપાની કિંમત (રૂપિયા) |
|---|---|---|
| ૧ | લીંબુ | ૫/- |
| ૨ | ખારેક | ૧/- |
| ૩ | જામફળ | ૫/- |
| ૪ | દાડમ | ૧૦/- |

| | | |
|---|---|---|
| ૫ | સીતાફળ | ૫/- |
| ૬ | ચીકુ | ૩૫/- |
| ૭ | બોર | ૭/- |

----------------

## પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર દાનની યોજના અંગે

અતારાંકિત : ૨૦૦૧ (૨૮-૫-૦૪) **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જિલ્લા અને નગર પ્રાથમિક શાળાઓમાં કોમ્યુટર દાન યોજના કયારથી લાગુ પાડવામાં આવેલ છે, અને તેને કેવો આવકાર મળેલ છે,

(૨) દાતાઓથી કેટલી શાળાઓને તા. ૩૧-૩-૦૪ સુધીમાં એક વર્ષમાં કોમ્યુટર દાનમાં મળેલ છે, અને

(૩) આવા દાનમાં મળેલ કોમ્યુટર સામે રાજ્ય સરકાર તરફથી કેટલા કોમ્યુટર સુપ્રત કરવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૭-૪-૦૪) :

(૧) કોમ્પ્યુટર દાન યોજના વર્ષ ૨૦૦૩-૦૪થી લાગુ પાડવામાં આવેલ છે, અને તેને સારો પ્રતિસાદ મળેલ છે.

(૨) દાતાઓ તરફથી તા. ૩૧-૩-૦૪ સુધીમાં ૬૯૨ શાળાઓને કોમ્પ્યુટર દાનમાં મળેલ છે.

(૩) દાનમાં મળેલ કોમ્પ્યુટર સામે રાજ્ય સરકાર તરફથી ચાલુ વર્ષ ૨૦૦૪-૦૫માં શાળા દીઠ વધુમાં વધુ એક કોમ્પ્યુટર લેખે આપવામાં આવનાર છે.

-----------------

## સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથિમક શાળામાં પ્રાથમિક સગવડતાનો અભાવ

અતારાંકિત : ૨૧૩૬ (૨૯-૬-૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓ છે કે, જેમાં વીજળી, પાણી અને શૌચાલયની પ્રાથમિક સગવડતાનો અભાવ છે, અને

(૨) આ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા સરકારનું શું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૧-૧૦-૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ વીજળી, પાણી અને શૌચાલયની પ્રાથમિક સગવડતાના અભાવવાળી શાળાઓની સંખ્યા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પાણી સુવિધા વિનાની શાળાઓ | - | ૪૦૬ |
| શૌચાલયની સુવિધા વિનાની શાળાઓ | - | ૩૬૪ |
| વીજળીની સુવિધા વિનાની શાળાઓ | - | ૨૬૨ |

(૨) રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં જિલ્લાની વધુ ૧૧૮ શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ જેમ કે વીજળીકરણ, પીવાનું પાણી, કમ્પાઉન્ડ વોલ અને શૌચાલય માટે સહાય આપવા આયોજન કરેલ છે.

-----------------

## કચ્છ જિલ્લામાં તાલુકાવાર રોપા ઉછેર

અતારાંકિત : ૨૦૦૯ (૨૮-૫-૦૪) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં તાલુકાવાર કઈ કઈ નર્સરીઓ તથા પ્લાન્ટેશનોમાં કેટલા રોપાના વાવેતર જંગલખાતાના અલગ અલગ વિભાગોએ કર્યા,

(૨) આ નર્સરીઓ અને પ્લાન્ટેશનો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) શ્રમજીવીઓને કેટલી મજૂરી ચૂકવી, કેટલા માનવહિત રોજગારી ઉભી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી** (૨૮-૭-૦૪) :

(૧) તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં તાલુકાવાર નર્સરીઓ તથા પ્લાન્ટેશનમાં રોપાના વાવેતર જંગલખાતાના અલગ-અલગ વિભાગોએ નીચે મુજબ કર્યા.

| તાલુકાનું નામ | વિભાગનું નામ | | | | કચ્છ વિસ્તરણ વિભાગ | |
|---|---|---|---|---|---|---|
| | કચ્છ પૂર્વ વન વિભાગ | | કચ્છ પશ્ચિમ વન વિભાગ | | | |
| | નર્સરીની સંખ્યા | પ્લાન્ટેશનમાં વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) | નર્સરીની સંખ્યા | પ્લાન્ટેશનમાં વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) | નર્સરીની સંખ્યા | પ્લાન્ટેશનમાં વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
| ભૂજ | ૧૨ | ૫.૦૨ | ૪ | ૩.૪૨ | ૮ | ૫.૬૪ |
| મુન્દ્રા | ૧૫ | ૧૫.૬૮ | ૦ | ૦ | ૫ | ૨.૧૧ |
| અંજાર | ૫ | ૩.૫ | ૦ | ૦ | ૩ | ૧.૫૩ |
| ભચાઉ | ૪ | ૭.૨૮ | ૦ | ૦ | ૫ | ૪.૦૩ |
| રાપર | ૨૦ | ૨૩.૦૭ | ૦ | ૦ | ૫ | ૪.૯૯ |
| નખત્રાણા | ૦ | ૦ | ૯ | ૧૦.૨૨ | ૬ | ૧.૪૬ |
| માંડવી | ૦ | ૦ | ૫ | ૬.૫૯ | ૫ | ૩.૧૭ |
| અબડાસા | ૦ | ૦ | ૧૬ | ૨૦.૧૯ | ૫ | ૪.૬૭ |
| લખપત | ૦ | ૦ | ૧૯ | ૧૯.૬૭ | ૨ | ૨.૭૯ |
| કુલ | ૫૬ | ૫૪.૫૫ | ૫૩ | ૬૦.૦૯ | ૪૪ | ૩૦.૩૯ |

(૨) આ નર્સરીઓ અને પ્લાન્ટેશનો માટે કુલ રૂા. ૧૮૫૨.૧૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) શ્રમજીવીઓને કુલ રૂા. ૧૦૫૫.૪૩ લાખ મજૂરી ચૂકવી અને કુલ ૧૨,૭૬,૭૮૯ માનવદિન રોજગારી ઉભી કરવામાં આવી.

------------------

## સાબરકાંઠા જિલ્લામાં રોપા ઉછેર

અતારાંકિત : ૨૦૮૭ (૨૫-૬-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) કરેલ વાવેતરમાં હાલ કેટલા રોપા જીવતા છે,

(૩) તેમાં વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે,

(૪) નિષ્ફળ ગયેલ રોપાઓ અંગે કોઈ જવાબદારી નક્કી કરવામાં આવી છે કે કેમ, અને

(૫) જો હા, તો કેટલા કેસોમાં કયા અધિકારી સામે પગલા લેવામાં આવ્યા ?

**વન મંત્રીશ્રી** (૬-૮-૦૪) :

(૧) તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **વર્ષવાર વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં)** | | |
|---|---|---|---|
| | **૨૦૦૧-૦૨** | **૨૦૦૨-૦૩** | **૨૦૦૩-૦૪** |
| હિંમતનગર | ૩.૯૦ | ૩.૫૧ | ૨.૧૧ |
| ઈડર/વડાલી | ૪.૨૮ | ૪.૨૨ | ૨.૬૭ |
| મોડાસા | ૪.૩૧ | ૨.૨૦ | ૨.૬૦ |
| ધનસુરા | ૦.૪૧ | ૦.૪૦ | ૦.૨૬ |
| પ્રાંતિજ | ૦.૪૫ | ૦.૪૮ | ૦.૧૨ |
| માલપુર | ૩.૭૭ | ૨.૦૪ | ૨.૧૭ |
| બાયડ | ૦.૭૪ | ૦.૭૧ | ૦.૫૫ |
| તલોદ | ૦.૪૪ | ૦.૦૦ | ૦.૨૧ |
| ખેડબ્રહ્મા | ૧૪.૮૭ | ૬.૧૫ | ૭.૦૭ |
| ભીલોડા | ૮.૦૧ | ૫.૨૩ | ૪.૯૬ |
| મેઘરજ | ૫.૭૭ | ૪.૩૫ | ૨.૨૧ |
| વિજયનગર | ૮.૩૪ | ૬.૦૦ | ૫.૫૫ |
| કુલ | ૫૫.૨૯ | ૩૫.૨૯ | ૩૦.૪૮ |

(૨) કરેલ વાવેતરમાં હાલ જીવતા રોપા નીચે પ્રમાણે છે.

| **તાલુકાનું નામ** | **જીવંત રોપાની સંખ્યા (લાખમાં)** | | |
|---|---|---|---|
| | **૨૦૦૧-૦૨** | **૨૦૦૨-૦૩** | **૨૦૦૩-૦૪** |
| હિંમતનગર | ૨.૩૫ | ૨.૪૮ | ૧.૮૪ |
| ઈડર/વડાલી | ૩.૧૩ | ૩.૧૭ | ૨.૧૬ |
| મોડાસા | ૨.૬૦ | ૧.૩૮ | ૨.૦૪ |
| ધનસુરા | ૦.૨૯ | ૦.૨૭ | ૦.૨૦ |
| પ્રાંતિજ | ૦.૧૩ | ૦.૩૨ | ૦.૧૦ |
| માલપુર | ૧.૯૯ | ૧.૨૦ | ૧.૮૮ |
| બાયડ | ૦.૪૫ | ૦.૪૮ | ૦.૪૩ |
| તલોદ | ૦.૨૯ | ૦.૦૦ | ૦.૧૫ |
| ખેડબ્રહ્મા | ૯.૪૨ | ૪.૩૮ | ૫.૩૩ |
| ભીલોડા | ૪.૩૬ | ૩.૯૧ | ૪.૦૭ |
| મેઘરજ | ૩.૪૮ | ૩.૦૮ | ૧.૮૯ |
| વિજયનગર | ૬.૨૦ | ૪.૭૯ | ૪.૫૩ |
| કુલ | ૩૪.૬૯ | ૨૫.૪૬ | ૨૪.૬૨ |

(૩) તેમાં વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| **તાલુકાનું નામ** | **કરેલ ખર્ચ (લાખમાં)** | | |
|---|---|---|---|
| | **૨૦૦૧-૦૨** | **૨૦૦૨-૦૩** | **૨૦૦૩-૦૪** |
| હિંમતનગર | ૩૬.૩૬ | ૩૦.૩૯ | ૩૫.૫૬ |
| ઈડર/વડાલી | ૭૭.૭૪ | ૭૧.૫૬. | ૫૦.૪૦ |
| મોડાસા | ૪૨.૪૧ | ૨૮.૨૮ | ૪૧.૬૧ |
| ધનસુરા | ૨.૬૪ | ૨.૧૦ | ૧.૨૦ |
| પ્રાંતિજ | ૨.૭૧ | ૨.૪૨ | ૧.૨૨ |
| માલપુર | ૩૭.૩૬ | ૨૬.૨૨ | ૪૨.૧૧ |
| બાયડ | ૪.૫૫ | ૩.૮૭ | ૬.૮૨ |
| તલોદ | ૪.૫૮ | ૦.૦૦ | ૧.૪૩ |
| ખેડબ્રહ્મા | ૨૪૭.૬૭ | ૧૦૧.૬૨ | ૧૯૫.૨૩ |
| ભીલોડા | ૭૩.૮૩ | ૬૦.૪૨ | ૮૬.૨૪ |
| મેઘરજ | ૪૮.૭૪ | ૪૮.૬૭ | ૩૨.૭૪ |
| વિજયનગર | ૧૮૭.૧૭ | ૧૨૧.૨૮ | ૧૭૬.૩૬ |
| કુલ | ૭૬૫.૭૬ | ૪૯૬.૮૩ | ૬૭૦.૯૨ |

(૪) હા, જી.

(૫) કુલ : ૧૮ કેસોમાં અધિકારી/કર્મચારી સામે નીચે મુજબ પગલા લેવામાં આવ્યા. ૧૧ કેસોમાં નીચે મુજબના અધિકારી/કર્મચારીઓના સામે શિક્ષાત્મક પગલા લઈ ઈજાફા અટકાવેલ છે.

(૧) પરિક્ષેત્ર વન અધિકારી : ૧

(૨) વનપાલ : ૮

(૩) વનરક્ષક : ૨ --

કુલ : ૧૧

જ્યારે અન્ય સાત કેસોમાં નીચે મુજબના અધિકારી/કર્મચારીઓને સખત તાકીદ આપેલ છે.

(૧) પરિક્ષેત્ર વન અધિકારી : ૧

(૨) વનપાલ : ૬

કુલ : ૭

## સુરેન્દ્રનગર જિલ્લામાં રોપા ઉછેર

અતારાંકિત : ૨૧૭૮ (૨૨-૬-૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે,
(૨) કરેલ વાવેતરમાં હાલ કેટલા રોપા જીવતા છે, અને
(૩) તેમાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરેલ છે ?

**વન મંત્રીશ્રી** (૧૨-૮-૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

| **તાલુકો** | **વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં)** | | | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| | **૧૯૯૯-૨૦૦૦** | **૨૦૦૦-૨૦૦૧** | **૨૦૦૧-૨૦૦૨** | **૨૦૦૨-૨૦૦૩** | **૨૦૦૩-૨૦૦૪** | |
| વઢવાણ | ૧.૩૪ | ૧.૭૮ | ૧.૦૨ | ૧.૦૨ | ૦.૬૨ | ૫.૭૮ |
| મૂળી | ૩.૬૯ | ૨.૨૩ | ૧.૭૪ | ૧.૬૭ | ૧.૨૬ | ૧૦.૫૯ |
| સાયલા | ૩.૮૭ | ૪.૪૦ | ૨.૮૩ | ૧.૫૯ | ૧.૪૮ | ૧૪.૧૭ |
| ચોટીલા | ૫.૨૩ | ૪.૫૧ | ૩.૦૮ | ૧.૮૩ | ૦.૮૩ | ૧૫.૪૮ |
| હળવદ | ૫.૭૮ | ૪.૯૩ | ૨.૮૮ | ૨.૦૦ | ૨.૯૧ | ૧૮.૫૦ |
| ધાંગધ્રા | ૪.૯૯ | ૪.૪૦ | ૩.૦૩ | ૨.૧૬ | ૨.૧૯ | ૧૬.૭૭ |
| લખતર | ૦.૮૭ | ૧.૪૮ | ૧.૨૫ | ૦.૭૫ | ૦.૭૭ | ૫.૧૨ |
| દસાડા | ૧.૫૮ | ૧.૭૮ | ૨.૦૮ | ૧.૮૧ | ૧.૪૦ | ૮.૬૫ |
| લીંબડી | ૧.૪૩ | ૦.૩૬ | ૦.૨૨ | ૦.૮૩ | ૨.૯૨ | ૫.૭૬ |
| ચુડા | ૦.૮૫ | ૦.૮૯ | ૧.૧૭ | ૦.૨૮ | ૧.૨૯ | ૪.૪૮ |
| **કુલ** | ૨૯.૬૩ | ૨૬.૭૬ | ૧૯.૩૦ | ૧૩.૯૪ | ૧૫.૬૭ | ૧૦૫.૩૦ |

(૨) કરેલ વાવેતરમાં હાલ કુલ ૫૩.૦૫ લાખ રોપા જીવતા છે.

(૩) તેમાં વર્ષવાર કુલ રૂા. ૧૫૬૨.૪૪ લાખનો નીચે મુજબ ખર્ચ કરેલ છે.

| અ.નં. | વર્ષ | કરેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧. | ૧૯૯૯-૨૦૦૦ | ૩૪૩.૯૬ |
| ૨. | ૨૦૦૦-૨૦૦૧ | ૩૭૪.૮૭ |
| ૩. | ૨૦૦૧-૨૦૦૨ | ૩૧૪.૧૧ |
| ૪. | ૨૦૦૨-૨૦૦૩ | ૧૫૫.૬૨ |
| ૫. | ૨૦૦૩-૨૦૦૪ | ૩૭૩.૮૮ |
| | **કુલ** | **૧૫૬૨.૪૪** |

--------------------

## રાજ્યમાં ઠંડા પીણાંના નમૂનાઓની તપાસ

અતારાંકિત : ૨૦૨૨ (૨૮-૫-૦૪) **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર મીનરલ વોટર, એકવા વોટર, કોકાકોલા, પેપ્સી બનાવવાનાં અને બનાવટોના કેટલા નમૂના તપાસ માટે લેવામાં આવ્યા,
(૨) આવા નમૂના તપાસ માટે ક્યાં મોકલવામાં આવ્યા, અને
(૩) કેટલા નમૂના આરોગ્યને નુકશાનકર્તા જણાયા અને કોના ઉપર શાં શાં પગલાં ભરવામાં આવ્યા ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨-૮-૦૪) :

(૧) રાજ્યમાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ કુલ ૩૩૦ નમૂનાઓ તપાસ માટે લેવામાં આવેલ જેની વિગતો આ સાથે પત્રક-૧માં સામેલ છે.
(૨) ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળની વડોદરા, રાજકોટ અને ભૂજ ખાતેની લેબોરેટરીમાં તપાસવા માટે મોકલવામાં આવ્યા,

(૩) ઉકત તપાસ માટે લેવાયેલ કુલ ૩૩૦ નમુનાઓ પૈકી ૨૭ એકવા વોટરના નમૂનાઓ તથા ૨ ઠંડા પીણાના નમૂનાઓ એમ મળી કુલ ૨૯ નમૂનાઓ પીએફએ એકટ હેઠળના ધારા ધોરણ મુજબના માલુમ પડેલ નથી, જેમાંના ૨૦ નમૂનાઓના કિસ્સામાં જવાબદાર વ્યકિત/પેઢી સંસ્થા સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવેલ છે જ્યારે બાકીના ૯ નમૂનાઓના કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે જેની જિલ્લાવાર માહિતી પત્રક-૨માં દર્શાવવામાં આવેલ છે.

## પત્રક-૧

### રાજ્યમાં ઠંડા પીણાંના નમૂનાઓની તપાસ

| અ.નં. | જિલ્લાનું નામ | મીનરલ વોટરના તપાસ માટે લેવાયેલ નમૂનાની સંખ્યા | એકવા વોટરના તપાસ માટે લેવાયેલ નમૂનાની સંખ્યા | કોકાકોલાના તપાસ માટે લેવાયેલ નમૂનાની સંખ્યા | પેપ્સીના તપાસ માટે લેવાયેલ નમૂનાની સંખ્યા | તપાસ માટે લેવાયેલ અન્ય નમૂનાની સંખ્યા | તપાસ માટે કુલ લેવાયેલ નમૂનાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | - | - | - | ૨ | ૪ | ૬ |
| ૨ | વડોદરા | ૪ | - | ૨ | ૩ | ૯ | ૧૮ |
| ૩ | ભૂજ | - | ૨ | - | - | ૩૮ | ૪૦ |
| ૪ | પાલનપુર | - | ૨ | ૧ | ૧ | ૬ | ૧૦ |
| ૫ | જામનગર | ૧ | ૧ | ૨ | ૧ | ૬ | ૧૧ |
| ૬ | જૂનાગઢ | ૪ | - | ૨ | ૩ | ૭ | ૧૬ |
| ૭ | અમદાવાદ | - | ૨ | ૨ | ૨ | ૧૭ | ૨૩ |
| ૮ | ખેડા | ૫ | - | ૪ | ૩ | ૧૬ | ૨૮ |
| ૯ | આણંદ | ૫ | - | ૨ | ૧ | ૩ | ૧૧ |
| ૧૦ | રાજકોટ | - | ૪ | ૧ | ૩ | ૫ | ૧૩ |
| ૧૧ | ભાવનગર | ૧ | ૧ | ૮ | ૫ | ૩ | ૧૮ |
| ૧૨ | પંચમહાલ | ૨ | ૧ | - | ૧ | ૫ | ૯ |
| ૧૩ | દાહોદ | - | ૧ | - | ૨ | - | ૩ |
| ૧૪ | અમરેલી | - | - | - | ૨ | ૭ | ૯ |
| ૧૫ | અમદાવાદ રૂરલ | - | ૭ | ૧ | ૨ | ૪ | ૧૪ |
| ૧૬ | વલસાડ | - | ૬ | ૫ | ૬ | ૮ | ૨૫ |
| ૧૭ | મહેસાણા | - | - | ૧ | ૧ | ૩ | ૫ |
| ૧૮ | પાટણ | - | - | ૧ | - | ૨ | ૩ |
| ૧૯ | હિંમતનગર | ૧ | ૨ | - | ૩ | ૫ | ૧૧ |
| ૨૦ | સુરત | - | ૮ | ૧ | ૪ | ૧૨ | ૨૫ |
| ૨૧ | ભરૂચ | - | ૭ | ૩ | ૯ | ૯ | ૨૮ |
| ૨૨ | નર્મદા | - | - | ૧ | - | ૩ | ૪ |
| | કુલ | ૨૩ | ૪૪ | ૩૭ | ૫૪ | ૧૭૨ | ૩૩૦ |

## પત્રક-૨

### કોર્ટમાં દાખલ કરેલ કેસની વિગત

| અ.નં. | જિલ્લાનું નામ | નમૂનાની વિગત | વેન્ડરનું નામ સરનામું | ઉત્પાદકનું નામ સરનામું | કોર્ટનું નામ તથા કોર્ટ કેસ દાખલ કર્યા નંબર તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | સુરત | પેકેજ ડ્રિંકિંગ વોટર | ચિરાગ મનોજકુમાર ટેલર, સર્વે નં. ૨૯, કાનપુરાગામ, પો. વિરપુર, તા. વ્યારા | મે.અમીધારા મિનરલ એન્ડ સોડા વોટર પ્રોજેકટ કાનપુરગામ. તા. વ્યારા | વ્યારા કોર્ટ, કેસ નં. ૪૭૯૨/૦૩ તા. ૧૭/૧૦/૦૩ |
| ૨ | સુરત | પેકેજ ડ્રિંકિંગ વોટર | ચિરાગ મનોજકુમાર ટેલર, સર્વે નં. ૨૯, | મે.અમીધારા મિનરલ એન્ડ સોડા વોટર | વ્યારા કોર્ટ, કેસ નં. ૪૭૯૧/૦૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | કાનપુરાગામ, પો. વિરપુર, તા. વ્યારા | પ્રોજેકટ કાનપુરગામ. તા. વ્યારા | તા. ૧૭/૧૦/૦૩ |
| ૩ | સુરત | યુવી.. ટ્રેડેડ પેકેજ ડ્રિંકિંગ વોટર | સુનિલકુમાર વિનોદભાઈ શાહ, સર્વે નં. ૯૬, વડેછા, પુણાકુંભારીયા રોડ, તા. ચોર્યાસી | રોનક બેવરેજીસ એન્ડ ફુડસ લિ. સર્વે નં. ૯૬ વડેછા, તા. ચોર્યાસી | સુરત કોર્ટ, કેસ નં. ૩૩૮૨/૦૪ તા. ૨૭/૫/૦૪ |
| ૪ | આણંદ | પેકેજ ડ્રિંકિંગ વોટર ((યોગી બ્રાન્ડ) | સંજયકુમાર રવિન્દ્રભાઈ પટેલ, જી.આઈ.ડી.સી., વિઠ્ઠલઉદ્યોગનગર, જિ. આણંદ | સાયોના બેવરેજીસ જી.આઈ.ડી.સી., વિઠ્ઠલઉદ્યોગનગર, જિ. આણંદ | કોર્ટ, કેસ નં. ૬૦૬૭/૦૩ તા. ૨/૮/૦૩ |
| ૫ | આણંદ | પેકેજ ડ્રિંકિંગ વોટર ((અમુલ) | હિતેન્દ્રસિંહ બાબુભા જાડેજા, જી.આઈ.ડી.સી. વિઠ્ઠલઉદ્યોગનગર, જિ. આણંદ | જલ બેવરેજીસ જી.આઈ.ડી.સી., વિઠ્ઠલઉદ્યોગનગર, જિ. આણંદ | કોર્ટ, કેસ નં. ૬૦૬૬/૦૩ તા. ૨/૮/૦૩ |
| ૬ | ખેડા | પેકેજ ડ્રિંકિંગ વોટર | કમલેશભાઈ રમેશભાઈ પટેલ પેટલાદ રોડ, મુ. પીપલગ, તા. નડિયાદ | યુનિક બેવરેજીસ પેટલાદ રોડ, મુ. પીપલગ, તા. નડિયાદ | કોર્ટ કેસ નં. ૧૧/૦૩ તા. ૨૬/૬/૦૩ નડિયાદ કોર્ટ |
| ૭ | ખેડા | પેકેજ ડ્રિંકિંગ વોટર (જીલ) | વાસુદેવ દોલતરામ એસ.ટી. સ્ટેન્ડ, બાલાસિનોર | પંચમહાલ વોટર પ્યુરીફાઈંગ ઈન્ડસ્ટ્રીઝ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ગોધરા | કોર્ટ કેસ નં. ૮૪૩/૦૩ તા. ૩૦/૭/૦૩ |
| ૮ | ખેડા | પેકેજ ડ્રિંકિંગ વોટર (પીઓપીઓ) | હર્ષદભાઈ રતીલાલ શાહ, ચીરાગ એન્ટરપ્રાઈઝ, દેનાબેંક પાસે, પવનચક્કી રોડ, નડિયાદ | રાધિકા એકવા પ્લોટ નં. ૮૨૭ નવનીત પ્રકાશન સામે, મુ. સાંતેજ, જિ. ગાંધીનગર. | કોર્ટ કેસ નં. ૧૪/૦૩ તા. ૧૯/૮/૦૩ |
| ૯ | ખેડા | પેકેજ ડ્રિંકિંગ વોટર (મસ્તી) | બિમલભાઈ છોટાભાઈ પટેલ, ગાયત્રી ઓઈલમીલ પાછળ, કિશન કોલ્ડ સ્ટોરેજ પાછળ, ને.હા. નં.૮ પીપલગ, તા. નડિયાદ | વિરલ એન્ડ મારૂતી બેવરેજીસ, ગાયત્રી ઓઈલમીલ પાછળ, કિશન કોલ્ડ સ્ટોરેજ પાછળ, ને.હા. નં.૮ પીપલગ, તા. નડિયાદ | કોર્ટ કેસ નં. ૨૦/૦૩ તા. ૫/૧૨/૦૩ |
| ૧૦ | ખેડા | પેકેજ ડ્રિંકિંગ વોટર (યશ) | અતુલ નવનીતભાઈ દોશી, મહી કેનાલ પાસે, હોસ્પિટલ રોડ, નડિયાદ | કોઠારી બેવરેજીસ, પ્રા.લિ., મહી કેનાલ પાસે, હોસ્પિટલ રોડ, નડિયાદ | કોર્ટ કેસ નં. ૨૧/૦૩ તા. ૧૧/૧૨/૦૩ |
| ૧૧ | અમદાવાદ | પેકેજ ડ્રિંકિંગ વોટર (પેક) | આલોકભાઈ બેચરભાઈ પટેલ, ગઢવી ફાર્મ, હેબતપુર રોડ, થલતેજ, અમદાવાદ | એ.એસ. બેવરેજીસ ગઢવી ફાર્મ, હેબતપુર રોડ, થલતેજ, અમદાવાદ | કોર્ટ કેસ નં. ૩૫૫૮/ ૦૪ તા.૬/૪/૦૪ અમદાવાદ કોર્ટ |
| ૧૨ | વડોદરા | નીર પેકેજ ડ્રિંકિંગ વોટર (પાઉચપેક) | ઉમરગની હાજી મહંમદ મલેક, મુ.પો. તા. પાદરા | પટેલ બેવરેજીસ મુ. ચાણસદ, તા. પાદરા | કોર્ટ કેસ નં. ૨૯૩૩/ ૦૩ તા.૧૭/૧૦/૦૩ પાદરા કોર્ટ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | વલસાડ | ધારા પેકેજ ડ્રિંકિંગ વોટર | શ્રી ઓમપ્રકાશ બાબુલાલ શર્મા, એસ.ટી.ડેપો કેન્ટીન, બિલીમોરા, તા. ગણદેવી, જી. નવસારી | ધારા બેવરેજીસ કતારગામ, સુરત | ગણદેવી કોર્ટ કેસ નં. ૩૬૭૩/ ૦૩ તા.૨૦/૧૦/૦૩ |
| ૧૪ | વલસાડ | ટોપ પેકેજ ડ્રિંકિંગ વોટર | ગોપાલ સુભાષ ગુપ્તા, ઉદ્યોગનગર, વિજલપોર, નવસારી | જી.કે. એન્ટરપ્રાઈઝ, સી-૪૧, ઉદ્યોગનગર, નવસારી | નવસારી કોર્ટ કેસ નં. ૧૯૩૧/ ૦૪ તા.૨૩/૩/૦૪ |
| ૧૫ | ભરૂચ | એકવા ફ્રેસ પેકેજ ડ્રિંકિંગ વોટર (પેક પાઉચ) | હિતેષભાઈ લાલજીભાઈ પટેલ, મે.કાજલ આઈસક્રીમ કોર્નર, લલ્લુભાઈ ચકલા, ભરૂચ | મે.બાલાજી બેવરેજીસ, ૩૫૧/૫, જી.આઈ.ડી.સી. મકરપુરા, વડોદરા | ક્રિ. કેસ નં. ૨૨૩૧૫/ ૦૩ તા.૧૯/૧૨/૦૩ |
| ૧૬ | ભરૂચ | વેરી સેઈફ પેકેજ ડ્રિંકિંગ વોટર (પેક પાઉચ) | અશોકભાઈ ચંદુલાલ મિસ્ત્રી, મે. અશોકપાન હાઉસ, નવાડેરા, ભરૂચ | મે. હિરા પ્રોડકટ, એ-૨/૮૩૨, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, મકરપુરા, વડોદરા | ક્રિ. કેસ નં. ૨૦૨૪૭/ ૦૩ તા.૪/૧૧/૦૩ |
| ૧૭ | અમરેલી | શુભ પેકેજ ડ્રિંકિંગ વોટર | પ્રતાપભાઈ જયંતિલાલ જોષી, ઓમકાર પેટ્રોલપંપ પાસે, બગસરા | શુભ મિનરલ પ્લોટ નં. ૨૮૬, જી.આઈ.ડીસી. દરેડ, જામનગર | બગસરા કોર્ટ ક્રિ. કેસ નં. ૧૦૧/ ૦૪ તા.૩૧/૩/૦૩ |
| ૧૮ | અમરેલી | શીપ ફ્રેશનેસ વોટર | નવનીતભાઈ કાકુભાઈ ગણાત્રા, મે. અક્ષર એન્ટરપ્રાઈઝ, ૮૬, વૃન્દાવન નગર, અમરેલી | પોતે | અમરેલી કોર્ટ ક્રિ. કેસ નં. ૫૪૮/ ૦૪ તા.૬/૫/૦૪ |
| ૧૯ | જૂનાગઢ | રીવોલી પેકેજ ડ્રિંકિંગ વોટર | અશોક મણીલાલ ખંડે એસ.ટી. ઉપહાજર ગૃહ, જૂનાગઢ | રીવોલ્વી મીનરલ, ને.હા. મુ. હડમતવાળા, તા. કોટડાસાંગાણી, જી. રાજકોટ | ક્રિ. કેસ નં. ૪૩૫૭/ ૦૩ |
| ૨૦ | પંચમહાલ | પેકેજ ડ્રિંકિંગ વોટર જીલ પાઉચ પેકીંગ | હરિશ કિશનદાસ માણેક, મોમીઘોડા રોડ, લુણાવાડા | પંચમહાલ વોટર પ્યોરીફાઈન ઈન્ડસ્ટ્રીઝ, એલ. ૨૦૨, જી.આઈ.ડીસી. એસ્ટેટ, ગોધરા | લુણાવાડા કોર્ટ ક્રિ. કેસ નં. ૨૪૦/ ૦૪ તા.૨૦/૨/૦૪ |

**કોર્ટમાં કેસ દાખલ કરવાના બાકી**

| અ.નં. | જિલ્લાનું નામ | નમૂનાની વિગત | વેન્ડરનું નામ સરનામું | ઉત્પાદકનું નામ સરનામું |
|---|---|---|---|---|
| ૧ | સુરત | પેકેજ ડ્રિંકિંગ વોટર ((બંસરી) | મનોજભાઈ જીવરાજભાઈ હરીપરા, પુણાગામ, નિશાળ ફળીયુ, તા. ચોર્યાસી | શ્રી ગુરૂદત્ત ફુડ એન્ડ બેવરેજીસ પુણાગામ, નિશાળ ફળીયુ, તા. ચોર્યાસી |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | સુરત | એવન પેકેજ ડ્રિંકિંગ વોટર | દિપકભાઈ ગોરધનભાઈ ગેડિયા, ખોડિયારનગર, પુણાગામ રોડ, તા. ચોર્યાસી | મે. નેન્સી બેવરેજીસ, પુણાગામ, ખોડિયારનગર, તા. ચોર્યાસી |
| ૩ | વલસાડ | બૈલી એકવા પેકેજ ડ્રિંકિંગ વોટર | રાજેશકુમાર સુરેશભાઈ સંઘવી, જય માર્કેટીંગ, હાલર રોડ, વલસાડ | મે. સુરત બેવરેજીસ પ્રા.લિ. વાઘલધરા રોડ, દાદરા |
| ૪ | વલસાડ | શ્રી પેકેજ ડ્રિંકિંગ વોટર | શ્રી રામપ્રકાશ ભજનલાલ અગ્રવાલ, આનંદ રેસ્ટોરન્ટ, સાંઈકૃપા એપાર્ટમેન્ટ, હાલર રોડ, વલસાડ | સ્વસ્તિક બેવરેજીસ, ફેસ-૨ જી.આઈ.ડી.સી., વાપી, તા. પારડી, જી. વલસાડ |
| ૫ | ભરૂચ | પેકેજ ડ્રિંકિંગ વોટર (પેક પાઉચ) | હમીદભાઈ એહમદભાઈ પટેલ, મે. ફેન્સી એજન્સી, દુ.નં.૭, ૧૪ સવેરા શોપિંગ સેન્ટર, રીંગરોડ, જંબુસર, જી. ભરૂચ | મે. મેઘ મિનરલ વોટર, ૧૪-એ, બરોડા કો.ઓ.ઈન્ડ. એસ્ટેટ, છાણીરોડ, વડોદરા. |
| ૬ | અમરેલી | મેકસ બ્રાન્ડ પેકેજ ડ્રિંકિંગ વોટર | જગદીશભાઈ પરશોત્તમભાઈ જોગી, સરકારી દવાખાના પાસે, બગસરા | મેકસ હેલ્થ ફુડસ એન્ડ બેવરેજીસ કંપની, સાપર (વેરાવળ) |
| ૭ | ભૂજ | પેકેજ ડ્રિંકિંગ વોટર | વસંતભાઈ રવીલાલ સેંધાણી, હાસ્પિટલ રોડ, ભૂજ. | વેલસન બેવરેજીસ કકુમા |
| ૮ | ભૂજ | પાઈનેપલ સરબત | નરસીંહ રામજી રાજગોર, એરપોર્ટ રોડ, ભૂજ | પોતે |
| ૯ | ભૂજ | મેન્ગો સરબત | નરસીંહ રામજી રાજગોર, એરપોર્ટ રોડ, ભૂજ | પોતે |

------------------

## વલસાડ જિલ્લામાં સીમચોરી, ઘરફોડ ચોરી અને વાહન ચોરીના બનાવો

અતારાંકિત :૧૯૯૫ (૨૮-૫-૦૪) **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) ૩૧-૩-૦૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આવતાં દરેક પોલીસ સ્ટેશનમાં સીમચોરી, ઘરફોડ ચોરી, તેમજ વાહન ચોરીના કેટલા બનાવો છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયા,

(૨) કેટલા ગુનેગારોની ધરપકડ થયેલ છે, અને

(૩) કેટલા ગુનાઓમાં મુદ્દામાલ કબજે લેવાયેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** (૨૫-૬-૦૪) :

(૧)

| જવાબ | | | |
|---|---|---|---|
| **પો.સ્ટે.નું નામ** | **સીમચોરી** | **ઘરફોડ ચોરી** | **વાહનચોરી** |
| વલસાડ ટાઉન | - | ૧૨૭ | ૮૭ |
| વલસાડ રૂરલ | - | ૬૭ | ૧૯ |
| ડુંગરી | - | - | - |

| | | | |
|---|---|---|---|
| પારડી | ૬ | ૧૦૩ | ૨૬ |
| વાપી ટાઉન | - | ૧૬૫ | ૧૪૨ |
| વાપી ઉદ્યોગનગર | - | ૯૦ | ૮૨ |
| ઉમરગામ | - | ૧૪૫ | ૨૯ |
| ધરમપુર | - | ૧૨ | ૧૮ |
| કપરાડા | ૧ | ૧૫ | ૨ |

(૨) આ ગુનાઓ પૈકી સીમચોરીમાં ૧૨, ઘરફોડચોરીમાં ૨૯૦, વાહન ચોરીમાં ૨૦૨ ગુન્હેગારોની ધરપકડ કરવામાં આવી છે.

(૩) સીમચોરીના ૫, ઘરફોડચોરીના ૬૮, વાહનચોરીના ૧૨૭ ગુન્હાઓમાં મુદ્દામાલ કબજે લેવાયેલ છે.

--------------------

## રાજ્યમાંથી હથિયારો, નારકોટિક્સ, બનાવટી ચલણ અને બનાવટી સ્ટેમ્પ અંગેના પકડાયેલા ગુનાઓ

અતારાંકિત : ૨૦૦૫ (૩-૫-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જાન્યુઆરી, ૨૦૦૩થી માર્ચ, ૨૦૦૪ સુધીમાં રાજ્યમાં ગેરકાયદે હથિયારો, નારકોટીક્સ અને બનાવટી ચલણી નોટો કે બનાવટી સ્ટેમ્પના કેટલા ગુન્હાઓ પ્રકાશમાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા ગુન્હાઓમાં એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી અને કેટલાં લોકો સામે અટકાયતી પગલાં લીધાં ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૪-૬-૦૪) :

(૧)

| ક્રમ | ગેર કાયદેસર પકડાયેલ વસ્તુઓ | ગુન્હા |
|---|---|---|
| ૧ | ગેરકાયદેસર હથિયારો | ૪૦૫ |
| ૨ | નારકોટીક્સ | ૧૬૨ |
| ૩ | બનાવટી ચલણી નોટો | ૩૧૪ |
| ૪ | બનાવટી સ્ટેમ્પ | --- |

(૨)

| ક્રમ | ગેરકાયદેસર પકડાયેલ વસ્તુઓ | ગુન્હા દાખલ | અટકાયત કરેલ આરોપીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગેરકાયદેસર હથિયારો | ૪૦૫ | ૭૧૦ |
| ૨ | નારકોટીસ | ૧૬૨ | ૨૫૭ |
| ૩ | બનાવટી ચલણી નોટો | ૩૧૪ | ૧૫૭ |
| ૪ | બનાવટી સ્ટેમ્પ | -- | -- |

## ટ્રકોને બેક લાઈટ ન હોવાને કારણે હાઈ-વે ઉપર અકસ્માતો થવા બાબત

અતારાંકિત : ૨૦૨૮ (૧૯-૫-૦૪) **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ટ્રકોને બેક લાઈટ ન હોવાને કારણે ૨૦૦૩ અને ૨૦૦૪ દરમ્યાન કેટલા અકસ્માતો થયા,

(૨) વર્ષ ૨૦૦૩ અને માર્ચ -૨૦૦૪ દરમ્યાન ઉપરોક્ત બેક લાઈટ વિનાના ટ્રકોને હાઈવે પર નીકળતાં અટકાવવા રાજ્ય સરકારે લીધેલાં પગલાંની વિગતો શું છે, અને

(૩) ભવિષ્યમાં આવા અકસ્માતો અટકાવવા કેવા પ્રકારનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૯-૬-૦૪) :

(૧) ૫૫

(૨) ૧ ટ્રાફિક સપ્તાહનું આયોજન કરવામાં આવે છે.

૨ સ્થાનિક પોલીસ દ્વારા તેમજ ટ્રાફિક પોલીસ માનદ્ સંસ્થાઓના સહકારથી આવા વાહનો પાછળ રેડીયમ રિફ્લેકટર પટ્ટીઓ લગાવી અકસ્માત નિવારવા પગલાં લેવામાં આવે છે તથા બેક લાઈટ ચાલુ રાખવા ડ્રાઈવરોને વારંવાર સુચનાઓ પણ આપવામાં આવે છે.

૩. પોલીસ તથા આરટીઓ દ્વારા ડ્રાઈવરો તેમજ માલિકો વિરૂદ્ધ મોટર વ્હીકલ્સની જોગવાઈ મુજબ એન.સી.કેસો કરી દંડની વસૂલાત કરવામાં આવે છે.

(૩) ૧ ગંભીર ભૂલોના પરિણામે થતા ગંભીર અકસ્માતો બાબતે માર્ગદર્શન આપવામાં આવે છે.

૨. અકસ્માતમાં ઈજા પામેલ વ્યક્તિઓને તાત્કાલિક સારવાર મળી રહે તે રીતે દવાખાનામાં પહોંચાડવામાં આવે છે.

૩. હાઈવે ઉપર બે મોબાઈલ દ્વારા સતત પેટ્રોલીંગ કરવામાં આવે છે.

૪. અકસ્માતવાળા વાહનને તાત્કાલિક ક્રેઈન દ્વારા ખસેડવામાં આવે છે.

૫. ટ્રાફિક સપ્તાહ યોજી, માનદ સંસ્થાઓનો સહકાર મેળવી વાહનો પાછળ રીફલેકટરો પટ્ટીઓ લગાડવા અવારનવાર ચેકીંગ કરવામાં આવે છે, ડ્રાઈવરોને ટ્રાફીક નિયમન માટે સૂચનાઓ અને શિક્ષણ આપવામાં આવે છે તેમજ બેક લાઈટ હંમેશા ચાલુ રાખવા માટે ડ્રાઈવરોને સૂચના આપવામાં આવે છે.

----------

## વલસાડ જિલ્લામાં દારૂ અંગેની રેડ પાડવા બાબત

અતારાંકિત : ૨૦૫૦ (૧૩-૫-૦૪) **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૦૩ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી દારૂની રેડ પાડવામાં આવી,

(૨) તેમાંથી રેડ વાઈઝ કેટલી રકમનો ઈંગ્લીશ અને દેશી દારૂ પકડવામાં આવ્યો,

(૩) આ રેડમાં કેટલી વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી અને કેટલી વ્યક્તિ પકડવાની બાકી છે, અને

(૪) આ વ્યક્તિઓને પકડવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૭-૬-૦૪) :

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | રેડની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૯૯૧ |
| ૨ | પારડી | ૧૮૩૭ |
| ૩ | ઉમરગામ | ૪૩૫ |
| ૪ | ધરમપુર | ૫૦૯ |
| ૫ | કપરાડા | ૨૨૨ |
| | કુલ | ૪૯૯૪ |

(૨) અને ૩ સામેલ પત્રક-અ મુજબ

(૪) આ વ્યક્તિઓને પકડવા માટે અવારનવાર ઝુંબેશ ગોઠવી પકડવાની તજવીજ ચાલુ છે.

### પત્રક - અ
### વલસાડ નશાબંધી ખાતાની માહિતી

| અ.ન. | પ્રોહીબીશન સ્ટેશનનું નામ | ફક્ત દેશી અને વિદેશી દારૂ પકડાયો હોય તેવી કુલ રેઈડો. |
|---|---|---|
| ૧ | વલસાડ | ૫૬૨ |
| ૨ | ઉમરગામ | ૯૧ |
| ૩ | વાપી પારડી | ૯૨૨ |
| ૪ | ધરમપુર | ૨૯૮ |
| ૫ | કપરાડા | ૩૧ |
| | કુલ | ૧૯૦૪ |

ફક્ત દેશી અને વિદેશી દારૂ પકડાયો હોય તેવી કુલ-૧૯૦૪ રેઈડોનું રેઈડવાઈઝનું *પત્રક આ સાથે સામેલ છે. ઉપરાંત દારૂ પીવા અંગે-૦૯ દારૂના પરચુરણ ગુના અંગે - ૧૭૪ અને નિષ્ફળ રેઈડ-૩૧૦નોંધાયેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**વલસાડ પોલીસ ખાતાની માહિતી**

| અ.ન. | પ્રોહીબીશન સ્ટેશનનું નામ | ફક્ત દેશી અને વિદેશી દારૂ પકડાયો હોય તેવી કુલ રેઈડો. |
|---|---|---|
| ૧ | વલસાડ શહેર | ૮૭૦ |
| ૨ | વલસાડ રૂરલ | ૧૬૨ |
| ૩ | પારડી | ૧૦૨ |
| ૪ | વાપી ટાઉન | ૫૧૬ |
| ૫ | ઉમરગામ | ૧૭૪ |
| ૬ | ધરમપુર | ૧૦૦ |
| ૭ | કપરાડા | ૮૮ |
| | કુલ | ૨૦૧૨ |

*ફક્ત દેશી અને વિદેશી દારૂ પકડાયો હોય તેવી કુલ-૨૦૧૨ રેઈડોનું રેઈડવાઈઝનું *પત્રક આ સાથે સામેલ છે. ઉપરાંત દારૂ પીવા અંગે-૧૫૪ દારૂના પરચુરણ ગુના અંગે - ૧૩૬ અને નિષ્ફળ રેઈડ-૨૯૫ નોંધાયેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

**લાઠીના રાજવી કવિશ્રી "કલાપી"ના ઐતિહાસિક રાજસિંહાસનની ચોરી બાબત**

અતારાંકિત : ૨૦૬૦ (૫-૬-૦૪) **શ્રી રાકેશ રાવ(માતર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સમગ્ર ગુજરાતના ગૌરવ સમા અને નામાંકિત, સાહિત્યકાર લાઠીના રાજવી કવિશ્રી "કલાપી"ના ઐતિહાસિક સ્મૃતિ સમા રાજસિંહાસનની લાઠી ખાતેના રાજમહેલમાંથી તાજેતરમાં ચોરી થઈ ગયાની હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્ય સરકારે ચોરોને શોધવા માટે શી કાર્યવાહી કરી છે અને તેમાં શી પ્રગતિ થઈ છે, અને

(૩) રાજ્યની અન્ય ઐતિહાસિક સ્મૃતિઓની ચોરી ન થાય તે માટે શું એકશન પ્લાન ઘડેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૮-૬-૦૪) :

(૧) હા, જી.

(૨) આ બનાવ અંગે લાઠી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં. ૪૬/૦૪. ઈ.પી.કો. કલમ-૪૫૪,૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો તારીખ ૨૦-૫-૨૦૦૪ના રોજ નોંધાયેલ છે તેમજ રાજસિંહાસનના તૂટેલા ભાગો બિનવારસી હાલતમાં મળી આવેલ છે.

(૩) આવા બનાવો ન બને તે માટે જરૂરી પગલાં લેવા પોલીસે નોંધ લીધેલ છે.

----------

**સાબરકાંઠા, ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના આર.ટી.ઓ. અધિકારીઓ દ્વારા વાહનોનું ચેકીંગ કરવા અંગે**

અતારાંકિત : ૨૦૭૪ (૨૫-૬-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા, ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના આર.ટી.ઓ. અધિકારીઓ દ્વારા માર્ચ-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં કેટલા વાહનોનું ચેંકીંગ કર્યુ,

(૨) આ ચેકીંગ દરમ્યાન કઈ કઈ ક્ષતિઓ માલુમ પડી,

(૩) આ અંગે શા પગલાં ભરવામાં આવ્યા,

(૪) આ ચેકીંગ દરમ્યાન સરકારને જિલ્લાવાર કેટલી આવક થઈ,

(૫) અધિકારીશ્રીઓને આવા વાહનો ચેક કરવા માટે કોઈ લક્ષાંક નિર્ધારીત થયો છે, કે કેમ અને જો હોય તો કેટલો, અને

(૬) નિર્ધારીત લક્ષાંક પૂર્ણ ન કરનાર અધિકારીઓ સામે શાં પગલાં લેવામાં આવેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩૦-૬-૦૪) :

(૧) આર,ટી.ઓ. - સાબરકાંઠાએ ૧૭૭૮૦

ગાંધીનગરે ૧૨૫૪૦

મહેસાણાએ ૨૪૨૬૦

વાહનોનું ચેકીંગ કર્યુ.

(૨) -ગુડઝ ટ્રકોમાં ઓવરલોડ

-અનધિકૃત પેસેન્જરોની હેરાફેરી

-પરમીટની શરતોનો ભંગ

-વાહનના દસ્તાવેજો અને ડ્રાઈવીંગ લાઈસન્સ રજૂ ન કરવા વગેરે, જેવી ક્ષતિઓ.

(૩) નિયમાનુસારની કાર્યવાહી કરીને દંડ વસૂલ લેવામાં આવેલ છે.

(૪) -સાબરકાંઠા જિલ્લામાં રૂા. ૬૬,૮૧,૪૬૮

-ગાંધીનગર જિલ્લામાં રૂા. ૫૪,૧૫,૨૪૪

-મહેસાણા જિલ્લામાં રૂા. ૯૫,૪૩,૨૬૫ ની આવક થઈ.

(૫) હા, જી. નીચે પ્રમાણે નિર્ધારિત થયેલ છે.

| ચેકીંગ અધિકારી | માસિક ધોરણ |
|---|---|
| પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી | ૪૫ વાહનો |
| સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી | ૫૦ વાહનો |
| મોટર વાહન નિરીક્ષક | ૭૫ વાહનો |
| સહાયક મોટર વાહન નિરીક્ષક | ૨૦ વાહનો |

(૬) મુસાફરી ભથ્થાની રકમ આકારવામાં આવતી નથી અને આગામી માસમાં બાકી રહેલ લક્ષ્યાંક પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે.

----------

## વડોદરા શહેરમાં ફરતી ગાયોને કતલ માટે ગોધરા નજીક વેજલપુર વિસ્તારની ટોળકી દ્વારા ઉઠાવી જવા બાબત

અતારાંકિત : ૨૦૭૮ (૨૫-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તાજેતરમાં વડોદરા શહેરમાં ફરતી આશરે ૩૦૦ જેટલી ગાયોને ગોધરા શહેર નજીક આવેલ વેજલપુર ગામ તથા આજુબાજુમાં વસતી એક ગુન્હાહીત ટોળકી દ્વારા ગેરકાનૂની કતલખાનામાં લઈ જઈ ગાયોની કતલ કરવામાં આવી છે, આ ગંભીર હકિક્તથી સરકાર વાકેફ છે,

(૨) આ ગુન્હાહિત પ્રવૃત્તિને પકડી પાડવા તથા તેને શિક્ષા કરવા શી વ્યવસ્થા થઈ છે,

(૩) આ ગાયોની કતલ કયા કતલખાનામાં કરવામાં આવી છે અને તેની સામે શા પગલાં લેવામાં આવ્યા છે, અને

(૪) વડોદરા શહેરમાં ફરતી ગાયોને ગુનાહિત તત્વોથી રક્ષણ કરવા શી વ્યવસ્થા થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૮-૭-૦૪) :

(૧) ગાયોની કતલ અંગે કોઈ હકીકત ધ્યાને આવેલ નથી, પરંતુ ગાયો ચોરાયા અંગેની બે ફરિયાદો વડોદરા શહેરમાં કારેલી બાગ પો. સ્ટેશન તથા સીટી પો. સ્ટે. માં દાખલ થયેલ છે.

(૨) આ ગુનાહિત પ્રવૃત્તિને પકડી પાડવા સારૂ સીટી પો. સ્ટે.માં દાખલ થયેલ ગુ. ર. નં. ૧૨૫/૦૪ની તપાસ દરમ્યાન કારેલી બાગ પો. સ્ટે. ૧૨૮/૦૪ મુજબના ગુન્હામાં અટક કરેલ આરોપીને કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ મેળવી સીટી પો. સ્ટે. માં દાખલ થયેલ ગુન્હાના કામે આરોપીઓની અટક કરેલી છે, અને નામદાર કોર્ટમાં પકડાયેલા ચાર આરોપીઓના રીમાન્ડ માંગતા કોર્ટે રીમાન્ડ ના મંજૂર કરેલ છે. તપાસ દરમિયાન વધુ ચાર આરોપીઓના નામ ખૂલેલ છે. જેઓની અટક કરવાની બાકી છે. હાલ ગાયો તથા નાસતા ફરતા આરોપીઓની તપાસ ચાલું છે.

(૩) ચોરાયેલ ૨૦ ગાયોમાંથી ૩ ગાયો ફરિયાદીએ સાતપુલ ઓઢા વિસ્તારમાં આવેલ એક કંપાઉન્ડમાંથી હાંકીને લઈ આવેલ છે.બીજી ગાયોને ઘાંચી લોકોએ ટોળામાં ભગાડી લઈ ગયેલાનું ફરિયાદીએ જણાવેલ છે. ગાયોના કતલ અંગે કોઈ માહિતી જણાયેલ નથી.

(૪) શહેરમાં રખડતી ગાયોને વડોદરા મ્યુ કોર્પોરેશન તરફથી સ્પેશીયલ પાર્ટી ધ્વારા ગાયોને પકડી ડબ્બામાં રાખવામાં આવી છે. અને જરૂર જણાયે પોલીસ મોબાઈલની મદદ ઢોર પાર્ટીને પૂરી પાડવામાં આવે છે.

-----------

## જુનાગઢ જિલ્લામાં એન્ટીરોમિયો સ્કવોર્ડની રચના અને કામગીરી બાબત

અતારાંકિત : ૨૫૪૮ (૯-૮-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જૂનાગઢ જીલ્લામાં એન્ટીરોમિયો સ્કવોર્ડની રચના ક્યારથી થયેલ છે,

(૨) આ સ્કવોર્ડ દ્વારા તારીખ ૧-૭-૨૦૦૩ થી તારીખ ૩૧-૭-૨૦૦૪ સુધીના છેલ્લા એક વર્ષમાં કેટલા ગુન્હાઓ દાખલ કરવામાં આવ્યા,

(૩) આ ગુન્હાઓ પૈકી સ્કૂલ/કોલેજો પાસે છેડતીના બનાવો કેટલા બન્યા, અને

(૪) એ અંગે શાં પગલાંઓ લેવામાં આવ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૩-૮-૦૪) :

(૧) તા. ૪-૯-૨૦૦૧ થી

(૨) ૪૨૪

(૩) ૦૧

(૪) આરોપી નાસતો ફરતો હોઈ તેને પકડવાના વિવિધ પ્રયાસો ચાલુ છે.

---------

## નવરાત્રી ઉત્સવ દરમ્યાન થયેલા એમ.ઓ.યુ. બાબત

અતારાંકિત : ૨૦૪૮ (૩-૫-૦૪) **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ગત વર્ષમાં નવરાત્રી ઉત્સવ દરમ્યાન વાયબ્રન્ટ ગુજરાત હેઠળ કેટલી રકમનાં એમ.ઓ.યુ. કરવામાં આવ્યા,

(૨) આ એમ.ઓ.યુ. માટે કેટલી રકમનાં ઉદ્યોગો માટે કામગીરી શરૂ થઈ છે, અને

(૩) બાકીનાં કેટલી રકમનાં એમ.ઓ.યુ.નું કામ એપ્રિલ -૦૪ની સ્થિતિએ કયા તબક્કામાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૫-૬-૦૪) :

(૧) નવરાત્રી ઉત્સવ દરમ્યાન વાયબ્રન્ટ ગુજરાત અન્વયે રૂા. ૬૬૦૬૮.૫૦ કરોડનાં મૂડી રોકાણ માટેની દરખાસ્તો મળી.

(૨) અને (૩) ઉપરોક્ત દરખાસ્તો પૈકી પાંચ પ્રોજેકટો લગભગ રૂા. ૫૦૦ કરોડનાં રોકાણ સાથે અંશતઃઉત્પાદનમાં ગયેલ છે જ્યારે અન્ય રૂા. ૨૮,૨૨૬ કરોડની ૨૫ દરખાસ્તો સક્રિય (active) પ્રગતિમાં છે અને એકાદ વર્ષમાં ઉત્પાદનમાં જાય તેવી શક્યતા છે.

આ ઉપરાંત રૂા. ૧૪૦૭૧ કરોડની મૂડી રોકાણવાળી અન્ય ૨૩ દરખાસ્તો વિવિધ તબક્કે પ્રગતિમાં છે.

આ સિવાયની દરખાસ્તો માટે ઉદ્યોગકારો અને વિભાગો સાથે પરામર્શ ચાલુ છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લાના ઔદ્યોગિક રીતે પછાત તાલુકાઓનો વિકાસ કરવા બાબત

અતારાંકિત : ૨૧૩૨ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના કયા કયા તાલુકાઓને તારીખ ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ ઔદ્યોગિક પછાત ગણવામાં આવ્યા છે, અને

(૨) આ પછાત તાલુકાઓમાં ઔદ્યોગિક વિકાસ કરી અન્ય તાલુકા સાથે સમતુલિત વિકાસ હાથ ધરવા શું વિશેષ આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૭-૬-૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ ૨ તાલુકાઓ ઔદ્યોગિક રીતે પછાત જાહેર કરવામાં આવેલ છે. (૧) ચુડા, (૨) લખતર.

(૨) ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવા તથા આકર્ષવા માટે ઔદ્યોગિક સેમીનારનું આયોજન કરવામાં આવે છે. અને તે રીતે ઉદ્યોગો સ્થાપવા માટે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપવામાં આવે છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં મધ્યમ અને મોટા કદના ઔદ્યોગિક એકમો બાબત

અતારાંકિત : ૨૧૩૩ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ મધ્યમ કદના તેમજ મોટા કદના કેટલા ઔદ્યોગિક એકમો છે, અને કયા કયા, અને

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં વધુ ઔદ્યોગિક એકમો સ્થપાય તે માટે સરકારનું શું આયોજન છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૯-૮-૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૦૪ની પરિસ્થિતિએ કુલ ૧૭ મધ્યમ અને મોટા કદના એકમો છે. (તાલુકાવાર એકમોની યાદી સામેલ છે) (પત્રક-ક મુજબ)

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં વધુ ઔદ્યોગિક એકમો સ્થપાય તે માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા તાલુકા કક્ષાએ વિવિધ પ્રકારના સેમીનારો યોજવામાં આવે છે, તેમજ રાજ્ય કક્ષાએ આંતર રાજ્ય તેમજ વિદેશી ઉદ્યોગકારોને આકર્ષવા માટે વિવિધ કાર્યક્રમો જેવા કે વાઈબ્રન્ટ ગ્લોબલ સમીટ -૨૦૦૩. ઉત્તરાયણ મહોત્સવ વગેરે યોજીને આવા મોટા ઉદ્યોગ રાજ્યમાં સ્થપાય તે મુજબ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

**પત્રક-ક**

તાલુકાવાર હાલમાં ઉત્પાદનકર્તા ઔદ્યોગિક એકમોની સંખ્યા

| અ.નં. | તાલુકાનું નામ | ઉત્પાદિત વસ્તુનું નામ | | ઔદ્યોગિક એકમોની સંખ્યા |
|---|---|---|---|---|
| (૧) | ચોટીલા | ગ્લેઝ ટાઈલ્સ | | ૨ |
| | | સીરામીક આઈટમ | | ૨ |
| | | મેડીકલ ડીસ્પોઝલ કંમ્પાઉન્ડ | | ૧ |
| | | કોટન યાર્ન | | ૧ |
| | | નોન આલ્કોહોલ | | ૧ |
| | | બેવરેસીઝ અને ઠંડા પીણા | | |
| | | | કુલ | ૭ |
| (૨) | દસાડા | બ્રોમા ઈન | | ૧ |
| (૩) | ધ્રાંગધ્રા | બ્રોમાઈન (વિવિધ પ્રકારના) | | ૨ |
| (૪) | હળવદ | કોટન યાર્ન | | ૧ |
| | | સ્ટીલ બોલ્સ | | ૧ |
| | | | કુલ | ૨ |
| (૫) | લખતર | મેંદો ઓટો સોજી વિગેરે | | ૧ |
| | | સીરામિક ફાયબર્સ પ્રોડક્ટ બોર્ડસ વિગેરે | | ૧ |
| | | | કુલ | ૨ |
| (૬) | મૂળી | પ્રેસ કોટન | | ૧ |
| (૭) | સાયલા | નેપ્થોલ્સ રીએકટીવડાઈઝ | | ૧ |
| (૮) | વઢવાણ | લોઝેન્ગસ | | ૧ |
| | | | કુલ | ૧૭ ઔદ્યૌગિક એકમો |

-----------

## રાજ્યમાં નોંધાયેલા બેરોજગારોની સંખ્યા

અતારાંકિત : ૨૦૩૯ (૧૨-૫-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) :** માનનીય રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧મી માર્ચ, ૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ નોંધાયેલ બેરોજગાર કેટલા, એમાં જુનાગઢ જિલ્લામાં કેટલા બેરોજગારો નોંધાયા છે; અને

(૨) આ બેરોજગારો પૈકીનાને નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪ દરમિયાન કેટલાને રોજગારી આપવામાં આવી ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૭-૬-૦૪) :

(૧) રાજ્યમાં ૯૬૪૦૦૬

જુનાગઢ જિલ્લામાં ૪૬૮૪૫

(૨) રાજ્યમાં ૭૩૪૨૬

જુનાગઢ જિલ્લામાં ૧૯૮૦

---------

## કચ્છ જિલ્લામાં પંડિત દિનદયાલ સ્વાવલંબન યોજના હેઠળ રોજગારી

અતારાંકિત : ૨૦૪૨ (૨૮-૫-૦૪)**શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં પંડિત દિનદયાલ સ્વાવલંબન યોજના અન્વયે તા. ૩૧/૩/૦૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કયા કયા પ્રકારની કેટલા યુવાનોને તાલુકાવાર રોજગારીની તકો પૂરી પાડવામાં આવી;

(૨) તેની પાછળ યોજનાવાર કુલ કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો; અને

(૩) કેટલી માંગણીઓ આવી હતી, તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજુર કરવામાં આવી ?

**રોજગાર મંત્રીશ્રી** (૭-૭-૦૪) :

(૧) કચ્છ જિલ્લામાં પંડિત દિનદયાલ સંકિલત સ્વાવલંબન યોજના હેઠળ તા. ૩૧/૩/૦૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં પસંદગીના તાલુકાઓમાં નીચે પ્રમાણે રોજગાર વાંચ્છુઓને સ્વરોજગારીની તકો પુરી પાડવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | રેડીમેડ ગારમેન્ટ | લુહારી કામ | દૂધ ડેરી | સેંન્ટીંગ કામ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | મુન્દ્રા | ૧ | - | - | ૧ | ૨ |
| ૨. | નખત્રાણા | - | - | ૧ | ૧ | ૨ |
| ૩. | રાપર | - | ૧ | - | - | ૧ |
| ૪. | લખપત | - | - | - | - | - |
| | કુલ : | ૧ | ૧ | ૧ | ૨ | ૫ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કુલ પાંચ અરજીઓ મળેલ હતી. આ પાંચેય અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

----------

## સુરત જિલ્લામાં આઇ.ટી.આઇ. સંસ્થામાં અપૂરતા સાધનો

અતારાંકિત : ૨૦૫૯ (૨-૬-૦૪) **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૦૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી આઇ.ટી.આઇ. સંસ્થાઓ ચાલે છે,

(૨) આ પૈકી બારડોલી, વ્યારા, માંડવી, નિઝર અને ઉચ્છલ તાલુકામાં આવેલ આઇ.ટી.આઇ. સંસ્થાઓમાં કઇ કઇ સગવડતાઓ અને સાધનો ઉપલબ્ધ નથી; અને

(૩) આ સગવડતા અને સાધનો સરકાર કેટલા સમયમાં ઉપલબ્ધ કરાવવા સરકારનું આયોજન છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૭-૭-૦૪)

(૧) (૧) સુરત-૧
(૨) ઉકાઈ-૧
(૩) માંડવી-૧
(૪) વ્યારા-૧
(૫) વાલોડ-૧
(૬) બારડોલી-૧
(૭) નિઝર-૧
(૮) ઝંખવાવ-૧
(૯) પલસાણા-૧
(૧૦) ઉચ્છલ-૧
(૧૧) કરચેલીયા-૧
(૧૨) ઓલપાડ-૧
(૧૩) ઓલપાડ સેટેલાઇટ-૧

કુલ-૧૩

(૨) બારડોલી - મશીનરી શોપ આઉટ ફીટ ખુટતું મહેકમ

વ્યારા -મશીનરી ટુલકીટ શોપ આઉટ ફીટ ખુટતુ મહેકમ

માંડવી -મશીનરી ટુલકીટ શોપ આઉટ ફીટ ખુટતુ મહેકમ

નિઝર -ટુલકીટ

આ ઉચ્છલ-મશીનરી ટુલકીટ શોપ આઉટ ફીટ પોતાનું સરકારી મકાન ખુટતુ મહેકમ

(૩)(૧)આઇ.ટી.ઉચ્છલના મકાન બાંધકામ માટે વહીવટી મંજુરી મળી ગયેલ છે અને માર્ગ અને મકાન વિભાગ ધ્વારા ત્રણ વર્ષમાં સુચિત બાંધકામ પૂર્ણ કરવાનું થાય છે.

(૨) ખૂટતુ મહેકમ બનતી ત્વરાએ પુર્ણ કરવાનું આયોજન છે.

(૩) સાધનોની ઘટ અંગે નાણાકીય જોગવાઇને આધીન રહી, માર્ચ-૨૦૦૫ સુધીમાં મશીનરીની સગવડતા ઉપલબ્ધ કરાવી શકાશે.

------------

## રાજ્યમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા

અતારાંકિત : ૨૦૬૨ (૧૩-૫-૦૪) **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ)** :માનનીય રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં સીવીલ, મીકેનીકલ, ઇલેકટ્રીકલ અને ઈલેકટ્રોનીક્સ એન્જીનીયર, ડૉકટર બેરોજગારોની સંખ્યા કેટલી છે;

(૨) છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરીઓનું પ્રદાન કરવામાં આવ્યું છે; અને

(૩) વધતી જતી બેરોજગારી દુર કરવા રાજ્ય સરકારે કોઇ ખાસ કાર્યક્રમ અમલમાં મૂક્યો છે કે કેમ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૨૫-૬-૦૪) :

(૧)

| | |
|---|---|
| સીવીલ | ૪૬૭૩ |
| મીકેનીકલ | ૮૧૨૯ |
| ઇલેકટ્રીકલ | ૮૨૦૬ |
| ઇલેકટ્રોનીક્સ | |
| એન્જીનીયર | ૧૦૧૨ |
| ડૉકટર | ૫૫૧ |
| કુલ :- | ૨૨૫૭૧ |

(૨)

| | |
|---|---|
| સીવીલ | ૧૧૩ |
| મીકેનીકલ | ૬૨૪ |
| ઇલેકટ્રીકલ | ૩૨૩ |
| ઇલેકટ્રોનીક્સ | |
| એન્જીનીયર | ૧૫ |
| ડૉકટર | ૧૭ |
| કુલ :- | ૧૦૯૨ |

(૩) રાજ્યમાં ઔદ્યોગિક ભરતીમેળા, લશ્કરી ભરતીમેળા, સ્વરોજગાર શિબિરો, ટુંકાગાળાના તાલિમવર્ગો, કેરિયર કોર્નર, રોજગાર સહાય કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે અને બેરોજગારોની સંપુર્ણ વિગતો વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.

-----------

## ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં અકસ્માતોના બનાવો

અતારાંકિત : ૨૦૭૬ (૨૨-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા)** : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) ભરુચ જિલ્લાના ઉદ્યોગોમાં છેલ્લા બે વર્ષથી ઔદ્યોગિક એકમોમાં અકસ્માતો વધી ગયા છે એ વાત સાચી છે;
(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં તા. ૩૦-૪-૦૪ સુધીમાં કેટલા અકસ્માતો થયા,
(૩) આ અકસ્માતો કયા કયા ઉદ્યોગોમાં થયા;
(૪) આ અકસ્માતોમાં કેટલા કામદારોએ જાન ગુમાવ્યા અને કેટલા કામદારોને ઇજાઓ થઇ;
(૫) આ અંગે સરકાર ધ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા; અને
(૬) સરકારે આ ઉદ્યોગો સામે શી કાર્યવાહી હાથ ધરી છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૭-૮-૦૪) :

(૧) ના જી
**(૨)** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
**(૩)** કેમીકલ, ખાંડસરી, સોલ્ટ વર્કસ તેમજ એન્જીનીયરીંગ ઉદ્યોગોમાં થયા છે.
**(૪)** ૧૯ શ્રમયોગીઓએ જાન ગુમાવ્યા અને ૧૬ શ્રમયોગીઓને ઇજાઓ થઇ.
**(૫)** અને (૬) અકસ્માતોની વિગતવાર તપાસ કરી, આવા અકસ્માતોનું પુનરાવર્તન ન થાય, તે માટે જરૂરી પગલાંઓ ઔદ્યોગિક એકમોને સૂચવવામાં આવ્યા છે અને આ સૂચનોનું પાલન થાય છે કે કેમ ? તે અંગે તકેદારી રાખી અને સંબંધિત નિયમો/અધિનિયમ હેઠળ કાનુની કાર્યવાહી કરી, નામદાર કોર્ટમાં કેસો દાખલ કરેલ છે.

------------

## સરકારી વકીલની ગેરહાજરી અંગે

અતારાંકિત : ૧૯૯૧ (૨૮-૫-૦૪) **શ્રી રાકેશ રાવ(માતર)** :માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) મે ૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ફોજદારી અદાલતો સરકારી વકીલ વગર કામ કરે છે; અને
(૨) સરકારી વકીલોની ગેરહાજરીને કારણે રાજ્ય સરકારના હિતોને નુકશાન થાય તો તે સામે પગલાં લેવાની શું વ્યવસ્થા છે ?

**કાયદા મંત્રીશ્રી** (૧૪-૭-૦૪) :

(૧) કોઇ ફોજદારી કોર્ટ સરકારી વકીલ વગર કામ કરતી નથી.
(૨) ગેરહાજરી ન હોઇ પ્રશ્ન નથી.
આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટરના કિસ્સામાં ખાલી જગ્યાવાળી કોર્ટોમાં જિલ્લાના અન્ય સરકારી વકીલોને અરસપરસ કેસોની વહેંચણી કરીને કામગીરી ચલાવવામાં આવે છે જેથી સરકારી વકીલના અભાવે રાજ્ય સરકારના હિતોને કોઇ નુકશાન થતું નથી.
સરકારી વકીલોની નિમણુંક લો ઓફિસર્સ રૂલ્સ નીચે થાય છે અને આ જ કાયદાના નિયમો મુજબ તેઓની સેવાનો અંત લાવવાની તેમાં જોગવાઇ કરવામાં આવી છે.

-----------

## રાજયમાં પીવાના પાણી માટે નોસોર્સ ગામ જાહેર થવા બાબત

અતારાંકિત : ૧૯૯૬ (૨૮-૫-૦૪) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી)** : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજયમાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કેટલા ગામને પીવાના પાણી માટે નોસોર્સ જાહેર થયા છે;
(૨) આ ગામને પાણી આપવાની હાલ શું વ્યવસ્થા છે; અને
(૩) તેનો કુલ કેટલો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં થયો છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી (૩૦-૭-૦૪) :**

(૧) એનસી (નોસોર્સ) કક્ષાનું એક ગામ બાકી રહે છે.
(૨) ટેન્કરથી પાણી અપાય છે.
**(૩)** રૂા. ૯૩.૩૮ લાખ.

-----------

## અમરેલી, ભાવનગર, રાજકોટ, જુનાગઢ અને જામનગરના નર્મદા યોજનાના વંચિત ગામોને સિંચાઈના પાણી આપવા બાબત

અતારાંકિત : ૨૦૫૬ (૧-૬-૦૪) **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર)** : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

**(૧)** અમરેલી, ભાવનગર, રાજકોટ, જુનાગઢ તેમજ જામનગર જિલ્લાના જે વિસ્તારોને નર્મદા યોજના અંર્તગત સિંચાઈનો લાભ મળી શકે તેમ નથી તેવા વિસ્તારોને સિંચાઈનો લાભ મળે ત`માટે સરકાર શું વિચારે છે; અને

(૨) આવા વિસ્તાર માટે નર્મદાની કેનાલ દ્વારા આ વિસ્તારમાં આવેલ તળાવોમાં પાણી ઠાલવી સિંચાઈનો લાભ આપવા સરકારે વિચારેલ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી (૧૫-૭-૨૦૦૪) :**

(૧) ચોમાસા દરમિયાન નર્મદાના પુરના વધારાના ૧ એમ.એ.એફ.ટી. પાણીને સૌરાષ્ટ્રમાં નર્મદા કેનાલો દ્વારા વહેવડાવીને ૧૦૭ ચેકડેમો બાંધીને તથા હયાત સિંચાઈ યોજનાઓમાં સંગ્રહ કરવાની તેમજ મોરબી અને બોટાદ પ્રશાખાને લંબાવી માર્ગમા આવતાં જળાશયોમાં પાણીનો સંગ્રહ કરવાનું આયોજન છે.

(૨) હા, જી.

-----------

## કચ્છ જિલ્લામાં ગૌચરની જમીન ઉપર દબાણ

અતારાંકિત : ૨૦૧૦ (૨૮-૫-૨૦૦૪) **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ)** : માનનીય પંચાયત મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) કચ્છ જિલ્લામાં માર્ચ, ૨૦૦૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ગૌચર દબાણો થયેલા છે,
(૨) આ ગૌચર દબાણો કેટલા સમયથી ચાલુ છે;
(૩) ગૌચર દબાણો દુર કરવા નિષ્ફળ જનાર અધિકારી સામે શા પગલાં લેવાયા છે; અને;
(૪) તમામ દબાણો કયાં સુધીમાં હટાવી લેવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી (૧૬-૮-૨૦૦૪) :**

(૧) કચ્છ જિલ્લામાં માર્ચ, ૨૦૦૪ની સ્થિતિએ તાલુકાવાર કુલ ૫૩૩ દબાણો થયેલ છે. (પરિશિષ્ટ-અ સામેલ છે.)
(૨) આ ગૌચર દબાણો ઓછામાં ઓછા પાંચ વર્ષથી અને વધુમાં વધુ ૨૦ વર્ષથી ચાલુ છે.
(૩) નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવે છે.
(૪) આ દબાણો દુર કરવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૫(૨) હેઠળ ગ્રામ પંચાયતના અધિકારીક્ષેત્રમાં આવતી હોઈ તેમજ કલમ ૧૦૫(૭) (૮) હેઠળ વિકાસ અધિકારીશ્રી સક્ષમ હાઈ તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

**પરિશિષ્ટ-અ**

| **અ** | **તાલુકાનું નામ** | **માર્ચ-૨૦૦૪ની સ્થિતિએ દબાણોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગાંધીધામ | ૧૧૨ |
| ૨ | માંડવી | ૧૭૮ |
| ૩ | મુંદ્રા | ૬૦ |
| ૪ | અંજાર | -- |
| ૫ | લખપત | ૧૦૧ |
| ૬ | ભચાઉ | -- |
| ૭ | અબડાસા | ૨ |
| ૮ | નખત્રાણા | ૧૪ |
| ૯ | ભૂજ | ૬૬ |
| ૧૦ | રાપર | -- |
| | કુલ | ૫૩૩ |

------------

## રાજ્યમાં નવા બી,પી.એલ, કુટુંબની નોંધણીની કાર્યવાહી પૂર્ણ કરવા અંગે

અતારાંકિત : ૨૦૨૬ (૨૮-૫-૨૦૦૪) **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી)** : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૩/૦૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા બી.પી એલ. કુટુંબો નોંધાયેલા છે;

(૨) રાજ્ય સરકાર દ્વારા નવા બી.પી એલ. કુટુંબોની નોંધણીની કાર્યવાહી કયા તબક્કામાં છે અને કયારે પૂર્ણ કરવામાં આવશે; અને

(૩) રાજ્ય સરકાર દ્વારા બી.પી એલ. કુટુંબમાંથી વિભાજીત થતા કુટુંબોને એ.પી.એલ.કુટુંબનો દરજ્જો ફાળવવાના કારણો શું છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (૫-૭-૦૪) :**

(૧) જિલ્લાવાર ગરીબી નીચે જીવતા કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૭૮,૭૨૨ |
| ૨ | અમરેલી | ૫૦,૭૬૧ |
| ૩ | કચ્છ | ૭૩,૨૨૫ |
| ૪ | ખેડા | ૧,૦૮,૫૮૬ |
| ૫ | આણંદ | ૭૩,૬૪૧ |
| ૬ | ગાંધીનગર | ૩૫,૪૫૭ |
| ૭ | જામનગર | ૭૯,૬૭૧ |
| ૮ | જુનાગઢ | ૭૫,૮૧૯ |
| ૯ | પોરબંદર | ૧૭,૫૮૧ |
| ૧૦ | ડાંગ | ૩૩,૯૬૮ |
| ૧૧ | પંચમહાલ | ૨,૨૨,૪૯૩ |
| ૧૨ | દાહોદ | ૧,૯૨,૯૨૦ |
| ૧૩ | બનાસકાંઠા | ૧,૩૫,૬૧૫ |
| | | |

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૪ | ભરૂચ | ૧,૦૯,૫૯૩ |
| ૧૫ | નર્મદા | ૭૩,૪૯૪ |
| ૧૬ | ભાવનગર | ૭૨,૪૪૪ |
| ૧૭ | મહેસાણા | ૪૬,૫૧૯ |
| ૧૮ | પાટણ | ૫૬,૨૨૮ |
| ૧૯ | રાજકોટ | ૭૮,૩૭૬ |
| ૨૦ | વડોદરા | ૧,૩૨,૦૫૩ |
| ૨૧ | વલસાડ | ૮૫,૨૬૯ |
| ૨૨ | નવસારી | ૭૫,૫૧૨ |
| ૨૩ | સાબરકાંઠા | ૧,૪૬,૪૫૫ |
| ૨૪ | સુરત | ૧,૯૫,૭૬૧ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૭૯,૨૧૫ |
| | | |
| | **કુલ** | **૨૩,૨૯,૩૭૮** |

(૨) રાજ્યના તમામ ગામોના ઘરે ઘરે ફરીને મોજણીની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) આવો પ્રસંગ ઉપસ્થિત થયેલ નથી

--------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામીણ સ્વચ્છતા માટે શૌચાલયો બનાવવા ચૂકવેલ રકમ

અતારાંકિત : ૨૧૬૦ (૧૦-૮-૨૦૦૪) **શ્રી જયંતિલાલ ર. કવાડિયા(હળવદ)** : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્નનગર જિલ્લામાં તાલુકાવાર ગ્રામિણ સ્વચ્છતા માટે કેટલા શૌચાલયો કયા ગામે બનાવવામાં આવ્યા,

(૨) કઈ કઈ નોડલ એજન્સીને કેટલા **શૌચાલયો** બનાવવા માટે આપવામાં આવ્યા હતા; અને

(૩) નોડલ અજન્સીઓને કેટલી રકમ ચૂકવી આપવામાં આવી ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (૪-૮-૨૦૦૪) :**

(૧) તા. ૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૮૨૪ ગ્રામિણ સ્વચ્છતા માટે શૌચાલયો બનાવવામાં આવ્યા, તાલુકાવાર ગામવાર વિગત સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) તા.૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ નોડલ એજન્સીને નવા શૌચાલયો બનાવવા આપવામાં આવ્યા નથી. ફકત અગાઉના વર્ષના ચાલુ કામો શ્રી અખિલ ભારતીય સર્વોદય રચનાત્મક સંઘ, વેજલપુર દવ્રારા સુરેન્દ્રનગર જિલ્લામાં હાથ ધરાયેલ હતા તે પૂર્ણ કરેલ છે.

(૩). તા. ૩૧/૩/૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં થયેલ કામો સામે બાકી સહાયની રકમ રૂા. ૨૭૪૧૯૭૨/-ચૂકવી આપવામાં આવી છે.

**પત્રક-૧**

સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ગામવાર બનાવવામાં આવેલ શૌચાલય

| અ.નં. | તાલુકાનું નામ | ગામનું નામ | શૌચાલયની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | લીમડી | હડાળા | ૪૦ |
| | | બલોલ | ૧૦ |
| | | ધ્રોલ | ૪૨ |
| | | ધ્રોલ (ભાલ) | ૩૮ |
| | | વખતપર | ૨૧ |
| | | જસાપર | ૧ |
| | | અણદેપર | ૨ |
| | | કુલ | ૧૫૪ |
| ૨ | ચુડા | જેપર | ૩૦ |
| | | રંગપુર | ૨૦ |
| | | નાગનેશ | ૪૦ |
| | | કુલ | ૯૦ |
| ૩ | હળવદ | પ્રતાપગઢ | ૨૦ |
| | | રણજીતગઢ | ૧૯ |
| | | કુલ | ૩૯ |
| ૪ | વઢવાણ | રૂપાવટી | ૨૫ |
| | | બાકરથળી | ૧૫ |
| | | પ્રાણગઢ | ૧૬ |
| | | કુલ | ૫૬ |
| ૫ | લખતર | લીલાપુર | ૧૫ |
| | | બજરંગપુરા | ૧૫ |
| | | વરસાણી | ૧૫ |
| | | ભાથરીયા | ૧૦ |
| | | ભડવાણા | ૧૦ |
| | | કુલ | ૬૫ |
| ૬ | ધ્રાંગધ્રા | રાવળીયાવદર | ૧૩ |
| | | જેગડવા | ૧૬ |
| | | મોટા અંકેવાળીયા | ૨૪ |
| | | ખાંભડા | ૧૯ |
| | | પ્રથુગઢ | ૧૫ |
| | | કુલ | ૮૭ |
| ૭ | ચોટીલા | રાજપરા | ૨૯ |
| | | ધારૈઈ | ૨૦ |
| | | ગુંદા | ૧૦ |
| | | કાકવડંલા | ૧૦ |
| | | જીવાપર | ૧૮ |
| | | સોમાસર | ૧૦ |
| | | ચોટીલા | ૧૯ |
| | | કાબરણ | ૧૦ |
| | | આણંદપુર | ૧૦ |
| | | નાનીમોરસલ | ૫ |
| | | નાનાપાળીયાદ | ૬ |
| | | કુલ | ૧૪૭ |
| ૮ | મુળી | ગઢાદ | ૨૦ |
| | | કુલ | ૨૦ |
| ૯ | સાયલા | જુની મોરસલ | ૧૦ |
| | | ટીટોડા | ૧૦ |
| | | મંગળકુઈ | ૧૫ |
| | | નવીમોરસલ | ૧૬ |
| | | સાયલા | ૨૨ |
| | | સુદામડા | ૪૦ |
| | | ખાંભડા | ૨ |
| | | પ્રથુગઢ | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| | | કુલ | ૧૨૭ |
| ૧૦ | પાટડી | સખીયાણા | ૧૯ |
| | | સેડલા | ૨૦ |
| | | કુલ | ૩૯ |
| | એકંદર કુલ.. | | ૮૨૪ |

---------

## ૧૧મા નાણા પંચમાં સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતીરાજ સંસ્થાને ફાળવેલ ગ્રાન્ટ

અતારાંકિત : ૨૧૬૭ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ૧૧મા નાણા પંચમાં તા. ૩૧-૩-૦૪ની સ્થિતએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાને પંચાયતી રાજ સંસ્થા માટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી;

(૨) આ પૈકી સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી; અને;

(૩) તેમાં કયા કયા કામો તાલુકાવાર કરવાનું નક્કી કરવામાં આવેલ છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૭-૮-૦૪) :

(૧) રૂા. ૨૬૦.૬૦ લાખ.

(૨) સામેલ પત્રક -૧ મુજબ

(૩) તાલુકાવાર હાથ ધરાયેલ કામો સામેલ પત્રક-૨ મુજબ

**પત્રક-૧**

**તાલુકાવાર ગ્રાન્ટ ફાળવણીની માહિતી દશાર્વતુ પત્રક જિલ્લા પંચાયત સુરેન્દ્રનગર**

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૨૨.૧૬ |
| ૨ | મુળી | ૧૨.૪૬ |
| ૩ | ચોટીલા | ૮૩.૦૧ |
| ૪ | ધ્રાંગધ્રા | ૧૯.૮૫ |
| ૫ | હળવદ | ૩૪.૫૦ |
| ૬ | પાટડી | ૨૬.૦૭ |
| ૭ | સાયલા | ૨૩.૨૭ |
| ૮ | લખતર | ૨૧.૭૬ |
| ૯ | લીંબડી | ૧૪.૯૮ |
| ૧૦ | ચુડા | ૦.૭૩ |
| | કુલ ગ્રાન્ટ | ૨૫૮.૭૫ |

પત્રક-૨

તાલુકાવાર કરવાના થતા કામોની માહિતીનું પત્રક : જિલ્લા પંચાયત સુરેન્દ્રનગર

| ક્રમ | તાલુકાનું નામ | પા.પૂ. કામો | નાની સિંચાઈ કામો | આંતરિક રસ્તાના કામો | અન્ય કામો | કુલ કામો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | વઢવાણ | ૦ | ૧ | ૨૮ | ૧ | ૩૦ |
| ૨ | મુળી | ૧ | ૦ | ૧૧ | ૦ | ૧૨ |
| ૩ | ચોટીલા | ૦ | ૫૦ | ૦૬ | ૦ | ૫૬ |
| ૪ | સાયલા | ૦ | ૫ | ૧૩ | ૦ | ૧૮ |
| ૫ | ધ્રાંગધ્રા | ૭ | ૦ | ૧૩ | ૧ | ૨૧ |
| ૬ | હળવદ | ૦ | ૦ | ૪૮ | ૦ | ૪૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | પાટડી | ૪ | ૦ | ૧૯ | ૬ | ૨૯ |
| ૮ | લખતર | ૦ | ૧ | ૧૯ | ૦ | ૨૦ |
| ૯ | લીંબડી | ૧ | ૦ | ૯ | ૩ | ૧૩ |
| ૧૦ | ચુડા | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| | **કુલ** | ૧૪ | ૫૭ | ૧૬૬ | ૧૧ | ૨૪૮ |

-----------

**બનાસકાંઠાની કલેકટર કચેરીમાં નિકાલ વગરના બાકી કેસો**

અતારાંકિત : ૧૯૯૮ (૨૮-૫-૨૦૦૪) **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) બનાસકાંઠાની જિલ્લાની કલેકટર કચેરીમાં વિવિધ પ્રકારના કેટલા કેસો નિકાલ વગરના પેંન્ડીગ છે,

(૨) આ બાકી કેસો પૈકી એક વર્ષ, બે વર્ષ અને તેથી ઉપરના કેટલા છે, અને

(૩) આ કેસો લાંબો સમય પડતર રહેવાના શા કારણો છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૮-૭-૦૪) :

(૧)૬૩૩ કેસો પેન્ડીગ છે.

(૨) ૧ વર્ષ સુધીના ૪૯૪
૧ થી ૨ વર્ષ સુધીના-૬૫
૨ થી ૩ વર્ષ સુધીના-૭૪

(૩)જુદા જુદા ધારા હેઠળના કેસોમાં ક્રમાનુસાર સુનાવણીઓ આપવામાં આવે છે. જેમાં અરજદારશ્રીઓ તરફથી/વકીલશ્રીઓ તરફથી મુદતની માંગણી થતાં તેમજ કોર્ટ જયારે અન્ય કામે રોકાયેલ હોય ત્યારે મુદતો આપવાથી પડતર છે.

------------

**રાજકોટ, જુનાગઢ, જામનગર, અને અમરેલી જિલ્લાઓમાં ખરાબા કે ગૌચરમાં દબાણો**

અતારાંકિત : ૨૦૧૮ (૧૮-૫-૨૦૦૪) **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) માર્ચ ૨૦૦૪ની સ્થિતિએ રાજકોટ, જુનાગઢ, જામનગર, અને અમરેલી જિલ્લાઓમાં સરકારી ખરાબામાં કેટલા દબાણો થયા છે;

(૨) તે દબાણો ખાલી કરાવવા તંત્ર દ્વારા શું કાર્યવાહી છેલ્લા એક વર્ષમાં કરવામાં આવી, અને

(૩) દબાણો દુર થયા પછી ફરી વખત કેટલા દબાણો તે જ જગ્યાએ થઈ ગયા છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૧-૭-૨૦૦૪) :

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | રાજકોટ | જુનાગઢ | જામનગર | અમરેલી |
| | ૧૨૭૦ | ૪૭૦ | ૪૯૦ | ૨૭૪ |

(૨) દબાણો ખાલી કરાવવા સંબંધિત મામલતદારશ્રીઓ દ્વારા જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ કાર્યવાહી કરી નીચે મુજબ દબાણો દુર કરવામાં આવ્યા.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | રાજકોટ | જુનાગઢ | જામનગર | અમરેલી |
| | ૬૪૩ | ૯૦ | ૬૫ | ૯૦ |

(૩) આવા કોઈ કિસ્સા ધ્યાન પર આવેલ નથી.

-------

**રાજ્યમાં મહેસૂલ વિભાગ દ્વારા ઈ-ગવર્નન્સ અમલીકરણની શરૂઆત**

અતારાંકિત : ૨૦૩૨ (૨૮-૫-૨૦૦૪) **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં મહેસૂલ વિભાગ દ્વારા ઈ-ગવર્નન્સ અમલીકરણથી જાહેર જનતાને ૭/૧૨ વગેરે જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ કરવાનું કઈ તારીખથી શરૂ કરેલ છે,

(૨) તેના માટે કેટલી ફી રાખવામાં આવેલ છે, અને

(૩) જીલ્લાવાર આ વ્યવસ્થા શરૂ થયેથી તા. ૩૦-૪-૦૪ સુધીમાં કેટલા અરજદારોએ લાભ લીધો અને તેની ફી ની કેટલી રકમ જમા થઈ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૯-૪-૨૦૦૪) :

(૧) ૭-૧૨ અને ૮-અ દસ્તાવેજોની કોમ્પ્યુટરાઈઝ નકલો રાજ્યના મોટાભાગના તાલુકાઓમાં અલગ અલગ તારીખથી ઉપલબ્ધ કરવાનું શરૂ થયેલ છે. કેટલાક તાલુકાઓમાં હજુ તે કાર્યવાહી બાકીમાં છે.

(૨) હાલ કોમ્પ્યુટરાઈઝડ ૭-૧૨ અને ૮-અ ની નકલ માટે રૂા. ૧૫ની ફી રાખવામાં આવેલ છે.

(૩) તા. ૩૦-૪-૨૦૦૪ સુધીમાં જીલ્લાવાર અરજદારોએ લાભ લીધેલ હોય તે અને તે પેટે ફી ની જમા આવેલ રકમનું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

| ક્રમ | જીલ્લાનું નામ | તા. ૩૦-૪-૨૦૦૪ સુધીમાં લાભ મેળવનાર અરજદારોની સંખ્યા | જમા થયેલ ફી ની રકમ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | -- | -- |
| ૨ | અમરેલી | ૧૮૪૦ | ૧૦૪૮૬ |
| ૩ | આણંદ | -- | -- |
| ૪ | બનાસકાંઠા | ૧૨૨૩ | ૨૫૮૮૦ |
| ૫ | ભરૂચ | ૧૯૭૦ | ૧૯૭૦૦ |
| ૬ | ભાવનગર | ૮૯૪ | ૭૮૬૫ |
| ૭ | દાહોદ | ૮૩૯ | ૬૪૫૫ |
| ૮ | ડાંગ | -- | -- |
| ૯ | ગાંધીનગર | -- | -- |
| ૧૦ | જામનગર | ૩૧૦૯ | ૪૧૮૨ |
| ૧૧ | જૂનાગઢ | ૭૪૯ | ૭૦૦૨ |
| ૧૨ | ખેડા | ૩૭૭ | ૬૮૬૦ |
| ૧૩ | કચ્છ | -- | -- |
| ૧૪ | મહેસાણા | ૨૬૦૯ | ૬૩૦૭૫ |
| ૧૫ | નર્મદા | ૪૫૧૮ | ૨૦૧૩૨ |
| ૧૬ | નવસારી | ૫૧૮ | ૨૫૨૨ |
| ૧૭ | પંચમહાલ | ૧૬૧૮ | ૮૩૦૮ |
| ૧૮ | પાટણ | ૭૪૧ | ૧૯૯૪૫ |
| ૧૯ | પોરબંદર | ૨૮૮ | ૧૫૦૨ |
| ૨૦ | રાજકોટ | ૮૭૯ | ૧૯૯૯૪ |
| ૨૧ | સાબરકાંઠા | ૮૪ | ૧૨૬૮ |
| ૨૨ | સુરત | ૪૦૬૩ | ૨૫૪૫૬ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૭૭૫૦ | ૭૭૫૦ |
| ૨૪ | વડોદરા | ૨૧૧ | ૧૩૫૦ |
| ૨૫ | વલસાડ | ૩૭ | ૧૫૩ |
| | કુલ | ૩૪૩૧૭ | ૨૫૯૮૮૫ |

------------

## રાજકોટ જિલ્લામાં ખેડૂતપોથીની કામગીરી બાબત

અતારાંકિત : ૨૦૩૮ (૨૮-૫-૨૦૦૪) **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) :** માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે : -

(૧) તારીખ : ૩૧/૩/૨૦૦૪ ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના દરેક તાલુકાના ખાતેદાર ખેડૂતોને ખેડૂતપોથી આપવામાં આવી છે કે કેમ,

(૨) જો ના, તો તેના કારણો શાં,

(૩) આ ખેડૂતપોથીમાં જવાબદાર અધિકારી તરીકે કોની સહી લેવામાં આવે છે, અને

(૪) સહી વગરની ખેડૂતપોથી આપવામાં આવેલ હોય તો કોને જવાબદાર ગણી શકાય?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨-૮-૨૦૦૪) :

(૧) હાલ ફકત માળિયા (મિયાણા) તથા રાજકોટ તાલુકામાં પાછળથી ખાતાઓનું વિભાજન થતાં તેટલા ખાતેદારોને આપવાની બાકી છે.

(૨) પાછળથી ખાતાઓનું વિભાજન થયેલ હોઈ તેટલા નવા ખાતા પૂરતી ખેડૂત પોથીઓની વ્યવસ્થા થઈ રહી છે.
(૩) સંબંધિત તાલુકા મામલતદારશ્રી
(૪) આવી કોઈ ફરીયાદ મળેલ નથી.

---------

## રાજ્યમાં વિશ્વબેંક સહાયીત રસ્તાના કામો

અતારાંકિત : ૨૦૨૭ (૨૮-૫-૨૦૦૪) **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે : -

**(૧)** રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાની સુધારણા વિશ્વબેંકની સહાયથી ચાલે છે કે કેમ,
(૨) એપ્રિલ ૨૦૦૪ ની સ્થિતિએ તેમાં કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા, અને
(૩) કેટલા ચાલુ છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૬-૭-૨૦૦૪) :

(૧) હા, જી.
(૨) ૨૮ (અઠાવીસ)
(૩) ૩૩ (તેત્રીસ)

## બનાસકાંઠા જિલ્લામાં ટી.બી. કેન્સર રક્તપિત્તના દર્દીઓની સહાય માટે અરજીઓ

અતારાંકિત : ૨૦૨૫ (૨૮-૫-૦૪) **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ)** : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં ટી.બી., કેન્સર અને રક્તપિત્તના દર્દીઓની સહાય માટે કેટલી અરજીઓ આવી હતી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી ના મંજૂર કરવામાં આવી,

(૩) જે અરજીઓ સહાય માટે મંજૂર કરવામાં આવી તેમાંથી કેટલાને કેટલી સહાય ચૂકવવામાં આવી અને બાકીનાને કયારે ચૂકવવામાં આવશે, અને

(૪) અરજીઓ નામંજૂર કરવાનાં શાં કારણો છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી (૯-૨-૦૫)**

(૧)

| | | ૨૦૦૨-૨૦૦૩ | | | ૨૦૦૩-૨૦૦૪ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | નામ | અ.જા. | વિ.જા. | કુલ | અ.જા. | વિ.જા. | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| (૧) | પાલનપુર | ૫૪ | ૧૫૦ | ૨૦૪ | ૭૫ | ૧૩૦ | ૨૦૫ |
| (૨) | વડગામ | ૬૮ | ૪૯ | ૧૧૭ | ૬૯ | ૭૭ | ૧૪૬ |
| (૩) | ડીસા | ૩૮ | ૩૪ | ૭૨ | ૩૫ | ૨૩ | ૫૮ |
| (૪) | દાંતા | ૮ | ૨૪ | ૩૨ | ૧૪ | ૧૩ | ૨૭ |
| (૫) | થરાદ | ૪ | ૯ | ૧૩ | ૯ | ૧૩ | ૨૨ |
| (૬) | વાવ | ૩૬ | ૨૧ | ૫૭ | ૩૫ | ૧૮ | ૫૩ |
| (૭) | ધાનેરા | ૧૩ | ૧ | ૧૪ | ૧૬ | ૫ | ૨૧ |
| (૮) | દિયોદર | ૫ | ૨ | ૭ | ૩ | ૩ | ૬ |
| (૯) | કાંકરેજ | ૨ | ૧૯ | ૨૧ | ૮ | ૧૪ | ૨૨ |
| (૧૦) | ભાભર | ૩ | ૫ | ૮ | ૨ | ૨ | ૪ |
| (૧૧) | અમીરગઢ | ૭ | ૨૩ | ૩૦ | ૧૭ | ૩૨ | ૪૯ |
| (૧૨) | દાંતીવાડા | ૮ | ૨ | ૧૦ | ૨ | -- | ૨ |
| | કુલ | ૨૪૬ | ૩૩૯ | ૫૮૫ | ૨૮૫ | ૩૩૦ | ૬૧૫ |

(૨) તે પૈકી કુલ ૯૫૬ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૧૮ નામંજૂર કરવામાં આવી.
(૩) ૯૫૬ લાભાર્થીઓને કુલ રૂા. ૧૪,૨૮,૦૯૩/-ની સહાય ચૂકવવામાં આવી. બાકીની અરજીઓની ક્ષતિ પૂર્તતા થયે શકય તેટલી ઝડપથી સહાય ચૂકવવામાં આવશે.
(૪) (૧) અગાઉ આ લાભાર્થીઓને સહાય મળેલ હોઈ ના મંજૂર કરવામાં આવેલ છે.
(૨) આવક મર્યાદા વધુ હોવાથી

(૩ અરજદારનું મૃત્યુ થવાથી.

------------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગણવેશ**

અતારાંકિત : ૨૦૯૩ (૨૨-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ગણવેશ આપવા માટે તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ તાલુકાવાર મંજૂર કરવામાં આવી હતી,
(૨) દરેક તાલુકામાં કઈ કઈ શાખાઓમાં કેટલા વિદ્યાર્થીઓને ગણવેશ આપવામાં આવ્યો,
(૩) આ પૈકી કેટલી અને કઈ કઈ શાખાઓના વિદ્યાર્થીઓને હજુ સુધી ગણવેશ આપવામાં આવ્યા નથી, અને
(૪) ગણવેશ ન આપવાના શા કારણો છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૦-૮-૦૪) :

(૧) શૂન્ય
(૨) શૂન્ય
(૩) ગણવેશ આપવામાં આવેલ નથી.
(૪) વર્ષ ૨૦૦૧-૨૦૦૨ અને ૨૦૦૨-૨૦૦૩ના બાળકોને ગણવેશ ન આપવા માટે સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે.જ્યારે વર્ષ ૨૦૦૩-૨૦૦૪ના વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની બાબત વિચારણા હેઠળ છે.

-----------------

**ભૂકંપ બાદ રાજ્યની નગરપાલિકાઓને સુવિધાઓ**

અતારાંકિત :૨૦૦૨ (૨૮-૫-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ)** : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે **કે :-**

(૧) ભૂકંપ બાદ શહેરી વિસ્તારમાં આવતી નગરપાલિકાઓમાં જી.યુ.ડી, સી. દ્વારા શહેરની સુવિધાઓ માટે કઈ કઈ સુવિધઓ પાછળ કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,
(૨) હજી બાકી રહેતી નગરપાલિકાઓમાં સુવિધા આપવા માટે આયોજન છે કે કેમ, અને
(૩) જો હા, તો કેટલા સમયમાં?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૦-૮-૦૪) :

(૧) ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની દ્વારા વિવિધ નગરપાલિકાઓમાં આંતરમાળખાકીય સુવિધાઓ પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગતો સામેલ પત્રક મુજબ છે.
(૨) ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીને ૧૪ ભૂંકપગ્રસ્ત નગરપાલિકાઓને એડીબી ફંડિત જીઈઆરઆરપી હેઠળ સુવિધાઓ આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ યોજના હેઠળ અન્ય કોઈ નગરપાલિકાઓને સુવિધા આપવાનું આયોજન કરવામાં આવેલ નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

ભુંકપ ગ્રસ્ત વિવિધ શહેરોની નગરપાલિકાઓમાં જીયુડીસી દ્વારા આંતરમાળાખાકીય સુવિધાઓ માટે કરવામાં આવેલ

| **અનું નં.** | **નગરપાલિકાનું નામ** | **આંતરમાળખાકીય સુવિધા** | **ખર્ચની વિગત ખર્ચ રૂા.** |
|---|---|---|---|
| ૧. | ભૂજ | રોડ | ૪૪,૩૪,૫૮,૨૯૮ |
| | | પાણી તથા ગટર લાઈન | ૨૮,૩૫,૯૫,૭૩૬ |
| | | બિલ્ડીંગ | ૩,૮૮,૭૪,૧૬૪ |
| ૨. | રાપર | રોડ | ૫,૧૩,૯૧,૭૨૩ |
| | | પાણી તથા ગટર લાઈન | ૪,૬૫,૩૮,૩૧૭ |
| | | બિલ્ડીંગ | ૧,૪૮,૫૭,૯૫૬ |
| ૩. | અંજાર | રોડ | ૧૬,૩૪,૪૯,૨૯૭ |
| | | પાણી તથા ગટર લાઈન | ૪,૩૩,૮૫,૭૪૧ |
| | | બિલ્ડીંગ | ૩,૮૮,૨૮,૧૪૯ |

| | | | |
|---|---|---|---|
| ૪. | ભચાઉ | રોડ | ૮.૬૬.૩૦,૨૬૧ |
| | | પાણી તથા ગટર લાઈન | ૩,૯૮,૭૨,૬૧૩ |
| | | બિલ્ડીંગ | ૩,૨૪,૪૫,૫૮૮ |
| ૫. | મોરબી | રોડ | -- |
| | | પાણી તથા ગટર લાઈન | -- |
| | | બિલ્ડીંગ | ૨૯,૮૫,૨૭૮ |
| ૬. | વાંકાનેર | રોડ | -- |
| | | પાણી તથા ગટર લાઈન | -- |
| | | બિલ્ડીંગ | ૩૨,૪૭,૯૧૫ |
| ૭. | હળવદ | રોડ | -- |
| | | પાણી તથા ગટર લાઈન | -- |
| | | બિલ્ડીંગ | ૫૮,૪૪,૩૭૭ |
| ૮. | ગાંધીધામ | રોડ | -- |
| | | પાણી તથા ગટર લાઈન | -- |
| | | બિલ્ડીંગ | ૧,૬૦,૩૦,૬૩૧ |
| ૯. | માંડવી | રોડ | ૩,૮૨,૫૮,૧૦૭ |
| | | પાણી તથા ગટર લાઈન | ૫,૫૮,૪૮,૯૮૮ |
| | | બિલ્ડીંગ | ૨,૭૨,૧૮,૫૧૬ |
| ૧૦. | લીંબડી | રોડ | ૧,૨૬,૦૦,૬૭૩ |
| | | પાણી તથા ગટર લાઈન | ૧,૯૪,૧૮,૪૬૧ |
| | | બિલ્ડીંગ | ૧,૨૮,૦૮,૩૬૬ |
| ૧૧. | ધ્રાંગધ્રા | રોડ | ૩,૧૫,૩૩,૩૧૭ |
| | | પાણી તથા ગટર લાઈન | ૨,૭૬,૧૬,૧૩૩ |
| | | બિલ્ડીંગ | ૭૧,૩૯,૯૫૦ |
| ૧૨. | વઢવાણ | રોડ | ૧,૪૫,૪૦,૧૯૨ |
| | | પાણી તથા ગટર લાઈન | ૩૧,૩૯,૦૮૪ |
| | | બિલ્ડીંગ | ૧૦,૯૦,૩૬૭ |
| ૧૩. | સુરેન્દ્રનગર | રોડ | ૧,૧૮,૬૦,૦૩૪ |
| | | પાણી તથા ગટર લાઈન | -- |
| | | બિલ્ડીંગ | ૨૨,૦૦,૦૦૦ |
| ૧૪. | થાનગઢ | રોડ | ૪૧,૭૫,૮૬૦ |
| | | પાણી તથા ગટર લાઈન | -- |
| | | બિલ્ડીંગ | ૧૦,૦૦,૦૦૦ |

## ગુજરાત વિદ્યુત બોર્ડની ખોટ નિવારવા પગલાં

અતારાંકિત : ૧૯૨૬ (૨૦-૩-૦૪) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

(1) ગુજરાત વિદ્યુત બોર્ડની તા. ૩૧-૧૨-૦૩ના રોજની સ્થિતિએ કુલ કેટલી રકમની ખોટ છે,
(૨) આ ખોટ થવાના શાં કારણો છે, અને
(૩) ખોટ નિવારવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા છે?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૫-૬-૦૪) :

(૧) ગુજરાત વિદ્યુત બોર્ડના સને૨૦૦૩-૦૪ના વાર્ષિક હિસાબોનું આખરીકરણ થયેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં વીજળીકરણથી વંચિત પેટાપરાઓ અને આવાસ નગરીઓ**

અતારાંકિત : ૨૧૨૯ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

(1) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને **મુળી** તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કયા કયા ગામના પેટા પરાઓ તથા આવાસનગરીઓ વીજળીકરણથી વંચિત છે,

(૨) આ પેટાપરા તથા આવાસનગરીઓનું વીજળીકરણ કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે, અને

(૩) જો હા, તો, કેટલા સમયમાં વીજળીકરણ કરવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** (૨-૮-૦૪) :

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | વીજળીકરણથી વંચિત પેટા પરાની સંખ્યા | વીજળીકરણથી વંચિત આવાસનગરીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | હળવદ | માલનીયાદ | ૪ | ૦ |
| | હળવદ | ઘનાળા | ૧ | ૦ |
| | હળવદ | સુસવાવ | ૧ | ૦ |
| | હળવદ | જુના દેવળીયા | ૧ | ૦ |
| | હળવદ | નવા દેવળીયા | ૨ | ૦ |
| (૨) | મૂળી | કોઈ નહીં | ૦ | ૦ |
| | | કુલ.... | ૯ | ૦ |

` (૨) અને (૩) વીજળીકરણથી વંચિત પેટાપરાઓના વીજળીકરણ માટે કોઈ અરજી મળેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં કુટીર જ્યોત યોજના અંતર્ગત આવેલ અરજીઓ અંગે**

અતારાંકિત : ૨૧૩૦ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર જ્યોત યોજના હેઠળ કેટલા વીજ જોડાણ આપવાનું આયોજન હતુ અને તે માટે કેટલી અરજીઓ આવેલ,

(૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા અને કેટલા વીજજોડાણો આપવાના બાકી છે,

(૩) અને આ વીજજાડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઊર્જા)** (૨૨-૭-૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લા માટે આયોજન

૨૦૦૨-૦૩ ૩૩૯

૨૦૦૩-૦૪ ૨૭૮

૬૧૭

હળવદ અને મૂળી તાલુકાની કોઈ અરજી મળેલ નથી,

(૨) અને (૩) કોઈ અરજી મળેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## હાઈસ્કુલના આદિજાતિ વિદ્યાર્થીઓને સાયકલ આપવાની યોજના

અતારાંકિત : ૨૦૨૩ (૨૦-૫-૦૪) **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) છેલ્લા બે વર્ષમાં હાઈસ્કુલ કક્ષાના આદિજાતિ વિદ્યાર્થીઓને સાયકલ આપવાની યોજના અન્વયે કેટલા વિદ્યાર્થીઓને સાયકલો આપવાની થતી હતી,

(૨) તે અન્વયે તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને સાયકલ આપવામાં આવી, અને

(૩) આવી સાયકલો વિદ્યાર્થીઓને સમયસર નહીં આપવાના કારણો શાં છે ?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** (૧-૭-૦૪) :

(૧)

| વર્ષ | | આદિજાતિ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૨-૦૩ | | ૪૬,૯૭૭ |
| ૨૦૦૩-૦૪ | | ૪૮,૫૮૬ |
| | કુલ | ૯૫,૫૬૩ |

(૨) સરકારશ્રીના તા. ૨૫-૨-૨૦૦૪ના ઠરાવથી સાયકલ ભેટ આપવાની યોજનાનાં વખતોવખતના તમામ ઠરાવો રદ કરીને પુખ્ત વિચારણાના અંતે ફક્ત કન્યાઓને સાયકલ ખરીદવા માટે ઉચ્ચક રૂા. ૧૫૦૦/- આપવા અંગે નક્કી કરેલ નવી નીતિ અન્વયે કુલ : ૩૫૯૦૮ કન્યાઓને સાયકલ યોજનાનો લાભ આપી રૂા. ૫૩૮.૬૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) સાયકલ ખરીદીની લાંબી વહીવટી પ્રક્રિયાના કારણે.

------------

## કેન્દ્ર સરકારે આદિવાસી વિસ્તાર માટે રાજ્યને ફાળવેલ ગ્રાન્ટ

અતારાંકિત : ૨૦૫૪ (૧૭-૫-૦૪) **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા આદિવાસી વિસ્તાર માટે છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ ગ્રાન્ટ કયા કયા જીલ્લામાં કેટલી ફાળવવામાં આવી ?

**આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** (૨૮-૭-૦૪) :

(૧) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા આદિવાસી વિસ્તાર માટે છેલ્લા બે નાણાંકીય વર્ષમાં નીચે મુજબ રૂા. ૭૫૫.૮૪ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

| વર્ષ | ખાસ કેન્દ્રીય સહાય | કેન્દ્ર પુરસ્કૃત યોજના | આર્ટીકલ -૨૭૫(૧) | (રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૩૯.૩૧ | ૨૫૯.૪૨ | ૩૦.૫૦ | ૩૨૯.૨૩ |
| ૨૦૦૩-૦૪ | ૩૭.૪૩ | ૩૬૬.૩૮ | ૨૨.૮૦ | ૪૨૬.૬૧ |
| કુલ | ૭૬.૭૪ | ૬૨૫.૮૦ | ૫૩.૩૦ | ૭૫૫.૮૪ |

(૨) જીલ્લાવાર છેલ્લા બે નાણાકીય વર્ષમાં ખાસ કેન્દ્રીય સહાય,કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ, આર્ટીકલ ૨૭૫ (૧) હેઠળ આદિજાતિ વિસ્તારમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાંટની વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

### પત્રક

(રૂા. લાખમાં)

| અ.નં. | જિલ્લાનું નામ | ૨૦૦૨-૨૦૦૩ | | | ૨૦૦૩-૨૦૦૪ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ખાસ કેન્દ્રીય સહાય | કેન્દ્ર પુરસ્કૃત યોજના | આર્ટીકલ ૨૭૫ (૧) | ખાસ કેન્દ્રીય સહાય | કેન્દ્ર પુરસ્કૃત યોજના | આર્ટીકલ ૨૭૫ (૧) |
| ૧. | સાબરકાંઠા | ૨૧૬.૭૨ | ૧૯૫૮.૧૬ | ૦.૦૦ | ૧૭૦.૦૦ | ૨૯૮૭.૫૮ | ૫૯૧.૦૦ |
| ૨. | બનાસકાંઠા | ૧૩૩.૦૯ | ૨૮૫૭.૪૯ | ૦.૦૦ | ૮૮.૫૫ | ૪૪૮૩.૭૮ | ૧૦૮.૦૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩. | દાહોદ | ૪૧૦.૯૨ | ૨૬૩૦.૭૩ | ૦.૦૦ | ૪૦૪.૪૮ | ૪૪૩૩.૭૫ | ૮૨૬.૦૦ |
| ૪. | પંચમહાલ | ૨૩૩.૧૩ | ૩૧૧૫.૦૫ | ૦.૦૦ | ૨૧૭.૪૯ | ૪૧૦૧.૬૯ | ૩૩૯.૦૦ |
| ૫. | વડોદરા | ૨૮૦.૦૫ | ૨૮૧૬.૬૧ | ૦.૦૦ | ૨૫૭.૩૪ | ૩૮૦૪.૧૮ | ૨૧૮.૦૦ |
| ૬. | નર્મદા | ૨૩૫.૪૨ | ૧૭૪૯.૫૧ | ૦.૦૦ | ૨૧૫.૭૪ | ૧૯૬૫.૩૮ | ૯૭.૦૦ |
| ૭. | ભરૂચ | ૧૪૩.૮૨ | ૨૪૨૪.૮૩ | ૦.૦૦ | ૧૪૨.૧૬ | ૨૦૩૮.૨૭ | ૧૯.૦૦ |
| ૮. | સુરત | ૬૬૮.૫૫ | ૨૯૧૯.૩૧ | ૦.૦૦ | ૫૯૭.૬૨ | ૪૪૧૧.૮૩ | ૪૨૨.૦૦ |
| ૯. | નવસારી | ૧૫૪.૯૦ | ૧૪૭૦.૫૧ | ૦.૦૦ | ૨૦૫.૭૦ | ૨૦૪૬.૯૬ | ૨૦૪.૦૦ |
| ૧૦. | વલસાડ | ૨૯૦.૧૨ | ૨૫૨૫.૧૩ | ૧૨૫૨.૦૦ | ૩૧૯.૨૪ | ૨૯૯૯.૫૮ | ૮૨૯.૨૮ |
| ૧૧. | આહવા-ડાંગ | ૧૬૨.૧૪ | ૧૩૪૨.૦૮ | ૦.૦૦ | ૧૩૨.૮૯ | ૩૦૦૫.૭૩ | ૧૬.૦૦ |
| ૧૨. | જુનાગઢ | ૨૩.૦૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૯.૭૩ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૩. | અમદાવાદ | ૭૮.૫૪ | ૬૧.૬૫ | ૦.૦૦ | ૧૦૨.૯૧ | ૨૪૦.૨૨ | ૦.૦૦ |
| ૧૪. | સુરેન્દ્રનગર | ૩૨.૭૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૯.૫૯ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૫. | અમરેલી | ૨.૨૬ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૯ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬. | કચ્છ-ભુજ | ૧૪.૨૮ | ૧.૬૭ | ૦.૦૦ | ૪.૫૬ | ૨.૯૩ | ૦.૦૦ |
| ૧૭. | ખેડા | ૪.૪૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૫.૬૭ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮. | આણંદ | ૨.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૭૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૯. | પોરબંદર | ૦.૫૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦. | રાજકોટ | ૦.૪૦ | ૨૧.૮૩ | ૦.૦૦ | ૦.૨૬ | ૫૦.૭૧ | ૦.૦૦ |
| ૨૧. | ગાંધીનગર (વડી કચેરી) | ૨૦૪.૮૦ | ૪૭.૬૪ | ૯૪૯.૬૩ | ૨૨૦.૭૭ | ૬૫.૨૫ | ૧૧૨૭.૪૯ |
| | કુલ. | ૩૨૯૨.૩૧ | ૨૫૯૪૨.૨૦ | ૨૨૦૧.૬૩ | ૩૧૩૭.૭૪ | ૩૬૬૩૭.૮૪ | ૪૭૯૬.૭૭ |

**રિમાર્કસ** : કેન્દ્ર સરકારમાં જે યોજનાઓ અન્વયે રાજ્ય સરકાર પ્રોજેક્ટ મોકલે છે તે કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરીને તેની ગ્રાન્ટ ફાળવે છે. તે પૈકી રાજ્ય સરકારના નાણા વિભાગ તરફથી ફાળવેલ ગ્રાન્ટ અન્વયે જીલ્લાની અમલીકરણ કચેરીઓને ગ્રાંટ ફાળવણી કરેલ છે.

-----------

## પહેલી અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧. | સામાન્ય વહીવટ વિભાગ | ૨૦૩૦, ૨૦૫૫, ૨૦૫૮ | ૩ |
| ૨. | કૃષિ અને સહકાર વિભાગ | ૨૦૧૧, ૨૦૨૪ ૨૧૪૫, ૨૧૪૭, ૨૧૫૦ | ૫ |
| ૩. | શિક્ષણ વિભાગ | ૨૦૦૧,૨૧૩૬ | ૨ |
| ૪. | વન અને પર્યાવરણ વિભાગ | ૨૦૦૯, ૨૦૮૭, ૨૧૭૮ | ૩ |
| ૫. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૦૨૨ | ૧ |
| ૬. | ગૃહ વિભાગ | ૧૯૯૫, ૨૦૦૫, ૨૦૨૮, ૨૦૫૦, ૨૦૬૦, ૨૦૭૪, ૨૦૭૮,૨૫૪૮ | ૮ |
| ૭. | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૦૪૮,૨૧૩૨,૨૧૩૩ | ૩ |
| ૮. | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૦૩૯, ૨૦૪૨, ૨૦૫૯, ૨૦૬૨, ૨૦૭૬ | ૫ |
| ૯. | કાયદા વિભાગ | ૧૯૯૧ | ૧ |
| ૧૦. | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૯૯૬, ૨૦૫૬ | ૨ |
| ૧૧. | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૦૧૦, ૨૦૨૬, ૨૧૬૦, ૨૧૬૭ | ૪ |
| ૧૨. | મહેસૂલ વિભાગ | ૧૯૯૮, ૨૦૧૮, ૨૦૩૨, ૨૦૩૮ | ૪ |
| ૧૩. | માર્ગ અને મકાન વિભાગ | ૨૦૨૭ | ૧ |
| ૧૪. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૦૨૫, ૨૦૯૩ | ૨ |
| ૧૫. | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૦૦૨ | ૧ |
| ૧૬. | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૧૯૨૬, ૨૧૨૯, ૨૧૩૦ | ૩ |
| ૧૭. | આદિજાતિ વિકાસ વિભાગ | ૨૦૨૩, ૨૦૫૪ | ૨ |
| | | કુલ. | ૫૦ |

## બીજી અતારાંકિત યાદી

### સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકાઓના ગામડાઓમાં ભૂકંપ દરમ્યાન રહેણાંકના મકાનોને થયેલ નુકશાન અને ચુકવાયેલ સહાય

**અતારાંકિત : ૨૩૧૪ (૨૫-૬-૦૪) શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભૂકંપ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકાના ગામડાઓના રહેણાંકના મકાનોને જી-૧ થી જી-૫ સુધીની કેટેગરી વાઈઝ કેટ કેટલું નુકશાન થયું અને તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ કેટેગરી વાઈઝ પ્રથમ, દ્વિતિય અને તૃતિય મકાન સહાયની કેટ કેટલી સહાય અસરગ્રસ્તોને આપવામાં આવી,

(૨) આ અસરગ્રસ્તોને કયા કયા વિસ્તારોમાં પ્લોટોની ફાળવણી કરી, કબ્જો સોંપવામાં આવ્યો, અને

(૩) વિસ્તાર વાઈઝ મકાન માલિકો અને ભાડુતોને શું શું ભાવે પ્લોટ આપવામાં આવ્યા છે ?

**મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) (૬-૮-૦૪):**

(૧) તા.૨૬-૧-૨૦૦૧ના રોજ થયેલ ભૂકંપ બાદ રહેણાંકના ભૂકંપગ્રસ્ત મકાનોને સહાય ચુકવવાની સરકારશ્રીની યોજના અન્વયે નુકશાન ગ્રસ્ત મકાનોને જી-૧ થી જી-૫ કેટેગરીમાં વર્ગીકૃત કરી હળવદ મૂળી તાલુકામાં (ગ્રામ્ય વિસ્તાર) નીચેની વિગતે સહાય ચુકવવામાં આવેલ છે.

**તાલુકો : હળવદ.**

| કેટેગરી | મકાનોની સંખ્યા | પ્રથમ હપ્તામાં ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) | બીજા હપ્તામાં ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) | ત્રીજા હપ્તામાં ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) | કુલ ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| જી-૧ | ૭૬૭૦ | ૧૧૧.૭૭ | - | - | ૧૧૧.૭૭ |
| જી-૨ | ૩૩૦૭ | ૭૮.૯૩ | ૪૩.૫૬ | - | ૧૨૨.૪૯ |
| જી-૩ | ૨૯૦૯ | ૯૪.૯૩ | ૧૨૯.૬૦ | - | ૨૨૪.૫૩ |
| જી-૪ | ૯૬૭ | ૧૯.૨૦ | ૧૪૦.૪૭ | - | ૧૫૯.૬૭ |
| જી-૫ | ૬૧૪૬ | ૧૭૨.૩૦ | ૧૭૨૨.૦૨ | ૮૨૭.૪૪ | ૨૭૨૧.૭૬ |
| **કુલ** | **૨૦૯૯૯** | **૪૭૭.૧૩** | **૨૦૩૫.૬૫** | **૮૨૭.૪૪** | **૩૩૪૦.૨૨** |

**તાલુકો : મૂળી**

| કેટેગરી | મકાનોની સંખ્યા | પ્રથમ હપ્તામાં ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) | બીજા હપ્તામાં ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) | ત્રીજા હપ્તામાં ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) | કુલ ચુકવાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| જી-૧ | ૭૭૫૬ | ૮૦.૪૦ | - | - | ૮૦.૪૦ |
| જી-૨ | ૩૬૬૪ | ૪૧.૫૦ | ૬૨.૦૦ | - | ૧૦૩.૫૦ |
| જી-૩ | ૩૫૫૭ | ૧૦૨.૫૦ | ૧૩૭.૬૦ | - | ૨૪૦.૧૦ |
| જી-૪ | ૯૧૩ | ૧૧૯.૨૭ | ૯૧.૭૦ | - | ૨૧૦.૯૭ |
| જી-૫ | ૧.૩૬ | ૫૦.૦૦ | ૯૯.૭૬ | ૨૫.૩૭ | ૧૭૫.૧૩ |
| **કુલ** | **૧૬૯૨૬** | **૩૯૩.૬૭** | **૩૯૧.૦૬** | **૨૫.૩૭** | **૮૧૦.૧૦** |

(૨) સરકારશ્રીના ભૂકંપ સહાયના પેકેજ-૧ અનુસાર વધારે નુકશાન થયેલ, હળવદ તાલુકાના મયાપુર ગામને સ્વૈછિક સહભાગીદારીવાળી યોજના હેઠળ શ્રી શકિત પ્રતિષ્ઠાન ટ્રસ્ટ ધ્વારા દત્તક લઈ કુલ ૮૧ મકાનો બનાવી ભૂકંપગ્રસ્તોને કબ્જો સુપ્રત કરવામાં આવેલ છે. મૂળી તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં પ્રમાણમાં ઓછું નુકશાન થયેલ હોઈ નવા કોઈ ગામને અલગ પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ નથી.

(૩) સરકારશ્રી દ્વારા જાહેર થયેલ ભૂકંપગ્રસ્ત મકાનોને સહાય પેકેજો અન્વયે આ વિસ્તારોમાં ભૂકંપગ્રસ્ત મકાનોના માલિકોને કે ભાડુઆતોને વેચાણથી પ્લોટો આપવાની કોઈ યોજના ન હોઈ આવી કોઈ કામગીરી હાથ ધરાયેલ નથી.

-----------

**જામનગર તાલુકાના દરેક ગામે વિદ્યુત બોર્ડને ફાળવેલી ધારાસભ્યોની આયોજનની ગ્રાન્ટ અંગે કામ બાબત**

**અતારાંકિત : ૨૨૪૩ (૨૮-૬-૦૪) ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -**

(૧) જામનગર તાલુકાના દરેક ગામે ધારાસભ્યશ્રીની આયોજનની ગ્રાંટની કુલ કેટલી રકમ વિદ્યુત બોર્ડને નાણાંકીય વર્ષ ૨૦૦૩-૦૪માં ફાળવવામાં આવી,
(૨) આ રકમ બોર્ડમાં કઈ તારીખે જમા કરવામાં આવી,
(૩) આ રકમની ભલામણના કામ પૂરાં થયાં છે કે કેમ, અને
(૪) જો ના, તો આટલો વિલંબ કરી ફરજમાં બેદરકારી દાખવનાર અધિકારી / કર્મચારી સામે શાં પગલાં લીધા ?

**મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) (૭-૮-૦૪):**
(૧) જામનગર તાલુકામાં ૧૦ કામોમાં ધારાસભ્યશ્રી ગ્રાંટ હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪માં વર્ષમાં રૂા.૬,૯૮,૬૫૦/- રકમ મંજુર કરેલ છે.
(૨) આ રકમ બોર્ડમાં તા.૫-૧-૨૦૦૪, ૧૭-૧-૨૦૦૪, ૮-૩-૨૦૦૪ અને ૧૨-૩-૨૦૦૪ના રોજ જમા થયેલ છે.
(૩) કુલ ૧૦ કામોમાંથી ૭ કામો પુરા થયાં છે, અને ૩ કામો હાલ પ્રગતિ હેઠળ છે.
(૪) પ્રગતિ હેઠળના ૩ કામો પૈકી એક કામને તા.૧૯-૧-૦૪ના રોજ અને બીજા બે કામોને તા.૨૭-૨-૦૪ના રોજ વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી, પરંતુ તા.૨૯-૨-૦૪ થી લોકસભાની સામાન્ય ચુંટણીઓની આચારસંહિતા અમલમાં આવતાં કામોમાં વિલંબ થયેલ છે, જે હાલ પ્રગતિ હેઠળ છે. તેથી કામોમાં વિલંબ કરી ફરજમાં બેદરકારી દાખવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અંજાર જી-૫ કેટેગરીના ભૂકંપગ્રસ્ત નાગરીકોના પુનર્વસનનું આયોજન**

અતારાંકિત : ૨૨૬૨ (૨૫-૬-૦૪) **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

અંજારના ભૂકંપગ્રસ્ત જી-૫ કેટેગરીના ૭૦૦ નાગરિકોના પુનઃ વસન માટે સરકારનું શું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) (૬-૮-૦૪)**
અંજારના ભૂકંપગ્રસ્ત નાગરિકોના પુનઃ વસન માટે ભૂકંપ પછી જી-૫ કેટેગરીવાળા કુલ ૧૭૭૧ લાભાર્થીઓ સામે અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ ધ્વારા ટાઉનપ્લાનીંગ વિસ્તાર તેમજ નોન ટાઉનપ્લાનીંગ વિસ્તારમાં કુલ ૭૧૬ યુનિટની બાંધકામ પરવાનગીઓ આપવામાં આવેલ છે.

------------

**સુરેન્દ્રનગરમાં ધારાસભ્યશ્રીઓની ગ્રાંટમાંથી કામો અંગેની દરખાસ્તો અંગે**

અતારાંકિત : ૨૪૦૮ (૨૮-૬-૦૪) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી)** : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -
(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ધારાસભ્યશ્રીઓની આયોજનની ગ્રાંટમાંથી કેટલા કામોની દરખાસ્તો ધારાસભ્યશ્રી વાર તા.૩૧-૫-૦૪ના રોજ સુધીમાં છેલ્લા એક વર્ષમાં મળેલ છે.
(૨) અગાઉના એક વર્ષમાં કેટલી દરખાસ્તો મળી હતી,
(૩) ધારાસભ્યશ્રી વાર કેટલી દરખાસ્તોનો નિકાલ કરાયો છે, અને
(૪) કેટલી પેડીંગ છે ?

**મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) (૨૦-૮-૦૪):**
(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાના ધારાસભ્યશ્રીઓની આયોજનની ગ્રાંટમાંથી છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૫-૨૦૦૪ સુધીમાં ૦૭-દસાડા મતવિસ્તારની ૭૨, ૦૮-વઢવાણ મતવિસ્તારની ૪૪, ૦૯-લીંબડી વિસ્તારની ૪૯, ૧૦- ચોટીલા મતવિસ્તારની ૧૮, ૧૧- હળવદ મતવિસ્તારની ૪૫ અને ૧૨- ધાંગધ્રા મતવિસ્તારની ૭૦ દરખાસ્તો મળીને કુલ - ૨૯૮ દરખાસ્તો મળેલ છે.
(૨) અગાઉના એક વર્ષમાં કુલ-૨૮૩ દરખાસ્તો મળેલ હતી.

(૩) ધારાસભ્યશ્રીવાર ૦૭-દસાડા મતવિસ્તારની ૯૫, ૦૮-વઢવાણ મતવિસ્તારની ૮૩, ૦૯-લીંબડી મતવિસ્તારની ૯૧, ૧૦- ચોટીલા મતવિસ્તારની ૩૭, ૧૧- હળવદ મતવિસ્તારની ૧૦૪ અને ૧૨ - ધાંગધ્રા મતવિસ્તારની ૧૪૫ મળી કુલ ૫૫૫ દરખાસ્તોનો નિકાલ કરવામાં આવેલ છે.
(૪) આ પૈકી ૨૬ દરખાસ્તો પેન્ડીંગ છે.

---------------

**જામનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ આવેલ અરજીઓ**

અતારાંકિત : ૨૨૦૭ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં ખેડૂત ખાતેદારોના અકસ્માત વિમા યોજના હેઠળ તાલુકાવાર તા.૩૧-૩-૨૦૦૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી છે,
(૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં વિમો ચૂકવવામાં આવ્યો, અને
(૩) કેટલી અરજીઓ પડતર છે, તેનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી (૨૧-૭-૦૪) :**

(૧) તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧. | ભાણવડ | ૧૪ |
| ૨. | ધ્રોલ | ૧૧ |
| ૩. | જામજોધપુર | ૨૨ |
| ૪. | જામનગર | ૨૪ |
| ૫. | જોડીયા | ૧૧ |
| ૬. | કાલાવડ | ૧૩ |
| ૭. | કલ્યાણપુર | ૮ |
| ૮. | ખંભાળીયા | ૧૭ |
| ૯. | લાલપુર | ૨૦ |
| ૧૦. | ઓખામંડળ | ૧ |
| | **કુલ** | **૧૪૧** |

(૨) ૪૨.
(૩) ૧૪ અરજીઓ ચકાસણી હેઠળ છે. વીમા કંપનીને ગુણદોષના આધારે મળવાપાત્ર કિસ્સાઓમાં બનતી ત્વરાએ ચુકવણી કરવા જણાવેલ છે.

----------------

**જામનગર જિલ્લામાં તળાવો ઉડાં ઉતારવાની કાર્યવાહી**

અતારાંકિત : ૨૨૧૪ **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં જામનગર, દ્વારકા અને કલ્યાણપુર તાલુકાઓમાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ માં કુલ કેટલા અને કયા કયા ગામોના તળાવો ઉડાં ઉતારવામાં આવ્યા,
(૨) આ તળાવોમાં કુલ કેટલા પાણીની સંગ્રહ ક્ષમતા હતી અને ઉડાં ઉતાર્યા પછી આ ક્ષમતામાં અંદાજે કેટલો વધારો થયો, અને
(૩) આ તળાવો ઉંડા ઉતારવાની કાર્યવાહીમાં બાકી રહી ગયેલા તળાવો કેટલા છે, અને તેની કાર્યવાહી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી (૧૩-૮-૦૪):**

(૧) જામનગર જિલ્લામાં કુલ-૫ ગામના તળાવો ઉંડા ઉતારવામાં આવેલ છે. તાલુકાવાર, ગામવારની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | અ.નં. | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૧ | ફલ્લા |
| | | ૨ | બજરંગપુર |
| ૨ | દ્વારકા | ૧ | કોરાળા |

| | | | |
|---|---|---|---|
| | | ૨ | બરડીયા |
| ૩ | કલ્યાણપુર | ૧ | બતડીયા (ગાગા) |

(૨)

| તાલુકો | ગામનું નામ | કામગીરી શરૂ કરેલ પહેલાની સંગ્રહ ક્ષમતા | કામગીરી પછીની ક્ષમતામાં થયેલ વધારો ઘ.મી. |
|---|---|---|---|
| જામનગર | ફલ્લા | અમાપ્ય | ૭૬૦૦ |
| | બજરંગપુર | અમાપ્ય | ૭૫૦૦ |
| દ્વારકા | કોરાળા | અમાપ્ય | ૭૬૦૦ |
| | બરડીયા | અમાપ્ય | ૯૦૦૦ |
| કલ્યાણપુર | બતડીયા (ગાગા) | અમાપ્ય | ૧૦૦૦૦ |

(૩) કુલ ૧૩ ગામોના તળાવો ઉંડા ઉતારવાની કાર્યવાહી બાકી રહેલ છે તે ગામોની યાદી નીચે મુજબ છે.

**જામનગર**

(૧) ધુળેશીયા (૨) મંગુણી (૩) રામપર (૪) નાની બાણુંગાર (૫) રણજીત પર
(૬) ફાચરીયા (૭) જામ વણથલી (૮) ખીજડીયા (૯) કરશનપર (૧૦) સચાણા

**કલ્યાણપુર**

(૧) લાંબા (૨) નંદાણા (૩) ચપ્પર

**દ્વારકા**

સને ૨૦૦૩-૨૦૦૪ માટે દ્વારકા તાલુકાના કોઈ ગામ તળાવ ઉંડા કરવાની માંગણી આવેલ નથી. ઉકત કામોની કામગીરી માટે જે ગામ લોકો ૧૦ ટકા લોકો ફાળો રોકડમાં ભરશે. તેવા ગામોના કામો અગ્રતાક્રમ અનુસાર તબકકાવાર પૂર્ણ કરવામાં આવશે.

--------------

**જામનગર તાલુકામાં ખેતી સહકારી મંડળીઓને જમીન ફાળવવા અંગ**

અતારાંકિત : ૨૨૧૫ (૨૮-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૩-૦૪ ની સ્થિતિએ કુલ કેટલી ખેતી સહકારી મંડળીઓના રજીસ્ટ્રેશન થયેલ છે,
(૨) આ ખેતી સહકારી મંડળીઓમાં અનુ. જાતિની કેટલી અને કઈ કઈ સહકારી મંડળીઓ છે,
(૩) આ સહકારી મંડળીઓમાં કેટલી અને કઈ કઈ મંડળીઓ પાસે કેટલી ખેતીની જમીન ઉપલબ્ધ છે. અને કઈ કઈ મંડળીઓને હજુ સુધી જમીન ફાળવવામાં આવેલ નથી, અને
(૪) બાકી રહી ગયેલ મંડળીઓને કયાં સુધીમાં જમીન ફાળવવામાં આવશે ?

**સહકાર મંત્રીશ્રી (૧૩-૮-૦૪) :**

(૧) તા.૩૧-૩-૦૪ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કુલ-૯ ખેતી સહકારી મંડળીઓ રજીસ્ટર થયેલ છે. જેની તાલુકાવાર સંખ્યા નીચે પ્રમાણે છે.

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૨ |
| ૨ | લાલપુર | ૧ |
| ૩ | ભાણવડ | ૨ |
| ૪ | જામજોધપુર | - |
| ૫ | ખંભાળીયા | ૧ |
| ૬ | કલ્યાણપુર | ૧ |
| ૭ | દ્વારકા | - |
| ૮ | ધ્રોળ | - |

| | | |
|---|---|---|
| ૯ | જોડીયા | ૧ |
| ૧૦ | કાલાવાડ | ૧ |
| | **કુલ :** | ૯ |

(૨) આ ૯ ખેતી મંડળીઓ પૈકી ૮ મંડળીઓ અનુ. જાતિની છે. વિગતો આ સાથેના પત્રકમાં સામેલ છે.

(૩) રજીસ્ટ્રેશન થયેલ કુલ-૯ મંડળીઓ પૈકી સાથેના પત્રક મુજબ ૬ મંડળીઓ પાસે જમીન ઉપલબ્ધ છે અને ૩ મંડળીઓને જમીન ફાળવવામાં આવી નથી.

(૪) મહેસુલ વિભાગ સાથે પરામર્શ કરીને વહેલી તકે નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

**પત્રક**

**તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર ખેતી સહકારી મંડળીઓની જમીનની વિગત**

| અ.નં. | નામ | તાલુકો | નોંધણી નંબર | તારીખ | કુલ ખેતીની જમીન | | મંડળી અનુ. જાતિની છે કે કેમ ? | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | એકર | ગુંઠા | | |
| ૧ | શ્રી રામપર સામુ.ખે. સં.મં.લી. જામનગર | જામનગર | ૧૯૦૨ | ૨૨/૩/૬૩ | ૪૦ | ૫૪ | ના | મંડળીએ પોતે વેચાણથી જમીન લીધી છે. |
| ૨ | શ્રી જામનગર તા. અનુ.જાતિ સામુ. ખે.સ.મં.લી., | જામનગર | ૧૯૧૪ | ૨૩/૧/૮૫ | ૫૩ | ૫ | હા | - |
| ૩ | લાલપુર તા. અનુ.જાતિ સામુ. ખે.સ.મં.લી., | લાલપુર | ૧૯૧૧ | ૨૧/૧/૮૫ | ૧૦૬ | ૭ | હા | - |
| ૪ | શ્રી શ્રીજી અનુ.જાતિ સામુ. ખે.સ.મં.લી., | ભાણવડ | ૩૩૬૧ | ૩૦/૬/૯૨ | - | - | હા | જમીન મળેલ નથી. |
| ૫ | શ્રી મોમાઈ કૃપા હરીજન સામુ. ખે.સ.મં.લી., | ભાણવડ | ૩૩૬૨ | ૩૦/૬/૯૨ | - | - | હા | ૨/૬/૦૪ ના હુકમથી ફડાચામાં ગયેલ છે. ૨૪/૬/૦૪ થી રદ થયેલ છે. જમીન ન હતી. |
| ૬ | શ્રી ખંભાલીયા તાલુકા અનુ.જાતિ સામુ. ખે.સ.મં.લી., | ખંભાલીયા | ૧૯૧૦ | ૨૧/૧/૮૫ | ૧૬૦ | ૧૦ | હા | - |
| ૭ | શ્રી કલ્યાણપુર તાલુકા અનુ.જાતિ સામુ. ખે.સ.મં.લી., | કલ્યાણપુર | ૨૦૪૧૨ | ૬/૧૨/૮૩ | ૨૫૦ | ૯ | હા | - |
| ૮ | શ્રી જોડીયા તા. અનુ.જાતિ સામુ. ખે.સ.મં.લી., | જોડીયા | ૩૩૬૯ | ૫/૪/૯૯ | - | - | હા | જમીન મળેલ નથી. |
| ૯ | શ્રી કાલાવાડ તા. અનુ.જાતિ સામુ. ખે.સ.મં.લી., | કાલાવાડ | ૧૯૧૨ | ૨૨/૨/૮૫ | ૧૪૯ | ૫૯ | હા | - |

---

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં નવા પશુ દવાખાના ખોલવા અંગે**

અતારાંકિત : ૨૨૨૦ (૨૫-૬-૨૦૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા)** : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં પશુઓ માટેના કેટલા દવાખાનાઓ છેલ્લા બે વર્ષમાં તા.૩૧/૩/૨૦૦૪ ની સ્થિતિએ હયાત છે,

(૨) કયા કયા તાલુકાઓમાં કયા કયા ગામોમાં કેટલા દવાખાના પોતાના કે ભાડાના મકાનોમાં બેસે છે,

(૩) નવા પશુ દવાખાનાઓ ખોલવા સરકારે કોઈ વિચારણા કરી છે કે કેમ, અને

(૪) જો હા, તો કયા કયા ગામોમાં પશુ દવાખાનાઓ ખોલવાનું આયોજન છે ?

**પશુપાલન મંત્રીશ્રી (૯-૮-૦૪)**

(૧) ભરૂચ જિલ્લામાં અગિયાર અને નર્મદા જિલ્લામાં નવ પશુ દવાખાના તા.૩૧/૩/૨૦૦૪ ની સ્થિતિએ હયાત છે.

(૨) માહિતી પત્રક સામેલ છે.

| અ.નં. | ભરૂચ જિલ્લો | | | નર્મદા જિલ્લો | | |
|---|---|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | પશુ દવાખાનાનું નામ | મકાનની વ્યવસ્થા | તાલુકાનું નામ | પશુ દવાખાનાનું નામ | મકાનની વ્યવસ્થા |
| ૧ | ભરૂચ | ભરૂચ | સરકારી પોતાના મકાનમાં કાર્યરત છે. | નાંદોદ | રાજપીપળા | સરકારી પોતાના મકાનમાં કાર્યરત છે. |
| ૨ | અંકલેશ્વર | અંકલેશ્વર | | નાંદોદ | ઝરીયાવાડી | |
| ૩ | હાંસોટ | હાંસોટ | | નાંદોદ | નવા રાજુવાડીયા | |
| ૪ | વાગરા | વાગરા | | નાંદોદ | ફરતા પશુ દવાખાના નાંદોદ | |
| ૫ | જંબુસર | જંબુસર | | સાગબારા | સેલંબા | |
| ૬ | જંબુસર | ટંકારીબંદર | | તિલકવાડા | દેડીયાપાડા | |
| ૭ | આમોદ | આમોદ | | દેડીયાપાડા | દેડીયાપાડા | |
| ૮ | ઝઘડીયા | ઝઘડીયા | | દેડીયાપાડા | ફરતા પશુ દવાખાના દેડીયાપાડા | |
| ૯ | ઝઘડીયા | ઉમલ્લા | | દેડીયાપાડા | આંબાવાડી | પશુદવાખાના આંબાવાડી હાલ ખાનગી મકાનમાં બેસે છે નવીન મકાનનું બાંધકામ ચાલુ છે. |
| ૧૦ | વાલીયા | વાલીયા | | | | |
| ૧૧ | વાલીયા | ચાસવાડ | | | | |

(૩) ચાલુ વર્ષે નવીન દવાખાના ખોલવાનું આયોજન નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**વલસાડ જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે રોપાઓનું વિતરણ**

અતારાંકિત : ૨૩૯૫ (૫-૭-૦૪) **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી)** : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે કયા કયા પ્રકારની અને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૨) આ ફળઝાડના રોપાઓનું કયા કયા સરકારી ફાર્મમાંથી કેટલી કિંમતે રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે?

**કૃષિ મંત્રીશ્રી (૧૩-૮-૦૪) :**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૦-૬-૦૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ફળ ઝાડના નવા વાવેતર માટે રાજય અને કેન્દ્ર સરકારની યોજનાઓ હેઠળ જુદા જુદા ફળ પાકો પ્રમાણે હેકટરે રૂા.૨૫૦૦/- થી રૂા.૭૦,૦૦૦/- સુધીના સહાયના ધોરણો અનુસાર મળવાપાત્ર થતી સહાય નીચે મુજબની ૭૪૦૧ ખેડૂતોને કુલ રૂા.૭૧,૯૧,૯૯૭/- સહાય ચૂકવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૧-૦૨ | | ૨૦૦૨-૦૩ | | ૨૦૦૩-૦૪ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ચૂકવેલ સહાય (રૂપિયા) | ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂપિયા) | ખેડૂતોની સંખ્યા | ચૂકવેલ સહાય (રૂપિયા) | ખેડૂતોની સંખ્યા |
| ૧ | વલસાડ | ૪૫૪૩૦૫ | ૪૯૬ | ૪૯૮૪૦૦ | ૧૪૯ | ૧૯૦૫૯૯૧૦ | ૯૯૫ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | પારડી | ૨૪૨૨૫૦ | ૬૩ | ૪૩૮૮૫૦ | ૧૩૯ | ૯૮૧૪૯૦ | ૨૩૫ |
| ૩ | ઉમરગામ | ૨૨૫૮૧૫ | ૫૩ | ૯૧૦૫૦ | ૨૬ | ૨૦૨૫૨૫ | ૭૧૫ |
| ૪ | ધરમપુર | - | - | ૨૧૫૪૬૦ | ૯૦૪ | ૪૩૫૫૧૦ | ૧૪૮૬ |
| ૫ | કપરાડા | ૧૨૧૬૯૦ | ૧૪૭ | ૪૫૦૯૫૦ | ૮૦૭ | ૧૦૧૭૭૯૨ | ૧૧૮૬ |
| | **કુલ :** | **૧૦૪૪૦૬૦** | **૭૫૯** | **૧૬૯૪૭૧૦** | **૨૦૨૫** | **૪૪૫૩૨૨૭** | **૪૬૧૭** |

(૨) આ ફળઝાડ રોપાઓનું વલસાડ જિલ્લાની ચણવાઈ અને પારડી ખાતેની સરકારી નર્સરીઓ ઉપરથી નીચે મુજબની કિંમતે કલમ/ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નં. | કલમ / રોપાઓનું નામ | એક કલમ/ રોપાની કિંમત રૂપિયા |
|---|---|---|
| ૧ | આંબા કલમ કેસર | ૪૫/- |
| ૨ | આંબા કલમ અન્ય | ૩૫/- |
| ૩ | ચીકુ કલમ કાલી પત્તી | ૩૫/- |
| ૪ | કાજુરોપા | ૫/- |
| ૫ | સીતાફળ રોપા | ૫/- |
| ૬ | જખરૂખ રોપા | ૫/- |
| ૭ | લીંબુ રોપા | ૫/- |
| ૮ | ફળસ રોપા | ૫/- |
| ૯ | ઓઈલપામ રોપા | ૫/- |

--------------

## રાજયમાં પીટીસી કોલેજની મંજૂરી અંગે

અતારાંકિત : ૨૦૦૬ (૨૮-૫-૨૦૦૪) **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ):** માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) છેલ્લા બે વર્ષમાં રાજયમાં કઈ કઈ જગ્યાએ પી.ટી.સી. કોલેજો ખોલવાની પરવાનગી આપવામાં આવી છે,
(૨) પરવાનગી મુજબ કઈ કઈ જગ્યાએ પી.ટી.સી. કોલેજો શરૂ કરવામાં આવી છે,
(૩) પી.ટી.સી. કોલેજો ખોલવાની કુલ કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં આવી હતી અને કેટલી નામંજુર કરવામાં આવી હતી, અને
(૪) નામંજુર કરવાના સામાન્યતઃ શા કારણો છે ?

**શિક્ષણમંત્રીશ્રી (૩૧-૭-૦૪) :**

(૧) * પત્રક - ૧ મુજબ
(૨) * પત્રક - ૨ મુજબ
(૩) * પત્રક - ૩ મુજબ
(૪) * પત્રક - ૪ મુજબ
(૫) * પત્રક - ૫ મુજબ
(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં કામ કરતા વન વિભાગનાં રોજમદારો

અતારાંકિત : ૨૧૮૨ (૨૨-૬-૮૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ)** : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિએ વન વિભાગમાં કેટલા રોજમદારો, કેટલા વર્ષથી તાલુકાવાઈઝ કામ કરે છે,
(૨) આ રોજમદારોને તા.૩૧-૩-૨૦૦૪ ની સ્થિતિથી ચાર માસનો પગાર મળ્યો નથી તે વાત સાચી છે, અને
(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

**વન મંત્રીશ્રી (૧૮-૮-૦૪) :**

(૧) નીચે મુજબ માહિતી છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૪૦ દિવસથી ઓછા સમયથી કામ કરતા હોય તેવા | ૨૪૦ દિવસથી વધુ પાંચ વર્ષ સુધીના | પાંચ વર્ષથી વધુ દસ વર્ષ સુધીના | ૧૦ વર્ષથી વધુ અને પંદર વર્ષથી ઓછા | ૧૫ વર્ષથી વધુ સમયના | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | દસાડા | - | - | ૨ | - | ૩ | ૫ |
| ૨ | પાટડી | - | ૧ | ૯ | ૨ | ૨ | ૧૪ |
| ૩ | ધ્રાંગધ્રા | ૧ | ૫ | ૨ | ૨૦ | ૮ | ૩૬ |
| ૪ | ચોટીલા | - | - | ૨ | ૧૦ | ૧૧ | ૨૩ |
| ૫ | સુરેન્દ્રનગર | - | - | - | ૩ | ૨૩ | ૨૬ |
| ૬ | લીંબડી | - | - | - | - | ૧૩ | ૧૩ |
| ૭ | લખતર | - | ૨ | ૪ | ૧૦ | - | ૧૬ |
| ૮ | સાયલા | - | ૩ | ૨ | ૭ | ૧૨ | ૨૪ |
| ૯ | હળવદ | - | ૨ | ૪ | ૬ | ૧૪ | ૨૬ |
| ૧૦ | મુળી | - | - | ૧ | ૧ | ૮ | ૧૦ |
| ૧૧ | વઢવાણ | - | ૧ | - | ૬ | - | ૭ |
| | **કુલ :** | **૧** | **૧૪** | **૨૬** | **૬૫** | **૯૪** | **૨૦૦** |

(૨) ના, જી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

## જામનગર જિલ્લામાં નીલગાયથી થતું નુકશાન રોકવા અંગે

અતારાંકિત : ૨૨૮૦ (૨૫-૬-૨૦૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : ાાનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં રોઝ (નીલગાય) દ્વારા થતા નુકશાન રોકવા કાંટાળા લોખંડના વાડ બનાવવા કુલ કેટલી રકમ વાપરવામાં આવી છે, અને
(૨) તેમાં જામનગર તાલુકામાં કેટલી રકમ કયા કયા ગામે કોને ફાળવીને કાંટાળી વાડ બનાવવામાં આવી છે ?

**વન મંત્રીશ્રી (૧૦-૮-૦૪) :**

(૧) રૂા.૧૨,૮૧,૬૩૯-૦૦
(૨) રૂા.૧,૯૮,૯૩૯-૦૦ (સામેલ પત્રક - "અ" ની વિગતે ફાળવેલ છે.)

| ક્રમ | લાભાર્થીનું નામ | ગામનું નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | શ્રી ગીરધર મોહન ઘાટલોડીયા | જાંબુડા, તા.જામનગર | ખેડૂતો દ્વારા ગૃપ તૈયાર કરીને તેમના વતીથી એકજ ગૃપ અરજદાર દ્વારા પત્ર વ્યવહાર તથા ખર્ચના ૫૦ ટકા રકમ ભરવી સંયુકત ગૃપનો નકશો તૈયાર કરી તારની વાડ બનાવવામાં આવેલ છે. |
| ૨ | શ્રી દામજી લાલજી ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૩ | શ્રી મોતી લાલજી ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૪ | શ્રી હંસરાજ ભવન ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૫ | શ્રી પ્રવીણ ભવન ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૬ | શ્રી અશ્વિન ભવન ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૭ | શ્રી મનોજ ભવન ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૮ | શ્રી મગન મોહન ભાલોડીયા | -- " -- | -- " -- |

| | | | |
|---|---|---|---|
| ૯ | શ્રી ભીમજી મોહન ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૧૦ | શ્રી જીવરાજ લાલજી ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૧૧ | શ્રી હીરાલાલ લાલજી ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૧૨ | શ્રી ગોવિંદ મોહન ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૧૩ | શ્રી ઓઢવજી દયા ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૧૪ | શ્રીમતી ચતુરબેન ધનજી | -- " -- | -- " -- |
| ૧૫ | શ્રી નાથાલાલ લાલજી ભાલોડીયા | -- " -- | -- " -- |
| ૧૬ | શ્રી રાજગર બચુભાઈ લાખા | -- " -- | -- " -- |
| ૧૭ | શ્રી કણબી કાનજી ધરમશી | -- " -- | -- " -- |
| ૧૮ | શ્રી હીરાલાલ લાલજી ભાલોડીયા | -- " -- | -- " -- |

---------------

**ગાંધીનગર જિલ્લામાં વન ખાતા દ્વારા પ્લાન્ટેશન અને નર્સરી ઉપર મજુરો રાખવા બાબત**

અતારાંકિત : ૨૪૮૯ (૨૩-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૩-૦૪ના નાણાકીય વર્ષમાં વન ખાતા દ્વારા કયા-કયા પ્લાન્ટેશન અને નર્સરીઓ ઉપર કેટલા મજુરો રાખવામાં આવ્યા હતા, અને

(૨) મજુરોને પ્લાન્ટેશન અને નર્સરીવાર કેટલી મજૂરી ચુકવવામાં આવી ?

**વન મંત્રીશ્રી (૨૬-૮-૦૪) :**

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૩-૦૪ના નાણાકીય વર્ષમાં વન ખાતા દ્વારા નીચે મુજબના જુદા જુદા પ્લાન્ટેશન અને નર્સરીઓ ઉપર કુલ : ૨૭૭ મજુરો રાખવામાં આવ્યા હતા.

| **તાલુકો** | **પ્લાન્ટેશનની સંખ્યા** | **મજૂરોની સંખ્યા** | **નર્સરીની સંખ્યા** | **મજૂરોની સંખ્યા** | **મજૂરોની કુલ સંખ્યા** |
|---|---|---|---|---|---|
| ગાંધીનગર | ૩૫ | ૪૩ | ૮ | ૯૫ | ૧૩૮ |
| માણસા | ૨૧ | ૨૮ | ૪ | ૧૬ | ૪૪ |
| કલોલ | ૭ | ૮ | ૨ | ૨૦ | ૨૮ |
| દહેગામ | ૫૧ | ૫૨ | ૫ | ૧૫ | ૬૭ |
| **કુલ :** | **૧૧૪** | **૧૩૧** | **૧૯** | **૧૪૬** | **૨૭૭** |

------------------

**જામનગર જિલ્લાનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ ઓફિસરની ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૨૦૫ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : માનની આરોગ્ય મંત્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૧/૩/૦૪ ની સ્થિતિએ જામનગર જિલ્લાના કયા કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ ઓફિસર વર્ગ-૨ની જગ્યાઓ કઈ તારીખથી ખાલી છે,

(૨) આ જગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) આ જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી (૧૮-૮-૦૪) :**

(૧) જામનગર જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - વસઈની મેડીકલ ઓફિસર વર્ગ-૨ની એક જગ્યા તા.૨૮-૧૧-૦૩થી ખાલી છે.

(૨) બોન્ડેડ તથા એડહોક ઉમેદવારોને નિમણૂંકના હુકમો કરી જગ્યા ભરવા કાર્યવાહી કરેલ છે.

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

------------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં હળવદ અને મુળી તાલુકામાં પાસા હેઠળ અટકાયત અને મુકિત**

અતારાંકિત : ૨૧૩૧ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ)** : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈસમોની પાસા હેઠળ અટકાયત કરવામાં આવી,
(૨) તે પૈકી કેટલાંને પાસા બોર્ડ દ્વારા મુકત કરવામાં આવ્યા,
(૩) કેટલાને સરકાર દ્વારા મુકત કરવામાં આવ્યા, અને
(૪) કેટલાને હાઈકોર્ટ દ્વારા મુકત કરવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૩-૭-૦૪) :**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં તા.૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ ઈસમોની અટકાયત કરવામાં આવેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------

**જામનગર જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ, ઘરફોડ ચોરી અને બળાત્કારના બનાવો અંગે**

અતારાંકિત : ૨૨૩૭ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કુલ કેટલા ખૂન, લૂંટ, ધાડ, ઘરફોડ ચોરી અને બળાત્કારના ગુના નોંધાયા,
(૨) તેમાથી કેટલા ગુનાઓ ડીટેકટ થયા અને કેટલા બાકી છે,
(૩) કેટલા તહોમતદારો પકડાયા અને કેટલા બાકી છે,
(૪) બાકીના તહોમદારોને કયારે, કેટલા સમયમાં ઝડપી લેવામાં આવશે, અને
(૫) તે માટે શું કાર્યવાહી કરવામાં આવી રહી છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૯-૭-૦૪) :**

| ક્રમ | ગુનાનો પ્રકાર | તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ નોંધાયેલ ગુના | તે પૈકી ડીટેકટ થયેલા ગુનાઓ | બાકી ગુનાઓ | પકડાયેલ તહોમતદારો | પકડવાના બાકી તહોમતદારો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ખૂન | ૧૫૮ | ૧૪૦ | ૧૮ | ૩૩૦ | ૧૦ |
| ૨ | લૂંટ | ૮૩ | ૬૫ | ૧૮ | ૧૨૧ | ૦૮ |
| ૩ | ધાડ | ૧૧ | ૦૯ | ૦૨ | ૩૫ | ૦૨ |
| ૪ | ઘરફોડ ચોરી | ૮૭૪ | ૨૫૩ | ૬૨૧ | ૩૮૭ | ૦૯ |
| ૫ | બળાત્કાર | ૬૭ | ૬૭ | - | ૬૭ | - |

(૪) અને (૫) : નામ સરનામા વગરના બાકીના તહોમતદારોને પકડવા માટે બાતમીદારો દ્વારા ચોકકસ બાતમી મેળવી ઘનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહેલા છે. તેમજ કાયદાકીય રીતે તહોમતદારોને પકડવા નામ. કોર્ટમાંથી સીઆરપીસી કલમ-૭૦ હેઠળ વોરંટ મેળવવામાં આવેલ છે.

---------------------

**જામનગર જિલ્લામાં આત્મહત્યાના બનાવો અંગે**

અતારાંકિત : ૨૨૩૮ (૨૮-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા આત્મહત્યાના કિસ્સા બનવા પામ્યા છે,
(૨) તે પૈકી પરિણીત સ્ત્રીઓના કેટલા,
(૩) પરિણીત સ્ત્રીઓના અકસ્માત દાઝી જવાથી કેટલા મૃત્યુ થયા છે, અને
(૪) પરિણીત સ્ત્રીઓને મરવા માટે મજબુર કરવાના મૃત્યુના બનાવો કેટલા છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૦-૭-૦૪) :**
(૧) ૪૨૯
(૨) ૧૫૯
(૩) ૧૮૦
(૪) ૩૮

--------------

**જામનગર જિલ્લામાં પાસ પરમીટ વગરની અને એક જ નંબરની બસો પકડવા અંગે**

અતારાંકિત : ૨૨૪૦ (૨૯-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-
(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પાસ પરમીટ વગરની એક જ નંબરની ખાનગી બસો કેટલી પકડવામાં આવી,
(૨) આ બસો કેટલા સમયથી ચાલતી હતી,
(૩) આ બસોના સંચાલકો સામે શાં પગાલાં ભરવા માંગો છો, અને
(૪) દંડ પેટે કેટલી રકમ વસુલ કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૧૦-૮-૦૪) :**
(૧) એક પણ નહીં.
(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**જામનગર જિલ્લામાં પેસેન્જર બસોના પાસિંગથી થયેલ આવક અંગે**

અતારાંકિત : ૨૨૪૦ (૨૯-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-
(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કેટલી પેસેન્જર બસોનું પાસીંગ કરવામાં આવ્યું, અને
(૨) તે પેટે રાજય સરકારને વાહનવેરાની કેટલી આવક થઈ ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૩૦-૬-૦૪) :**
(૧) ૭૯
(૨) રૂ.૫૧,૩૮,૦૭૧/-

---------

**જામનગર જિલ્લામાં પાસા હેઠળ અને લેન્ડ ગ્રેબીંગ ધારા હેઠળ અટકાયત અંગે**

અતારાંકિત : ૨૩૨૩ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -
(૧) જામનગર જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ વર્ષવાર કેટલા ઇસમોને પાસા અને લેન્ડ ગ્રેબીંગ ધારા હેઠળ કરવામાં આવી, અને
(૨) આમાં એક થી વધુ વખત પકડાયેલા ઇસમો કેટ કેટલા?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૩-૮-૦૪) :

(૧) જામનગર જિલ્લામાં છેલ્લા ૪ વર્ષમાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ કુલ.૧૯ ઇસમોને વર્ષવાર નીચેની વિગતે પાસા ધારા હેઠળ અટકાયત કરવામાં આવી છે.

| વર્ષ | કેસની સંખ્યા |
|---|---|
| ૧.૪.૨૦૦૦ થી ૩૧.૩.૨૦૦૧ | ૦૩ |
| ૧.૪.૨૦૦૧ થી ૩૧.૩.૨૦૦૨ | ૦૩ |
| ૧.૪.૨૦૦૨ થી ૩૧.૩.૨૦૦૩ | ૧૨ |
| ૧.૪.૨૦૦૩ થી ૩૧.૩.૨૦૦૪ | ૦૧ |
| | **કુલઃ- ૧૯** |

આ ૧૯ અટકાયતી પૈકી કુલ ૧૨ પાસા અટકાયતીઓ લેન્ડ ગ્રેબીંગ કરનારા છે.

(૨) આમાં ૧ થી વધુ વખત પકડાયેલા ઇસમો ૩ છે.

------------

**જામનગર જિલ્લામાં હદપાર કરાયેલા ઇસમો અંગ**

અતારાંકિત : ૨૩૨૪ (૨૯-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં કુલ કેટલા ઇસમોને તાલુકાવાર હદપાર કરવામાં આવ્યાં,

(૨) આવા ઇસમોના કેટ કેટલા ગુન્હા કેટ કેટલા સમયમાં નોંધાયા હતા, અને

(૩) એક સાથે એકજ દિવસના અલગ અલગ ચાર ગુન્હાઓ નોંધીને કોઇ ઇસમોને હદપાર કરવાના બનાવો બન્યા છે કે કેમ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૯-૮-૦૪) :

(૧) (૧) ખંભાળીયા - ૩
(૨) કલ્યાણપુર - ૧
(૩) જામનગર શહેર - ૧
(૪) જામનગર તાલુકો- ૩
**કુલ :-** **૮**

(૨) તા.૧.૪.૦૨ થી તા.૩૧.૪.૦૪ દરમ્યાન ચાર થી ચૌદ જેટલા ગુન્હા ઇ.પી.કો.કલમ ૪૫૭, ૩૮૦ નીચે નોંધવામાં આવ્યા હતા.

(૩) હા,

------------

**જામનગર જિલ્લામાં ડૂબી જવાથી મૃત્યુ બાબત**

અતારાંકિત : ૨૩૨૫ (૨૯-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં પાણીમાં ડૂબી જવાથી કેટલા મૃત્યુ થયા,

(૨) તે પૈકી આત્મહત્યા અને અકસ્માતના બનાવો કેટલા, અને

(૩) અકસ્માત તેમજ પાણીમાં ડૂબી જવાથી થતા મૃત્યુ રોકવા સરકાર શું કરવા માંગે છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૦-૭-૦૪) :

(૧)

| | તાલુકાનું નામ | મૃત્યુની સંખ્યા |
|---|---|---|
| ૧. | જામનગર ગ્રામ્ય | ૫૭ |
| ૨. | ધ્રોલ | ૦૭ |
| ૩. | જોડીયા | ૧૪ |
| ૪. | કાલાવડ | ૧૯ |
| ૫. | લાલપુર | ૩૦ |
| ૬. | ખંભાળીયા | ૦૯ |
| ૭. | ઓખા મંડળ | ૩૫ |
| ૮. | કલ્યાણપુર | ૧૮ |
| ૯. | ભાણવડ | ૧૪ |
| ૧૦. | જામજોધપુર | ૧૩ |

(૨) **આત્મહત્યાના બનાવો** **અકસ્માતના બનાવો**
૪૪ ૧૭૨

(૩) આવા બનાવો રોકવા માટે ચેતવણીદર્શક બોર્ડ તેમજ સુચનાઓ મુકવામાં આવે છે તેમજ જરુર જણાયે ફાયરબ્રીગેડની તેમજ પોલીસના તરવૈયાની સેવાઓ લેવામાં આવે છે.

------------

**જામનગર શહેરમાંથી વાહન ચોરીના બનાવો અંગે**

અતારાંકિત : ૨૩૨૬ (૨૯-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર શહેરમાંથી છેલ્લા ચાર વર્ષમાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ કેટલા ચાર વ્હીલવાળા અને કેટલા દ્વિચક્રી વાહનોની ઉઠાંતરી થયેલ છે,
(૨) તેમાંથી કેટલા વાહનો મૂળ માલિકને સોંપવામાં આવ્યા,
(૩) કેટલા વાહનો હજુસુધી મળેલ નથી,
(૪) આવા ગુન્હાઓનું પ્રમાણ ઘટાડવા સરકાર કોઇ કાર્યવાહી કરવા માંગે છે કે કેમ, અને
(૫) વધુ પ્રમાણમાં વાહનચોરી થતા સ્થળો ઉપર ચોરી રોકવાનું શું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૦-૭-૦૪) :

(૧) ૧૬ વાહનો ચાર વ્હીલવાળા
૪૬૨ વાહનો દ્વિચક્રી

(૨) ૧૦ ચાર વ્હીલવાળા વાહનો

૨૧૪ દ્વિચક્રી વાહનો

(૩) ૦૬ વાહનો ચાર વ્હીલવાળા

૨૪૮ વાહનો દ્વિચક્રી

(૪) અને (૫) : જે સ્થળોએ વાહનોની ઉઠાંતરીના બનાવો બને છે તેવા સ્થળોએ સાદા ગણવેશમાં પોલીસના માણસો મુકી ટ્રેપ ગોઠવવામાં આવે છે તેમજ વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવે છે અને વાહનોના કાગળોની ચકાણસી કરવામાં આવે છે.

------------

**પોલીસ ઇન્સ્પેકટર સંવર્ગના અધિકારીઓ દ્વારા બોગસ જાતિ પ્રમાણપત્રો રજૂ કરી લાભ લેવાની ફરીયાદ અંગે**

અતારાંકિત : ૨૩૩૬ (૨૯-૬-૦૪) **શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧.૫.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યના કેટલા પોલીસ ઇન્સ્પેકટર સંવર્ગના અધિકારીઓ વિરુધ્ધ બોગસ અનુસૂચિત જનજાતિ પ્રમાણપત્ર રજૂ કરીને નોકરી મેળવવાના તથા ખોટી રીતે બઢતી મેળવવાના આક્ષેપ સબબ ફરીયાદો મળી,
(૨) આ ફરીયાદોને આધારે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને
(૩) બોગસ જાતિના પ્રમાણપત્રો રજૂ કરનારાઓ વિરુધ્ધ રાજ્યના પોલીસ મહાનિર્દેશકએ કયા પ્રકારના શિક્ષાત્મક પગલાં લીધા?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૭-૮-૦૪) :

(૧) ૧ (એક)

(૨) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સીઆઇડી. (ક્રાઇમ અને રેલ્વેઝ) ગાંધીનગર પાસેથી અહેવાલ મંગાવેલ. જેમાં પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વી.આર.ટોલીયા વિરુધ્ધ ગુનો દાખલ કરવા અભિપ્રાય આપેલ છે.

(૩) અહેવાલ વિચારણા હેઠળ છે.

------------

**પાસાના અટકાયતીઓના કેસો સર્કિટ હાઉસમાં ચલાવવા બાબત**

અતારાંકિત : ૨૩૩૭ (૩૦-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં પાસા હેઠળના અટકાયતીઓના કેસ કયા કયા જિલ્લાના સરકીટ હાઉસમાં ચલાવવામાં આવે છે,
(૨) આ પાસાના કેસો ચલાવવા માટે કોની કોની નિમણૂંક કરવામાં આવે છે,
(૩) આ પાસા હેઠળના કેદીઓ તથા તેના સાક્ષીઓ માટે સરકીટ હાઉસમાં પીવાના પાણી તથા સંડાસની સગવડ કરવામાં આવતી નથી એ વાત સાચી છે,
(૪) આ પાસાના કેદીઓને સરકીટ હાઉસમાં કઇ પોલીસ દ્વારા લાવવામાં આવે છે, અને
(૫) આ પાસાનાં કેદીઓના કેસો જે તે જેલમાં કેમ ચલાવવામાં આવતાં નથી?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૧૫-૭-૦૪) :

(૧) અને (૨) : પાસા સલાહકાર બોર્ડ ગુજરાત હાઇકોર્ટનાં (૩) નિવૃત્ત ન્યાયાધિશોનું બનેલ છે. બોર્ડના અધ્યક્ષ નક્કી કરે તે સ્થળે સરકીટ હાઉસમાં બોર્ડની બેઠક મળે છે. સામાન્ય રીતે અમદાવાદ ખાતે બેઠક યોજવામાં આવે છે. આ ઉપરાંત સુરત-વડોદરા-રાજકોટ-જામનગર સરકીટ હાઉસ ખાતે બેઠક રાખવામાં આવે છે.

(૩) ના, જી.

(૪) જે તે સ્થળે બોર્ડની બેઠક મળે ત્યાંની સ્થાનિક પોલીસ દ્વારા અટકાયતીને બોર્ડ સમક્ષ હાજર રાખવામાં આવે છે.

(૫) સલાહકાર બોર્ડના ત્રણેય સભ્યો (અધ્યક્ષ સાથે), સંબંધિત અટકાયત અધિકારીઓ તથા અટકાયતીના સાક્ષીઓ તમામને જે તે જેલમાં બોલાવવા વહીવટી તથા જેલની સલામતીની દ્રષ્ટિએ અનુકુળ ન હોઇ, અધ્યક્ષશ્રીના નિર્ણય મુજબ સરકીટ હાઉસમાં બોર્ડની બેઠક રાખવામાં આવે છે.

------------

**ગાંધીનગર જિલ્લામાંથી અસામાજિક તત્વોની ધરપકડ બાબત**

અતારાંકિત : ૨૪૪૩ (૧૧-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પોલીસ સ્ટેશન દીઠ કેટલા અસામાજિક તત્વોની ધરપકડ કરી, અને

(૨) તેમની સામે પોલીસ કેસો કરી શાં પગલાં લેવામાં આવ્યા?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૭-૮-૦૪) :

(૧)

| **તાલુકો** | **પોલીસ સ્ટેશન** | **અસામાજિક તત્વોની ધરપકડ** |
|---|---|---|
| ગાંધીનગર | સેકટર-૨૧ પોલીસ સ્ટેશન | ૫૯૮ |
| | સેકટર-૭ પોલીસ સ્ટેશન | ૩૭૮ |
| | પેથાપુર પોલીસ સ્ટેશન | ૪૧૩ |
| | ડભોડા પોલીસ સ્ટેશન | ૪૦૯ |
| | અડાલજ પોલીસ સ્ટેશન | ૬૫૩ |
| દહેગામ | દહેગામ પોલીસ સ્ટેશન | ૫૬૩ |
| | રખીયાલ પોલીસ સ્ટેશન | ૨૪૯ |
| માણસા | માણસા પોલીસ સ્ટેશન | ૭૧૪ |
| કલોલ | કલોલ સીટી પોલીસ સ્ટેશન | ૩૮૧ |
| | કલોલ તાલુકા પોલીસ સ્ટેશન | ૮૬૧ |

(૨) અસામાજિક તત્વો સામે સીઆરપીસી કલમ-૧૧૦, પ્રોહીબીશન એકટ કલમ-૯૩, બી.પી.એકટ-૫૬ તેમજ પાસા હેઠળ પગલાં લેવામાં આવેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લાના ઔધોગિક રીતે પછાત જાહેર કરાયેલા તાલુકાઓ અંગે**

અતારાંકિતઃ૨૨૫૫ (૨૫-૬-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪ અને મે-૦૪ દરમ્યાન જૂનાગઢ જિલ્લાના કયા કયા તાલુકાઓને ઔધોગિક રીતે પછાત જાહેર કરવામાં આવેલ છે,

(૨) આ પછાત જાહેર કરેલ તાલુકાને કયા કયા પ્રકારની સવલતો કયાં સુધી આપવાનો ઇરાદો વ્યકત કરવામાં આવ્યો છે,

(૩) આ પછાત જાહેર થયેલ તાલુકાઓ પૈકી કયા તાલુકામાં કેટલા ઉધોગો કેટલી રકમની ક્ષમતાનાં સ્થાપવાની માંગણી આવી, અને

(૪) તે પૈકી કેટલા તાલુકામાં કેટલી અરજીઓ મંજૂર કરી છે અને કેટલાનું કામ પ્રગતિમાં છે કે પૂર્ણ થવામાં છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) (૬-૮-૦૪) :

(૧) નાણાંકીય વર્ષવાર રાજ્ય સરકાર પછાત જીલ્લાઓ જાહેર કરતી નથી.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

------------

**જામનગર જીલ્લામાં ઔધોગિક રીતે પછાત તાલુકાઓ અંગે**

અતારાંકિત : ૨૩૨૨ (૨૯-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લાના કેટલા તાલુકાઓ તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ ઔધોગિક પછાત ગણવામાં આવ્યા છે, અને

(૨) આ પછાત તાલુકાઓમાં ઔધોગિક વિકાસ કરી અન્ય તાલુકા સાથે સમતુલિત વિકાસ હાથ ધરવા શું વિશેષ આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) (૭-૮-૦૪) :

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ ૫ તાલુકાઓ ઔધોગિક રીતે પછાત જાહેર કરવામાં આવેલ છે. (૧) ભાણવડ, (૨) જોડીયા, (૩) જામજોધપુર, (૪) કાલાવડ, (૫) જામ કલ્યાણપુર.

(૨) ઉધોગકારોને માર્ગદર્શન આપવા તથા આકર્ષવા માટે ઔધોગિક સેમીનારનું આયોજન કરવામાં આવે છે. અને તે રીતે ઉધોગો સ્થાપવા માટે ઉધોગ સાહસિકોને માર્ગદર્શન આપવામાં આવે છે.

------------

**ગાંધીનગર જીલ્લામાં મધ્યમ અને મોટા કદના ઉધોગો બાબત**

અતારાંકિત : ૨૪૪૫ (૧૫-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર શહેર અને જીલ્લામાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ મધ્યમ કદના તેમજ મોટા કદના કેટલા ઔધોગિક એકમો કયા-કયા તાલુકામાં આવેલા છે, અને

(૨) ગાંધીનગર જીલ્લામાં વધુ એકમો સ્થપાય તે માટે સરકારનું શું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) (૧૦-૮-૦૪) :

(૧) ગાંધીનગર શહેર અને જીલ્લામાં તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ મધ્યમ અને મોટા કદના કુલ ૧૬૮ ઔધોગિક એકમો આવેલા છે. જેની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | ગાંધીનગર | ૦૪૮ |
| ૨. | દહેગામ | ૦૧૧ |
| ૩. | કલોલ | ૧૦૧ |
| ૪. | માણસા | ૦૦૮ |

(૨) ગાંધીનગર જીલ્લામાં ઔધોગિક એકમો સ્થપાય તે માટે જીલ્લા ઉધોગ કેન્દ્ર દ્વારા તાલુકા કક્ષાએ વિવિધ પ્રકારના સેમીનારો યોજવામાં આવે છે. તેમજ રાજ્ય કક્ષાએ આંતર રાજ્ય તેમજ વિદેશી ઉધોગકારોને આકર્ષવા વિવિધ કાર્યક્રમો જેવા કે વાઇબ્રન્ટ, ગ્લોબલ, સમીટ-૨૦૦૩, ઉત્તરાયણ મહોત્સવ વિગેરે જેવા કાર્યક્રમો યોજીને આવા મોટા ઉધોગો રાજ્યમાં સ્થપાય તે મુજબ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

------------

**ગાંધીનગર જીલ્લામાં આવેલા ઔધોગિક પછાત તાલુકાઓના વિકાસ બાબત**

અતારાંકિત : ૨૪૪૬ (૧૫-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ ગાંધીનગર જીલ્લામાં કયા-કયા તાલુકાઓને ઔધોગિક પછાત ગણવામાં આવેલ છે, અને

(૨) આ પછાત તાલુકાઓમાં ઔધોગિક વિકાસ કરી બીજા તાલુકા સાથે સમતુલિત વિકાસ હાથ ધરવા શું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉધોગ) (૭-૮-૦૪) :

(૧) ગાંધીનગર જીલ્લામાં તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ કોઇ પછાત તાલુકા ગણવામાં આવ્યા નથી. જેથી માહિતી શૂન્ય.

(૨) લાગુ પડતું નથી.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેતમજૂરોની વીમા રક્ષણ સહાય માટે મળેલ અરજીઓ

અતારાંકિત : ૨૧૫૩ (૨૮-૬-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ ખેતમજૂરોની વીમા રક્ષણ સહાય આપવા માટેની કેટલી અરજીઓ મળી,
(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી સહાય આપવામાં આવી,
(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને
(૪) બાકી રહેતા અરજદારોને કેટલા સમયમાં સહાય આપવામાં આવશે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૨૨-૭-૦૪) :

| | તાલુકો | અરજીઓ |
|---|---|---|
| (૧) | હળવદ | -- |
| | મૂળી | ૦૨ |
| (૨) | હળવદ | -- |
| | મૂળી | ૦૧ |
| (૩) | હળવદ | -- |
| | મૂળી | ૦૧ |

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## જામનગર શહેર અને જિલ્લામાં ઉધોગો સામે શોષણ અંગેની ફરીયાદો

અતારાંકિત : ૨૨૦૦ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય શ્રમ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર શહેર અને જિલ્લામાં કેટલા ઉધોગો સામે તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા ૪ વર્ષમાં મજુરોના થતા શોષણ અંગે વર્ષવાર કેટલી ફરીયાદો મળી,
(૨) આ ફરીયાદો સામે સરકાર દ્વારા કોના સામે શી કાર્યવાહી કરવામાં આવી,
(૩) કેટલા કિસ્સાઓનો નિકાલ કરવામાં આવ્યો છે, અને
(૪) કેટલા કેસો કયારથી બાકી છે, તેના નિકાલ માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે?

**શ્રમ મંત્રીશ્રી** (૧૨-૮-૦૪) :

(૧) જામનગર શહેર અને જિલ્લામાં તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં મળેલ ફરીયાદની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મળેલ ફરીયાદ |
|---|---|---|
| ૧ | ૨૦૦૦-૨૦૦૧ | ૧૧૫ |
| ૨ | ૨૦૦૧-૨૦૦૨ | ૧૧૯ |
| ૩ | ૨૦૦૨-૨૦૦૩ | ૧૧૧ |
| ૪ | ૨૦૦૩-૨૦૦૪ | ૧૩૨ |
| | **કુલ :** | **૪૭૭** |

(૨) ફરીયાદ બાબતે સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઇ તપાસ હાથ ધરી, તપાસણી નોંધ પસાર કરવામાં આવેલ છે. અને જે તે બાબત અંગે પાલન પૂર્તતા કરાવવામાં આવેલ છે. જયાં કાયદાકીય ભંગ જણાયેલ છે કે, તપાસનોંધની પૂર્તતા કરેલ નથી તેવી સંબંધિત સંસ્થા/કારખાનાઓ સામે કોર્ટ કેસો દાખલ કરવામાં આવેલ છે અને ફરીયાદીઓને જવાબ પાઠવવામાં આવેલ છે.

(૩) ૪૬૮ ફરીયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે.

(૪) છેલ્લા ચાર વર્ષ દરમ્યાન કુલ ૪૫૪ કોર્ટ કેસો દાખલ કરવામાં આવેલ છે, જે પૈકી ૧૮ કોર્ટ કેસોનો નિકાલ થતા તે સિવાયના ૪૩૬ કોર્ટ કેસો સુનાવણી અર્થે નીચે દર્શાવેલ સમયથી બાકી રહેલ છે.

| **ક્રમ** | **છેલ્લા ચાર વર્ષ દરમ્યાન દાખલ કરેલ ૪૫૪ કોર્ટ કેસો પૈકી બાકી રહેલ કોર્ટ કેસો** | **પડતર રહેલ કોર્ટ કેસોનો સમયગાળો** |
|---|---|---|
| ૧ | ૯૩ | ૪ વર્ષ ૩ માસ |
| ૨ | ૯૭ | ૩ વર્ષ ૩ માસ |
| ૩ | ૧૧૩ | ૨ વર્ષ ૩ માસ |
| ૪ | ૧૦૨ | ૧ વર્ષ ૩ માસ |

| | | |
|---|---|---|
| ૫ | ૩૧ | ૩ માસ |

------------

## જામનગર જિલ્લામાં બેરોજગારોની નોંધણી

અતારાંકિત : ૨૨૦૧ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૧.૧.૨૦૦૨ થી ૩૧.૫.૨૦૦૪ સુધીમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારીની નોંધણી થઇ, અને

(૨) તે પૈકી કેટલા યુવાનોને રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૭-૮-૦૪) :

(૧) ૧૯૬૯૫ તાલુકાવાર નીચે મુજબ.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧.૧.૨૦૦૨ થી ૩૧.૫.૨૦૦૪ સુધીમાં તાલુકાવાર થયેલ નોંધણી | | |
|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૧. | ભાણવડ | ૭૬૧ | ૧૦૨ | ૮૬૩ |
| ૨. | ધ્રોલ | ૬૨૬ | ૧૦૩ | ૭૨૯ |
| ૩. | જામજોધપુર | ૮૦૪ | ૧૩૯ | ૯૪૩ |
| ૪. | જામનગર | ૬૦૨૬ | ૩૮૨૨ | ૯૮૪૮ |
| ૫. | જોડીયા | ૬૨૪ | ૭૮ | ૭૦૨ |
| ૬. | કાલાવડ | ૭૩૮ | ૯૭ | ૮૩૫ |
| ૭. | જામકલ્યાણપુર | ૯૭૭ | ૧૦૩ | ૧૦૮૦ |
| ૮. | જામખંભાળીયા | ૧૧૪૭ | ૫૯૮ | ૧૭૪૫ |
| ૯. | લાલપુર | ૫૮૯ | ૮૬ | ૬૭૫ |
| ૧૦. | દ્વારકા | ૭૩૨ | ૧૫૪૩ | ૨૨૭૫ |
| | **કુલ :** | **૧૩૦૨૪** | **૬૬૭૧** | **૧૯૬૯૫** |

(૨) ૩૮૧૪ તાલુકાવાર નીચે મુજબ.

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧.૧.૨૦૦૨ થી ૩૧.૫.૨૦૦૪ દરમ્યાન નોંધાયેલ પૈકી મળેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
| ૧. | ભાણવડ | - | - | - |
| ૨. | ધ્રોલ | ૧ | - | ૧ |
| ૩. | જામજોધપુર | - | - | - |
| ૪. | જામનગર | ૬ | ૧૯૨૮ | ૧૯૩૪ |
| ૫. | જોડીયા | - | - | - |
| ૬. | કાલાવડ | - | - | - |
| ૭. | જામકલ્યાણપુર | - | - | - |
| ૮. | જામખંભાળીયા | ૨ | ૪૭૦ | ૪૭૨ |
| ૯. | લાલપુર | - | - | - |
| ૧૦. | દ્વારકા | ૧ | ૧૪૦૬ | ૧૪૦૭ |
| | **કુલ :** | **૧૦** | **૩૮૦૪** | **૩૮૧૪** |

------------

## નર્મદા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની નોંધણી

અતારાંકિત : ૨૨૨૭ (૨૮-૬-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોની સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ ના વર્ષમાં કેટલી નોંધણી થઇ,

(૨) દરેક તાલુકામાં કુલ કેટલા બેરોજગારો છે, અને

(૩) તે પૈકી કેટલા યુવાનોને રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૭-૮-૦૪) :

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧.૪.૨૦૦૨ થી ૩૧.૩.૨૦૦૩ સુધીમાં તાલુકાવાર થયેલ નોંધણી. | | | તા.૧.૪.૨૦૦૩ થી ૩૧.૩.૨૦૦૪ સુધીમાં તાલુકાવાર થયેલ નોંધણી. | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૧. | નાંદોદ | ૧૫૬૬ | ૯૪ | ૧૬૬૦ | ૨૮૫૦ | ૧૭૯ | ૩૦૨૯ |
| ૨. | તિલકવાડા | ૨૨૪ | ૩૭ | ૨૬૧ | ૩૩૫ | ૨૫ | ૩૬૦ |
| ૩. | ડેડીયાપાડા | ૩૮૪ | ૨૨ | ૪૦૬ | ૫૫૭ | ૪૫ | ૬૦૨ |
| ૪. | સાગબારા | ૨૧૫ | ૧૨ | ૨૨૭ | ૩૮૦ | ૩૫ | ૪૧૫ |
| | **કુલ :-** | **૨૩૮૯** | **૧૬૫** | **૨૫૫૪** | **૪૧૨૨** | **૨૮૪** | **૪૪૦૬** |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ૩૧.૩.૨૦૦૩ અંતે તાલુકાવાર બેરોજગારો. | | | ૩૧.૩.૨૦૦૪ અંતે તાલુકાવાર બેરોજગારો. | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૧. | નાંદોદ | ૬૫૮૧ | ૧૩૩૩ | ૭૯૧૪ | ૬૬૦૨ | ૧૦૩૯ | ૭૬૪૧ |
| ૨. | તિલકવાડા | ૯૯૮ | ૧૬૨ | ૧૧૬૦ | ૧૨૯૩ | ૧૮૬ | ૧૪૭૯ |
| ૩. | ડેડીયાપાડા | ૧૨૮૬ | ૭૪ | ૧૩૬૦ | ૨૦૯૩ | ૧૩૦ | ૨૨૨૩ |
| ૪. | સાગબારા | ૬૪૦ | ૫૧ | ૬૯૧ | ૧૦૧૫ | ૭૪ | ૧૦૮૯ |
| | કુલ :- | ૯૫૦૫ | ૧૬૨૦ | ૧૧૧૨૫ | ૧૧૦૦૩ | ૧૪૨૯ | ૧૨૪૩૨ |

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧.૪.૨૦૦૨ થી ૩૧.૩.૨૦૦૩ દરમ્યાન કુલ બેરોજગારો પૈકી મળેલ રોજગારી. | | | તા.૧.૪.૨૦૦૩ થી ૩૧.૩.૨૦૦૪ દરમ્યાન કુલ બેરોજગારો પૈકી મળેલ રોજગારી. | | |
|---|---|---|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૧. | નાંદોદ | ૮૭ | ૪૫૬ | ૫૪૩ | ૨૦૮ | ૫૩૪ | ૭૪૨ |
| ૨. | તિલકવાડા | ૧૪ | ૨ | ૧૬ | ૧ | ૧૬ | ૧૭ |
| ૩. | ડેડીયાપાડા | ૧૧ | ૨ | ૧૩ | ૭ | ૧૬ | ૨૩ |
| ૪. | સાગબારા | ૧૫ | - | ૧૫ | - | ૧૫ | ૧૫ |
| | કુલ :- | ૧૨૭ | ૪૬૦ | ૫૮૭ | ૨૧૬ | ૫૮૧ | ૭૯૭ |

------------

## ગાંધીનગર જિલ્લાના ઔધોગિક એકમોમાં સ્થાનિક લોકોની રોજગારી

અતારાંકિત : ૨૩૧૦ (૨-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં માર્ચ-૨૦૦૪ની સ્થિતિએ કેટલા ઔધોગિક એકમોમાં જોગવાઇ મુજબ સ્થાનિક લોકોને રોજગારી અપાતી નથી તે વાત સાચી છે,

(૨) જો હા, તો આવા ઔધોગિક એકમો સામે શાં પગલાં લેવાયા છે, અને

(૩) ઔધોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી મળી રહે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે?

**રોજગાર મંત્રીશ્રી** (૧૯-૮-૦૪) :

(૧) જિલ્લામાં આવેલ ઔધોગિક એકમો પાસેથી દર છ માસે જુન અંતિત અને ડિસેમ્બર અંતિત સ્થાનિક રોજગારીની માહિતી મેળવવામાં આવે છે. જે મુજબ ગાંધીનગર જિલ્લામાં ડિસેમ્બર-૦૩ ની સ્થિતિએ

(૧) ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી-૨૧ એકમો

(૨) કેન્દ્ર સરકાર હસ્તકના ઉત્પાદન લક્ષી-૧ એકમ તથા

(૩) રાજ્ય સરકાર હસ્તકના-૨ કોર્પોરેશનની અંદર સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાનું પ્રમાણ જળવાતું નથી.

(૨) (૧) ખાનગી ક્ષેત્રના ઉત્પાદન લક્ષી એકમો જે નિયત ટકાવારી જાળવતા નથી તેવા એકમોની યાદી ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીને મોકલવામાં આવે છે. જેથી તે યાદીમાંથી કોઇ પ્રોત્સાહિત એકમ હોય તો તે સામે પગલાં લઇ શકે.

(૨) કેન્દ્ર સરકારના એકમો નિયત ટકાવારી જાળવતા નથી તેવા એકમોને અત્રેથી નામ જોગ અર્ધ સરકારી પત્ર લખી આ ઠરાવ નીતિનું પાલન કરવા અનુરોધ કરવામાં આવે છે.

(૩) તથા સરકાર કક્ષાએથી કેન્દ્ર સરકારને પત્ર લખી આ નીતિનું પાલન કરવા વિનંતિ કરવામાં આવે છે.

(૩) (૧) જાહેર સાહસો સંયુકત ક્ષેત્રીય તેમજ મોટા ઉદ્યોગોમાં ૮૫ ટકા જગ્યાઓ સ્થાનિક ઉમેદવારોથી ભરવા સરકારશ્રીએ તા.૩૧.૩.૯૫ ના ઠરાવથી જોગવાઇ કરેલ છે.

(૨) આ ઠરાવની જોગવાઇનું પાલન થાય તે માટે દર છ માસે જૂન તથા ડિસેમ્બર અંતિત જે તે એકમની કુલ રોજગારી અને તેમાં સ્થાનિકોની રોજગારીની ટકાવારીની માહિતી મેળવવામાં આવે છે.

(૩) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળની મોનીટરીંગ કમિટિ આ નીતિનું મોનીટરીંગ કરે છે.

(૪) ખાનગી ક્ષેત્રના એકમોને તેમની જરુરીયાત મુજબના ઉમેદવારો મળી રહે તે માટે ઔધોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.

------------

## દહેગામ તાલુકામાં સ્વજલ ધારા યોજના હેઠળના કામો

અતારાંકિત : ૨૩૪૨ (૨૦-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સ્વજલધારા યોજનામાં દહેગામ તાલુકામાં તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રૂપિયાની ગ્રાન્ટ વપરાઇ હતી,

(૨) કેટલી અરજીઓ ગ્રામ પંચાયત દ્વારા આવી, અને

(૩) તેમાંથી હાલના તબક્કે કયા ગામોમાં કુલ કેટલા રૂપિયાની યોજનાઓ પ્રગતિમાં કે પૂર્ણ થયેલ છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૭-૮-૦૪) :

(૧) શૂન્ય.

(૨) ૫ ગ્રામ પંચાયતોની કુલ ૧૬ અરજી.

(૩) બબલપુરા કંપા ગામની રૂા.૪.૩૯ લાખની યોજના પ્રગતિમાં છે.

------------

## જામનગર જિલ્લામાં પંચાયત હસ્તકના રહેમરાહેના પડતર કેસો

અતારાંકિત : ૨૧૯૭ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લાના રહેમરાહે નોકરી આપવાના કુલ કેટલા કેસો પંચાયત વિભાગમાં પડતર છે, અને

(૨) આ કેસોનો નિકાલ કયાં સુધી કરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી** (૧૦-૮-૦૪) :

(૧) ૩૯

(૨) નવ કેસોમાં રહેમરાહે નીમણૂંકના હુકમો કરેલ છે, બાકી રહેલ કેસોમાં બનતી ત્વરાએ નિર્ણય કરવામાં આવશે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં વોટરશેડના પૂર્ણ થયેલ કામો

અતારાંકિત:૨૩૦૯ (૨-૭-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧.૩.૦૪ સુધીમાં કેટલા વોટર શેડ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પૂર્ણ થયા અને તેમાં કુલ કેટલો ખર્ચ થયો,

(૩) આ કામગીરી પૂર્ણ થયેથી તાલુકાવાર કેટલી જમીનોમાં સિંચાઇનો લાભ મળશે,
(૪) આ વોટરશેડ માટે અત્યાર સુધી કોઇ ફરીયાદ આવેલી છે કે કેમ, અને
(૫) જો હા, તો આવી ફરીયાદો સંબંધે સરકારે શાં પગલાં લીધા?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૧-૮-૦૪) :

(૧) તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર વોટરશેડ પ્રોજેકટો મંજૂર કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર થયેલ પ્રોજેકટો |
|---|---|---|
| ૧. | ખેડબ્રહ્મા | ૧૦ |
| ૨. | માલપુર | ૩ |
| | કુલ :- | ૧૩ |

(૨) આ તમામ ૧૩ પ્રોજેકટો ચાલુ છે.
માર્ચ-૨૦૦૪ સુધીમાં આ પ્રોજેકટો હેઠળ કોઇ ખર્ચ થયેલ નથી.

(૩) વોટરશેડ કાર્યક્રમએ વિસ્તાર વિકાસ કાર્યક્રમ છે. પ્રોજેકટ હેઠળ આવરી લીધેલ જમીનોમાં જળસંચય, વનીકરણ, લેન્ડલેવલીંગ, ગૌચર સુધારણા વિગેરે કામો પાંચ વર્ષના સમયગાળામાં હાથ ધરવામાં આવે છે. આ કામોથી આવરી લીધેલ વિસ્તારોમાં જમીનના ભૂર્ગભ જળના તળ ઉંચા આવે છે. આ સિંચાઇનો કાર્યક્રમ નથી.

(૪) ના, જી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ગાંધીનગર જિલ્લામાં ખાનગી ટ્રસ્ટોએ સરકારી જમીન ફાળવવા કરેલ માંગણી

અતારાંકિત : ૨૫૪૧ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી જમીનની કેટલી અને કયા કયા ટ્રસ્ટોએ માંગણી કરી છે, અને
(૨) તે પૈકી કેટલા અને કયા કયા ટ્રસ્ટોને જમીન આપવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી** (૬-૧૦-૦૪) :

(૧) વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | જમીનની માંગણી કરેલ ટ્રસ્ટનું નામ | માંગણીવાળી જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧. | ગાંધીનગર | સમદર્શન ટ્રસ્ટ હડમતિયા | ૮૯૦૩ |
| ૨. | ગાંધીનગર | અક્ષરપુરુષોત્તમ ટ્રસ્ટ, આદરજ મોટી | ૭૦૦૦ |
| ૩. | ગાંધીનગર | માતૃભૂમિ સેવા ટ્રસ્ટ, અમદાવાદ | ૬૦૭૦૩ |
| ૪. | ગાંધીનગર | સમન્વય સેવા ટ્રસ્ટ, સુઘડ | ૧. સુઘડમાં સરકારશ્રીના નીતિ નિયમ મુજબ જે ક્ષેત્રફળ મળવાપાત્ર હોય તે.<br>૨. કોબામાં-૪૦૪૬૯ |
| ૫. | ગાંધીનગર | શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ટીટોડા | ૪૮૫૬૩ |
| ૬. | ગાંધીનગર | શાંતિ નિકેતન એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ | સરકારશ્રીના નિયમ મુજબ જે ક્ષેત્રફળ મળવાપાત્ર હોય તે. |
| ૭. | ગાંધીનગર | સત્ય સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | સરકારશ્રીના નિયમ મુજબ જે ક્ષેત્રફળ મળવાપાત્ર હોય તે. |

| | | | |
|---|---|---|---|
| ૧. | માણસા | જાગૃતિ યુવક મંડળ, પડુસ્મા | ૨૮૨૨૭ |
| ૨. | માણસા | પ્રમુખશ્રી ચૌધરી સેવા સમાજ મંડળ, ચરાડા | ૧૬૧૮૮ |
| ૩. | માણસા | પ્રમુખશ્રી, ક્ષત્રિય ઠાકોર સમાજ, મહુડી | ૧૭૫૦૩ |
| ૪. | માણસા | જય સોમનાથ ઉત્તેજક મંડળ, રંગપુર | ૨૦૨૩૫ |
| ૫. | માણસા | વિદ્યા ઉત્તેજક મંડળ, આજોલ | ૧૦૦૧૬ |
| ૬. | માણસા | વાસુદેવ ક્ષત્રિય ઠાકોર સમાજ, માણસા | ૪૦૪૭ |

| | | | |
|---|---|---|---|
| ૭. | માણસા | સર્વોદય યુવક મંડળ, સમૌ | ૧૫૩૨ |

| | | | |
|---|---|---|---|
| ૧. | કલોલ | વડમન વેલ્ફર ફાઉન્ડેશન ટ્રસ્ટ, જેઠલજ | ૧૭૯૪ |
| ૨. | કલોલ | સ્વામીનારાયણ ગુરુકુલ, કલોલ | ૧૬૦૦૦ |
| ૩. | કલોલ | ગૌતમ બુધ્ધ સમાજ વિકાસ પરિષદ, કલોલ | ૩૨૩૭૬ |
| ૪. | કલોલ | માનવ ઉત્કર્ષ મંડળ, કલોલ | ૬૨૭૩ |
| ૫. | કલોલ | છત્રાલ કેળવણી મંડળ, છત્રાલ | ૨૦૨૩૬ |
| ૬. | કલોલ | રોટરી કલબ, છત્રાલ | ૫૩૮૨૧ |
| ૭. | કલોલ | કે.એન.પટેલ હાઇસ્કુલ, કાંટા | ૩૮૭૫૧ |
| ૮. | કલોલ | બાબા રામદેવ ટ્રસ્ટ, પલોડીયા | ૫૯૭૯ |

| | | | |
|---|---|---|---|
| ૧. | દહેગામ | નાંદોલ આંબેકડર ભવન | ૫૦૦ |
| ૨. | દહેગામ | ગાયત્રીકૃપા ટ્રસ્ટ, ગાંધીનગર | ૧૨૧૪૧૦૦ |
| ૩. | દહેગામ | નાંદોલ લેઉઆ પાટીદાર સમાજવાડી | ૮૬૭ |
| ૪. | દહેગામ | વિશાલ એક્ષપોર્ટ | ૧૨૧૪૧૦૦ |
| ૫. | દહેગામ | શ્રેયસ વિદ્યાલય, હાથીજણ | ૮૦૯૪ |
| ૬. | દહેગામ | ક્ષત્રિય સમાજવાડી, નાંદોલ | ૨૨૫૦૦ |

(૨) માહિતી નીચે મુજબ છે.

(૧) ગાંધીનગર તાલુકો :- શૂન્ય

(૨) માણસા તાલુકો :- શૂન્ય

(૩) દહેગામ તાલુકો :- શૂન્ય

(૪) કલોલ તાલુકો :-શૂન્ય

**નોંધ :-** ગાંધીનગર શહેરમાં જમીન ફાળવણીની કામગીરી મહેસૂલ વિભાગ હસ્તક નથી.

----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં આદર્શ નિવાસી શાળા અને છાત્રાલયોમાં ફાળવેલ રકમ**

અતારાંકિતઃ૨૧૬૬ (૨૫-૩-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં તા.૩૧.૩.૨૦૦૪ ની સ્થિતિએ કેટલી આદર્શ નિવાસી શાળાઓ તથા કેટલા બક્ષીપંચના છાત્રાલયો છે અને કયાં કયાં આવેલા છે,

(૨) આ છાત્રાલયો તેમજ નિવાસી શાળામાં છેલ્લા બે વર્ષમાં પગાર પેટે વહીવટી ખર્ચ, શિષ્યવૃત્તિ માટે કેટલી રકમ ફાળવેલ છે, અને

(૩) તેમાંથી કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૦-૮-૦૪) :

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં તા.૩૧.૩.૦૪ ની સ્થિતિએ એક પણ આદર્શ નિવાસી શાળા આવેલ નથી. બક્ષીપંચની ૫ (પાંચ) છાત્રાલયો નીચેના સ્થળોએ આવેલા છે.

**તાલુકો :** હળવદ (૧) બસ સ્ટેન્ડ પાછળ, હળવદ
(૨) મયુરનગર, હળવદ
(૩) જી.આઇ.ડી.સી.વિસ્તાર, હળવદ
મુળી (૧) વેલાળા (ધ્રાં)
(૨) જશાપર

(૨) આ છાત્રાલયો માટે છેલ્લા બે વર્ષમાં પગાર પેટે વહીવટી ખર્ચ, શિષ્યવૃત્તિ માટે કુલ રૂા.૨૯,૧૮,૨૬૪-૦૦ ની રકમ ફાળવેલ છે.

(૩) તેમાંથી કુલ રૂા.૨૯,૧૮,૨૬૪-૦૦ ની રકમ ચૂકવવામાં આવી છે.

------------

**સમાજ કલ્યાણ ખાતાની યોજનાઓ કલબ કરવા અંગે**

અતારાંકિત : ૨૪૨૧ (૭-૭-૦૪) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧.૫.૨૦૦૪ની સ્થિતિએ રાજ્ય સરકારે સમાજ કલ્યાણ ખાતાની કઇ કઇ યોજનાઓ કલબ કરી છે,

(૨) આ કલબ કરેલ યોજનાઓમાં સન ૨૦૦૩-૨૦૦૪ના નાણાકીય વર્ષ કરતાં ઓછી ગ્રાન્ટ બજેટમાં રખાઇ છે તે હકિકત સાચી છે, અને

(૩) જો હા, તો તેનાં શાં કારણો છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧૨-૮-૦૪) :

(૧) કોઇ યોજના કલબ કરી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામનગર શહેરના વિકાસ નકશા અંગે**

અતારાંકિત : ૨૨૭૬ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર શહેરના વિકાસના નકશાને છેલ્લે કયારે મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ નકશામાં જામનગર શહેરમાં દરબારગઢથી કાલાવડ નાકા સુધીની પહોળાઇ સબંધી રોડની પ્રથમ દરખાસ્ત અને ફાયનલ મંજૂરી વચ્ચે કોઇ તફાવત છે કે કેમ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૧૧-૮-૦૪) :

(૧) તા.૬.૬.૯૭

(૨) હા, જી.

------------

**સિક્કા થર્મલ પાવર મથકમાં વીજ ઉત્પાદન અંગે**

અતારાંકિતઃ૨૨૩૦(૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ સિક્કા થર્મલ મથકમાં હાલમાં કેટલો વીજ પૂરવઠો ઉત્પન્ન કરવામાં આવે છે,

(૨) આનો વધારો કરવાનું કોઇ આયોજન છે, કે કેમ,

(૩) કેટલા સમયમાં કેટલો વીજ પુરવઠો વધારવામાં આવશે, અને

(૪) આ વીજ ઉત્પાદન કયા હેતુ માટે આધારીત હશે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૭-૭-૦૪) :

(૧) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ સને ૨૦૦૩-૦૪ દરમ્યાન ૧૦૦૦.૦૫ મીલી. યુનિટ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું છે.

(૨) હા, જી.

(૩) દશમી પંચવર્ષીય યોજનામાં ૫૦૦ મે.વો. ની વીજ ક્ષમતા ઉમેરવાનું આયોજન છે.

(૪) આ વીજ ઉત્પાદનથી ભવિષ્યમાં સૌરાષ્ટ્ર વિસ્તારની વીજમાંગ સંતોષાશે તથા વોલ્ટેજમાં પણ સુધારો થશે.

------------

**જયોતિગ્રામ યોજના અંતર્ગત જામનગર તાલુકાના ગામો દ્વારા લોકફાળાની રકમ જમા કરાવવા અંગે**

અતારાંકિત : ૨૨૩૬ (૨૮-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) મે-૦૪ની સ્થિતિએ જયોતિગ્રામ યોજના અંતર્ગત જામનગર તાલુકાના કયા કયા ગામે લોકફાળાની કેટકેટલી રકમ કયારે કયારે જમા કરાવી,

(૨) તેમાંથી કેટલા ગામોને આ આયોજનનો લાભ મળવાનો શરૂ થઇ ગયો, અને

(૩) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ માં કેટલા ગામોનો સમાવેશ કરવાનું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૯-૮-૦૪) :

(૧) અને (૨) :

મે.૦૪ની સ્થિતિએ જયોતિગ્રામ યોજના અંતર્ગત જામનગર તાલુકાની ગામવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | ગામનું નામ | લોકફાળાની રકમ (૩૦%) | જયોતિગ્રામ યોજનાનો લાભ શરૂ થયાની તારીખ |
|---|---|---|---|
| ૧. | હડીયાણા | ૫૯૮૧૩૭ | ૧૭.૩.૦૪ |
| ૨. | મોરકંડા | ૪૩૩૩૬૦ | ૧૭.૩.૦૪ |

(૩) જે ગામો જયોતિગ્રામના ધોરણો મુજબ નોંધણી કરાવી લોકફાળાની રકમ ભરે તે ગામોને આવરી લેવાનું આયોજન છે.

------------

**એલ.એન.જી. પેટ્રોનેટ લિ. દ્વારા ઉત્પાદીત ગેસ જામનગર જિલ્લાના લોકોને આપવા અંગે**

અતારાંકિત : ૨૨૫૧ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) એલ.એન.જી. પેટ્રોનેટ લિ. દ્વારા ઉત્પાદિત ગેસ જામનગર જિલ્લાના સ્થાનીક લોકો તથા ઉધોગોને મળી શકશે કે કેમ,
(૨) આ બાબતે જામનગર જિલ્લાને ગેસનો લાભ આપવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ,
(૩) જો હા, તો આ આયોજન કયા પ્રકારનું છે અને તેનો અમલ કયારે થશે, અને
(૪) જો ના, તો તેના કારણો શાં છે અને જામનગર જિલ્લાનો સમાવેશ કયારથી કરવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૮-૭-૦૪) :

(૧) જામનગર સુધીની પાઇપલાઇન પૂર્ણ થયે જામનગર જિલ્લાના સ્થાનિક લોકો તથા ઉધોગોને જીએસપીસી ગેસ આપી શકશે.
(૨) હા, જી.
(૩) જામનગર જિલ્લાને ગેસનો લાભ આપવા સારું જીએસપીસીએલ દ્વારા સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ અને જામનગર સુધી ગેસના પરિવહન માટેની પાઇપલાઇનનું નેટવર્ક પ્રસ્થાપિત કરવાનું આયોજન થયેલ છે. તથા પાઇપલાઇન નાંખવા માટેના રૂટનું ડીટેઇલ એન્જીનીયરીંગ સર્વે કરવામાં આવેલ છે. જીએસપીએલ દ્વારા આરઓયુ તથા પર્યાવરણ અંગેની મંજૂરી માટે સંલગ્ન ઓથોરીટીમાં અરજીઓ પણ કરવામાં આવેલ છે. ત્યારબાદ જીએસપીસીએલ દ્વારા સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ અને જામનગરમાં તબક્કાવાર પાઇપલાઇન નાખવાનું કામ ચાલુ કરવાની સંભાવના છે.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જૂનાગઢ જિલ્લામાં જયોતિગ્રામ યોજના હેઠળના ગામડાઓ અંગે**

અતારાંકિત : ૨૨૫૪ (૨૫-૬-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) જૂનાગઢ જિલ્લામાં ૨૦૦૩-૦૪ ના નાણાકીય વર્ષ દરમ્યાન કેટલા ગામો કયા કયા તાલુકામાં જયોતિગ્રામ બન્યા,
(૨) ૨૦૦૪-૦૫ ના નાણાકીય વર્ષમાં જૂનાગઢ જિલ્લાના કયા તાલુકાના કેટલા ગામ જયોતિગ્રામ બનશે,
(૩) આ પૈકી લોકફાળા વગરના કયા તાલુકાને કેટલા ગામો જયોતિગ્રામ બનશે, અને
(૪) આ જયોતિગ્રામ બનતા ગામો પૈકીના જે ગામોમાં ખેડૂતો તેમના ખેતર કે વાડીમાં મકાન બનાવીને રહે છે અને લાઇટીંગ ઘર વપરાશ કનેકશન ધરાવે છે. તેને સીંગલ ફેઝ પાવર આપવા શું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૧૬-૮-૦૪) :

(૧) ૨૦૦૩-૦૪ દરમિયાનના નાણાકીય વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં ૪૬ ગામો જયોતિગ્રામ બન્યા છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકો** | **ગામોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | જૂનાગઢ | ૧૬ |
| ૨. | માણાવદર | ૩ |
| ૩. | વંથલી | ૫ |
| ૪. | સુત્રાપાડા | ૭ |

| | | |
|---|---|---|
| ૫. | ભેસાણ | ૫ |
| ૬. | વેરાવળ | ૧ |
| ૭. | વિસાવદર | ૨ |
| ૮. | કેશોદ | ૬ |
| ૯. | ઉના | ૧ |
| | કુલ :- | ૪૬ |

(૨) ૨૦૦૪-૦૫ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં ૯૪ ગામોને જયોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાનું આયોજન છે.

**તાલુકાવાર ગામોની માહિતી નીચે મુજબ છે.**

| અ.નં. | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧. | જૂનાગઢ | ૧૦ |
| ૨. | માંગરોલ | ૫ |
| ૩. | મેંદરડા | ૩ |
| ૪. | સુત્રાપાડા | ૭ |
| ૫. | તલાલા | ૧૫ |
| ૬. | વેરાવળ | ૯ |
| ૭. | વિસાવદર | ૪૫ |
| | **કુલ :-** | **૯૪** |

(૩) હાલમાં જયોતિગ્રામ યોજના હેઠળ લોકફાળા વગર કોઇ ગામ આવરી લેવાયેલ નથી.

(૪) આવા ખેતર કે વાડીમાં ઘર બનાવી રહેતા ખેડૂતો, વીજજોડાણ અંગે ઉભી કરવાની થતી માળખાગત સુવિધાઓનો સંપૂર્ણ ખર્ચ ભરપાય કરવા તૈયાર હોય, અગાઉના બાકી લેણાં પૂરેપૂરા ભરપાય કરેલ હોય, તેઓ સામે કોઇ કોર્ટકેસ પડતર ન હોય તો નિયત તાંત્રિક ધોરણોની જાળવણીની શરતે સીંગલ ફેઝ વીજજોડાણ આપવાનું આયોજન છે.

------------

### અંજાર અને ગાંધીધામમાં ઝુંપડપટ્ટીમાં વીજળીકરણ કરવા અંગે

અતારાંકિત : ૨૩૩૨ (૩૦-૬-૦૪) **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) અંજાર અને ગાંધીધામમાં ઝુંપડપટ્ટીમાં વસતા હજારો લોકોને વીજળીથી વંચિત રખાયા છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો આ ઝુંપડપટ્ટીમાં સરકાર વીજળીકરણ કરવા માંગે છે કે કેમ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૬-૮-૦૪) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### ગાંધીનગર જિલ્લામાં કુટિર જયોતિ યોજના હેઠળ માંગણીઓ અંગે

અતારાંકિત : ૨૩૩૮ (૨૯-૬-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લાના તાલુકાવાર કુટિર જયોતિ (આર.ઇ.સી.) યોજના અંતર્ગત તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી માંગણીઓ આવી,

(૨) તે પૈકી કેટલા વીજજોડાણો આપવામાં આવ્યા, અને

(૩) બાકી જોડાણો કયારે આપવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨-૮-૦૪) :

(૧) અને (૨) :

| તાલુકાનું નામ | તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ માંગણીઓની સંખ્યા | તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અપાયેલ વીજજોડાણોની સંખ્યા |
|---|---|---|
| ગાંધીનગર | ૪૫૩ | ૧૦૦ |

| | | |
|---|---|---|
| દહેગામ | ૦ | ૦ |
| કલોલ | ૦ | ૦ |
| માણસા | ૧૩ | ૧૩ |
| **કુલ :-** | **૪૬૬** | **૧૧૩** |

(૩) કેન્દ્ર સરકાર તરફથી યોજનાના ધોરણો નક્કી થયેથી તથા નાણાં ઉપલબ્ધ થયેથી.

------------

**જામનગર જિલ્લામાં ખાનગી ધોરણે બંદરો વિકસાવવાનું આયોજન**

અતારાંકિતઃ૨૩૧૯ (૨૯-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં ખાનગી ધોરણે બંદર વિકસાવવાનું કયા કયા બંદરો ઉપરનું આયોજન છે,
(૨) આ પ્રક્રિયા હાલ કયા તબક્કે છે,
(૩) તેમાં કુલ કેટલી જમીન સંપાદન કરવામાં આવી છે, અને
(૪) આ જમીનોની વળતરની કાર્યવાહી કયા તબક્કે છે?

**મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) (૧૬-૮-૦૪) :

(૧) **પોસીત્રા બંદર** અને (૨) **રોઝી (બેડી) બંદર.**
(૨) **પોસીત્રા બંદર** - કેન્દ્ર સરકારની મંજૂરી મેળવવા અંગેની કાર્યવાહી ચાલે છે.
**રોઝી (બેડી) બંદર** - આંતરરાષ્ટ્રિય જાહેરાત આપવામાં આવેલ છે.
(૩) **પોસીત્રા બંદર** - હેકટર ૧૨૧૭.૭૭.૬૫ ચો.મી.ખાનગી જમીન સંપાદન કરવા કાર્યવાહી ચાલે છે.
**રોઝી (બેડી) બંદર** - જમીન સંપાદનની કામગીરી શરુ કરાયેલ નથી.
(૪) ખાનગી જમીનોની વળતરની કાર્યવાહી ચાલે છે.

------------

**સાબરકાંઠા જિલ્લાની આંગણવાડીઓના લાભાર્થીઓ**

અતારાંકિત : ૨૧૦૭ (૯-૬-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની આંગણવાડીઓમાં કેટલી સગર્ભા મહિલાઓ અને ધાત્રી બહેનોને લાભ મળેલ છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૭-૮-૦૪) :

આ અંગેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | સગર્ભા મહિલાઓ | ધાત્રી બહેનો | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૫૯૮૭ | ૬૧૮૮ | ૧૨૧૭૫ |
| ૨૦૦૨-૦૩ | ૭૮૦૯ | ૬૬૮૬ | ૧૩૩૯૫ |
| ૨૦૦૩-૦૪ | ૬૯૬૫ | ૬૯૮૫ | ૧૩૯૫૦ |

------------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧. | સામાન્ય વહીવટ વિભાગ | ૨૧૩૪, ૨૨૪૩, ૨૨૬૨, ૨૪૦૮ | ૦૪ |
| ૨. | કૃષિ અને સહકાર વિભાગ | ૨૨૦૭, ૨૨૧૪, ૨૨૧૫, ૨૨૨૦, ૨૩૯૫ | ૦૫ |
| ૩. | શિક્ષણ વિભાગ | ૨૦૦૬ | ૦૧ |
| ૪. | વન અને પર્યાવરણ વિભાગ | ૨૧૮૨, ૨૨૮૦, ૨૪૮૯ | ૦૩ |
| ૫. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૨૦૫ | ૦૧ |
| ૬. | ગૃહ વિભાગ | ૨૧૩૧, ૨૨૩૭, ૨૨૩૮, ૨૨૪૦, ૨૨૪૯, ૨૩૨૩, ૨૩૨૪, ૨૩૨૫, ૨૩૨૬, ૨૩૩૬, ૨૩૩૭, ૨૪૪૩ | ૧૨ |
| ૭. | ઉધોગ અને ખાણ વિભાગ | ૨૨૫૫, ૨૩૨૨, ૨૪૪૫, ૨૪૪૬ | ૦૪ |
| ૮. | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૧૫૩, ૨૨૦૦, ૨૨૦૧, ૨૨૨૭, ૨૩૧૦ | ૦૫ |
| ૯. | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૩૪૨ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૧૯૭, ૨૩૦૯ | ૦૨ |
| ૧૧. | મહેસૂલ વિભાગ | ૨૫૪૧ | ૦૧ |
| ૧૨. | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૧૬૬, ૨૪૨૧ | ૦૨ |
| ૧૩. | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૨૭૬ | ૦૧ |
| ૧૪. | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૨૨૩૦, ૨૨૩૬, ૨૨૫૧, ૨૨૫૪, ૨૩૩૨, ૨૩૩૮ | ૦૬ |
| ૧૫. | બંદરો અને મત્સ્યદ્યોગ વિભાગ | ૨૩૧૯ | ૦૧ |
| ૧૬. | મહિલા અને બાળ કલ્યાણ વિભાગ | ૨૧૦૭ | ૦૧ |
| | | કુલ :- | ૫૦ |

# ત્રીજી અતારાંકિત યાદી

## રાજ્યના મંત્રીશ્રીઓ દ્વારા દિલ્હીની મુલાકાત અને ખર્ચ

અતારાંકિત ૨૪૮૬ (૩૧-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૧.૧.૨૦૦૩ થી ૩૧.૧૨.૨૦૦૩ સુધીમાં રાજ્યના કેટલા મંત્રીશ્રીઓએ કેટકેટલી વખત દિલ્હીની મુલાકાત લીધી, અને

(૨) તેમના પ્રવાસ પાછળ મુસાફરી ભથ્થાનો કેટલો ખર્ચ થયો?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૬-૮-૦૪) :

(૧) સામેલ પત્રક 'અ' મુજબ.

**પત્રક-અ**

**તા.૧.૧.૨૦૦૩ થી તા.૩૧.૧૨.૨૦૦૩ સુધીમાં રાજ્યના મંત્રીશ્રીઓએ દિલ્હીની લીધેલ મુલાકાતની વિગત.**

| ક્રમાંક | મંત્રીશ્રીનું નામ | મુલાકાતની સંખ્યા | મુસાફરી ભથ્થાની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | **માન. મુખ્ય મંત્રીશ્રી** | | |
| ૧. | શ્રી નરેન્દ્રભાઇ દામોદરદાસ મોદી | ૧૬ | ૧,૨૦,૨૭૩ |
| | **માન.મંત્રીશ્રીઓ** | | |
| ૨. | શ્રી વજુભાઇ વાળા | ૬ | ૬૪,૦૦૦ |
| ૩. | શ્રી અશોક ચંદુલાલ ભટ્ટ | ૧૩ | ૧,૩૪,૬૧૯ |
| ૪. | શ્રી નરોત્તમભાઇ ત્રિકમદાસ પટેલ | ૨ | ૨૧,૨૧૫ |
| ૫. | શ્રીમતી આનંદીબેન મફતભાઇ પટેલ | ૨ | ૨૧,૫૨૦ |
| ૬. | શ્રી ભુપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા | ૬ | ૭૭,૬૩૦ |
| ૭. | શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલ | ૩ | ૩૩,૫૨૦ |
| ૮. | શ્રી ઇન્દ્રવિજયસિંહ કિશોરસિંહ જાડેજા | ૨ | ૨૧,૫૭૫ |
| ૯. | શ્રી રમણલાલ વોરા | ૪ | ૪૧,૮૫૯ |
| ૧૦. | શ્રી મંગુભાઇ છગનભાઇ પટેલ | ૩ | ૩૫,૩૭૭ |
| | **માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ** | | |
| ૧૧. | શ્રી અમિતભાઇ અનિલચંદ્ર શાહ | ૧૨ | ૧,૩૦,૩૦૯ |
| ૧૨. | શ્રી સૌરભ પટેલ | ૬ | ૭૪,૯૦૨ |
| ૧૩. | શ્રી અનિલભાઇ ત્રિભોવનદાસ પટેલ | ૬ | ૬૫,૪૨૦ |
| | **કુલ** | | **૮,૪૨,૨૧૯** |

**(અંકે રૂપિયા આઠ લાખ બેતાલીસ હજાર બસો ઓગણીસ પુરા)**

(૨) રૂા.૮,૪૨,૨૧૯-૦૦.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઓજારોની સહાય માટેની અરજીઓ

અતારાંકિત : ૨૧૪૬ (૨૨-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં તાલુકાવાર કેટલા ગામોમાંથી કૃષિવિષયક ઓજારોની સહાય માટે ખેડૂતોની કેટલી અરજીઓ આવી,
(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને
(૩) બાકી રહેલ અરજીઓ કેટલા સમયમાં મજૂર કરવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી** (૨૭-૮-૦૪) :

(૧) એક પણ નહીં.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ સારવાર કેન્દ્ર કાર્યરત રહેવા અંગે

અતારાંકિત : ૨૧૫૬ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મે-૨૦૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકાના કયા કયા ગામે કેટલા પશુ સારવાર કેન્દ્ર કાર્યરત છે, અને કેટલા કાર્યરત નથી,
(૨) પશુ સારવાર કેન્દ્ર બંધ હોય તો તે પાછળના શા કારણો છે,
(૩) આ તમામ કેન્દ્ર પર તબીબોની નિમણૂંક થયેલ છે કે કેમ, અને
(૪) જો ના, તો તેના માટે શા પગલાં ભરવા સરકારે વિચારેલ છે?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૭-૮-૦૪) :

(૧) મે-૨૦૦૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મુળી તાલુકામાં નીચે મુજબના પશુ સારવાર કેન્દ્રો આવેલા છે. જે તમામ કાર્યરત છે.

| **અ.નં.** | **તાલુકો** | **પશુ સારવાર કેન્દ્ર/દવાખાનાનું નામ** |
|---|---|---|
| ૧. | હળવદ | હળવદ, ટીકર (રણ), ચરાડવા, માલણીયાદ, નવા દેવડીયા, માથક. |
| ૨. | મુળી | મુળી, સરા, સડલા, જસાપર. |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) ના, જી.
(૪) જે પશુ સારવાર કેન્દ્રમાં તબીબ (પશુ ચિકિત્સા અધિકારી) ની જગ્યા ખાલી છે, તેનો ચાર્જ અન્ય તબીબી અધિકારીને સોંપેલ છે. તેમજ ખાલી જગ્યાઓ ભરવાની બાબતે વહીવટી પ્રક્રિયા ચાલુ છે.

------------

## જામનગર જિલ્લામાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૨૦૪ (૨૫-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં પશુપાલન કચેરીના વર્ગ-૧ અને વર્ગ-૨ ની કેટલી જગ્યાઓ ખાલી છે,
(૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,
(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શા પ્રયત્નો કર્યા, અને
(૪) આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૩૦-૮-૦૪) :

(૧) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં પશુપાલન કચેરીમાં વર્ગ-૧ ની ૧ (એક) જગ્યા અને વર્ગ-૨ ની ૮ (આઠ) જગ્યા ખાલી છે.
(૨) વર્ગ-૧ ની જગ્યા તા.૭.૪.૦૩ થી અને વર્ગ-૨ ની ૬ (છ) તા.૨૪.૩.૦૪ થી અને બે જગ્યાઓ અનુક્રમે તા.૨૮.૩.૦૪ અને તા.૪.૮.૦૩ થી ખાલી છે.
(૩) વહીવટી પ્રક્રિયા ચાલુ છે.
(૪) જેમ બને તેમ જલ્દીથી.

------------

## જામનગર જિલ્લામાં ટપક સિંચાઇ માટે મળેલ અરજીઓ

અતારાંકિત : ૨૨૧૨ (૨૮-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર, ખંભાળીયા, દ્વારકા અને કલ્યાણપુર તાલુકામાંથી ટપક પધ્ધતિ માટે કેટલા ખેડૂતોની અરજીઓ મળેલ છે,

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી પડતર છે, અને કેટલી નામંજૂર કરવામાં આવી છે,

(૩) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે, અને

(૪) અરજીઓ નામંજુર કરવાના કારણો શા છે?

**કૃષિ મંત્રીશ્રી** (૨૫-૮-૦૪) :

(૧) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ નીચેની વિગતોએ અરજીઓ મળેલ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૦૨-૨૦૦૩** | **વર્ષ ૨૦૦૩-૨૦૦૪** |
|---|---|---|---|
| ૧. | જામનગર | - | ૩ |
| ૨. | જામ ખંભાળીયા | ૧ | ૯૩ |
| ૩. | દ્વારકા | - | - |
| ૪. | જામ કલ્યાણપુર | - | - |
| | **કુલ :-** | **૧** | **૯૬** |

(૨) નીચે પ્રમાણેની અરજીઓ મંજૂર કરેલ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૦૨-૨૦૦૩** | **વર્ષ ૨૦૦૩-૨૦૦૪** |
|---|---|---|---|
| ૧. | જામનગર | - | ૩ |
| ૨. | જામ ખંભાળીયા | ૧ | ૯૩ |
| ૩. | દ્વારકા | - | - |
| ૪. | જામ કલ્યાણપુર | - | - |
| | **કુલ :-** | **૧** | **૯૬** |

(૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ગાંધીનગર જિલ્લામાં ફડચામાં ગયેલી સહકારી મંડળીઓના હિસાબો

અતારાંકિત : ૨૩૧૨ (૨-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મે-૦૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ફડચામાં લઇ જવામાં આવેલી તાલુકાવાર કુલ કેટલી સહકારી મંડળીઓ છે,

(૨) તે પૈકી કેટલી સહકારી મંડળીઓ કાયદા મુજબની સમય મર્યાદામાં આટોપી લેવામાં આવેલ નથી,

(૩) તે પૈકી સરકારનો કેટલો શેરફાળો આવી સહકારી મંડળીઓ પાસે ૩૧.૧૨.૦૩ની સ્થિતિએ બાકી રહેલ છે, અને

(૪) આવી ફડચામાં લઇ જવાયેલ સહકારી મંડળીઓના હિસાબો કેટલા વર્ષથી બાકી છે?

**સહકાર મંત્રીશ્રી** : (૨૭-૮-૦૪)

(૧)

| | | | |
|---|---|---|---|
| ૧. | ગાંધીનગર | - | ૦૮ |
| ૨. | કલોલ | - | ૧૪ |
| ૩. | માણસા | - | ૦૩ |
| ૪. | દહેગામ | - | ૦૮ |
| | **કુલ :** | - | **૩૩** |

(૨) ૭ મંડળીઓ કાયદા મુજબની સમય મર્યાદામાં આટોપી લેવાની બાકી.

(૩) એક મંડળીમાં સરકારશ્રીનો રૂા.૩૬૬૩/- શેરફાળો બાકી રહે છે.

(૪) તા.૩૧.૫.૨૦૦૪ની સ્થિતિએ હિસાબો નિયમિત

| | | |
|---|---|---|
| લખાયેલ ફડચા મંડળીની સંખ્યા | : | ૨૦ |
| ૧ વર્ષથી બાકી મંડળીની સંખ્યા | : | ૦૩ |
| ૩ વર્ષથી બાકી મંડળીની સંખ્યા | : | ૦૨ |

૩ વર્ષથી ઉપરની બાકી મંડળીની સંખ્યા : ૦૮
**કુલ ફડચા મંડળીની સંખ્યા : ૩૩**

------------

**ગાંધીનગર જિલ્લામાં પશુ ડોકટર અને નિરીક્ષકોની ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૩૧૪ (૩-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશો કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પશુ દાકતરો અને નિરીક્ષકોની કેટ કેટલી જગ્યાઓ છેલ્લા ત્રણ વર્ષથી તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ ખાલી છે,
(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને
(૩) આ જગ્યાઓ સરકાર કયારે ભરવા માંગે છે?

**પશુપાલન મંત્રીશ્રી** (૩૦-૮-૦૪) :

(૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં પશુધન નિરીક્ષકોની ૩ જગ્યા, અને માણસા તાલુકામાં ૧ જગ્યા તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ ખાલી છે.
(૨) બદલી, અવસાન, જિલ્લા ફેરબદલીનાં કારણે જગ્યાઓ ખાલી છે.
(૩) જેમ બને તેમ જલ્દીથી.

------------

**ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં ધાન્ય પાકો માટે પ્રોત્સાહનો**

અતારાંક્તિ : ૨૪૪૧ (૧૫-૭-૨૦૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં તા.૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ધાન્ય પાકો માટેના ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને શું શું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે?

**કૃષિ મંત્રીશ્રી** (૨૫-૮-૦૪) :

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં તા.૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાન્ય પાકો માટેના ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને વર્ષવાર નીચે મુજબ પ્રોત્સાહનો આપવામાં આવેલ છે.

(૧) વર્ષ ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન વર્ક પ્લાન યોજના અંતર્ગત ફીલ્ડ ડેમોસ્ટ્રેશન, ઘઉંનુ પ્રમાણિત બીજ વિતરણ, જીપ્સમ વિતરણ અને ખેડૂત પ્રેરણા પ્રવાસની કામગીરી કરેલ છે. (પત્રક-૧ મુજબ)
(૨) વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન વર્ક પ્લાન યોજના અંતર્ગત ધાન્ય પાકમાં ડાંગર, ઘઉંનું પ્રમાણિત બિયારણ વિતરણ, ફિલ્ડ ડેમોસ્ટ્રેશન, જીપ્સમ વિતરણ, પાક સંરક્ષણ સાધન, સુધારેલ ખેત ઓજાર અને ટ્રેકટર વિતરણની કામગીરી કરેલ છે, જેમાં કુલ ૪૩૭ ખેડૂતોને પ્રોત્સાહિત કરેલ છે. (પત્રક-૨ મુજબ).
(૩) વર્ષ ૨૦૦૪-૦૫ માં તા.૩૦.૬.૦૪ સુધી જેમાં ડાંગર, તથા બાજરીનું પ્રમાણિત બીજ વિતરણ, જીપ્સમ વિતરણ, આઇપીએમ ડેમોસ્ટ્રેશન જેવી કામગીરી દ્વારા ખેડૂતોને પ્રોત્સાહિત કરેલ છે. (પત્રક-૩ મુજબ).

**પ ત્ર ક - ૧**

દહેગામ તાલુકામાં વર્ક પ્લાન યોજના અંતર્ગત તા.૧.૪.૨૦૦૨ થી તા.૩૧.૩.૨૦૦૩ દરમ્યાન ખેડૂતોને વિતરણ કરેલ ઘટકવાર સહાયની વિગત

| અ.નં. | યોજનાનું નામ | ઘટકનું નામ | એકમ | ખેડૂતને વિતરણ કરેલા ઘટકની સિધ્ધિ | | લાભાર્થીની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ભૌતિક | નાણાંકિય | | |
| ૧. | કાંપ પ્રોડકસન પ્રોગ્રામ | ફિલ્ડ ડેમોસ્ટ્રેશન | સંખ્યા | ૧૪ | ૦.૧૪ | ૧૪ | |
| | | **બિજ વિતરણ ઘઉં** | કિવ. | ૨૧૫.૨૦ | ૦.૪૩ | ૨૬૯ | |
| | | જીપ્સમ | હેકટર | ૧૫૦ | ૦.૨૨૫ | ૩૦ | |
| ૨. | એગ્રીકલ્ચર એક્ષ્ટેશન | ખેડૂત પ્રવાસ | સંખ્યા | ૧ | ૦.૧૪ | ૭ | |
| | | | | | | **૩૨૦** | |

**પત્રક-૨**

દહેગામ તાલુકામાં વર્ક પ્લાન યોજના અંતર્ગત તા.૧.૪.૨૦૦૩ થી તા.૩૧.૩.૨૦૦૪ દરમ્યાન ખેડૂતોને વિતરણ કરેલ ઘટકવાર સહાયની વિગત.

| અ.નં. | યોજનાનું નામ | ઘટકનું નામ | એકમ | ખેડૂતને વિતરણ કરેલા ઘટકની સિધ્ધિ | | લાભાર્થીની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ભૌતિક | નાણાંકિય | | |
| ૧. | કાંપ પ્રોડકસન પ્રોગ્રામ | પ્ર.બીજ ડાંગર | કવી. | ૨૦ | ૦.૦૪ | ૩૧ | |
| | | પ્ર.બીજ ઘઉં | કવી. | ૧૪૦ | ૦.૨૮ | ૧૫૦ | |
| | | ફીલ્ડ ડેમોસ્ટ્રેશન | હેકટર | ૧૦ | ૦.૧૦ | ૧૦ | |
| | | જીપ્સમ વિતરણ | હેકટર | ૩૮૦ | ૦.૫૯ | ૧૯૬ | |
| ૨. | ફાર્મ મીકેનાઇઝેશન | ટ્રેકટર | સંખ્યા | ૬ | ૧.૮૦ | ૬ | |
| | | સુધારેલ ખેત ઓજારપાવરથી | સંખ્યા | ૭ | ૦.૨૧ | ૭ | |
| અ.નં. | યોજનાનું નામ | ઘટકનું નામ | એકમ | ખેડૂતને વિતરણ કરેલા ઘટકની સિધ્ધિ | | લાભાર્થીની સંખ્યા | રીમાર્કસ |
| | | | | ભૌતિક | નાણાંકિય | | |
| | | સુધારેલ ખેત ઓજાર બળદથી | સંખ્યા | ૫ | ૦.૦૨ | ૫ | |
| | | પાક સંરક્ષણ સાધન | સંખ્યા | ૩૨ | ૦.૦૯ | ૩૨ | |
| | | | | | | ૪૩૭ | |

**પત્રક-૩**

દહેગામ તાલુકામાં વર્ક પ્લાન યોજના અંતર્ગત તા.૧.૪.૨૦૦૪ થી તા.૩૦.૬.૨૦૦૪ દરમ્યાન ખેડૂતોને વિતરણ કરેલ ઘટકવાર સહાયની વિગત.

| અ. નં. | યોજનાનું નામ | ઘટકનું નામ | એકમ | વર્ષ ૨૦૦૪-૦૫નો લક્ષાંક | | થયેલ ભૌતિક સિધ્ધિ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ભૌતિક | નાણાંકિય | | |
| ૧. | કાંપ પ્રોડકસન પ્રોગ્રામ | પ્ર.બીજ ડાંગર | કવી. | ૧૦૦ | ૦.૨૦ | ૨૦ | |
| | | પ્ર.બીજ ઘઉં | કવી. | ૪૦૦ | ૦.૮૦ | - | |
| | | પ્ર.બીજ બાજરી | કવી. | ૧૫ | ૦.૧૫ | ૫ | |
| | | ફીલ્ડ ડેમોસ્ટ્રેશન | હેકટર | ૧૫ | ૦.૩૦ | ૧૫ | |
| | | આઈ.પી.એમ. ડેમો. | હેકટર | ૨૦ | ૦.૩૪ | ૨૦ | |
| | | સ્પલાય ઓફ બાયો એજન્ટ | હેકટર | ૨૫ | ૦.૧૨૫ | - | |
| | | જીપ્સમ વિતરણ | હેકટર | ૨૫૦ | ૦.૫૦ | ૧૦૦ | |
| ૨. | એગ્રીકલ્ચર એક્ષ્ટેન્સન | ખેડૂત શિબિર | સંખ્યા | ૨ | ૦.૧૦ | - | |
| | | ખેડૂત પ્રવાસ | લાભાર્થી | ૧૪ | ૦.૨૫ | - | |
| ૩. | ફાર્મ મીકેનાઇઝેશન | ટ્રેકટર | સંખ્યા | ૨ | ૦.૬૦ | - | |
| | | પાવર ટીલર | સંખ્યા | ૧ | ૦.૧૫ | - | |
| | | સુધારેલ ખેત ઓજાર (પાવરથી) | સંખ્યા | ૧ | ૦.૧૨૫ | - | |
| | | સુધારેલ ખેત ઓજાર (બળદથી) | સંખ્યા | ૩ | ૦.૦૪૫ | - | |
| | | પાક સંરક્ષણ | સંખ્યા | ૨૪ | ૦.૧૦ | - | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સાધનો (માનવથી) | | | | | |
| | | પાક સરંક્ષણ સાધનો (પાવરથી) | સંખ્યા | ૨ | ૦.૦૨ | - | |

------------

## રાજ્યની નગર પ્રાથમિક સમિતિની શાળાઓની સંખ્યા

આરાંકિત : ૧૯૯૭ (૨૮/૫/૦૪) **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નગર પ્રાથમિક સમિતિ દ્વારા રાજ્યભરમાં કેટલી શાળાઓ છે, આ શાળાઓને સરકારી તંત્ર હસ્તક કયારથી લેવાની છે, અને

(૨) આવી શાળાઓમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા ટકા વિદ્યાર્થીઓની વધ કે ઘટ થયેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૩૧-૮-૦૪) :

(૧) ૧૫૬૬ શાળાઓ. આવી કોઇ બાબત વિચારણામાં નથી.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં વિદ્યાર્થીઓની વધ ઘટની ટકાવારી નીચે મુજબ છે.

| **વર્ષ** | **વધ** | **ઘટ** |
|---|---|---|
| ૧૯૯૯ | શૂન્ય | ૧.૦૩% |
| ૨૦૦૦ | શૂન્ય | ૧.૦૧% |
| ૨૦૦૧ | શૂન્ય | ૦.૯૮% |
| ૨૦૦૨ | શૂન્ય | ૦.૯૯% |
| ૨૦૦૩ | શૂન્ય | ૦.૯૪% |

------------

## ગાંધીનગર શહેરમાં ધોરણ-૧૧ માં પ્રવેશની શાળાઓના વર્ગો

અતારાંકિત : ૨૩૫૦ (૭-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર શહેરમાંથી માર્ચ-૨૦૦૪ માં લેવામાં આવેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓ પાસ થઇ,

(૨) ધોરણ-૧૧ માં ત્રણેય પ્રવાહમાં થઇ શહેરમાં પ્રવેશ માટે કેટલી જગ્યાઓ છે,

(૩) ધોરણ-૧૧ માં પ્રવાહ દીઠ કેટલી અને કઇ કઇ શાળાઓમાં કેટલા વર્ગો છે, અને

(૪) પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે શી વ્યવસ્થા ગોઠવી છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૭-૮-૦૪) :

(૧) વિદ્યાર્થીઓ ૧૦૨૫
વિદ્યાર્થીનીઓ ૬૮૪
**કુલ - ૧૭૦૯**

(૨) ૩૭૦૫ જગ્યાઓ.

(૩) પત્રક-અ સામેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

**ગ્રાન્ટેડ શાળાઓ :**

| **ક્રમ** | **શાળાનું નામ** | **પ્રવાહ** | **ધોરણ-૧૧** | |
|---|---|---|---|---|
| | | | **વર્ગ** | **વિદ્યાર્થી** |
| ૧. | બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સે-૨૮ | સા.પ્ર. | ૦૩ | ૧૪૩ |
| ૨. | સેન્ટ ઝેવિયર્સ હાઇ. સે-૮ | સા.પ્ર. | ૦૧ | ૫૨ |
| | | વિ.પ્ર. | ૦૨ | ૧૧૭ |
| ૩. | શ્રી સ્વામિનારાયણ હાઇ. સે.૨૩ | વિ.પ્ર. | ૦૪ | ૨૦૦ |
| ૪. | શેઠ સી.એમ.હાઇ. સે.૨૩, ગાંધીનગર | વિ.પ્ર. | ૦૫ | ૨૭૭ |
| ૫. | શ્રી જે.એમ.ચૌધરી સાર્વ હાઇ. સે.૭ | વિ.પ્ર. | ૦૧ | ૪૦ |
| ૬. | આર.જી.કન્યા હાઇ. સે.૨૩, ગાંધીનગર | સા.પ્ર. | ૦૪ | ૩૧૨ |
| ૭. | એમ.બી.ઇગ્લીંશ મીડીયમ સે.૨૩ | | ૦૨ | ૧૪૨ |
| ૮. | સ્વામિ ઇગ્લીંશ મીડીયમ હાઇ. સે.૨૩ | વિ.પ્ર. | ૦૧ | ૫૮ |
| | | **કુલ :** | **૨૩** | **૧૩૪૧** |

| ક્રમ | શાળાનું નામ | પ્રવાહ | ધોરણ-૧૧ | |
|---|---|---|---|---|
| | | | વર્ગ | વિદ્યાર્થી |
| | **નોન ગ્રાન્ટેડ** | | | |
| ૧. | વસંત માધ્યમિક હિરાલક્ષ્મી ઉ.મા.સે.૧૩ | સા.પ્ર. | ૦૧ | ૨૫ |
| ૨. | વહાણવટી મા.શાળા સે.૭ | સા.પ્ર. | ૦૧ | ૨૫ |
| ૩. | પ્રેરણા વિદ્યાલય સે.૫ એ. | સા.પ્ર. | ૦૧ | ૨૦ |
| ૪. | આર.સી.પટેલ ઉ.મા.શાળા સે.૨૩ | સા.પ્ર. | ૦૩ | ૨૫૨ |
| ૫. | મહંત શિલદાસજી ગોપાલક કન્યા વિદ્યાલય સે-૧૫ | સા.પ્ર. | ૦૧ | ૨૬ |
| ૬. | પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સે.૩૦ | સા.પ્ર. | ૦૧ | ૩૫ |
| ૭. | જે.એમ.ચૌધરી સાર્વ. વિદ્યાલય, સે.૭ | સા.પ્ર. | ૦૪ | ૧૭૬ |
| ૮. | એમ.બી.ઇગ્લીંશ મીડીયમ સે.૨૩ | વિ.પ્ર. | ૦૧ | ૬૫ |
| ૯. | આરાધના વિદ્યાવિહાર સે.૨૮ | સા.પ્ર. | ૦૩ | ૩૯૬ |
| ૧૦. | ઇન્ફોસીટી જુનીયર સાયન્સ કોલેજ | સા.પ્ર. | ૦૧ | ૬૫ |
| ૧૧. | આર.જી.કન્યા વિદ્યાલય સે.૨૩ | સા.પ્ર. | ૦૨ | ૧૦૫ |
| | | **કુલ :** | **૧૯** | **૧૧૯૦** |
| | **સરકારી શાળાઓ :** | | | |
| ૧૨. | સરદાર વલ્લભભાઇ પટેલ વિદ્યાલય સે.૭ | સા.પ્ર. | ૦૧ | ૬૩ |
| ૧૩. | સ્વામિ વિવેકાનંદ વિદ્યાવિહાર સે.૧૨ | સા.પ્ર. | ૦૪ | ૨૦૭ |
| ૧૪. | સ્વામિ રામકૃષ્ણ પરમહંસ વિદ્યાધામ સે.૧૫ | વિ.પ્ર. | ૦૨ | ૬૯ |
| ૧૫. | મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે.૧૬ | સા.પ્ર. | ૦૪ | ૧૮૬ |
| ૧૬. | ઝાંસીની રાણી વિદ્યાલય સે.૨૯ | સા.પ્ર. | ૦૪ | ૧૬૯ |
| | | **કુલ :** | **૧૫** | **૬૯૪** |

------------

## વલસાડ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં નવા રૂમો બનાવવાની મંજૂરી

અતારાંકિત : ૨૩૯૪ (૧૫-૭-૦૪) **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓના કેટલા નવા રૂમો બનાવવા મંજૂરી આપવામાં આવેલ છે,
(૨) આ મંજૂર કરાયેલ રૂમો પૈકી કેટલા રૂમોનું બાંધકામ પૂર્ણ થયેલ છે,
(૩) કેટલા રૂમોનું બાંધકામ બાકી છે,
(૪) બાકી રહેવાના કારણો શા છે, અને
(૫) બાકી રહેલા રૂમોનું કામ કેટલા સમયમાં પૂરૂ થાય તેમ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૩-૯-૦૪) :

(૧) ૫૧૫ રૂમો.
(૨) ૩૬૫ રૂમો.
(૩) ૧૫૦ રૂમો.
(૪) ભારે ચોમાસાને કારણે.
(૫) જેમ બને તેમ જલ્દી.

------------

## ધોરણ-૮ અને ૧૧ ના પુસ્તકો સમયસર ન મળવા અંગે

અતારાંકિત : ૨૫૫૦ (૧૧-૮-૦૪) **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ધોરણ-૮ અને ૧૧ ના પાઠયપુસ્તકો તા.૧.૮.૦૪ સુધીમાં ઉપલબ્ધ ન થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રોષ અને નારાજગી ઉભી થઇ છે તે સરકાર જાણે છે,
(૨) જો હા, તો આ અભ્યાસક્રમ બદલવા સાથે પુરતા પાઠયપુસ્તકો મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે કે કેમ,
(૩) આયોજન કરેલ હોય તો પાઠયપુસ્તકોની ખેંચ કેમ ઉભી થઇ, અને

(૪) બદલાયેલ પાઠયપુસ્તકો જે તે ધોરણના વિધાર્થીઓને સમયસર મળી રહે તે માટે સરકાર શું આયોજન કરવા માંગે છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧-૧૦-૦૪) :

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) એન.સી.ઇ.આર.ટી. દ્વારા તૈયાર કરવામાં આવેલ નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ મુજબના અભ્યાસક્રમો તૈયાર કરી એકી સાથે સાત માધ્યમમાં ક્ષતિરહિત અને ગુણવત્તાવાળા પુસ્તકો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પુસ્તકોની સાઇઝમાં પણ ફેરફાર થયેલ છે. આ સંદર્ભમાં ઉભા થયેલ વહીવટી કારણોસર ખેંચ ઉભી થયેલ છે.

(૪) આગામી ધોરણ-૯ અને ધોરણ-૧૨ ના વિધાર્થીઓને નવા અભ્યાસક્રમ મુજબના પુસ્તકો સમયસર મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે.

------------

## હળવદ અને મૂળી તાલુકામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર

અતારાંકિત : ૨૧૮૮ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ, મૂળી તાલુકામાં તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર કેટલા ગામોમાં મંજુર કરવાના બાકી છે, અને

(૨) કેટલા સમયમાં મંજુરી આપવામાં આવશે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૦-૮-૦૪) :

(૧) હળવદ તાલુકામાં પાંચ તથા મૂળી તાલુકામાં બે મળી કુલ સાત ગામોમાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર મંજુર કરવાના બાકી છે.

(૨) વિભાગના તા.૨.૮.૨૦૦૪ના ઠરાવ ક્રમાંક : વભદ/૧૦૨૦૦૨/૪૮૭/ક ની જોગવાઇ મુજબ જાહેરાત બહાર પાડીને કાર્યવાહી સત્વરે કરવામાં આવશે.

------------

## હળવદ અને મૂળી તાલુકામાં રેશનકાર્ડ ધારકો

અતારાંકિત : ૨૧૮૯ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ, મૂળી તાલુકામાં તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલા રેશનકાર્ડ ધારકો હતા,

(૨) આ પૈકી કેટલા એ.પી.એલ. અને કેટલા બી.પી.એલ.કાર્ડ ધારકો હતા, અને

(૩) બી.પી.એલ. અને એ.પી.એલ.ના કેટલા કાર્ડ આપવાના બાકી છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૧-૯-૦૪) :

| | | | |
|---|---|---|---|
| (૧) | **તાલુકો** | **કાર્ડની સંખ્યા (તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ)** | **જનસંખ્યા (તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ)** |
| | હળવદ | ૩૨,૦૫૬ | ૧,૩૫,૦૬૫ |
| | મૂળી | ૨૩,૪૭૪ | ૯૬,૦૯૮ |
| | **કુલ** | **૫૫,૫૩૦** | **૨,૩૧,૧૬૩** |
| (૨) | **તાલુકો** | **એ.પી.એલ. કાર્ડ ધારકો** | **બી.પી.એલ. કાર્ડ ધારકો** |
| | હળવદ | ૨૦,૦૨૫ | ૧૨,૦૩૧ |
| | મૂળી | ૧૪,૫૮૩ | ૮,૮૯૧ |
| | **કુલ** | **૩૪,૬૦૮** | **૨૦,૯૨૨** |

(૩) બી.પી.એલ. કાર્ડ એકપણ આપવાના બાકી નથી જ્યારે એ.પી.એલ.ના હળવદ તાલુકામાં ૩૧૮ અને મૂળી તાલુકામાં ૩૯૬ અરજીઓ બાકીમાં છે.

------------

### ગાંધીનગર જિલ્લામાં વાનિકી વિકાસ યોજના અન્વયે થયેલ ખર્ચ

અતારાંકિત : ૨૪૬૪ (૯-૮-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જાપાનની સમન્વિત વાનિકી વિકાસ પરિયોજના હેઠળ સરકારે સને ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ ના વરસોમાં કેટલી રકમ વાપરી, અને

(૨) આ યોજના હેઠળ બે વષમાં શું શું કામગીરી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી** (૯-૯-૦૪) :

(૧) ઓવરસીઝ ઇકોનોમીક કો. ઓપરેશન ફંડ (ઓ.ઇ.સી.એફ.) જાપાનની સહાયથી સમન્વિત વાનિકી વિકાસ પરિયોજના માર્ચ-૨૦૦૨માં પૂર્ણ થયેલ છે. પરંતુ સદરહુ પરિયોજના હેઠળ રાજ્ય સરકારે, ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ના વર્ષોમાં નીચે પ્રમાણે રકમ વાપરેલ છે.

| | નાણાકીય વર્ષ | તાલુકાનું નામ | વાપરેલ રકમ (રૂા.) |
|---|---|---|---|
| (૧) | ૨૦૦૨-૦૩ | ગાંધીનગર | ૧૯,૮૮,૯૮૯ |
| | | માણસા | ૯,૪૮,૧૬૮ |
| | | દહેગામ | ૧૬,૮૦,૪૯૧ |
| | | | **કુલ : ૪૬,૧૭,૬૪૮** |
| (૨) | ૨૦૦૩-૦૪ | ગાંધીનગર | ૧૪,૦૯,૩૮૧ |
| | | માણસા | ૭,૭૬,૧૮૮ |
| | | દહેગામ | ૧૪,૨૮,૩૬૯ |
| | | કલોલ | ૨,૭૬,૭૧૨ |
| | | | **કુલ : ૩૮,૯૦,૬૫૦** |

(૨) સને ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ ના નાણાકીય વર્ષમાં સમન્વિત વાનિકી વિકાસ પરિયોજના હેઠળ કરવામાં આવેલ જુના વાવેતરોની જાળવણી કરવામાં આવેલ છે.

------------

### સાબરકાંઠા જિલ્લામાં ટ્રાફિક બ્રાન્ચ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન ડીટેઇન કરેલા વાહનો અને વસુલ કરેલ દંડ

અતારાંકિત : ૨૦૭૧ (૨૯-૬-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં ટ્રાફિક બ્રાન્ચમાં હાઇવે ઉપર કેટલા વાહનો પેટ્રોલીંગમાં રહે છે,

(૨) આવા વાહનો ક્યા સમયે પેટ્રોલીંગ કરે છે,

(૩) આવા દરેક વાહનમાં ક્યા દરજ્જાના કેટલા અધિકારી/કમર્ચારીઓને ફરજ પર મુકવામાં આવે છે,

(૪) આ હાઇવે મોબાઇલ ટ્રફિક પોલીસે તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોટર વ્હીકલ એક્ટ અન્વયે કેટલા કેસો કર્યા, અને

(૫) કેટલા વાહનો ડીટેઇન ક્ર્યા, અને કેટલી રકમનો દંડ વસૂલ કર્યો, અને

(૬) અને આવા હાઇવે પેટ્રોલીંગના અધિકારીઓ દ્વારા પરપ્રાંતમાંથી આ રાજ્યમાં આવતા દારૂની હેરાફેરીના કોઇ કેસો પકડ્યા છે, અને જો હા તો તેની વિગતો શું છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૭-૮-૦૪) :

| | | | |
|---|---|---|---|
| (૧) | હાઇવે ટ્રાફિક મોબાઇલ | - | ૨ |
| | જિલ્લા ટ્રાફિક મોબાઇલ | - | ૧ |
| | | | **કુલ : ૩** |
| (૨) | હાઇવે મોબાઇલ | - | ૨૪ કલાક |
| | જિલ્લા ટ્રાફિક મોબાઇલ | - | સવારના ૮.૦૦ થી સાંજના ૨૦.૦૦ સુધી. |
| (૧) | પોલીસ સબ ઇન્સ્પેકટર | - | ૩ |
| | હેડ કોન્સ્ટેબલ | - | ૩ |
| | પોલીસ કોન્સ્ટેબલ | - | ૭ |
| | ડ્રાઇવર પોલીસ કોન્સ્ટેબલ | - | ૩ |
| | | | **કુલ : ૧૬** |
| (૪) | એન.સી.કેસ | - | ૧૧૭૩ |
| (૫) | વાહન ડીટેઇન | - | ૨૩ |
| | દંડ વસુલ | | રૂા.૧૪,૫૨,૨૬૬/- |
| (૬) | હા, | | |

(૧) કુલ નવ કેસ કરવામાં આવેલ છે.
(૨) નવ વાહનોને પકડવામાં આવેલ છે.
(૩) વાહન અને માલ સાથે કુલ રૂ.૨૬,૪૯,૦૦૦/- વસુલ કરવામાં આવેલ છે.

------------

### જામનગર ખંભાળીયા રોડ ઉપર વાહન અકસ્માત અંગે

અતારાંકિત : ૨૨૨૯ (૨૮-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ જામનગર ખંભાળીયા રોડ ઉપર કુલ કેટલા વાહનોના અકસ્માતો ચાર વર્ષમાં નોંધાયા,
(૨) તેમાં કેટલા વ્યક્તિઓના મૃત્યુ સ્થળ ઉપર, રસ્તામાં, દવાખાનામાં અને પાછળથી થવા પામેલ છે,
૩) કેટલા લાકો ઘાયલ થયેલા છે અને કેટલાને કાયમી ખોડ રહી જવા પામેલ છે; અને
(૪) આ અકસ્માતો નિવારવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૮-૮-૦૪) :

(૧) ૩૨૧.
(૨) આ અકસ્માતોમાં મૃત્યુની વિગત :

| | | |
|---|---|---|
| સ્થળ ઉપર | : | ૮૧ |
| રસ્તામાં | : | ૦૫ |
| દવાખાનામાં | : | ૦૫ |
| પાછળથી | : | ૦૩ |
| | **કુલ :** | **૯૪** |

(૩) ઘાયલ ૩૦૩
કાયમી ખોડ ૦૬
(૪) (૧) પુર ઝડપે ચાલતા વાહનો ઉપર પોલીસ દ્વારા મોટર વ્હીકલ એક્ટ તથા ઇન્ડીયન પીનલ કોડ ધારા મુજબ કાયદેસરનાં પગલાં લેવામાં આવે છે.
(૨) ટ્રાફીક સપ્તાહ આયોજન દરમ્યાન અકસ્માતો નિવારવા અંગેની જાણકારી આપવામાં આવે છે.

------------

### ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી ગેરકાયદેસર પશુઓને કતલખાને લઇ જવા અંગે

અતારાંકિત : ૨૪૮૪ (૨૩-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦.૬.૦૪ની સ્થિતિએ ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર પશુઓને કતલખાને લઇ જવાના કેટલા કિસ્સાઓ બન્યા છે,
(૨) દરેક કિસ્સામાં કેટલા તહોમતદારો સામે ગુન્હો નોંધવામાં આવ્યા; અને
(૩) આ નોંધાયેલા ગુન્હાદીઠ કેટલા તહોમતદારો પકડાયા અને કેટલા પકડવાના બાકી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૫-૮-૦૪) :

(૧) ગાંધીનગર શહેરમાં ૪ અને ગાંધીનગર જિલ્લામાં (ગાંધીનગર શહેર સિવાય) ૮.
(૨) ગાંધીનગર શહેરમાં ૧૦ અને ગાંધીનગર જિલ્લામાં (ગાંધીનગર શહેર સિવાય) ૨૨.
(૩) ગાંધીનગર શહેરમાં ૧૦ (તમામ) તહોમતદારો પકડાયેલ છે, જ્યારે ગાંધીનગર જિલ્લામાં (ગાંધીનગર શહેર સિવાય) ૨૨ (તમામ) તહોમતદારો પકડાયેલ છે.

------------

### ગાંધીનગર જિલ્લામાં પોલીસ સ્ટેશન દીઠ કર્મચારીઓની ઘટ અંગે

અતારાંકિત : ૨૫૩૩ (૯-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ મંજુર મહેકમ પ્રમાણે પોલીસ સ્ટેશનદીઠ કેટ કેટલા કમર્ચારીઓની ઘટ છે,
(૨) બે વર્ષથી વધારે સમયથી કમર્ચારીઓના ઘટ ધરાવતાં કેટલા પોલીસ સ્ટેશન છે; અને
(૩) આ ઘટ ક્યારે પુરી કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૬-૧૦-૦૪) :

(૧) મહેકમની વિગત.

| અ. નં. | પો.સ્ટે./ શાખાનું નામ | અનાર્મ હે.કો. | | | અનાર્મ પો.કો. | | | આર્મ હે.કો. | | | આર્મ પો.કો. | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | હાજર | વધ ઘટ | મંજુર | હાજર | વધ ઘટ | મંજુર | હાજર | વધ ઘટ | મંજુર | હાજર | વધ ઘટ | મંજુર | હાજર | વધ ઘટ |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સે.૨૧ | ૩૨ | ૪૬ | +૧૪ | ૬૯ | ૪૯ | -૨૦ | ૫ | ૪ | +૧ | ૨૧ | ૮ | -૧૩ | ૧૨૭ | ૧૦૭ | -૨૦ |
| ૨. | સે.૭ | ૧૦ | ૩૯ | +૨૯ | ૩૦ | ૪૧ | ૧૧ | ૩ | ૨ | -૧ | ૧૨ | ૧૩ | +૧ | ૫૫ | ૯૫ | +૪૦ |
| ૩. | અડાલજ | ૨૩ | ૨૭ | +૪ | ૨૦ | ૧૯ | -૧ | ૨ | ૪ | +૨ | ૧૬ | ૧૪ | -૨ | ૬૧ | ૬૪ | +૩ |
| ૪. | ડભોડા | ૨૧ | ૨૦ | -૧ | ૨૨ | ૨૦ | -૨ | ૧ | ૬ | +૫ | ૮ | ૪ | -૪ | ૫૨ | ૫૦ | -૨ |
| ૫. | પેથાપુર | ૧૮ | ૧૪ | -૪ | ૧૯ | ૨૬ | +૭ | ૨ | ૫ | +૩ | ૧૨ | ૪ | -૮ | ૫૧ | ૪૯ | -૨ |
| ૬. | માણસા | ૧૪ | ૨૪ | +૧૦ | ૧૮ | ૨૩ | +૫ | ૫ | ૪ | -૧ | ૨૧ | ૧૦ | -૧૧ | ૫૮ | ૬૧ | +૩ |
| ૭. | દહેગામ | ૨૨ | ૨૬ | +૪ | ૨૮ | ૨૯ | +૧ | ૬ | ૫ | -૧ | ૨૨ | ૧૨ | -૧૦ | ૭૮ | ૭૨ | -૬ |
| ૮. | રખીયાલ | ૧૦ | ૧૧ | +૧ | ૨૫ | ૧૨ | -૧૩ | ૩ | ૨ | -૧ | ૪ | ૬ | +૨ | ૪૨ | ૩૧ | -૧૧ |
| ૯. | કલોલ સીટી | ૩૯ | ૪૯ | +૧૦ | ૬૯ | ૪૫ | -૨૪ | ૧૦ | ૧૧ | +૧ | ૩૩ | ૧૯ | -૧૪ | ૧૫૧ | ૧૨૪ | -૨૭ |
| ૧૦ | કલોલ તાલુકા | ૨૪ | ૩૬ | +૧૨ | ૬૨ | ૩૮ | -૨૪ | ૧ | ૪ | +૩ | ૪ | ૬ | +૨ | ૯૧ | ૮૪ | -૭ |

(૨) કુલ ૭.

(૩) આ ઘટ વહીવટી અનુકુળતા મુજબ ખાલી જગ્યાઓ ભરી પૂરી કરવામાં આવશે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં જુદી જુદી લીઝ માટેની અરજીઓ અંગે

અતારાંકિત : ૨૦૭૩ (૨૯-૬-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશો કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૩.૦૪ ની સ્થિતિએ જુદી જુદી લીઝ માટેની કેટલી અરજીઓ આવેલ છે હતી,

(૨) આ પૈકી હેતુવાઈઝ કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી ના મંજૂર કરી, અને

(૩) અરજી નામંજૂર કરવાનાં કારણો કયાં કયાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ખાણ અને ખનિજ) (૧૩-૯-૦૪) :**

(૧) સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૩.૦૪ ની સ્થિતિએ જુદી જુદી લીઝ માટેની કુલ ૨૭૯ અરજીઓ આવેલ હતી.

| ૨ | બાંકોડી તાલુકા શાળા | ૮ | કલ્યાણપુર | ૧૪ | રાવલ-૧ તાલુકા શાળા |
| ૩ | ભાટીયા | ૯ | લાંબા | ૧૫ | રાવલ-૨ તાલુકા શાળા |
| ૪ | ભોગાત | ૧૦ | નવાધતૂરીયા | ૧૬ | ટેકારીયા તાલુકા શાળા |
| ૫ | રાપર | ૧૧ | નંદાણા | ૧૭ | નવજીવન પ્રાથમિક શાળા |
| ૬ | દેવળીયા | ૧૨ | પટેલકા | | |
| ૭ | ગઢકા | ૧૩ | રાણ | | |
| **શિષ્યવૃત્તિ ચૂકવવાની બાકી રહેલ શાળાની યાદી<br>વિકસતી જાતિ / જામનગર** | | | | | |
| ૧ | ધુતારપર | ૪ | જામણથલી | ૭ | વુલનમીલ |
| ૨ | ધુંવાવ | ૫ | મોકરડા | ૮ | રાંદલનગર |
| ૩ | ઢીંચડા | ૬ | નવાગામ | ૯ | પાવરહાઉસ |
| **(૨) જામકલ્યાણપુર** | | | | | |
| ૧ | કલ્યાણપુર | ૬ | બાંકોડી | ૧૧ | જામ દેવળીયા |
| ૨ | રાવલ-૧ | ૭ | નંદાણા | ૧૨ | રાણ |
| ૩ | રાવલ-૨ | ૮ | લાંબાબંદર | ૧૩ | ચપ્પર |
| ૪ | ટંકારીયા | ૯ | નવા ધતુરીયા | ૧૪ | જામગઢકા |
| ૫ | ભાટીયા | ૧૦ | ભોગાત | ૧૫ | પટેલકા |

------------

## દહેગામ તાલુકામાં માનવ ગરીમા યોજના હેઠળ ચૂકવેલ સહાય બાબત

અતારાંકિત : ૨૩૭૪ (૫-૭-૦૪) : **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૩.૨૦૦૪ સુધીમાં માનવ ગરીમા યોજના હેઠળ દહેગામ તાલુકામાં અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની કેટલી અરજીઓ આવી,

(૨) કેટલી અરજીઓ મંજૂર થઇ,

(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવાઇ છે.

(૪) સહાય ચૂકવવાની બાકી અરજીઓ કેટલી છે, કયા કારણોસર સહાય ચૂકવાયેલ નથી, અને

(૫) બાકી રહેલા લાભાર્થીઓને કેટલા સમયમાં સહાય ચૂકવવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૧૩-૯-૦૪)

(૧) અનુસૂચિત જાતિની ૫૩ અને સા.શૈ.પ.વ.ની ૭૪ અરજીઓ મળેલ છે.

(૨) અનુસૂચિત જાતિની ૪૮ અને સા.શૈ.પ.વ.ની ૨૭ અરજીઓ મંજૂર કરેલ છે.

(૩) અનુસૂચિત જાતિની ૪૫ અને સા.શૈ.પ.વ.ની ૨૭ અરજીઓમાં સહાય ચૂકવાઇ છે.

(૪) અનુસૂચિત જાતિની ૮ તથા સા.શૈ.પ.વ.ની ૧૧ અરજીઓ ક્ષતિ પૂર્તતાના કારણે પડતર છે.

(૫) શક્ય તેટલું જલ્દી.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઓકટ્રોય નાબુદીની ચુકવવાપાત્ર ગ્રાન્ટ

અતારાંકિત : ૨૪૧૬ (૪-૭-૦૪) : **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૧.૪.૨૦૦૪ થી તા.૩૧.૫.૨૦૦૪ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદીને કારણે ચુકવવાપાત્ર ગ્રાન્ટમાંથી કેટલી ગ્રાન્ટ ચુકવાઇ છે,

(૨) જો ન ચુકવાઇ હોય તો તેના શાં કારણો છે, અને

(૩) આ ગાન્ટ કયારે ચુકવવામાં આવનાર છે?

**શહેરી વિકાસમંત્રીશ્રી** (૨૫-૮-૦૪) :

(૧) કોઇ રકમ ચુકવાયેલ નથી.

(૨) અને (૩) : ઓકટ્રોય વળતર અનુદાનની ગ્રાન્ટના બીલો બનાવવા અને ચુકવણીની પધ્ધતિમાં ફેરફાર કરવામાં આવેલ હોવાથી સમયસર ચુકવી શકાયેલ નથી. એપ્રિલ-૦૪ અને મે-૦૪ ના માસની ગ્રાન્ટની ચુકવણી તા.૩.૬.૦૪ થી ૫.૬.૦૪ના સમય દરમ્યાન કરવામાં આવેલ છે.

------------

## જામનગર જિલ્લામાં તાલુકાવાર તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ અંગે

અતારાંક્તિ : ૨૨૪૭ : (૨૮-૬-૨૦૦૪) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશો કે :-

(૧) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન જામનગર જિલ્લામાં તાલુકાવાર તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા અને કેટલી અરજીઓ બાકી છે,

(૩) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે,

(૪) અનુસૂચિત જાતિના અરજદારોની સંખ્યા કેટલી મંજુર કરેલી છે, અને પડતર કેટલી છે, અને

(૫) કેટલા સમયમાં જોડાણ આપવામાં આવશે?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૨૫-૮-૦૪) :

(૧) અને (૨) : જામનગર જિલ્લામાં કુલ ૪૧૫૦ અરજીઓ મળેલ તે પૈકી ૧૮૯૭ અરજીઓ નાણાં ભરપાઇ ન થવાના કારણે રદ થતાં, માન્ય રહેલ ૨૨૫૩ અરજીઓ પૈકી ૨૨૧૯ વીજ જોડાણો આપવામાં આવ્યા અને ૩૪ અરજીઓ વાંધાવાળી હોઇ પડતર રહેલ છે.

**<u>જામનગર જિલ્લામાં તત્કાલ યોજના હેઠળ મળેલ અરજીઓ આપવામાં આવેલ વીજજોડાણ તથા પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.</u>**

| અ.નં. | તાલુકાનું નામ | નોંધાયેલ અરજીઓની સંખ્યા | આપવામાં આવેલ વીજજોડાણોની સંખ્યા | નાણાં ભરપાઇ થયેલ પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૪૦૦ | ૨૩૦ | ૨ |
| ૨ | લાલપુર | ૩૪૭ | ૧૩૯ | ૨ |
| ૩ | ધ્રોલ | ૩૩૬ | ૧૬૯ | ૩ |
| ૪ | જોડીયા | ૧૯૨ | ૦૯૯ | ૧ |
| ૫ | કાલાવડ | ૪૯૨ | ૩૨૬ | ૦ |
| ૬ | કલ્યાણપુર | ૬૨૩ | ૩૧૯ | ૬ |
| ૭ | ઓખામંડળ | ૦૯૪ | ૦૫૪ | ૦ |
| ૮ | જામ ખંભાળીયા | ૮૦૫ | ૪૨૯ | ૫ |
| ૯ | જામ જોધપુર | ૫૧૧ | ૨૫૮ | ૫ |
| ૧૦ | ભાણવડ | ૩૫૦ | ૧૯૬ | ૧૦ |
| | **કુલ :** | **૪૧૫૦** | **૨૨૧૯** | **૩૪** |

(૩) બાકી રહેલ ૩૪ અરજીઓ વાંધાવાળી હોઇ વાંધાનો નિકાલ થયેથી વીજજોડાણ આપવામાં આવશે.

(૪) અને (૫) : તત્કાલ વીજજોડાણ યોજનામાં લાભાર્થીઓની યાદી જાતિ આધારિત તૈયાર કરવામાં આવતી નથી, આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ભરૂચ જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે ગ્રાન્ટની ફાળવણી

અતારાંકિત : ૨૦૮૨ (૨૩/૮/૦૪) : **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભરૂચ જિલ્લામાં તા.૧.૪.૨૦૦૦ થી તા.૩૧.૩.૨૦૦૪ સુધીમાં મત્સ્યોદ્યોગ પાછળ વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં માછીમારોને મદદરૂપ થાય તેવી કઇ કઇ યોજના સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી,

(૩) કયા કયા ગામમાં કોને કોને કઇ કઇ યોજના અંગે સહાય ચૂકવવામાં આવી,

(૪) કયા કયા હેતુ માટે કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી રહી, અને

(૫) આ ગ્રાન્ટ વણવપરાયેલી રહેવાના શા કારણો છે?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૨૫-૮-૦૪) :

(૧) ભરૂચ જિલ્લામાં તા.૧.૪.૨૦૦૦ થી તા.૩૧.૩.૨૦૦૪ સુધીમાં વર્ષવાર નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

| **વર્ષ** | **રકમ રૂા. લાખમાં** |
|---|---|
| ૨૦૦૦-૦૧ | ૩૮.૩૬ |
| ૨૦૦૧-૦૨ | ૨૬.૧૫ |
| ૨૦૦૨-૦૩ | ૨૬.૮૭ |
| ૨૦૦૩-૦૪ | ૨૯.૫૧ |

(૨) તા.૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં માછીમારોને મદદરૂપ થાય તેવી નીચેની યોજનાઓ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે.

(૧) આદિજાતિ માછીમારોને સ્માર્ટકાર્ડ આપવાની યોજના અમલમાં મૂકી છે.

(૨) પછાત મહિલાઓને માછલીના વેચાણ ઉપર પ્રોત્સાહન આપવાની યોજના જેમાં બક્ષીપંચ તેમજ આદિવાસી મહિલાઓને મચ્છી વેચાણ ઉપર રૂા.૩૦૦૦/- રાહત આપવાની યોજના અમલી બનાવેલ છે.

(૩) માછીમારોને તેમના ધંધામાં રોજબરોજના ઉપયોગી સાધનો જેવા કે, ઇન્સ્યુ-બોક્ષ, વોર્શીંગ કન્ટેઇનર, આઇસ ક્રશર, રેકડી, વજન કાંટા, વગેરે માટે દરેકને રૂા.૫૦૦૦/- ની સહાય આપવાની યોજના અમલમાં મૂકી છે.

(૪) પાકિસ્તાન મરીન સીકયુરીટી એજન્સી દ્વારા પકડવામાં આવેલ માછીમારના કુટુંબને પ્રતિદિન રૂા.૫૦/- કુટુંબદીઠ સહાય આપવાની યોજના શરૂ કરેલ છે.

(૩) વર્ષવાર તથા યોજનાવાર જે તે ગામમાં સહાય ચુકવેલ છે તેનું પત્રક આ સાથે સામેલ છે. **બિડાણ પત્રક-૧.**

(૪) યોજનાવાર ગ્રાન્ટ ફાળવણી ગ્રાન્ટ અન્વયે થયેલ ખર્ચ તથા બચતના કારણો દશાર્વતું પત્રક આ સાથે સામેલ છે. બિડાણ પત્રક-૨.

(૫) યોજનાવાર ગ્રાન્ટ ફાળવણી ગ્રાન્ટ અન્વયે થયેલ ખર્ચ તથા બચતના કારણો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. બિડાણ પત્રક-૨

* (પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

## જામનગર જિલ્લાની દરિયાકાંઠાની લીઝ આપવા અંગે

અતારાંકિત : ૨૪૭૭ (૬-૯-૦૪) : **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારમાં નિયમ અનુસાર લીઝ ફાળવી વર્ષોથી દરિયાઈ મોતી તથા દરિયાઈ છીપનો વ્યવસાય ચાલતો હતો તે સરકાર જાણે છે.

(૨) જો હા હોય તો તા. ૩૦-૬-૨૦૦૪ની સ્થિતિએ લીઝની ફાળવણી બંધ છે કે કેમ,

(૩) કયા કારણોસર ઉક્ત લીઝ આપી શકાઈ નથી, અને

(૪) સરકારે સદરહુ લીઝ પુનઃ આપવા વિચારણા કરેલ છે કે કેમ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (૧૩-૯-૦૪) :

(૧) હાજી

(૨) તા. ૩૦-૬-૦૪ની સ્થિતિએ કોઈ ને લીઝ આપવામાં આવેલ નથી.

(૩) વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એકટ-૧૯૭૨, વન અને પર્યાવરણ મંત્રાલય, નવી દિલ્હીના તા. ૧૧-૭-૨૦૦૧ના જાહેરનામામાં દર્શાવ્યા મુજબ કંસારા છીપ (વિન્ડોપેન ઓયસ્ટર)ને આરક્ષીત કરવામાં આવેલ હોઈ હવે આ ઈજારા આપી શકાય નહી.

(૪) વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન એકટ-૧૯૭૨, તળે કંસારા છીપ (વિન્ડોપેન ઓયસ્ટર) પર વન અને પર્યાવરણ મંત્રાલય નવી દિલ્હી દ્વારા બાન મુકાયેલ હોય સદરહુ લીઝ પુનઃ આપવા વિચારણા કરી શકાય નહી.

---------------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૪૮૬ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૧૪૬, ૨૧૫૬, ૨૨૦૪, ૨૨૧૨, ૨૩૧૨, ૨૩૧૪, ૨૪૪૧ | ૭ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૯૯૭, ૨૩૫૦, ૨૩૯૪, ૨૫૫૦ | ૪ |
| ૪ | અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૧૮૮, ૨૧૮૯ | ૨ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૪૬૪ | ૧ |
| ૬ | ગૃહ વિભાગ | ૨૦૭૧, ૨૨૨૯, ૨૪૮૪, ૨૫૩૩ | ૪ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૦૭૩, ૨૨૪૮ | ૨ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૩૪૩, ૨૪૨૪, ૨૪૪૪ | ૩ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃમ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૧૫૧, ૨૧૫૨, ૨૧૬૫, ૨૧૭૪, ૨૧૯૦, ૨૩૦૪, ૨૩૧૧, ૨૩૭૩, ૨૩૮૫, ૨૩૮૬, ૨૪૩૭ | ૧૧ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૨૧૯૪, ૨૨૯૩ | ૨ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૨૩૮૨ | ૧ |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૦૯૨, ૨૧૫૭, ૨૧૫૮, ૨૨૦૯, ૨૨૧૦, ૨૨૧૩, ૨૩૭૦, ૨૩૭૪ | ૮ |
| ૧૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૪૧૬ | ૧ |
| ૧૪ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૨૨૪૭ | ૧ |
| ૧૫ | બંદરો અને મત્સ્યઉદ્યોગ વિભાગ | ૨૦૮૨, ૨૪૭૭ | ૨ |
| | | **કુલ :** | **૫૦** |

----------------

# ચોથી અતારાંકિત યાદી

## જિલ્લા કક્ષાએ લોકપ્રહરી તંત્રની રચના બાબત

અતારાંકિત : ૨૫૦૩ (૩૧-૭-૦૪) : **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જિલ્લા કક્ષાએ વહીવટી તંત્રની નિષ્ક્રિયતા દૂર કરવા નિવૃત્ત ન્યાયાધીશના અધ્યક્ષસ્થાને "લોકપ્રહરી" નું તંત્ર બનાવવાની જાહેરાત માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરી છે તેની વિગતો શું છે,

(૨) આ લોકપ્રહરીના અન્ય સભ્યો કોણ કોણ અને કઇ કક્ષાના મૂકાયા છે, અને

(૩) લોકપ્રહરી કઇ રીતે અને કયા પ્રકારની કામગીરી કરી રહી છે?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૧૩-૮-૦૪) :

(૧) (૧) જિલ્લા કક્ષાએ વહીવટી તંત્રને વધુ અસરકારક બનાવવા સારું નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશના અધ્યક્ષપદે છ જિલ્લાઓમાં લોકપ્રહરી તંત્રની રચના કરવાનું સરકારશ્રીએ તા.૭.૭.૦૧ના ઠરાવથી નક્કી કરેલ છે અને તે અન્વયે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જિલ્લાઓમાં નિવૃત્ત જિલ્લા ન્યાયાધીશના અધ્યક્ષપદે લોકપ્રહરી તંત્રની કચેરીઓ તા.૧૧.૮.૦૧ થી શરૂ થયેલ છે.

(૨) આ તંત્રની રચના તથા કાર્યક્ષેત્ર તથા અન્ય સાંયોગિક બાબતો તા.૭.૭.૨૦૦૧ના ઠરાવમાં દર્શાવેલ છે.

(૨) આ લોકપ્રહરી તંત્રમાં નિવૃત્ત જિલ્લા ન્યાયાધી અધ્યક્ષ છે. અન્ય કોઇ સભ્યશ્રીની નિમણૂંક કરવામાં આવી નથી. પરંતુ જિલ્લાના કાર્યબોજને અનુલક્ષીને સરકાર સભ્યની નિમણૂંક કરી શકશે તેવી જોગવાઇ તા.૭.૭.૦૧ના ઠરાવમાં કરવામાં આવી છે.

(૩) લોકપ્રહરી તંત્રની કામગીરી તથા કાર્યપધ્ધતિ તા.૭.૭.૨૦૦૧ના ઠરાવમાં નક્કી કરાયેલ છે. જે વહીવટી પ્રકારની છે. તેના ખાસ મુદ્દા નીચે મુજબ છે.

(૧) લોકપ્રહરી તંત્રે મુખ્યત્વે પ્રજા તથા વહીવટી તંત્ર વચ્ચે એક સંવાદરૂપ કડી તરીકે કામગીરી બજાવીને નાગરિક અધિકાર પત્ર અન્વયે થયેલ અરજીઓના નિકાલમાં થયેલ વિલંબ અંગેની લોકોની ફરિયાદોનો ઝડપી નિકાલ થાય તેવી કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

(૨) અરજદાર તથા સંબંધિત કચેરીના અધિકારી/કર્મચારીને રૂબરૂ સાંભળી તથા રેકર્ડની ખરાઇ કરીને, અરજીનો ઝડપી નિકાલ થાય તેવી કાર્યવાહી હાથ ધરે છે.

(૩) લોકોની રજૂઆતોનું નિરાકરણ ઘણા સમયથી જે તે કચેરી તરફથી થતું ન હોય તેવા કેસો પરત્વે જે તે કચેરીનું તેમજ તે કચેરીના સંબંધિત વહીવટી વિભાગનાં સચિવશ્રી મારફતે સરકારનું ધ્યાન દોરે છે.

(૪) નાગરિક અધિકાર પત્રમાં સમાવેશ પામેલ ન હોય તે સિવાયની બાબતો અંગે લોકો તરફથી મળતી રજૂઆતો તેના ગુણદોષ જોઇને તેનો ઝડપી નિકાલ થાય તે માટે સંબંધિત કચેરીને આદેશ આપે છે.

------------

## ધારાસભ્યશ્રી/સંસદસભ્યશ્રીઓ તરફથી મંત્રીશ્રીને ઉદ્દેશીને લખાયેલા પત્રોનો સમય મર્યાદામાં નિકાલ ન થવા અંગે

અતારાંકિત : ૨૫૨૬ (૧૧-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ધારાસભ્યશ્રી/સંસદસભ્યશ્રીઓ તરફથી મંત્રીશ્રીને ઉદ્દેશીને લખાયેલ આખરી જવાબ માટે સરકારે નક્કી કરેલ સમય મર્યાદામાં નિકાલ ન થતા હોય તેવા પડતર પત્રોની સમીક્ષા મુખ્ય સચિવશ્રી કક્ષાએ છેલ્લે કયારે કરવામાં આવી,

(૨) આવી સમીક્ષામાં કયા કયા વિભાગોએ ધારાસભ્યશ્રી/સંસદસભ્યશ્રીઓના આખરી જવાબો નિયત સમય મર્યાદામાં નહી આપવાની બાબત ધ્યાન પર આવેલ છે, અને

(૩) આ અંગે સરકારે શા પગલાં લીધા છે?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૩-૮-૦૪) :

(૧) જુલાઇ-૨૦૦૪ માં.

(૨) પત્રક "અ" મુજબ.

(૩) મુખ્ય સચિવશ્રીના પત્રથી વિભાગોને તાકિદ કરવામાં આવી છે.

**પત્રક : અ**

| **ક્રમ** | **વિભાગનું નામ** |
|---|---|
| ૧. | ગૃહ વિભાગ |
| ૨. | મહેસુલ વિભાગ |
| ૩. | શિક્ષણ વિભાગ |
| ૪. | આરોગ્ય અને પ.ક.વિભાગ |
| ૫. | ઉદ્યોગ અને ખાણ વિભાગ |
| ૬. | સામાન્ય વહીવટ વિભાગ |
| ૭. | કૃષિ અને સ.વિભાગ |
| ૮. | પંચાયત વિભાગ |
| ૯. | માર્ગ અને મકાન વિભાગ |
| ૧૦. | નર્મદા જ.સં.પા.પુ. અને કલ્પ.વિભાગ |
| ૧૧. | શ્રમ અને રોજગાર વિભાગ |
| ૧૨. | બંદરો અને મ.વિભાગ |
| ૧૩. | ઉર્જા અને પે.કે.વિભાગ |
| ૧૪. | શહેરી વિ. અને શ.ગૃ.નિ.વિભાગ |
| ૧૫. | વન અને પર્યાવરણ વિભાગ |
| ૧૬. | મહિલા અને બા.ક.વિભાગ |
| | કુલ :- |

------------

## ગાંધીનગર જિલ્લામાં પશુ દવાખાના માટે આયોજન

અતારાંકિત : ૨૪૩૩ (૧૪-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં પશુઓના કેટલા દવાખાનાઓ તા.૩૧.૫.૦૪ની સ્થિતિએ હયાત છે,

(૨) આવા પશુ દવાખાના કયા કયા તાલુકામાં કયા કયા ગામોમાં પોતાના મકાનોમાં છે અને કયા કયા ગામોમાં ભાડાના મકાનોમાં છે, અને

(૩) નવા દવાખાનાઓ ખોલવા સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૪-૮-૦૪) :

(૧) ૧૧ (અગીયાર)

(૨) વિગતો નીચે મુજબ છે :

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **પશુ દવાખાના** | |
|---|---|---|---|
| | | **સ્થળ** | **મકાનની વ્યવસ્થા** |
| ૧. | ગાંધીનગર | ગાંધીનગર | સરકારી કવાર્ટરમાં |
| | | કોબા | સરકારી પોતાના મકાનમાં |
| | | ડભોડા | સરકારી પોતાના મકાનમાં |
| | | રૂપાલ | સરકારી પુસ્તકાલયમાં |
| | | | આયોજન મંડળની ૫% પ્રોત્સાહક જોગવાઇ હેઠળ મકાનનું બાંધકામ ચાલુ છે. |
| ૨. | દહેગામ | દહેગામ | સરકારી પોતાના મકાનમાં |
| | | રખિયાલ | સરકારી પોતાના મકાનમાં |
| | | નાંદોલ | ગ્રામ પંચાયત કચેરીના મકાનમાં |
| ૩. | માણસા | માણસા | સરકારી પોતાના મકાનમાં |
| ૪. | કલોલ | કલોલ | સરકારી પોતાના મકાનમાં |
| | | નારદીપુર | સરકારી પોતાના મકાનમાં |
| | | છત્રાલ | સરકારી પોતાના મકાનમાં |
| | **કુલ :** | **૧૧** | |

(૩) ચાલુ વર્ષે નવીન દવાખાના ખોલવાનું આયોજન નથી.

------------

## ગાંધીનગર જિલ્લામાં ટપક સિંચાઇ પધ્ધતિ અંતર્ગત સહાય આપવા બાબત

અતારાંકિત : ૨૪૩૬ (૧૫-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦.૪.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટપક સિંચાઇ પધ્ધતિ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના તાલુકાવાર કયા કયા ગામોમાં કેટકેટલી આર્થિક સહાય આપવામાં આવી,

(૨) આ સહાય આપવામાં કોઇ ગેરરીતિની ફરીયાદ આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કસૂરવારો સામે શા પગલાં ભરવામાં આવ્યા છે?

**કૃષિ મંત્રીશ્રી** (૮-૯-૦૪) :

(૧) સહાય ચૂકવવામાં આવેલ નથી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નવસારી જિલ્લામાં પશુ દાકતરો/નિરીક્ષકોની ખાલી જગ્યા

અતારાંકિત : ૨૫૦૧ (૩૧-૭-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર પશુ દાકતરો અને નિરીક્ષકોની કેટ કેટલી જગ્યાઓ છેલ્લા બે વર્ષથી તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ સરકાર કયારે ભરવા માંગે છે?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૪-૯-૦૪) :

(૧) નવસારી જિલ્લામાં પશુ દાકતરો અને નિરીક્ષકોની તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **પશુ ચિકિત્સા અધિકારીની જગ્યા** | **પશુધન નિરીક્ષકની ખાલી જગ્યા** |
|---|---|---|
| ચીખલી | ૨ | - |
| વાંસદા | ૧ | ૧ |
| જલાલપોર | - | ૧ |
| ગણદેવી | - | ૧ |
| **કુલ :** | **૩** | **૩** |

(૨) જેમ બને તેમ જલ્દી.

------------

## નવસારી જિલ્લામાં ખેડૂતોને જંતુનાશક દવા અને બિયારણની કિટસ

અતારાંકિત : ૨૫૦૨ (૩૧-૭-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

નવસારી જિલ્લાના તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ નાના તેમજ સીમાંત ખેડૂતો, અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિના કયા કયા ગામના કેટકેટલા ખેડૂતોને બિયારણની કિટસ (પેટી) અને જંતુનાશક દવાઓ કેટલી વખત આપવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રી** (૨૯-૯-૦૪) :

નવસારી જિલ્લાની અનુસૂચિત જનજાતિની વિગતો.

(અ) બિયારણ કિટસ

| | | **૨૦૦૨-૨૦૦૩** | **૨૦૦૩-૨૦૦૪** |
|---|---|---|---|
| ૧. | કિટસની સંખ્યા | ૭૫૧૩ | ૪૬૪૩ |
| ૨. | લાભાર્થીની સંખ્યા | ૨૮૧૧ | ૨૦૭૭ |

(બ) જંતુનાશક દવા

| | | **૨૦૦૨-૨૦૦૩** | **૨૦૦૩-૨૦૦૪** |
|---|---|---|---|
| ૧. | જથ્થો કિ/લી. | ૨૦૭ | ૧૯૯ |
| ૨. | લાભાર્થીની સંખ્યા | ૧૨૩ | ૧૦૪ |

**અનુસૂચિત જાતિની વિગતો**
(અ) બિયારણના કિટસ

| | | ૨૦૦૨-૨૦૦૩ | ૨૦૦૩-૨૦૦૪ |
|---|---|---|---|
| ૧. | કિટસની સંખ્યા | ૨૫ | ૧૩૩ |
| ૨. | લાભાર્થીની સંખ્યા | ૧૦ | ૫૪ |

(બ) જંતુનાશક દવા

| | | ૨૦૦૨-૨૦૦૩ | ૨૦૦૩-૨૦૦૪ |
|---|---|---|---|
| ૧. | જથ્થો કિ/લિ | ૮૬ | ૯૮ |
| ૨. | લાભાર્થીની સંખ્યા | ૧૦૭ | ૮૪ |

**અનુસૂચિત જનજાતિ**
૧. વર્ષવાર, તાલુકાવાર, કુલ ઇનપુટસ-કીટસ જંતુનાશક દવાની તાલુકા વિગતો * પત્રક-અ
૨. ઇનપુટકીટસ, જંતુનાશક દવાની વર્ષ ૨૦૦૨-૨૦૦૩ ની તાલુકાવાર, ગામવાર વિગતો * પત્રક અ.૧ થી અ.૭
૩. ઇનપુટ કીટસ, જંતુનાશક દવાની વર્ષ ૨૦૦૩-૨૦૦૪ની તાલુકાવાર, ગામવાર વિગતો * પત્રક અ.૮ થી અ.૧૪

**અનુસૂચિત જાતિની**
૧. ઇનપુટ કીટસ, જંતુનાશક દવાની વર્ષવાર, તાલુકાવાર, ગામવાર વિગતો * પત્રક-બ
૨. ઇનપુટ કીટસ, જંતુનાશક દવાની વર્ષવાર ૨૦૦૨-૨૦૦૩ની તાલુકાવાર, ગામવાર વિગતો * પત્રક બ.૧ થી બ.૩
૩. ઇનપુટ કીટસ, જંતુનાશક દવાની વર્ષ ૨૦૦૩-૨૦૦૪ ની તાલુકાવાર, ગામવાર વિગતો * પત્રક બ.૪ થી બ.૬ (* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**ગાંધીનગર જિલ્લામાં બોર્ડ ઓફ નોમીનીઝમાં પડતર કેસો**

અતારાંકિત : ૨૫૨૭ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર તાલુકાદીઠ કેટ કેટલા કેસો બોર્ડ ઓફ નોમીનીઝમાં પડતર છે,
(૨) આવા પડતર કેસોના નિકાલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે, અને
(૩) વર્ષવાર કેટલા કેસોના નિકાલ કરવામાં આવ્યો?

**સહકાર મંત્રીશ્રી** (૪-૧૦-૦૪) :

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકા દીઠ બોર્ડ ઓફ નોમીનીઝમાં પડતર કેસો નીચે જણાવ્યા મુજબ છે.

| | **તાલુકો** | **પડતર કેસો** |
|---|---|---|
| તા.૧.૭.૦૨ થી તા.૩૦.૬.૦૩ | ગાંધીનગર | ૧૦૫ |
| | કલોલ | ૩૪ |
| | દહેગામ | ૦૭ |
| | માણસા | ૧૦ |
| | | **કુલ : ૧૫૬** |
| તા.૧.૭.૦૩ થી તા.૩૦.૬.૦૪ | ગાંધીનગર | ૯૭ |
| | કલોલ | ૩૨ |
| | દહેગામ | ૦૭ |
| | માણસા | ૧૦ |
| | | **કુલ : ૧૪૬** |

(૨) પડતર કેસોના નિકાલ માટે બોર્ડ ઓફ નોમીનીઝ અમદાવાદ વિભાગમાં ૪ કોર્ટ કાર્યરત છે. જુના દાવાઓ ઝડપથી ફેસલ થાય તે રીતે કામગીરી કરવામાં આવે છે. તા.૧.૭.૦૩ થી તા.૩૦.૬.૦૪ના

સમય દરમ્યાન બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદની જગ્યા ખાલી રહેવાના કારણે જુના કેસોના નિર્ણય માટે દાવા નિરાકરણ ઝુંબેશ તા.૧૨.૬.૦૩ થી હાથ ધરવામાં આવેલ હતી.

(૩) તા.૧.૭.૨૦૦૨ થી તા.૩૦.૬.૨૦૦૩ દરમ્યાન ૩૯૮ અને તા.૧.૭.૦૩ થી તા.૩૦.૬.૦૪ દરમ્યાન ૨૪૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો.

------------

**જામનગર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં બાળકોના પ્રવેશોત્સવના લક્ષ્યાંક અંગે**

અતારાંકિત : ૨૩૫૬ (૭-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) શાળા પ્રવેશોત્સવ-૨૦૦૪ માં જામનગર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવવાપાત્ર બાળકો અને ૬ થી ૧૪ વર્ષની વયજૂથના અધવચ્ચે શાળા છોડી ગયેલા બાળકોનું રજીસ્ટર રાખવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો રજીસ્ટર પ્રમાણેના બધા જ બાળકોને પ્રવેશ મળ્યો હોય તેવી કેટલી શાળાઓ છે,

(૩) અંશતઃ અથવા નહિવત પ્રવેશ કે પુનઃ પ્રવેશ આપનાર શાળાઓ કઇ કઇ છે, અને

(૪) ૧૦૦ ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૯-૯-૦૪) :

(૧) હા, જી.

(૨) ૧૯૦

(૩) અંશતઃ પ્રવેશ આપનાર એક પણ નથી. પુનઃ પ્રવેશ આપનાર શાળાઓની યાદી આ સાથે સામેલ છે.

(૪) પ્રવેશોત્સવની ઉજવણી વાલી સંપર્ક જેવા આયોજન કરવામાં આવે છે.

**પુનઃ પ્રવેશ આપનાર શાળાઓની વિગત દર્શાવતું પત્રક**

**જિલ્લો : જામનગર**

| ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | પ્રવેશોત્સવ દરમ્યાન પુનઃ પ્રવેશ મેળવેલ | | |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૧. | આમરા | આમરા તાલુકા શાળા | ૧ | - | ૧ |
| ૨. | આમરા | આમરા કન્યા શાળા | - | ૧ | ૧ |
| ૩. | દોઢીયા | દોઢીયા પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૪. | જીવાપર | જીવાપર પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૫. | વસઇ | વસઇ પ્રા. શાળા | ૧ | ૨ | ૩ |
| ૬. | બેડ | બેડ તાલુકા શાળા | ૧ | - | ૧ |
| ૭. | બેડ | બેડ કન્યા શાળા | - | ૧ | ૧ |
| ૮. | રસુલનગર | રસુલનગર પ્રા. શાળા | ૧ | ૨ | ૩ |
| ૯. | મોટી ખાવડી | મોટી ખાવડી પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૧૦. | ચંગા | ચંગા પ્રા. શાળા | ૧ | ૨ | ૩ |
| ૧૧. | દરેડ | દરેડ તાલુકા શાળા | ૧ | ૨ | ૩ |
| ૧૨. | ચેલા | ચેલા પ્રા. શાળા | ૧ | - | ૧ |
| ૧૩. | ચેલા | ચેલા કન્યા શાળા | - | ૨ | ૨ |
| ૧૪. | દડીયા | દડીયા પ્રા. શાળા | ૧ | ૧ | ૧ |
| ૧૫. | ઢિંચડા | ઢિંચડા તાલુકા શાળા | ૧ | ૨ | ૩ |
| ૧૬. | બેડી | બેડી કુમાર શાળા | ૫ | - | ૫ |
| ૧૭. | બેડી | બેડી કન્યા શાળા | - | ૬ | ૬ |
| ૧૮. | માધાપર ભુંગા | માધાપર ભુંગા પ્રા. શાળા | ૨ | ૪ | ૬ |
| ૧૯. | ધુતારપુર | ધુતારપુર તાલુકા શાળા | ૨ | - | ૨ |
| ૨૦. | ધુંવાવા | ધુંવાવા તાલુકા શાળા | ૧ | ૨ | ૩ |
| ૨૧. | હાપા | હાપા સ્ટે.વિ.પ્રા. શાળા | - | ૧ | ૧ |
| ૨૨. | ખંભાલીડા | ખંભાલીડા પ્રા. શાળા | - | - | ૦ |
| ૨૩ | લાવડીયા | લાવડીયા પ્રા.શાળા | ૧ | ૧ | ૨ |
| ૨૪ | મોટી ભલસાણ | મોટી ભલસાણ પ્રા.શાળા | ૧ | ૧ | ૨ |

| ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | પ્રવેશોત્સવ દરમ્યાન પુનઃ પ્રવેશ મેળવેલ | ૧ | ૨ |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૨૫. | જાંબુડા | જાંબુડા કન્યા શાળા | - | ૧ | ૧ |
| ૨૬. | ખીજડીયા સોલ્ટ | ખીજડીયા સોલ્ટ પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૨૭. | ખીમરાણા | ખીમરાણા પ્રા. શાળા | ૩ | ૨ | ૫ |
| ૨૮. | સચાણા | સચાણા પ્રા. શાળા | ૨ | ૪ | ૬ |
| ૨૯. | કનસુમરા | કનસુમરા પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૩૦. | મસીતીયા | મસીતીયા કુમાર શાળા | ૧ | - | ૧ |
| ૩૧. | મસીતીયા | મસીતીયા કન્યા શાળા | - | ૧ | ૧ |
| ૩૨. | સરમત | સરમત પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૩૩. | મહાપ્રભુજી બેઠક | મહાપ્રભુજી બેઠક તા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૩૪. | મોરકંડા | મોરકંડા તાલુકા શાળા | ૧ | - | ૧ |
| ૩૫. | મોરકંડા | મોરકંડા કન્યા શાળા | - | ૧ | ૧ |
| ૩૬. | ખીમલીયા | ખીમલીયા પ્રા. શાળા | ૨ | ૨ | ૪ |
| ૩૭. | રામપર | રામપર પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૩૮. | શેખપાટ | શેખપાટ પ્રા. શાળા | ૨ | ૧ | ૩ |
| ૩૯. | નવાગામઘેડ | નવાગામઘેડ તાલુકા શાળા | ૨ | ૨ | ૪ |
| ૪૦. | નવાગામઘેડ | નવાગામઘેડ કન્યા શાળા | - | ૧ | ૧ |
| ૪૧. | રાંદલનગર | રાંદલનગર તા. શાળા | ૨ | ૧ | ૩ |
| ૪૨. | જુના નાગના | જુના નાગના પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૪૩. | નવા નાગના | નવા નાગના કુમાર શાળા | ૧ | - | ૧ |
| ૪૪. | નવા નાગના | નવા નાગના કન્યા શાળા | - | ૧ | ૧ |
| ૪૫. | સિક્કા | ડી.સી.સી. તાલુકા શાળા | ૧ | - | ૧ |
| ૪૬. | સિક્કા | ડી.સી.સી. કન્યા શાળા | - | ૧ | ૧ |
| ૪૭. | સિક્કા | સિક્કા પોર્ટ શાળા | ૨ | - | ૨ |
| ૪૮. | સરમત ભુંગા | સરમત ભુંગા પ્રા. શાળા | ૨ | - | ૨ |
| ૪૯. | સિક્કા | પાવરહાઉસ તા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૫૦. | ક્રિષ્ના | ક્રિષ્ના પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૫૧. | મુંગણી | મુંગણી કુમાર શાળા | ૧ | - | ૧ |
| ૫૨. | મુંગણી | મુંગણી કન્યા શાળા | - | ૧ | ૧ |
| ૫૩. | સિક્કા | રામનગર પ્રા. શાળા | ૨ | ૨ | ૪ |
| ૫૪. | સિક્કા | કન્યા વિદ્યાલય સિક્કા | - | ૩ | ૩ |
| ૫૫. | હાપા ગામ | હાપા ગામ પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૫૬. | વુલનમીલ | વુલનમીલ હીન્દી શાળા | ૧ | ૧ | ૨ |
| ૫૭. | વુલનમીલ | ગૌસેવા મહા. પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| | | **કુલ :** | **૫૯** | **૬૮** | **૧૨૭** |

------------

**જામનગરના સીમ વિસ્તારમાં સરકારી પ્રાથમિક શાળા શરુ કરવા અંગે**

અતારાંકિત : ૨૩૫૯ (૨૦-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર નગરસીમ વિસ્તારની કાલાવાડ નાકા બહારની નગર સીમ હાપા રોડ ઉપર મહારાજા મકવાણા, મેમણ, અમન, ચમન, નાગમતિ, રંગમતિ સોસાયટીઓના બાળકો માટે પ્રાથમિક શાળાની સુવિધા નથી તે હકીકત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ વિસ્તારમાં સરકારી પ્રાથમિક શાળા કયારથી શરુ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૨-૯-૦૪) :

(૧) આ વિસ્તારમાં પીરવાડી અને લાલવાડી પ્રાથમિક શાળાઓની સુવિધા ઉપલબ્ધ છે, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામનગર તાલુકાના સરમત ગામે શાળાના ઓરડા બનાવવા અંગે**

અતારાંકિત : ૨૩૬૬ (૯-૮-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર તાલુકાના મસીતીયા અને સરમત ગામે તા.૧૫.૬.૨૦૦૪ની સ્થિતિએ કુલ કેટલી પ્રાથમિક શાળાઓ છે,

(૨) તેમાં શાળાવાર, વર્ગવાર, વિધાર્થીઓની સંખ્યા જોતાં કુલ કેટ કેટલા વર્ગ ખંડો ખૂટે છે,

(૩) આ શાળાના ઓરડાની પૂર્તતા કેટલા સમયમાં કરવામાં આવશે, અને

(૪) આ ખૂટતા શાળાના ઓરડા બનાવવા માટે સરકારે શું આયોજન કરેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧-૧૦-૦૪) :

(૧) ૬ (છ) શાળાઓ.

(૨) ૮ (આઠ) વર્ગો ખંડો ખૂટે છે.

(૩) જેમ બને તેમ જલદી.

(૪) મસીતીયા ગામે ૩ (ત્રણ) અને સરમત ગામે ૫ (પાંચ) મળી કુલ ૮ (આઠ) નવા વર્ગખંડો બનાવવાનું આયોજન કરેલ છે.

------------

**ગાંધીનગર જિલ્લામાં વિદ્યાસહાયકોની નિમણૂંક**

અતારાંકિત : ૨૪૪૨ (૧૫-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા વિદ્યાસહાયકોને લેવામાં આવ્યા?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૯-૯-૦૪) :

તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૨૯૩ વિદ્યાસહાયકો લેવામાં આવ્યા જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | ગાંધીનગર | ૩ |
| ૨. | દહેગામ | ૧૩૩ |
| ૩. | માણસા | ૭૪ |
| ૪. | કલોલ | ૮૩ |
| | **કુલ :** | **૨૯૩** |

------------

**જામનગર તાલુકામાં કન્યા કેળવણી રથના લાભાર્થી વિદ્યાર્થીઓ**

અતારાંકિત : ૨૪૭૯ (૨૧-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર તાલુકામાં, કન્યા કેળવણી રથ, અને પ્રાથમિક પ્રવેશોત્વસ-૨૦૦૪ માં ગામદીઠ કેટ કેટલા કુમાર અને કન્યાઓને પ્રથમ વખત પ્રવેશ આપવામાં આવ્યો,

(૨) તેમાં કયા કયા ગામની કેટ કેટલી બાળાઓના 'વિધાલક્ષ્મી બોન્ડ' લેવામાં આવ્યા, અને

(૩) વિદ્યાલક્ષ્મી બોન્ડ માટે દાતાઓને પ્રોત્સાહિત કરવા સરકારે શી કાર્યવાહી કરી છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૮-૯-૦૪) :

(૧) ગામવાર પ્રવેશ આપવામાં આવેલ કુમાર અને કન્યાઓની યાદી આ સાથે સામેલ છે.

(૨) પ્રવેશોત્સવ દરમ્યાન જાહેર કરેલ વિધાલક્ષ્મી બોન્ડની વિગતો નીચે મુજબ છે.

| ગામ | કેટલી બાળાઓ માટે બોન્ડ જાહેર કરેલ છે. |
|---|---|
| સુવરડા | ૩ |
| કનસુમરા | ૮ |
| લોઠીયા | ૩ |

(૩) જે ગામમાં દાતાઓ દ્વારા વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે તે ગામમાં ગ્રામ શિક્ષણ સમિતિ દ્વારા જાહેરમાં દાતાઓનું સન્માન કરવામાં આવે છે.

**કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ-૨૦૦૪ દરમ્યાન ગામદીઠ પ્રવેશ પામેલ બાળકોની વિગત દર્શાવતું પત્રક**

**જિ.જામનગર** **તાલુકો : જામનગર**

| ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ મેળવેલ | | |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૧ | અલીયા | અલીયા તાલુકા શાળા | ૪૭ | ૦ | ૪૭ |
| ૨ | અલીયા | અલીયા કન્યા શાળા | ૦ | ૩૩ | ૩૩ |
| ૩ | બાડા | બાડા પ્રાથમિક શાળા | ૧૩ | ૮ | ૨૧ |
| ૪ | ગોકુલપરા | ગોકુલપરા પ્રાથમિક શાળા | ૩ | ૩ | ૬ |
| ૫ | મોડા | મોડા પ્રાથમિક શાળા | ૧ | ૨ | ૩ |
| ૬ | નેવી મોડા | નેવી મોડા પ્રા.શાળા | ૧૦ | ૭ | ૧૭ |
| ૭ | રામનગર | રામનગર પ્રાથમિક શાળા | ૭ | ૩ | ૧૦ |
| ૮ | ગાંધીનગર | ગાંધીનગર પ્રાથમિક શાળા | ૦ | ૦ | ૦ |
| ૯ | સુર્યપરા | સુર્યપરા પ્રાથમિક શાળા | ૪ | ૨ | ૬ |
| ૧૦ | સીતારામનગર | સીતારામનગર પ્રા.શાળા | ૩ | ૨ | ૫ |
| ૧૧ | આમરા | આમરા તાલુકા શાળા | ૩૯ | ૦ | ૩૯ |
| ૧૨ | આમરા | આમરા કન્યા શાળા | ૦ | ૪૯ | ૪૯ |
| ૧૩ | આમરા | આમરા કન્યા શાળા | ૧ | ૧ | ૨ |
| ૧૪ | બાલંભડી | બાલંભડી પ્રા.શાળા | ૭ | ૨ | ૯ |
| ૧૫ | દોઢીયા | દોઢીયા પ્રા.શાળા | ૧૩ | ૧૨ | ૨૫ |
| ૧૬ | ગાડુકા | ગાડુકા પ્રા.શાળા | ૩ | ૨ | ૫ |
| ૧૭ | જીવાપર | જીવાપર પ્રા. શાળા | ૧૯ | ૨૩ | ૪૨ |
| ૧૮ | વસઇ | વસઇ પ્રા. શાળા | ૨૬ | ૨૫ | ૫૧ |
| ૧૯ | આમરા | આમરા વાડી શાળા-૨ | ૧ | ૪ | ૫ |
| ૨૦ | બેડ | બેડ તાલુકા શાળા | ૨૧ | ૧૩ | ૩૪ |
| ૨૧ | બેડ | બેડ કન્યા શાળા | ૦ | ૩૪ | ૩૪ |
| ૨૨ | બેડ | બેડ વાડી શાળા | ૬ | ૪ | ૧૦ |
| ૨૩ | રસુલનગર | રસુલનગર પ્રા. શાળા | ૧૧ | ૭ | ૧૮ |
| ૨૪ | મોટી ખાવડી | મોટી ખાવડી પ્રા. શાળા | ૪૫ | ૩૩ | ૭૮ |
| ૨૫ | નાની ખાવડી | નાની ખાવડી પ્રા. શાળા | ૧૧ | ૧૦ | ૨૧ |
| ૨૬ | શાપર | શાપર કુમાર શાળા | ૧૨ | ૦ | ૧૨ |
| ૨૭ | શાપર | શાપર કન્યા શાળા | ૦ | ૭ | ૭ |
| ૨૮ | ચંદગઢ | ચંદગઢ તાલુકા શાળા | ૭ | ૫ | ૧૨ |
| ૨૯ | બાવરીયા | બાવરીયા પ્રા. શાળા | ૪ | ૨ | ૬ |
| ૩૦ | ચંગા | ચંગા પ્રા. શાળા | ૧૮ | ૧૨ | ૩૦ |
| ૩૧ | ચંગા | ચંગા વાડી શાળા | ૬ | ૬ | ૧૨ |
| ૩૨ | દોઢીયા | દોઢીયા વાડી શાળા | ૬ | ૪ | ૧૦ |
| ૩૩ | ખોજા બેરાજા | ખોજા બેરાજા પ્રા. શાળા | ૬ | ૭ | ૧૩ |
| ૩૪ | લોઠીયા | લોઠીયા પ્રા. શાળા | ૬ | ૬ | ૧૨ |
| ૩૫ | દરેડ | દરેડ તાલુકા શાળા | ૩૯ | ૩૫ | ૭૪ |
| ૩૬ | નિલગીરી | નિલગીરી પ્રા. શાળા | ૩૦ | ૦ | ૩૦ |

| ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ મેળવેલ | | |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૩૭ | ચેલા | ચેલા પ્રા. શાળા | ૦ | ૩૨ | ૩૨ |
| ૩૮ | ચેલા | ચેલા કન્યા શાળા | ૩૫ | ૩૦ | ૬૫ |
| ૩૯ | દડીયા | દડીયા પ્રા. શાળા | ૨૦ | ૧૮ | ૩૮ |
| ૪૦ | નારણપુર | નારણપુર પ્રા. શાળા | ૧૨ | ૧૦ | ૨૨ |
| ૪૧ | ચારણવાસ | ચારણવાસ પ્રા. શાળા | ૧૪ | ૬ | ૨૦ |
| ૪૨ | ઢિચડા | ઢિચડા તાલુકા શાળા | ૨૩ | ૩૨ | ૫૫ |
| ૪૩ | બેડી | બેડી કુમાર શાળા | ૧૨૦ | ૦ | ૧૨૦ |
| ૪૪ | બેડી | બેડી કન્યા શાળા | ૦ | ૬૦ | ૬૦ |
| ૪૫ | ઢીંચડા | ઢીચડા વાડી શાળા | ૨૨ | ૧૪ | ૩૬ |
| ૪૬ | કેવડાપાટ | કેવડાપાટ શાળા નં.૧ | ૧૯ | ૫ | ૨૪ |
| ૪૭ | કેવડાપાટ | કેવડાપાટ શાળા નં.૨ | ૪૫ | ૩૧ | ૭૬ |
| ૪૮ | ખારાબેરાજા | ખારાબેરાજા પ્રા. શાળા | ૬ | ૫ | ૧૧ |
| ૪૯ | માધાપર ભુંગા | માધાપર ભુંગા પ્રા. શાળા | ૩૬ | ૩૨ | ૬૮ |
| ૫૦ | યાદગનગર | યાદગનગર વાડી શાળા | ૧૧ | ૯ | ૨૦ |
| ૫૧ | ધુતારપુર | ધુતારપુર તાલુકા શાળા | ૩૧ | ૩૩ | ૬૪ |
| ૫૨ | અમરાપર | અમરાપર પ્રા. શાળા | ૧ | ૨ | ૩ |
| ૫૩ | બજરંગપુર | બજરંગપુર પ્રા. શાળા | ૯ | ૮ | ૧૭ |
| ૫૪ | ભોળેશ્વર | ભોળેશ્વર પ્રા. શાળા | ૦ | ૦ | ૦ |
| ૫૫ | ઘુડશીયા | ઘુડશીયા પ્રા. શાળા | ૨૧ | ૨૩ | ૪૪ |
| ૫૬ | ખારાવેઢા | ખારાવેઢા પ્રા. શાળા | ૭ | ૪ | ૧૧ |
| ૫૭ | મેડી | મેડી પ્રા. શાળા | ૧૦ | ૮ | ૧૮ |
| ૫૮ | સુમરી (ધુતારપુર) | સુમરી (ધુતારપુર) પ્રા. શા. | ૨ | ૨ | ૪ |
| ૫૯ | વિજયપુર | વિજયપુર પ્રા. શાળા | ૧ | ૩ | ૪ |
| ૬૦ | ધુંવાવા | ધુંવાવા તાલુકા શાળા | ૪૦ | ૪૬ | ૮૬ |
| ૬૧ | ધુંવાવ | ધુંવાવ વાડી શાળા | ૫ | ૭ | ૧૨ |
| ૬૨ | વિભાપર | વિભાપર પ્રા. શાળા | ૨૪ | ૨૦ | ૪૪ |
| ૬૩ | હાપા | હાપા સ્ટે. વિ. પ્રા. શાળા | ૩૮ | ૨૬ | ૬૪ |
| ૬૪ | ફલ્લા | ફલ્લા તાલુકા શાળા | ૨૨ | ૦ | ૨૨ |
| ૬૫ | ફલ્લા | ફલ્લા કન્યા શાળા | ૦ | ૧૭ | ૧૭ |
| ૬૬ | ધુંગડા | ધુંગડા પ્રા. શાળા | ૧૯ | ૧૫ | ૩૪ |
| ૬૭ | ખંભાલીડા | ખંભાલીડા પ્રા. શાળા | ૨૫ | ૨૨ | ૪૭ |
| ૬૮ | ખીલોસ | ખીલોસ પ્રા. શાળા | ૮ | ૧૭ | ૨૫ |
| ૬૯ | રણજીતપુર | રણજીતપુર પ્રા. શાળા | ૩ | ૧ | ૪ |
| ૭૦ | રણજીતપુર | રણજીતપુર વાડી શાળા | ૩ | ૩ | ૬ |
| ૭૧ | રવાણી ખીજડીયા | રવાણી ખીજડીયા પ્રા. શા. | ૨ | ૩ | ૫ |
| ૭૨ | શંકરપુરા | શંકરપુરા પ્રા. શાળા | ૪ | ૧ | ૫ |
| ૭૩ | હડમતીયા | હડમતીયા તાલુકા શાળા | ૧૩ | ૫ | ૧૮ |
| ૭૪ | બેરાજા | બેરાજા પ્રા. શાળા | ૧૦ | ૧૧ | ૨૧ |
| ૭૫ | ફાચરીયા | ફાચરીયા પ્રા. શાળા | ૬ | ૪ | ૧૦ |
| ૭૬ | મતવા | મતવા પ્રા. શાળા | ૮ | ૧૦ | ૧૮ |
| ૭૭ | મીયાત્રા | મીયાત્રા પ્રા. શાળા | ૬ | ૪ | ૧૦ |
| ૭૮ | નાનાથાવરીયા | નાનાથાવરીયા પ્રા. શાળા | ૬ | ૩ | ૯ |
| ૭૯ | નાની માટલી | નાની માટલી પ્રા. શાળા | ૭ | ૧૦ | ૧૭ |
| ૮૦ | નવા મોડપર | નવા મોડપર પ્રા. શાળા | ૬ | ૪ | ૧૦ |

| ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ મેળવેલ | | |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૮૧ | પસાયા | પસાયા પ્રા. શાળા | ૫ | ૬ | ૧૧ |
| ૮૨ | સપડા | સપડા પ્રા. શાળા | ૫ | ૫ | ૧૦ |
| ૮૩ | હર્ષદપુર | હર્ષદપુર તાલુકા શાળા | ૬ | ૧૨ | ૧૮ |
| ૮૪ | ચંદ્રાગા | ચંદ્રાગા તાલુકા શાળા | ૩ | ૩ | ૬ |
| ૮૫ | ઢઢા | ઢઢા પ્રા. શાળા | ૨ | ૧ | ૩ |
| ૮૬ | કોઝ | કોઝ પ્રા. શાળા | ૫ | ૩ | ૮ |
| ૮૭ | લાવડીયા | લાવડીયા પ્રા. શાળા | ૧૯ | ૧૫ | ૩૪ |
| ૮૮ | મકવાણા | મકવાણા પ્રા. શાળા | ૪ | ૪ | ૮ |
| ૮૯ | મોટીભલસાણ | મોટીભલસાણ પ્રા. શાળા | ૯ | ૧૮ | ૨૭ |
| ૯૦ | નાઘુના | નાઘુના પ્રા. શાળા | ૮ | ૬ | ૧૪ |
| ૯૧ | નવા મોખા | નવા મોખા પ્રા. શાળા | ૬ | ૯ | ૧૫ |
| ૯૨ | નવા નાઘુના | નવા નાઘુના પ્રા. શાળા | ૬ | ૮ | ૧૪ |
| ૯૩ | સમરી ભલાસાણ | સમરી ભલાસાણ પ્રા. શાળા | ૩ | ૪ | ૭ |
| ૯૪ | વાગડીયા | વાગડીયા પ્રા. શાળા | ૮ | ૬ | ૧૪ |
| ૯૫ | વાણીયાગામ | વાણીયાગામ પ્રા. શાળા | ૪ | ૪ | ૮ |
| ૯૬ | જાબુડા | જાબુડા તાલુકા શાળા | ૧૩ | ૩ | ૧૬ |
| ૯૭ | જાંબુડા | જાંબુડા કન્યા શાળા | ૦ | ૪૦ | ૪૦ |
| ૯૮ | ખીજડીયા સોલ્ટ | ખીજડીયા સોલ્ટ પ્રા. શાળા | ૧૦ | ૧૧ | ૨૧ |
| ૯૯ | ખીજડીયા | ખીજડીયા પ્રા. શાળા | ૧૩ | ૧૫ | ૨૮ |
| ૧૦૦ | ખીમરાણા | ખીમરાણા પ્રા. શાળા | ૪૮ | ૩૬ | ૮૪ |
| ૧૦૧ | ખીમરાણા | ખીમરાણા વાડી શાળા-૧ | ૫ | ૪ | ૯ |
| ૧૦૨ | ખીમરાણા | ખીમરાણા વાડી શાળા-૨ | ૬ | ૨ | ૮ |
| ૧૦૩ | ખીમરાણા | ખીમરાણા વાડી શાળા-૩ | ૦ | ૦ | ૦ |
| ૧૦૪ | સચાણા | સચાણા પ્રા. શાળા | ૩૨ | ૧૮ | ૫૦ |
| ૧૦૫ | વેલનાથનગર | વેલનાથનગર પ્રા. શાળા | ૨ | ૧ | ૩ |
| ૧૦૬ | જામવંથલી | જામવંથલી તાલુકા શાળા | ૨૯ | ૦ | ૨૯ |
| ૧૦૭ | જામવંથલી | જામવંથલી કન્યા શાળા | ૦ | ૨૨ | ૨૨ |
| ૧૦૮ | ભરતપુર | ભરતપુર પ્રા. શાળા | ૫ | ૪ | ૯ |
| ૧૦૯ | ચાવડા | ચાવડા પ્રા. શાળા | ૫ | ૬ | ૧૧ |
| ૧૧૦ | જગા | જગા પ્રા. શાળા | ૪ | ૪ | ૮ |
| ૧૧૧ | મોટી લાખાણી | મોટી લાખાણી પ્રા. શાળા | ૧૦ | ૫ | ૧૫ |
| ૧૧૨ | નાની લાખાણી | નાની લાખાણી પ્રા. શાળા | ૮ | ૮ | ૧૬ |
| ૧૧૩ | નંદપુર | નંદપુર પ્રા. શાળા | ૭ | ૭ | ૧૪ |
| ૧૧૪ | નવા વીરપુર | નવા વીરપુર પ્રા. શાળા | ૩ | ૨ | ૫ |
| ૧૧૫ | તમાચણ | તમાચણ પ્રા. શાળા | ૧૧ | ૧ | ૧૨ |
| ૧૧૬ | વરણા | વરણા પ્રા. શાળા | ૮ | ૭ | ૧૫ |
| ૧૧૭ | લાખાબાવળ | લાખાબાવળ તાલુકા શાળા | ૨૩ | ૦ | ૨૩ |
| ૧૧૮ | લાખાબાવળ | લાખાબાવળ કન્યા શાળા | ૦ | ૨૨ | ૨૨ |
| ૧૧૯ | લાખાબાવળ | લાખાબાવળ વાડી શાળા | ૩ | ૩ | ૬ |
| ૧૨૦ | ચાંપાબેરાજા | ચાંપાબેરાજા પ્રા. શાળા | ૨ | ૧૧ | ૧૩ |
| ૧૨૧ | વાવબેરાજા | વાવબેરાજા પ્રા. શાળા | ૪ | ૩ | ૭ |
| ૧૨૨ | વાવબેરાજા | વાવબેરાજા વાડી શાળા | ૨ | ૨ | ૪ |
| ૧૨૩ | કનસુમરા | કનસુમરા પ્રા. શાળા | ૨૧ | ૧૯ | ૪૦ |
| ૧૨૪ | કનસુમરા | કનસુમરા વાડી શાળા | ૨ | ૫ | ૭ |

| ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ મેળવેલ | | |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૧૨૫ | મસીતીયા | મસીતીયા કુમાર શાળા | ૨૬ | ૦ | ૨૬ |
| ૧૨૬ | મસીતીયા | મસીતીયા કન્યા શાળા | ૦ | ૩૨ | ૩૨ |
| ૧૨૭ | મસીતીયા | મસીતીયા વાડી શાળા-૧ | ૧ | ૪ | ૫ |
| ૧૨૮ | મસીતીયા | મસીતીયા વાડી શાળા-૨ | ૪ | ૨ | ૬ |
| ૧૨૯ | રાવલસર | રાવલસર પ્રા. શાળા | ૪ | ૨ | ૬ |
| ૧૩૦ | રાવલસર | રાવલસર વાડી શાળા | ૧૪ | ૧૦ | ૨૪ |
| ૧૩૧ | સરમત | સરમત પ્રા. શાળા | ૧૫ | ૧૭ | ૩૨ |
| ૧૩૨ | સરમત | સરમત વાડી શાળા | ૪ | ૧ | ૫ |
| ૧૩૩ | મહાપ્રભુજી બેઠક | મહાપ્રભુજી બેઠક તા. શાળા | ૨૨ | ૪૦ | ૬૨ |
| ૧૩૪ | બાલકનાથ | બાલકનાથ પ્રા. શાળા | ૧૧ | ૧૩ | ૨૪ |
| ૧૩૫ | ઘોડીવાસ | ઘોડીવાસ પ્રા. શાળા | ૪ | ૪ | ૮ |
| ૧૩૬ | લાલવાડી | લાલવાડી પ્રા. શાળા | ૧૨ | ૮ | ૨૦ |
| ૧૩૭ | લુમ્મીનગર | લુમ્મીનગર પ્રા. શાળા | ૫ | ૬ | ૧૧ |
| ૧૩૮ | પંપહાઉસ | પંપહાઉસ પ્રા. શાળા | ૫ | ૪ | ૯ |
| ૧૩૯ | પીરવાડી | પીરવાડી પ્રા. શાળા | ૭ | ૮ | ૧૫ |
| ૧૪૦ | મોરકંડા | મોરકંડા તાલુકા શાળા | ૪૦ | ૦ | ૪૦ |
| ૧૪૧ | મોરકંડા | મોરકંડા કન્યા શાળા | ૦ | ૩૫ | ૩૫ |
| ૧૪૨ | ગોપાલદાસ | ગોપાલદાસ પ્રા. શાળા | ૧ | ૧ | ૨ |
| ૧૪૩ | ખીમલીયા | ખીમલીયા પ્રા. શાળા | ૨૮ | ૨૭ | ૫૫ |
| ૧૪૪ | ખીમલીયા | ખીમલીયા વાડી શાળા | ૫ | ૪ | ૯ |
| ૧૪૫ | મણીકંકેશ્વર | મણીકંકેશ્વર પ્રા. શાળા | ૪ | ૨ | ૬ |
| ૧૪૬ | મોખાણા | મોખાણા પ્રા. શાળા | ૧૦ | ૫ | ૧૫ |
| ૧૪૭ | સુખનાથ | સુખનાથ વાડી પ્રા. શાળા | ૩ | ૩ | ૬ |
| ૧૪૮ | મોટીબાણુંગાર | મોટીબાણુંગાર તાલુકા શાળા | ૨૭ | ૦ | ૨૭ |
| ૧૪૯ | મોટીબાણુંગાર | મોટીબાણુંગાર કન્યા શાળા | ૦ | ૩૦ | ૩૦ |
| ૧૫૦ | નાનીબાણુંગાર | નાનીબાણુંગાર પ્રા. શાળા | ૩ | ૩ | ૬ |
| ૧૫૧ | રામપર | રામપર પ્રા. શાળા | ૧૫ | ૧૦ | ૨૫ |
| ૧૫૨ | શેખપાટ | શેખપાટ પ્રા. શાળા | ૨૪ | ૩૫ | ૫૯ |
| ૧૫૩ | નવાગામઘેડ | નવાગામઘેડ તાલુકા શાળા | ૩૭ | ૧૩ | ૫૦ |
| ૧૫૪ | નવાગામઘેડ | નવાગામઘેડ પ્રા. શાળા | ૧૭ | ૧૩ | ૩૦ |
| ૧૫૫ | નવાગામઘેડ | નવાગામઘેડ કન્યા શાળા | ૦ | ૨૭ | ૨૭ |
| ૧૫૬ | રાંદલનગર | રાંદલનગર તા. શાળા | ૪૬ | ૫૨ | ૯૮ |
| ૧૫૭ | જુના નાગના | જુના નાગના પ્રા. શાળા | ૨૩ | ૧૯ | ૪૨ |
| ૧૫૮ | નવા નાગના | નવા નાગના કુમાર શાળા | ૨૫ | ૦ | ૨૫ |
| ૧૫૯ | નવા નાગના | નવા નાગના કન્યા શાળા | ૦ | ૩૦ | ૩૦ |
| ૧૬૦ | નાગેશ્વર | નાગેશ્વર પ્રા. શાળા | ૩૦ | ૨૦ | ૫૦ |
| ૧૬૧ | સેન્ચ્યુરી | સેન્ચ્યુરી પ્રા. શાળા | ૮ | ૯ | ૧૭ |
| ૧૬૨ | સિક્કા | ડી.સી.સી. તાલુકા શાળા | ૪૫ | ૦ | ૪૫ |
| ૧૬૩ | સિક્કા | ડી.સી.સી. કન્યા શાળા | ૦ | ૩૪ | ૩૪ |
| ૧૬૪ | સિક્કા | ડી.સી.સી. હીન્દી શાળા | ૮ | ૭ | ૧૫ |
| ૧૬૫ | સિક્કા | સિક્કા પોર્ટ શાળા | ૪૪ | ૦ | ૪૪ |
| ૧૬૬ | સરમત ભુંગા | સરમત ભુંગા પ્રા. શાળા | ૩૭ | ૦ | ૩૭ |
| ૧૬૭ | સિક્કા | પાવર હાઉસ તા. શાળા | ૨૫ | ૧૫ | ૪૦ |
| ૧૬૮ | ગાગવા | ગાગવા પ્રા. શાળા | ૭ | ૭ | ૧૪ |

| ક્રમ | ગામનું નામ | શાળાનું નામ | પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ મેળવેલ | | |
|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુલ |
| ૧૬૯ | ગાગવા | ગાગવા વાડી શાળા | ૬ | ૬ | ૧૨ |
| ૧૭૦ | કીષ્ના | કીષ્ના પ્રા. શાળા | ૨૪ | ૩૧ | ૫૫ |
| ૧૭૧ | મુંગણી | મુંગણી કુમાર શાળા | ૩૫ | ૦ | ૩૫ |
| ૧૭૨ | મુંગણી | મુંગણી કન્યા શાળા | ૦ | ૩૦ | ૩૦ |
| ૧૭૩ | સિક્કા | રામનગર પ્રા. શાળા | ૩૦ | ૩૦ | ૬૦ |
| ૧૭૪ | સિક્કા | કન્યા વિદ્યાલય સિક્કા | ૦ | ૬૫ | ૬૫ |
| ૧૭૫ | ઠેબા | ઠેબા તાલુકા શાળા | ૩૦ | ૦ | ૩૦ |
| ૧૭૬ | ઠેબા | ઠેબા કન્યા શાળા | ૦ | ૨૨ | ૨૨ |
| ૧૭૭ | હાપા ગામ | હાપા ગામ પ્રા. શાળા | ૨૬ | ૧૨ | ૩૮ |
| ૧૭૮ | મોટાથાવરીયા | મોટાથાવરીયા પ્રા. શાળા | ૧૩ | ૧૩ | ૨૬ |
| ૧૭૯ | મોટાથાવરીયા | મોટાથાવરીયા વાડી શાળા | ૯ | ૦ | ૯ |
| ૧૮૦ | સામતપીર | સામતપીર પ્રા. શાળા | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૧૮૧ | સુવરડા | સુવરડા પ્રા. શાળા | ૪ | ૧૦ | ૧૪ |
| ૧૮૨ | વીજરખી | વીજરખી પ્રા. શાળા | ૧૮ | ૧૦ | ૨૮ |
| ૧૮૩ | વુલનમીલ | વુલનમીલ તા. શાળા | ૩૮ | ૦ | ૩૮ |
| ૧૮૪ | વુલનમીલ | વુલનમીલ કન્યા શાળા | ૦ | ૪૪ | ૪૪ |
| ૧૮૫ | વુલનમીલ | વુલનમીલ હીન્દી શાળા | ૪૫ | ૩૪ | ૭૯ |
| ૧૮૬ | વુલનમીલ | વુલનમીલ વાડી શાળા | ૧૨ | ૬ | ૧૮ |
| ૧૮૭ | નાઘેડી | નાઘેડી પ્રા. શાળા | ૧૪ | ૬ | ૨૦ |
| ૧૮૮ | નાઘેડી | નાઘેડી ખાણ પ્રા. શાળા | ૬ | ૧૦ | ૧૬ |
| ૧૮૯ | ગોરધનપર | ગોરધનપર પ્રા. શાળા | ૭ | ૧૨ | ૧૯ |
| ૧૯૦ | વુલનમીલ | ગૌસેવા મહા. પ્રા. શાળા | ૩૫ | ૫૨ | ૮૭ |
| | | **કુલ :** | ૨૫૦૨ | ૨૨૭૯ | ૪૭૮૧ |

------------

**દહેગામ તાલુકામાં સાક્ષરતા અભિયાનના લાભાર્થીઓ**

અતારાંકિત : ૨૫૩૨ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં સાક્ષરતા અભિયાન હેઠળ કેટલી વ્યકિતઓ આવરી લીધી,

(૨) ગામવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) સાક્ષરતા અભિયાન કોના કોના મારફતે કરવામાં આવેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૩-૯-૦૪) :

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **વ્યકિતઓ** |
|---|---|---|
| (૧) | ૨૦૦૨-૨૦૦૩ | ૯૭૬૯ |
| (૨) | ૨૦૦૩-૨૦૦૪ | ૮૭૦૮ |

(૨) પત્રક સામેલ છે.

(૩) જિલ્લા સાક્ષરતા સમિતિ, ગાંધીનગર.

**પ ત્ર ક**

| ક્રમ | ગામનું નામ | સને ૨૦૦૨-૨૦૦૩ (રૂપિયા) | સને ૨૦૦૩-૨૦૦૪ (રૂપિયા) |
|---|---|---|---|
| ૧ | ઓતમપુર | ૩૪૦/- | - |
| ૨ | વાસણા ચૌધરી | ૩૪૦/- | - |
| ૩ | ચેખલાપગી | ૬૮૦/- | - |
| ૪ | કથારપુર | ૩૪૦/- | - |

| ક્રમ | ગામનું નામ | સને ૨૦૦૨-૨૦૦૩ (રૂપિયા) | સને ૨૦૦૩-૨૦૦૪ (રૂપિયા) |
|---|---|---|---|
| ૫ | બાબરા | ૩૪૦/- | - |
| ૬ | ઉદણ | ૩૪૦/- | - |
| ૭ | પાટના કુવા | ૬૮૦/- | - |
| ૮ | બિલમણા | ૩૪૦/- | - |
| ૯ | હાલીસા | ૧૬૯૦/- | ૫૦ |
| ૧૦ | નાના જલુન્દ્રા | ૩૪૦/- | - |
| ૧૧ | નવાનગર | ૧૬૩૦/- | ૨૨૦ |
| ૧૨ | ભાદરોડા | ૧૬૨૦/- | ૪૦ |
| ૧૩ | બદપુર | ૩૪૦/- | - |
| ૧૪ | સગદલપુર | ૧૭૧૨/- | ૫૦૦ |
| ૧૫ | ધારીસણા | ૬૮૦/- | - |
| ૧૬ | અગુથલા | ૩૪૦/- | - |
| ૧૭ | વર્ધાના મુવાડા | ૧૬૪૦/- | ૯૦ |
| ૧૮ | વડવાસા | ૩૪૦/- | - |
| ૧૯ | સાણોદા | ૧૦૬૦/- | - |
| ૨૦ | સલકી | ૩૪૦/- | - |
| ૨૧ | જાલીયાનામઠ | ૧૬૩૨/- | ૩૦ |
| ૨૨ | સામેતરી | ૧૬૨૬/- | - |
| ૨૩ | રખીયાલ | ૧૦૮૦૦/- | ૪૭૦ |
| ૨૪ | સાહેબજીના મુવાડા | ૧૬૧૦/- | ૩૦ |
| ૨૫ | મીરજાપુર/મોટીમાછંગ | ૧૫૩૦/- | - |
| ૨૬ | નાનીમાછંગ/ડોડ/વડોદ | ૩૪૦/- | - |
| ૨૭ | પીપલજ | ૧૫૩૦/- | ૩૦ |
| ૨૮ | મેઘરજના મુવાડા | ૩૪૦/- | - |
| ૨૯ | જીંડવા | ૪૩૮૮/- | ૬૫૦ |
| ૩૦ | બાવળાની મુવાડી | ૧૫૭૪/- | - |
| ૩૧ | કલ્યાણજીના મુવાડા | ૧૫૩૦/- | ૮૦ |
| ૩૨ | ખાનપુર | ૧૬૨૬/- | ૪૦ |
| ૩૩ | લીહોડા | ૨૫૫૦/- | - |
| ૩૪ | સાંપા | ૩૦૯૮/- | ૪૫ |
| ૩૫ | અહેમદપુર | ૩૪૦/- | - |
| ૩૬ | નાંદોલ | ૧૩૬૦/- | - |
| ૩૭ | પાલૈયા | ૧૫૬૮/- | ૧૮૦ |
| ૩૮ | મોસમપુર/સુજાના મુવાડા/પહાડીયા | ૩૪૦/- | - |
| ૩૯ | વેલપુરા/મીઠાના મુવાડા/આંતરોલી | ૧૬૬૬/- | ૨૦ |
| ૪૦ | ડુમેચા/થડાકુવા/ખાડીયા | ૧૫૩૦/- | ૩૦ |
| ૪૧ | કડજોદરા | ૬૧૯૧/- | ૪૬૮ |
| ૪૨ | ભગુજીના મુવાડા | ૧૬૦૦/- | ૨૦ |
| ૪૩ | પાટો | ૧૬૦૦/- | ૨૦ |
| ૪૪ | ગલેવા | ૧૬૩૪/- | ૨૪ |
| ૪૫ | નાગજીના મુવાડા | ૧૫૩૦/- | ૨૦ |
| ૪૬ | શિયાવાડા | ૧૫૭૦/- | - |
| ૪૭ | અંતોલી | ૧૬૩૫/- | ૨૪ |
| ૪૮ | લવાડ | ૧૦૨૦/- | - |

| ક્રમ | ગામનું નામ | સને ૨૦૦૨-૨૦૦૩ (રૂપિયા) | સને ૨૦૦૩-૨૦૦૪ (રૂપિયા) |
|---|---|---|---|
| ૪૯ | વાસણા રાઠોડ | ૬૮૦/- | - |
| ૫૦ | હરખજીના મુવાડા | ૬૮૦/- | - |
| ૫૧ | વાસણા સોગઠી | ૧૩૦૦/- | ૧૬૦ |
| ૫૨ | અરજણજીના મુવાડા | ૩૪૦/- | - |
| ૫૩ | મોતીપુરા/નાજુપુરા | ૩૪૦/- | - |
| ૫૪ | મોટીપાવઠી/સામ્બેલા/મહુડીયા | ૧૬૨૦/- | - |
| ૫૫ | દેવકરણના મુવાડા | ૫૮૨૦/- | ૫૨૦ |
| ૫૬ | લાલુજીની મુવાડી | ૧૫૩૦/- | - |
| ૫૭ | કેશરાજીની મુવાડી | ૧૫૪૪/- | ૫૬ |
| ૫૮ | ચિસકારી | ૧૫૮૨/- | - |
| ૫૯ | પાલુન્દ્રા | ૬૮૮૦/- | ૧૩૦ |
| ૬૦ | અમરાજીના મુવાડા | ૬૮૦/- | - |
| ૬૧ | વટવા | ૧૬૫૦/- | - |
| ૬૨ | જીવણજીની મુવાડા/જલુન્દ્રામોટા | ૩૪૦/- | - |
| ૬૩ | ઝાંક | ૧૫૮૦/- | ૫૫૦ |
| ૬૪ | કડાદરા | ૩૦૬૦/- | ૬૦ |
| ૬૫ | હરસોલી | ૭૮૦/- | ૧૬૦ |
| ૬૬ | બારડોલી કોઠી | ૫૧૦૬/- | ૫૭૦ |
| ૬૭ | ક્રિષ્નાનગર કોઠી | ૧૫૩૦/- | ૯૦ |
| ૬૮ | હાથીજણ | ૧૫૩૦/- | - |
| ૬૯ | ઇસનપુર ડોડીયા | ૩૦૦૨/- | ૧૧૦ |
| ૭૦ | બારીયા | ૯૯૬૦/- | ૮૩૦ |
| ૭૧ | ટીમ્બાની મુવાડી | ૨૯૪૦/- | ૧૨૦ |
| ૭૨ | મોચીયાની મુવાડી | ૨૮૧૦/- | ૫૦ |
| ૭૩ | નવાગામ | ૨૮૧૦/- | ૪૦ |
| ૭૪ | બારડોલી બારીયા | ૨૬૪૫/- | - |
| ૭૫ | બહીયલ | ૭૨૩૭/- | ૪૦૫ |
| ૭૬ | શકિતપુરા | ૧૫૩૦/- | - |
| ૭૭ | ભાટઇ | ૧૫૩૦/- | - |
| ૭૮ | કમાલબંધ વાસણા | ૧૫૩૦/- | - |
| ૭૯ | ધમીજ | ૧૬૩૦/- | ૧૨૦ |
| ૮૦ | કરોલી | ૨૩૧૦/- | ૩૨૦ |
| ૮૧ | રામનગર/કોદરાલી | ૩૪૦/- | - |
| ૮૨ | મીરાપુર/કનીપુર | ૩૪૦/- | - |
| ૮૩ | કનીપુર | ૪૨૧૩/- | ૬૪૦ |
| ૮૪ | હીલોલ વાસણા | ૧૫૩૦/- | ૧૭૦ |
| ૮૫ | હીલોલ | ૩૪૦/- | - |
| ૮૬ | શિયાપુર/પાલ્લાનોમાંઢ/પસુનીયા | ૧૨૩૦/- | ૧૦૦ |
| ૮૭ | ડેમાલીયા | ૧૬૦૦/- | ૧૮૦ |
| ૮૮ | ચામલા | ૧૫૮૦/- | ૭૦ |
| ૮૯ | દહેગામ શહેર | ૨૫૨૯૨/- | - |

------------

## દહેગામ તાલુકામાં એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ ધારકો

અતારાંકિત : ૨૪૫૫ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ દહેગામ તાલુકામાં કેટલા કાર્ડ ધારકો હતા,

(૨) આ પૈકી કેટલા એ.પી.એલ. અને કેટલા બી.પી.એલ. કાર્ડ ધારકો હતા, અને

(૩) બી.પી.એલ. અને એ.પી.એલ.ના કેટલા કાર્ડ આપવાના બાકી છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૯-૯-૦૪) :

(૧) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ દહેગામ તાલુકામાં કુલ ૪૮,૯૩૧ કાર્ડ ધારકો હતા.

(૨) આ પૈકી એ.પી.એલ.-૧ ના ૨૪,૬૮૯ એ.પી.એલ.-૨ના ૧૦૯૮ બી.પી.એલ.ના ૨૦૫૯૫ કાર્ડ તથા અંત્યોદય ૨૫૪૯ કાર્ડ ધારકો હતા.

(૩) બી.પી.એલ.ના કોઇ કાર્ડ બાકી નથી, જયારે એ.પી.એલ.ના ૧૪ રેશનકાર્ડ જે તે અરજદારો ન લઇ જતાં આપવાના બાકીમાં છે.

------------

## ગાંધીનગર જિલ્લામાં પેટ્રોલ-ડીઝલમાં ભેળસેળ

અતારાંકિત : ૨૪૬૫ (૧૨-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર શહેર તથા જિલ્લામાં પેટ્રોલ/ડીઝલમાં ભેળસેળ તેમજ ઓછું માપ આપવા અંગેની કેટલી ફરીયાદો ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં મળી છે,

(૨) ફરીયાદોના આધારે કેટલા દરોડા કઇ-કઇ જગ્યાએ પાડવામાં આવ્યા અને વગર ફરીયાદે કેટલા દરોડા કઇ-કઇ જગ્યાએ પાડવામાં આવ્યા,

(૩) ઉપરોક્ત બન્ને પ્રકારના દરોડાઓમાં ક્યા-ક્યા પ્રકારની કઇ-કઇ જગ્યાએ કઇ-કઇ ગેરરીતીઓ પકડાઇ છે,

(૪) જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૫) કેટલા લાયસન્સો રદ કરવામાં આવ્યા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૬-૯-૦૪) :

(૧) પેટ્રોલ-ડીઝલમાં ભેળસેળ તથા ઓછો જથ્થો આપવા સબંધે સને ૨૦૦૨-૨૦૦૩માં બે ફરીયાદ તથા ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં એક ફરીયાદ મળી કુલ ત્રણ ફરીયાદ મળેલ છે.

(૨) **ફરીયાદ આધારે પાડેલ દરોડા :-**

| | |
|---|---|
| ગાંધીનગર શહેર | ૫ |
| ગાંધીનગર તાલુકા | ૨ |
| | **૭** |

**ફરીયાદ વગર પાડેલ દરોડા :-**

| | |
|---|---|
| ગાંધીનગર શહેર | ૧૪ |
| ગાંધીનગર તાલુકા | ૩૫ |
| કલોલ તાલુકા | ૧૭ |
| માણસા તાલુકા | ૦૮ |
| દહેગામ તાલુકા | ૦૫ |
| | **૭૯** |

(૩) ગાંધીનગર તાલુકામાં એક તથા કલોલ તાલુકામાં એક દરોડામાં ડીઝલનો જથ્થો નિયત ગુણવત્તાવાળો જણાયેલ નથી. બાકીના દરોડાઓમાં પેટ્રોલ-ડીઝલના હાજર જથ્થામાં વધ-ઘટ, બોર્ડ નહીં રાખવું, સ્ટોકપત્રકે સાચા હિસાબો નહીં લખવા જેવી ક્ષતિઓ-ગેરરીતીઓ પકડાઇ છે.

(૪) **કુલ સીઝ કરેલ જથ્થો :-**

| | **જથ્થો લી.** | **કિંમત રૂા.** |
|---|---|---|
| પેટ્રોલ | ૧૧,૨૮૯ લી. | ૩૭૭૭૦૬ |
| ડીઝલ | ૩૯,૯૯૨ લી. | ૮૭૬૦૧૪ |
| | | **૧૨,૫૩,૮૨૦** |

**તે પૈકી રાજ્યસાત કરેલ જથ્થો :-**

| | | |
|---|---|---|
| પેટ્રોલ | ૪૧૩ લી. | ૧૨,૮૯૭ |
| ડીઝલ | ૨૦,૩૩૩ | ૩,૯૭,૧૨૫ |
| | | **૪,૧૦,૦૨૨** |

**ખાતારાહે પગલાં લઇ બે પરવાના રદ કરાયા હતા.**

(૧) રૂા.૧૩,૬૦૦ અનામત રાજ્યસાત.

(૨) એક કેસમાં અટકાયત.

(૫) ૨ (બે) પરવાના રદ કરાયા હતા.

-------------

**નવસારી જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષો કાપવાના તેમજ લાકડા ચોરીના બનાવો**

અતારાંકિત : ૨૫૧૧ (૩૧-૭-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ ગેરકાયદેસર વૃક્ષો કાપવાના તેમજ લાકડાની ચોરી અંગેના કેટલા બનાવો નોંધાયા,

(૨) આ બનાવોમાં પકડાયેલ શખ્શો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) આ બનાવોમાં વન વિભાગના કેટલા કર્મચારીઓ સામેલ હોવાનું જણાયું, અને

(૪) તેઓની સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**વન મંત્રીશ્રી** (૨૧-૯-૦૪) :

(૧) ગેરકાયદેસર વૃક્ષો કાપવાના કુલ-૩૪૦ તેમજ લાકડાની ચોરી અંગેના કુલ-૨૧૫ ગુન્હા નોંધવામાં આવેલ છે.

(૨) આ બનાવોમાં સંડોવાયેલા શખ્શો સામે ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

(૩) આ બનાવોમાં વન વિભાગના કોઇપણ કર્મચારી સામેલ હોવાનું જણાયેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ગાંધીનગર જિલ્લામાં નર્સરીઓનું ભાડુ**

અતારાંકિત : ૨૫૨૩ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નર્સરીઓ સરકારી જમીનમાં અને કેટલી નર્સરીઓ ખાનગી જમીનમાં બનાવવામાં આવી છે,

(૨) ખાનગી જમીનમાં જે નર્સરીઓ બનાવવામાં આવી છે તે જમીનનું ભાડું કઇ રીતે ચૂકવવામાં આવે છે,

(૩) ખાનગી જમીન માલિકોને કેટલું જમીન ભાડું ચૂકવવામાં આવ્યું છે, અને

(૪) કેટલા અને ક્યા-ક્યા ખાનગી જમીન માલિકોને ભાડું ચુકવવાનું બાકી છે ?

**વન મંત્રીશ્રી** (૩૧-૮-૦૪) :

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિગતે સરકારી જમીનમાં કુલ ૧૯ અને ખાનગી જમીનમાં ૧ મળી કુલ ૨૦ નર્સરીઓ બનાવવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | સરકારી જમીનમાં બનાવેલ નર્સરી | ખાનગી જમીનમાં બનાવેલ નર્સરી | કુલ |
|---|---|---|---|
| કલોલ | ૩ | - | ૩ |
| માણસા | ૩ | ૧ | ૪ |
| દહેગામ | ૫ | - | ૫ |
| ગાંધીનગર | ૮ | - | ૮ |
| **કુલ :** | **૧૯** | **૧** | **૨૦** |

(૨) પ્રતિ બેડ દીઠ ચૂકવવામાં આવે છે.

(૩) પ્રશ્નના ખંડ (૧) અન્વયે કુલ રૂ.૧૭,૨૮૦/-.

(૪) હાલની સ્થિતિએ એકપણ નહીં.

-------------

**કચ્છમાં મેડિકલ કોલેજોની જાહેરાત**

અતારાંકિત : ૨૩૪૬ (૨૮-૬-૦૪) **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તાજેતરમાં કચ્છમાં મેડીકલ કોલેજની જાહેરાત થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ મેડીકલ કોલેજ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૫-૧૧-૦૪) :

(૧) હા, જી.

(૨) આ અંગેની આનુષંગિક કાર્યવાહી કરવામાં આવી રહી છે. વિધિસર નિર્ણયની પ્રક્રિયા વિચારણા હેઠળ છે.

------------

**રાજ્યમાં બોન્ડેડ ડોકટરોને ગ્રામ્ય વિસ્તારમાં ફરજ પર હાજર થવા બાબત**

અતારાંકિત : ૨૩૮૩ (૭-૭-૦૪) **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા બોન્ડેડ ડોકટરોને ગ્રામ્ય વિસ્તારમાં ફરજ ઉપર હાજર કર્યા,
(૨) જે તબીબો ગ્રામ્ય વિસ્તારમાં નોકરી પર હાજર થયા નથી, તેઓના બોન્ડ વસુલ કરવા શી કાર્યવાહી કરી,
(૩) તેમાંથી કેટલી રકમ પ્રાપ્ત થઇ, અને કેટલી રકમ બાકી છે, અને
(૪) આ બાકી રકમ મેળવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૬-૯-૦૪) :

(૧) ૧૧૪૩.
(૨) બોન્ડ વસુલાત અંગે મામલતદારશ્રી (વસુલાત)ની ખાસ જગ્યા ઉભી કરવામાં આવેલ છે. મામલતદારશ્રી (વસુલાત) દ્વારા પ્રથમ સાદી નોટીસથી અને ત્યારબાદ બાકીદાર તથા જામીનદારને જમીન મહેસૂલ કાયદાની કલમ-૧૫૨ તેમજ ૧૫૪ મુજબ નોટીસ આપી તાકીદ આપવામાં આવે છે, તેમજ મિલકતની જપ્તી/હરાજી કરી રકમ વસુલ લેવાની આખરી સુચના પણ આપવામાં આવે છે. વસુલાતની કાર્યવાહીના ભાગરુપે દૈનિક સમાચાર પત્રોમાં "જાહેર સુચના"માં મથાળેથી તબીબોને નોટીસ આપી રકમ જમા કરાવવા તાકીદ કરવામાં આવે છે. આમ છતાં રકમ ના ભરે તો પોલીસની મદદ લઇ બોન્ડ વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
(૩) રૂા.૬,૩૦,૧૭,૫૦૦/- (છ કરોડ, ત્રીસ લાખ, સત્તર હજાર પાંચસો)ની રકમ પ્રાપ્ત થઇ. અને રૂા.૧૧,૮૯,૦૫,૦૦૦/- (અગિયાર કરોડ, નેવ્યાશી લાખ, પાંચ હજાર)ની રકમ બાકી છે.
(૪) આ બાકી રકમની વસુલાત અંગે કાર્યવાહી ચાલુ છે.

------------

**જામનગરની આયુર્વેદ યુનિવર્સીટીમાં કર્મચારીઓની ભરતી થવા બાબત**

અતારાંકિત : ૨૪૬૮ (૨૧-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) :માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગરની આયુર્વેદ યુનિવર્સીટીમાં કેલેન્ડર વર્ષ ૨૦૦૩માં કુલ કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવી,
(૨) આ ભરતીમાં ભ્રષ્ટાચાર થયાની રજુઆત સરકારને મળી છે કે કેમ,
(૩) જો હા, તો સરકાર આ બાબતે સી.આઇ.ડી. ક્રાઇમને તપાસ સોંપવા માંગે છે કે કેમ, અને
(૪) ભ્રષ્ટાચાર કરનાર સામે સરકાર શું પગલાં લેવા માંગે છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૩-૯-૦૪) :

(૧) ગુજરાત આયુર્વેદ યુનિવર્સીટીમાં, જામનગરમાં તા.૧.૧.૨૦૦૩ થી તા.૩૧.૧૨.૨૦૦૩સુધીમાં નીચે મુજબ જગ્યાઓ ભરવામાં આવેલ છે.

| **અ.નં.** | **જગ્યાનું નામ** | **વર્ગ** | **સંખ્યા** |
|---|---|---|---|
| ૧. | રીડર | ૧ | ૧ |
| ૨. | લેકચરર | ૨ | ૩ |
| ૩. | પટાવાળા, ચોકીદાર એટેન્ડન્ટ સ્વીપર વિગેરે | ૪ | ૬૧ |
| | | | **કુલ : ૬૫** |

(૨) હા, જી.
(૩) ના, જી.
(૪) તપાસ પૂર્ણ થયેથી વિગતવાર તપાસ અહેવાલ સરકારશ્રીને મળ્યેથી પગલાં લેવામાં આવશે.

------------

**નવસારી જિલ્લામાં આયુર્વેદિક દવાખાનાની ડાંકટરોની ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૫૧૨ (૩૧-૭-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા ગામોમાં આયુર્વેદિક દવાખાના ચાલુ છે અને કેટલા આયુર્વેદિક ડાંકટરોની જગ્યાઓ ખાલી છે, અને
(૨) આ જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૨૩-૯-૦૪) :

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૬ ગામોમાં આયુર્વેદિક દવાખાના ચાલુ છે. જેમાં ૧૩ ડૉક્ટરોની જગ્યા ખાલી છે. દવાખાનાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ગામનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧. | ધારાગીરી | નવસારી |
| ૨. | પેરા | નવસારી |
| ૩. | મરોલી | જલાલપોર |
| ૪. | તવડી | જલાલપોર |
| ૫. | આયુ.ઓ.પી.ડી. નવસારી | નવસારી |
| ૬. | વલોટી | ગણદેવી |
| ૭. | ધકવાડા | ગણદેવી |
| ૮. | પાટી | ચીખલી |

| ક્રમ | ગામનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૯. | સુરખાઇ | ચીખલી |
| ૧૦. | ઢોલુમ્બર | ચીખલી |
| ૧૧. | કાકડવેલ | ચીખલી |
| ૧૨. | બોડવાંક | ચીખલી |
| ૧૩. | ભીનાર | વાંસદા |
| ૧૪. | પ્રતાપનગર | વાંસદા |
| ૧૫. | વાંગળ | વાંસદા |
| ૧૬. | માંડવખડક | ચીખલી |

તે પૈકીની ત્રણ જગ્યાઓ ભરાયેલ છે.

(૨) જેમ બને તેમ જલ્દીથી.

------------

**પોલીસ સબ ઇન્સ્પેકટરમાંથી પ્રમોશન માટેની ઇન્સ્પેકટરની જગ્યામાં અનામતની નીતિ અનુસાર ખાલી જગ્યાઓ**

અતારાંકિત : ૨૪૦૯ (૧૪-૭-૦૪) **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના પોલીસ સબ ઇન્સ્પેકટરોમાંથી ઇન્સ્પેકટરોમાં પ્રમોશન આપવા પાત્ર કેટલી જગાઓ તા.૩૧.૫.૦૪ની સ્થિતિએ ખાલી છે, અને

(૨) આમાંથી અનામતની નીતિ અનુસાર પ્રમોશનને પાત્ર કેટલી જગ્યાઓ ખાલી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૩-૯-૦૪) :

(૧) ૩૬ જગ્યાઓ.

(૨) અનામતની નીતિ મુજબ ખાલી જગ્યા આધારીત રોસ્ટરના બદલે જગ્યા આધારીત રોસ્ટર નીતિ અમલમાં છે. જેથી પો.ઇ.ની ૩૬ ખાલી જગ્યાઓ તદ્અનુસાર ભરવાની રહે છે પણ હાલમાં પોલીસ ઇન્સ્પેકટર સંવર્ગમાં અનુ. જનજાતિ ૧૬ તથા અનુ. જાતિના ૧૪ની ઘટ છે.

------------

**અમદાવાદ-વડોદરા-ભરૂચ નેશનલ હાઇવે ઉપર અકસ્માતના બનાવો**

અતારાંકિત : ૨૪૯૫ (૯-૮-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ-વડોદરા-ભરૂચ નેશનલ હાઇવે પર કેટલા અકસ્માતોના કુલ કેટલા બનાવો બન્યા,

(૨) આ અકસ્માતોમાં કેટલા વ્યક્તિઓએ જાન ગુમાવ્યા,

(૩) આ અકસ્માતો થવાના કારણો શાં છે, અને

(૪) સરકારે અકસ્માતો રોકવા અંગે શાં પગલાં ભર્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૩-૯-૦૪) :

(૧) કુલ-૨૦૬૨ અકસ્માતો.

(૨) કુલ-૩૧૬ વ્યક્તિ.

(૩) અકસ્માતનાં કારણો.

  (૧) ડ્રાઇવરની બેદરકારી અને પુરઝડપના કારણે.
  (૨) રોડ એન્જીનીયરીંગની ખામી.
  (૩) વાહનની આંતરિક ખામી.
  (૪) હવામાનની પરિસ્થિતિ.
  (૫) કેપીસીટી કરતાં વધારે પડતા વજનનું વહન.
  (૬) તીવ્ર હેડ લાઇટ.
  (૭) રોડ ઉપરના તીવ્ર વળાંક.

(૪) અકસ્માત રોકવાનાં પગલાં.

  (૧) ટ્ર ાફિક સપ્તાહની ઉજવણી.

(૨) શાળા/કોલેજોના વિદ્યાર્થીઓને ટ્રાફિક જાગૃતિ માટે શિક્ષણ આપવામાં આવે છે.
(૩) ડ્રાઇવરોના આઇ કેમ્પ રાખવામાં આવે છે.
(૪) સામાજિક સંસ્થા, સેવાભાવી સદગૃહસ્થો દ્વારા અને સરકારશ્રીના સંકલની ટ્રાફિક જાણકારી, જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.
(૫) અકસ્માતમાં ઇજા પામનારાઓને ત્વરિત સારવાર મળે તે માટે એમ્બ્યુલન્સ અને ક્રેનની વ્યવસ્થા છે.
(૬) અકસ્માતમાં ભોગ બનનારાઓને તાત્કાલિક મદદ મળી રહે તે માટે પોલીસ પેટ્રોલીંગ અને ટ્રાફિક એઇડ પોસ્ટમાં સંદેશા વ્યવહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
(૭) કાયદાના અમલીકરણ માટે પોલીસ પેટ્રોલીંગ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.
(૮) રોડ એન્જીનીયરીંગ માટે જરૂરી સૂચનો અધિકારીશ્રીઓને મોકલવામાં આવે છે. અને અમલીકરણ માટે કાર્યવાહી કરવામાં આવે છે.

------------

## જામનગર જિલ્લામાં ગેરકાયદેસર ખનીજ વહન કરતા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીઓ દ્વારા પકડવામાં આવેલ વાહનો

અતારાંકિત : ૨૩૨૧ (૧૬-૮-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીઓ દ્વારા ગેરકાયદેસર ખનીજ વહન કરતા કેટલા વાહનો છેલ્લા બે વર્ષમાં તા.૩૧.૩.૨૦૦૪ સુધીમાં ડીટેઇન કરવામાં આવ્યા,
(૨) તે અન્વયે ગુનેગારો પાસેથી કેટલી રકમની પેનલ્ટી વસૂલ કરવામાં આવી,
(૩) ડીટેઇન કરેલા વાહનો કેટલા સમય માટે ડીટેઇન કરવામાં આવ્યા,
(૪) કેટલા વાહનો પેનલ્ટી વસૂલ કર્યા વિના છોડી મૂકવામાં આવ્યા,
(૫) આમાં એકથી વધુ વખત પકડાયેલા ઇસમો કેટલા છે, અને
(૬) વારંવારની રોયલ્ટી ચોરી રોકવા સરકાર કોઇ સખત પગલાં ભરવા માગે છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૧૭-૯-૦૪) :

(૧) જામનગર જિલ્લામાં જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી દ્વારા ગેરકાયદેસર ખનીજ વહન કરતા છેલ્લા બે વર્ષમાં કુલ-૧૨૦ વાહનો ડીટેઇન કરવામાં આવ્યા.
(૨) તે અન્વયે કસુરદારો પાસેથી રૂા.૪,૭૨,૦૦૦/- સમાધાન પેટે વસુલ કરવામાં આવ્યા.
(૩) ડીટેઇન કરેલા વાહનો કસુરદારો પાસેથી સમાધાનની રકમ વસુલાત સુધીના સમય માટે ડીટેઇન કરવામાં આવ્યા.
(૪) કોઇપણ વાહન પેનલ્ટી વસુલ કર્યા વિના છોડી મૂકવામાં આવ્યા નથી.
(૫) એકથી વધુ વખત પકડાયેલ ઇસમો શૂન્ય છે.
(૬) વારંવાર રોયલ્ટી ચોરી અટકાવવા એમ.એમ.ડી.આર.એક્ટ-૧૯૫૭ અને ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ની જોગવાઇઓ અનુસાર કોર્ટ કેસ, ખનિજ કિંમત વસુલાત કે સમાધાન કિંમત વસુલાતના પગલાઓ લેવામાં આવે છે.

જ્યારે કસુરદાર કેસ સમાધાન માટે વિનંતી કરે ત્યારે સમાધાન પેટે ખનિજ કિંમત અને રોયલ્ટી વસુલવામાં આવે છે. એકથી વધુ વખત પકડાય ત્યારે ખનિજ કિંમત - જેટલામો ગુનો હોય તેટલા ગણી રોયલ્ટી સમાધાન પેટે વસુલ કરવામાં આવે છે.

ઉપરાંત આઇ.પી.સી.-૩૭૯ હેઠળ ખનિજ ચોરીનો કેસ કરવાની પણ જોગવાઇ છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોની નોંધણી

અતારાંકિત : ૨૩૦૮ (૨-૭-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૦.૪.૦૨ થી તા.૩૧.૩.૦૪ સુધીમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની નોંધણી કરવામાં આવી,
(૨) તે પૈકી કેટલા બેરોજગારોને નોકરી આપવામાં આવી, અને
(૩) ઉપરોક્ત સમય દરમ્યાન ઇન્ટરવ્યુ માટે નામો મોકલાવેલ હોય અને નોકરી ન મળેલ હોય તેવા કેટલા બેરોજગારો છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૩-૯-૦૪) :

(૧) શિક્ષિત ૧૮૭૯૮

અર્ધ શિક્ષિત ૨૫૯૯
**કુલ : ૨૧૩૯૭**

(૨) ૨૯૮૨.
(૩) ૨૫૯૭.

------------

**ગાંધીનગર જિલ્લામાં અકસ્માત વળતરના પડતર કેસો**

અતારાંકિત : ૨૩૯૩ (૧૫-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧.૩.૨૦૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેર અને જિલ્લામાં અકસ્માત વળતરના કેટલા કેસોમાં કેટલું વળતર આપવામાં આવ્યું, અને
(૨) કેટલા કેસો પડતર છે ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી** (૮-૯-૦૪) :

(૧) કુલ ૩૨૭ કેસોમાં રૂા. ૧,૮૮,૧૨,૨૦૨ નું વળતર આપવામાં આવ્યું.
(૨) ૪૭૯૧

------------

**હળવદ અને મૂળી તાલુકામાં ચેકડેમ અને સંગ્રહ તળાવોની મરામત દરખાસ્તો**

અતારાંકિત : ૨૧૯૩ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) હળવદ-મૂળી તાલુકામાં તા. ૩૧.૩.૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમો અને સંગ્રહ તળાવોની મરામત કામગીરી હાથ ધરવામાં આવી, અને
(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપતિ મંત્રીશ્રી** :(૧૧-૯-૦૪):

(૧) હળવદ-મૂળી તાલુકામાં તા. ૩૧.૩.૦૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એક પણ ચેકડેમો અને સંગ્રહ તળાવોની મરામત કામગીરી હાથ ધરવામાં આવી નથી.
(૨) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

------------

**જામનગર તાલુકાના સરમત બંધને નવસાધ્ય કરવા અંગે**

અતારાંકિત : ૨૩૬૨ (૨૧-૬-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર તાલુકાના સરમત ગામે સરમત બેરાજની નવસાધ્ય યોજનામાં બંધની ઉંચાઈ ઓછી હોવાથી દરીયાનું ખારુ પાણી બંધ ઉપર થઈને મીઠા પાણીને દૂષિત કરે છે તે સરકાર જાણે છે,
(૨) આ ટેકનિકલી ડીફેકટીવ બંધ બાંધવામાં ક્ષતિ રાખીને ફરજમાં બેદરકારી દાખવનાર અધિકારી/કર્મચારી સામે સરકારે શી કાર્યવાહી કરી, અને
(૩) હવે કેટલા સમયમાં આ બંધની ઊંચાઈ વધારીને તેનો લાભ ગ્રામજનોને મળતો થશે ?

**જળસંપતિ મંત્રીશ્રી** (૨૨.૯.૦૪) :

(૧) જામનગર તાલુકાના સરમત ગામે બાંધવામાં આવેલ સરમત ખારા બેરાજ નવસાધ્ય યોજનાનું ભરપેટ સપાટી લેવલ મહત્તમ ભરતી લેવલ કરતાં ૦.૬૦ મીટર ઊંચુ રાખવામાં આવેલ હોવાથી દરીયાનું ખારુ પાણી બંધ ઉપર થઈને મીઠા પાણીને દૂષિત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨) અને (૩) ઉપર આપેલ જવાબ-૧ જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ગાંધીનગર જિલ્લામાં પાણી પુરવઠા યોજનાઓ**

અતારાંકિત : ૨૩૬૮ (૨૦-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ જુથ પાણી પુરવઠા યોજનાની કયા કયા તાલુકામાં કેટલી ને કઇ કઇ યોજનાઓ કાર્યવંત છે,
(૨) જે પૈકી કેટલા અને કયા કયા ગામોને પાણી આપવામાં આવે છે, અને
(૩) દહેગામ તાલુકા માટે કોઇ નવી યોજના બનાવવામાં આવેલ છે કે કેમ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૭.૯.૦૪) :

(૧) એકપણ નહીં.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) હા, જી.

------------

**ગાંધીનગર જિલ્લામાં હેન્ડપંપોની મરામત**

અતારાંકિત : ૨૩૭૧ (૨૦-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧.૫.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેન્ડપંપો બગડેલી હાલતમાં હતા,
(૨) તે પૈકી તાલુકાવાર વર્ષવાર કેટ-કેટલા હેન્ડપંપોની મરામત કામગીરી હાથ ધરવામાં આવી,
(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને
(૪) તે પૈકી કેટલા હેન્ડપંપોની મરામત હજુ બાકી છે અને તેના કારણો શાં છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૬-૯-૦૪) :

(૧) એકપણ નહી.
(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ગાંધીનગર જિલ્લા માટે નાની અને મધ્યમ સિંચાઇ યોજનાઓ માટે દરખાસ્તો**

અતારાંકિત : ૨૪૩૮ (૨૦-૬-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ક્યા ક્યા નવા/સલામત તબક્કાવાળા, ચેકડેમો, અનુશ્રવણ તળાવ, પરલોકેશન ડેમો, નાની અને મધ્યમ સિંચાઇની દરખાસ્ત વર્ષ ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ માં કરવામાં આવી છે,
(૨) આમાંથી કઇ કઇ યોજનાઓને સરકારે તા.૩૧.૩.૨૦૦૪ સુધીમાં મંજુરી આપી અને મંજુર થયેલ યોજના વાઇઝ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો, અને
(૩) સરકારે આ માટે ૨૦૦૩-૨૦૦૪માં કેટલી ગ્રાન્ટ ફાળવી છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૮-૯-૦૪) :

(૧) વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં કોઇ દરખાસ્ત કરેલ નથી. ૨૦૦૩-૨૦૦૪માં દહેગામ તાલુકાના જાલીયામઠ ગામે તળાવની સંરક્ષણ દિવાલ બનાવવા નાણાંકીય જોગવાઇની દરખાસ્ત વિચારણા હેઠળ છે.
(૨) ખંડ-૧, માં જણાવેલ કામ માટે રૂા.૬.૫૦ લાખની રકમની સૈધ્ધાંતિક મંજુરી આપેલ છે.
(૩) ગ્રાન્ટ ફાળવેલી નથી.

-------------

**દહેગામ તાલુકામાં સરદાર પટેલ જળસંચય યોજના હેઠળના કામો**

અતારાંકિત : ૨૪૩૯ (૨૬-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં સરદાર પટેલ જળસંચય યોજના હેઠળ કેટલી રકમના કેટલા કામો હાથ ધરવાની દરખાસ્ત આવી,
(૨) આ પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને
(૩) કેટલા ચેકડેમો માટે કેટલી રકમ સરકાર દ્વારા ફાળવવામાં આવી ?

**જળસંપતિ મંત્રીશ્રી** (૧૭-૯-૦૪) :

(૧) તા.૩૦.૬.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દહેગામ તાલુકામાં રૂા.૧૨.૯૩ લાખના ચેકડેમના કામો હાથ ધરવા માટે કુલ-૮ દરખાસ્ત આવી.
(૨) છ દરખાસ્તો મંજુર કરવામાં આવી.
(૩) બદપુર ગામે ચેકડેમના કામો રૂા.૧.૨૪ લાખ ફાળવવામાં આવેલ છે.

-------------

## ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ હેન્ડપંપો

અતારાંકિત : ૨૪૫૮ (૨૦-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧.૫.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નવા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા,

(૨) કેટલા હેન્ડપંપો કાર્યરત કરવામાં આવ્યા,

(૩) તેની પાછળ કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો, અને

(૪) મંજૂર થયેલા હેન્ડપંપો પૈકી કેટલા હેન્ડપંપો હજી કાર્યરત કરવામાં આવેલ નથી ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૬-૯-૦૪) :

(૧) એકપણ નહી.

(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ગાંધીનગર જિલ્લામાં મંજૂર થયેલ હેન્ડપંપો

અતારાંકિત : ૨૪૮૩ (૪-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાદીઠ સન ૨૦૦૪-૦૫ના વર્ષમાં કેટલા ગામોનો નોસોર્સ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૨) આ ગામો પૈકી કેટલા ગામો માટે પાણી પુરવઠા યોજના મંજૂર થયેલ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૭-૯-૦૪) :

(૧) એકપણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં નવસારી જિલ્લામાં રસ્તા માટે ફાળવેલ ગ્રાન્ટ

અતારાંકિત : ૨૫૧૫ (૩૧-૭-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે સને ૨૦૦૩-૦૪ના વર્ષ માટે નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી ક્યા ક્યા રસ્તાઓના કામો ચાલુ કરવામાં આવ્યા ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૮-૯-૦૪) :

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં સને ૨૦૦૩-૦૪ના વર્ષમાં નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૨-૦૩માં ફાળવેલ ગ્રાન્ટ પૈકી વણવપરાયેલ રૂા.૯૭.૩૨ લાખ અને વર્ષ ૨૦૦૩માં ફાળવેલ રૂા.૧૪૧.૦ લાખ સાથે કુલ ૨૩૮.૩૨ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી. ગ્રાન્ટની તાલુકાવાર કે રસ્તાવાર ફાળવણી કરવામાં આવતી નથી.

(૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી નીચેના રસ્તાઓના કામો કરવામાં આવેલ.

૧. આછવણી કોલ ફળીયા.
૨. ટાંકલ પહાડ ફળીયા.
૩. વાંગણ ખોરા ફળીયા.
૪. પનાર નવા હળપતીવાસ.
૫. ધનોરી નવી નગરી હળપતીવાસ.
૬. સાતેમ રામનગર.

-------------

## ચીખલી તાલુકામાં પાકા રસ્તાથી વંચિત ગામો

અતારાંકિત : ૨૫૧૬ (૩૧-૭-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લાનાં ચીખલી તાલુકામાં કેટલા અને કયા-કયા ગામો પાકા રસ્તાથી વંચિત છે, અને

(૨) આ ગામોને પાકા રસ્તાથી કયારે જોડવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૮-૯-૦૪) :

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન રહેતો નથી.

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રી વિરૂધ્ધ ફરીયાદો

અતારાંકિત : ૨૧૬૧ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૪ની સ્થિતિએ બે વર્ષમાં તાલુકાવાર તલાટી કમ મંત્રીઓ વિરૂધ્ધમાં કેટલી ફરીયાદો મળી,

(૨) આ ફરિયાદો કેવા પ્રકારની મળેલ છે, અને

(૩) આવા તલાટીઓ સામે સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**પંચાયત મંત્રીશ્રી** (૫-૧૦-૦૪) :

(૧)

| | | |
|---|---|---|
| (૧) | પારડી - | ૨ |
| (૨) | ચોટીલા - | ૬ |
| (૩) | લખતર - | ૩ |
| (૪) | ચુડા - | ૨ |
| (૫) | હળવદ - | ૪ |
| (૬) | ધ્રાગધ્રા - | ૧ |
| (૭) | લીંબડી - | ૩ |
| (૮) | વઢવાણ - | ૧ |
| (૯) | મુળી - | ૧ |
| | **કુલ :** | **૨૩ (ત્રેવીસ)** |

(૨) ફરજમાં અનિયમિતતા, ગેરરીતિ, કામગીરીમાં બેદરકારી વિગેરે અંગેની ફરીયાદો મળેલ છે.

(૩) નિયમાનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.

------------

## દહેગામ તાલુકામાં તલાટી-કમ-મંત્રી વિરુધ્ધ ફરીયાદ

અતારાંકિત : ૨૩૭૨ (૭-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ દહેગામ તાલુકામાં તલાટી-કમ-મંત્રીઓ વિરુધ્ધ કેટલી ફરિયાદો મળી છે,

(૨) આ ફરિયાદો કેવા પ્રકારની અને કયા-કયા તલાટીઓ વિરુધ્ધ મળેલ છે, અને

(૩) આવા તલાટીઓ સામે સરકારે શી કાર્યવાહી કરી છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૬-૯-૦૪) :

(૧) ૬ (છ)

(૨)

| ત. ક. મ. નો સેજો | | ફરીયાદની વિગત |
|---|---|---|
| (૧) | દેવકરણના મુવાડા | |
| (૨) | હાથીજણ. | |
| (૩) | પાટના કુવા | વહીવટી ક્ષતિઓ અંગેની ફરીયાદો મળેલ છે. |
| (૪) | કડજોદરા. | |
| (૫) | કડજોદરા | |
| (૬) | નાદોલ | |

(૩) તપાસ અને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------------

## ગાંધીનગર જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૨૪૧૯ (૭-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧.૫.૦૪ની સ્થિતિએ તાલુકાવાર તલાટી કમ મંત્રીની કુલ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**પંચાયત મંત્રીશ્રી** (૭-૧૦-૦૪) :

(૧) તાલુકાવાર નીચે મુજબ તલાટી કમ મંત્રીની જગ્યાઓ ખાલી છે.

| ક્રમ | તાલુકા નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | ગાંધીનગર | ૭ |
| ૨. | દહેગામ | ૧૬ |
| ૩ | કલોલ | ૧૨ |
| ૪. | માણસા | ૨૩ |
| | **કુલ :-** | **૫૮** |

**ખાલી જગાની તાલુકાવાર/વર્ષવાર માહિતી નીચે મુજબ છે.**

| વર્ષ | ગાંધીનગર | દહેગામ | કલોલ | માણસા | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૦૦૧ | ૩ | - | ૧ | ૧૨ | ૧૬ |
| ૨૦૦૨ | ૧ | ૬ | ૧ | ૧ | ૯ |
| ૨૦૦૩ | ૩ | ૧૦ | ૯ | ૬ | ૨૮ |
| ૨૦૦૪ | - | - | ૧ | ૪ | ૫ |
| **કુલ :** | **૭** | **૧૬** | **૧૨** | **૨૩** | **૫૮** |

(૨) જેમ બને તેમ જલ્દી

-----------

## ગાંધીનગર જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ લાભ

અતારાંકિત : ૨૪૩૪ (૪-૭-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં વોટરશેડના પ્રોજેકટ કયા કયા તાલુકામાં ચાલે છે,
(૨) દરેક તાલુકા પ્રમાણે તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઇ કઇ સંસ્થાઓના કુલ કેટ કેટલા પ્રોજેકટ મંજુર કરવામાં આવેલ છે, અને
(૩) આમાં તાલુકા પ્રમાણે કુલ કેટ કેટલો ખર્ચ થયો તથા કેટલાને પાણીનો લાભ મળે છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૨૩.૮.૦૪) :

(૧) દહેગામ તાલુકામાં વોટર શેડ પ્રોજેકટ ચાલે છે.
(૨) - દહેગામ તાલુકામાં વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં વોટરશેડ પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ છે. આ પ્રોજેકટના અમલીકરણની કામગીરી તાલુકા પંચાયત, દહેગામને સુપ્રત કરવામાં આવેલ છે.
- બાકીના તાલુકાઓમાં કોઇ વોટરશેડ પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ નથી.
(૩) તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ કોઇ ખર્ચ થયેલ નથી.

------------

## જામનગર જિલ્લામાં ગ્રામ્યહાટ દ્વારા આર્થિક ઉપાર્જન

અતારાંકિત : ૨૪૭૫ (૨૧-૭-૦૪) **ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧.૩.૦૪ની સ્થિતિએ કુલ કેટલા ગ્રામ્ય હાટ કાર્યરત છે, અને
(૨) તા. ૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલું આર્થિક ઉપાર્જન ઉકત ગ્રામહાટ મારફતે કરવામાં આવેલ છે. ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧-૧૦-૦૪) :

(૧) જામનગર ખાતે એક તથા હર્ષદ (ગાંધવી)ખાતે એક એમ-કુલ -બે ગ્રામ હાર્ટ કાર્યરત છે.
(૨) તા. ૩૧.૩.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ આર્થિક ઉપાર્જન ગ્રામહાટ મારફત કરવામાં આવેલ છે.

| ગ્રામહાટ | તા.૧.૪.૦૨ થી તા.૩૧.૩.૦૩ સુધી | તા.૧.૪.૦૩ થી ૩૧.૩.૦૪ સુધી (રૂપિયા) |
|---|---|---|
| જામનગર | નીલ | ૯૬૩૫/- |
| હર્ષદ | નીલ | ૨૯૨૦૦/- |
| **કુલ :** | - | **૩૮૮૩૫/-** |

------------

## ભરૂચ તાલુકામાં ગૌચરની જમીન ઉપર દબાણ

અતારાંકિત : ૨૪૯૭ (૩૧-૭-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ભરૂચ તાલુકાના મકતમપુર ગામની સર્વે નં. ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૫, ૧૨૬ અને ૧૨૭ની ગૌચર જમીન દરેક નંબરની કેટકેટલી છે,

(૨) આ ગૌચર જમીનમાં કયા કયા નંબરોમાં કેટલા વર્ષથી દબાણ કરવામાં આવેલ છે,

(૩) આ દબાણ કરનારા ધ્વારા આ જમીનનો શો ઉપયોગ કરવામાં આવેલ છે.

(૪) આ ગૌચર જમીનો કોણે કોણે દબાણ કરી છે, અને

(૫) સરકાર આ દબાણો કેટલા સમયમાં દૂર કરવા માગે છે.?

**પંચાયત મંત્રીશ્રી** (૨૨-૯-૦૪) :

(૧) પ્રશ્નમાં દર્શાવેલ તમામ સર્વે નંબરોની જમીનો ખાનગી માલીકીની હોઇ ગૌચરના ક્ષેત્રફળનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) થી (૫) દબાણ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સાબરકાંઠા કલેકટરના તાબાની ઓફિસોમાં ખાલી જગાઓ

અતારાંકિત : ૨૦૬૮ (૨૧-૭-૦૪) **શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર):માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સાબરકાંઠા જિલ્લામાં કલેકટરના તાબા નીચે આવતી ઓફિસોમાં તા. ૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગાઓ કયારથી ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

**મહેસુલ મંત્રીશ્રી** (૨૨-૯-૦૪) :

(૧) તા. ૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ સંવર્ગવાર નીચે મુબજની જગ્યાઓ ખાલી છે.

| | | |
|---|---|---|
| (૧) | નાયબ મામલતદાર વર્ગ-૩ | ૦૦ |
| (૨) | કલાર્ક | ૪૭ |
| (૩) | કારકુન કમ ટાઈપીસ્ટ | ૧૧ |
| (૪) | ટાઈપીસ્ટ | ૦૭ |
| (૫) | પટાવાળા (વર્ગ-૪) | ૦૨ |

(૨) આ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગતિમાં છે.

------------

## રાજ્યમાં વાડા સંહિતા અમલ અંગે

અતારાંકિત : ૨૧૦૯ (૨૧-૭-૦૪) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં વાડા સંહિતાનો અમલ તા. ૩૧.૧૦.૯૯થી બંધ કરવામાં આવ્યો છે એ વાત સાચી છે,

(૨) બંધ કરવાના શા કારણો છે, અને

(૩) સરકાર વાડા સંહિતાનો અમલ ફરી શરુ કરવા માંગે છે કે કેમ?

**મહેસુલ મંત્રીશ્રી** (૨-૯-૦૪) :

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વાડા સંહિતા મુજબ અમલ થઈ રહેલ છે.

------------

## હળવદ અને મૂળી તાલુકામાં વારસાઈ એન્ટ્રીના પડતર કેસો

અતારાંકિત : ૨૧૯૬ (૨૦-૭-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જીલ્લાના હળવદ, મુળી તાલુકામાં તા. ૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ વારસાઈ એન્ટ્રી અંગેના કેટલા કેસો નિકાલ વિના બાકી છે,

(૨) તેના નિકાલ અંગે કોઈ વ્યવસ્થા કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં સરકાર આ કામ પૂર્ણ કરવા માગે છે ?

**મહેસુલ મંત્રીશ્રી** (૨૨-૯-૦૪) :

(૧)

| તાલુકાનું નામ | બાકીકેસ |
| --- | --- |
| હળવદ | ૫ |
| મુળી | ૧૪ |
| **કુલ** | **૧૯.** |

(૨) હા.
(૩) સત્વરે.

------------

**નવા જીલ્લાઓમાં દફતર ખાતામાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગાઓ**

અતારાંકિત : ૨૨૯૮ (૨૦-૭-૦૪) **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવા રચાયેલા જિલ્લાઓમાં જમીન દફતર ખાતાના વર્ગ-૧ તથા વર્ગ-૨ના અધિકારીઓની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,
(૨) આ જગ્યાઓ પૈકી તા. ૩૧.૩.૨૦૦૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલી છે,
(૩) કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને
(૪) ખાલી જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ?

**મહેસુલ મંત્રીશ્રી** (૧-૧૦-૦૪) :

(૧) ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના બજેટમાં નવા રચાયેલા છ જીલ્લાઓ પૈકી આણંદ અને નવસારી જિલ્લાઓ માટે જિલ્લા દીઠ વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીની એક-એક જગ્યા મંજૂર કરવામાં નાણાંકીય જોગવાઇ કરવામાં આવેલ છે.
(૨) તા. ૩૧.૩.૦૪ની સ્થિતિએ એક પણ જગ્યા ભરાયેલ નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) વહીવટી મંજૂરી મળ્યેથી જગ્યાઓ ભરી શકાશે.

------------

**અનુસૂચિત જાતિની હાઉસીંગ સોસાયટીને રાહતદરે જમીન આપવા બાબત.**

અતારાંકિત : ૨૪૭૨ (૨૧-૭-૦૪)**ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ) : માનનીયમહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૧.૬.૨૦૦૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત સરકાર ધ્વારા અનુસૂચિત જાતિની કુલ કેટલી કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી. ને જમીનના ભાવમાં ૩૩% રાહત આપવાનો નિર્ણય લીધેલ છે, અને
(૨) સને ૨૦૦૧-૨૦૦૨ના ગાળા દરમ્યાન જામનગર જિલ્લામાંથી કેટલી રાહત માટેની અરજી આવેલ છે?

**મહેસુલ મંત્રીશ્રી** (૬-૧૦-૦૪) :

(૧) ૨(બે)
(૨) ૧(એક)

------------

**નવસારી જિલ્લામાં જમીન નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવા અંગે**

અતારાંકિત : ૨૪૯૮ (૯-૮-૦૪) **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લા ૩ વરસમાં કેટલી જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવામાં આવી,
(૨) કેટલી જમીન જૂની શરતમાં ફેરવવાની બાકી છે, અને
(૩) આ જમીન કયાં સુધીમાં જૂની શરતમાં ફેરવવામાં આવશે ?

**મહેસુલ મંત્રીશ્રી** (૨૨-૯-૦૪) :

(૧)

| તાલુકાનું નામ | જમીનનુંક્ષેત્રફળ<br>હેકટર-આરે-પ્રતિઆરે |
| --- | --- |
| નવસારી | ૯૨૯-૮૫-૧૩ |
| જલાલપોર | ૩૨૮-૭૫-૭૩ |
| ગણદેવી | ૨૦૩-૨૯-૮૮ |
| ચીખલી | ૭૫૫૫-૧૬-૯૨ |
| વાંસદા | ૪૨૭-૬૫-૦૦ |

------------
૯૪૪૪-૭૨-૬૬

(૨) તાલુકાનું નામ — જમીનનુંક્ષેત્રફળ હેકટર-આરે-પ્રતિઆરે

| તાલુકાનું નામ | જમીનનુંક્ષેત્રફળ હેકટર-આરે-પ્રતિઆરે |
|---|---|
| નવસારી | ૭૭૩-૪૦-૭૩ |
| જલાલપોર | ૯૧૦-૬૧-૧૨ |
| ગણદેવી | ૧૩૩-૨૪-૪૭ |
| ચીખલી | ૩૩૩-૩૪-૭૭ |
| વાંસદા | ~~૧૨૮૨-૧૮-૦૦~~ |
| | ૩૪૩૨-૭૯-૦૯ |

(૩) સત્વરે.

----------

**સુરેન્દ્રનગર જિલ્લામા તાલુકાવાર નિરાધાર વૃધ્ધ પેન્શનની સહાય**

અતારાંકિત : ૨૧૪૩ (૨૫-૬-૦૪) **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) :માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૩-૨૦૦૪ના નાણાંકીય વર્ષમાં નિરાધાર વૃધ્ધપેન્શન યોજના અન્વયે કુલ કેટલી વ્યક્તિઓને સહાય આપવામાં આવી છે, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારે કેટલી ગ્રાંટ કયારે ફાળવી છે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૭-૧૦-૦૪) :

(૧)

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **સને ૨૦૦૩-૦૪માં સહાય આપવામાં આવેલ વ્યક્તિઓ** |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૯૩૫ |
| ૨ | ધ્રાંગધ્રા | ૪૪૬ |
| ૩ | હળવદ | ૧૬૧ |
| ૪ | લખતર | ૧૯૨ |
| ૫ | પારડી | ૨૭૨ |
| ૬/૭ | લીંબડી/ચુડા | ૭૦૦ |
| ૮ | સાયલા | ૯૬ |
| ૯ | મૂળી | ૧૪૫ |
| ૧૦ | ચોટીલા | ૧૩૫ |
| | **કુલ** | **૩૦૮૨** |

(૨) સને ૨૦૦૩/૦૪માં નીચે મુજબ ગ્રાંટ ફાળવેલ છે.

| **ક્રમ** | **તારીખ** | **રૂા. લાખમાં** |
|---|---|---|
| ૧ | ૧૯.૦૪.૦૩ | ૧૦.૦૦ |
| ૨ | ૨૨.૦૫.૦૩ | ૨૨.૫૦ |
| ૩ | ૧૭.૧૦.૦૩ | ૧૩.૦૦ |
| ૪ | ૧૫.૧૧.૦૩ | ૦૧.૫૦ |
| ૫ | ૦૧.૦૧.૦૪ | ૧૭.૦૦ |
| ૬ | ૨૭.૦૧.૦૪ | ૧૯.૫૦ |
| ૭ | ૦૬.૦૨.૦૪ | ૧૩.૦૦ |
| ૮ | ૨૫.૦૨.૦૪ | ૦૮.૫૦ |
| ૯ | ૧૯.૦૩.૦૪ | ૦૧.૭૦ |
| | **કુલ રૂા.** | **૧૦૬.૭૦** |

------------

**ગાંધીનગર જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

અતારાંકિત : ૨૫૪૩ (૯-૮-૦૪) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગાંધીનગર જિલ્લામાં બક્ષીપંચના ધોરણ-૧ થી ૭માં ભણતા વિદ્યાર્થીઓને તા. :૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લા બેવર્ષમાં તાલુકાવાર કેટ કેટલી શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી,

(૨) આવી શિષ્યવૃત્તિ ચુકવવા સરકારે વર્ષેવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૩) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવાની બાકી છે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૯-૯-૦૪) :

(૧) ગાંધીનગર જિલ્લામાં બક્ષીપંચના ધોરણ-૧ થી ૭માં ભણતા વિદ્યાર્થીઓને તા. : ૩૦.૬.૦૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી.

| **તાલુકો** | **૨૦૦૨-૦૩** | **૨૦૦૩-૦૪** |
|---|---|---|
| દહેગામ | રૂા. ૨૧.૩૨ લાખ | રૂા. ૩૩.૦૦ લાખ |
| ગાંધીનગર | રૂા. ૨૦.૦૦ લાખ | રૂા. ૩૧.૯૦ લાખ |
| માણસા | રૂા. ૧૨.૩૦ લાખ | રૂા. ૧૪.૪૬ લાખ |
| કલોલ | રૂા. ૮.૨૫ લાખ | રૂા. ૧૫.૬૯ લાખ |

(૨) આ શિષ્યવૃત્તિ ચુકવવા માટે સરકારે સને ૨૦૦૨-૦૩ માં રૂા. ૬૧.૮૭ લાખ અને સને ૨૦૦૩-૦૪ માં રૂા. ૯૫.૦૫ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે.

(૩) તે પૈકી ૪૦૬૪૧ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવાની બાકી છે.

------------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૫૦૩, ૨૫૨૬ | ૦૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૪૩૩, ૨૪૩૬, ૨૫૦૧, ૨૫૦૨, ૨૫૨૭ | ૦૫ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૨૩૫૬,૨૩૫૯,૨૩૬૬,૨૪૪૨,૨૪૭૯,૨૫૩૨ | ૦૬ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૪૫૫, ૨૪૬૫ | ૦૨ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૫૧૧, ૨૫૨૩ | ૦૨ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૩૪૬, ૨૩૮૩, ૨૪૬૮, ૨૫૧૨ | ૦૪ |
| ૭ | ગૃહ વિભાગ | ૨૪૦૯, ૨૪૯૫ | ૦૨ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૩૨૧ | ૦૧ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૨૩૦૮ | ૦૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૨૩૯૩ | ૦૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૧૯૩, ૨૩૬૨,૨૩૬૮,૨૩૭૧,૨૪૩૮,૨૪૩૯,૨૪૫૮,૨૪૮૩ | ૦૮ |
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૧૬૧,૨૩૭૨,૨૪૧૯,૨૪૩૪,૨૪૭૫,૨૪૯૭ | ૦૬ |
| ૧૩ | મહેસૂલ વિભાગ | ૨૦૬૮,૨૧૦૯,૨૧૯૬,૨૨૯૮,૨૪૭૨,૨૪૯૮ | ૦૬ |
| ૧૪ | માર્ગ અને મકાન વિભાગ | ૨૫૧૫,૨૫૧૬ | ૦૨ |
| ૧૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૧૪૩, ૨૫૪૩ | ૦૨ |
| | | કુલ | ૫૦ |

----------

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો...

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન સભ્યશ્રીને નેઈમ કરવા બાબત

**શ્રી પુંજાભાઈ ભી. વંશ**: માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન જે પરિસ્થિતિનું નિર્માણ થયું...

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અતારાંકિત યાદી મૂકાઈ ગઈ, તેના પછી પ્રશ્નોત્તરી આવી ગઈ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : અમારો અધિકાર છે. પૉઈન્ટ ઑફ ઑર્ડરની કેમ ના પાડી શકે?

**શ્રી વજુભાઈ વાળા** : એ ગમે ત્યારે ઉભો ન કરી શકાય.

**અધ્યક્ષશ્રી .** : પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી વજુભાઈ વાળા** : પૉઈન્ટ ઑફ ઑર્ડર અત્યારની ચાલુ કામગીરી હોય તેના ઉપર હોય. ભૂતકાળમાં જે કામગીરી થઈ થઈ, જેના પછી બીજા પણ પ્રકરણ આગળ વધી ગયા. તેના પછી પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો ન કરવો જોઈએ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટે પ્રશ્નોત્તરીના સમય દરમયાન પરેશભાઈ ધાનાણીનું નામ લઈને કહ્યું કે તેમને હું નેઈમ કરું છું અને પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તેમને ટેકો આપ્યો છે. તેમ કરીને જે દરખાસ્ત કરી છે, મારે આપની પાસેથી એ જાણવું છે કે નેઈમ કરવા માટેના આપણી ગુજરાત વિધાનસભાના કયા નિયમો નીચે સંસદીય બાબતોના મંત્રીશ્રીએ નેઈમ કર્યા છે? હું આપના મારફત માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

બીજો મુદ્દો એ છે કે અત્યાર સુધી કયારેય પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન આ પ્રકારનો વ્યવહાર આપણી વિધાનસભામાં ભૂતકાળમાં કયારેય થયો નથી, થયો છે પણ પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા પછીની આ પરિસ્થિતિ અહીં થઈ છે. આ પ્રણાલિકાઓ આપણી રહી છે. આ બે મુદ્દા માટે મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી .** : બીજો મુદ્દો શું છે તમારો?

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : બીજો મુદ્દો એ છે કે પ્રશ્નોત્તરી ચાલુ હતી તે દરમ્યાન વચ્ચેથી સંસદીય મંત્રીશ્રીએ ઉભા થઈને નેઈમ કરવા માટેની જે વાત કરી. ભૂતકાળમાં આવું કયારેય બન્યું નથી. પહેલો મુદ્દો એ છે કે કયા નિયમ નીચે નેઈમ કરવામાં આવ્યા? નેઈમ કરવાની સત્તા કોને? આ મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પ્રશ્ન પૂછાતો હોય અને એ પ્રશ્ન કયા પ્રકારનો છે એમ માનીને કોઈ નિર્ણય થાય એ બરાબર હોતું નથી. પ્રશ્નના જવાબમાં પણ ઈરીલેવન્ટ બાબતો પણ ખૂબ સંભળાય છે અને તેમાં કોઈ અધવચ્ચેથી અટકાવવાની જે વાત હતી તે બરાબર નથી, નં.૧. નં.૨,

**અધ્યક્ષશ્રી .** :આપ શેના ઉપર બોલી રહ્યા છો ?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલી રહ્યો છું.

**અધ્યક્ષશ્રી .** : પૉઈન્ટ ઑફ ઑર્ડર બે મુદ્દા ઉપર છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું બન્ને મુદ્દા ઉપર બોલી રહ્યો છું. પ્રશ્નોત્તરીનો કાળ ચાલુ હતો એ દરમ્યાન પ્રશ્નનો જવાબ આપવા માટેનો આગ્રહ થતો હતો એ વખતે નેઈમ કરવાના અધિકાર છે એ માત્ર આપના છે. તેના બદલે સંસદીય મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો. આપની પરવાનગી લેવાઈ નહીં. તરત જ ટેકો અપાયો અને તેના ઉપર નિર્ણય થયો. કોઈ નિયમમાં એવી જોગવાઈ નથી. નિયમ-પર બહુ સ્પષ્ટ છે કે અધિકારો આપના છે. નં.૨, જે બાબતે નેઈમ કરવાની વાત આવે છે સભ્યશ્રીઓ તેમની પોતાની બેઠક ઉપર ઉભા થઈને પોતાની વાત કરતા હતા. તેમણે એવું કોઈ ઈન્ડીસીપ્લીન કરેલ નથી કે જેને કારણે તેમને નેઈમ કરી શકાય. એટલે આ બન્ને બાબતો છે. એક તો નેઈમ કરવાનો મુદ્દો છે એ પણ ખોટો છે અને નેઈમ કરવા માટેના કારણો છે એ પણ વજુદ વગરના છે.

**અધ્યક્ષશ્રી .** : હું જવાબ આપી દઉં છું.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની એક પ્રણાલિકા રહી છે કે જ્યારે જ્યારે પ્રશ્નોત્તરી કાળ હોય એ અતિ મહત્ત્વનો હોય છે. માનનીય ધારાસભ્યશ્રીઓ પોતાના મત વિસ્તારના વિકાસના કામ અને જે પ્રશ્નો હોય એ હલ કરવા માટેની ધારાસભ્યશ્રીઓ માટે આ એક તક છે કે, જેનો ઉપયોગ કરીને મહત્તમ કામ લઈને પ્રજાના કલ્યાણના કામો કરી શકે. પ્રશ્નોત્તરી કાળ એટલો મહત્ત્વનો છે કે એની એક પણ સેકન્ડ, એક પણ મિનિટ બગડે નહીં, વેડફાય નહીં એ પણ જોવાની ગૃહની જવાબદારી બનતી હોય છે. અત્યાર સુધીમાં પ્રણાલિકા

પ્રમાણે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કોઈપણ પ્રકારની motion લેવામાં આવતી નથી. ઈવન પૉઈન્ટ ઑફ ઑર્ડર જેવી મહત્ત્વની વાત હોય કે જેને રોકી ન શકાય એવી બાબત હોય તો પણ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન લેવામાં આવતી નથી. મારે ખેદ સાથે જણાવવું છે કે, આજની બાબતની અંદર વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રશ્ન પૂછ્યો એની અંદર આપની દરમિયાનગીરી આવી અને સભ્યશ્રીઓમાં આક્રોશ આવ્યો. સભ્યશ્રીઓને આક્રોશ ત્યારે આવતો હોય કે જ્યારે ટ્રેઝરી બૅન્ચ પાસે અપેક્ષા રાખતા હોય અને અનુરૂપ જવાબ ન મળતો હોય ત્યારે આવું બનતું હોય છે. જ્યારે મંત્રીશ્રીઓ એવો જવાબ આપે કે તમારા વખતમાં પાટિયા નાખ્યા હતા (અંતરાય) એ પણ અમારે નક્કી નહીં કરવાનું? મારે બેઈઝ તો બાંધવો પડેને? એ સિવાય તો હું કેવી રીતે સમજાવી શકું? ગૃહના સન્માનનીય સભ્યોને કેવી રીતે સમજાવી શકું? કેવી રીતે આ મુદ્દો ઊભો થયો છે? આ રીતે જે પ્રશ્ન ઊભો થયો અને પ્રશ્નોત્તરીકાળ દરમિયાન સંસદીય બાબતોના મંત્રીશ્રી જેવા સિનિયર મંત્રી નિયમોના જાણકાર હોવા જોઈએ. તેમ છતાં પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ઊભા થઈ નેઈમ કરવાનું કામ કરે. પ્રશ્નોત્તરી કાળમાં વિધાનસભાના નિયમોના નિયમ ૫૧ અને ૫૨ મુજબ આપનો એ અબાધિત અધિકાર છે અને આપ નેઈમ કરી શકતા હોવ છો અને એને બદલે સંસદીય બાબતોના મંત્રીશ્રી નેઈમ કરીને તાત્કાલિક કોઈના ઇશારે બીજા મંત્રીશ્રી ઊભા થઈ એને ટેકો આપી દે અને એ ટેકો આપ્યા પછી સીધે સીધા કોઈપણ જાતની ચર્ચા વિચારણા થયા વગર અમને લોકોને સાંભળ્યા વગર સીધો હુકમ થાય. આપનો હુકમ અમે શિરોમાન્ય ગણ્યો. કારણ કે, અધ્યક્ષનો હુકમ એ સર્વોપરી છે અને એટલે અમે લોકો એ સ્વીકારીને અમે બહાર જતા રહ્યા. પણ અમને એમ લાગ્યું કે, આ ગૃહની અંદર ખોટી પ્રણાલિકા પડે છે અને ગૃહ ગેરમાર્ગે દોરવાઈ રહ્યું છે એટલે અમે અમારી ફરજનો એક ભાગ સમજી, પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવી અને ગૃહને દૂરસ્ત કરવા, રેકર્ડને દૂરસ્ત કરવાના ઇરાદાથી અમે પાછા ગૃહની અંદર પ્રવેશ કર્યો અને અમારી અપેક્ષા છે કે, આપ પોતે આપનો ગૃહ ઉપર સર્વાધિકાર છે એ અધિકાર ઉપર તરાપ ન પડે અને અન્ય કોઈ ગમે તે વ્યકિત ઊભો થઈને આપ જે કોઈ નિર્ણય કરવાના છો એ નિર્ણય અન્ય મંત્રીશ્રીઓ કે વ્યકિતઓ ન કરે એને નજર સમક્ષ રાખીને પ્રશ્નોત્તરી કાળના સમયની કિંમત સમજી એમાં દખલ ન થાય એ રીતનું સમજી અને ભવિષ્યમાં ખોટી પ્રણાલિકાઓ ઊભી ન થાય એ માટે આપ પૉઈન્ટ ઑફ ઑર્ડરને અનુસંધાને ન્યાય આપશો એવી અપેક્ષા રાખીએ છીએ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ પ્રકારની ખોટી પ્રણાલિકા પડી નથી. બે મુદ્દા ઉપસ્થિત થયા છે. એક તો આપને અધિકાર છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે આપને અધિકાર છે. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ દરખાસ્ત મૂકી છે. એ દરખાસ્ત મૂકી છે એ એમણે નિર્ણય નથી કર્યો. તમે બોલતા હતા ત્યારે હું સાંભળતો હતો. સંસદીય બાબતોના મંત્રીશ્રીએ દરખાસ્ત મૂકી છે નિર્ણય માનનીય અધ્યક્ષશ્રીએ કર્યો છે અને એ એમનો અધિકાર છે અને indiscipline કોઈપણ સભ્યશ્રી કરે તો એ indiscipline અંગે દરખાસ્ત અને નિર્ણય કરવાનો આ સભાગૃહને અધિકાર છે જ. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું કે, ઊભા થઈને પોતાની જગ્યા ઉપર બોલ્યા છે. ગૃહ સાક્ષી છે કે, એ બોલ્યા નથી, સૂત્રોચ્ચાર કર્યા છે અને એ indiscipline કરે છે એ આધારે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ દરખાસ્ત મૂકી છે અને આપે નિર્ણય લીધો છે, એ વાજબી લીધો છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા વિરોધ પક્ષના નેતા અને સભ્યશ્રીઓનું ધ્યાન દોરું છું. એક તો નિયમ ૫૨ બહુ સ્પષ્ટ નિયમ છે એટલે માનનીય સભ્યશ્રી જેમણે નેઈમીંગનો પ્રસ્તાવ રજૂ કરતી વખતે પોઈન્ટ ઓફ ઓર્ડર રેઈઝ કર્યો એમને મારે કહેવું છે કે નિયમ ૫૨ નીચે મેં પ્રસ્તાવ રજૂ કર્યો છે. પ્રશ્ન એ છે કે આવો પ્રસ્તાવ હું રજૂ કરી શકું કે નહીં? સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિના પાના નંબર ૪૫૭ ઉપર માનનીય દિનેશભાઈ જોશે તો બહુ સ્પષ્ટ લાગશે કારણ કે સિનિયર મેમ્બર છે. કદાચ વિરોધ પક્ષના નેતાશ્રીને એની ખબર ન હોય પણ (અંતરાય) દિનેશભાઈએ જે અવલોકનો કર્યા એ એક સિનિયર મેમ્બરના અવલોકનો છે અને એટલા માટે આ પાના ૪૫૭ જોવો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય અશોકભાઈ, આપ બોલી રહ્યા હોય તો હું મારી વાત કહી દઉં. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : (અંતરાય) અમે કોઈની મહેરાબાનીથી અહીં નથી આવ્યા.(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : હવે આપને મારો એ કહેવાનો પણ અધિકાર નથી કે તમે કોઈની મહેરબાનીથી આવ્યા છો અને મહેરબાનીથી આવ્યા હોવ તો આ ગૃહની બહારની વ્યકિતની મહેરબાનીથી આવ્યો છો. એમાં મારે કંઈ લાગતું વળગતું નથી. મારે આપનું જે ધ્યાન દોરવું છે તે પાન ૪૫૭ ઉપર સભ્યોને નામથી સંબોધવા એટલે નેઈમીંગ એ મેમ્બર એ ઉપર આપણા 'ગ'ની અંદર બહુ સ્પષ્ટ લખ્યું છે. જે સભ્ય અધ્યક્ષના આદેશની અવગણના કરે અથવા ગૃહના નિયમોનો દુરુપયોગ કરીને અથવા બીજી કોઈ રીતે ગૃહના કામકાજમાં સતત જાણીબુજીને ખલેલ પહોંચાડે તેમને અધ્યક્ષ નામથી સંબોધી શકે છે. નેમીંગ એ મેમ્બર જ્યારે કોઈ સભ્યને અધ્યક્ષ નામથી સંબોધે ત્યારે બીજો કોઈ સભ્ય નીચેનો પ્રસ્તાવ રજૂ કરી શકે છે. જે સભ્યનું નામ અહીં જેટલા દિવસ માટે સસ્પૅન્ડ કરવાની દરખાસ્ત હોય તે સંખ્યા દિવસ માટે ગૃહની સેવામાંથી સસ્પૅન્ડ કરવામાં આવે. અધ્યક્ષશ્રી એ પ્રસ્તાવને તરત જ મત માટે મૂકે છે. પ્રસ્તાવ પસાર થયે સભ્ય સસ્પેન્ડ થાય છે . તે સભ્યે તરત જ ગૃહ છોડીને જવું જોઈએ. તે સભ્ય તેમને જેટલા દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તે દિવસ ગૃહની હદમાં દાખલ થઈ શકતા નથી અને તેથી ગૃહની હદમાં ગૃહની સમિતિની બેઠકમાં પણ હાજર રહી શકતા નથી. નિયમ મુજબ કોઈપણ સભ્ય આવો પ્રસ્તાવ રજૂ કરી શકે છે. (અંતરાય) સામાન્ય રીતે( અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : હું પૂરું જ કરી દઉ છું. (અંતરાય) કોઈ વાત નહીં હું પોઈન્ટ ઓફ ઓર્ડરનો જવાબ આપું છું. બધા બેસી જાઓ. (અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. મારે ધ્યાન દોરવું છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાંચ્યું છે એ અધૂરું વાંચ્યું છે. જે રેકૉર્ડ ઉપર બોલ્યા છે એ અધૂરું બોલ્યા છે. જે ગ ઉપર છે, ૪૫૭માં એક જ ફકરો છે કે જે સભ્ય અધ્યક્ષના આદેશની અવગણના કરે અથવા ગૃહના નિયમોનો દુરુપયોગ કરીને અથવા બીજી રીતે ગૃહના કામકાજમાં સતત અને જાણીબુજીને ખલેલ પહોંચાડે તેને અધ્યક્ષ નામથી સંબોધન કરે, ત્યારે બીજો કોઈ સભ્ય એ પ્રસ્તાવ રજૂ કરે છે. અગાઉ પણ આપશ્રીએ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીને ટોકીને એમ કીધું હતું કે આ અધિકાર મારો છે. ગયા વખતે પણ આ જ બાબતની અંદર વિવાદ થતો હતો અને બીજી વખત પણ માનનીય સંસદીય મંત્રીશ્રીએ ભલે એ કયાં ભણી આવ્યા એ મને ખબર નથી અને હું કયાં ભણી આવ્યો એ મને ખબર છે પણ એ બીજી વખત પણ એણે એમ કીધું છે કે હું નેઈમ કરું છું અને એને નેઈમ કરવાની દરખાસ્ત કરું છું અને એણે પોતે જ નેઈમ કર્યા. પોતે જ ઠરાવ રજૂ કર્યો એ બરાબર નથી. એ નિયમની વિરુદ્ધ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી .** : નો નો પ્લીઝ...પ્લીઝ બેસી જાવ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : હું બધા સભ્યશ્રીઓનું અને આ સભાગૃહનું એક બાબત તરફ ધ્યાન દોરવા માગું છું. આપ બધા નિયમ-૫૧ છે એને જોઈ જાઓ. બધા પાસે વ્યવસ્થા ન હોય તો વાંચી જાઉં છું. અધ્યક્ષના મત પ્રમાણે જે સભ્યની વર્તણૂંક અતિશય તોફાની હોય, તે સભ્યને અધ્યક્ષ સભાગૃહ છોડી જવાનો આદેશ આપી શકશે અને જે સભ્યને એવી રીતે સભાગૃહ છોડી જવાનો આદેશ કર્યો હોય તે સભ્યે તાબડતોબ તેમ કરવાનું રહેશે તેમજ તે દિવસની બેઠકમાં તેઓ હાજરી આપી શકશે નહિ અને તેમણે સભાગૃહની હદ પણ છોડી જવાની રહેશે. હવે હું મારો નિર્ણય જાહેર કરું છું. માનનીય સંસદીય મંત્રીશ્રીએ નિયમ-પર નીચે નેઈમ કરવા માટે મને દરખાસ્ત કરી. નેઈમ કરવાની સત્તા નિયમ-પર નીચે અધ્યક્ષને મળી છે. (અંતરાય) આ રેકર્ડ ઉપર આવ્યું છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : તમે દરખાસ્ત કરી હોય તો વાંધો નથી. અશોકભાઈએ કહ્યું છે કે હું નેઈમ કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધયક્ષશ્રી ઊભા છે. નિર્ણય ઉપર કોઈ ચર્ચા ન હોય. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : બેસી જાઓ, હું નિર્ણય આપું છું. ઊભા ન થાઓ. (અંતરાય) મારી પાસે રેકર્ડ છે. મેં જોયું છે. (અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : તમે રેકર્ડ તપાસી પછી નિર્ણય આપો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : હું નથી બોલ્યો. (અંતરાય) એ જ વાત કરું છું. પુંજાભાઈ મેં એ જ વાત કરી છે. માનનીય સંસદીય મંત્રીશ્રીએ (અંતરાય) નિયમ-પર નીચે નેઈમ કરવા માટે મને દરખાસ્ત કરી. (અંતરાય) નેઈમ કરવાની સત્તા નિયમ-પર હેઠળ અધ્યક્ષને મળી છે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી નિર્ણય આપે છે ત્યારે કોઈએ ઊભા થવું ન જોઈએ. આ ગેરશિસ્ત છે. અધ્યક્ષના નિર્ણયમાં કોઈએ ઊભા થવું ન જોઈએ. (અંતરાય) તમારે જોઈએ એવો નિર્ણય ન આવે. અધ્યક્ષશ્રી કહે એ મુજબ નિર્ણય આવે.

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ બેસો, હું નિર્ણય આપું છું. સાંભળો પછી વાત. (અંતરાય) ફરીથી હું બોલું છું. વચ્ચે કોઈ ડીસ્ટર્બ નહિ કરતા, પ્લીઝ. બરાબર સાંભળીને પછી વાત કરજો. માનનીય સંસદીય મંત્રીશ્રીએ નિયમ-પર નીચે નેઈમ કરવાની મને દરખાસ્ત કરી હતી. નેઈમ કરવાની સત્તા નિયમ-પર હેઠળ અધ્યક્ષને મળી છે. પરંતુ આ નિયમની જોગવાઈ હેઠળ ગૃહના કોઈ સભ્યશ્રી ગૃહના અન્ય સભ્યશ્રીની વર્તણૂંક સંબંધે નેઈમ કરવા મારું ધ્યાન દોરી શકે અને દોરવા માગતા હોય તો આવું ધ્યાન દોરી શકે છે. તે રીતે સંસદીય મંત્રીશ્રીએ નેઈમ કરવા મારું ધ્યાન દોર્યું તે યોગ્ય છે અને એ બાબતે મારે સૌ સભ્યોનું ધ્યાન દોરવાનું કે સંસદીય બાબતોના મંત્રીશ્રીની દરખાસ્ત બાદ મેં સભ્યશ્રીની ગેરશિસ્તને ધ્યાનમાં લઈને નિયમ-૫૧ નીચે મારી સત્તાની રૂએ એક દિવસ માટે ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા છે. નિયમ-૫૧ મુજબ એક દિવસ માટે સસ્પેન્ડ કર્યા છે. (અંતરાય) બધા જોઈ લે નિયમો. હું બધા સભ્યોનું ધ્યાન દોરું છું. ટેકનિકલ બાબતે એ સમજો. કદાચ અશોકભાઈએ દરખાસ્ત કરી હોત અને મેં મત પર લીધી હોત પછી સસ્પેન્ડ કર્યા હોય તો વાત થાત, પરંતુ એવું કાંઈ થયું નથી (અંતરાય) ક્યાં થયું છે? (સતત અંતરાય) મેં ૫૧ નીચે સસ્પેન્ડ કર્યા છે. ૫૧ નીચે એક દિવસ માટે મેં એમને સસ્પેન્ડ કર્યા છે. (સતત અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : એ નિયમ નીચે કરી શકે નહિ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : મારું ધ્યાન દોર્યું છે. (અંતરાય) નેકસ્ટ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો
## સન ૨૦૦૩-૨૦૦૪ નો ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડના સન ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના

કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, નિવેદન, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૧-૨૦૦૨નો ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડનો વાર્ષિક હિસાબ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડના સન ૨૦૦૧-૨૦૦૨ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૩નો ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૦૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૧૯૯૩ની ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની અધિસૂચના**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની -

(૧) તા.૩-૧૨-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક: કેપી-૨૬-૨૦૦૪-પીએસઈ-૧૦૯૫-૫૯૨-ડી

(૨) તા.૩૦-૧૨-૨૦૦૪ની અધિસૂચના ક્રમાંક : કેપી-૨૮-૨૦૦૪-પીઆરઆર-૧૧૯૪-૩૩૯-૧૦-ડી

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના મેજ ઉપર મૂકવામાં આવી.**

**વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત**

**અંદાજ સમિતિના દશમા અને અગિયારમા અહેવાલની રજૂઆત**

**ડૉ. કનુભાઇ કળસરિયા (પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિના દશમો અને અગિયારમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલની રજૂઆત**

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : **(પ્રમુખશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી દિલુભા ટે. ચુડાસમા (પ્રમુખશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (સામાન્ય વહીવટ વિભાગના મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, •હું મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧,૫૦,૫૧,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ અને ૬ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૫ અને ૬ રજૂ કરવામાં આવી.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

# સામાન્ય વહીવટ વિભાગ

**માગણી ક્રમાંકઃ૩૨**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના સામાન્ય વહીવટ વિભાગના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૨૪,૫૩,૬૨,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.

---

• પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણા મંત્રીશ્રીએ સને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણોઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.

**શ્રી અનિલકુમાર મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.

**માહિતી અને પ્રસારણ વિભાગ**
**માગણી ક્રમાંક: ૫૪**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૨૩,૬૨,૬૦,૦૦૦/નીમાગણીક્રમાંક: ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫૪ રજૂ કરવામાં આવી**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.

**શ્રી છબીલદાસ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ અને ૨૭ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ અને ૨૭ રજૂ કરવામાં આવી.

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરવામાં આવી.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરવામાં આવી.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક:૩૪ રજૂ કરવામાં આવી.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરવામાં આવી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરવામાં આવી.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**
**માગણી નંબર : ૮૯**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી મહેસૂલ સેવા અંગેની રૂ. ૯૧,૫૦,૯૦,૦૦૦ ની માગણી ક્રમાંક : ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૮૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૭ રજૂ કરું છું.
કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની બુધવાર, તા.૨–૩–૨૦૦૫ (પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાન્ય અને વહીવટ વિભાગ**<br>**માગણી નં.૨૯** | | |
| ૧.* | ૨૦૧૩- મંત્રી પરિષદ<br>૧૦૧- મંત્રીઓ.... પગાર<br>૦૧-મંત્રીઓ ... સચિવો<br>રૂા. ૩૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯, પા.નં.૧૨ | ૧૦૦ | ધારાસભ્યો/સંસદસભ્યોની વારંવારની ફરિયાદો છતાં કાર્યાલયોમાં મંત્રીશ્રીઓની ગેરહાજરીને કારણે પ્રજાના કામોના નિકાલમાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨. | --"-- | ૧૦૦ | સરકારી કચેરીઓમાં રહેલી ખાલી જગ્યાઓ ભરવા સંબંધમાં જરુરી વિચારણા કરવામાં મંત્રી પરિષદની ઉદાસીનતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૩. | --"-- | ૧૦૦ | ધારાસભ્યો સાથે સૌજન્યશીલ વ્યવહાર દાખવવામાં મંત્રીશ્રીઓની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૪. | --"-- | ૧૦૦ | પ્રજાના પ્રશ્નોનો ઝડપી નિકાલ લાવવામાં તંત્રની ઉદ ાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૫. | --"-- | ૧૦૦ | મંત્રીશ્રીઓએ કરેલી પ્રજાલક્ષી જાહેરાત મુજબ સ્વયંસંચાલિત ટેલીફોન ફરિયાદ પધ્ધતિનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીશીવજીભાઈ આહીર |
| ૬. | --"-- | ૧૦૦ | કેન્દ્ ર સરકાર સમક્ષ રાજયના પડતર પ્રશ્નો અંગે દર મહિને સાંસદો સાથે બેઠક યોજવા અંગે જરુરી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીશીવજીભાઈ આહીર |
| ૭. | --"-- | ૧૦૦ | મંત્રી પરિષદ ધ્વારા લોકચાહના મેળવવા જાહેર કરાતી જુદી જુદી યોજનાઓને મૃતપાય થતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ. સી.જે.ચાવડા |
| ૮. | --"-- | ૧૦૦ | પ્રજાની ફરિયાદોનો નિયત સમય મર્યાદામાં નિકાલ કરવાના નિયમોનું છડેચોક થતું ઉલ્લંધન નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જગદીશ ઠાકોર |
| ૯. | ૨૦૧૩- મંત્રી પરિષદ<br>૧૦૧- મંત્રીઓ.... પગાર | ૧૦૦ | મંત્રીશ્રીઓ ધ્વારા યોજાતા જાહેર ફરિયાદ નિવારણ | શ્રી મુકેશકુમારગઢવી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧-મંત્રીઓ ... સચિવો<br>રૂા. ૩૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૧૨ | | કાર્યક્રમોમાં પ્રજાના રજૂ થયેલા પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ લાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૦. | --"-- | ૧૦૦ | મંત્રીશ્રીઓ ધ્વારા પોતાની મિલકતો જાહેર કરવામાં સેવાતું ઉદ ાસીન વલણ. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૧૧. | ૨૦૧૩- મંત્રી પરિષદ<br>૧૦૮-પ્રવાસ ખર્ચ<br>(૧)-પ્રવાસ ખર્ચ<br>રુા. ૫૦,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૧૨ | ૧૦૦ | રાજયમાં મૂડીરોકાણ આકર્ષવા મંત્રીશ્રીઓ ધ્વારા યોજવામાં આવતા વિદ ેશ પ્રવાસોને મળતી નિષ્ફળતા નિવારવામાં તંત્રની ઉદ ાસીનતા. | શ્રીમતી રશીદા પટેલ |
| ૧૨. | --"-- | ૧૦૦ | મંત્રીશ્રીઓ ધ્વારા થતાં હવાઈ પ્રવાસ અંગેના બેફામ ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | ર્ડા.દિનેશ પરમાર (ભીખાભાઈ જોષી) |
| ૧૩. | --"-- | ૧૦૦ | પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે વારંવાર દિલ્હિ ીના પ્રવાસે જતા મંત્રીશ્રીઓ ધ્વારા સરકારી તિજોરી ઉપર પડતો ભારે બોજો નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| | | **માગણી નં.૩૨** | | |
| ૧૪. | ૨૦૧૪-ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૬-રાજય ... ટ્રિબ્યુનલ<br>રૂા.૫૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯ પા.નં.૧૪ | ૧૦૦ | રાજય વહીવટી ટ્રિબ્યુનલોમાં થયેલો કેસોનો ભરાવો ઘટાડવામાં તંત્રની ઉદાસીનતા. | ર્ડા.અનિલ જોષીયારા |
| ૧૫. | ૨૦૫૨-સચિવાલય... સેવાઓ<br>૦૯૦-સચિવાલય,<br>૦૨-સામાન્ય .... વિભાગ<br>રૂા.૭,૮૬,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૯ પા.નં.૩૦ | ૧૦૦ | વિભાગ ધ્વારા બહાર પડાતા પરિપત્રોનું પાલન કરાવવામાં તંત્રની ઉદ ાસીનતા. | શ્રી મનહરલાલ મકવાણા |
| ૧૬. | -"- | ૧૦૦ | પ્રજાની ફરીયાદો દૂર કરવા અંગેની મંત્રીમંડળની સૂચનાઓનું પાલન કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જેસાભાઈ બારડ |
| ૧૭. | -"- | ૧૦૦ | ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળની કચેરીમાં ઉમેદવારોની પસંદગીમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | ર્ડા.અનિલ જોષીયારા |
| ૧૮. | ૨૦૫૨-સચિવાલય....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૨-સામાન્ય વહિવટ વિભાગ<br>રુા.૭,૮૬,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પા.નં.૩૦ | ૧૦૦ | ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળની કચેરીના અધિકારીઓ ધ્વારા મુલાકાતીઓ સાથે કરવામાં આવતો દર્ ુવ્યવહાર અટકાવવામાં તંત્રની | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા. | |
| ૧૯. | ૨૦૫૨-સચિવાલય... સેવાઓ<br>૦૯૦-સચિવાલય,<br>૦૬-ગૌસંવર્ધન ... પ્રભાગ<br>રૂ.૨૦,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૩૪ | ૧૦૦ | ગૌસંવર્ધન-દેવસ્થાન વ્યવસ્થાપન અને યાત્રાધામ પ્રભાગની નબળી કામગીરી સુદ્રઢ બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રવિણભાઈ મારુ |
| ૨૦. | ૨૦૫૨-સચિવાલય... સેવાઓ<br>૦૯૧-સંલગ્ન કચેરીઓ...<br>૦૧-નિવાસી... દલ્હિ ી<br>રુા.૫૩,૮૭,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૩૬ | ૧૦૦ | દલ્હિી ખાતેની નિવાસી આયુકતની કચેરીમાં વરસોથી ફરજ બજાવતા સ્ટાફની બદલી કરવામાં અને તેના વહીવટને સુદ્રઢ બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અનિલકુમાર પટેલ |
| ૨૧. | ૩૪૫૧-સચિવાલય... સેવાઓ<br>૧૦૧-આયોજન બોર્ડ<br>રુા.૩,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯ પા.નં.૬૬ | ૧૦૦ | સરકારની વિવિધ યોજનાના લક્ષ્યાંકો સમયસર સિધ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હેમાજી રાજપૂત |
| **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં.૫૪** | | | | |
| ૨૨. | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૨-કલા અને સંસ્કૃતિને ઉત્તેજન<br>રૂ.૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪ પા.નં.૧૬ | ૧૦૦ | કલા અને સંસ્કૃતિને યોગ્ય ઉત્તેજન આપી તેનો સર્વાંગી વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૨૩. | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-માહિતી નિયામકની કચેરી<br>રૂ.૮,૩૧,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪ પા.નં.૧૮-૧૯ | ૧૦૦ | રાજયના મંત્રીમંડળના ગુણગાનો ગાવામાં થતો અતિરેક નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપરેશભાઈ વસાવા |
| ૨૪. | --"-- | ૧૦૦ | માહિતી નિયામકની કચેરીનો કથળેલો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદ ાસીનતા. | શ્રી છબીલભાઈ પટેલ |
| ૨૫. | --"-- | ૧૦૦ | માહિતી નિયામક ધ્વારા પત્રકારો સાથે થતું ભેદભાવભર્યું વર્તન રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૬.<br>* | --"-- | ૧૦૦ | વિરોધપક્ષના નેતાશ્રીની અખબારી યાદી (પ્રેસનોટ)અખબારો સુધી પહોંચતી કરવામાં સેવાતું ગંભીર દુર્લક્ષ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૭. | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-માહિતી નિયામકની કચેરી | ૧૦૦ | માહિતી વિભાગમાં પડી રહેલા લાખોની સંખ્યામાં છપાયેલા બિન ઉપયોગી પુસ્તકોની યોગ્ય વ્યવસ્થા | શ્રી જીતુભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા.૮,૩૧,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પા.નં.૧૮-૧૯ | | કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૮. | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧-નિદ ેશ અને વહીવટ<br>૦૨-પીયુબી(૧) પ્રચાર... ઉપયોગ<br>રૂા.૪,૪૧,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪ પા.નં.૨૦-૨૧ | ૧૦૦ | જાહેરખબરો અને જાહેરાતો પાછળ થતો બેફામ ખર્ચ રોકવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીગૌતમભાઈ ઝાલા |
| ૨૯.<br>* | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૧૦૫-ચલચિત્રોનું નિર્માણ<br>રૂા.૨૦,૦૦,૦૦૦<br>અ. ંપ્ર.નં.૧૪<br>પા.નં.૨૨ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારની જનતાને ઉપયોગી એવા દસ્તાવેજી ચલચિત્રોનું નિર્માણ કરી પ્રદર્શિત કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૦. | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૬૦-અન્ય<br>૧૦૩-પ્રેસ માહિતી સેવાઓ<br>રૂા.૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પા.નં.૨૬ | ૧૦૦ | પત્રકારોને સમયસર પ્રેસ માહિતી આપવામાં થતો વિલંબ તેમજ ભેદભાવભરી નીતિ નિવારવામાં તંત્રની ઉદ ાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૧. | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૬૦-અન્ય<br>૧૧૦-પ્રકાશનો<br>૦૧-મુકિત ... પ્રચાર<br>રૂા.૨૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪ ા.નં.૩૩-૩૪ | ૧૦૦ | વિરોધપક્ષની વ્યાજબી રજૂઆતોને સરકારી પ્રકાશનોમાં યોગ્ય સ્થાન આપી સાચી લોકશાહીના દર્શન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ફારુક શેખ |
| ૩૨. | --"-- | ૧૦૦ | માહિતી વિભાગ ધ્વારા છપાતા પ્રકાશનો છેવાડાની પ્રજા સુધી પહોંચાડવામાં તંત્રની ઉદ ાસીનતા. | શ્રીમનિષગીલીટવાલા |
| ૩૩. | --"-- | ૧૦૦ | માહિતી વિભાગ ધ્વારા બિનજરુરી પ્રકાશનો પાછળ થતો ખોટો ખર્ચ નિવારવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી ભવાનભાઈ ભરવાડ |
| ૩૪. | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૬૦-અન્ય<br>૧૧૦-પ્રકાશનો<br>૦૨-ગુજરાત... પ્રકાશનો<br>રૂા.૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪ પા.નં.૩૪ | ૧૦૦ | ગુજરાત સાપ્તાહિક અને અન્ય મુદતિ પ્રકાશનોમાં પ્રજાને ઉપયોગી માહિતી પ્રસિધ્ધ ન કરતાં ફકત પ્રધાનોના ગુણગાનો ગાતી તસ્વીરોછપાતી અટકાવવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રીમોહંમદફારુક શેખ |
| ૩૫. | --"-- | ૧૦૦ | ગુજરાત સાપ્તાહિકમાં વિરોધપક્ષની ભૂમિકા યોગ્ય રીતે દર્શાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મનિષ ગિલીટવાલા |
| ૩૬. | ૨૨૨૦-માહિતી અને પ્રચાર | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં રેડિયો | શ્રી માધુ ુભાઈ ભોયે |

| | | | | |
|---|---|---|---|---|
| | ૬૦-અન્ય<br>૧૧૧-સમૂહ ... ટેલિવિઝન<br>૦૧-પીયુબી(૨)-ગ્રામરેડિયો....<br>સ્થાપવા<br>રૂા.૨,૮૨,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પા.નં.૩૫-૩૬ | | અને દૂરદર્શન કેન્દ્રો વધુ પ્રમાણમાં સ્થાપવામાં તંત્રનું ઉદાસીન વલણ. | |
| **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં.૮૯** | | | | |
| ૩૭. | ૨૦૫૨-સચિવાલય.... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-એસટીપી.૧૨ વિજ્ઞાન ...વિભાગ<br>રૂા.૮૧,૧૩,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩<br>પા.નં.૫ | ૧૦૦ | સરકારી કર્મચારીઓને અપાતા સ્માર્ટ કાર્ડ પાછળ કરવામાં આવતો બેફામ ખર્ચ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૮.<br>* | -"- | ૧૦૦ | સચિવાલયમાં નવી પ્રવેશ પદ્ધતિને મળેલી સંપૂર્ણ નિષ્ફળતા. | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

### અધ્યક્ષશ્રીની જાહેરાત
### પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા માટે સમય ફાળવવા અંગે

**અધ્યક્ષશ્રી** આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૧૦ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. આજે ગૃહની બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ થી સાંજના ૫-૧૫ વાગ્યા સુધીનો છે. આથી વિધાનસભાના નિયમોના નિયમ - ૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલા એટલે કે સાંજના ૪-૧૫ વાગ્યે પૂરક વિનિયોગ વિધેયક ઉપરની સમગ્ર ચર્ચા સમાપ્ત કરી બધી બાબતો સભાગૃહના મત ઉપર મૂકવાની થાય, પરંતુ કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અનુસાર માગણી પર ચર્ચા અને મતદાન પરનું કામકાજ પૂરું થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક હાથ ધરવાનું છે. પૂરક વિનિયોગ વિધેયક પર ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૧૦ સભ્યશ્રીઓએ મુદ્દા આપેલ છે. તે હેતુ માટે મેં દરેક સભ્યશ્રીને ત્રણ મિનિટનો સમય ફાળવ્યો છે. આથી માગણી પર ચર્ચા અને મતદાન માટે સાંજના ૪-૪૫ વાગ્યા સુધીનો સમય ઠરાવું છું અને ત્યારબાદ પૂરક વિનિયોગ વિધેયક હાથ પર લેવામાં આવશે.

### માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશ:)

**ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની જે માગણી રજૂ કરી છે, તેમાં હું મારો સૂર પૂરાવી શકતો નથી. માહિતી અને પ્રસારણ વિભાગ એ રાજય સરકારની માહિતી એના નિયામકશ્રી દ્વારા ગુજરાતના અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચાડે છે. એમાં પારદર્શકતા હોવી ખૂબ જરૂરી છે. જનસમૂદાયના હિતાર્થે રાજય સરકારે કરેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી લોકોના ધ્યાન પર મૂકીને મોટી સંખ્યામાં આ યોજનાનો લાભ થાય તેવી પ્રચાર માધ્યમ દ્વારા કાર્યવાહી કરવાની હોય છે. લોકો શું અપેક્ષા રાખે છે અને લોકોનો મત આ યોજના પ્રત્યે શું છે એની ફીડબેક માહિતી સરકારના ધ્યાન ઉપર મૂકવાની કાર્યવાહી કરવાની હોય છે, પરંતુ આ સરકારની બેધારી નીતિને લીધે એક હથ્થુ સત્તાને લીધે, સત્તાના અભિમાનને લીધે આ પ્રચાર માધ્યમનો દૂરપયોગ થઈ રહ્યો છે.

સાંપ્રત ગુજરાતના વિકાસ માટે ગુજરાત પાક્ષિક બહાર પાડવામાં આવે છે. ગુજરાત પાક્ષિકે સમગ્ર રાજયની વહીવટ નીતિ અને કામગીરીનો અહેવાલ પ્રજા સમક્ષ મૂકવાનો હોય છે, પરંતુ ફક્ત ને ફક્ત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીની તસવીરો મૂકીને એકધારી વ્યકિતગત પ્રસિદ્ધિ માટે આ પાક્ષિક બહાર પડે છે એમાં વિરોધ પક્ષના નેતાશ્રીની કાર્યવાહી એની વિટંબણાઓ, પ્રજાના પ્રશ્નોને કોઈ સ્થાન આપવામાં આવતું નથી, એનું અમને દુ:ખ છે. આ પ્રસારણ વિભાગ દ્વારા જાહેર સ્થળોએ લોકમેળાઓ, સંસ્કૃતિના મેળાઓ થાય છે, એમાં ડાયરા, નાટકો, ભવાઈ દ્વારા ગુજરાતની સંસ્કૃતિની વિકાસની વાતો લોકો સુધી, ઘેરઘેર સુધી પહોંચે એ માટે આવા

ભાતીગળ મેળાઓ રજૂ કરવાના હોય છે, પણ જ્યારે આવા મેળાઓની કે લોક સંસ્કૃતિના ઉત્સવની મુલાકાત લઈએ ત્યારે તેમાં ફક્ત ને ફક્ત મુખ્યમંત્રીશ્રીના બૅનરો હોય કોઈ મંત્રીશ્રીના બૅનરો હોય, હોર્ડિંગ્સ હોય, એટલે વ્યકિતગત પ્રસિદ્ધિ કરવામાં આ સરકાર પડી છે જેમાં સરકારના પૈસાનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે તેને માનનીય મંત્રીશ્રીએ અટકાવવો જોઈએ, હું આપના માધ્યમ દ્વારા ધ્યાન દોરું છું. જે તે વખતની સરકારોએ જે તે વખતે કામ કર્યુ હોય તેને ફીડબેક સિસ્ટમ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને અને સરકારનું ધ્યાન દોરીને જે તે વખતે પ્રચાર માધ્યમ વિભાગ ખૂબ સુંદર કામગીરી કરતું હતું અને એટલા માટે જ કોઈપણ મુખ્યમંત્રીશ્રીની તસવીરો છપાવીને પ્રજાના હ્દય સુધી પહોંચવાની જરૂરિયાત પડી નહોતી. હિતેન્દ્રભાઈની સરકાર હોય કે જીવરાજ મહેતાની સરકાર હોય, સુંદર વહીવટ દ્વારા પ્રજાના દિલમાં આજે પણ સ્થાન ધરાવે છે. માધવસિંહ સોલંકીની સરકાર હોય, એના સુદઢ સામાન્ય વહીવટ દ્વારા અને કરેલાં કેટલાક કાર્યો દ્વારા મધ્યાહન ભોજન યોજના દ્વારા કે બક્ષીપંચના ઉત્કર્ષની વાતો દ્વારા આજે પણ પ્રજાના હ્દયમાં સ્થાન ધરાવે છે, કેશુભાઈ પટેલની સરકાર હોય કે ચીમનભાઈ પટેલની સરકાર હોય, કોઈ ગોકુળ ગ્રામ યોજના દ્વારા કે કોઈ નર્મદા યોજના દ્વારા આ સરકાર વાતો લઈને આ પ્રચાર માધ્યમ દ્વારા લોકોના દિલ સુધી પહોંચી હતી અને આજે પણ લોકોના દિલમાં સ્થાન છે. શંકરસિંહ વાઘેલાની સરકાર હોય જિલ્લાનું વિભાજન કર્યુ હોય, રહેમરાહે નોકરી આપી હોય, પ્રજાના હિતનાં કાર્યો કર્યા હોય, વિધવાઓને સહાય આપી હોય, ખેડૂતોને વીજળી આપી હોય, પ્રજાના દિલમાં સ્થાન લેવા માટે કદીય તસવીરો છપાવવાની જરૂર પડી નહોતી. આ સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી, ફક્ત ને ફક્ત તસવીરો દ્વારા આ માધ્યમનો ઉપયોગ કરીને આ વિભાગનો દૂરુપયોગ કરીને પ્રજાના દિલ સુધી પહોંચવાની વાત લઈને નીકળી છે, તે કદીય પ્રજાના દિલ સુધી પહોંચવાની નથી અને જે બેફામ ખર્ચા થઈ રહ્યા છે, તે ખર્ચને લીધે અમે આ યોજનામાં કે આ વિભાગને ટેકો આપી શકતા નથી.

સામાન્ય વહીવટ વિભાગ એ તો સરકારના વહીવટનું હ્દય છે અને એ હ્દય ધબકતું બંધ થઈ જાય તો સરકારને જીવિત રહેવાનો અધિકાર રહેતો નથી અને જીવિત રહી શકે નહીં. સરકાર સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકાર ગુજરાતના ૧૦ લાખ કર્મચારીઓને, અધિકારીઓ બધાનું હિત જુએ છે અને આ હિત જોવા માટે આ સરકાર બંધાયેલી છે, પણ કયાંય સામાન્ય વહીવટ જેવું લાગતું નથી. હજારોની સંખ્યામાં ક્લાસ-૧ અને ક્લાસ-૨ ની જગ્યા ખાલી છે અને ચાર્જ આપી આપીને ઈન્ચાર્જ કરી કરીને વહીવટ ચલાવવામાં આવે છે. સામાન્ય વહીવટ કયાંથી ચાલે.

સરકાર ઈ-ગવર્નન્સની વાતો કરે છે. આ સરકાર ઈ-ગવર્નન્સની નથી આ સરકાર ઈન્ચાર્જ ગવર્નમૅન્ટ છે. દરેક જગ્યાએ ડી.જી.પી. ની જગ્યા હોય તો ઈન્ચાર્જ, પશુપાલન નિયામકની જગ્યા હોય તો ઈન્ચાર્જ, ખેતી નિયામકની જગ્યા હોય તો ઈન્ચાર્જ કોઈપણ નિયામકશ્રીની જગ્યા હોય તો ઈન્ચાર્જમાં મૂકીને અધિકારીઓને પોતાની તરફ કામગીરી કરાવવા માટે હંમેશા લાલચમાં રાખીને કામ કરે છે, તે બરાબર નથી.

હમણા હમણા એક નવી નીતિ નીકળી છે કર્મયોગીની. ૮૦,૦૦૦ કર્મચારીઓને કર્મયોગી બનાવ્યા અને હવે પ્રજાના હિતનું કાર્ય કરવા લાગી. ૧૯૬૦ પહેલી મે ના રોજ ગુજરાતનો જન્મ થયો. ગુજરાતને ઘડવામાં, ગુજરાતની અસ્મિતા ટકાવવામાં, ગુજરાતની સંસ્કૃતિ જાળવવામાં ગુજરાતના આ કર્મચારી અને અધિકારીઓએ પોતાના દિલ રેડ્યા છે. ૩૫-૪૦ વર્ષ સુધી ફરજ બજાવનાર કર્મચારીઓને હવે કર્મયોગી કહેવા માટે નીકળી છે, આ બરાબર નથી. હા, એમની આવડતમાં વધારો થાય એના માટે તાલીમ શિબિરો, આયોજન પહેલી પંચવર્ષીય યોજનાથી સરકારોએ કર્યા છે અને તાલીમ લઈ રહ્યા છે એના માટે સરદાર વહીવટી ભવન છે, સ્પીપા પણ છે, કેટલાક લોકોને સાચવવા માટે આ આખી નવી કર્મયોગીની યોજના રજૂ કરવામાં આવે છે, તે બરાબર નથી. કર્મચારીઓનું મોરલ તોડી નાખવામાં આવ્યું છે. જેના લીધે ગુજરાત સરકારને પેરાલીસીસ થયેલ છે અને હાથપગ ચાલે નહિ, એમ આ સરકાર ચાલી શકશે નહીં.

સરકાર કોઈપણ વાતને અટકાવવા, લોકશાહીનું ખૂન કરવા, લોકશાહીમાં ખૂબ સારી કહેવત અબ્રાહમ લીંકનનું વાક્ય છે, બધા જાણે છે. 'ઑફ ધ પીપલ, ફૉર ધ પીપલ, બાય ધ પીપલ' પણ આ ફોર ધી પીપલ જેવું રહ્યું નથી. ફાર ધી પીપલ, દૂર રહો આજે દરવાજાની વચ્ચે અને દરવાજા ઉપર તાળાબંધી, માનનીય મંત્રીશ્રી મળે નહીં. જે દિવસે મળવાનું હોય તે દિવસે પ્રવાસમાં હોય, ચીનની દીવાલની જેમ પ્રજા અને સરકારની વચ્ચે કર્મચારીઓ અને પ્રજાના પ્રશ્નો વચ્ચે ચીનની દીવાલની જેમ દીવાલ ખડી કરીને બંધ કરવામાં આવ્યા છે. ભારતની દીવાલ કહુ, અરે ગુજરાતની દીવાલ કહું. માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીઓને કર્મયોગી બનાવ્યા, કર્મચારીઓને તાલીમ આપી, સરકાર કામ કરતી થઈ ગઈ, સુદ્રઢ વહીવટ કરતી થઈ ગઈ એવી બધા વાતો કરીએ છીએ. આ દરવાજાની અંદર બીજી પ્રવેશ પદ્ધતિ અને તેમાં મોટા દરવાજાથી અંદર આવો એટલે નાનો દરવાજો અને તેની ઉપર આવી જઈએ પછી પ્રવેશ પદ્ધતિ ત્યાં પણ ચકરડા મૂકયા છે, સ્માર્ટ કાર્ડ આપ્યા છે. શું કરે છે. કેવી રીતે આવે. આ સિસ્ટમ આખી નિષ્ફળ છે. તંત્ર આખું નિષ્ફળ છે. એમાં સમય વેડફાય છે. પ્રજા એમાં કયાંય રહેતી નથી. સિસ્ટમ સિસ્ટમ સિસ્ટમ. ઈ-ગવર્નન્સ પછી સ્માર્ટ કાર્ડ અને પછી સ્માર્ટ કાર્ડનું સર્વેક્ષણ. વળી પાછી કર્મયોગીની તાલીમ આપી તે કર્મયોગીની તાલીમ સારી થઈ કે ખોટી થઈ તેના માટે પાછી મદ્રાસની એક કંપનીને કરોડો રૂપિયાના ખર્ચે સર્વેક્ષણ કરવામાં આવે. પાછા સાત આઠ લાખ કામદારો પાસે પત્રકો ભરાવવામાં આવે. બે-ચાર દિવસ બગાડી પત્રકો ભરી, કર્મચારીઓ તાલીમમાં જાય, કર્મચારીઓ કર્મયોગીઓ બનવા જાય, અધિકારીઓની જગ્યાએ ઈન્ચાર્જમાં હોય તે દેખાય નહીં. પ્રજા કયાં રખડે? કયાં જઈને પોતાના પ્રશ્નો રજૂ કરી શકે. સરકાર સુધી આવે તે પહેલાં બહાર ઊભા રહેવું પડે. અંદર આવવા મળે નહીં. એક દિવસ નક્કી કર્યો તે દિવસ સિવાય આવી શકાય નહીં. ભૂતકાળમાં કેટલા

લોકો રજૂઆત કરવા માટે સરકારમાં આવીને પોતાના હદય ઠાલવતા હતા. આ તો એક મંદિર છે. લોકશાહીનું મંદિર છે. વિધાનસભા સચિવાલય સંકુલ એ તો લોકશાહીનું મંદિર છે. તે હંમેશાં ખુલ્લું હોવું જોઈએ. લોકો પોતાના પ્રશ્નો માટે નહી પણ પોતાના પ્રતિનિધિ અને પોતાના મંત્રી મંડળના સભ્યશ્રીઓને જોવા માટે અહીં આવે છે અને તેના માટે સરકારે પોતાનો વિશ્વાસ આ લોકોમાં ઊભો કરવો જોઈએ. આ સરકાર વિધાનસભાના ધારાસભ્યો ઉપર, ધારાસભ્યો મારફતે સરકારી અધિકારીઓ ઉપર અને સરકારી અધિકારીઓ મારફતે પ્રજા ઉપર વિશ્વાસ ઊભો કરવામાં સદંતર નિષ્ફળ ગઈ છે અને એટલા માટે જ આપણે રોજ છાપામાં વાંચીએ છીએ કે વિધાનસભ્યે આમ કર્યું છે, આ દાદાગીરી નહીં ચાલે, આ તાનાશાહી નહીં ચાલે આ બધુ સાહેબ ઉભું થયું છે. તેના લીધે પ્રજાના પ્રશ્નો તો રખડી પડ્યા છે. પ્રજા કયાંય ચિત્રમાં જ રહી નથી.

મારે બીજી વાત કરવી છે સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીની. આ સરકાર હંમેશાં સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીની વાત કરે છે. ટૅક્નૉલૉજી અને સાયન્સ ગુજરાતમાં ખૂબ વિકાસ પામે, ફૂલેફાલે, તેના માટે અમે બધા પણ કટિબદ્ધ છીએ. આ વિભાગની મેઈન જે કાર્યવાહી છે તે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી અને બાયો ટૅક્નૉલૉજી. આ બેમાં કોઈ કામગીરી થઈ છે ખરી? મારે આપના માધ્યમ દ્વારા પૂછવું છે કે બે-ત્રણ વર્ષ પહેલાં જયારે સરકાર દ્વારા એક ઈન્ફોસીટી બનાવવામાં આવી છે અને પુરી ફાઉન્ડેશનને બાયોટૅક્નૉલૉજી માટે સો એકર જમીન એક રૂપિયાના ભાવથી આપવામાં આવી છે. આ બંને સંસ્થાઓએ ફક્ત કંપાઉન્ડ વૉલ બનાવવા સિવાય કોઈ કાર્યવાહી કરી નથી. તેની તપાસ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગે કરી છે ખરી? પુરી ફાઉન્ડેશન સો એકર જમીન તારની વાડ બનાવીને જમીન હડપ કરીને બેસી ગયા છે. બાયો ટૅક્નૉલૉજીની વાત ચાલતી નથી. ઈન્ફોસીટીમાં અત્યારે માર્કેટીંગ થઈ રહ્યું છે, જમીન વેચાઈ રહી છે, પ્લોટ વેચાઈ રહ્યા છે, ફલેટ વેચાઈ રહ્યા છે. તેમાં કલબ બનાવીને અધિકારીઓ પાસે પૈસા ઉઘરાવવામાં આવી રહ્યા છે. આ સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીનો વિકાસ નથી. આ તો વ્યકિતગત વિકાસ થઈ રહ્યો છે. લોકોને રોજી આપવાની વાત લઈને ગુજરાતના વિકાસની વાત લઈને નીકળ્યા હતા તે અત્યારે કયાંય જોવા મળતો નથી. એટલે આપના માધ્યમ દ્વારા આ લોકોને વાત કરવા માગું છું કે ક્યાંક સામાન્ય વહીવટ જેવું હોય તો ક્યાંક સરકાર જેવું લાગે અને ક્યાંક પ્રજાના પ્રશ્નો ઉકેલો તેવી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓમાં એક મનોરંજન કરની વાત લઈને, સુખ સુવિધા કરની વાત લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. મનોરંજન કરની વાત કરીએ તો ગુજરાતની અસ્મિતા જાળવવામાં, સંસ્કૃતિ જાળવવામાં ગુજરાતની ફિલ્મો દ્વારા ગુજરાતની પ્રજાના પ્રશ્નો અને ભાતીગળ વાતો દેશ અને વિદેશમાં ફેલાવવા માટે આપણે ફિલ્મ જગતને પાંચ લાખ રૂપિયાની સબસીડી આપવાની વાત અમારી સરકારોએ કરી હતી, ઠીક છે આજે તે ચાલુ રાખી છે. ખરેખર તો અત્યારના જમાનાની વિગતોને લક્ષમાં લેતાં પાંચ લાખ રૂપિયાની જગ્યાએ દસ લાખ રૂપિયા સબસીડી આપવી જોઈએ તે વાત અમે કરી હતી અને આ સરકારે કરી છે પણ તેનો ઉકેલ આવ્યો નથી. ગુજરાતી ફિલ્મોનો કેટલો વિકાસ થયો હતો? ગુજરાતી ફિલ્મોની કેટલી બોલબાલા હતી તે અમારા વખતના ભાઈશ્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીને પૂછી જુઓ કે ગુજરાતી ફિલ્મોની શી છાપ હતી અને અત્યારે શી છાપ છે. ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ કેવી રીતે અત્યારે ચાલી રહ્યો છે તેની વાત સાંભળવી હોય તો, દુ:ખદ વાત સાંભળવી હોય તો અત્યારના માનનીય સભ્યશ્રી નરેશભાઈ કનોડિયાની પાસે જાઓ હદય દ્રવી ઊઠશે. કયાંય વિકાસની વાત જણાતી નથી. મનોરંજન કરમાં જે યોજનાઓ છે તે સુખ સુવિદ્યાના જે લાભ આપવામાં આવી રહ્યા છે તેની કોઈ છણાવટ થતી નથી. વિલંબ થાય છે. વિલંબવાળી નીતિ થાય છે કેસોનો નિકાલ થાય છે કે નહીં અને મનોરંજન કરના કેસ ઊભા કર્યા છે તેનો નિકાલ કરવાની રાજય સરકારે ચિંતા કરી નથી. એટલા માટે કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલના આ વખતના તપાસ અહેવાલમાં મનોરંજન કર સુવિધા કર વિભાગની જે જે કાર્યવાહી થઈ છે તેની ખૂબ આકરી ટીકા કરવામાં આવી છે. એ પ્રત્યે પણ આ સરકાર દુલર્ક્ષ સેવી રહી છે એ વાત હું આપના દ્વારા મૂકવા માગું છું,

સામાન્ય વહીવટ વિભાગમાં આ સરકાર અને આ સરકારના માનનીય મંત્રીશ્રીઓને ગુજરાતની અસ્મિતા, ગુજરાતના અધિકારીઓને પ્રાધાન્ય આપવાની વાતો કરતા ઘણીવાર આપણને સાંભળવા મળ્યા છે, આપણે કોઈના અધિકારો છીનવવા નથી પણ ગુજરાતના અધિકારીઓ, ગેસ કૅડર, એડીશનલ કલેક્ટર, એનું કેડરશિડયુલ, એના પગારો આ વાતો કરવાના જે નિર્ણયો સરકાર અગાઉ લઈને બેઠી હતી એના પરિપત્રો કે એની લગતી કામગીરી આ સરકાર કરતી નથી. સામાન્ય વહીવટ વિભાગે ગુજરાત સરકારે ગેસ કૅડરનું શિડ્યુલ બહાર પાડવું જોઈએ, ૧૯૯૮માં માનનીય શંકરસિંહ વાઘેલાની સરકારે બહાર પાડ્યું એ પછી આજ દિવસ સુધી એ ફાઇલ ધૂળ ખાતી પડી રાખવામાં આવી છે. એડીશનલ કલેક્ટરના પ્રમોશનો મળતાં નથી. એક એક અધિકારીને જે તે જગ્યાએ ચાર ચાર ચાર્જ આપવામાં આવે છે પણ અધિકારીઓને વ્યવસ્થિત ગોઠવવામાં પણ આ તંત્ર નિષ્ફળ ગયું છે, અધિકારીઓ ઉપલબ્ધ છે એમની પાસેથી કામ લેવામાં પણ આ તંત્ર નિષ્ફળ ગયું છે, ત્યારે વ્યકિતગત પ્રશ્નોમાં ન પડતાં સમગ્ર ગુજરાતના વિકાસ માટે અધિકારીઓ કઈ રીતે ઉપયોગી થશે, એનું માળખું કેવી રીતે ઉપયોગી થશે એ વાત માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મૂકું છું.

આ વિભાગમાં કુદરતી આપત્તિ સત્તા મંડળની સ્થાપના કરવામાં આવી, કુદરતી આફતો સામે લડવા ગુજરાત સરકારે એક આયોજન કર્યુ છે. ભૂતકાળમાં પણ હતું, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે કારણ ગુજરાતે હંમેશાં કુદરતી આફતોનો સામનો કરવો પડતો હોય છે. ૧૯૮૫-૮૬ અને ૮૭ની સાલમાં જે કુદરતી આફતો આ રાજય ઉપર આવી, અનાવૃષ્ટિ ઊભી થઈ અને માનનીય સ્વર્ગસ્થ અમરસિંહભાઈ ચૌધરીએ જે

રીતે એનો નિકાલ કર્યો હતો અને પ્રજાના હિતના, વિકાસના કામો અને જાનમાલનું રક્ષણ એમણે કર્યુ હતું. આપણા આ સમયકાળમાં એવી જ આપત્તિ  કચ્છના ભૂકંપ વખતે આવી હતી, દરેકે દરેક વખતે ભૂકંપ આવે કે કુદરતી આપત્તિ આવે ત્યારે પ્રજાના તમામ વર્ગો, તમામ પક્ષના લોકો લોકોના સુખદુખ સાંભળવા માટે જે તે સ્થળે જતા હોય અને અને એ કામ કરતા હોય છે પણ મને દુ:ખ એ વાતનું છે કે, આ ભૂકંપ દરમિયાન જે કાટમાળ ખસેડવાની કામગીરી ચાલી, તેમાં ભાજપની સરકારે આંખમિંચામણાં કર્યા છે, કેટલાય કાર્યકરો, અને અધિકારીઓ અને કર્મચારીઓ ભેગા થઈને કરોડો રૂપિયાનું કાટમાળ ખસેડવાનું કૌભાંડ રાજયમાં ઊભું કરીને ગુજરાતની છબી સમગ્ર દેશમાં બગાડી છે. કાટમાળ ખસેડ્યો કેવી રીતે? નિર્ણય કર્યો એની પણ તપાસ થઈ  પણ જે સાધનો દ્વારા કાટમાળ ખસેડ્યો છે અને સાધનોના નંબરો આ લોકોએ આપ્યા છે એમાં કેટલીક રિક્ષાઓના નંબરો છે, કેટલાક સ્કૂટરોના નંબરો છે અને સ્કૂટરો અને રિક્ષાઓ દ્વારા કાટમાળ ખસેડવાની કામગીરી છે એમાં કરોડો રૂપિયા ચાઉ થઈ ગયા અને ગરીબ પ્રજા માટે, ભૂકંપમાં સપડાયેલ પ્રજા માટે જે પૈસા દેશ અને પરદેશમાંથી આવ્યા હતા એની વ્યવસ્થા કરવામાં આ સરકાર બિલકુલ નિષ્ફળ ગઈ છે. ગુજરાતની આબરૂના ધજાગરા ઉડાડ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ હોય, સામાન્ય વહીવટ વિભાગ હોય કે સાયન્સ અને ટૅક્નૉલૉજી વિભાગ હોય એ જે વિભાગોની માગણીઓ લઈને આજે આવ્યા છે એમાં અમે એટલા માટે સહમત થઈ શકતા નથી કે પ્રજાના હિતના કાર્યો માટે સરકારનો જે અભિગમ છે અને સરકારે જે દિશા આપી છે, ભૂતકાળની સરકારે જે કામગીરી કરીને તમને જે દિશાનું સૂચન કર્યુ છે, દિશાનું ચિંતન કર્યુ છે એમાં તમે ઉણા ઊતર્યા છો અને ફક્તને ફક્ત એક તરફી શાસનનો ઉપયોગ કરીને  એક હથ્થુ સત્તાનો ઉપયોગ કરીને પ્રજાના અવાજને દબાવી દઈને, પ્રજાના પ્રશ્નોને આવતા રોકીને, ધારાસભ્યશ્રીઓના અવાજ દબાવી દઈને, માનનીય ધારાસભ્યશ્રીઓને મુક્તપણે પ્રશ્નો રજૂ કરવાની છાપ ઊભી કરવામાં, વહીવટી છાપ  ઊભી કરવામાં જે રીતે તંત્ર સદંતર નિષ્ફળ રહ્યું છે. એમાં અમારો સૂર પુરાવી શકતા નથી એટલા માટે જે દરખાસ્તો મૂકી છે એની  સાથે સહમત થઈ શકતા નથી.

**શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી આજે  સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંક ૨૯ અને ૩૨, માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંક ૫૪ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણી ક્રમાંક ૮૯ લઈને સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે સમગ્ર ભારતની અંદર જે જે રાજયો છે એ રાજયોની અંદર સુશાસન સ્થાપિત કરવામાં ગુજરાતની ભાજપ સરકારનું શાસન અગ્રેસર રહેવા પામ્યું  છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જયારે વિભાગ ઉપરની માગણી છે ત્યારે કોઈ રાજકીય અવલોકનો કરવા માગતો નથી, પરંતુ જે વસ્તુ છે એને આપણે નજરઅંદાજ તો નહી કરી શકીએ. કારણ કે, હમણાં જ મારા પૂર્વ વકતાએ કહ્યું કે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે આપણે ત્યાં કોઈ વ્યવસ્થા નથી. ડિઝાસ્ટર મેનેજમેન્ટની અંદર હું કહીશ કે ગુજરાત રાજય સમગ્ર ભારતમાં જ નહીં પણ વિશ્વ કક્ષાએ પણ પ્રશસ્તિ એવોર્ડ મેળવી ચૂકયું છે. હું બીજી વાત પણ કરીશ કે, આપણે લોકશાહીને વરેલા છીએ. લોકશાહી એટલે લોકો માટે, લોકો દ્વારા, લોકો થકી ચાલતું શાસન એટલે લોકશાહી. દરવાજા શેના બંધ હોય, દરવાજા બધા લોકો માટે ખુલા હોવા જોઈએ. આપણા આ ગૃહના સન્માનીય સભ્યો અને બધા જ લોકો જાણે છે એ પ્રમાણે હિન્દુસ્તાનની અંદર આતંકવાદે માઝા મૂકી છે. આ આતંકવાદનો ભોગ આ દેશનાં બે-બે વડાપ્રધાનો બની ચૂકયા છે. આ આતંકવાદનું પગેરું ગુજરાત સુધી પણ પહોંચી ચૂકયું છે. મને આનંદ એ વાતનો છે કે, ગુજરાતનું તંત્ર, ગુજરાતના લોકોની સુખાકારી અને ગુજરાતના લોકો નિરાંતનો દમ લઈ શકે એના માટે આતંકવાદીઓ ઉપર પૂરેપૂરી કડકાઈ આવે એવું તંત્ર, એવી લગામ આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી પાસે છે. જેના કારણે આતંકવાદ અત્યારે ભોમાં ભંડારાઈ ગયો છે. આતંકવાદીઓને તક મળતાં જ ગમે ત્યારે પણ પોતાનું વરવું સ્વરુપ લઈ બહાર આવી શકે છે. આ આતંકવાદીઓ ભોમાં ભડારાયેલા ભોરીંગ જેવા છે. તકની રાહ જુએ છે. આ રાજયના સચિવાલયની સુરક્ષા એ રાજયના મુખ્યમંત્રી માટેની સુરક્ષા નથી. સચિવાલયની સુરક્ષા એ ગુજરાતના ૫ કરોડ નાગરિકોને સ્પર્શતી બાબત છે અને એના માટે એનું યોગ્ય વ્યવસ્થાપન કરવામાં આવ્યું છે. લોકોને કોઈ પણ જાતની મુશ્કેલી ન પડે એના માટે પૂરતી તકેદારી રાખવામાં આવી છે. કોઈ પણ માણસ મુલાકાતથી વંચિત રહેતો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, તમે આ ચાર માગણી પૂરતી વાત કરો. આટલી પૂર્વભૂમિકા ન હોય. પહેલા માગણીઓની વાત કરી પણ પછી માગણીઓની ચર્ચાને બાજુમાં મૂકી દીધી.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : ના, ના. સાહેબ, એના ઉપર આવું છું. હું મંત્રીમંડળ પરિષદની વાત કરવા માગું છું. માગણીઓ ઉપરની વાત કરું તો ગયા સત્રમાં માગણીઓ ઉપરની ચર્ચામાં વિપક્ષના મિત્રો તરફથી કહેવામાં આવ્યું કે, નાનું પ્રધાનમંડળ પણ બહું સારું કામ કરે છે. હા, એ તો સ્વીકારવાની બાબત છે. આ નાનું પ્રધાનમંડળ હોવા છતાં ગુજરાતના વિકાસ માટે જે કંઈ કરવું જોઈએ એ કરી રહ્યું છે, એમાં કોઈ ઉણપ કે ખામી આવી નથી એ આ રાજય સરકારની સિધ્ધિ છે.

સામાન્ય વહીવટ વિભાગમાં આપણને બધાને ખ્યાલ છે કે લોકોને પોતાની રજૂઆત કયાં કરવી એનાથી લોકો અજ્ઞાત હતા. એના માટે આ રાજય સરકારે અધિકાર પત્રો આપ્યા છે. ૩૦૩ અધિકાર પત્રો લોકોની વચ્ચે મૂકયા છે. અત્યાર સુધી આ સમાજ, સામાન્ય માણસ, ગરીબ માણસ, દલિત, હરિજન, આદિવાસીને ખબર ન હતી કે

મારા અધિકાર કયા પ્રકારના છે? હું તલાટી મંત્રી પાસે ૭/૧૨ નો ઉતારો માગું તો મને કેટલા દિવસમાં મળશે? એને ખબર ન હતી કે, હું મારા માટે રહેણાંકના પ્લોટની જગ્યા માગું તો કયાં અરજી કરવી, કેટલા દિવસમાં એનો નિકાલ થાય? આ બધી જાણકારી એને આ અધિકાર પત્રના માધ્યમથી આ સરકારે આપી છે. મારે એ વાત પણ કરવી છે કે, લોકોની વચ્ચે રહીને લોકોને એના અધિકારોથી વાકેફ કરવાનું કાર્ય આ રાજયની સરકારે કર્યું છે એનો શ્રેય આ રાજયની ભાજપની સરકારને જાય છે. આ ન ભૂતો ન ભવિષ્યતિ છે.

રાજ્યના વિકાસની જ્યારે આપણે વાત કરીએ છીએ ત્યારે રાજ્યના વિકાસની અંદર બ્યુરોક્રેસી અને ડેમોક્રેસી આ બન્નેનો સહયોગ હોય તો જ રાજ્યનો વિકાસ થઈ શકે અને આ વાત આ રાજ્યની વર્તમાન સરકારે બરાબર નજરમાં લઈને રાજ્યના તમામ કર્મચારીઓને કર્મયોગીની તાલીમ આપી છે. આ રાજ્યનો એક એક કર્મચારી, આ રાજ્યનો એક એક અધિકારી પોતે કર્મયોગી બન્યો છે અને રાજ્યના વિકાસની અંદર પોતાની ભૂમિકા કેવા પ્રકારની હોઈ શકે એનું મનન અને મંથન થયું છે. આ રાજ્ય સરકારે સૌપ્રથમ પ્રયોગ કર્યો કે ગુજરાતના વિકાસ માટે જે તે વિભાગની અંદર કેવા પ્રકારની યોજના હોવી જોઈએ અત્યારે કયા પ્રકારની યોજનાઓ છે અને ભાવિ આયોજન શેનું કરવું જોઈએ એના માટેનો વિચાર, એના માટેની વાત અહીંયા કોઈ અધિકારી કે કર્મચારી પર દબાણ નથી, અહીંયા તો કર્મચારી મિત્રો પોતાની વાત કરી શકે છે અહીંયા તો અધિકારીઓ પોતે પણ ખુલ્લેઆમ વાત કરી શકે છે કે આમ હોવું જોઈએ, આમ હોવું જોઈએ અને એના માધ્યમથી આ ગુજરાતનો સર્વાંગી વિકાસ કેવી રીતે થઈ શકે એની વાત વિચારવામાં આવી છે. આ વાત એક અગત્યની છે. સારામાં સારું કામ આ રાજ્ય સરકારે કર્યુ છે. આ રાજ્યની દિશા, રાજ્યનો વિકાસ કઈ દિશામાં હોય એ બધા લોકો સાથે મળીને નક્કી કરે છે. કર્મયોગીના માધ્યમથી ઈ-ગવર્નન્સ, ઈડી ગવર્નન્સ, ઈફેક્ટિવ ગવર્નન્સ આપવાની અંદર આ સરકાર બિલકુલ સફળ રહી છે. આ સરકાર સારા અધિકારી કે સારા લોકોને પુરસ્કૃત કરવાનું પણ કામ કરે છે. કોઈ અધિકારી પોતાના ક્ષેત્રની અંદર સારું કામ કરે તો એનું સન્માન થાય છે, કોઈ સમાજસેવા કરનાર વ્યક્તિ સમાજસેવાની અંદર સારું કામ કરે તો એનું સન્માન થાય છે અને કોઈ નરસાને નશ્યત કરવાની અંદર પણ આ સરકાર ક્યાંય ઉણી ઉતરતી નથી, પછી એ અધિકારી હોય કે સામાન્યજણ હોય.

યાત્રાધામ વિકાસ કરવા માટેની આ સરકારે પણ વાત કરી છે. સોમનાથ, દ્વારકા, અંબાજી, ગિરનાર, પાલીતાણા, ડાકોર એના વિકાસની કામગીરી યાત્રાધામ વિકાસ બોર્ડને સુપ્રત કરવામાં આવી છે. આ સરકારના સામાન્ય વહીવટ વિભાગ મારફત જે હાજીઓ હજ કરવા માટે જાય છે એના માટેની બધી જ વ્યવસ્થાનું આયોજન કર્યુ છે. અહીંયા કેટલાક લોકો એમ કહે છે કે તમે લોકો સાંપ્રદાયિક છો પણ અમે સાંપ્રદાયિક નથી અમારી નીતિ તો બધા માટે સમાન છે. અમે માનસરોવરની યાત્રાએ જતા લોકો માટેની યોજના કરીએ છીએ એના કરતાં વધારે સારી યોજનાઓ અમે અલ્પસંખ્યક લોકો માટે કરીએ છીએ. માનનીય સભ્યશ્રી કાલે ચિંતા કરતા હતા કે આ રાજ્યની અંદર અલ્પસંખ્યક માટે કોઈ યોજના નથી કરી પણ એના માટેની પણ વાત કરી છે. કૈલાસ માનસરોવરની યાત્રા માટેની પણ વાત કરી છે, અમરનાથની યાત્રા માટેની પણ અમે ચિંતા કરી છે.

આપણી સંસ્કૃતિ, ભારતીય સંસ્કૃતિ એ મેળા, ઉત્સવને માનનારી સંસ્કૃતિ છે. આપણે એકધારું જીવન જીવવામાં માનતા નથી. આપણે જીવનની અંદર ચેઈન્જીસ આવે એના આગ્રહી છે. આ રાજ્ય સરકારે ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ, ગુજરાત રાજ્યની સ્થાપના દિન પહેલી મે ના દિવસોએ જુદા જુદા મેળાઓનું આયોજન કરવાનું પણ વિચાર્યુ છે એના માટે પણ બજેટ ફાળવેલ છે. માહિતી અને પ્રસારણ વિભાગના માધ્યમથી આ રાજ્ય સરકારે રાજ્યની વિવિધ યોજનાઓ સમાજના નબળા વર્ગ સુધી પહોંચે, સમાજના વંચિત અને પછાત કે અંતરિયાળ વિસ્તારની અંદર આ માહિતી જાય એના માટેનું આયોજન આ રાજ્ય સરકારે કરીને એક એક યોજનાની માહિતી લોકો સુધી પહોંચે અને વચેટિયાઓનું એમાંથી નિકંદન થઈ જાય એના માટેની પ્રવૃત્તિ આ રાજય સરકારનો માહિતી વિભાગ બરાબર કરે છે.

લોકપ્રહરી, આ રાજય સરકારે સૌપ્રથમ લોકપ્રહરીની નિયુક્તિ પણ કરી છે. લોકો પોતાની ફરિયાદ, પોતાના અધિકાર ત્યાં મૂકવાની વાત કરે છે હું એક બીજી બાબત પણ કહીશ કે કાયદો અને વ્યવસ્થાની દૂહાઈ દેવાવાળા લોકો વાત કરે છે પરંતુ આ રાજ્ય સરકારે આટલી પરિસ્થિતિની અંદર પણ લોકસભા, મ્યુનિસિપાલિટી અને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી સુખદ રીતે પૂરી કરી છે એકપણ આતંકવાદ સિવાય, ક્યાંય બુથ કેપ્ચરીંગ સિવાય ચૂંટણીનું કામ પણ આ રાજ્ય સરકારે પૂર્ણ કરેલ છે. ચૂંટણીની અંદર પણ આ રાજય સરકારની કામગીરી એકંદરે સારી અને ઘણી પ્રજાલક્ષી રહી. આ રાજય સરકાર કોઈનું મોરલ તોડવાના મતની નથી. આ રાજય સરકાર તે લોકોની ભાગીદારીથી બ્યૂરોક્સીની મદદથી આ રાજયનો સર્વાંગી વિકાસ કેમ થાય એક અધિકારી, કર્મચારી કે સમાજ સેવક માણસ તેનો જુસ્સો તેની પ્રમાણિકતા અને તેની મૌલિક શકિતનો વિકાસ કેમ થાય તેનું પણ બરાબર ધ્યાન રાખવા ઉપરાંત અત્યાર સુધીમાં જે કર્મચારીઓ ફરજ ઉપર મૃત્યુ પામે એવા કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નિમણૂંક આપવા માટેના જે કંઈ કેસો પેન્ડીંગ હતા તે કેસોનો ગૌણ સેવા પસંદગી મંડળ મારફતે બધી જ અરજીઓનો નિકાલ કર્યો છે. અત્યાર સુધીમાં લગભગ પોલીસ ખાતાની અંદર આ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ત્રણ હજાર લોક રક્ષકની જગ્યા માટે ૧ લાખ ૫૫ હજાર જેટલી અરજીઓ આવી તેમાંથી ૭૫૦૦ જેટલા ઉમેદવારોને બોલાવીને તેની પરીક્ષા લઈને તેની નિયુકિતનું કામ પણ ગતિમાં છે. બિન સચિવાલયની અંદર બિન સચિવાલય સેવાના કારકુન, કારકુન કમ ટાઈપિસ્ટ આવી લગભગ ૪૭૩ જેટલી જગ્યાઓ પણ આ ગૌણ સેવા પસંદગી મંડળના માધ્યમથી ભરવામાં આવી. આ મંડળ દ્વારા જ્યાં જ્યાં ખાતાના કર્મચારીઓની ખાતાકીય

પરીક્ષાઓ પણ યોજવામાં આવી છે. એક બહુ સારી મજાની વાત આ ગૌણ સેવા પસંદગી મંડળે કરી વનવાસી વિસ્તારના ઉમેદવારોને નિ:શુલ્ક માર્ગદર્શન પૂરું પાડવા માટે વનવાસી વિસ્તારની અંદર તેને તાલીમ, ટ્રેનિંગ અને તેને નાસ્તાની કે બીજી વ્યવસ્થા પણ સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ લઈને આ રાજય સરકારે કરી. આ કાર્યના કારણે રાજયની અંદર જે એસ.સી.,એસ.ટી., અને ઓ.બી.સી.ના બેકલોગની જગ્યાઓ ખેંચાતી આવતી હતી તે હવે લગભગ ખેંચાતી બંધ થશે, તેનો પણ મને આનંદ છે. ભૂતકાળની અંદર સાયન્સ અને ટૅક્નૉલૉજીનો વિકાસ નહોતો થયો. ઈ-ગવર્નન્સની વાત નહોતી ત્યારે કોઈ પણ જિલ્લાના અધિકારીને અહીં આવવું હોય તો ત્રણ દિવસનો સમય જોઈતો તેને ગાડીની અંદર પેટ્રોલ અને સમય શકિતનો પણ વ્યય થતો. આ રાજય સરકારે ઈ-ગવર્નન્સના માધ્યમથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી તાલુકા મથક ઉપર, જિલ્લા મથક ઉપર કોઈ પણ અધિકારીને સૂચના આપવાનું કામ આ રાજયના મુખ્યમંત્રી પોતે કરે છે અને સમય કે શકિતનો વ્યય થયા સિવાય પ્રશ્નોનો નિકાલ આવે છે. મને આનંદ છે તે વાતનો કે માનનીય મુખ્યમંત્રીશ્રી પોતાના સ્વાગત કાર્યક્રમના માધ્યમથી તેમની પાસે ઓન લાઈન અરજીઓ રજૂ થઈ હતી તે રજૂ થયેલી અરજીઓ પૈકીની અરજીઓમાંથી ૮૫ ટકા અરજીઓનો નિકાલ કર્યો છે. આવી તો ઘણી બધી બાબતો છે. આજે વિશ્વ ગ્રામ તે આ સાયન્સ ટૅક્નૉલૉજીના માધ્યમથી જિલ્લાને જોડ્યા, તાલુકાને પણ જોડ્યા પણ હવે પંચાયતોની અંદર પણ આ વિશ્વ ગ્રામના માધ્યમથી ગામડું જોડાશે. ગામના સરપંચ પણ રાજયના મુખ્યમંત્રી સાથે સીધી વિડિયો કોન્ફરન્સથી વાત કરી શકશે. આ રાજયનો સર્વાંગી વિકાસ કરવામાં આ રાજય સરકાર કયાંય ઊણી ઉતરી નથી એક પણ ક્ષેત્રની અંદર રાજય સરકાર ઊણી ઉતરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ સંસ્કૃતિપ્રધાન દેશ છે. અહીંયા આગળ ગાયોના રક્ષણ માટે આપણા પૂર્વજોએ પોતાના માથાં ગુમાવ્યાં છે. ગાયોના ધણ વાળવાની અંદર અનેક ગામડાના ઝાંપે આજે પણ પાળિયાઓની લંગાર છે. હમણા જ રાંભીયાબેનનો કિસ્સો છે. ગૌ સંવર્ધન અને ગાયોના વિકાસમાં રાજય સરકારનો અનન્ય ફાળો છે. આજે પણ ગૌ સંવર્ધનનો વિકાસ થાય અને યોગ્ય ઓલાદની ગાયોનું જતન થાય એ માટે રાજય સરકારની અનેકવિધ યોજનાઓ છે. એનો લાભ લઈને ગાયોનું જતન થાય અને એમાંથી ઔષધિય તાકાત ઉભી કરવામાં આવે એના માટેની રાજય સરકારની યોજના છે.

**અધ્યક્ષશ્રી .** : પૂરું કરો. પૂરું કરો.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, એક વાત કહીને મારી વાતને વિરામ આપીશ. આ રાજય સરકારે બિન નિવાસી ભારતીયો માટે કે જે ભારતના વતની છે, એને માટે પહેલી વખત એક બિન નિવાસી ભારતીયોનો પ્રભાગ શરુ કર્યો. આખા ભારતમાં એકમાત્ર ગુજરાત એક એવું રાજય છે કે બિન નિવાસી ભારતીયોમાં પોતાના રાજયના લોકો માટે આવી વ્યવસ્થા કરવામાં આવી હોય. આવા બિન નિવાસી ભારતીયોના માધ્યમથી ગુજરાતનો વિકાસ અને બીજા લોકોએ યોગદાન કર્યુ છે, લોક ભાગીદારીનો સહયોગ આપવાનું ચાલું થયું અને એ પ્રમાણે ચાલે છે. વાયબ્રન્ટ ગુજરાતના માધ્યમથી આવા બિન નિવાસી ભારતીયોનું પ્રદાન એ નવરાત્રિ મહોત્સવ હોય કે પતંગોત્સવ હોય, એમાં આવા બિન નિવાસી ભારતીયોએ ભાગ લઈને ગુજરાતના વિકાસમાં યોગદાન આપ્યું છે.

'જય જય ગરવી ગુજરાત' નો નારો વધારે બુલંદ થાય અને આ 'જય જય ગરવી ગુજરાત' ની કલ્પનાના કવિ નર્મદનું ગુજરાત કે નરસૈયાનું ગુજરાત કે જેની કલ્પના હતી કે 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે' આ વાતને પોતાના જીવનની અંદર બરાબર ઉતારીને આ રાજયના મુખ્યમંત્રી આ રાજયનો સર્વાંગી વિકાસ કરવા માટે પ્રતિબદ્ધિત છે, ત્યારે એમના વિભાગની આ માગણીઓને મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું. અસ્તુ. વંદે માતરમ્.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગને લગતી માગણીઓ લઈને આવ્યા છે. આ સામાન્ય વહીવટ વિભાગ છે, એમાંથી 'વહીવટ' શબ્દનો છેદ ભાજપ સરકારે ઉડાડી દીધો છે અને એટલે સામાન્ય વિભાગની ચર્ચા હોય એવું અમે માનીએ છીએ.

સામાન્ય વહીવટ વિભાગ એ મુખ્યમંત્રી પાસે જ હોય. દરેક રાજયમાં હોય અને એટલે અગત્યની કામગીરી હોય, એમાં પ્રજાકીય પ્રતિનિધિઓને મળવાનો પણ સમય માનનીય મુખ્યમંત્રીને ના હોય. ખાસ કરીને મંગળવાર એ ધારાસભ્યોને મળવા માટેનો દિવસ રાખવાની પ્રથા રાજયમાં છે. આ સન્માનનીય ગૃહના ધારાસભ્યશ્રીઓ છાતી ઉપર હાથ મૂકીને કહે કે કેટલી વખત મળી શકયા? મારો પોતાનો અનુભવ છે કે મંગળવારે જઈએ અને ચીઠ્ઠી મોકલવાની ન હોય, સીધેસીધા બારણું ખોલીને જવાની પ્રથા કેટલાયે મુખ્યમંત્રીઓ પાસે, માધવસિંહજી, ચીમનભાઈ, શંકરસિંહજી, કેશુભાઈ, દિલીપભાઈ પરીખ, અમરસિંહભાઈ વખતે અનુભવેલી છે. અત્યારે તો જાણે કિલ્લેબંધી હોય અને ધારાસભ્યો રોજ જતા આવતા હોય, તે છતા ગેઈટ ઉપર બદલાતા જતા લોકોને વારંવાર ઓળખ આપવી પડે. કાર્ડ બતાવીએ તો એ કાર્ડ જાણે કેમ બનાવટી હોય. એ કાર્ડની પણ ચકાસણી કરવા માટેનું યંત્ર રાખવા માટેની વિચારણા થાય તો નવાઈ નહીં ગણાય. એટલા માટે હું કહું છું કે આ સામાન્ય વહીવટ વિભાગમાંથી 'વહીવટ શબ્દનો છેદ ઉડાડી નાંખવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે માગણી આવી છે એ સિવાયની પણ સામાન્ય વહીવટ વિભાગની કેટલીક બાબતો ઉપર આપના મારફતે હું માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. સૌથી મોટી માગણી ૨૦૦૩-૨૦૦૪ માં ૨૧૦૦ કરોડ રૂપિયાની આપત્તિ વ્યવસ્થાપન માટે પણ કરવામાં આવી, ગયા વર્ષે પણ આ ગૃહે ૧૨૦૦ કરોડ રૂપિયાની માગણી મંજૂર કરી હતી અને ખર્ચ ૨૦૦૩-૨૦૦૪ માં કેટલો થયો તો મત્ર ૭૫૫ કરોડનો. આમાં

હાઉસિંગ માટે ૧૭૭ કરોડ રૂપિયા આપત્તિગ્રસ્ત અસરગ્રસ્તો માટે હતા. આ વખતે ૧૨૪૫ કરોડ રૂપિયાની માગણી આવી છે. મારે તો કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહયું હતું કે ભૂકંપ માટેની ચર્ચાનો વિષય લઈને આખો દિવસ આપણે ચર્ચા કરીશું પણ એનો સમય હજુસુધી એમને મળ્યો નથી. ગૃહમાં તો ચર્ચા કરવાની બાકી રહી, પરંતુ જિલ્લા કક્ષાએ જે અસરગ્રસ્ત જિલ્લાઓ છે એની ચર્ચા કે ત્યાંના ધારાસભ્યોને મળવાનો કોઈ વિવેક પણ દાખવ્યો નથી, પત્રોનો પણ કોઈ જવાબ તેમના તરફથી અમને મળતો નથી ત્યારે અમારે કોને કહેવું? એટલા માટે તો આપશ્રી મારફતે આ સન્માનનીય ગૃહમાં આ અસરગ્રસ્ત વિસ્તારના જે અસરગ્રસ્તો છે તેમની વેદનાને વાચા આપવાનો હું પ્રયત્ન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી અને આંતર માળખાકીય વિસ્તાર માટે ૩૦૭ કરોડ રૂપિયા ખર્ચાય, પરંતુ એ વિસ્તારના રાપર અને ભચાઉ શહેર મારા મત વિસ્તારની આજુબાજુના વિસ્તારો છે ત્યાં શહેરી વિસ્તારના ૧૭,૪૦૦ મકાનોમાંથી હજુપણ ૪૦૦૦ મકાનો પણ કચ્છમાં પૂરાં થયાં નથી.(અંતરાય)

## પોઈન્ટ ઓફ ઓર્ડર
## માગણીઓ ઉપર જ ચર્ચા કરવા અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના આયોજનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે હું જે માગણીઓ લઈને આવ્યો છું એ માગણી નંબર ૨૯ અને ૩૨ છે એમાં એક પણ રૂપિયાની સંખ્યા જોઈએ તો એકે એક આઈટમ જેનો માનનીય બાબુભાઈ ઉલ્લેખ કરે છે એનો કોઈ જ ઉલ્લેખ નથી. એકપણ માગણીનો ઉલ્લેખ નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ ત્રણ વખતથી ચર્ચા આવતી નથી અને હંમેશાં આ ભૂકંપ વિસ્તારની માગણી છે એને આ વિધાનસભાએ મંજૂર કરવી પડી છે. આ માગણી માટે ૧૨૫૧ કરોડ રૂપિયાની માગણી મંજૂર કરવાની છે, ચર્ચા કરવાનો અમારો અધિકાર છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય સભ્યશ્રી માધુભાઈ બોલતા હતા ત્યાર આપે કહયું હતું કે જે ચાર માગણીઓ છે એના ઉપર જ આપ બોલો અને એટલે માનનીય બાબુભાઈને પણ વિનંતી છે કે આપ આ માગણીઓ માટે પેટ ભરી ધરાઈને બોલો.

**અધ્યક્ષશ્રી .** : બાબુભાઈ, આપ માગણીઓ ઉપર જ બોલો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે આ ગૃહની પ્રથા રહી છે અને હું આ ચોથી વખત આ ધારાસભામાં આવું છું. આ ધારાસભામાં માગણીઓ સિવાયના વિભાગની બાબત હોય એ વિભાગની બાબતમાં હંમેશાં ધ્યાન દોરી શકાતું હોય છે.

**અધ્યક્ષશ્રી .** : નહીં, નહીં, સામાન્ય બજેટની ચર્ચામાં બોલી શકાય.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના તરફથી જે આદેશ આવે એનું અમે પાલન કરીએ છીએ, પરંતુ જે વેદનાગ્રસ્ત લોકો છે એની વાચા આપવાનો મોકો મળે...

**અધ્યક્ષશ્રી .** : એના માટે આપણે સામાન્ય ચર્ચા કરીએ છીએ ને?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એકપણ ચર્ચા થતી નથી, આ માગણી સામાન્ય વહીવટ વિભાગની મોટામાં મોટી માગણી ૨ હજાર કરોડ રૂપિયાની હોય, ૧૪૦૦ કરોડ રૂપિયાની માગણી હોય અને આ વર્ષે પણ ૧૨૦૦ કરોડ રૂપિયાની માગણી મંજૂર કરાવીશું તો શા માટે ચર્ચા ના થાય?

**અધ્યક્ષશ્રી .** : બાબુભાઈ, આપ એના માટે સામાન્ય ચર્ચામાં બોલી શકયા હોત ને?

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ ત્રીજી વખતના બજેટમાં પણ ભૂકંપ માટેની કોઈપણ ચર્ચા થઈ નથી એનાં કારણો જોઈએ તો.....

**અધ્યક્ષશ્રી .** : ચાલો હવે માગણીઓ ઉપર બોલો અને આગળ વધો.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે આયોજનની વાત કરી છે, તો આયોજનની દુકાન કેટલો વખત આ રીતે ચલાવવાની છે? અગાઉના નાણામંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ સામાન્ય વહીવટ વિભાગને પત્ર લખીને કહયું છે કે તમે આયોજનના સાત ટકાની માગણી કરો, દરખાસ્ત કરો. આયોજન ૭ હજાર કરોડ રૂપિયાનું હોય તો આ વખતે ૭૦૦ કરોડ રૂપિયા વિકેન્દ્રિત આયોજન માટે હોવા જોઈતા હતા એના ૨૫ ટકા પણ છે ખરા? જો અની અંદર સામાન્ય વિકેન્દ્રિત આયોજનમાં આયોજનનું ધોરણ હોય તો નોર્મ્સ પ્રમાણે જાઓ એ માનનીય આયોજન મંત્રીશ્રીને મારે કહેવાનું છે અને જો એ રકમ ફાળવવામાં આવે તો ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ પણ વધી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ લાખ રૂપિયા હતા, અમે સતત આ સભાગૃહમાં રજૂઆત કરતા હતા તેને કારણે ૫૦ લાખે પહોંચી છે, એ પણ પૂરતી નથી. જો ટોટલ આયોજનમાંથી આ વિકેન્દ્રીત આયોજનમાં ૭ ટકા રકમ ફાળવવામાં આવે અને જિલ્લા કક્ષાની ગ્રાન્ટ હોય, એમાંથી જે ૧૫ ટકા અને ૫ ટકા પ્રોત્સાહનની એમ કરીને ૨૦

ટકા ગ્રાન્ટ હોય તો ૭૦૦ કરોડ રૂપિયા વિકેન્દ્રીય આયોજન માટે ફાળવી શકાય, તે શા માટે ફાળવવામાં આવતા નથી? માનનીય મનોહરસિંહજી નાણા મંત્રી હતા ત્યારે નાણા ખાતાએ માર્ગદર્શક રૂપરેખા આપેલી છે. એ વખતે વિરોધપક્ષના ધારાસભ્ય તરીકે મેં લખેલું અને એનો તેમણે સ્વીકાર કરેલો કે ૭ ટકાનું ધોરણ રાખી શકાય તેમ છે. પણ સામાન્ય વહીવટ વિભાગમાંથી દરખાસ્ત આવે તો અમે વિચારીએ.

માહિતી ખાતા તરફથી જે વાત આવી તેના ઉપર પણ મારે કહેવું છે. ચલચિત્ર ઉદ્યોગ જે ગુજરાતનો છે તેને માત્ર સબસિડી આપ્યેથી નહીં ચાલે, તેને એકઝીબીટ કરવા માટે આપણે જેને બે રૂપિયાના ટેકસ ફ્રી માટેની સવલત આપીએ છીએ તેના ઉપર આપણે કમ્પલઝન કરવું પડશે કે વર્ષમાં અમુક દિવસો તમારે અમુક શો માં ગુજરાતી ચલચિત્રો બતાવવા પડશે, તે બતાવશે તો જ રાહત મળશે. આવું કરવામાં નહીં આવે ત્યાંસુધી પ્રોડયુસર તો ચલચિત્રો બનાવે છે પણ તેને એકઝીબીટ કરવા માટે થિયેટરો મળતા નથી. આપણા પોતાના ઘર દિવડા, આપણા કલાકારો છે અને આ ટોચ ઉપર પહોંચેલો ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગ આજે સાવ નીચી કક્ષાએ ખાડે ગયો છે. એમાં પાંચ લાખ રૂપિયાની સબસિડી, દસ લાખ રૂપિયા કરવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીને આ ઉદ્યોગનું પ્રતિનિધિમંડળ મળ્યું હતું અને આ સન્માનનીય ગૃહમાં અગાઉ પણ કોઈ પ્રસ્તાવ આવેલો ત્યારે માનનીય ઈન્દ્રવિજયસિંહ જાડેજા સાહેબે કહ્યું કે આવક ઓછી થઈ નથી. ૨૦૦૧-૨૦૦૨માં ૬૫ કરોડની આવક હતી કે નહીં તે તપાસ કરો. આ વખતે અંદાજિત રકમ તમે ૪૫ કરોડ અંદાજી છે, આવતા વર્ષ માટે ચાલુ વર્ષમાં ૬૦ કરોડનો અંદાજ છે તે મળવાની છે ખરી? આજે જે પોલીસી છે એમાં મલ્ટીપ્લેક્સ થિયેટરો થવાથી અને તેમાં જે સગવડો આપેલ છે તેના કારણે આ રાજયમાં આવક ઘટતી જાય છે. ચેનલના સંચાલકો મન માને તેવો ભાવ વધારો કરે, તેના ઉપર કોઈ કન્ટ્રોલ છે ખરો? આપણે હાથ ઉચા કરી દઈએ છીએ કે અમારું કંઈ નથી. અમે પ્રસારણના અધિકારો ઉપર કંઈ કરી શકીએ તેમ નથી. તો આપણે આવી પાંગળી દશામાં શા માટે મુકાઈએ છીએ? આ ચેનલના ભાવ, વાપરનારાઓ વધુ આપતા હોય તો રાજયને પણ એમાંથી વધુ આવક મેળવવાનો અધિકાર છે.

સાયન્સ વિભાગની પણ માગણી આવી છે, સાયન્સ સિટીમાં ખૂબ સારું વાતાવરણ થયું છે લોકો જાય છે, એમાં ભૂકંપ કઈ રીતે થયો તેના માટે પણ કંઈક માળખું ઉભું થઈ રહ્યું છે. પણ તેના પૈસા કયાંથી લીધા? એસોસિએશન ડેવલપમેન્ટ પાસેથી લોનના પૈસા લીધા, અને આ રાજયના ભૂકંપગ્રસ્ત વિસ્તાર માટેની મંજૂર થયેલી લોનના આ પૈસા છે, તો વિભાગ શા માટે પોતાનો બોજો ન ઉપાડે? આપે મારા ઉપર મર્યાદા મૂકી છે તેના કારણે હું મર્યાદામાં બોલું છું, પરંતુ ફરી એક વખત મારે સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે ભૂકંપગ્રસ્ત વિસ્તારના અસરગ્રસ્તો છે તેની વેદનાને વાચા આપવા માટેની ચોક્કસ અમારી માગણી છે અમારો અધિકાર છે, અમારા નામે આવેલ પૈસા અન્ય સ્થળે વપરાતા હોય અને ચાર ચાર વર્ષ પછી પણ એ અસરગ્રસ્તોને પુનઃસ્થાપન ન કરાતું હોય તો તે અંગે આ ગૃહને ચિંતા હોવી જોઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : આ રકમની વાત આ મહેસૂલ ખાતામાં આવે છે, આ તો જી.એ.ડી.નો વિષય જ નથી. ગમે તે બાબતમાં ભૂકંપની વાત કરે છે, આજે આ માગણી જ નથી, આ વિષય ઉપર બોલે તો પણ વાંધો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આપત્તિ વ્યવસ્થાપક મંડળ આની વ્યવસ્થા કરે છે. મહેસૂલ ખાતાના રિલિફ કમિશનરની જગ્યા છે, પણ તાત્કાલિક રાહત આપવી જોઈએ, પુનઃવસનના કામોમાં ફરીથી આપના મારફત નમ્રતાપૂર્વક કહેવા માગું છું. આની બધી વ્યવસ્થા આપત્તિ વ્યવસ્થાપન મંડળ કરે છે. આપ એ રકમ બોર્ડને આપો છો. મહેસૂલ ખાતું એની વ્યવસ્થા નથી કરતું. મહેસૂલ ખાતું તો માત્ર મકાનોની અંદર થયેલ નુકસાનનું વળતર આપવાનું કામ કરે છે. મકાનો ફરીથી બનાવવાનું કામ આપત્તિ વ્યવસ્થાપન મંડળના નેજા નીચે થાય છે. એટલા માટે માનનીય વજુભાઈ સાહેબને ફરીથી વિનંતી કરું છું કે આપ મને અસરગ્રસ્તોની વેદનાને વાચા આપવાની તક આપો.

**શ્રી વજુભાઈ વાળા** : એ આની અંદર આવે નહિ. અહીંયા બહુ સ્પષ્ટ માગણીઓ આવેલી છે. સામાન્ય વહીવટ વિભાગની ૧ કરોડ ૫૦ લાખ ૫૧ હજારની છે. બીજી ૨૪ કરોડ ૫૩ લાખ અને ૬૨ હજારની છે. એ જ રીતે માહિતી અને પ્રસારણ વિભાગની ૨૩ કરોડ ૬૨ લાખ ૬૦ હજારની છે. ત્યારબાદ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની ૯૧ કરોડ ૫૦ લાખ ૯૦ હજારની માગણી છે એની ઉપર માનનીય સભ્યશ્રી બોલે એવી વિનંતી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : પાના ૪૬ ઉપર પ્રવચનની રૂપરેખા ૨૦૦૫-૨૦૦૬ ના સિદ્ધ કરવાના ભૌતિક લક્ષ્યાંકોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. એના માટે થઈને માગણી કરી છે. પાના ૪૮ ઉપર ૧૨૪૫ કરોડ ૩૪ લાખ રૂપિયાની આ ખાતાના બજૅટની અંદર મંજૂરી માગી છે. આ બજૅટ આપણે પસાર કરીશું ત્યારે ૧૨૪૫ કરોડનું એપ્રોપ્રીએશન બિલ પણ પાસ કરવાના છીએ ત્યારે ચર્ચા શા માટે નથી કરતા?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે આખે આખું બજૅટ ચર્ચા માટે મૂકયું હતું એની અંદર એની ચર્ચા કરવી જોઈતી હતી. એની ચર્ચા તો થઈ ગઈ છે. અત્યારે તો સ્પેસિફિક માગણીઓ ઉપર ચર્ચા ચાલે છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માગણીઓની સાથે સાથે દરેક ધારાસભ્યશ્રીઓ પોતપોતાના વિસ્તારના પ્રશ્નો તો રજૂ કરેને? આ પ્રીસીડન્ટ મારા માટે મૂકવામાં આવતો હોય એમ લાગે છે. બીજા માટે નહિ. હું નમ્રતાપૂર્વક કહું છું.

**અધ્યક્ષશ્રી .** : માનનીય બાબુભાઈ, આપ કહો છો એવું નથી, મેં માનનીય માધાભાઈને પણ અટકાવ્યા છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એ અજુગતું નથી બોલ્યા, પોતાની માગણીની નહિ લાગણીની વાત છે. મેં પણ લાગણી રજૂ કરી છે અને દરેક સભ્યશ્રીની ઇચ્છા હોય એ એની લાગણીને દાબી શકાય નહિ. એને વાચા આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી .** : માનનીય બાબુભાઈ, લાગણીનો કન્ટ્રોલ કરવો જોઈએ, એને વહેતી ન મૂકાય.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વરાળરૂપે લાગણી બહાર આવે છે. માહિતી અને પ્રસારણ માટેની પણ માગણી આવેલી છે. માહિતી ખાતું એ રાજયનું ખૂબ ઉપયોગી ખાતું છે. એના મારફત સરકારની સિદ્ધિઓ પણ હાઈલાઈટ થઈ શકે. આપની મારફત માહિતી ખાતાના પ્રધાનનો હવાલો સંભાળતા એવા માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે અગાઉ માહિતી પ્રકાશનમાં ભૂકંપગ્રસ્ત વિસ્તાર માટે કોના તરફથી કેટ કેટલી રકમ આવી, એમાંથી કેટલી રકમ કયા કયા કામ માટે વપરાઈ એનો રેકૉર્ડ કરવામાં આવ્યો પણ એનો તાળો મળતો નથી. અમે માહિતી ખાતામાં પૂછ્યું તો એ કહે કે જે હકીકત આવી છે એ છાપી છે. તો ભૂકંપગ્રસ્ત વિસ્તારની માહિતી આપતું પ્રકાશન છે એની હકીકતોની સરખામણી કરીએ તો આટલી રકમ આવી છે કે કેમ એ જે તે વિભાગ સાથે પરામર્શ કરીને અમને માહિતી આપવામાં આવી છે એ સાચી છે કે કેમ? માનનીય મંત્રીશ્રી આઈ.કે. જાડેજા અને માનનીય સૌરભભાઈ બંને હકારાત્મક છે મેં હંમેશા કહ્યું છે.

કચ્છ વિકાસ બોર્ડની વાત કરું તો, આ કચ્છ વિકાસ બોર્ડનું શું થયું? કયાં ગયું કચ્છ વિકાસ બોર્ડ? આપણે એની ચર્ચા કરીશું એવું કહ્યું હતું. કચ્છ વિકાસ બોર્ડની વાત કરીએ તો ભારતના બંધારણથી કરેલી જોગવાઈ છે. પણ અહીંયા તો રાત ગઈ વાત ગઈ. જે કોઈ સરકાર આવે એણે કચ્છ વિકાસ બોર્ડ માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવાની હોય છે એ દરખાસ્ત આ સરકારે કરી છે ખરી? અગાઉની જે જે સરકારોએ દરખાસ્ત કરેલી હતી તેનું અમલીકરણ નહીં થઈ શક્યું પણ આ સરકાર કમસેકમ દરખાસ્ત તો કરે. ૩૭૧-૨ નીચેની સ્વાયત્ત બોર્ડની અમારી માગણી છે. આ બોર્ડ આપવામાં જેટલો વિલંબ થાય છે એટલી વિકાસમાં ગતિશીલતા, તો ઉદ્યોગ મંત્રી કહેશે કે વિકાસમાં ગતિશીલતા, પણ સમતોલ વિકાસની વાત કરીએ. મારા મતવિસ્તાર રાપર તાલુકામાં કોઈ ઉદ્યોગ હજુ સુધી આવ્યા નથી. વાયબ્રન્ટમાં પણ આવ્યા નથી અને વાયબ્રન્ટ પહેલાં પણ આવ્યા નથી અને હજી આવે એવી શક્યતા પણ મને દેખાતી નથી. વિકાસની વ્યાખ્યા જો નક્કી કરવા માટે, ગતિશીલતા લાવવા માટે કચ્છ વિકાસ બોર્ડ આપવામાં આવે તો અમારા બંધારણીય અધિકારો અનુસાર અમે મેળવી શકીએ. મારે આટલી જ વાત કહેવી છે આભાર.

**પ્રો. ચંદ્રકાંત મો. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રી સામાન્ય વહીવટ, માહિતી અને પ્રસારણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણી લઈને આવ્યા છે તેમને હું હાર્દિક અભિનંદન આપવા અને સમર્થન આપવા માટે, તેમજ આવકારવા માટે ઉભો થયો છું.

સામાન્ય વહીવટમાં અગાઉ બાબુભાઈએ કહ્યું કે સામાન્ય વહીવટ જેવું રહ્યું નથી. વાસ્તવમાં જોઈએ તો કોઈ પણ પ્રજા સરળતાથી આવન-જાવન કરી શકે, પોતાના પ્રશ્નો રજૂ કરી શકે તે માટેની ઉત્તમ વ્યવસ્થા, ઉત્તમ સરળતા અહીં કરી આપવામાં આવી છે. વહીવટી દૃષ્ટિએ જોઈએ તો પ્રજા સોમવારે પણ મળી શકે છે, મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓને પણ મળી શકે છે. એટલે વહીવટની દૃષ્ટિએ જે પ્રશ્ન ઉઠાવ્યો છે તે જોતાં એમ લાગે છે કે વહીવટ ખૂબ સરળ, સાદો અને પ્રજાભિમુખ છે તેમ કહી શકીએ. બજૅટમાં જે માગણી આવી છે ૧૫૧૫ કરોડ, ૮૨ લાખ, ૪ હજારની જે માગણી છે. અગાઉના બજૅટ જોતાં લાગશે કે અત્યારે જે બજૅટ મૂકવામાં આવ્યું છે એ રાજયને મોડેલ રાજય, આદર્શ રાજય બનાવવા માટેનો એક વિચાર તેમાં મૂકવામાં આવ્યો છે. તે વિચારને અનુસરીને આપણે જોઈ શકીએ છીએ કે આ કર્મચારીઓને કર્મયોગી, શબ્દ જ કર્મયોગી એ એટલો બધો અસરકારક, જીનિયસ છે કે જેના ફળ સ્વરૂપે આપણે જોઈ શકીએ કે દરેક કર્મચારી પોતાના કર્મ સાથે આત્મસાત થાય. આ હેતુથી આ શબ્દને મૂકવામાં આવ્યો છે અને એ શબ્દને આત્મસાત કરવા માટે નરેન્દ્રભાઈની આ સરકારે અનેક પ્રયત્નો કર્યા. કેવડીયા ખાતે તેની ચિંતન શિબિરમાં આ પહેલો પ્રશ્ન મૂકાયો. ત્યારે કર્મચારી મિત્રો, આઈ.એ.એસ. ઑફિસરો પણ ત્યાં ઉપસ્થિત હતા. તેમને આજે પણ એ યાદ હશે કે ત્યાં તેમને કહ્યું હતું કે તમારા વિચારો તમે ખુલ્લી રીતે અહીં મૂકી શકો અથવા મને પણ તમે લખી શકશો. આ ભાવના છે. આ આખોય વહીવટ પ્રજાલક્ષી બને, વિકાસલક્ષી બને, આ હેતુથી મૂકવામાં આવ્યો છે. આપણને યાદ આવવું જોઈએ કે ૧૦ વર્ષ પહેલાં જ્યારે ગાંધીનગર આવતો ત્યારે મને યાદ છે કે ઑફિસમાં જઈને પૂછીએ કે ફલાણા સાહેબ છે? ત્યારે કહે, હા, છે ખરા, અહીંયા જ છે. ચંપલ છે એમના. તમને મળી જશે. સાંજ પડે ત્યારે કહે કે એ તો નીકળી ગયા લાગે છે. આખી જે પરિસ્થિતિ હતી તેમાંથી બહાર લાવીને પ્રજાને, પ્રજાના કામો માટે કર્મચારી ત્યાં મળી શકે અને સાથી કર્મચારીઓ સાથે પોતાની ભાવનાને આત્મસાત કરીને ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય આ સરકારના શાસન દરમ્યાન થયું છે. એક વાત હજી એ પણ સ્વીકારવી પડે છે કે તેને કારણે આપણે જોઈએ કે આખું તંત્ર છે એ ચેતનવંતું બન્યું છે. પ્રજાલક્ષી કામો થવા લાગ્યાં છે. તેના કારણે આપણે જોઈશું તો કર્મચારીઓ પણ આનંદથી પોતાની ભાવના વ્યક્ત કરવા માટે સવારના વહેલાં આવીને કેટલીક ઑફિસોમાં મેં જોયું છે, જેમ વડોદરા અમારા કલેક્ટર સાહેબની ઑફિસમાં જઈએ તો બધા જ કર્મચારીઓ સાથે બેસીને અડધો કલાક યોગ કરતા હોય છે. તો આ ભાવના ઉજાગર કરીને વાસ્તવમાં તેને વ્યવહારમાં મૂકીને તેનો અમલ કરવા માટેનો એક પ્રયાસ છે. જે પોતાના આખા દિવસ દરમ્યાન તેના કાર્ય દરમ્યાન સ્ફૂર્તિ રહે, લોકોના પ્રશ્નો સરળતાથી સમજે અને પ્રશ્નનો ઉકેલ પણ સરળતાથી આપી

શકાય. અત્યારે એ યાદ અપાવવું જોઈએ કે પહેલાં જે પ્રશ્નો લઈને જતાં ત્યારે પ્રજાને ઑફિસમાં જવા માટેનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો.

**અધ્યક્ષશ્રી .** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ- બપોરના ૨-૩૦ થી ૩-૧૫)**

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

**પ્રો. ચંદ્રકાંત મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર્મયોગીની વાત કરી રહ્યો હતો અને એ કર્મયોગી બનાવવા માટે તાલીમ અને મોટીવેશનની પદ્ધતિ દ્વારા એ કાર્યને પૂર્ણ કરવામાં આવ્યું છે અને એ દ્વારા અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કાર્ય સંસ્કૃતિની આખી નવી દિશા સુચવી છે અને એ રીતે આપણે જોઈ શકીએ છીએ કે, કર્મચારીઓની અંદર તાલીમ, ગુણવત્તા, આત્મીયતા, સંવેદનશીલતા, પારદર્શકતા અને ટીમ વર્કની ભાવના ઉજાગર થયેલી જોઈ શકાય છે અને એ રીતે આખા તંત્રને ચેતનવંતુ બનાવવાની કામગીરી થયેલ છે. આપણને નવાઈ લાગશે અત્યાર લગી આપણે ગુડ ગવર્નન્સની બાબતમાં એવું સમજતા હતા કે, એક વિચારધારા હતી એ શબ્દો વિકસિત રાષ્ટ્રોના છે, પરંતુ આપણે જોઈ શકીએ છીએ કે આ અહીંયાં દાખલ કરીને માનનીય નરેન્દ્રભાઈએ, આ ગુજરાત સરકારે જે ગુડ ગવર્નન્સના ક્ષેત્રે નક્કર કામગીરી કરી અને સમગ્ર વિશ્વનું એ બાબતે ધ્યાન દોર્યું છે એ હકીકતનો સ્વીકાર કરવો પડશે અને એના આધાર ઉપર કર્મયોગી મહા અભિયાન છે એ ઉપર કર્મચારીઓને વાઈબ્રન્ટ, ગવર્નન્સ માટેની તાલીમ પૂરી કરવાની કાળજી લેવામાં આવી છે અને આપણે જોઈ શકીએ છીએ કે ૨૦૦૫-૨૦૦૬ના બજૅટની અંદર ૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલી છે. સાથે સાથે સરકારશ્રીના માર્ગદર્શક સૂચનો હતા એ સૂચનોને અનુસરીને રાજય સરકારના જે કર્મચારીઓ છે એ કર્મચારીઓના જે પગાર-ભથ્થાં છે એમાં ૦.૨ ટકાનો કાપ મૂકી અને એ આધાર ઉપર આપણે જોઈ શકીએ છીએ કે એના વિકાસ માટે આ કાર્ય સંસ્કૃતિની પાછળ વાપરવાનો ઉલ્લેખ અને અમલ થયેલો આપણે જોઈ શકીએ છીએ. એ યાદ અપાવવું જરૂરી એટલા માટે છે કે આ સરકાર એટલેથી અટકી નથી. જે જે કર્મચારીઓએ આ ક્ષેત્રમાં ઉત્તમ સેવા આપી છે, પોતાની કાર્યદક્ષતા બતાવી છે એમને બિરદાવીને એમને એવોર્ડ આપવાની કામગીરી આ સરકારે કરી છે એ હકીકત પણ આપણે સ્વીકારવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોઈ શકીએ છીએ કે વહીવટી ક્ષેત્રે નાનું મંત્રી-મંડળ રચી આખા દેશની અંદર સારા રાજયનો એક આદર્શ પૂરો પાડ્યો છે અને એક નમૂનારૂપ રાજયને સ્વીકારવામાં આવ્યું છે એ રીતે જોતાં આપણે જોઈએ છીએ કે મંત્રીશ્રીઓએ સ્વેચ્છાએ પોતાના ખર્ચની અંદર કાપ મૂકેલો છે. સાથે ટેલિફોનની સુવિધામાં જોઈ શકીએ છીએ. આપણને પહેલાં યાદ હતું કે, ટેલિફોનનો ગમે તેટલો ઉપયોગ થાય. અત્યારે ટાટાના ટેલિફોન આપી અને આપણે વગર ખર્ચે વાતચીત કરી શકીએ છીએ એ કરકસરનું પગલું આપણે જોઈ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક રીતે કરકસર કરીને Administration છે એ એક ઉત્તમ નમૂનો પૂરવાર થયેલો છે.આપણે જાણીએ છીએ કે દેશની સંસ્થાઓએ પણ administrationની દૃષ્ટિએ આપણને એવોર્ડ, આ સરકારને, શ્રી નરેન્દ્રભાઈ મોદીને એવોર્ડ આપેલા છે એ હકીકત પણ સુવિદિત છે. માફ કરજો. ભૂકંપની પરિસ્થિતિ આવી છે ત્યારે ટ્રેડ સૅન્ટર તૂટયું અને ૧ વર્ષ સુધી એ મલબો હટાવી શક્યા નથી. આપણે એ ૮ દિવસની અંદર એ વિસ્તારની અંદર આપણા બધા ક્ષેત્રો કાર્યાન્વિત થયા. અત્યારે એ ક્ષેત્રની અંદર પણ આપણને એવોર્ડ મળેલો છે. એ હકીકત પણ કદાચ મારા મિત્રો ભૂલી જતા હોય તો મારે એ યાદ અપાવવું જરૂરી બને છે. એ રીતે જોતાં મુખ્યમંત્રીનો અંગત સ્ટાફ છે, વહીવટી દૃષ્ટિએ જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે એમના અંગત સ્ટાફની અંદર ગઈ વખતના બજૅટમાં ૮ કરોડ ૫૪ હજાર રૂપિયા હતા. એના બદલે અત્યારે ૭ લાખ ૫૦ હજારનો ખર્ચ આકારવામાં આવ્યો છે. ત્યાં પણ કરકસરના પગલાં લેવામાં આવ્યા છે એ જોઈ શકીએ છીએ.

અરે, મિત્રો ચાવડા સાહેબ લોકશાહીની વાત કરતા હતા કે, લોકશાહી આ પ્રકારની હોય, સ્વીકારીએ છીએ. લોકશાહી એ પ્રકારની જ હોવી જોઈએ, પરંતુ આપણે જોઈએ છીએ કે, હમણાં તમે ટી.વી. ઉપર જોઈ આવ્યા છો કે ગોવાના ક્ષેત્રમાં લોકશાહી કેવા પ્રકારની છે? એવા પ્રકારની લોકશાહી આ ભાજપની સરકાર એડોપ્ટ કરવા માગતી નથી. એટલે આ લોકશાહી એમને કદાચ ન પણ લાગે એવું બનવા જોગ છે. એટલે આપણે જોઈએ છીએ કે ઝારખંડમાં ટી.વી.નો ઉલ્લેખ કર્યો નથી પણ જોઈ શકીએ છીએ કે લોકશાહી પ્રક્રિયાનો ધ્વંસ થઈ રહયો છે. લોકશાહી પ્રક્રિયાને ત્યાં મૃતપ્રાય બનાવવા માટેનો પ્રયાસ થયો છે એ હકીકત પણ આપણે સ્વીકારવી પડશે. આ લોકશાહી વાસ્તવમાં કયાં છે?

આ નરેન્દ્ર મોદીની સરકારે અત્યારે ગ્રામસભાઓ શરૂ કરી, ગ્રામસભાઓમાં આપણે જોઈએ છીએ કે ગામડાની અંદર બધા જ અધિકારીઓ એક સાથે બેસીને જેમાં જિલ્લા લેવલે આપણે સંકલન સમિતિ મળે ત્યાં પ્રશ્ન ધારાસભ્ય રજૂ કરે એ રીતે ગામડાની અંદર પણ એક વ્યવસ્થા ગોઠવી છે અને એ વ્યવસ્થાના આધાર ઉપર આઈ.એ.એસ. અધિકારી ત્યાં જાય અને એમના પ્રશ્નો સાંભળે, એમના વચ્ચેનું અંતર ઘટે, પ્રજાના પ્રશ્નોની સીધી રીતે વાત થાય અને પ્રશ્ન ઉકલે એ રીતનું આત્મીયતાસભર વાતાવરણ પણ ત્યાં પ્રાપ્ત થઈ શકયું છે.

**ડૉ. દિનેશ પરમાર(જામનગર (રૂરલ)** : : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી પ્રસારણ વિભાગની માગણી નં.૫૪ માહિતી અને પ્રસારણ સેવા માટેના કુલ ૨૩,૬૨,૬૦,૦૦૦નો ખર્ચ મંજૂરી અર્થે રજૂ કરેલ છે. માગણી નં. ૮૯

હેઠળ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૫-૦૬માટે ૯૧,૫૦,૯૦,૦૦૦નો મહેસૂલી ખર્ચની વિગત લઈને જ્યારે આવ્યા છે, ત્યારે તેમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

સાયન્સ અને ટૅક્નૉલૉજીની વાત આવે, ટેલી કોમ્યુનીકેશનની વાત આવે કે સ્પેસ ટૅક્નૉલૉજીની વાત આવે, કૉમ્પ્યુટર ઈન્ટરનેટ કે વેબસાઈટની વાત આવે ત્યારે આ દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધી અને સામપિત્રોડાને યાદ કર્યા વગર ના ચાલે એવા દૂરંદેશી લોકો હતા અને ખાસ કરીને કોંગ્રેસની સરકાર જ્યારે જ્યારે આવી છે ત્યારે એણે એવી દીર્ઘદૃષ્ટિ વાપરી છે કે એની પાસે વિઝન હતું એની પાસે દૃષ્ટિ હતી કે જેના લીધે એકવીસમી સદીમાં આ દેશને લઈ જવા માટે શું કાર્યવાહી કરવી, એનું અગાઉથી આયોજન કર્યુ હતું. જેનો લાભ અત્યારની સરકાર લઈ રહી છે અને એ રીતે આપણે જોવા પ્રયત્ન કરીએ તો કોંગ્રેસની સરકારમાં એક જાતની આવડત હતી કે જેથી લોકો સક્ષમ બને, લાયકાત રાખી અને આગળ વધી શકે. ગુજરાતમાં જે જીસ્વાન, ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક દ્વારા સાયન્સ અને ટૅક્નૉલૉજીથી માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાતના ખૂણે ખાંચરે વિડિયો કોન્ફરન્સીંગ કરી અને અધિકારીઓ સાથે સંપર્ક કરીને જે રીતે વહીવટ ચલાવે છે એ રીતે જો આ પ્રયત્ન કરીને એના તાબાના અધિકારીઓ સાથે જે રીતે વહીવટ કરે છે એ બધું જો જોવા પ્રયત્ન કરીએ અને જે રીતે સંપર્કમાં છે એ આપણે જો જોઈએ તો એટલું ચોક્કસ કહી શકાય કે આ બધી કોંગ્રેસની મહેરબાનીની દેન છે એટલું ચોક્કસ કહી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ સેટેલાઈટ ઉપર બેસીને વહીવટ કરતા લોકો ધરતી ઉપર આવે તો સારી વાત છે. ગરીબ, નબળા અને પછાત વર્ગના લોકો, શ્રમજીવી લોકો, મજૂર કક્ષાના લોકોનું ધ્યાન રાખે તો સારી વાત છે. નહીં તો ચંદ્રાબાબુ નાયડુ જેવી દશા થાય. એને સેટેલાઈટથી નીચે ઉતરી ધરતી ઉપર નહીં પણ રોડ ઉપર રખડતા કરી દીધા હોય એ આ લોકશાહીની મજા છે. આ લોકશાહીની નજાકત છે. આ વહીવટના સંચાલન માટે જીસ્વાન દ્વારા દરેક કલેકટરો અને સચિવશ્રીઓ સાથે નેટવર્ક દ્વારા વિનામૂલ્યે વાતચીત થઈ શકે છે એ રીતે જો આ સુવિધા દરેક માનનીય ધારાસભ્યશ્રીઓને જો આજ જાતના ટેલિફોનથી, આ જ જાતના નેટવર્કથી એમના સદસ્ય નિવાસના નિવાસસ્થાને અને એમના મતવિસ્તારના નિવાસસ્થાનથી જો જોડવામાં આવે તો સમગ્ર ગુજરાતના અધિકારીઓ સાથે વિનામૂલ્યે માનનીય ધારાસભ્યશ્રીઓ વાતચીત કરી શકે, કામ કરાવી શકે અને ગુજરાતનું સારું કામ દીપી ઉઠે એવું મને પોતાને લાગે છે. ધારાસભ્યશ્રીઓને આવી આધુનિક સેવાઓથી વંચિત રાખવા એ બિલકુલ યોગ્ય ન કહી શકાય. જે રીતે કેયુબેન્ડ ડી.પી.એચ. ડાયરેકટ ટુ હોમ ડીસ્ક એન્ટીનાનો જે ઉપયોગ ગુજરાત સરકારે શરૂ કર્યો છે અને કચ્છમાં ૨૮ બી.ઓ.પી. બૉર્ડર આઉટ પોસ્ટ ઉપર મૂકવામાં આવ્યા છે. બનાસકાંઠામાં ૧૨જેટલા મૂકવામાં આવ્યા છે. પાટણમાં ૪ એમ કુલ ૪૪ જેટલા બી.ઓ.પી. બોર્ડર આઉટ પોસ્ટ મૂકવામાં આવી છે. મારી એવી લાગણી છે કે હજી ૮૦ જેટલી આવી બી.ઓ.પી. બાકી રહી ગઈ છે એને પણ જો કવર કરી લેવામાં આવે તો આપણા દેશના જવાનોને સીધા કનેકટ કરી અને નેટવર્ક સાથે જોડી અને એ લોકો પણ વર્તમાન સાથે સંપર્કમાં રહી શકે અને રાષ્ટ્રની સલામતી માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે એવું છે. કેયુબેન્ડ ડીસ્ક એન્ટીના સાથે જોડાણ આપવા ૧૮૦૭૨ ગામડાઓ આપણા છે એમાંથી ૪૨૦૦ જેટલા ગામડાંઓ એવાં છે કે જે વાવાજોડા અથવા ફલડપ્રોન ગામડાઓ કહી શકાય કે જયાં વધારેમાં વધારે ફલડ આવતું હોય છે તો આ ફલડવાળા વિસ્તારના ગામડાઓની અંદર જો આ કેયુબેંડ ડીસ્ક એન્ટીના જો આપી દેવામાં આવે તો એ લોકોની અગમચેતીના અને સાવચેતીના ભાગરૂપે એ લોકોને સાવધ કરી શકે અને તેમના જાનમાલનું રક્ષણ કરી શકે. આવા ટી.વી. સેટ વસાવી ડિઝાસ્ટરની દ્રષ્ટિએ લોકોને બચાવી શકીએ. જ્યારે આવી કટોકટી ઊભી થાય છે ત્યારે વીજળીનો પુરવઠો મળતો હોતો નથી, ટેલિફોન કનેકશનો હોતાં નથી ત્યારે આવા ટી.વી. સેટ બૅટરી ઑપરેટેડ અથવા સોલાર સિસ્ટમથી ઑપરેટેડ બૅટરી સેટ હોય તો ડાયરેકટ કોમ્યુનિકેશન કરી શકાય છે. હવામાનમાં ફેરફારો, વાવાઝોડું, અતિવૃષ્ટિ વગેરે આગાહીઓ અને એની માહિતી આપણે આપી શકીએ.

૧૯૬૫માં જ્યારે હું જામનગરમાં હતો ત્યારે હિન્દુસ્તાન અને પાકિસ્તાનની લડાઈ થઈ. પાકિસ્તાને આપણી રડાર સિસ્ટમ તોડી નાખી અને એ રીતે સમગ્ર ગુજરાત અથવા દેશથી જામનગર વિખૂટું પડી ગયું હોય એવા સંજોગો નિર્માણ થયેલા. આવા સંજોગોમાં આ જાતની સિસ્ટમ ખરેખર ઉપયોગી થઈ પડે છે. ડી.ડી. ૧૧ નામની ચેનલ ભારત સરકારે ગુજરાતને અર્પણ કરી છે, ફાળવી છે. એના ઉપયોગ માટે અગમચેતીના પગલાં રૂપે અગાઉથી સાવચેત કરી શકાય એ રીતે ટી.વી. સેટ અને ફાસ્ટ કોમ. ટી.વી સેટ એ અત્યારના જમાનામાં ફાસ્ટ ટેલિકોમ્યુનિકેશનના એક ભાગ તરીકે આપણે ઉપયોગ કરી શકીએ તેમ છે. જી.સ્વાન નેટવર્કને વધુ સ્ટ્રેન્ધન કરવા માટે બૅન્ડ વીડ્થ મોટા ફલક ઉપર કનેકટિવિટી વધારો કે જેથી નેટવર્ક બીઝી છે, બીઝી છે એ પ્રકારના પ્રોબ્લેમ ઊભા ન થાય અને સારી રીતે અને સરળ રીતે વાત થઈ શકે.

વિજ્ઞાન અને ટેકનોલોજીનો હવાલો માનનીય એજ્યુકેશન મંત્રીશ્રી આનંદીબેન સંભાળે છે ત્યારે મારે એમને ખાસ કહેવું જોઈએ કે, દેશના ગામડાંઓને, દૂર દૂરના વિસ્તારોને શિક્ષણનો વ્યાપ વધારવા માટે ફક્ત શિક્ષણના હેતુથી ૨૦મી સપ્ટેમ્બર ૨૦૦૪ના રોજ ઈસરો દ્વારા સતીષ ધવન સ્પેસ સેન્ટરથી એ.જી. સેટ નામનો ઉપગ્રહ છોડવામાં આવ્યો છે એ ખૂબ જ આવકાર દાયક છે. આ ઉપગ્રહ જી.ઓ. સ્ટેશનરી ઓર્બિટમાં તરતો મૂક્યો, સ્થિર ભ્રમણ કક્ષામાં મૂક્યો અને વર્ષો પહેલા આર્થર કલાર્કે જે કલ્પના કરી હતી એ પુરવાર કરી બતાવી છે. જી.એસ.એલ.વી-એસ-૦૧ રોકેટ દ્વારા માત્ર ૧૭ મિનિટના ટૂંકાગાળાની અંદર જ્યારે આ ઉપગ્રહ તરતો મૂકવામાં આવ્યો ત્યારે આપણે એમ પણ સાબિત કરી શક્યા કે ક્રાયોજેનિક રૉકેટ અને એની ચકાસણી પણ ત્યારે સાથેસાથે

થઈ ગઈ છે. આ જોડાણ સાથે વિદ્યાર્થીઓને જોડવા વાળા જે ટી.વી. સેટ છે એના રિપેરીંગનું કામ માહિતી અને પ્રસારણ ખાતાને આપવામાં આવે તો માહિતી અને પ્રસારણ ખાતા પાસે નેટવર્ક અને ઈન્ફ્રાસ્ટ્રકચર છે અને ટ્રેઈન્ડ ટેકનિકલ સ્ટાફ પણ છે. થોડા સમય પહેલાં શિક્ષણ વિભાગે આ જાતનું ઈસરો પાસે ઈન્સેટ નામના સેટ હતા એની સેવા લઈ લીધી છે. એ સેટ અત્યારે બંધ પડ્યા છે. એ જાતનો લાભ લોકોને ઉપલબ્ધ થતો નથી. ક્યુ.ટીવી. ચેનલનું પ્રસારણ થતું હતું એ બંધ કરવામાં આવ્યું છે. એ હરગીજ યોગ્ય કહી શકાય નહિ. લોકશાહીમાં બિનસાંપ્રદાયિક શાસનમાં કોઈપણ ધર્મ અને કોઈપણ જાતનો પ્રચાર કરવાનો અધિકાર હોય છે. એમાં કોઈ આતંકવાદી પ્રવૃત્તિ ચાલતી હોતી નથી. ધર્મના પ્રચારથી માણસ યોગ્ય, લાયક અને સુપાત્ર બનવા કોશિશ કરતો હોય અને માણસનું જીવન ધર્મમય બનતું હોય તો આ જાતનું ચલાવી ન લેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, મલ્ટીપ્લેક્સ નામના થિયેટરો ચાલું કર્યા છે. અબજો પતિ અને કરોડોપતિ લોકોને ફાયદો કરી આપવા માટે ટેક્સમાંથી મુકિત આપી છે. નાના થિયેટરો ઉપર ટેકસ લેવાનો ચાલુ રાખ્યો છે. જેના લીધે નાના થિયેટરો ચાલતાં નથી અને ભાંગી પડ્યાં છે. એ લોકો બેકાર થઈ ગયા છે. જેના લીધે આવકનાં સાધનો ઊભાં કરવા માટે ગંદા પિક્ચરો અથવા સી.ડી. બતાવવાના પ્રયત્નો કરે છે કે જેના લીધે આપણા જનમાનસને વિકૃત કરવાનું કામ કરે છે.

રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫-૦૬માં સામાન્ય વહીવટ વિભાગના કુલ ૧૫૧૫ કરોડ ૮૨ લાખ અને ૪ હજારના બજેટમાંથી માગણી નં. ૨૯ અને ૩૨ લઈને આવ્યા છે ત્યારે આયોજન પ્રભાગ નીચે રાજયની પંચવર્ષીય યોજના તથા વાર્ષિક યોજનાનું ઘડતર (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ. વીસ મુદ્દા કાર્યક્રમના વિનિયમન અને વિકેન્દ્રિત જિલ્લા આયોજન અને રાજય આયોજન પંચનો સમાવેશ કરવામાં આવ્યો છે. વીસ મુદ્દા કાર્યક્રમ એ કોંગ્રેસની દેન છે. ગરીબી નિવારણ, ગરીબી ઉન્મૂલન માટે આર્થિક સદ્ધરતા લાવવા માટે અને સામાજિક ન્યાય આપવાના ઉદ્દેશથી આ કાર્યક્રમ લાવવામાં આવ્યો છે પણ મને લાગે છે કે કોંગ્રેસે દાખલ કરેલ સારી યોજના પણ જાણે સ્પર્શ કરવામાં તકલીફ પડતી હોય એવું આ સરકાર અનુભવી રહી છે. દર મહિને એના માટે મોનિટરીંગ થવું જોઈએ અને વીસ મુદ્દા કાર્યક્રમ ભારત સરકારે પસંદ કરેલ બાબતોમાં સરકારશ્રીના આંકડા શાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયને મોકલવામાં આવે છે. ત્રિમાસિક પ્રગતિ અહેવાલની મંત્રીમંડળે સમીક્ષા કરવાની હોય છે. દર મહિને સચિવશ્રીઓએ પણ વીસ મુદ્દા કાર્યક્રમની સમીક્ષા કરવાની હોય છે. જિલ્લા આયોજન મંડળની કાર્યવાહક આયોજન સમિતિમાં પણ સમીક્ષા કરવાની હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા આયોજના મંડળની અંદર ચૂંટેલા પ્રતિનિધિઓ હોય છે, હમણાં હમણાંથી બિન-સરકારી ચૂંટાયેલા પ્રતિનિધિને મૂકી આયોજન મંડળની સેવા એ અતિ મહત્ત્વની બાબતને saffronize કરવાનો પ્રયત્ન કર્યો છે, ભગવાકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે અથવા તો politicise કરવા માટેનો પ્રયત્ન કર્યો છે એ હરગીજ યોગ્ય નથી.

**ડૉ. કનુભાઇ કળસરિયા(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન-પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, તેને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ એ આપણા જીવનનું એક અંગ બની ગયેલ છે. આજકાલના જમાનામાં ચોતરફ જે ભૌતિક સુવિધાની જાકઝમાળ જોવા મળે છે એ બધું જ સાયન્સ એન્ડ ટેકનોલોજીને આભારી છે. આપણા ઋષિઓએ આત્માની ઉન્નતિનો માર્ગ પસંદ કર્યો, એ તરફ ખૂબ લક્ષ આપ્યું એના કારણે ભૌતિક સુવિધાની અંદર આપણે પશ્ચિમના દેશોની સરખામણીમાં પાછળ રહી ગયા, પરંતુ હવે જ્યારે જાગૃત્તિ આવી છે ત્યારે સાયન્સનો ભરપૂર ઉપયોગ કરી આપણે વિશ્વના દેશોની હરોળમાં ઊભા રહેવા માટે સક્ષમ બન્યા છીએ અને કદાચ એનાથી આગળ નીકળી  જવા માટેની તૈયારી પણ કરી રહ્યાં છીએ. આ ભૌતિક સુખ-સગવડતાને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે સાયન્સ અને ટેકનોલોજી એક અનિવાર્ય અંગ છે. આ દિશામાં ભારતીય જનતા પક્ષની સરકારે ખૂબ હરણફાળ ભરી કામ કરી રહી છે. ૨૦૦૪-૦૫ ના વર્ષ દરમ્યાન ૬૭ કરોડની ફાળવણી કરવામાં આવી હતી એના બદલે આ વખતે ૨૦૦૫-૦૬ માં બમણી ૧૩૪ કરોડ જેટલી ફાળવણી આ વિભાગના વિકાસ કરવા માટે કરવામાં આવી છે.

GSWAN એટલે કે, Gujrat State Wide Area Network એના દ્વારા જિલ્લા અને તાલુકાની ૧૪૦૦ કચેરીઓને આમાં સાંકળેલી છે અને ૧૧ server and ૧૦૮ website દ્વારા આ કાર્ય સતત ચાલી રહ્યું છે. Sachivalaya Integrated Communication Network એના દ્વારા પણ કુલ ૬૩૦૦ કનેકશન આ રીતે કામ કરી રહ્યાં છે. નવા સચિવાલય, જૂના સચિવાલય, ઉદ્યોગ ભવન અને કૃષિ ભવન વગેરે કચેરીઓને પણ જોડી દેવામાં આવી છે. Bhaskaracharya Institute for Space Application and Geoinformation, BISAG એના દ્વારા જુદા જુદા જે કાર્યો સચિત્ર સમુદ્ર અને જમીનના પરિબળોનો અભ્યાસ કરવાનું જે કાર્ય થઈ રહ્યું છે એ કાર્ય દ્વારા કૃષિક્ષેત્રે વિકાસ, વોટરશેડ, વન વિસ્તાર, માછીમારી એ બધાની અંદર એ ખૂબ ઉપયોગી થઈ શકે તેવું છે. એજ્યુસેગ દ્વારા શાળામાં પણ આજકાલ જે કાંઈ વિકાસ દુનિયામાં થઈ રહ્યો છે. ગામડાની શાળા સુધી પહોંચાડવા માટે પણ સુંદર કાર્ય થઈ રહ્યું છે.

ઈન્ટરનેટ કનેકશન દ્વારા અને જ્ઞાનગંગા પ્રોજેકટ દ્વારા બાળકો, આરોગ્ય, શિક્ષણ, મનોરંજન વગેરે પણ ગામડાના બાળકો સુધી આ પહોંચાડવામાં આવ્યું છે. બાયો ટેકનોલોજી મીશનની સ્થાપના દ્વારા આ બાયો ટેકનોલોજી park વડોદરામાં સ્થાપવામાં આવી રહ્યો છે, તેના દ્વારા આ ક્ષેત્રે પણ સંશોધન માટે કાર્યવાહી કરવામાં આવશે. Gujarat Council for Science City ની સ્થાપના કરી અને સાયન્સ સીટી અમદાવાદની નજીક બનાવવામાં આવી છે. સાયન્સ સીટી દ્વારા અનેકવિધ ક્ષેત્રોમાં જે આધુનિક સાયન્સ ટેકનોલોજીનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. હમણાં જ જ્યારે ૯૨મું અખિલ ભારતીય રાષ્ટ્રીય અધિવેશન મળ્યું ત્યારે આપણા માનનીય રાષ્ટ્રપતિજી પણ એમાં ઉપસ્થિત હતા અને એમણે પણ ગુજરાતના વિકાસને આવકાર્યો હતો અને બિરદાવ્યો હતો અને એમને પણ સાયન્સ સીટી દ્વારા આપણા વિકાસની ઝાંખી કરાવવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાનનું જ્ઞાન માણસને નમ્ર બનાવે છે. વિજ્ઞાન એ અનુભવ પર રચાયેલ જ્ઞાન છે. માત્ર એ અનુભવ દ્વારા માણસ પોતાની અલ્પતાને ઓળખી શકે છે અને અલ્પતાની ઝાંખી થતાં એનામાં આપોઆપ નમ્રતા આવે છે. જે કાંઈ જ્ઞાન છે એની અંદર માનવજાતે કાંઈ નવું ઉમેર્યુ નથી પણ વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા એણે ખુલ્લું કર્યુ છે, એ જ્ઞાનનો લોકો ઉપયોગ કરી શકે એટલે એને પહોંચાડવામાં આવ્યું છે, કુદરત જે કાંઈ છે એ કુદરતી પરિબળો જે છે એનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

બારમા ધોરણનું વિજ્ઞાનનું પુસ્તક છે એની આગળ એક શ્લોક લખવામાં આવ્યો હતો એની પ્રસ્તાવનામાં એ યાદ આવે છે, શ્રીમદ્ ભગવદ્ ગીતાજીનો શ્લોક છે એમાં લખ્યું હતું કે, " સૂર્ય જેને પ્રકાશ એના, જ્યાં ચંદ્ર અગ્નિયે નહીં, જ્યાં પહોંચી ન ફરે પાછા એ મારુ ધામ છે પરમ " એટલે પરમાત્માનું જે પરમ ધામ છે ત્યાં સુધી પહોંચવા માટે આપણે અત્યારની સાયન્સ અને ટૅક્નૉલૉજી જે પ્રયત્ન કરી રહી છે એ ખરેખર બિરદાવવા લાયક છે અને આ તબક્કે ગઈ સદીના એક મહાન વૈજ્ઞાનિક Albert Einstein યાદ આવે છે એનું એક સ્ટેટમેન્ટ છે કે," Everyday I remind myself that my day to day life depends on the labour of thousands of human beings " એટલે કે રોજનું મારું જીવન એ હજારો લોકોનું જીવન અથવા તો હજારો લોકોના શ્રમ ઉપર આધારિત છે. એમણે એ સ્વીકાર્યુ અને આપણે રોજ જોઈએ છીએ કે, નખશિખ આપણે વિચાર કરીએ તો આપણે માથામાં નાખવાના તેલનો વિચાર કરીએ તો એની બનાવટ માટે પણ કેટલાય લોકોએ શ્રમ કર્યો હોય છે, કેટલી સાયન્સ અને ટૅક્નૉલૉજી વપરાઈ હોય છે, નખ કાપવા માટેના નેઈલ કટરનો વિચાર કરીએ તો એ માટે પણ કેટલા લોકોએ મહેનત કરી ટૅક્નૉલૉજી અને જુદી જુદી સુવિધાઓ સાથે માનવનો શ્રમ એ બધું જોડાયું છે. આપણે જે અનેક પ્રકારની વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ એ છે જે આપણે સવારે જાગીએ ત્યારથી માંડીને ઉંઘીએ ત્યાં સુધી અને ઉંઘતા પણ, અત્યારે આપણે સતત આ બધી ભૌતિક સુવિધાઓનો ઉપયોગ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જે જે વાત કરવામાં આવી રહી છે કે, આ મોબાઈલ, ટૅક્નૉલૉજી, ટેલિફોનની સુવિધા, ઇલેક્ટ્રિક અને ઇલૅક્ટ્રોનિક્સની સુવિધાઓ અત્યારે પણ અહીંયા જે સુવિધાઓ ભોગવી રહ્યા છીએ, ભલે એના માટે આપણે જાગૃતપણે ઝાઝો વિચાર નથી કરતા, કેમ કે, એક વખત એ સુવિધા મળી જાય છે ત્યારે સામાન્ય રીતે માણસનો અહંકાર કામે લાગી જતો હોય છે અને એ એમ માનતો હોય છે કે, આ તો મેં કર્યુ છે આ બધું, ખરેખર જ્યારે અંદરથી વિચારીએ ત્યારે એ અસ્તિત્વ છે એ સાયન્ય અને ટૅક્નૉલૉજીના આભારી છે. ખરેખર તો એ પરમાત્માને જ આભારી છે કે એ જે એમાં સુક્ષ્મ રીતે આ શકિત છૂપાયેલી છે એને સાયન્ય અને ટૅક્નૉલૉજી દ્વારા ખુલ્લી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ Albert નું જે એક વિદ્યાન છે એ ફરીથી મારે કવોટ એટલા માટે કરવું છે કે એમની નમ્રતા, એ એમણે મહાત્મા ગાંધીજી માટે પણ કહ્યું હતું કે, " Future generation scarcely believe that a man with flesh and blood worked on this Earth. " તેઓએ એ વખતે કહ્યું હતું કે, આવી જાતનો કોઈ વ્યકિત, આવી જાતનો કોઈ માનવ એ ખરેખર અસ્તિત્વમાં હોય એમ કદાચ હવે પછીની પેઢીઓ ન પણ માને. હું એ કહેવા માગું છું કે, સાયન્ય અને ટૅક્નૉલૉજી, સાયન્ટીસ્ટે જ્યારે relativity નો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો એ માણસ આ મહામાનવ ગાંધીજીને એપ્રિશિએટ કરવા માટેનું કેટલું નમ્ર સ્ટેટમેન્ટ કરી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મહાત્મા ગાંધીજીની ભૂમિ છે અને સાયન્ય અને ટૅક્નૉલૉજી દ્વારા આપણે સૌ જે મહાત્મા ગાંધીજીએ ગામડાઓને બેઠાં કરવા માટેનો જિંદગીભર પ્રયત્નો કર્યો હતો તો ગામડાઓ સુધી આ ટૅક્નૉલૉજીને આપણે પહોંચાડીએ તોજ ખરેખર આ જે સિદ્ધિઓ છે એ આપણી લેખે ગણાશે અને એ દિશામાં આ સરકારે જે પ્રયત્નો કર્યા છે અને કરી રહી છે એના માટે હું ખૂબ ખૂબ હૃદયપૂર્વક અભિનંદન આપું છું.ધન્યવાદ.

**શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ છ વિભાગોમાં વહેંચાયેલો અને વહીવટની રીતે સંકળાયેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, મંત્રી મંડળની ઘણી વાતો કરી તો મારે આપના દ્વારા જે મંત્રી મંડળ આખા હિન્દુસ્તાનમાં નાનામાં નાનું મંત્રી મંડળ છે અને બહુ વખાણ કરવામાં આવે છે પણ મારે માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા કહેવું છે કે, આ જે પંદર ભાઈઓ બેઠા છે એને કેટલું બર્ડન છે, કેટલી મુશ્કેલી છે તો આ મંત્રી મંડળની જે રચના કરવામાં આવી છે એ મંત્રી મંડળ ૨૦૦૩-૨૦૦૪માં જે ખર્ચ ફાળવવામાં આવ્યો છે એ ખર્ચને આ વખતે કંઈ

૩૫.૮૯ ટકાનો વધારાનો ખર્ચ ફાળવ્યો છે એટલે અત્યારે કંઈક જે સરવાળો ચાલે છે એમાં કદાચ મંત્રી મંડળની રચના વધે એવા પ્રયત્નો મને આ બજેટ ઉપરથી થાય છે. કારણ કે, ૩૫.૮૯ ટકાનો બજેટમાં વધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી આતિથ્ય ખર્ચ કે જે આઈ.કે.જાડેજાને ત્યાં જઈએ તો સ્વાગત તો કેવું કરે છે ગાંઠિયા, ભજિયા આપે. એમાં ૧૧૪ ટકાનો વધારો કર્યો છે. નાણામંત્રીશ્રીએ ગયા વર્ષે વાત કરી હતી કે આફતોને અવસરમાં બદલે એ નેતૃત્વની કસોટી છે. આ ગુજરાતની જે રચના અને ભૌગોલિક પરિસ્થિતિ છે, દુષ્કાળ, વાવાઝોડુ, કુદરતી આફત આ બધી પરિસ્થિતિ આવતી જાય છે.દર વર્ષે એમાં પણ જે ટકાવારીનું માપ છે એમાં ૧૦૫ટકાનો વધારો કર્યો છે એ પણ આનંદની વાત છે. ટકાવારીની વાત એટલા માટે કરી છે કે દરેકમાં છે. માધાભાઈએ વાત કરી કે વિજ્ઞાનમાં હિન્દુસ્તાનમાં જ નહીં પણ આખા વિશ્વમાં પણ વિજ્ઞાનક્ષેત્રે ગુજરાત મોખરે રહ્યું છે. સુનામી હોય તો રાહત દેવામાં પણ.આપશ્રી જુનાગઢ જિલ્લાના છો. જુનાગઢ જિલ્લાના મોટાભાગના ધારાસભ્યો ઉપસ્થિત છે. હું ગયા રવિવારે મારી વાડી ઉપર માળિયા તાલુકાના જલંધર ગામે સુતો હતો. જબરજસ્ત ધડાકો થયો. ધડાકા જબરજસ્ત થતા હતા. તવાડા મુકામે હરીપુર ગામ હોય આ સરકારે ડિઝાસ્ટર ઓથોરીટીની સ્થાપના કરી છે. વિજ્ઞાનની ગણના થાય હરીપુર ગામ, આંકોલવાડી ગામ, ધોરાજી, રાજકોટ તાલુકાનું લોધી ગામ હોય ત્યાં સલામતી નથી. કેમ ધડાકા થાય છે. ધરતીકંપનો અણસાર કેમ થાય છે? તેની તપાસ થવી જોઈએ જો વિજ્ઞાન પુરવાર કરવા માગતા હોય તો. બાકી ખાલી વાતો થાય એનાથી કાંઈ વળે નહીં.

ઓફિસમાં જઈએ તો કહે સાહેબ તાલીમમાં ગયા છે. પટાવાળો પણ તાલીમમાં ગયો છે. આપના દ્વારા આ પટાવાળાને પણ તાલીમ આપવામાં આવે છે. અધિકારીને પણ તાલીમ આપવામાં આવે છે. વી ગવર્નન્સ, ગુડ ગવર્નન્સ, કર્મયોગીનું ફળ શું? ખાધું, પીધું ને રાજ કર્યું. રિવ્યુ તો લો આ કર્મચારીઓને કરોડો રૂપિયાનો ખર્ચ કરી પ્રાઈવેટ એજન્સી મારફત તાલીમમાં આપવામાં આવી છે. નાનામાં નાની વ્યકિતના બજેટમાંથી આ ખર્ચ થાય છે.પ્રજાના નાણામાંથી એને ટ્રેનિંગ આપવામાં આવે છે.

દોઢ લાખ નવી-જૂની શરતના કેસો પડતર હોય તો ટ્રેનિંગ લઈને આવનાર વ્યકિતને પૂછો ટ્રેનિંગમાં શું શીખ્યા? તમે દોઢ લાખ ખેડૂતના નવી-જૂની શરતના કેસનો કેમ તાત્કાલિક નિર્ણય કરતા નથી? ટેકનીકલ કાંઈ શીખીને આવ્યા નથી? તાલીમમાં કેટલો ખર્ચ થયો જે તે વિભાગમાં કારણકે આમાં પ્રાઈવેટ લોકોને કામગીરી આપી છે. તાલીમ શિખવાડવાની કામગીરી પણ ખાનગી. પહેલા ભૂતકાળમાં પરિવર્તન સેલ રાખ્યો હતો એમાં પાટિયા રહ્યા હતા. ગુજરાતમાં નમૂનારૂપ ચૂંટણી થાય છે. ચૂંટણી પંચના સચિવ તરીકે હંમેશા નિવૃત્ત અધિકારીને મૂકવામાં આવે છે તો અહીં કોઈ અધિકારી નથી? સામાન્ય વહીવટ વિભાગના સચિવ ચૂંટણી અધિકારી નથી બની શકતા? એક વિભાગમાં એ અધિકારીને સચિવ તરીકેની કામગીરી સોંપી શકતા નથી? એક વિભાગમાં ભરતી બોર્ડની કામગીરી હોય હમણાં તો ભરતી થઈ નથી. ભરતી બોર્ડના કર્મચારીઓને બીજા વિભાગમાં મૂકી દેવાની કોણ ના પાડે છે? ગૌ સેવા આયોગ હોય, યાત્રાધામ બોર્ડ હોય, પશુપાલન વિભાગ હોય, ચેરીટી વિભાગ હોય આ બધાને એક વિભાગમાં એક સચિવ નીચે ન રાખી શકાય? એક સચિવ પણ આ બધા વિભાગની વ્યવસ્થિત કામગીરી કરી શકે એવું મારું સૂચન છે. ગુજરાતની અંદર ભૂતકાળમાં અમે જે કર્યું, ભૂતકાળમાં ૧૦ વર્ષના જૂના ૧૨૬૩ રહેમરાહે નોકરીના કેસોમા એકી સાથે બોલાવીને નિમણૂક આપી હતી. આ સરકારને કહો કે રહેમરાહે નોકરી આપે.

ટૂરિઝમની વાત, માહિતી અને પ્રસારણની વાત કરી. દૂરદર્શનની વાત કરી. હવે જ્યારે મલ્ટિ નેશનલ સિનેમાની વાત કરી હતી, ૧૦૯ કરોડની રાહતો આપી દીધી, ગુજરાતની સંસ્કૃતિ ભૂંસાઈ જાય છે. આ ગુજરાતની સંસ્કૃતિ, ગુજરાતની અસ્મિતાની વાત લઈને આવતી હોય તો ગુજરાતની સિનેમા મલ્ટિનેશનલ હોય તો ગુજરાતી સિનેમા ફરજિયાત બતાવવાની વાત કરવી જોઈએ. ૧૦૯ કરોડની રાહતો મલ્ટિ નેશનલ સિનેમામાં આપી છે. આવતા વર્ષે ગુજરાતની સિનેમામાં નિર્દેશકને એક રૂપિયો ફાળવ્યો નથી. હું સમજ્યો છું. બજેટમાં હોય તો બતાવો. જે અત્યાર સુધી ૭૫ લાખ ગયા વર્ષે આપ્યા હતા. આ વર્ષે એક રૂપિયા ફાળવ્યા નથી, વાંચ્યું છે, જોયું છે. એક રૂપિયો પણ ફાળવ્યો નથી, તો એ આપના દ્વારા કહેવા માટે ઊભો થયો છું, આ વિનંતી છે.

**શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભી થઈ છું.

સામાન્ય વહીવટ એટલે બ્રેઈન, મગજ અને અન્ય વિભાગો એટલે હાથપગ અને આ બ્રેઈનના વડા, માલિક એટલે નરેન્દ્રભાઈ મોદી. અહીયા મારા વિપક્ષી ભાઈઓ બોલી રહ્યા હતા કે કિલ્લેબંધી કરી દીધી છે. મારે આપના થકી કહેવું છે કે જેના વડા આદરણીય નરેન્દ્રભાઈ મોદી હોય, એમણે પોતાની સૂઝ અને બૂઝથી જે કિલ્લેબંધી નહિ, પણ વહીવટની સગવડતા ખાતર, સચિવાલયની ગરિમા, સુંદરતા જળવાય, વહીવટના એક આયોજનના ભાગરૂપે એક વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. મને ખબર છે કે ભૂતકાળની અંદર જ્યારે આ સગવડતા ન હતી, ત્યારે આડેધડ પાર્કિંગ કરવામાં આવતા હતા. આ સચિવાલય ન લાગે, પરંતુ એક વર્કશોપની જેમ એક બસડેપોની જેમ આજુબાજુ જીપો ખડકેલી હોય તેવું સચિવાલય લાગતું હતું. જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, એણે વિચાર્યુ કે જો સારો વહીવટ કરવો હોય, શાંતિથી, સરળતાથી વહીવટ કરવો હોય તો પાર્કિંગની વ્યવસ્થા કરવી અને આજે ભાઈશ્રી ગોવાભાઈ અને મુકેશભાઈ નવમે માળેથી જુએ તો પાર્કિંગની સગવડ હોવાના કારણે કેવું સુંદર દેખાય.

વહીવટ માટે, કામકાજ માટે સોમવાર અને મંગળવાર નક્કી કરવામાં આવ્યો છે. ગામડામાંથી આવતા અરજદારોને માટે, ધારાસભ્યશ્રીઓને માટે, સંસદસભ્યશ્રીઓને માટે આ બે દિવસ નક્કી કરેલ છે. અગાઉ દોડયા આવતા હતા એ માત્રને માત્ર *(xxx) બંધ કરવા કિલ્લાબંધી કરવામાં આવી છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) શબ્દ વાપરવામાં આવ્યો છે, તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

**શ્રી વજુભાઈ વાળા** : સભ્યને ન કહેવાય. સભ્યને નથી કહ્યું. બાકી સમાજની અંદર કોમન શબ્દ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : સભ્યના સંદર્ભમાં બોલ્યા છે, માટે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

**શ્રી અશોક ભટ્ટ** : સભ્ય માટે બોલ્યા નથી.

**સભાપતિશ્રી .** : *( xxx ) આ શબ્દ વ્યાજબી નથી માટે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

**શ્રીમતી રમીલાબેન બે.બારા :** માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી સરળતા ખાતર અને એક આયોજનના ભાગરૂપે કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં માનનીય મંત્રીશ્રીઓ કામ કરી શકતા ન હતા. હું પોતે તેના દાખલારૂપ છું મેં પણ સચિવાલયમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે ફરજો બજાવી છે. જ્યારે સમગ્ર અઠવાડિયામાં લોકો આવતા હોય તો તેમાં માનનીય મંત્રીશ્રીઓને, સચિવશ્રીઓને અને અધિકારીશ્રીઓને કામ કરવામાં તકલીફ પડતી હતી. આજે આ કરવાથી માનનીય મંત્રીશ્રીઓ સચિવશ્રીઓ અને અધિકારીશ્રીઓ કામ કરી શકે છે. આ એક પ્રશંસનીય બાબત છે.

સામાન્ય વહીવટ વિભાગ માટેની વાત કરું તો સામાન્ય વહીવટ વિભાગમાં છ પ્રભાગ આવેલા છે. તેમાં બહુ જ અગત્યની કામગીરી કરતો પહેલો પ્રભાગ તે કર્મચારી પ્રભાગ છે. આ કર્મચારી પ્રભાગમાં કર્મચારીઓને લગતા જુદા જુદા પ્રશ્નો, ભરતીના નિયમો ઘડવા, કર્મચારીઓના કલ્યાણની વાત હોય, આશ્રિતોને રહેમરાહે નોકરી આપવાની વાત હોય, સ્વાતંત્ર્ય સેનાનીઓના પેન્શનની વાત હોય આવી અનેક બાબતો આ પ્રભાગમાં આવે છે. જ્યારે બીજો મહત્ત્વનો પ્રભાગ એ આયોજન પ્રભાગ છે. આપણે સૌ જાણીએ છીએ કે રાજય સરકારે સારો વહીવટ અને સુંદર વહીવટ કરવો હોય તો આયોજન પણ એવું થવું જોઈએ.તે માટે પંચવર્ષીય યોજનાઓ હોય, વાર્ષિક યોજનાઓ હોય, વીસ મુદ્દાનો કાર્યક્રમ હોય, વિકેન્દ્રીકરણનું આયોજન હોય આવી તમામ બાબતોની અંદર આયોજન કદાચ ખૂબ જરૂરી છે. તે આયોજન ઘડવાની સમગ્ર કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા થાય છે. અહીંયાં કર્મયોગીની તાલીમની વાત થઈ. અહીંથી ઘણા મિત્રો કર્મયોગી તાલીમની ખૂબ ટીકા કરી રહ્યા હતા. હું આપના દ્વારા કહેવા માગું છું કે રાજયનો કર્મચારી અને અધિકારી એ રાજય સરકારના વહીવટનું અંગ છે. સારો વહીવટ કરવો હોય તો કર્મચારી અધિકારીઓને રાજય સરકારનું એક અંગ હોવાને કારણે તેમની તાલીમ અને સૂચનો અનિવાર્ય બને છે. આ કર્મયોગીની જે તાલીમ હતી તેમાં માત્રને માત્ર સારામાં સારો વહીવટ કેવી રીતે કરવો, વહીવટી સુધારણા માટે સૂચનો શું હોઈ શકે તે માટેની તાલીમ હતી. સમગ્ર ગુજરાતના ૨૫ જિલ્લાઓ અને ૨૨૫ તાલુકાઓ સુધી કર્મયોગીના વિચારને લઈ જવામાં આવ્યો અને તેની અંદર લગભગ ૩.૨૫ લાખ જેટલા કર્મચારીઓએ હકારાત્મક અભિગમ આપ્યો છે. આ એક વહીવટી સુધારણા માટેનો કર્મચારીઓનો હકારાત્મક અભિગમ છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીની સૂઝ બૂઝ અને પ્રશંસનીય બાબત છે.

સામાન્ય વહીવટ વિભાગ મારફતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ (સમયસૂચક ઘંટડી) સાહેબ હજી તો બે જ મિનિટ થઈ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટની વાત કરું તેની કામગીરી ખૂબ જ પ્રશંસનીય રહી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરીને વિશ્વએ વખાણી છે. વિશ્વમાંથી ડિઝાસ્ટર મેનેજમેન્ટનો એક એવોર્ડ આપણને પ્રાપ્ત થયો છે. આ પ્રશંસનીય કામગીરી છે. ત્યારબાદ અનેક બાબતો સામાન્ય વહીવટ વિભાગની અંદર કામ કરી રહી છે. આ વિભા અને તેના થકી સુંદર આયોજન થઈ રહ્યા છે તે પ્રસંશાપાત્ર છે.

ગૌણ સેવા પસંદગી મંડળ એ જી.એ.ડી.નો ભાગ છે. ૧૯૮૮માં આ ગૌણ સેવા પસંદગી મંડળની રચના થઈ હતી. કોંગ્રેસના સમયમાં જ થઈ હતી. ૧૯૯૧માં જાહેરાત આવી પરીક્ષા ન લેવાઈ અને અરજીઓ પાછી આપવી પડી, ૧૯૯૨માં જાહેરાત આવી પણ પરીક્ષા ન લેવાઈ, ૧૯૯૩માં જાહેરાત આવી અને પરીક્ષા ન લીધી. આ બધા અરજદારો રાહ જોઈ બેસી રહ્યા હતા. આ કોંગ્રેસના શાસનમાં પરીક્ષાઓ ન લેવાઈ. જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ૧૯૯૫થી આજસુધીની જાહેરાત હોય, એક વર્ષની અંદર અને એક મહિનાની અંદર હમણાં આરોગ્ય વિભાગ દ્વારા ૩૩૪ જગ્યાઓની પરીક્ષા લઈને બિરદાવવાનું કાર્ય કર્યુ છે. ત્રણ હજાર પોલીસ રક્ષકોની પરીક્ષા લીધી છે અને ત્વરિત ગતિએ કોઈપણ જાતના આક્ષેપ વગર ખૂબ જ સરળતાથી સુદ્રઢતાથી પરિણામ આપ્યા છે.

આઈ.ટી. ક્ષેત્રે ખૂબ પ્રગતિ થઈ છે. પેપર લેસ વર્ક કરવાનું એક આયોજન છે, અગાઉની મને ખબર છે કે એટલા બધા થોથાં હોય, એટલી બધી માહિતી ભેગી કરવામાં કાગળો કરવા પડતા પણ આજે વન પેપર અને પેપર લેસ વર્કનું જે એક આપણું સ્વપ્ન છે એ આવનારા દિવસોમાં પરિપૂર્ણ થવાનું છે. મારી સામી પાટલી ઉપર બેઠેલા માનનીય સભ્યશ્રીઓ જે કાપદરખાસ્તો લાવ્યા છે એ કાપદરખાસ્તો તેઓશ્રી પાછી ખેંચી લે તેવી વિનંતી કરીને વિરમું છું.

* (XXX)આ શબ્દ માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** :માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મુખ્ય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ ગૃહ સમક્ષ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

ગુજરાતમાં વર્ષોથી આઈ.એ.એસ,, આઈ.પી.એસ.થી માંડીને જી.એ.એસ., અને તમામ વર્ગના વર્ગ ત્રણ અને ચારના કર્મચારીઓએ ગુજરાતનો વિકાસ આગળ વધારવામાં તમામ પ્રયત્નો કર્યા છે, સમયાંતરે એમને તાલીમ પણ આપવામાં આવે છે અને એ પ્રમાણે એમણે આખા ગુજરાતનો વિકાસ કર્યો છે, વહીવટી સુધારણા માટે તાલીમ જરૂરી હોઈ શકે અને એ તાલીમ માટે આપણા ત્યાં સગવડ છે, સ્પીપા જેવી સંસ્થા છે પણ આ સરકારે તાલીમના નામે જે પ્રચાર કર્યો છે એ ઘણો બધો વધુ દેખાય છે, એના લીધે કર્મચારીઓ/ અધિકારીઓનો અવાજ દબાઈ ગયો હોય તેવું દેખાય છે. અત્યારે તો ઘણા બધા અધિકારીઓ પોતાના પ્રમોશનની રાહ જોઈ રહ્યા છે, ઘણી જગ્યાઓ ખાલી છે એ ખાલી જગ્યાઓ ઉપર કોઈને નિમણૂક આપવામાં આવતી નથી અને કેટલાક અધિકારી કર્મચારીઓના ખાતાકીય તપાસના બહાને એમનાં પ્રમોશનો અટકી ગયાં છે. જ્યાં જે અધિકારી સક્ષમ છે ત્યાં બીજી વધારાની જગ્યા ઊભી કરીને મૂકવામાં આવે છે.

કલેક્ટર લેવલે એડીશનલ કલેકટરનીની એક વધારાની જગ્યા ઊભી કરી છે, પહેલાં જે સીધા આર.ડી.સી. પાસેથી કલેક્ટર પાસે જવાતું હતું, હવે આ એડીશનલ કલેક્ટરની જગ્યા ઊભી થતાં સમય પણ વેડફાઈ રહ્યો છે, વહીવટી સુધરવાને બદલે એ બગડી રહી હોય તેવું આજે દેખાય છે. ગૌણ સેવા પસંદગી મંડળની માનનીય માધુભાઈએ અને માનનીય શ્રીમતી રમીલાબહેને વાત કરી, એમાં હું પણ મારી થોડીક વાત કરું છું. આશ્રિતોને રહેમરાહે નોકરીની માનનીય શંકરસિંહ વાઘેલાની સરકારે વાત કરી હતી અને એ વખતે આશ્રિતોને રહેમરાહે એકીસાથે નોકરી આપી હતી , આજે રહેમરાહે નોકરીના ઘણા બધા કેસો પડતર છે, એમાં કોઈ નિર્ણય લેવામાં આવતો નથી. બિન સચિવાલય કર્મચારીના ક્લાર્ક અને ક્લાર્ક કમ ટાઈપિસ્ટની લગભગ ૧૦૫૦ નોકરી માટેની જુદા જુદા વિભાગો તરફથી માગણી મૂકવામાં આવી હતી. એમાં આજે ઘણો સમય થયો પણ એમાં ૭૯૮ જેટલા ભાઈઆને સિલેક્ટ કરવામાં આવ્યા છે પણ એમને આજ સુધી હુકમો આપવામાં આવ્યા નથી. મારે એ જાણવું છે કે, આ માગણી કયા કયા વિભાગો તરફથી આવી હતી કારણ કે એમને નિમણૂક આપવામાં આવતી નથી? સાથે સાથે લોક રક્ષક દળની બાબતમાં પણ વાત થઈ, એમની રૂબરૂ મુલાકાત હજી બાકી છે, ઘણા સમયથી બાકી છે, આ ઉપરાંત જે નાના નાના કર્મચારીઓ છે વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને માટે કૉમ્પ્યુટરના વિષયની વાત કરી છે ત્યારે આજે લોકોને નોકરીઓ મળતી નથી, અને એના લીધે ઘણા લોકોને હેરાન થવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેકલોગની ૩૬ હજાર જગ્યાઓ બાકી હતી એમાં સરકારે જે કંઈ સુધારાવધારા કર્યા, નિયમો બદલ્યા છે એને કારણે પોસ્ટ બેજના લીધે લગભગ જગ્યાઓ પૂરી થઈ ગઈ છે. કારણ કે એ જગ્યાઓ નથી રહી એવું થયું છે. નંબરો બદલાઈ ગયા છે એના બદલે હવે પંદર હજાર જેટલી જગ્યાઓ બેકલોગની બાકી રહી છે તો એ જગ્યાઓ આ સરકાર વહેલીતકે ભરે , તો જે ઘણા લોકો બેકાર છે એમને નોકરી મળી શકે. માનનીય અધ્યક્ષશ્રી, જે જિલ્લાનો વિકાસ, ગામડાનો વિકાસ, તાલુકા વિકાસ માટે જે જિલ્લા વિકેન્દ્રીત હેઠળ જે રકમ ફાળવવામાં આવે છે એ રકમ દિવસે દિવસે ઘટતી જાય છે. વર્ષે વર્ષે આવક વધે છે એમ બજેટ પણ વધે પણ એના બદલે ૨૦૦૩-૨૦૦૪માં ૧૮૮ કરોડ ૮૦ લાખની રકમ ફાળવી હતી, ૨૦૦૪-૨૦૦૫માં ૧૬૬ કરોડ રૂપિયા ફાળવ્યા અને એમાં વપરાશ છે એ ફક્ત ૧૩૭ કરોડનો થયો છે. ૨૮ કરોડ રૂપિયા વણવપરાયેલા પડી રહ્યા, એ કારણે વિકાસ થવો જોઈએ એ થઈ શકતો નથી.

માહિતી અને પ્રસારણ વિભાગની વાત કરીએ તો જે સરકારની યોજનાઓ છે એ યોજનાઓની માહિતી ગામડાં સુધી પહોંચાડવી જોઈએ અને એ જરૂરી પણ છે પણ અહીંયાં તો વ્યકિતગત પ્રસિદ્ધિ પાછળ સરકાર પડી છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીઓના ફોટા અને હેડિંગ્સ જ્યાં જુઓ ત્યાં જોવા મળે છે, બસો ઉપર, કૅલૅન્ડર ઉપર જ્યાં જુઓ ત્યાં જોવા મળે છે અને એના લીધે સરકારના પૈસા બગડી રહ્યા છે, મેગેજીન- કૅલૅન્ડર કદાચ ગામડાં સુધી ન પહોંચે તો એની પણ ચિંતા થાય છે તો આ રીતે જે નાણાંનો વ્યય થઈ રહ્યો છે. ગામડાંમાં તો આજે ટીવી ચાલતાં નથી. માનનીય માહિતી અને પ્રસારણ મંત્રીશ્રીને મારે વિનંતી કરવાની કે. કેટલાક ગામડાઓમાં, કેટલાક તાલુકાઓમાં આવી માહિતીની ઓફિસો પણ બંધ કરી દેવામાં આવી છે ત્યારે આ સરકારની માહિતી ગામડાઓ સુધી કેવી રીતે પહોંચશે? હમણાં જ અમદાવાદ ખાતે ૨જી ઓકટોબરના રોજ અમદાવાદ સ્વચ્છતા દોડ રાખવામાં આવી હતી ત્યારે ઠેરઠેર બોર્ડો લગાવેલા હતા એમાં ચિત્ર રાખવામાં આવ્યું હતું, કમાન ઉપરના ભાગે એમાં માથે લખ્યું હતું કચરો એની નીચે કચરા ટોપલી હતી એની નીચે મુખ્યમંત્રીશ્રીની તસવીર હતી તો વધુ પડતી તસવીરો લગાડવાથી કયારેક આનાથી અર્થનો અનર્થ થઈ જાય છે આવું ન થવું જોઈએ.માનનીય મુખ્યમંત્રીશ્રીનું માન જળવાવું જોઈએ.

**( માનનીય અધ્યક્ષશ્રી મંગળભાઈ પટેલ અધ્યક્ષ સ્થાને)**

બીજુ મતદાર યાદીની સુધારણા માટે સરકારે જાહેરાત કરી છે પણ જે મતદાર યાદી સુધારવા માટે ગ્રામ્ય લેવલે પ્રસિધ્ધિ થવી જોઈએ એ પ્રસિધ્ધિ નથી થતી એના લીધે ઘણાં મતદારોના નામો સમાવી શકાતાં નથી. ઓળખ કાર્ડ લોકોને પૂરા મળી શકતાં નથી. હમણાં જ નગરપાલિકાઓની ચૂંટણીઓ આવવાની હતી એનો સમય પણ પૂરો થઈ ગયો છે પણ સરકારે જાહેરાત ન કરી કારણ કે સીમાંતરણ કરવાનું છે .૨૦૦૧ની વસતિ ગણતરીના નામે, નવું સીમાંતરણ કરવાના નામે પ્રજાના અધિકારો છીનવાઈ રહ્યાં છે. મારી સરકારને વિનંતી છે કે, આવું જયાં જયાં

સીમાંતરણ કરવાનું હોય એ વહેલીતકે કરવામાં આવે અને પ્રજાના અધિકારો છે એ વહેલી ચૂંટણી આપીને પૂરા કરે એટલી મારી વિનંતી છે. આટલી વાત સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી સી. ડી. પટેલ(પેટલાદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયનો વહીવટ એ સરસ રીતે ચાલે, સફળ રીતે ચાલે, રાજયના પ્રત્યેક વ્યકિતનું કલ્યાણ થાય અને પ્રત્યેક વ્યકિતનું કલ્યાણ કરનાર કર્મચારીનું કલ્યાણ થાય એ પણ એટલી જ મહત્વની બાબત છે કે જેણે આ કામ કરવાનું છે, જે આ કામ સાથે જોડાયેલ છે એ જોડાયેલ વ્યકિતનું જ્ઞાનવર્ધક થાય, કામમાં દિલ લાગે, સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક કામ કરે અને જેટલી સ્વસ્થતાથી કામ કરે એટલી જ સરળ રીતે સરકાર દ્વારા કામ કરવામાં આવે તો વિકાસ અને કલ્યાણની યોજનાઓ સામાન્ય માણસ સુધી, ગરીબ માણસ સુધી પહોંચે અને એ દ્વારા એ વ્યકિતને, આ રાજયના વિકાસના જ્ઞાનવર્ધનનો ખ્યાલ આવે. સામાન્ય વહીવટ વિભાગે કર્મચારીને લગતા કલ્યાણની વાત કરી છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય સભ્યશ્રી, આપ માગણીઓ ઉપર બોલો.

**શ્રી સી. ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લોક કલ્યાણ યોજના અંગે હું સામાન્ય વહીવટ વિભાગની વાત કરું છું. કર્મચારી કર્મયોગી મહાઅભિયાનની વાત હું અહીંયા કરતો હતો એમાં કયાંક મારી ભૂલ થઈ હોય તો ક્ષમ્ય ગણી હું આગળ વધું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિરોધ પક્ષના મિત્રોએ કર્મચારી કર્મયોગી બનવાની વાતમાં વારંવાર એમ કહ્યું કે, ગામડાંના માણસો કામ કરાવવા માટે જાય છે ત્યારે ત્યાં એના જવાબદાર અધિકારી કર્મયોગી મહાઅભિયાનમાં ગયા છે અને નહીં મળે આમ કહીને વાત કરતા હતા તો મારે કહેવું છે કે, વ્યકિત પાસે જ્ઞાન હોય એ જ્ઞાનમાં સમયાંતરે વિજ્ઞાન ટેકનોલોજીના આધારે નવીનીકરણ ન આવે, નવીન વિચાર ન આવે અને હૃદયની ભાવના ન જોડાય તો, સાહેબ, એમણે આટલા વર્ષો સુધી આ જ કર્યું હતું ભાવના વગર. એમને ભાન કરાવવું જોઈએ સમાજ જીવનમાં કર્મચારીનું એ ન કરાવી શકયા. આ સરકારના મુખ્યમંત્રીએ ૫ લાખ કર્મચારીઓને એક સાથે રાખીને સામાન્ય વ્યકિતને યોજનાની માહિતી મળે, એ દ્વારા એને સરકારમાંથી મળવાપાત્ર લાભ પ્રાપ્ત થાય, કોઈ વૃધ્ધાવસ્થા પેન્શનની વાત હોય, કોઈ સ્વાતંત્ર્ય સેનાનીઓના કલ્યાણની યોજના હોય, સામાન્ય અને ગરીબ માનવીના કલ્યાણની યોજના હોય એ સરકારની યોજનાઓનો લાભ મળવાનો છે એની જાહેરાત કરવી પડે. આ સરકારમાં લોકોને સુવિધા મળે એટલે રેડિયો દ્વારા, પહેલા રેડિયો માધ્યમ હતું તો એના દ્વારા એની જાહેરાત થતી હતી, કયાંક હેન્ડબિલ દ્વારા જાહેરાત થતી હતી તો ક્યાંક નાગરિક સુવિધા કેન્દ્ર દ્વારા જાહેરાત થતી હતી. ક્યાંક એના માટેના જુદા જુદા સેન્ટરો ઉભાં કરીને અને એમને સમૂહમાં વિજ્ઞાન સાથે જોડીને આ આદર્શ સંવાદ કરીને એમના દ્વારા સીધા જોડવામાં આવતા હતા તો આજે ઈ-ગવર્નન્સ, આજે ટેકનોલોજી યુગમાં પ્રત્યેક વ્યક્તિને ઈન્ફરમેશન ટેકનોલોજી દ્વારા ક્યાંક સાયન્સ સીટી જેવી વિશાળ, આખા ગુજરાતની કાયાપલટ કરી નાંખે એવી માહિતી અને સંસ્થા દ્વારા, ક્યાંક ગુજરાત કાઉન્સિલ અને સાયન્સ ટેકનોલોજી દ્વારા આ જ્ઞાન આપવામાં આવે અને જ્ઞાન આપતાં આપતાં વ્યક્તિ પોતે એનો પૂરેપૂરો લાભ લઈ શકે ઈ-ગવર્નન્સને પૂર્ણતા તરફ લઈ જઈને, ઈ-ધારા પ્રોજેક્ટમાં એનું કામ કરવામાં આવે, બાયો ટેકનોલોજી કાઉન્સિલની રચના થાય, વેન્ચર ફંડની સ્થાપના કરી અને આખા ગુજરાતમાં પ્રત્યેક વ્યક્તિ ગુજરાત અને ગુજરાતની બહાર વિદેશમાં વસતા ભારતીયોને પણ એનું જ્ઞાન આપવામાં આવે અને એમાં પણ જ્યારે આ ગુજરાતના વિકાસની વાત કરવાની હોય ત્યારે ૨૦૦૫-૦૬ માં ૧૩૪ કરોડ રૂપિયા જેટલી જોગવાઈ સાયન્સ ટેકનોલોજી વિભાગ માટે કરી,

ભાસ્કરાચાર્ય યુનિવર્સિટી ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ. ઈન્ફરમેશન.. બાયોગેસ દ્વારા આ સરકાર અહીંયા અને વિદેશમાં વસતા ગુજરાતીઓને પણ એની પોતાની સાચી સ્થિતિ અને એની માહિતી આપવા માગે છે. જનસંપર્ક કાર્યક્રમ છે તો હમણાં એમ કહેવામાં આવતું હતું કે અધિકારીઓ મળતા નથી, અધિકારીઓ મળે તો કામ ન થાય એમના વખતમાં આ થતું હતું કે જ્યારે છેવાડાનો માનવી ક્યાંક પોતાના કામ માટે બસનું ભાડું ભેગું કરી અને એ તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ આવે તો ક્યાંક ડી.ડી.ઓ. ના કામ માટે આવે કે ક્યાંક કલેક્ટરના કામ માટે આવે અને ત્યાં જઈને પૂછવામાં આવે કે અધિકારી ક્યાં છે તો કહે છે કે અધિકારી ગાંધીનગર ગયા છે. આ ગાંધીનગર આવવા માટેની વાત હતી એના બદલે આ અધિકારી જ્યાં બેઠા છે ત્યાં સરસ રીતે બેસી શકે અને એમની પાસે આવેલો એ સામાન્ય વ્યક્તિ કે જે માહિતી લેવા આવ્યો છે પોતાનું કામ કરાવવા આવ્યો છે એ તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ જઈને ત્યાં કલેકટર સાથે મુખ્યમંત્રીશ્રી સાથે સીધી વાત કરે, વિભાગના મંત્રીશ્રીઓ સાથે સીધી વાત થાય અને પોતાનો પ્રશ્ન સરળતાથી સોલ્વ કરે એ આ લોકોને નથી ગમતું કારણકે (અંતરાય) એ લોકો કરતા હતા, કામ હોય તો કહે ચાલો ગાડી લઈ લો, ગાડીમાં બેસીને પ્રજાના પૈસે, પ્રજાની ગાડીમાં બેસીને કરતા હતા આ કામ. અહીંયા લોકોનું ઘરબેઠા સામાન્ય વ્યક્તિનું કામ થાય છે એ આમને ન ગમે એ સ્વાભાવિક છે અને એટલા માટે જ આ સરકારની આવી સરસ યોજનાઓનો આ લોકો વિરોધ કરતા આવ્યા છે. માનનીય જેસાભાઈ સંસ્કાર અને સંસ્કૃતિની વાત કરતા હતા. આ દેશના સંસ્કાર અને સંસ્કૃતિ જેને વર્યા હોય એના માટે હોય માનનીય જેસાભાઈને સંસ્કાર અને સંસ્કૃતિની વાત કહેવાનો અધિકાર નથી.

**અધ્યક્ષશ્રી .** : આપનું પ્રવચન પૂરું થાય છે. બન્ને દંડકશ્રીઓ, બન્ને બાજુના બે - ત્રણ બે-ત્રણ સભ્યો બાકી છે સમય લગભગ પૂરો થવામાં છે મારે મંત્રીશ્રીને બોલવા માટે ઉભા કરવા પડે તેવી પરિસ્થિતિ છે સમય વધારવાની જરૂર છે. બન્ને પક્ષના દંડકશ્રીઓ દરખાસ્ત કરે તો સમય વધારીએ.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહનો સમય ત્રીસ મિનિટ માટે લંબાવવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ત્રીસ મિનિટ સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તો અમને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે ? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ ત્રીસ મિનિટ માટે એટલે કે ૫-૪૫ વાગ્યા સુધી લંબાવવામાં આવે છે. મુકેશભાઈ.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રાદ્યોગિકિ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

**અધ્યક્ષશ્રી .** : પાંચ મિનિટ છે આપની પાસે,

**શ્રી મુકેશ ભૈ. ગઢવી**: નહિ વધારું. આ માગણીઓ પર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

**અધ્યક્ષશ્રી .** : સીધા મુદ્દા પર આવો.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી**: (ક્રમશઃ) સદાચારને વરેલી ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ સાથે સીધા સંકળાયેલા એવા આપણા કર્મચારીઓ તેમના સિદ્ધાંતથી તેમને વેગળા કરવાની વાત, વહીવટથી વાકેફ હોય છતાં જુદી દિશામાં દોરી અને માત્ર કોઈ વ્યવસ્થામાં તે અનુરૂપ બને તે માટેના પ્રયત્નો. ખરેખર ગુજરાતના સર્વાંગી વિકાસ માટે આ લોકો જ્યારે સર્વિસમાં જોડાયા ત્યારે સોગંદ ખાઈ અને જોડાયેલા છે. આજે ગુજરાતની અંદર કેટલી જગ્યાઓ ખાલી છે, કેટલાક અધિકારીઓની પાસે કેટલા બધા ચાર્જ છે આપણે તે વ્યવસ્થા હજુ સુધી કયા કારણોસર નથી કરી શકતા. આપણા ગુજરાતના અધિકારીઓ જે આઈ.એ.એસ.માટે competent છે પણ ગમે તે કારણોસર ભારત સરકારમાં તેમની યાદી મોકલવામાં આવતી નથી અને જો તે યાદી મોકલવામાં આવે તો કદાચ તે તેમની competencyના કારણોસર તે ગુજરાતી આઈ.એ.એસ.તરીકે અહીંયા નોમીનેશનમાં આવે તો ફરીથી તેમની પેલા પ્રોરેટા પ્રમાણે તેમની વ્યવસ્થા કયાક કરવી પડે અને તે સરકારને અનુકૂળ હોય કે ના હોય તે બાબત વિચારણા માગી લે એવી છે.

આજે એક સભ્યશ્રીએ બહુ સરસ વાત કરી, વૈષ્ણવ જનની વાત કરતા હતા અત્યારે પરિસ્થિતિ એવી થઈ છે કે "ભાજપ જન તો તેને રે કહીએ કે જે પીઢ વિદેશીને જાણે રે" આ સિદ્ધાંત અત્યારે અનુસરવા લાગ્યો છે. ગુજરાતની વાત સાઇડમાં જતી રહી, સર્વાંગી વિકાસની વાત બાજુ ઉપર જતી રહી અને પરિસ્થિતિ એવી થઈ કે ગુજરાતમાં સામાન્ય વહીવટ વિભાગ છે અને સંકલનનો એટલો મોટો અભાવ, આજે મંત્રીશ્રી જુદી સૂચના આપે અને સચિવશ્રી તેનું અનુકરણ નીચેના અધિકારી સુધી જુદી રીતે પહોંચાડે અને છેલ્લે શું થાય કે મંત્રીશ્રીએ આ ફાઈલ ઉપર મંગાવી છે એટલે અત્યારે હું આ નિર્ણય કરી શકું તેમ નથી. તેમની જે નિર્ણાયકતાની શકિત હતી તેની અંદર રીતસર કાયદેસરનો કંઈક અને કંઈક વિરોધ ઉભો થવા માંડ્યો છે, અધિકારી પણ શું કરવા માંડ્યા છે કે જવાબદારીમાંથી વિમુખ થવા માટે કોઈ પણ સામાન્ય અરજી હોય કે સામાન્ય કાગળ હોય તો પણ તેનો નિર્ણય આપતા નથી કારણકે તેમને ભય ઉભો થયો છે.

કેટલાક આઈ.એ.એસ.અત્યારે વધુ અને વધુ માગણી દિલ્હી તરફ અને આઉટ સ્ટેટ જવાની વાત કરવા માંડ્યા. એક જમાનો એ હતો કે, આઈ.એ.એસ.ઑફિસરો પાસ થાય અને ગુજરાત કેડર મળે ત્યારે એમ કહેતા હતા કે આઈ એમ સો લકી કે મને ગુજરાત કેડર મળી છે. આજે ગુજરાતના ઉપથી વધારે અધિકારીઓ આઈ.એ.એસ. તે આજે બહાર દિલ્હીમાં કે બીજા રાજયોમાં જઈને બેઠા છે. આપણે હમણાં જ કોઈ વાત કરતું હતું મારા સાથી સદસ્ય વાત કરતા હતા કે આપણી પાસે સ્પીપાની વ્યવસ્થા છે. મસૂરીની અંદર આઈ.એ.એસ.ટ્રેનિંગ સેન્ટર છે. આપણે તે બધા સેન્ટરોનો ઉપયોગ નથી કરતા કારણકે ત્યાં વહીવટી વ્યવસ્થા થાય, વહીવટી વ્યવસ્થાની અંદર જાગૃતિ આવે તેની સમીક્ષા બેઠકો કેવી રીતે કરવી, નિર્ણયો કેવી રીતે કરવા, સામાન્ય વ્યકિતએ કરેલી અરજી તેની અંદર હાર્દ શું છે? તેનો ભાવાર્થ શું છે? તે ભાવાર્થને સમજવાની આજે કોઈની શકિત રહી નથી.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી માહિતી પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ માટે જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભી થઈ છું. બે લોકો બોલવાના નથી એટલે આપ મને સમય વધારો આપજો.

**અધ્યક્ષશ્રી .** : પાંચ મિનિટ છે.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી** : સાહેબ, સાત મિનિટ. આઈ.ટી.ક્ષેત્રે જબરજસ્ત ક્રાંતિ આવી છે ત્યારે ગુજરાત તેમાંથી બાકાત નથી રહ્યું. કેમ કે, આ રાજય સરકારે કેટલાક નિર્ણયો, કેટલીક યોજનાઓ અને કાર્યક્રમો આઈ.ટી.ક્ષેત્રે લીધા છે તેને માટે આપણે સૌએ પહેલાં તો અભિનંદન આપવા જોઈએ ,હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૧ મી સદી એ આઈ.ટી. ક્ષેત્રની ક્રાંતિ છે, વિશ્વમાં જેની પાસે સંપત્તિ છે., અણુશસ્ત્રો છે, માનવ સંપદા છે, ઉદ્યોગ સંપત્તિ છે પણ આઈ.ટી.ક્ષેત્રે સજજતા નથી તે દેશ વિકાસ પથ પર રહેવાનો નથી. ગુજરાતે આ પછાતપણાને મિટાવવા ખૂબ સારા પ્રયત્નો કર્યા છે અને એ પ્રયત્નો માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રી અને વિભાગને મારા હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

આઈ.ટી.ના પરિણામે લોકોની સેવા ઝડપી, અસરકારક અને વ્યાપક બની શકી છે. ગુડ ગર્વનન્સનો આપણને અહેસાસ થવા માંડયો છે. સરકારના લોક કલ્યાણના નિર્ણયો છેવાડાના માનવી સુધી એકસરખા અને અસરકારક રીતે પહોંચ્યા છે અને એક ઉદાસીન ભાવથી જોવાની લોકોની મનોવૃત્તિમાં સકારાત્મક બદલાવ આવ્યો છે. ત્યારે આઈ.ટી.ક્ષેત્રે સજજતા વધારવા તંત્ર વાહકોને સજજ કરવા પડે. સરકાર દ્વારા આના માટે વિશેષ તાલીમ આપવાનું કાર્ય થયું છે અને ૪૦ વર્ષના દુ:શાસન વહીવટના સડાને સુધારવા માનવમૂલ્યોના મજબૂતીકરણ કરવાના પ્રયાસોના ભાગરૂપે આ તાલીમ કાર્યક્રમ થયો છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીનો વિકાસ કરવાથી વિદેશી નિવેશોનો પ્રવેશ આપણા આંગણાના ઉદ્યોગોને ક્ષતિ નહીં પહોંચાડી શકે. ગુજરાતના યુવાન ઉદ્યોગકારોને થતું નુકસાન અટકાવી શકાશે. આઈ.ટી. ઔદ્યોગિક ક્ષેત્રે આઉટ સોર્સિંગ સંદર્ભે વિશાળ તકો આંતર રાષ્ટ્રીય બજારમાં છે. આપણી પાસે વિશાળ માનવ અને બૌદ્ધિક સંપદા છે. આપણે વિશ્વ બજારમાં ગુજરાતને મોટું સ્થાન અપાવી શકીએ તેમ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો એમ કહીશ કે આઈ.ટી.માત્ર ગુડ ગર્વનન્સ ક્ષેત્રે નહીં, પરંતુ રોજગાર વિનિમય વિભાગ અથવા સ્વતંત્ર નવો એક ગુજરાત આઉટ સોર્સિંગ વિભાગ ઉભો કરી વિશ્વ બજારમાંના સર્વિસ સેકટર દ્વારા વિદેશી હુંડિયામણ, ગુજરાતના યુવાનોને નોકરીની તકો તેમજ ગુજરાત અને દેશનું નામ ઉજજવળ કરવાનો મોકો ઝડપી શકાશે. આપણું એક એક ઘર ઉત્પાદન કેન્દ્ર હતું અને વિશ્વની આગળ વધતી ટેકનોલોજીમાં આપણે ખરીદાર ન બની રહીએ તે આપણે જોવું પડશે.

ભારત એના પ્રાચીન ભવ્ય ઈતિહાસમાં કયારેય ખરીદનાર નહોતું, પરંતુ એ તો હરહંમેશ દુનિયાને આપનાર દેશ હતો. એટલે ગુરુસ્થાને આપણું રાષ્ટ્ર હતું.

સાયન્સ એન્ડ ટેકનોલોજીની વાત કરું તો આ વિભાગ ક્ષેત્રે આપણું ગુજરાત હંમેશાં આગળ રહયું છે. ડો. વિક્રમ સારાભાઈ જેવી વિભુતીએ તો ભારતના નકશાને જાણે કે બદલી જ નાંખ્યો છે. વિશ્વભરમાં સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે જે ઉત્ક્રાંતિ થઈ રહી છે એના માટે હું રાજય સરકાર અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ગુજરાતમાં ઘરઆંગણે વિવિધ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓનો આપણે વિકાસ કર્યો છે અને ગુજરાત એમાં કયાંય પાછળ રહયું નથી. જી.ડી.પી.રેઈટ ઠીક કરવા માટે ગુજરાતે સફળતા મેળવી છે. આ ગૃહના સભ્યને નાતે મને એનું ભારોભાર ગૌરવ છે.

આજે લોકોની સુખાકારી વધારવા કૃષિ, આરોગ્ય ક્ષેત્રે માળખાકીય વ્યવસ્થાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એ રીતે દરેક ક્ષેત્રે સરાહનીય કાર્ય કરવામાં અવ્યું છે. આ સંદર્ભે આપણા ગુજરાતના યુવક યુવતીઓ જેમને હું યુવા વિજ્ઞાની, યુવા ટેકનોક્રેટ કહું છું તેમને આ ક્ષેત્રે આકર્ષવા અને સંશોધનો કરવા માટે ખાસ યોજના બનાવવી પડે તો એ બનાવવાની માગણી પણ મંજૂર કરવી પડે.

અગત્સ્ય ઋષિનું વિદ્યુતશાસ્ત્ર, મહર્ષિ કિનાક વિરપીતનું મિકેનિકલ (કાયનેટીકસો) યંત્ર વિજ્ઞાન, કર્દમ ઋષિનું વિમાનશાસ્ત્ર (એરોનેટીકસ) શૌનકૃત વ્યોમાન યંત્ર, કૌન્ડિન્ય ઋષિનું નૌકાશાસ્ત્ર, ગણિત ક્ષેત્રે ડેશીમલ પધ્ધતિનો ભેદ આપનાર અને અંકગણિત કે ભૂમિતિ ક્ષેત્રે આજે પણ અજય એવા આર્યભટ્ટ, વિદુષિ લીલાવતી, રસાયણ ક્ષેત્રે નાગાર્જુન, આયુર્વેદ ક્ષેત્રે મહર્ષિ ચરક અને પ્લાસ્ટિક સર્જરી ક્ષેત્રે મહર્ષિ સુશ્રુત એમ વિજ્ઞાનના દરેક ક્ષેત્રે ભારત વિશ્વ ગુરુ હતું.

રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન એટલા માટે આપું છું કે આ ક્ષેત્રે ફરીથી કીર્તિમાન થવા ગુજરાતના મારા યુવા ટેકનોક્રેટસને આ ચેલેન્જ ઉપાડવા સક્ષમ બનાવવા માટેના પ્રયાસો તેમણે આદર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે સુખાકારી વધારવા માટે એક આગવી દિશા પકડી છે. પશ્ચિમી નકલ કે પશ્ચિમનાં આંગળાં પકડનાર આપણે ન બનીએ તેની તેમણે ચિંતા કરી છે. સંસ્કૃતિ અને રાષ્ટ્ર માટે સ્વાભિમાની બનવા એક યજ્ઞ આદર્યો છે. પશ્ચિમના દેશો સામે અડગ બનીને ઉભા રહેવા, રાજયના સંદર્ભમાં પોતાની આવશ્યકતા મુજબ પોતાની પરિભાષા અને ભાષામાં સાયન્સ અને ટેકનોલોજીની વિકાસની વ્યવસ્થા વિચારીને રાજય સરકાર આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ટેકનોલોજી મિશનને આકાર આપવા અનેક યોજના અર્થે માગણીઓ આવી છે એને હું મારું સમર્થન કરું છું. મને આશા છે કે ગુજરાતની જનતાના આશીર્વાદ આની સાથે હશે જ.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી, સામાન્ય વહીવટ વિભાગની તથા માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા સૂચનો રજૂ કરું છું.

**અધ્યક્ષશ્રી .** : માગણીઓની ખબર છે ને ફારૂકભાઈ? ચાર માગણીઓ છે એ ખબર છે ને?

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : હા, માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ લોકશાહી દેશ છે. દુનિયામાં સૌથી મોટો લોકશાહી દેશ છે, એમાં બધા ધર્મોના લોકો પોતપોતાની રીતે ધર્મમાં માને છે, દરેક જાતિના લોકો જુદી જુદી ભાષા બોલે છે. આજે ગુજરાતમાં ખાસકરીને અમદાવાદ શહેરમાં જે કયુ ટીવી છે તે બંધ કરવામાં આવેલ છે, તે

એક ઘોર પાપ કર્યુ છે, ના ઈન્સાફી કરી છે. લોકશાહી દેશમાં આવું ચાલે નહીં, આ મારી પાસે સરકારની નોટિસ પણ છે અમદાવાદ શહરે માટે આપેલ છે કે કાલુપુર, દરિયાપુર વિસ્તારમાં કયુ ટી.વી. થી ખોટો પ્રચાર થાય છે. તો આ કયુ ટી.વી. પાકિસ્તાનનું નથી, દુબઈ અને લંડનથી પ્રસિદ્ધ થાય છે, દરેક ભાષામાં પ્રસિદ્ધ થાય છે. મહારાષ્ટ્રમાં જાવ તો ત્યાં પણ છે, મારા મઝહબ સિવાય એમાં કોઈપણ જાતની વાત થતી નથી. અહીં અમારા કુરાને શરીફ સિવાય કોઈ વાત થતી નથી. એટલા માટે આ કામ સરકારે કર્યુ છે તે બહુ ખોટું છે. મારી માગણી છે કે આ તાત્કાલિક ચાલુ કરે, ગાંધીનગરમાં પણ કયુ ટી.વી. ચાલે છે, નડિયાદમાં પણ ચાલે છે, સુરતમાં પણ ચાલે છે પણ અમદાવાદ શહેરમાં બંધ કરવામાં આવેલ છે તેનું કારણ શું છે? એમાં કોઈ દેશ વિરોધી શબ્દો વપરાતા નથી. તેથી વહેલી તકે કયુ ટી.વી. ચાલુ થાય તેવી અમારી માગણી છે.

યાત્રાધામોના વિકાસની વાત છે, તો હિન્દુભાઈઓના યાત્રા ધામ છે તેના માટે તમે ખર્ચ કરો એમાં કોઈ વાંધો નથી. માઈનોરીટીના જે યાત્રા ધામો છે તેમાં અમદાવાદમાં અહેમદશાહ બાદશાહનો રોઝો, શાહ આલમનો રોજો, સરખેજનો રોજો, વટવાની દરગાહ, મીરા દાતાર વગેરે છે તેના માટે ખર્ચ કરતા નથી. તેનું શું કારણ છે? આ તમારી ડબલ નીતિ છે, આ કોમવાદી નીતિ છે, અમે પણ ગુજરાતમાં રહીએ છીએ, અમે નથી રહેતા એવું નથી.

સરકારખોટા ખોટા જે ઉત્સવો કરે છે અને ખર્ચા કરે છે, કચ્છ ઉત્સવ, પતંગ ઉત્સવ, નવરાત્રિ ઉત્સવ, વગેરેમાં કેટલા ખોટા ખર્ચા થાય છે, પંદરમી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી વગેરે તમે વલસાડમાં મનાવો, અધિકારીઓને અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં આવવા જવાનો ખોટો ખર્ચ થાય છે. જો તમારે ઉત્સવ મનાવવો હોય તો બીજો એક ઉત્સવ આપણી પાસે છે, અમદાવાદને મેગા સીટી કાલે જાહેર કરવામાં આવ્યું છે તો તેનો પણ મુખ્ય મંત્રીશ્રી ઉત્સવ મનાવે, આખા ગુજરાતમાં પહેલું મેગાસીટી થયું છે તો તેના માટે ઉત્સવ જાહેર કરવો જોઈએ. દુનિયાના નકશા ઉપર આપણું અમદાવાદ શહેરનું નામ આવ્યું છે તો તે આપણા માટે ગૌરવની વાત છે, એટલે આપના મારફત વિનંતી કરું છું કે અમદાવાદ મેગાસીટી થયું છે તેના માટે ઉત્સવની જાહેરાત થવી જોઈએ, આટલા બધા ખોટા ખર્ચ થાય છે તો એક વધારે. બીજું સાહેબ કે આપણા મંત્રીશ્રીઓ છે તેમના પગાર બહુ ઓછા છે. એમના પણ પગાર વધારવા જોઈએ, કેમ કે એમના પગાર વધશે તો અમારા વધશે, જેને પગાર ન લેવો હોય તેનો કોઈ વાંધો નથી. તેઓ સ્વૈચ્છિક ન લે.

**અધ્યક્ષશ્રી .** : ધારાસભ્યોને કેટલો પગાર છે?

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : દસ હજાર રૂપિયા સાહેબ, અમારા તો રોજના ધંધા બંધ થઈ ગયા ધારાસભ્ય થયા એટલે. બીજી ખાસ એક વાત એ કરવી છે કે અમારી માઈનોરીટી સમાજની મતદાર યાદીઓ તૈયાર થાય છે એમાં માઈનોરીટીના સ્ત્રી પુરુષોના નામોમાં ઘણી ભૂલો આવે છે. ચૂંટણીના દિવસે તેઓ અમને પૂછવા આવે છે કે મારા નામમાં , સરનેઈમમાં આ ભૂલ છે, એમાં વ્યવસ્થિત માણસોને મોકલી અને મુસ્લિમોની સાથે કોન્ટેકટમાં હોય તેવા કર્મચારીઓ અને એમના વિસ્તારમાં ફરતા હોય તેવાને સોંપે તો અમારી આ મતદાર યાદીની તકલીફ છે તે દૂર થાય.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા(હિંમતનગર)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી માગણી નંબર ૨૯,૩૨,૫૪ અને ૮૯ લઈને આવ્યા છે, એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય મુખ્યમંત્રીશ્રીની પંચામૃત યોજના એમાં જ્ઞાન શકિત દ્વારા જે વિકાસ કરવાની વાત કરી છે આ અંગે મારા ઘણા બધા મિત્રો બોલી ગયા. આ ૨૧મી સદી એ જ્ઞાનની સદી, હાઈ ટૅક્નૉલૉજીની સદી છે. એના સંદર્ભમાં આપ જોશો તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે બજૅટ રજૂ કર્યુ છે એમાં આ વાત છે. ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં ૧૩૪ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચવી છે જે ગયા વરસે ૬૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. એના કરતાં આ વરસે ડબલ જોગવાઈ કરવામાં આવી છે. આ જ બતાવે છે કે રાજય સરકાર એનાથી આગામી વર્ષોમાં એના સારા પરિણામો આવવાના છે. હાઈ ટૅક્નૉલૉજીની વાત કરું તો ગુજરાતનો યુવાન જે શિક્ષણ લઈ રહ્યો છે એ આઈ.ટી.માં એને રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ થવાની છે.

અહીંયા કર્મયોગીની વાત ઘણા મિત્રોએ વ્યંગાત્મકરૂપે રજૂ કરી છે. જે કર્મચારીઓ કર્મયોગીની તાલીમ લે છે, આ કર્મયોગી શું છે એ મારા મિત્રોને ખબર નહિ હોય. હું આપના દ્વારા જણાવું કે ગીતામાં કૃષ્ણ ભગવાને " યોગા કર્મષુ કૌશલ" યોગ એવી વસ્તુ છે. આ ગુજરાતમાં જે કર્મચારીઓ છે એમને અમે આ યોગનું મહત્ત્વ શું છે એમને પ્રજા સાથે પ્રજાના પ્રશ્નો સાથે એ પ્રશ્નોનો નિકાલ કેવી રીતે કરવામાં આવે છે એ જાતના વિચાર આધારિત તાલીમ આપવામાં આવે છે. મારા વિસ્તારમાં ગયા અઠવાડિયે જ તાલીમ થઈ એનો એક દાખલો આપવા માગું છું. બે હજાર જેટલા કર્મચારીઓની તાલીમ હતી. જે તાલીમ આપનારા કર્મચારી હતા એ ક્લાસ-૨ અધિકારી હતા. આ એ અધિકારી હતા કે મારી સામી પાટલી ઉપર બેઠેલા કોંગ્રેસના એક ધારાસભ્યશ્રીના ભાઈ હતા. તેઓ મને મળ્યા, મેં કહ્યું આપ અહીંયા કયાંથી? એમણે તરત કહ્યું કે હું તો કર્મયોગીની તાલીમ આપવા માટે આવ્યો છું. મારો પુત્ર પણ તાલીમ લેવા માટે ગયેલો. હું એ અધિકારીનો પ્રતિભાવ આપવા માગું છું. આ અધિકારીનો પ્રતિભાવ છે કે નરેન્દ્રભાઈ મોદી કર્મયોગીની તાલીમ કર્મચારીઓને આપવાનો પ્રયાસ કરે છે એ એટલો ઉત્તમ પ્રયાસ છે. એના એટલા હકારાત્મક પરિણામો આવ્યા છે જેનો લાભ ગુજરાતની પ્રજાને આગામી વરસોમાં મળવાનો છે. અત્યાર સુધી નકારાત્મક છાપ કર્મચારીઓ સામે હતી. પ્રજાના પ્રશ્નોના નિકાલમાં વિલંબ

થતો હતો એમાં બદલાવ આવેલો જોવા મળે છે. તેથી મારા જે મિત્રો આની ટીકા કરે છે એમને મારે કહેવું છે કે જેમણે તાલીમ લીધી હોય એમને પૂછો તો ખરા કે આ કર્મયોગીનું પરિણામ શું છે?

બીજી સ્વાગત કાર્યક્રમની અગત્યની વાત કરવી છે. ગુજરાતમાં પહેલી વખત એવું બન્યું છે જે દુનિયાના ઇતિહાસમાં ક્યાંય નથી થયું, એની અસરકારકતાની આ વિશ્વના દેશોમાં નોંધ લેવાઈ છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરમાં બેઠાં બેઠાં ગુજરાતના એકે એક જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરે. પ્રજા પોતાના પ્રશ્નો સ્વાગત કાર્યક્રમમાં મોકલે છે. અત્યાર સુધીમાં હજારો પ્રશ્નોનો નિકાલ થયો છે અને જે પ્રશ્નો ગૂંચવાયેલા હોય જે વહીવટી ક્ષેત્રમાં વિલંબ થતો હોય એવા પ્રશ્નો માટે સીધા કલેક્ટર સાથે અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરીને નિકાલ કરવામાં આવે છે. એના ખૂબ ફળદાયી પરિણામો મળી રહ્યાં છે એનું સ્વાગત કરવાને બદલે મારા વિપક્ષના મિત્રો એને વખોડે છે. ઉચ્ચ કક્ષાએ કુલ ૬૧૮ પ્રશ્નો રજૂ થયા એમાંથી અત્યાર સુધીમાં ૬૧૦ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો છે. જિલ્લા કક્ષાએ ૧૭૮૨૬ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા, એમાંથી ૧૫૭૨૯ પ્રશ્નોનો નિકાલ થયો છે. આ પ્રકારની વ્યવસ્થા દુનિયાના બીજા કોઈ દેશોમાં નથી. ભારતમાં પણ નથી. બહુ ઓછા દેશોમાં છે. આ સ્વાગત કાર્યક્રમનો એક અભ્યાસ યુ.કે. સ્થિતિ કોમનવેલ્થ ફૉર ઈ-ગવર્નન્સ ડેવલોપમેન્ટ શાખાએ કર્યો અને આ માસના અંતે આ પ્રશ્નના નિકાલ માટે સૌથી અસરકારક વ્યવસ્થા હોય તો આ વ્યવસ્થા જ છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા(દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૨૯,૩૨,૫૪,૮૯ લઈને આવ્યા છે તેમાં ચર્ચા કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કર્મયોગીની તાલીમની વાતો થાય છે. આ કર્મયોગીની તાલીમ મને લાગે છે કે મંત્રીશ્રીની કાર્યશૈલીની પદ્ધતિમાં કામ કરવાનું આ અધિકારીઓને શીખવાડવામાં આવતું હોય તેવું લાગે છે. આ એની તાલીમ છે કે તેમની કાર્યપદ્ધતિથી આ ઑફિસરો કામ કરે તેના માટે આ કર્મયોગીની તાલીમ આપવામાં આવી હોય એમ લાગે છે.

સામાન્ય વહીવટ વિભાગમાં રહેમરાહે નોકરી આપવામાં આવે છે. ૧૨મું ધોરણ ભણેલાને કલાર્કની નોકરી આપવામાં આવે છે. ત્યારે જી.એ.ડી. તરફથી એવો જી.આર. બહાર પાડવામાં આવ્યો છે કે ટ્રિપલ સી નો કોર્સ કરેલો હોય, કૉમ્પ્યુટરનો, તો તેમને ક્લાર્કમાં નોકરીમાં લેવા. ગુજરાત ગૌણ સેવા પસંદગી સમિતિ નોકરીના ઑર્ડર આપે છે પરંતુ વિભાગ તરફથી તેમને નોકરીમાં હાજર કરવામાં આવતા નથી, કારણ કે રહેમરાહે નોકરીમાં પહેલેથી કોઈ એવા કોર્સની જાહેરાત હોતી નથી. પાછળથી આવા જી.આર. બહાર પાડીને રહેમરાહે કોઈને નોકરી ન આપવી એવું આ સરકાર કરી રહી છે.

આર્થિક વિકાસ નિગમ-બોર્ડમાં પછાત વર્ગના લોકોને લોન આપવામાં આવે છે ત્યારે તેમાં એક નવો જી.આર. બહાર પાડવામાં આવ્યો છે કે જેને લોન આપવામાં આવે છે તેને એક સરકારી અધિકારીએ જામીન તરીકે સહી કરવાની અને તેના ઉપલા અધિકારીએ તેમાં બૉન્ડ આપવાનું, પછી જ તેને લોનના પૈસા આપવામાં આવે. આ પણ એવો ખરાબ જી.આર. કરવામાં આવ્યો છે. આ કેવી સરકાર છે કે જે નાના માણસાને, ગરીબોને અન્યાય કરે છે.(અંતરાય) આ બધા ધારાસભ્યોની વ્યથા છે. મારી એકની નથી. એટલા માટે કહું છું. સંકલન સમિતિમાં મહિનામાં ત્રીજા શનિવારે દરેક ધારાસભ્યો બેસતા હોય છે. તેમાં પણ એક જી.આર. બહાર પાડવામાં આવ્યો કે પંચાયતને લગતા કોઈ પણ પ્રશ્નો ધારાસભ્યો પૂછી ન શકે. ગ્રામવિકાસ એજન્સીને લગતા કોઈ પણ પ્રશ્નો પૂછી ન શકે. જિલ્લા પંચાયતની સાધારણ સભામાં ખાલી ચર્ચામાં ભાગ લઈ શકે. અત્યાર સુધી ધારાસભ્યો જે પ્રજાના પ્રશ્નોના કામ લઈને જિલ્લા સંકલન સમિતિમાં આવતા હતા તેના ઉપર સરકારે બાન મૂકી દીધો છે. સામાન્ય વહીવટ વિભાગે આવો જી.આર. કર્યો છે એ વિચારવા જેવી બાબત છે.

અહીં બધાને સ્માર્ટકાર્ડ આપવામાં આવ્યા છે. માણસોને બી.પી.એલ. કાર્ડ નથી આપતા અને સ્માર્ટકાર્ડ આપવામાં આવ્યા છે. સ્માર્ટ કાર્ડમાં શું લખ્યું છે તે કહેવા માગું છું. સ્માર્ટ કાર્ડ ઈસ્યુ કર્યા એ અધિકારીએ પાછળ જે ત્રણ સૂચના લખી છે એ પણ વાંચવાની તસ્દી લીધી નથી. આ કાર્ડની અંદર એવું લખ્યું છે કે તમારી નોકરી પૂર્ણ થાય ત્યારે આ કાર્ડ પરત કરવાનું રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યને નોકર બનાવી દીધા છે. એમ.એલ.એ.ને આવાં કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે એ પણ સામાન્ય વહીવટ વિભાગે ધ્યાને નથી લીધું.

ગુજરાતના પવિત્ર યાત્રાધામ બનાવવામાં એ તો શંકરસિંહજીની સરકારે ૬ પવિત્ર યાત્રાધામની જાહેરાત કરી છે. ભા.જ.પ.ની સરકારે એમાં એક પણ વધારો કર્યો નથી. ફક્ત આમાં પગાર જ નંખાય છે. (અંતરાય) જનરલ વાત કરું છું. તમે ખોટી વાત ન કરો. બહેને વાત કરી તેની વાત કરું કે સીધો વહીવટ કરવાનો છે. પહેલાં દલાલો આવતા હતા, હવે નથી આવતા. એટલે નરેન્દ્ર મોદી સાહેબની સરકાર પહેલાંના સી.એમ. હશે તેમાં આવતા હશે. બહેનની વાત કદાચ સાચી હશે. અત્યારે મુખ્યમંત્રી હોય એટલે કદાચ ન આવતા હોય, વાત કરી એ બરાબર છે. પણ હું તેમને પૂછવા માગું છું કે તમારી સરકારમાં તમારા ધારાસભ્યશ્રીઓએ મંત્રીશ્રીઓને લખેલા ભ્રષ્ટાચારના કેટલા કાગળો આવ્યા છે તેની જાહેરાત કરે તો ખબર પડે કે વહીવટ કેવો થાય છે? એની અમને ખબર છે એટલા માટે હું તમને કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત કરું, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના પ્રસારણની વાત કરે છે. મુખ્યમંત્રીશ્રી જ્યાં હોય ત્યાં ફોટા રાખે છે. અમને તો હંમેશા સી.એમ. પ્રત્યે બધાને માન જ હોય પણ અમદાવાદમાં રજી

ઑક્ટોબરે શહેરમાં સ્વચ્છતા દોડના ઠેરઠેર બોર્ડ મારેલા અને બોર્ડમાં મુખ્યમંત્રીશ્રીનું પોસ્ટર લગાડેલું અને કમાનના ઉપરના ભાગે, ફોટાના ઉપરના ભાગે લખેલું, કચરો અને નીચે લખેલું નાખો કચરા પેટીમાં. એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે...

**અધ્યક્ષશ્રી .** : માનનીય આઈ.કે. જાડેજા.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી ખાતાની પ્રચાર અને પ્રસાર વિભાગની માગણીઓ લઈને આવ્યો છું. એમાં ગૃહના ૧૫ જેટલા સન્માનનીય સભ્યોએ પોતાના જુદા જુદા વિચારો વ્યક્ત કરેલા છે.

કોઈપણ રાજય માટેની વિકાસ યોજનાઓ લોકો સુધી યોગ્ય સ્વરૂપમાં પહોંચે એ મહત્ત્વની બાબત હોય છે અને એટલા માટે મહત્ત્વની છે કે વિકાસ યોજનાઓની સાચી માહિતી દ્વારા વ્યકિતઓ પ્રોત્સાહિત થતી હોય છે અને એમના પ્રોત્સાહન દ્વારા વિકાસની પ્રક્રિયા દ્વારા જન ભાગીદારીને જોડી શકાય છે. માહિતી અને પ્રસારણનો વિભાગ પણ સમગ્ર ગુજરાતની અંદર આ પ્રકારની સાચા વિકાસ માટેની માહિતીની સાથોસાથ સરકારની જુદી જુદી યોજનાઓ પછી એ લોકાભિમુખ યોજનાઓ હોય, વ્યકિતગત સ્વાવલંબન માટેની યોજનાઓ હોય કે અન્ય કોઈપણ વિકાસની પ્રક્રિયા હોય એ સાચા સ્વરૂપમાં પહોંચે. એના માટે આ વિભાગ સતત પ્રયત્નશીલ છે. માહિતી, પ્રસારણ અને પ્રચાર વિભાગ સામાન્ય રીતે નાગરિકો અને સરકાર વચ્ચેની એક સાંકળરૂપ કડી છે. જેટલા યોગ્ય સ્વરૂપમાં માહિતી લોકો સુધી પહોંચે એટલા પ્રમાણમાં જન ભાગીદારીને જોડી શકાય છે. સાથે સાથે ગામડાઓમાં છેવાડે બેઠેલા વ્યકિત કે જેને સાચા અર્થમાં સાચા સ્વરૂપના વિકાસ માટેની માહિતી પ્રાપ્ત થાય તો એ પોતે પોતાના કુટુંબ માટે, સમાજ માટે અને રાજયના વિકાસની પ્રક્રિયામાં સહભાગી બની શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી, પ્રસારણ અને પ્રચારની અનેક પ્રકારની નવી તાકાત વિવિધ યોજનાઓ દ્વારા નાનાકડું ગામ હોય, નગર હોય, શહેર હોય કે મહાનગર હોય એ સમગ્ર ગુજરાતના ખૂણેખૂણે પ્રસાર અને પ્રચાર દ્વારા અલગ અલગ સ્વરૂપમાં મૂકવામાં આવે છે. મારા મિત્ર ડો. જોષીયારા ગ્રામ વિસ્તાર સુધી વિડિયો અને બાકીની બાબતોનો વિચાર વ્યક્ત કરતા હતા. દેશમાં વિડિયોના પ્રસારણની દૃષ્ ટિએ સમગ્ર દેશની અંદર કોઈપણ રાજયમાં ટી.વી. માટેનું યોગ્ય પ્રમાણ, યોગ્ય નૅટવર્ક ક્યાંય પણ કોઈ રાજયમાં ગોઠવ્યું હોય તો એ ફક્તને ફક્ત ગુજરાત રાજય છે. મોખરાનું યોગ્ય સમયનું નૅટવર્ક ગોઠવેલું છે. ટ્રાયબલ વિસ્તાર હોય, ગામનો દરેક વિસ્તાર હોય રણ વિસ્તાર હોય, દરિયાઇ વિસ્તાર હોય, સરહદી વિસ્તાર હોય, કાર્યક્રમ થયા પછી થોડાક કલાકોમાં યોગ્ય સ્વરૂપમાં લોકો સુધી આ વાત પહોંચે, વિચાર પહોંચે એના માટેનું એક સરસ મજાનું નૅટવર્ક આ માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ગોઠવાયેલું છે.

આ વિભાગની વેબસાઈટ જે પ્રમાણમાં ખુલ્લી મૂકાઈ છે એનો લોકો ઉપયોગ કરે છે. વિવિધ પ્રકારની માહિતીની જાણકારીની સાથોસાથ વેબસાઈટ દ્વારા સરકારી ખર્ચમાં અનેક પ્રકારનો લાભ પ્રાપ્ત થયો છે. એ એની ઉપયોગિતા સાબિત થયેલી છે. સરકાર અને એની વિવિધ યોજનાઓ સાચા સ્વરૂપમાં લોકો સુધી, ગામડામાં બેઠેલા છેવાડાના લોકો સુધી પહોંચે એના માટે અનેક પ્રકારના પ્રદર્શનો ગોઠવાતા હોય છે. આ પ્રદર્શનો રાજયમાં અન્ય રાજયમાં પાટનગર દિલ્હી કક્ષાએ સમગ્ર દેશની અંદર કાર્યાન્વિત હોય છે. આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, ગયા વર્ષે ૧૭૨૧૬ આવી પરિષદો યોજાયેલી અને એ પરિષદમાં ૫૨ લાખ ૮૮ હજાર જેટલા લોકોએ લાભ લીધો છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે, આટલા મોટા પ્રમાણમાં ગુજરાતના વિકાસની યાત્રાને વાંચીને, સમજીને, જોઈને વિકાસની અંદર વ્યકિતગત રીતે ગુજરાતના એક નાગરિક તરીકે ગૌરવ અનુભવે. એની સાથોસાથ પોતે કેવી રીતે સહભાગી બની શકીએ એના માટેના વિચારને લઈને હંમેશાં તત્પરતા રહે એ પ્રકારનું કાર્ય માહિતી વિભાગ દ્વારા કરવામાં આવે છે.

ડો. સી.જે. ચાવડાએ ગુજરાત પાક્ષિક માટેની વાત કરી છે. ગુજરાત સરકારનું પાક્ષિક છે. ગુજરાત એ આપણા સૌનું છે અને સમગ્રતયા સામૂહિક રીતે જો જોઈએ તો સત્તાધારી પક્ષ હોય કે બીજો પક્ષ હોય વિકાસની યોજના જ્યારે એમના દ્વારા હાથ ધરાતી હોય ત્યારે સામાન્ય સહજ સ્વભાવથી એમના મિત્રો હોય, ચીફ મિનિસ્ટર હોય કે રાજયપાલ હોય કે અન્ય કોઈપણ લોકો હોય એમના ફોટા, એમના કાર્યો કે એમના વિકાસની પ્રક્રિયા સામાન્ય રીતે વધુ પ્રમાણમાં દર્શાવાતી હોય છે, પરંતુ એની સાથોસાથ ગુજરાતને લગતી અસંખ્ય એવી માહિતી ગુજરાત પાક્ષીકમાં આપવામાં આવે છે કે જેના દ્વારા એક એક ગુજરાતની વ્યકિતના વિકાસની અંદર સહભાગી હોય છે. આજ પ્રકારે રોજગાર સમાચાર જે પ્રકારનું સાપ્તાહિક બહાર પાડવામાં આવે છે એટલી માહિતીસભર માહિતી એમાં આપવામાં આવે છે કે ગુજરાતની અંદર ૫૦હજાર જેટલા એના ગ્રાહકો નોંધાયેલા છે જેના કારણે ગુજરાતની અંદર ઉભી થનારી રોજગારી જે અહીંથી વારંવાર આ ગૃહમાં ઉલ્લેખ થયો છે કે સમગ્ર દેશની અંદર છેલ્લા ૨ વર્ષમાં સૌથી વધારે જો કોઈ રાજયે રોજગારી આપી હોય તો એ સારાએ દેશમાં ગુજરાત નંબર-૧ રાજય રહેલ છે. એ સ્વરૂપમાં આ રોજગાર સમાચાર નામના સાપ્તહિકે ગુજરાતની વ્યકિતને ગુજરાતની અંદર કે ગુજરાતની બહાર હોય, ગુજરાતના યુવાન હોય કે ગુજરાતની યુવતીને રોજગારી માટેની યોગ્ય તક પૂરી પાડી છે.

ઈલેક્ટ્રોનિક માધ્યમો સાથે જે પ્રકારના ઈલેક્ટ્રોનિક યુગમાં કાર્યપદ્ધતિ ચાલી રહી છે. એક ઘનીષ્ઠ સંપર્ક વિકસાવવા માટે ગુજરાત રાજય મલ્ટીમીડીયા રીસોર્સ ટેકનોવીંગ જીસ્માર્ટને જે પ્રકારે કાર્યાન્વિત કરવામાં આવ્યું છે એના કારણે પણ ગુજરાતની વિકાસની યાત્રાને અનેક પ્રકારના લાભ પ્રાપ્ત થયા છે. ગુજરાતમાં આદિવાસી વિસ્તાર

હોય, ટ્રાયબલ બેલ્ટ હોય કે અંતરિયાળ વિસ્તાર હોય આ માહિતી વિભાગ દ્વારા રંગીન ટી.વી. મૂકવામાં આવ્યાં છે, એ. એટલા માટે મૂકવામાં આવે છે કે વિવિધ પ્રકારની દુનિયાની માહિતી એ આદિજાતિ વિસ્તારનો વ્યકિત પણ એ સમજની અંદર એક સમરસતા સાથે જોડાય, સરસ મજાની વિકાસની પ્રક્રિયાની જાણકારી મળે, અત્યાર સુધીમાં રાજયમાં આવા ૯૦૬૨ ટી.વી. સેટ ગોઠવવામાં આવ્યા છે. આવતા વર્ષમાં પણ ૭૨૨ ટી.વી. સેટ ગોઠવવાનો એક વિચાર અહીં મૂકાયેલો છે. પહેલી વખત આદિજાતિ વિસ્તારની સાથોસાથ અનુસૂચિત જાતિના મોટા ગામડાઓની અંદર પણ ૪૭ જેટલા ટી.વી. સેટ મૂકવા માટેનો નિર્ણય પણ આ બજેટમાં સૂચવાયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર બાબુભાઈ શાહે ચલચિત્ર માટેનો વિચાર વ્યક્ત કરેલ છે. ગુજરાતની અંદર ચલચિત્રોને પ્રોત્સાહન અને કરમુકિત સાથે શ્રેષ્ઠ નિર્માતાઓને પણ વિશેષ સહાય આપવામાં આવે છે. એમની લાગણી સાથે હું સહમત છું. એમના હાર્દની સાથે હું સહમત છું. ચલચિત્રોને અત્યારે જે પ્રમાણમાં બનાવવા માટેનો રેશીયો મળવો જોઈએ એ રેશીયામાં વિચાર કરવાની આપણા સૌની સામૂહિક જવાબદારી છે. ગત વર્ષે આ ચલચિત્રોમાં ૮ જેટલા નિર્માતાઓને રોકડ સહાય આપવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. મનોરંજન કરની આવકની અંદર સતત વધારે થાય એના માટે મનોરંજન કરની આવક વધુને વધુ પ્રાપ્ત થાય એના માટેનો આ પ્રયત્ન રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. ૨૦૦૪માં કુલ ૧૫૪૦૭ તપાસણી કરવામાં આવી અને એ ૧૫૪૦૭ તપાસણીમાંથી ૨૧૬ જેટલા કરચોરીના કેસ પકડવામાં આવ્યા એની સામે કાર્યવાહી કરવામાં આવી. એની સાથોસાથ આ મહાનગરપાલિકાઓની અંદર થોડા દિવસ પહેલાં જ આ ગૃહમાં એ બિલ લઈને અમે આવ્યા હતા કે મહાનગરપાલિકાની અંદર આ પ્રકારની સરલીકરણની પ્રક્રિયા સાથે જિલ્લા કલેકટરશ્રીઓને સત્તા આપવામાં આવે છે. જે દ્વારા આ મનોરંજન કરની આવકની રકમ રાજય સરકારની તિજોરીની અંદર પ્રાપ્ત થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે માહિતી પ્રસારણ પ્રચાર વિભાગ દ્વારા ગુજરાતની વિકાસની યાત્રાની અંદર સમગ્ર ગુજરાતનો એક એક વ્યકિત સહભાગી બને એ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. મને વિશ્વાસ છે કે જે મિત્રોએ આમાં સૂચનો કર્યા છે, એમનાં સૂચનોને સામૂહિક રીતે મહદ્અંશે આમાં આવરી લેવાયેલ છે ત્યારે એમની કાપ દરખાસ્તને પાછી ખેંચી અને માહિતી પ્રસારણ વિભાગની માગણીને મંજૂર કરે એવી મારી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ અને ટેકનોલોજી વિભાગ ઉપર ૧૩ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. એમાં ૬ ધારાસભ્યશ્રીઓએ ઈન્ફર્મેશન ટેકનોલોજી ઉપર, સાયન્સ ટેકનોલોજી ઉપર પોતાના વિચારો રજૂ કર્યા છે.

એકવીસમી સદીએ જ્ઞાનની સદી છે. એટલે આ જ્ઞાનની સદીમાં જો ગુજરાત આગળ ના વધી શકે તો ગુજરાત પાછળ રહી જાય અને એટલા માટે સાયન્સ અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને રાજયની અંદર ઉદ્યોગોનો વિકાસ કેવી રીતે થઈ શકે, રાજયની અંદર આરોગ્ય વિષયક સુવિધા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, રાજયમાં બાળકોને આધુનિક ટેકનોલોજીનું શિક્ષણ કેવી રીતે આપી શકાય. આવી અનેક પ્રકારની વ્યવસ્થાઓ ઊભી કરવા માટે સાયન્સ અને ટેકનોલોજી વિભાગ કાર્યરત છે. ગુજરાત સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં અનેક વિભાગો કાર્ય કરી રહ્યા છે. એમાંના મુખ્ય વિભાગો છે, ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ, ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ સિટી, ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ભાષ્કરાચાર્ય ઈન્સ્ટિટયૂટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીયો Informatics, ગુજરાત સ્ટેટ બાયો ટેકનોલોજી મિશન કચેરી, ઈન્સ્ટિટયૂટ ઑફ સિસ્મોલોજી, આવા અનેક વિભાગો સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ સંભાળી રહ્યો છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી એમના પ્રવચનમાં હંમેશાં કહેતા હોય છે કે, I.T.+ I.T. = I.T. એનો અર્થ થાય છે કે I.T. એટલે કે ઈન્ડિયા ટૂ ડે પ્લસ Indian Talent એટલે ઈન્ડિયા ટુમોરો, એટલે કે આવતી કાલનું ભારત. આવતીકાલનું ભારત બનાવવું હોય અને વિશ્વના સમગ્ર દેશોમાં ભારતને અગ્રિમ હરોળમાં મૂકવું હોય તો આઈ.ટી.ની આવશ્યકતા વધી છે. એટલા માટે રાજય સરકારે ટેકનોલોજીનો ઉપયોગ કરીને રાજયનો અને દેશનો સર્વાંગી વિકાસ કેવી રીતે થાય, સામાજિક અને આર્થિક પરિવર્તન કેવી રીતે આવે એના માટેના પ્રયત્નો શરૂ કર્યા છે. આ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ ઉદ્યોગોમાં, એન્જિનિયરીંગ ઉદ્યોગમાં, વાહન વ્યવહારમાં, સંદેશા વ્યવહારમાં, પર્યાવરણમાં, આરોગ્યમાં અને શિક્ષણમાં કરવામાં આવ્યો છે. રાજયમાં વિજ્ઞાન પરત્વે રૂચિ વધે અને વિજ્ઞાનના સિદ્ધાંતો પોતાના જીવનમાં ઉતરે એટલા માટે અનેક પ્રકારના કાર્યક્રમો સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા કરવામાં આવ્યાં છે. એમાં ખાસ કરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવી છે. જેમાં શિક્ષકોથી લઈને સમાજના અનેક સ્તરના લોકો આ ઉજવણીમાં ભાગ લે એ પ્રકારના પ્રયત્નો કરવામાં આવ્યા છે. વિક્રમ સારાભાઈ એવોર્ડ, યુવાનોએ સંશોધન કર્યું હોય તો એમને પ્રોત્સાહિત કરવા માટે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ તરફથી આ એવોર્ડ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સેમિનારોનું પણ આયોજન કરવામાં આવે છે. વિજ્ઞાનના કેન્દ્રોની તાલુકાથી લઈ રાજય લેવલ સુધી સ્થાપના આના દ્વારા કરવામાં આવી છે.

Science City is a very big project in the State. On the Ahmedabad - Gandhinagar highway, સાયન્સ સિટી બનાવવા માટેનો રાજય સરકારે પ્રયાસ શરૂ કર્યો છે. જ્ઞાન સાથે ગમ્મત મળે, વિજ્ઞાનમાં રૂચિ કેળવાય, પોતાની જાતે વૈજ્ઞાનિક પ્રયોગો કરી શકે અને સારો વૈજ્ઞાનિક કેવી રીતે બની શકે એવા સારા હેતુ સાથે આ સાયન્સ સિટીની શરૂઆત થઈ છે. અત્યાર સુધીમાં 3-D IMAX Theatre નું કામ પૂરું થઈ ગયું છે

અને લાખો લોકો એનો લાભ લઈ રહ્યા છે. એરિયાનો સૌથી મોટો વિશાળ મ્યુઝિકલ ફાઉન્ટેન ચાલુ કરી દેવામાં આવ્યો છે. તેનું ઉદ્દઘાટન થઈ ગયું છે. રોજ સાંજે છ વાગ્યે જો સાયન્સ સિટીની મુલાકાત લેવામાં આવે તો શનિવાર અને રવિવારે લોકોથી ઉભરેલી જોવા મળે છે. હાલમાં અર્થ સ્ટેશનનું કામ ચાલું છે. જેમાં જળ, જમીન અને આકાશ આ બધામાં સંશોધન કરવા માટે અને આપણી જે જાણવાની ભાવના હોય છે એ અર્થ સ્ટેશન દ્વારા જમીન, હવા અને અવકાશમાં કયા પ્રકાશના સંશોધનો આપણે કરી શકીએ છીએ એના માટેનું કામ આવતા દિવસોમાં પૂરું કરવામાં આવશે. એ ઉપરાંત Space and Telecommunication Pavillion તૈયાર થઈ રહ્યું છે. Science Hall તૈયાર થઈ રહયું છે. ઉર્જા પાર્ક, જીવન વિજ્ઞાન પાર્ક અને બાળકોના કેન્દ્રો આવી અનેક પ્રકારની આધુનિક ટેકનોલોજીને જોડીને લોકોને અને વિદ્યાર્થીઓને લાભ મળી શકે એના માટેના કામો આપણે કરી રહ્યા છીએ. આ સાયન્સ સિટીમાં ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસનું અધિવેશન થયું. નિરમા અને સાયન્સ સિટીના ઉપક્રમે ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસનું અધિવેશન થયું હતું અને દુનિયાના કેટલાય વૈજ્ઞાનિકો અને સંશોધકો આમાં ભાગ લેવા માટે આવ્યા હતા. એમણે પણ આ સાયન્સ સિટી જોઈને આપણી પ્રસંશા કરી હતી એ અત્યારે મારે કહેવું જોઈએ. એ ઉપરાંત પતંગોત્સવ ઊજવાયો ત્યારે રાષ્ટ્રપતિજી પધાર્યા હતા અને એમણે પણ સાયન્સ સિટી જોયા પછી આનંદ વ્યક્ત કર્યો હતો અને કેટલાંક સૂચનો એમના દ્વારા થયા હતા. એ રીતે ઉપરાષ્ટ્રપતિજી પણ આ સાયન્સ સિટીમાં ભાગ લેવા આવ્યા હતા અને રાષ્ટ્ર કક્ષાના વિજ્ઞાન મેળાનું આમાં આયોજન થયું હતું, જેમાં આખા દેશમાંથી ૧૪ જેટલા રાજયોએ પોતાના બાળકોને ભાગ લેવા માટે મોકલ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ સીટીની અંદર પણ અનેકવિધ પ્રવૃત્તિઓ અત્યારે હાલ ચાલી રહી છે. જેમાં વિજ્ઞાનની લોકપ્રિયતા વધારવા માટે પ્રયોગો થઈ રહ્યા છે. ગણિત અને વિજ્ઞાનના પ્રોગ્રામ પણ ત્યાં કરવામાં આવે છે, જેના કારણે બાળકો વિજ્ઞાન અને ગણિતની અંદર રુચિ લેતાં થાય. એટલું જ નહિ પણ એના કોયડાઓ જે છે એ જોયા પછી ઉકેલી શકે છે એટલા માટે એવા પ્રોગ્રામો કરવામાં આવી રહ્યા છે. કેટલુંક development of material પણ ત્યાં થઈ રહ્યું છે. વિજ્ઞાનના પ્રચાર માટે સ્વયંસેવકોને તાલીમ પણ આપવામાં આવી રહી છે અને Media Research Centre પણ ત્યાં શરૂ થયું છે. વિજ્ઞાનની કલબ પણ ત્યાં શરૂ કરી છે અને આ બધાના પ્રયોગ માટે એક કરોડની ફાળવણી રાજ્ય સરકારે આની અંદર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો સારામાં સારો પ્રોજેકટ છે Bhaskaracharya Institute કુદરતી સંપત્તિ ગુજરાતની અંદર ક્યાં છે? જળસ્ત્રાવ ક્યાં મળી રહેશે? પડતર જમીનના પ્રશ્નો, દરિયાઈ સંશોધન, પર્યાવરણ અને જે આપદાઓ આવે છે દેશની અંદર અને ગુજરાતની અંદર એનું સંચાલન, સંશોધન આ બધું જ Bhaskaracharya દ્વારા થઈ રહ્યું છે અને આ બધી માહિતી એકત્ર કરી એના નકશા બનાવવામાં આવ્યા છે અને આ તમામ નકશાઓ એકત્ર કરીને જે તે વિભાગને જરૂર હોય એ વિભાગને એ પૂરા પાડવામાં આવે છે અને એ રીતે Bhaskaracharya Institute નો ઉપયોગ થઈ રહ્યો છે. એ ઉપરાંત જિલ્લાની અંદર પણ Video Conference દ્વારા Bhaskaracharya Institute ઉપયોગ થઈ રહ્યો છે અને ખાસ કરીને અમારા શિક્ષણ વિભાગ જિલ્લા સ્તર સુધી Video Conferencing દ્વારા અમારા અધિકારીઓને અને બાળકોને, એ ઉપરાંત વાલીઓને પણ જે પ્રકારની તાલીમ આપવી જોઈએ, જે પ્રકારની એમને સૂચના આપવી જોઈએ અને એમના જે પ્રશ્નો છે એ પ્રશ્નો સાંભળી એના ઉત્તર પણ અમે આપતા હોય છે અને આ કામ પણ એની અંદર થઈ રહ્યું છે. એ ઉપરાંત ભૂકંપનું સંશોધન કરતી સંસ્થાઓ આપણે ત્યાં નથી અને એટલા જ માટે ભૂકંપ કેમ થાય છે? એનું કારણ શું છે? એ બધું જાણવા માટેનો પણ પ્રયાસ આ Bhaskaracharya Institute કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, Video Conferencing એ સચિવાલયની અંદર સવલત ઊભી કરવામાં આવી છે અને દરેક જિલ્લાની અંદર આ મથકો એની સાથે જોડી દેવામાં આવ્યાં છે અને રાજ્ય સરકારે બધી જ web sites સ્થાનિક ભાષાની અંદર બનાવવા માટે પણ રાજ્ય સરકારે પ્રયત્ન કર્યો છે. સ્વાગત ઓન લાઈન કાર્યક્રમ જે હમણાં અહીં વાત થઈ છે અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી મહિનાના છેલ્લા ગુરુવારે પોતાની ઓફિસની અંદર બેસીને જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ જે કોઈ પ્રશ્નો આવશે એ પ્રશ્નોનું solution સાથે લાવવા માટે પ્રયાસ કરી રહી છે અને આખાય દેશની અંદર, કદાચ દુનિયાની અંદર આવો સ્વાગત ઓન લાઈન કાર્યક્રમ પહેલીવાર થઈ રહ્યો છે એટલા માટે આ રાજ્ય સરકારને સૌ એ અભિનંદન આપવાં જોઈએ.

એક નવી યોજના પણ સાયન્સ એન્ડ ટેકનોલોજીની અંદર ઊભી કરવામાં આવશે. Centre of Excellence, I,T. સંબંધિત પ્રવૃત્તિ આગળ વધે, E-Governance સેવાઓ સૌને પ્રાપ્ત થાય થઈ રહે એટલા માટે module અને pre-launch એનું અમલીકરણ કરવા માટે સભાનતા તાલીમ અને ગણતરીની સુવિધા પ્રાપ્ત થાય એના માટેના પ્રયત્નો આ નવા બજેટની અંદર કરવા માટેનો પ્રયાસ થયો છે. જે જે વિભાગને ઈન્ટરનેટ નથી એવા તમામ વિભાગોને પણ ઈન્ટરનેટ માટે પૂરા પાડવામાં આવશે.

આઈ.ટી.ટાવર અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારમાં સુવિધાઓ ધરાવતો આંતરરાષ્ટ્રીય કક્ષાનો આઈ.ટી. ટાવર સ્થાપવાનું પણ નવું આયોજન ૨૦૦૫-૦૬ની અંદર મૂકવામાં આવ્યું છે જેના દ્વારા રોકાણકારોને નમૂનારૂપ સુવિધાઓ ઓછી કિંમતે પૂરી પાડવામાં આવશે અને આવો એક આઈ.ટી.. ટાવર ઊભો કરવો હશે તો ૨૭૦૦ લાખ રૂપિયાની જરૂર પડશે અને આવા બે આઈ.ટી.ટાવર ઊભા કરવા માટે અને ખાસ કરીને સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા ઊભા કરવાનો પ્રયત્ન હમણાંજ દિનેશભાઈની એક રજૂઆત હતી અને સૌ

ધારાસભ્યશ્રીઓને હું અવગત કરાવવા માગું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો છે કે દરેક M.L.A.ને ગાંધીનગરના નિવાસસ્થાને ઈન્ટરનેટની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં બાયો ટેકનોલોજીની અતિ આવશ્યકતા છે અને એટલા માટે બાયો ટેકનોલોજીને ક્રાંતિ સ્વરૂપ વિજ્ઞાન તરીકે ગણવામાં જ્યારે આવે છે ત્યારે એના વિકાસ અને વિજ્ઞાનના કલ્યાણ, સ્વાસ્થ્ય, આરોગ્ય, પોષણ અને પર્યાવરણ અને ઉદ્યોગ ક્ષેત્રે ઝડપી અને અસરકારક પ્રગતિ મેળવી શકાય તેમ છે અને એટલા જ માટે રાજ્યમાં બાયો ટેકનોલોજી ક્ષેત્ર સાથે જોડાયેલી ૪૦ જેટલી કંપનીઓ છે જેમાં ૨૫ diversed એકમો છે, સંપૂર્ણ બાયોટેક માટે ૭ બાયોટેક સેવાઓથી જોડાયેલી  કંપની છે. આ બાયો ટેકનોલોજીની કંપની પૈકી ૨૫ સ્વાસ્થ્ય ક્ષેત્રે, ૭ કૃષિક્ષેત્રે, પાંચ પશુપાલનના ક્ષેત્રોને અને પાંચ ઔદ્યોગિક ક્ષેત્રને લાગતી છે. માનનીય અધ્યક્ષશ્રી, બાયોટેક કંપની દ્વારા બાયોટેકના ઉત્પાદનથી આશરે બારસો કરોડનું વાર્ષિક ટર્ન ઓવર થવાનું છે. રાજયમાં બાયોટેક ક્ષેત્રે ઔદ્યોગિકરણ વિકાસની દિશામાં છે અને આવતા બે વર્ષ સુધીમાં ૧૫૦ કરોડ સુધીનું વિસ્તરણ કરવાનું આયોજન છે. બાયોટેક આધારિત ઉદ્યોગોના વિકાસ માટે રાજય સરકારે ઊંચી ગુણવત્તાવાળા આંતરિક માળખાઓના વિકાસને પ્રાથમિકતા આપીને સરકારી તેમજ ખાનગી ભાગીદારીના પાયા ઉપર વડોદરા ખાતે બાયો ટૅક્નૉલૉજી પાર્ક સ્થાપવાનું આયોજન કર્યુ હતું, જેમાં ૫૪ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે, જેમાં પચાસ ટકા ભારત સરકાર આપશે અને પચાસ ટકા રાજય સરકાર આપશે. રાજય સરકારના વીસ કરોડ રૂપિયા ફાળવી દેવામાં આવ્યા છે. જેમાં ખેતી વિષયક અને બાયોટેક પાર્ક અને ખોરાક બાયોટેક પાર્ક પણ ઊભો કરવામાં આવશે.( સમયસૂચક ઘંટડી)

બાયોટૅક્નૉલૉજી ઇન્સ્ટિટ્યૂટ, ગુજરાતની દરિયાઈ સંપદાનો ઉપયોગ કરવા માટે મરીન બાયો ટૅક્નૉલૉજી ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવા માટે પણ રાજય સકારે કેન્દ્ર સરકાર સાથે વાટાઘાટો હાથ ધરી છે. જુદા જુદા ક્ષેત્રોની જરૂરિયાતોને અનુરૂપ વિશિષ્ટ અને નવા તાલીમ કાર્યક્રમો બનાવવા માટે પણ સરકાર પ્રયત્નશીલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ટેડા બૅન્ક પ્રોજૅકટ વિકસાવવાનો એટલા માટે છે કે રાજય સરકારમાં માહિતી સંગ્રહ કક્ષ એક જ સ્થળ કેન્દ્રનો સંપર્ક કરતાં જ ઓન લાઈન નાગરિકોને મળી રહે, આ સંગ્રહિત કરાયેલ માહિતી સુધી પહોંચવા એક વિશિષ્ટ વેબ પોર્ટલ વિકસાવવામાં આવશે જેમાં બાર જેટલા ઉદ્યોગો એમાં આવરી લેવામાં આવશે. જેમાં કૃષિ, સહકાર, શિક્ષણ, અન્ન અને નાગરિક પુરવઠો, શ્રમ રોજગાર, આરોગ્ય, ઉદ્યોગ, પંચાયત, મહેસૂલ, ગ્રામ વિકાસ, સામાજિક ન્યાય તથા શહેરી વિકાસ અને દરેક મંત્રાલયના ખાસ કરીને પાંચ સેવાઓને એમાં આવરી લેવામાં આવી છે. જેમાં દૂધ સહકારી મંડળીઓ હશે, રેશન કાર્ડ હશે, દૈનિક ભાવાંક હશે, તકરાર નિવારણ હશે, જન્મ મરણની નોંધ હશે, રોજગાર નોંધણી હશે, બિન ખેતીની પરવાનગી અને જાતિનો દાખલો આમ રાજય સરકારે સાયન્ય અને ટૅક્નૉલૉજી વિભાગની અંદર ઘણું બધું કામ હાથ પર લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક છેલ્લી વાત કે જે ડૉ.સી.જે.ચાવડાજીએ આપણને વાત કરી હતી કે, પૂરી ફાઉન્ડેશનની. માનનીય અધ્યક્ષશ્રી, આ પૂરી ફાઉન્ડેશનને ૫૭.૧૭ હેકટર જમીન આપવામાં આવી હતી જેમાંથી ૪૦,૦૦૦ ચોરસ ફૂટ જમીનમાં School of Bio-science and technologyનું મકાન એમણે તૈયાર કરી દીધું છે અને તા.૧૫/૪/૨૦૦૫ના દિવસે એનું ઉદ્દઘાટન પણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. એટલે પૂરી ફાઉન્ડેશન શું કરી રહી છે એની માહિતી આપની વચ્ચે હું મૂકવા માગું છું. પૂરી ફાઉન્ડેશને બૉર્ડ ઑફ ગવર્નન્સની રચના પણ કરી દેવામાં આવી છે એ ઉપરાંત પ્રથમ તબક્કામાં એમણે ચાર વિદ્યાર્થીઓને માસ્ટર ડિગ્રી માટે એમણે England પણ એમને મોકલવામાં આવ્યા છે.બાયો ઇન્ફમેટિક અંગેનો અભ્યાસ કરવા માટે નોર્ટિંગ હામ યુનિવર્સિટી અને P.H.D.નો અભ્યાસ શરૂ કરવામાં પણ આવ્યો છે. આ ઉપરાંત અનેક પ્રકારની કાર્યવિધિ આ પૂરી ફાઉન્ડેશને પોતે હાથ પર લીધી છે. આ વર્ષે પાંચ હજારથી વધારે ગામો, ગામની પંચાયતાને ઈ ગ્રામ આપવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે અને નજીકના ભવિષ્યમાં ગ્રામ પંચાયતોને પણ B.S.N.L.ને પણ ઈન્ટર નેટથી જોડવા માટેનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

છેલ્લે ધારાસભ્યશ્રીઓને એટલું જ માત્ર કહેવાનું છે કે, ગઈકાલે આપણે ટાઉન હૉલમાં ડાયરો ચાલતો હતો અને એ સમયે જ્યારે કર્મયોગી યોજનાની વાત આપ સૌ કરી રહ્યા છો ત્યારે આપ બધા પણ આ ડાયરામાં હતા, અને ત્યાં અભેસિંહ રાઠોડે સૌથી પહેલાં કહ્યું કે, હું ભરૂચ જિલ્લાની એક શાળાનો આચાર્ય છું (સમયસૂચક ઘંટડી) અને કર્મયોગીની તાલીમની અસર કેટલી થઈ છે એજ માત્ર હું કહેવા માગું છું, મારી શાળાનું પરિણામ ગયા વર્ષે ઝીરો ટકા આવ્યું હતું પરંતુ કર્મયોગીની તાલીમના કારણે મારી શાળાનું પરિણામ ૭૫ ટકા આવ્યું અને આવતા વર્ષે અમે ૯૦ ટકા લાવવાના છીએ. આ અસર છે કર્મયોગી તાલીમની જેની આપણને અહીં બેઠા બેઠા નહીં ખબર પડે, પરંતુ આપ ગામડાઓમાં જશો, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાનું શિક્ષણ જોશો તો ત્યારે ખબર પડશે કે કર્મયોગીની તાલીમ કેવી છે.

**અધ્યક્ષશ્રી** : બેન પ્લીઝ,  સૌરભભાઈ.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના સામાન્ય વહીવટ વિભાગના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,  માગણી નંબર ૨૮ અને ૩૨ સામાન્ય વહીવટ વિભાગની આજે ગૃહમાં લાવ્યો હતો. ૧૫ સભ્યોએ એમાં વિચારો રજૂ કર્યા. સાંભળીને થોડું દુ:ખ થયું. દુ:ખ એટલા માટે થયું કે એમણે જ્યારે વાત કરી એ પછી એવું લાગ્યું કે એમનામાં આ વિષયમાં થોડું ઓછું જ્ઞાન લાગે છે.એમણે વાત કરી કર્મયોગી તાલીમની. મોરલ કર્મચારીઓનું ઓછું થયું છે.

એમણે વાત કરી પ્રજાના પ્રશ્નો ઉકેલવાની. વિકાસ થતો નથી, કુદરતી આફતમાં બરાબર વહીવટ થતો નથી. વિધાનસભામાં પ્રશ્નો છે. એમણે વાત કરી એમ.એલ.એ.ની ગ્રાન્ટમાં વધારો કરવો જોઈએ. ૨૦ મુદ્દાની ટીકા કરી. મંત્રીશ્રીના ખર્ચ વિશે વાત કરી. ચૂંટણી વિશે વાત કરી.

મારે આપના દ્વારા આ સભાગૃહને થોડી જાણકારી આપવી છે અને વિનંતી છે કે મારા પ્રવચન વખતે થોડી શાંતિ રાખે. આયોજન મંત્રી તરીકે મને દિલ્હી જવાનો મોકો મળ્યો છે. પ્લાનીંગ કમિશનની અંદર મને તક મળી અને દેશના સૌથી વધારે નિષ્ણાત ઈકોનોમીસ્ટ જોડે ચર્ચા કરવાનો મોકો મળ્યો. બધાના એક વિચાર છે. ગુજરાત વહીવટની દ્રષ્ટિએ, મેનેજમેન્ટની દ્રષ્ટિએ, વિકાસની દ્રષ્ટિએ પહેલા નંબરનું રાજય છે અને કેન્દ્ર ગુજરાતની યોજના, ગુજરાતનો દાખલો લઈને યોજના મૂકે છે.હું દાખલો આપું. પંજાબમાં ૨.૦૨ ટકાનો યોજનામાં વધારો, દિલ્હીમાં ૨ ટકાનો વધારો, કેરાલા ૧૦.૬૫ટકાનો વધારો. આ કઈ જાતનો વહીવટ? ગુજરાતમાં ૨૯ટકાનો વધારો અઢીહજાર કરોડનો વધારો. હું ટૂંકમાં બધા મુદ્દા કહેવા માગું છું.

૨૦ મુદ્દાનું અહીં કહેવામાં આવ્યું. કોંગ્રસની દેન છે. એમાં અમે ના નથી પાડતા પણ કોંગ્રસના સમયમાં ૧૯૯૦-૦૧માં ૮મો નંબર, ૧૯૯૫-૯૬માં ૮મો નંબર. છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૦૧-૨૦૦૨માં પહેલો નંબર, ૨૦૦૨-૨૦૦૩માં પહેલો નંબર, ૨૦૦૩-૨૦૦૪માં પહેલો નંબર. આને કહેવાય વહીવટ. મોનીટરીંગ નથી કરતા. કેબિનેટમાં રેગ્યુલર આદરણીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રી વિભાગ વાઈઝ મોનીટરીંગ કરે છે અને જે જિલ્લામાં કામગીરી થતી નથી એને માર્ગદર્શન આપે છે. ખર્ચની વાત કરી કે ખર્ચ બહુ વધારે છે. ખોટો ખર્ચ થાય છે. ૨૦૦૩-૨૦૦૪માં મંત્રી પરિષદ પાછળ ૧૨૭લાખ, ૧૯૯૪-૦૫માં ૧૦ વર્ષ થયા. ૧૦ વર્ષમાં ભાવ વધ્યા, પેટ્રોલના ભાવ વધ્યા, ડિઝલના ભાવ વધ્યા, કોલસાના ભાવ વધ્યા, ઈલેકટ્રીસીટીના ભાવ વધ્યા. એ વખતે ખર્ચ ૩૩૮લાખ. એમ.એલ.એ. ગ્રાન્ટની વાત કરી. કોંગ્રેસની સરકાર ૧૯૮૯-૯૦માં ધારાસભ્યોની ગ્રાન્ટ ૧૦ લાખ હતી. પછી મુખ્યમંત્રીશ્રીને વિચાર આવ્યો કે ૧૦ લાખ બહુ કહેવાય. ૧૯૯૦-૯૧માં અને ૧૯૯૧-૯૨માં પાંચ લાખ કરી નાખ્યા. કોંગ્રસના એ વખતના મુખ્યમંત્રીશ્રીએ પાંચ લાખ ઘટાડયા. પછી છેક ૧૯૯૮માં ૨૫લાખ કર્યા. ૨૦૦૧-૨૦૦૨માં ૩૦લાખ અને ૨૦૦૨-૨૦૦૩માં ૫૦ લાખ કર્યા. ૫૦ લાખની આજની તારીખમાં અમે તક આપીએ છીએ. મારે આપનું ધ્યાન દોરવું છે કે અત્યારે વાત કરી કે કુદરતી આફતમાં આ સરકારની કામગીરી બરાબર નથી.

ભૂકંપ થયો. આપણે બધા ભેગા થયા, મહેનત કરી, સરકારના કર્મચારીઓએ કરી, બધાએ કરી, યુ.એન.ઓ. G.S.D.M.A. નો SASAKAWA એવોર્ડ આપણને ૨૦૦૩ માં મળ્યો હોય CITATION વાંચું છું. "G.S.D.M.A. has acquired a solid reputation in the massive reconstruction and rehabilitation works following the disaster. " અહીયા લોકો વખાણ કરે છે અને આપણે ટીકા કરીએ છીએ. કુદરતી આફતોની વાત કરું છું. હું ખર્ચની વાત નથી કરતો (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : નો, નો, બેસો. તમે જે માગણી હોય, તેમાં બોલો.

**શ્રી સૌરભ પટેલ** : કુદરતી આફતોની અંદર... (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : આપની માગણી છે, એના ઉપર બોલો.

**શ્રી સૌરભ પટેલ** : કુદરતી આફતોની અંદર...(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : નો, નો.

**શ્રી સૌરભ પટેલ** : બીજો વિષય લઉં છું. સુનામીની વાત કરું. સુનામીની અંદર ૨૬ મી તારીખે સુનામી થઈ.
૨૭-૧૨ એ પ્લેન ભરીને ૪.૭ ટન મટીરિયલ મોકલ્યું. ૨૮-૧૨ એ ૨૭ ટન મટીરિયલ મોકલ્યું....( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમારો વિષય છે? માનનીય મંત્રીશ્રી, આપ માગણી સિવાય બોલશો તો મારે બેસાડી દેવા પડશે.

**શ્રી સૌરભ પટેલ** : મારે એક જ વસ્તુ કહેવી છે કે સભ્યશ્રી સી.જે.ચાવડાએ કુદરતી આફતોના નિકાલ માટેનો વિષય મૂક્યો હતો.

**અધ્યક્ષશ્રી .** : તમે શાંતિથી બોલો. એ લોકો ગમે એટલો પ્રયત્ન કરે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : એ લોકો કુદરતી આફતો વિષે બોલ્યા હતા. બાબુભાઈની નાણાકીય બાબત હતી.

**શ્રી સૌરભ પટેલ** : હું કાપ દરખાસ્તની વાત કરું. આ લોકો લાવ્યા છે. ખાલી જગ્યા વિષેની વાત કરી. આ સરકારની અંદર જ્યાં જરૂર પડી છે, ત્યાં અમે લોકોની ભરતી કરી છે. ખર્ચમાં ઘટાડો કર્યો છે. આવક વધારો કર્યો છે. મને યાદ છે કે હું જ્યારે ૫-૭ વર્ષ પહેલા આવ્યો હતો ત્યારે શિક્ષકોની જગ્યા ખાલી હતી. આ સરકારે ૮૦,૦૦૦ શિક્ષકોની ભરતી કરી છે.

બીજી વાત મુખ્યમંત્રીશ્રીને મળવાની વાત કરી. સોમવાર, મંગળવાર, બુધવારે હજારો વ્યકિતઓ આ વિધાનસભાની અંદર, સચિવાલયની અંદર આવે છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીને મળવા માટે કોઈપણ ધારાસભ્યશ્રી છૂટથી જઈ શકે છે. મારે સભ્યશ્રીઓને એટલું જ પૂછવું છે કે ગુજરાતના જે બે મંત્રીઓ છે, તે મનમોહનસિંહને કેટલી વાર મળ્યા? એક જ જવાબ કે નથી મળી શકાતું. હું આપને કહું આજની તારીખમાં ૧૫,૦૦૦ વ્યક્તિઓ મને આ સચિવાલયની અંદર મળવા આવી છે. ૧૫,૦૦૦ વ્યકિતઓ મંત્રીશ્રીને મળવા આવી છે. બારણા બંધ નથી થયાં.

સ્માર્ટ કાર્ડની વાત કરી. ટૅક્નૉલૉજીમાં જઈએ છીએ. તમે ગાડીમાં કેમ આવો છો? બળદગાડામાં કેમ નથી આવતા? રોજ આવોને બળદગાડીમાં. તમારે નવી ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરવો છે તો પછી અમે કેમ સચિવાલયમાં આવી ટૅક્નૉલૉજી ઉપયોગ ન કરીએ? ભાજપના ધારાસભ્ય અને ભાજપના મંત્રીશ્રીને મળવું બહુ સહેલું છે. કોંગ્રેસના મિત્રો અમને કહે છે કે તમે એમ.એલ.એ. માટે બહુ હલકું કરી નાખ્યું છે, તમે તરત મળો છો. કેન્દ્રની અંદર પ્રશ્નોની રજૂઆત કરવાની વાત કરું. અમે નાણા મંગાવીએ છીએ. બનાવ એવો બન્યો છે કે આપણા કેન્દ્રના મંત્રી નાણાં આવતા રોકે છે. એવો દાખલો બન્યો છે કે કેન્દ્ર મંજૂર કરે અને અહીથી ફોન જાય કે પૈસા રોકો. વિનંતી કરું છું કે કેન્દ્રની અંદર પડતર પ્રશ્નો છે એમાં મદદ કરો. મુદ્દા ઘણા છે. આજે પીપાવાવનો ગેસનો પ્રશ્ન છ, આજે કોલસાનો પ્રશ્ન છે. મદદ કરો કેન્દ્રની અંદર

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ દ્વારા હવાઈ પ્રવાસ કરવામાં આવે છે, પ્લેનોમાં જાય છે. મને યાદ છે હું એક દિવસ છાપામાં વાંચતો હતો કોંગ્રેસના એક મુખ્યમંત્રીશ્રી રોજ સાંજે દિલ્હી જાય અને સવારે પાછા આવે, રોજ સાંજે જાય અને સવારે પાછા આવે, ચેલેન્જ સાથે કહું છું કે કોંગ્રેસના મુખ્યમંત્રીશ્રીઓનો એક વર્ષનો દિલ્હીનો પ્રવાસ કાઢો અને અમારો પાંચ વર્ષનો કાઢો. અમારે કંઈ કરવા જવું પડતું નથી. ગાડીઓના ખર્ચાની વાત કરી છે. અમારા માનનીય મંત્રીશ્રી અશોકભાઈ અને ભુપેન્દ્રસિંહજી રાતના ગાડીમાં ટ્રાવેલ કરે છે. રાત્રે ગાડીમાં સૂઈને જાય છે. આ બધી વાતો.

બીજી વહીવટની વાત કરી. હું કહું છું કે સારામાં સારો વહીવટ આ સરકાર દ્વારા થયો છે. કારણ કહું વહીવટી સુધારણા માટે ઘણી મહેનત કરીએ છીએ. વહીવટી સુધારણા માટે સીટીઝન ચાર્ટર બનાવવામાં આવ્યા છે. સીટીઝન ચાર્ટરના રાઈટ અને ડ્યૂટી બહુ સ્પેસિફિક કરવામાં આવ્યા છે. અત્યારે ૨૩ વિભાગોમાં સીટીઝન ચાર્ટર ચાલી રહ્યા છે. અત્યાર સુધીમાં ૩૦૫ સીટીઝન ચાર્ટર પબ્લીશ થયા છે અને આ સીટીઝન ચાર્ટર દ્વારા પ્રજાના પ્રશ્નોનો નિકાલ લાવીએ છીએ.

સાહેબ અમે જનસંપર્ક કાર્યરત કર્યુ છે. તેમાં ઓન ધી સ્પૉટ ડિસ્પોઝડ ઑફ થાય છે. દરેક કચેરીની અંદર પબ્લિક ગ્રીવેન્સીસ રીડ્રેસલ ઑફિસર બનાવ્યા છે કે જેઓ કોઈ પ્રશ્નો આવે તેનો ફટાફટ નિકાલ કરે છે. સાહેબ હું એક દાખલો આપું. અમે લોક દરબાર કરીએ છીએ. અત્યારે સાહેબ લોક દરબારમાં ૫૦ પ્રશ્નો નથી આવતા. આઠ વર્ષ પહેલાં મેં જયારે પહેલો લોક દરબાર કર્યો હતો ત્યારે ૫૦૦ પ્રશ્નો આવ્યા હતા અને હમણાં ચાર દિવસ પહેલાં કર્યો તો ૫૦ પ્રશ્નો આવ્યા. આટલો બધો ફરક વહીવટમાં આવ્યો છે.

આપણે સ્વાગત કાર્યક્રમની અંદર હાઈ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કર્યો છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી પોતે બેસે છે અને નક્કી કરે છે કે પ્રશ્નો આવ્યે ફટાફટ ઓન ધી સ્પૉટ ડિસિઝન લાવે છે. પહેલાં શું હતું સાહેબ? ઓફિસરોને ત્યાંથી રૂબરૂ આવવું પડતું હતું, ગાડીઓના ખર્ચ થતા હતા. આ બધુ બંધ થઈ ગયું છે. આજે દરેક તાલુકાની વાત કરું. વી-ગવર્નન્સની વાત કરી. તેની ઘણી બધી ટીકા કરવામાં આવી. ત્યારે હું એક શબ્દ પૂછું? આપણે નવી જાણકારી જોઈતી હોય તો તેનો ઉપયોગ કરવો કે ન કરવો જોઈએ? આપણે લેટેસ્ટ ટ્રેનિંગ મેથડ હોય, લેટેસ્ટ બીઝનૅસ ટૅક્નીક હોય, લેટેસ્ટ એડમિનિસ્ટ્રેટીવ મેથડ હોય તો શું આપણે તેનો ઉપયોગ નહીં કરવાનો? પાંચ લાખ કર્મચારીઓ ભાગીદાર છે તો આ પાંચ લાખ કર્મચારીઓ થકી રાજયનો વિકાસ કરવાનો છે. આ પાંચ લાખ કર્મચારીઓને ટ્રેનિંગ નહીં આપવાની? આ પાંચ લાખ કર્મચારીઓને ટ્રેનિંગ આપવા માટે આખા હિન્દુસ્તાનમાં ગુજરાત એક એવું રાજય છે તેણે પહેલું આ કામ હાથમાં લીધું છે. મને યાદ છે કે આની પ્લાનિંગ કમિશનમાં વાત કરી તો કહે કે તમે પાંચ લાખ કર્મચારીઓને ટ્રેનિંગ આપશો? આટલી મોટી વાત કરી. પાંચ લાખ કર્મચારીઓને ટ્રેનિંગ આપવાની વાત થઈ. માત્ર ૨૫૦ રૂપિયા દરેક કર્મચારી માટે ખર્ચ. જયારે આપણે આટલો મોટો પગારનો ખર્ચ કરતા હોઈએ તો તેમાં દરેક કર્મચારી પાછળ ૨૫૦ રૂપિયા એમની પાછળ ન ખર્ચી શકીએ. અત્યારે દુઃખ એ વાતનું થાય છે કે એકે-એક સભ્યોએ ટ્રેનિંગની ટીકા કરી છે. એમ કરીને પણ તેમને ઘોર અન્યાય કર્યો છે. અન્યાય કેમ કર્યો છે તો આ ટ્રેનિંગની વાત કરું કે આ ટ્રેનિંગની પાછળ અમે લોકોનો, કર્મચારીઓનો અભિપ્રાય પૂછયો, કર્મચારીઓનો અભિપ્રાય શું છે? એની અંદર તો કોઈ હતું નહીં ને? એમણે કહ્યું છે કે ૭૫ ટકા કર્મચારીઓએ બહુ સરસ કહ્યું છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ થી ૨૫, ૨૭, ૨૮ અને ૩૦ થી ૩૭ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી**

**માગણી ક્રમાંક: ૨૯,૩૨, ૫૪ અને ૮૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**વિધેયક (સરકારી)**
**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૬**
**ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૫**
**સન ૨૦૦૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૧૬ - સન ૨૦૦૫ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી .** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૫ના વિધેયક ક્રમાંક-૧૬- સન ૨૦૦૫ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, હું જે ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક લઈને આવ્યો છું, આ વિધેયક માટેની જનરલ ચર્ચા અને એના ઉપરની માગાણીઓની ચર્ચા પણ બધી રીતે થઈ ગઈ છે તો હું માનનીય સભાગૃહને વિનંતી કરું છું કે, આ ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક છે એ મંજૂર રાખે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ માટેનું વિધેયક લઈને આવ્યા છે, એની અંદર વેચાણવેરામાં ખાસ કરીને ગુજરાતમાં જે ભેદભાવ રાખવાની આ સરકારની નીતિ છે, આજે વેચાણવેરામાં જે રાહતો, ગુજરાત સરકારમાં છેલ્લા ચાર પાંચ વર્ષમાં જે બાર મોટા મોટા ઉદ્યોગો કહેવાય, એમાં રિલાયન્સને ૬૬,૦૬૨ કરોડ રૂપિયા અને બીજા બાર ઉદ્યોગો છે એમને ૧૨૨૩૭ કરોડ રૂપિયાની વેચાણવેરામાં રાહતો આપી છે, આ રાહતો નાના નાના ઉદ્યોગોને જો આપી હોત તો આજે છેલ્લા પાંચ વર્ષમાં એક હજાર ઉદ્યોગો આપણા ગુજરાતમાં આજે બંધ પડ્યા છે, એક આવડા મોટા વ્યકિતને ૬૦૦૦ કરોડ રૂપિયાની ફાયદાની વાત થતી હોય તો ૬૦૦૦ કરોડ રૂપિયા જે આપણા એક હજાર ઉદ્યોગોને આપવામાં આવ્યા હોત તો એ આપણા એક હજાર ઉદ્યોગો ચાલ્યા હોત અને એની સાથે સાથે અહીયાં જે બેરોજગારીનો મોટામાં મોટો પ્રશ્ન છે એ લોકોને પણ સારી રીતે નભાવી શક્યા હોત, અને જે નબળા પડ્યા છે એ આજે મજબૂત થઈ શક્યા હોત, ઘ ણીવાર એવું થતું હોય છે કે અમુક વિભાગની અંદર, ભલે એ કચ્છ હોય, તો કચ્છમાં અમુક લોકોને વેચાણવેરાનો લાભ મળે અને અમુક લોકોને વેચાણવેરાનો લાભ ન મળે એવી આ રાજય સરકારની નીતિ હોય છે એનું એક ઉદાહરણ આપું તો તેલિબિયાંની અંદર ખાસ કરીને રાજય સરકારે, કેન્દ્ર સરકારે ત્યાં આગળ એકસાઈઝનો લાભ આપ્યો હતો અને હમણાં હમણાં તો છેલ્લા ચાર દિવસમાં ભારત સરકારે અતિ ઉત્તમ સારું પગલું ભરી ને એકસાઈઝ પણ જ્યારે કાઢી નાખી હોય ત્યારે એ ગુજરાત સરકારે બધા ઉદ્યોગો આવે ત્યાં આગળ ૪ ટકાનો લાભ આપવો જોઈએ એ ન આપ્યો અને પાછલા બારણે સહકારી મંડળીઓ બનાવે એ માત્ર એક જ વ્યકિત હોય ભલે પણ ૧૦૦ કરોડ રૂપિયાની ગુજરાત સરકારની તેલિબિયાંની આવક હોય પણ એક વ્યકિતની માત્ર ૫ મંડળીઓ હોય એ ફેડરેશન બનાવે એને ૧૦૦ કરોડ રૂપિયાનો લાભ આપવામાં આવે, આવી ભેદભાવભરી આ સરકારની નીતિ છે એની અંદર ફેરફાર લાવવો જોઈએ અને જે લોકોને લાભ મળવો જોઈએ એ લોકોને નથી મળતો, જે લોકો મોટા મોટા ઉદ્યોગો ત્યાં લઈને આવે છે એને લાભ નથી મળતો એ લોકોને લાભ આપવો જોઈએ તો મને લાગે છે કે દરેક માટે સમાન ધોરણો આપણે રાખ્યા છે એવું લાગશે. આજની સ્થિતિ છે એમાં જબરજસ્ત ભેદભાવ રાખવામાં આવે છે. નાના નાના ઉદ્યોગો ગુજરાતમાં બંધ થતા જાય છે અને મોટા મોટા ઉદ્યોગો આજની તારીખે આવી રહ્યા છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધેયક ઉપર હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી બેન્કો જે બંધ પડેલી છે એમાં પ્રજાના નાણાં છે એ પરત કરવામાં સરકારે બેદરકારી દાખવી છે. સહકારી બેન્કોમાં જે કૌભાંડો થયાં છે એ સહકારી બેન્કોમાં સામાન્ય પ્રજાજને નાણાં મૂકયા હોય એ પરત અપાવવા માટે સરકારે બિલકૂલ બેદરકારી દાખવી છે. રોકાણકારો છે એનું ૧ લાખ રૂપિયાનું રોકાણ હોય એમાં ઈન્સ્યુરન્સ હોય છે. એ ઈન્સ્યુરન્સથી એના નાણાં એમને પરત મળવાં જોઈએ પણ સરકારની બેકાળજીના હિસાબે કેન્દ્ર સરકારમાંથી નાણાં લાવવામાં આ રાજય સરકાર ઉણી ઉતરી છે. સહકારી બેન્કોમાં જે કૌભાંડો થયાં

* **વિધેયક તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.**

છે એમાં જવાબદાર કર્મચારીઓ કે જે કોઈ જવાબદાર લોકો હોય એમને સજા કરવામાં ભૂતકાળની સરકારે બેકાળજી રાખી છે અને આ નાણાં પરત થાય એના માટે સરકારે જે પ્રયત્નો કરવા જોઈએ એ કર્યા નથી.

ભાવનગરની વર્ધમાન કો-ઓપરેટિવ બેન્ક હોય કે બીજી કોઈ પણ સહકારી બેન્ક હોય એમાં કૌભાંડો થયાં છે અને એમાં રોકાયેલા પ્રજાના નાણાં પ્રજાને પરત મળવાં જોઈએ. ભાવનગરમાં હમણાં કૃષિમંત્રીશ્રીએ એક કાર્યક્રમ દ્વારા પૈસા આપ્યા હતા, પરંતુ એ નાણાંની સમય-મર્યાદા રાખવામાં આવી હતી કે આટલા સમયમાં નાણાં લઈ જવાં. હવે ઘણી વખત બેન્ક કાગળ લખતી હોય પણ ઘણાંના સરનામામાં ફેરફાર થયો હોય અથવા તો એ વ્યકિતનું મૃત્યુ થયું હોય તો સમયસર પૈસા ન લઈ શકયા હોય તો એવા લોકોને પૈસા મળે એ માટે વધુ સમય ફાળવવો જોઈએ અને એમના નાણાં પરત આપવાં જોઈએ અને આ રીતે મૂળ વ્યકિતના વારસદારોને નાણાં મળવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સહકારી બેન્કો અને સહકારી પ્રવૃત્તિ કરતા લોકો ઉપરથી લોકોને વિશ્વાસ ઉઠી ગયો છે. ગામડાના લોકોનો સહકારી ધોરણે કામ કરતા લોકો ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો છે અને ખાનગી બેન્કો, વિદેશી બેન્કો આવી રહી છે ત્યારે આ સહકારી બેન્કો છે એને વધુ પ્રાધાન્ય આપવા માટે સરકારે આગવા પ્રયત્નો કરવા જોઈએ. આજે સહકારી બેન્કોની નીતિ છે એમાં ગામડામાં સહકારી દૂધ મંડળીઓ હોય કે કોઈ પણ સહકારી પ્રવૃત્તિ કરતી બીજી મંડળી હોય એને આજે લોન લેવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે એટલા માટે કે રોકાણકારોની સંખ્યા દિન-પ્રતિદિન ઘટતી જાય છે. લોકોએ નાણાં મૂકયા હોય છે એ લોકો પાછા ઉપાડી રહ્યા છે ત્યારે સહકારી બેન્કોમાં જે કોઈ કૌભાંડો થયાં હોય એમાં હું રાજકીય અવલોકન કરવા માગતો નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારા સૂચનો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે જે કાર્ડ ધારકો છે એને કેરોસીનનો જથ્થો પૂરતો મળતો નથી અને એમાં જે તંત્રની નિષ્કાળજી છે, ઉદાસીનતા છે એ બાબતમાં મારું સૂચન કરું છું. વહેલો તે પહેલાના ધોરણે કાર્ડ ઉપરથી કેરોસીન આપવામાં આવે છે જેના કારણે જે મજૂરો કામે જતા હોય તે અને જે ગરીબ વર્ગના લોકો જેમના હાથ ઉપર પૈસા ન હોય તેઓ કાર્ડ ઉપરથી સમયસર ત્યાં કેરોસીન મેળવી શકતા નથી, જેના કારણે ગરીબ લોકોને કેરોસીન મળી શકતું નથી.

કાર્ડધારકોને જે શહેર અને ગ્રામ્ય વિસ્તાર બન્નેને કાર્ડ ઉપર જે કેરોસીન આપવાનું ધોરણ છે એ આમ તો એકસરખું છે, પરંતુ જે વિતરણની વ્યવસ્થા છે એની એ અલગ અલગ છે. બન્ને વચ્ચે જે અસમાનતા છે એ દૂર કરવી જોઈએ. ત્રીજો મુદ્દો એ છે કે દુકાનદારો છે એ સામાન્ય રીતે કેરોસીનનો જથ્થો એના એજન્ટો પાસેથી જે તે મહિનાના છેલ્લાં દિવસોમાં ઉપાડે છે જેના કારણે છેલ્લી તારીખોની અંદર પૂરું વિતરણ ન થાય, થોડાઘણા કાર્ડધારકો કેરોસીન લઈ જાય અને કહી દેવામાં આવે કે હવે આ મહિનાનું કેરોસીન જતું રહ્યું છે. એટલે જે તે દુકાનદારો છે એ એજન્ટો પાસેથી એનો જથ્થો સમયસર ઉપાડે અને કાર્ડધારકોને સમયસર કેરોસીન આપે એ ખૂબ મહત્વનું છે. સામાન્ય રીતે નિયમ એવો છે કે દુકાન ઉપર ભાવપત્રક રાખવું પડે અને જથ્થો કેટલો છે એ અને એની યાદી પણ રાખવી પડે મોટાભાગના દુકાનદારો દુકાનની આગળના ભાગે ભાવપત્રકનું જે પાટિયું હોય છે એ એના પર ભાવ વિગેરે વિગત લખવી જોઈએ એ લખતા નથી અને જથ્થો ઉપલબ્ધ હોય એની પાસે એની વિગતો પણ દુકાનદારો લખતા નથી. હમણાં માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં કહી રહ્યા હતા કે પંદર દિવસ પહેલાં પાંચ લિટર કેરોસીન જે તે કાર્ડધારકોને આપી દેવું જોઈએ અને બાકીનું વીસમી તારીખ સુધીમાં બીજો જથ્થો ઉપાડીને કાર્ડધારકોને કેરોસીન આપવું જોઈએ આજે નેવું ટકા દુકાનોની અંદર, અનુભવે અને ગામડાઓની અંદર જે ફરિયાદો મળે છે એ એવી હોય છે કે વીસમી તારીખ પછીના દિવસોમાં જે કાર્ડધારકોને કેરોસીન આપવામાં એ બે કે પાંચ દિવસ કે અઠવાડિયું વિતરણ કરી અને દુકાનદાર કેરોસીન આપવાનું બંધ કરે છે દુકાનદારો અને કાર્ડધારકોને સમયસર કેરોસીન મળે એ બાબતોમાં એ રીતે પુરવઠાતંત્રની નિષ્કાળજી રહેલી છે. સામાન્ય રીતે જે કાર્ડધારકો છે એ કાર્ડની અંદર જ્યારે કેરોસીન લેવા જાય છે ત્યારે કાર્ડધારકોને કેટલું કેરોસીન આપવામાં આવે છે એના ભાવ શું છે એ પણ વિગતો લખવામાં આવતી નથી જે કંઈ ભાવ હોય એની પહોંચ આપવી જોઈએ જેટલી કિંમત લીધી હોય એની પહોંચ પણ દુકાનદારો તરફથી આપવામાં આવતી નથી.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધેયક જે મંત્રીશ્રી લઈને આવ્યા છે, એમાં ખેડૂતોને પાક વીમાની રકમ સમયસર મળે એવી વ્યવસ્થા ગોઠવવા માટેનાં સૂચનો કરવા માટે ઉભો થયો છું ખેડૂતોના જે પાક વીમાની રકમ છે એમાં અત્યારે મારી જાણ મુજબ એ પ્રકારની વ્યવસ્થા છે કે જે ખેડૂતે કો-ઓપરેટીવ બેન્કની અંદરથી પાક ધિરાણ મેળવેલ હોય એવા જ લોકોને પાક વીમાનો કલેઈમ મળે છે હવે આ પાક વીમો એ ખેડૂત ક્યારે મેળવે કે એને કુદરતી આફતના ભાગ રૂપે, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ અથવા તો કોઈ રોગચાળો આવ્યો હોય અથવા તો હિમવર્ષા કે હિમપ્રપાત થયેલ હોય તો જ એને એના વીમાનો લાભ એણે વીમો લીધો હોય તો મળે છે અને એમાંથી સરળતાથી એને થતું નુકશાન બચાવી શકે. મારી સરકારશ્રીને વિનંતી છે કે આ જે કો-ઓપરેટીવ બેન્ક છે એને એમાંથી બહાર કાઢી અને ગ્રામ પંચાયત દ્વારા આ વીમો કે જે ખેડૂતો પાક વીમો મેળવવા માગતા હોય તો ગ્રામ પંચાયત એનું પ્રિમિયમ પણ સ્વીકારે અને સાથે સાથે ગ્રામસેવકો દ્વારા જ્યારે આવું કોઈ

નુકશાન થાય કે આર્થિક નુકશાન ખેડૂતોને આવે ત્યારે આ પાક વીમાની રકમ પણ ગ્રામસેવકો દ્વારા સરવે કરીને ગ્રામ પંચાયતને મૂકે અને જે તે કંપનીઓને વીમા કંપનીને ડાયરેકટ સરકાર મોકલે જે કલેઈમ મંજૂર થવા જોઈએ એ થાય એનું ગ્રામ પંચાયત દ્વારા ચૂકવણું થાય તો જ આ ખેડૂતોને ખરેખર સાચી દિશામાં મદદ કરેલ ગણાશે અત્યારે તો એવું છે કે જે પૈસા લોન તરીકે લીધા હોય એ એમાં પાક વીમાની રકમ જમા થાય છે અને ખેડૂતના હાથમાં તો એકપણ રૂપિયો આવતો નથી તો આ વ્યવસ્થામાં થોડોક સુધારો કરી આવી વ્યવસ્થા સરકારશ્રી કરે એવું મારું સૂચન છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઈને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. મારો મુદ્દો જે છે બેન્કો મારફતે સ્ટેમ્પનું વેચાણ કરવાના નિર્ણયથી જે વ્યવસ્થા નિર્માણ થશે એના અંગે માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું એકબાજુ રાજ્યની અંદર શિક્ષિત બેરોજગારોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે અને એ એક ચિંતાનો વિષય છે બેરોજગારોને રોજગારી મળે તેના માટે આપણે સઘન પ્રયત્નો કરીએ છીએ કે એમને રોજગારી મળી શકે કુટુંબના એક વ્યક્તિને રોજગારી મળે તેના માટેના પ્રયત્નો આપણે કરીએ છીએ ત્યારે રાજ્યમાં હજ્જારો સ્ટેમ્પ વેન્ડરો દ્વારા એમને આપણે લાયસન્સો આપ્યા છે એના દ્વારા પોતાના કુટુંબનું એ ગુજરાન ચલાવે છે ત્યારે આ નિર્ણયથી એ જે સ્ટેમ્પ વેન્ડરો રોજગારી મેળવે છે તે બેરોજગાર થશે અને બેરોજગારોની સંખ્યા જે હાલ છે એમાં ચોક્કસ વધારો થશે. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી કે સ્ટૅમ્પ વેન્ડરની બીજી કોઈ અન્ય રીતે વેંચાણ કરવામાં ગેરરીતિ થતી હોય તો વૈકલ્પિક રીતે બીજી વ્યવસ્થા કરવામાં આવે અથવા ગેરરીતિને અટકાવવા માટે રાજય સરકાર પ્રયત્નો કરે પરંતુ આ સ્ટૅમ્પ વેન્ડરો મારફતે લાયસન્સ દ્વારા જે સ્ટૅમ્પનું વેંચાણ થાય છે તે ચાલુ રાખવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

**ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગની ચર્ચામાં મારો મુદ્દો એ છે કે, કેબલ ઓપરેટર દ્વારા જે ચેનલમાં પ્રસારિત કરવામાં આવે છે તેમાં ગ્રાહકોનું શોષણ કરવામાં આવે છે.

ગુજરાત મનોરંજન વેરા અધિનિયમ ૧૯૭૭ હેઠળ ડિસ્ક એન્ટેના કે કેબલ ટૅલિવિઝનની સહાયથી જે કાર્યક્રમો પ્રદર્શિત કરવામાં આવે છે તેમાં કર લેવામાં આવે છે, વેરો લેવામાં આવે છે. આ વેરો લેવામાં ગુજરાત સરકારનું તંત્ર ઉદાસીન છે તેને પરિણામે કેબલ ઑપરેટરો પાસે બે નંબરની રકમ ભેગી થવાના કારણે માથાભારે બનતા જાય છે અને માથાભારે બનેલા કેબલ ઑપરેટરો તેની પાસે ચોક્કસ સંખ્યામાં કેટલાં જોડાણો છે તે પણ સરકાર નિયત કરી શકતી નથી. જોકે સરકારે ડોર ટુ ડોર સરવેનો પોગ્રામ હાથ ધર્યો હતો અને તે દિશામાં ચિંતન અને મંથન કર્યુ છે પણ હજુ સુધી ચોક્કસ નીતિ ના થવાને કારણે કેબલ ઓપરેટરોનું પોતાનું જ આ બધુ તંત્ર છે, પોતે જ આનું કલેકશન કરી શકે તેવી તેમનામાં જે લાગણી છે તેને કારણે ગ્રાહકોનું શોષણ થાય છે. આ ગ્રાહકોનું શોષણ અટકાવવામાં ના આવે તો ભવિષ્યમાં કેબલ ઑપરેટરો માથાભારે બનતાં કેબલ વોર થવાની શક્યતાઓ રહેલી છે એટલે સરકારે જે દિશામાં સરવે કર્યો છે તે જ દિશામાં આગળ વધી અને તંત્રની ઉદાસીનતા દૂર રાખી અને તંત્ર જાગૃત બને, કેબલ ઓપરેટરો ઉપર એક તંત્રની વોચ છે અને તંત્ર સરકારના ઓથા નીચે રહેલો છે એવો ભય ઊભો થાય અને સુદઢ નીતિ પ્રમાણે કાર્યવાહી કરે એટલી મારી વિનંતી છે

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે અહીંયાં મુદ્દા રજૂ થયા છે તેમાં માનનીય બલવંતસિંહ ભાઈએ વાત કરી કે, મોટા ઉદ્યોગોને તમે કરોડો અને અબજો રુપિયાની રાહતો આપી છે નાના નાનાને નથી આપી પણ મારે કહેવાનું કે મોટા ઉદ્યોગોને રાહત આપી છે તો આ રાહત કોના વખતમાં અપાઈ છે? ૨૦૦૦ની સાલથી તો ઓલ અવર ઈન્ડિયામાં રાહતો આપવાની બંધ થઈ છે અમારા ૧૯૯૫માં સત્તા ઉપર આવ્યા ત્યાર પછી કેટલા લોકોને રાહત અપાઈ તે આપ જોજો. રાહત અપાઈ તેને માટે પૉલિસી હતી કે જે પછાત તાલુકાની અંદર ઉદ્યોગો શરુ કરે તેને રાહત આપવાની વાત છે. હું કોઈ એલીગેશન નથી કરતો કે કરોડો રુપિયાની રાહત આપી, કેવી રીતે અપાઈ અને કોણ, કેટલું શું થયું તે ભૂતકાળને યાદ કરવાથી કોઈ ફાયદો નથી થતો.

કચ્છની અંદર પણ હમણાં જે રાહત આપઈ તે સ્પેશ્યલ રાહત આપઈ છે કે કચ્છને ફરીથી ઊભું કરવા માટે થઈને જે રાહત અપાઈ છે તેમાં તેલીબિયાંના પ્રશ્ન માટે હતી કે એકવાર ગુજરાતમાં કોઈ તેલીબિયાંના ધંધાવાળાને રાહત આપવી નહીં. આપણે જે જે જગ્યાએ રાહતો આપી છે રાજયની અંદર નવો રાહત લેનાર જે માણસ છે તે તે જ પ્રકારના જૂનો ધંધો કરનાર છે તેને મારી અને પોતે કમાય છે. કચ્છની અંદર પણ આજની તારીખે તેલ ઉદ્યોગને જે રાહત અપાઈ છે અને ટેક્સની માફી અપાઈ છે તેને કારણે ગુજરાતની અંદર તેલનો ધંધો કરનાર લોકો છે તેની અંદર તેની પરિસ્થિતિ જોજો. આજે જે રાહત છે એટલા માટે બધા માટેની છે. તો એકનો ધંધો ભાંગીને બીજા ન થાય એટલા માટે નથી. આપે જે કહ્યું છે કે સહકારી મંડળી માટેની આપી છે. આપણે જે કંઈ આપી છે તે બધા માટે પૉલિસી નક્કી કરી છે. ૠયકિતગત રીતે કોઈને આપણે રાહતો આપી નથી. માનનીય શ્રી પ્રવિણભાઈએ પણ વાત કરી છે સહકારી બેન્કોના કૌભાંડ માટેની. સહકારી બેન્કો ઉપર પણ આ રાજય સરકારનું પૂરેપૂરું સુપરવિઝન છે એટલા માટે થઈને સહકારી બેન્કો જે નબળી એવી હતી તેમાં ૧૬ કસ્ટોડીયન અને વહીવટદાર નીમ્યા છે. ૩૨ બેન્કો જે ફડચામાં ગઈ છે તેમાં ફડચા અધિકારીની નિમણૂંક કરી છે અને ૨૩ બેંકો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની દેખરેખ નીચે આજે કામ કરે છે અને આ જે નબળી બેંકો છે એમાં જે લોકોની એક લાખ રૂપિયા સુધીની ડિપોઝિટ છે એ ૧ લાખ રૂપિયા સુધીની ડિપોઝિટ છે એ Deposit Insurance & Credit Guarantee Corporation ની વીમા યોજના છે એનો વીમો હોય છે અને એના કારણે આવા રોકાણકારોને

ભૂતકાળમાં પણ પૈસા મળ્યા છે હમણાં પણ મળ્યા છે. આવી ફડચામાં ગયેલી ૪૨ બેંકોમાંથી જે ૧૭ બેંકો છે એના કલેઈમ્સ કુલ ૫,૯૧,૬૬૮ સભ્યોના એને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે અને આ રીતે એના ૩,૩૫,૬૪૯ લોકોને ઓલરેડી એનો કલેઈમ ચૂકવાઈ ગયો છે અને આ રીતે ૩૭૨ કરોડ ૪૦ લાખ રૂપિયા ચૂકવાઈ પણ ગયા છે. આ ૧૭ બેંકોની વાત છે અને બાકીની ૨૧ બેંકો છે એને પણ આ રીતે હજુ ભવિષ્યમાં મંજૂર થઈને ચૂકવાઈ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી પ્રવૃત્તિ એક અલગ વાત છે અને કો.ઓપરેટિવ બેંકો એ જુદી વાત છે. કો.ઓપરેટિવ બેંકો ઉપર રિઝર્વ બેંકનો અંકુશ હોય છે, એટલે રાજય સરકાર કરતાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો એની ઉપર વધારે અંકુશ હોય છે અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા જે પ્રમાણે રાજય સરકારને સૂચના આપે છે એ રીતે કડક જાપ્તો રાખીને કરવાની વાત છે એના ઉપર બીજી કોઈ વિશેષ ઉદારતા રાખવાની જરૂર નથી. હવે તો હું કહીશ કે બેંક રેગ્યુલેશન એકટ પ્રમાણે એન.પી.એ.કરવાની વાત છે એમાં પણ નબળી બેંકો સમાજમાં ચાલી શકવાની નથી, પછી એ કો.ઓપરેટિવ બેંકો હોય કે નેશનલાઈઝડ બેંકો હોય.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કુંવરજીભાઈ બાવળીયાએ કાર્ડધારોકાને કેરોસીન મળતું નથી એવી વાત કરી. તો મારી તેમને વિનંતી છે કે આપ અને આપણે સૌ સાથે મળીને કેન્દ્ર સરકારને વિનંતી કરીએ કે આપણી જે જરૂરિયાત ૯૦૦૦૬ કિલોલિટરની છે એની સામે આપણને ૬૯૬૬૬ કિલોલિટર મળે છે એના કારણે આ પરિસ્થિતિ નિર્માણ થઈ છે.

માનનીય મુકશભાઈએ પણ ખેડૂતોને પાક વીમાની રકમ સરળતાથી મળે એ રીતે વાત કરી છે, પરંતુ આમાં આપણે વિશેષ કાંઈ કરવાનું હોતું નથી. ભારતીય કૃષિ વીમા કંપની એ એના નોર્મ્સ પ્રમાણે વીમો કોનો લેવો અને કેવી રીતે આપવો એ નકકી કરે છે. એમાં કેન્દ્ર સરકાર, રાજય સકાર અને આ વીમા કંપની એ ત્રણે મળીને રકમ નકકી કરતી હોય છે અને એના માટે દરખાસ્તનો સવાલ નથી, એ બધું વીમા કંપની કરે છે, છતાં પણ કોઈ સૂચન હશે તો ચોકકસ એ દિશામાં આગળ વધીશું.

માનનીય સભ્યશ્રી પૂંજાભાઈએ પણ વાત કરી છે કે શહેરી વિસ્તારમાં સ્ટેમ્પ ડયુટીમાં જે સ્ટેમ્પ વેન્ડરો છે એ બેકાર થઈ જશે. તો આ રાજય સરકારનું એક નવું પગલું છે. કે શહેરી વિસ્તારનમાં બેંકો મારફતે આ સ્ટેમ્પોનું વેચાણ કરવાનું અને જો ત્યારપછી આગળ હશે તો બીજા મરફતે પણ એ વેચવાની વાત કરી શકીશું.

માનનીય ડો. સી.જે.ચાવડાએ વાત કરી છે કે કેબલ ઓપરેટરો મારફતે ગ્રાહકોનું શોષણ થાય છે અને કેબલ ઓપરેટરો જે સંખ્યા હોય એના કરતાં પણ ઘણાં બધાં વધારે કનેકશન ધરાવતા હોય છે, તો આની અંદર વારંવાર સુપરવિઝન થતું હોય છે. આ કેબલ ઓપરેટરો સામસામે ઝધડા પણ કરતા હોય છે એવી પણ તેમણે વાત કરી છે, પરંતુ એના ઉપર વારંવાર સુપરવિઝન થાય અને આપણને ચાર્જ મળે એના માટે વધુ ચેકિંગ માટે પણ સૂચના આપીશું. આપનું સૂચન સ્વીકાર્ય છે, પરંતુ આજની તારીખે કામગીરી થાય છે એમાં પણ ધ્યાન રાખીને કામગીરી થાય જેનાથી રાજયની આવક વધે અને અંદરોઅંદરના ઝઘડા ન થાય એ દિશામાં અમે પણ કાર્યરત રહીશું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી સભાગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે મારું આ બિલ મંજૂર કરે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૫ નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫ નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૫ નું ગુજરાત (પૂરક)વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી .** : સન ૨૦૦૫ નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૫ નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૪૧ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૩જી માર્ચ, ૨૦૦૫ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| અંબાલાલ આ. રોહિત | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૫ |
| | નવા જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ અંગે આયોજન | ૨૧૨ |
| | માતૃબાળ સંજીવની સુરક્ષા કીટનું વિતરણ | ૫૨ |
| | રાજયમાં પોલિયોની નાબુદી | ૭૬ |
| | સરકારી જમીનોને બીનખેતીના હેતુ માટે મંજુરી આપવામાં વિલંબ | ૧૫૫ |
| | સુજલામ્ સુફલામ્ યોજનાની સ્પ્રેડીંગ કેનાલનુ માટીકામ | ૧૮૬ |
| અધ્યક્ષશ્રી | અધ્યક્ષશ્રીની જાહેરાત | ૧ |
| | પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા માટે સમય ફાળવવા અંગે | ૩૫૩ |
| | માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત | ૧૦૨ |
| અતુલ કે. પટેલ | અમદાવાદ-મહેસાણા ટોલરોડની બાજુમાં સર્વીસ રોડ ઉપર ટોલ ટેક્ષ ઉઘરાવવા બાબત | ૭૯ |
| | કલોલ શહેરમાં અમદાવાદ-મહેસાણા ટોલ રોડ ઉપર અંડરબ્રીજ બનાવવા બાબત | ૫૫ |
| અનિલ જોષીયારા | આદિજાતિ વિભાગને ગ્રાન્ટની ફાળવણી | ૮૦ |
| | કામદાર રાજ્ય વિમા યોજનામાં ૪૦ સ્ટાફ નર્સને છૂટી કરવા બાબત | ૫૭ |
| | બી.પી.એલ. કાર્ડ ધારકોને એ.પી.એલ. કાર્ડ આપવા અંગે | ૨૦૯ |
| | ભિલોડા અને ઈડર તાલુકાના ડેમો કડાણા કેનાલમાંથી ભરવા અંગે | ૧૫૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૬૮ |
| | સુજલામ્ સુફલામ્ યોજનાની કેનાલનો ખર્ચ | ૧૮૦ |
| | હાઈસ્કુલના આદિજાતિ વિદ્યાર્થીઓને સાયકલ આપવાની યોજના | ૨૫૧ |
| અનિલકુમાર મો. પટેલ | સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકો ઉપર થયેલા અત્યાચારના બનાવોની જિલ્લા તકેદારી સમીક્ષા બેઠકો | ૭૨ |
| | સુરત જિલ્લામાં મકાન સહાય માટેની આદિજાતિઓની અરજીઓ | ૪૮ |
| | બારડોલી અને માંડવીમાં બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા | ૧૭૦ |
| | બારડોલી તાલુકામાં પાણીની ટાંકીઓ બનાવવા અંગે | ૧૪૦ |
| અમિત અ. શાહ | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫ |
| અમિત ચાવડા | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૨૧ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત ગામો | ૫૧ |
| | આણંદ અને ખેડા જીલ્લામાં સિંચાઈ દર વસૂલાત અગે નોટીસો | ૧૫૬ |
| | મહીસાગર નદી પર આડબંધ બાંધવા અંગે | ૧૮૭ |
| અર્જુનભાઇ દે. મોઢવાડીયા | પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન સભ્યશ્રીને નેઈમ કરવા બાબત | ૩૪૩ |
| અશોક ભટ્ટ | સભ્યશ્રીને નેઈમ કરવા અંગે | ૧૩૭ |
| આનંદીબેન મ. પટેલ | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૭૫ |
| આર. સી. પટેલ | નવસારી જિલ્લામાં કાર્યાન્વિત જૂથ પાણી પુરવઠા યોજનાઓ | ૧૩૦ |
| ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૭૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ | જામનગરથી રાજકોટ હાઈવેનું કામ | ૭૮ |
| | વડોદરા જિલ્લામાંથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલની બાજુના રસ્તા બિસ્માર હોવા બાબત | ૯૪ |
| | સાવલી તાલુકાના પીપલછટ ગામે ચેકડેમ રીપેર કરવા અંગે | ૨૦૧ |
| | સાવલી તાલુકાના માર્ગોને ડામર સપાટીના કરવા બાબત | ૫૪ |
| | સાવલી તાલુકાના સાંઢાસાલ ગામે સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચેકડેમો બાંધવા અંગે | ૧૩૮ |
| | સાવલી તાલુકામાં ચેકડેમના કામો | ૧૭૧ |
| કનુભાઇ કળસરિયા | અંદાજ સમિતિના દશમા અને અગિયારમા અહેવાલની રજૂઆત | ૩૪૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૬૪ |
| કાંતિભાઇ ત્રિ. ભીલ | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૧૬ |
| | આદિજાતિ વિકાસ માટે ખચ | ૮૦ |
| | પંચમહાલ જિલ્લામાં બનાવેલ વન તલાવડીઓ | ૫૬ |
| | મધ્ય ગુજરાતમાં મોટા ચેકડેમોનું આયોજન | ૧૪૪ |
| | રાજ્યના જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમો રચવા અંગે | ૨૦૫ |
| | રાજ્યમાં હક્કપત્રક નોંધોના નિકાલની ઝુંબેશ | ૧૭૫ |
| કાંતિભાઈ ભા. તડવી | નર્મદા માસ્ટર પ્લાન યોજનાની કામગીરી | ૧૮૫ |
